[illegible]

છપાવનાર – પ્રસિદ્ધ – કર્તા [illegible]

[illegible]

॥ શ્રી ॥

જૈન રામાયણ.

યાને

રામ ચરિત્ર.

(સચિત્ર.)

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય
વિરચિત સંસ્કૃતનું
ગુર્જર ગિરામાં ભાષાન્તર
મુનિ મહારાજ શ્રી ૧૦૮ શ્રી મોહનલાલજીના
અનુગ્રહથી તૈયાર કરી
પ્રસિદ્ધ કર્ત્તા
ચમનલાલ સાંકળચંદ મારફતીયા.

મુંબઈ

"રાજ્યભક્ત પ્રીન્ટીંગ પ્રેસ"માં
સાંકળચંદ મહાસુખરામે છાપ્યું.

સંવત ૧૯૫૨ સને ૧૮૯૬.

મૂલ્ય રૂ. ૨-૦-૦

મુનિ મહારાજ શ્રી ૧૦૮ શ્રી મોહનલાલજી.





અર્પણ પત્રિકા.

સદા માનવંત,

શેઠ ઝવેરભાઈ હરજીવનદાસની સેવામાં.

વિ. વિ. આપની સાથેનો આ મારો પ્રથમ પ્રસંગ છે, અને જે પ્રસંગ મેં સંપ્રાપ્ત કીધો છે, અને દરમ્યાન આપની સંગે મારે જે પરિચય થયો છે, તેમાંથી મને જણાયું છે કે, આપ વિદ્યોત્તેજક કાર્યમાં સદા તત્પર છો, સ્વધર્મ કહેતાં આપણા જૈન ધર્મપર આપની આસ્તા ને દૃઢતા ઉત્તમ છે, જૈન ધર્મને માટે આપને ઉમદા અભિમાન છે, રંક જનોને તેમાં પણ મુખ્યત્વે કરીને જૈન આશ્રતાને આશ્રય આપવામાં આપની મનોવૃત્તિ ઔદાર્યતા સહ ગતિ કરે છે, જૈન ધર્મનાં સંબંધ પુસ્તકો વાંચવાનો આપને સરસ શોખ છે, સ્વધર્મ વ્યાપક ધાર્મિક પુસ્તકોને વારમવાર ઉત્તેજન આપવામાં આપ આનંદ માનો છો, અને તેની સાથે દયાદૃષ્ટિ દર્શાવી વર્ત્તન રાખતા આવ્યા છો. ટૂંકમાં એટલુંજ કહેવાનું કે સ્વધર્મનિષ્ઠપણામાં જેમ શોભો છો, તેજ પ્રમાણે ઔદાર્યતામાં પણ આપ એક અધિષ્ઠાતા છો, કે જે સર્વ આપની યોગ્યતાના સૂર્ય કીરણોના પ્રકાશપર પ્રેમ લાવી આ ધાર્મિક પુસ્તક આપની આજ્ઞાથી આપને નિવેદન કરૂં છું તે આપ અંગિકાર કરશો. એજ વિનંતિ.

લી૦ સેવક,

ચ. સાં. મા.

પ્રસ્તાવના.

સર્વજ્ઞ કથનથી અને વિદ્વજ્જનાનુભવ સિદ્ધ એતો ખરૂં છે કે, આ સૃષ્ટિમાં સર્વ પદાર્થો પ્રવાહ રૂપે કાળના પ્રભાવે કરી ન્યુનાધિકપણે પ્રવર્તે છે. જે પદાર્થ એક વખત એવી તો સર્વોત્કૃષ્ટ સ્થિતિમાં આવી ગયો હોય, કે તેની બરોબરી કરવાને આ જગતમાં બીજો કોઇપણ પદાર્થ સમર્થ થાય નહીં, અર્થાત્ અનુપમેય હોય. તેજ પદાર્થ કાળાંતરે એવીતો કનીષ્ટ સ્થિતિમાં દર્શન દે છે કે, તેની પૂર્વની અત્યુત્તમ સ્થિતિ વિષે સ્મરણ કરતાં આશ્ચર્ય ઉપજ્યા વિના રહેતું નથી. તદનુસાર જોતાં પ્રાચીન જૈન પંડિતોનું પાંડિત્ય અને આધુનિક જૈન પંડિતોનું પાંડિત્ય દૃષ્ટિગોચર થાય છે. પ્રાચીન પંડિતોના રચેલા ગ્રંથોનું અવલોકન કરતાં સુજ્ઞ જનોનું મન અધિક આનંદિત થાય છે. તેથી ઉલટું, હાલના સમયમાં તેવા પંડિતનો અત્યંત અભાવ જોઇને તેઓનું મન શોકાગ્રસ્ત થાય છે. કેમકે, હાલના સમયમાં તેવા અપૂર્વ ગ્રંથોની રચના થવી તો એક કોરે રહી, પણ તેઓનો યથાર્થ મર્મ સમજવો એ પણ દુર્ઘટ થઈ પડ્યો છે. અહો! શું કાળની બલિહારી!!

આ **"જૈન રામાયણ"** યાને **"રામ ચરિત્ર"** નો ગ્રંથ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે ત્રિષષ્ઠિ શિલાકા પુરૂષ ચરિત્રના સાતમાં પર્વને વિષે વર્ણવેલ છે. એ મહા પંડિતના પાંડિત્યથી ષટ્ દર્શનીમાં કોઇ અજ્ઞાત નથી. એ મહા પ્રભાવિકાચાર્યે ધર્મરૂપ બોધ બીજે કરી તથા અનેક ચમત્કારાદિકથી મંડળિક મહારાજા કુમારપાળાદિકને પ્રતિબોધી જૈનધર્મી–બાર વ્રતધારી શ્રાવક કર્યા છે. તથા તેમની પાસે જ્ઞાનભંડારાદિક અનેક ધર્મકાર્યો કરાવેલાં છે. એમણે વ્યાકરણ, કાવ્ય, ન્યાય, તર્ક, જ્યોતિષ, ગણિત, ધર્મ વિષયક અનેક ગ્રંથોની સંસ્કૃત ભાષામાં ઘણીજ અદ્ભૂત રચના કરેલી છે. સર્વ મળી **સાડા ત્રણ કરોડ શ્લોક ગ્રંથની** રચના એમણે કરેલી છે. આવી અદ્ભૂત શક્તિ અને પાંડિત્યને લીધે એમને કલિકાલ સર્વજ્ઞનું બિરૂદ મળેલું છે.

આ ગ્રંથમાં પદલાલિત્યતા, અર્થ ગૌરવતા, રસ પોષણ રીતિ, તથા અલંકાર રચના પ્રકાર એવાતો ઉત્તમ રીતે દર્શાવેલ છે કે, એના ભોક્તાને સાનંદાશ્ચર્ય થયા વિના રહેતું નથી. તેમજ જૈન ધર્માભિલાષી શુદ્ધ શ્રદ્ધાવાન સમ્યક્ દૃષ્ટિ વિવેકી સજ્જનોનાં મનને આનંદ ઉત્પન્ન કરનારા કથા પ્રસંગાન્તર્ગત વૈરાગ્ય, નીતિ, શીલ, તથા સત્ય પ્રતિજ્ઞા પ્રમુખ પરમાર્થસાધક પદાર્થોનું ગુંથણ ઘણીજ સારી રીતે કરેલું છે. આ ગ્રંથ-જૈન ધર્મ સંબંધી વ્યવહારીક તથા પારમાર્થિક રત્નોની ખાણરૂપ હોવાને લીધે સર્વ મનુષ્યોના મનરૂપી ચાતકને આલ્હાદ ઉપજાવવાને ચંદ્રમા સમાન છે, અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવાને સૂર્ય સમાન છે, ભવ ભ્રમણ રૂપ રોગની નિવૃત્તિ કરવાને અમોઘ વૈદ્ય સમાન છે. જેથી આ ગ્રંથ કર્ત્તાની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. આ ગ્રંથ કર્ત્તાના જેટલા ગુણાનુવાદ ગાવા જોઇએ તેનો એક લક્ષાંશ પણ હું વર્ણવી શક્યો નથી.

રામ ચરિત્રનું ભાષાંતર છપાવવાની મને ઉત્કંઠા થવાનો મુખ્ય હેતુ એ છે કે, રામાદિક પરમ શ્રાવક છતાં અન્ય દર્શનીઓ તેમને જુદેજ પ્રકારે વર્ણવે છે, જેથી જૈન શાસ્ત્રાનુસાર તેમનું ખરૂં સ્વરૂપ જાણ્યામાં આવે. વળી મહાત્માઓનાં ચરિત્રોનું વાંચવું તથા મનન કરવું એ એક મોક્ષમાર્ગની નીસરણી છે તેથી, તેમજ મહા મુનિરાજ શ્રી શ્રી ૧૦૮ શ્રી મોહનલાલજી મહારાજનું ગત વર્ષમાં અત્રે (મુંબઇમાં) ચોમાસું થઇ રહેવું થયું, તેમના અનુગ્રહથી આ ભાષાંતર તૈયાર કરી છપાવી સર્વ કોઇની સેવા બજાવવાને હું સમર્થ થયો છું.

આ મારો પ્રથમ પ્રયત્ન હોવાને લીધે સર્વ મુમુક્ષુ અને વિવક્ષુની ક્ષમા માગી વિદિત કરૂં છું કે, આ ગ્રંથમાં કોઇપણ સ્થળે દૃષ્ટિદોષ વિગેરેના કારણને લીધે અશુદ્ધતા માલમ પડે તો સુજ્ઞ સજ્જનો સુધારી વાંચશે. અને તે બાબત મને સુચના કરશે તો દ્વિતીયાવૃત્તિમાં સુધારી લઇશ.

ચ. સાં. મા.

ગ્રંથવિષયાનુક્રમણિકા.


હનુમાન
સુગ્રીવ
લક્ષ્મણ
રામ
સીતા
બિભીષણ
ભામંડલ.

શ્રી જિનાય નમઃ

શ્રી જૈન રામાયણ.

યાને

શ્રી રામ ચરિત્ર.

મંગળાચરણ.

દુહા.

પ્રણુમિ પાસ જિણંદને, સરસ્વતી સુપસાય;
રામ ચરિત્ર રચના કરૂં, મનવાંછિત ફળ થાય. ૧
તીર્થંકર વર વીશમા, શ્રી મુનિસુવ્રત શામ;
જેના શાસનમાં થયા, પુન્ય પવિત્ર ઉદ્દામ. ૨
ઋષભ દેવના વંશમાં, ઉતરોતર અવતાર;
રઘુકુળમાં આવી રહ્યા, લક્ષ્મણ રામ કુમાર. ૩
લંકા ગઢનો રાજિયો, દશકંધર કે'વાય;
જનક સુતા સીતા સતી, હરણે મૃત્યુ થાય. ૪
એહ ચરિત્ર વિચિત્ર જગ, જાણે સઘળો લોક;
સુણતાં સમકિત નિર્મળો, સહજ સમાવે શોક. ૫
હેમચંદ્ર સૂરિશ્વરૂ, કલિકાલ જ સર્વજ્ઞ;
ભાષા સંસ્કૃતે કર્યું, રામ ચરિત્ર સહજ્ઞ. ૬
ઈત્થંભૂત કથા કહી, નવ રસશું ભરપૂર;
અલંકાર ભંડાર વર, કાવ્ય કલ્પના ભુર. ૭
ગૂર્જર ગિરામાં કરૂં, ગદ્યરૂપ હું તેહ;
શ્રોતાજન સુણજ્યો સહૂ, આણિ અધિક સનેહ. ૮
ક્ષમા કરો ભુલ ચુકની, અલ્પમતિ હું અજાણ;
ચમન થશે ચાતુર ચિત્ત, રામાયણ જગભાણ. ૯

અથ પ્રથમઃ સર્ગઃ પ્રારભ્યતે.

ચોત્રીસ અતિશયવંત, પાંત્રીસ વાણી ગુણધારક, બાર ગુણે ગુણવંત, હરિવંશમાં ચંદ્રના જેવા દેદીપ્યમાન, અંજન જેવી શ્યામ જેની કાન્તિ છે અને ઇંદ્રાદિક સુરાસુર જેને પૂજી રહ્યા છે, એવા વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીના તીર્થમાં જન્મેલા સુશ્રાવક બળદેવ (પદ્મનાભ) શ્રી રામચંદ્રજી તથા તેમની પતિવ્રતા સ્ત્રી સીતા સતી, વાસુદેવ શ્રી લક્ષ્મણજી, તથા પ્રતિવાસુદેવ રાવણ વિગેરેનાં ચરિત્રો કથારૂપે વિસ્તારથી વર્ણવું છું.

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં બીજા તીર્થંકર શ્રી અજિતનાથ સ્વામીના તીર્થને વિષે પૃથ્વીની મુકુટમણિ વિનિત નામની નગરીમાં ઇક્ષ્વાકુ વંશને વિશાળ છત્રની પેઠે શોભાવનાર તથા જગતના કલેશને હરનાર સગર નામે ચક્રવર્તી રાજા થયો. એક વખત અશ્વક્રીડા નિમીતે સર્વ કળામાં કુશળ તે સગર રાજા પોતાના પરિવાર સહિત ઘોડા ઉપર બેસીને વનમાં ગયો. ત્યાં તેને ચારે દિશાએ અશ્વની પાંચે ગતિમાં ફેરવતાં તે પાંચમી પ્લુત નામની ગતી વખતે લગામના તાબામાં ન રહેતાં જેમ કોઈ ભુતના આવેશે ગમે તેમ પ્રવર્તે તેમ આકાશ માર્ગે ઉડયો. ક્ષણ વારમાં જેમ કોઈ રાક્ષસ કોઈનું હરણ કરી નાસતો હોય તેમ તે ઘોડો સગર રાજાને પોતાની પીઠપર લેઇ ઉડતાં એક મોટા વનમાં આવ્યો. રાજાએ ક્રોધાયમાન થઇને પોતાની બંને જંઘાઓ તેના પેટ સરસી દાબી રાખી, લગામ ખેંચી, કુદકો મારી જમીન ઉપર ઉતરી પડ્યો કે તરતજ ઘોડાની ગતિ રોકાઇ અને તે પૃથ્વી ઉપર પડયો, તેની દરકાર ન રાખતાં રાજા ત્યાંથી ચાલી નિકળ્યો. કેટલેક દૂર ગયા પછી સૂર્યના કિરણોએ પુરેલું અને પૃથ્વી ઉપર પ્રસરેલી ચંદ્રની કાંતિ જેવું શોભાયમાન એક સુંદર સરોવર તેના દીઠામાં આવ્યું, ત્યાં વિસામો ખાવા સારૂ તે થોભ્યો. પછી વનના હસ્તિની માફક

તેણે તે સરોવરમાં સ્નાન કર્યું; અને તેના સ્વાદિષ્ટ, સ્વચ્છ, શીતળ અને કમળ જેવા સુગંધી વાળા પાણીનું પાન કરી, બહાર નિકળી તટ ઉપર આવી ઉભો રહ્યો. આમ તેમ જુએ છે એટલામાં ત્યાં એક તરૂણી સ્ત્રી, જેનું નવિન કમળના જેવું મુખ છે, નીલા કમળદલ જેવા જેના ચક્ષુ છે, જળના તરંગના જેવું જેનું લાવણ્ય છે, ચક્રના જેવા ગોળાકાર જેના બે સ્તન છે, ફુલેલાં રાતા કમળના જેવા જેના હાથ તથા પગ છે, એવી દેહધારી સરોલક્ષ્મી તેના જોવામાં આવી. આવી સુરુપા સ્ત્રીને નિહાળીને તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, “આ તે શું અપ્સરા છે? કે વ્યંતરી છે? કે નાગ કન્યા છે? કે કોઈ વિદ્યાધરી છે?” આવી સામાન્ય સ્ત્રી તો ન હોય! કેમકે આ સ્ત્રીનું દર્શન કર્યાથી જેવો આનંદ થાય છે તેવો આ સુંદર સરોવરના નિર્મળ જળથી થતો નથી. એટલામાં તે ગજગમનીએ પણ પોતાના કમળદલ જેવાં બંને નેત્રો વડે રાજાને જોયો. પરસ્પર બંનેનો દૃષ્ટી મેળાપ થતાં કામે પીડાતી તે કામીનીની રાજા ઉપર નયન પ્રીતિ બંધાઈ, અને ભાન ભુલી હોય તેમ તેના અંગ ઉપરનાં વસ્ત્રોની શુદ્ધિ ન રહી તથા સંધ્યા સમયે કમલિનીની પેઠે તેની મુખ મુદ્રા શોકાતુર દેખાવા લાગી, તેથી ત્યાં આવેલી તેની સખીઓએ તેનાં વસ્ત્રો સમારીને તેને એક કોરાણે બેસાડી. સગર રાજા પણ તેણીના ઉપર મોહિત થઈ કામે પીડાણો તળાવની પાળ ઉપર આમ તેમ ફરવા લાગ્યો; એટલામાં તેની પાસે તે સ્ત્રીની એક દાસી આવી નમસ્કાર કરી, હાથ જોડી તેને કહેવા લાગી.

“હે સ્વામિન્! ભરતક્ષેત્રમાં વૈતાઢય પર્વત ઉપર લક્ષ્મીને પ્રિય એવા ગગનવલ્લભ નામના નગરમાં, અલકાપુરીમાં કુબેરની પેઠે પ્રસિદ્ધ ત્યાંના વિદ્યાધરોનો સુલોચન નામે રાજા હતો. તેને નીતિ નિપુણ સહસ્રનયન નામે એક પુત્ર તથા જગતની સ્ત્રીઓમાં મુકુટમણિ રૂપ એવી એક સુકેશા નામની પુત્રી છે. તે પુત્રીનો જન્મ થતાં એક નીમીતીઆએ તેના ચિન્હો ઉપરથી જણાવ્યું કે, તે ચક્રવર્તી રાજાની સ્ત્રી થશે. એ

કન્યાની સુંદરતા તથા લાવણ્યની કીર્તિ સાંભળી રથનુપુર નગરના પૂર્ણમેઘ રાજાએ તેનું પાણીગ્રહણ કરવા સારૂ સુલોચન રાજા પાસે તેની માગણી કરી. તેનું માગુ સુલોચન રાજાએ સ્વીકાર્યું નહીં, તેથી તે સુકેશાનું બળાત્કારે પણ હરણ કરવાની ઈચ્છાથી યુદ્ધ કરવા આવ્યો અને સુલોચનને માર્યો, જેથી તેનો મહાત્મા પુત્ર સહસ્રનયન દ્રવ્ય તથા પરિવાર સહિત પોતાની બેનને લેઇ અહીં નાશી આવી રહ્યો છે.

"વળી હે સ્વામિન્! આપને આ સરોવરમાં ક્રીડા કરતાં જોઇને સુકેશા કામ પીડાણી થકી ભાન ભૂલી આકુળ વ્યાકુળ થઈ છે, તેનું શરીર ગ્રીષ્મ ઋતુનાં તાપમાં વળતા પ્રસેવાની માફક ભીંજાઇ ગયું છે, ધાતુની તપાવેલી પુતળીની પેઠે એ પગથી તે માથા સુધી તપેલી જણાય છે, શિયાળાના દહાડામાં તાઢ વાયાથી જેમ રૂંવાટાં ઉભાં થાય તેમ તેનાં સર્વ રોમાંચ ખડાં થઈ ગયાં છે, કફવડે જેમ ગળુ ભરાઈ જાય તેવી એના કંઠની વ્યવસ્થા થઇ છે, ભય પામ્યાથી જેમ ધ્રુજે તેમ એ કમલનયનીનું તન કંપે છે, રોગીના શરીરની પેઠે એનો પીળો વર્ણ થઈ ગયો છે, શોકાતુરના નયનમાં જેમ નીર ભરાઇ આવે તેમ તેની આંખો આંસુથી ભરાએલી દેખાય છે, અને જેવી યોગી પુરૂષોના મનની વૃત્તિ એકાગ્રપણે ધ્યેય પદાર્થમાં લાગી રહે તેવીજ એના અંતઃકરણની વૃત્તિ લાગી રહી છે. ઉપર પ્રમાણે તેની સ્થિતિ થઈ છે, માટે હે રાજા! એ સ્ત્રી જ્યાં સુધી જીવે ત્યાં સુધી તમે તેનું રક્ષણ કરો."

સગર રાજાને દાસી ઉપર પ્રમાણે કહે છે, એટલામાં આકાશ માર્ગથી સહસ્રનયને આવીને તે ચક્રવર્તીને નમસ્કાર કરી યથાયોગ્ય આદરસત્કાર પૂર્વક તેને પોતાને સ્થાનકે તેડી ગયો, અને પોતાની બેન સુકેશા રૂપ સ્ત્રી રત્ન આપીને તેને પ્રસન્ન કર્યો. પછી તેઓ બંને જણ વિમાનમાં બેસી વૈતાઢ્ય પર્વત ઉપર ગગનવલ્લભ નગરમાં આવ્યા. ત્યાં ઈંદ્ર જેવા પરાક્રમવાળા ચક્રવર્તી સગર રાજાએ સહસ્રનયનને સર્વ વિદ્યાધરોનો અધિપતિ કરીને તેના બાપની રાજગાદી ઉપર બેસાડયો, અને પોતે

સુકેશાને લેઇને અયોધ્યામાં ગયો. ત્યાં તે પોતાની રાજ્યલક્ષ્મી સહિત સુખરૂપ રહેવા લાગ્યો.

એકદા પ્રસ્તાવે સુરાસુરે પૂજિત એવા શ્રી અજિતનાથ ભગવાન અયોધ્યા નગરીના ઉપવનમાં સમોસર્યા. ત્યાં ઇંદ્રાદિક દેવતા તથા સગર ચક્રવર્ત્યાદિક રાજા વીગેરે પરિષદ્‌માં આવી જિનેંદ્રને વંદનાદિક કરીને યથાયોગ્ય સ્થાનકે બેઠા. પછી શ્રી અજિતનાથ ભગવાન દેશના દેવા લાગ્યા, તે વખતે વૈતાઢ્ય પર્વત ઉપર સહસ્રનયને પોતાના બાપને મારનાર પૂર્ણમેઘને મારવાથી તેનો પુત્ર ઘનવાહન ભયનો માર્યો અતિશય કાંપતો ત્યાંથી નાશીને શરણુ રહેવાના હેતુથી સમવસરણમાં આવ્યો. ત્યાં શ્રી અજિત જિનેંદ્રને નમસ્કાર કરી પ્રદક્ષણા દેઇને, જેમ કોઇ વટેમાર્ગુ થાકયો થકો ઝાડની છાયા મળવાથી વિશ્રાંતી પામે તેમ જિન ચરણનું શરણ મળ્યાથી તે શાંત થયો, તથાપિ ક્રોધાવેશે પોતાના વૈરીને ઉદ્દેશી તે કહેવા લાગ્યો કે, "તેને હું પાતાળમાંથી ખેંચી લાવીશ, સ્વર્ગમાં જશે તો ત્યાંથી પણ હેઠળ પાડીશ, મારા પોતાથી નહીં બને તો કોઇ મોટા પુરૂષનો આશ્રય લેઇને પણ તેને માર્યા વિના રહીશ નહીં." એમ તે બોલે છે, એટલામાં તેને મારવા સારૂ સહસ્ર સહિત સહસ્રનયન પણ ત્યાં આવ્યો. ત્યાં તેણે ઘનવાહનને બેઠેલો દીઠો, પણ શ્રી ભગવાનના મહાત્મ્યથી તેના કોપની શાન્તિ થઈ અને તેની આંખોમાં આંસુ આવ્યાં. પછી તે ભગવાનને નમસ્કાર કરી પ્રદક્ષણા દેઈ યથાયોગ્ય આસને બેઠો. એ પ્રસંગે સગર રાજા શ્રી અજિતનાથ ભગવંતને પુછવા લાગ્યો કે, પૂર્ણમેઘ અને સુલોચન વચ્ચે વૈર થવાનું કારણ આપ કૃપા કરી કહેશો.

શ્રી ભગવંતે યોગ્ય પ્રશ્ન જાણી જણાવ્યું કે, "હે રાજન્! પૂર્વે આદિત્યાભ નામના નગરમાં એક ભાવન નામે શાહુકાર રહેતો હતો. તે પોતાના હરીદાસ નામના પુત્રને સર્વ દોલત સોંપી વેપાર સારૂ દેશાવર ગયો. ત્યાં ઘણું દ્રવ્ય કમાઇ કેટલેક દહાડે રાતની વખતે તે પોતાના નગરમાં આવી પહોંચ્યો. શ્રી

પુત્રાદિકને જલદી મળવાની જીજ્ઞાસાથી તે કમાઇ લાવેલું ધન એક ઠેકાણે મૂકી કુવખતેજ કુવાટે થઈ ઘરમાં પેઠો. તેના દીકરા હરીદાસે તેને ન ઓળખતાં "આ કોઈ ચોર હશે" એવી ભ્રાન્તિથી કાંઇપણ વિચાર ન કરતાં તેને તરવારથી માર્યો. ભાવને જાણ્યું કે મારા પુત્રેજ મને શત્રુ થઇ માર્યો, તેનો દ્વેષ તેના મનમાં રહ્યા છતાં તે મરણ પામ્યો. પછી હરીદાસે ચોકસી કરી મુખ જોતાં પોતાનો બાપ જણાયાથી ઘણો પશ્ચાતાપ કર્યો; પણ કરે શું! ભાવિ કોઇથી મટતી નથી, એમ મન વાળી તેણે તેનું પ્રેતકાર્ય વીગેરે કર્યું. પણ એ ઘોર કર્મનું શુળ તેના મનમાં રહી ગયું. કેટલાક દહાડા પછી હરીદાસ પણ મૃત્યુ પામ્યો. એ બન્નેના જીવ દુઃખરૂપ યોનીમાં જન્મ ધરતાં થકાં કોઈ પુન્યાનુયોગે ભાવનનો જીવ પૂર્ણમેઘ થયો અને હરીદાસનો જીવ સુલોચન થયો. એવી રીતે એ બંનેની વચ્ચે પ્રાણાંતિક વૈર થવાનું કારણ પૂર્વ જન્મનું ઘોર કૃત્ય છે તે આ ભવમાં સંબંધરૂપ થયું."

ફરી ચક્રવર્તીએ પછ્યું કે, હે જગદુદ્ધારક દેવાધિદેવ! પૂર્ણમેઘ તથા સહસ્રનયનેનો સંયોગ અને એમના વૈરનું કારણ શું છે, તેમજ સહસ્રનયનની મારા વિષે પ્રીતિ શા કારણથી થઈ, એ કૃપા કરી કહેશો.

શ્રી અજિતનાથ સ્વામી કહે છેઃ—"હે રાજાધિરાજ! પૂર્વે તું દાનશીલ રંભક નામનો પરિવ્રાજક હતો. શશિ તથા આવળી નામે તારે બે શિષ્ય હતા. આવળી ગુરૂભકત હોવાથી શશિ કરતાં તને વધારે પ્રિય હતો. શશિ કઠોર મનનો હતો. તેણે એક વખત આવળીની ગાય ચોરી જઇ વેચી. તે વાતની આવળીને ખબર પડવાથી તે બેઉ વચ્ચે મહા ભયંકર લઢાઇ થઇ, તેમાં શશિને આવળીએ જીવથી માર્યો. તેનો જીવ ઘણા કાળ ફરીને પૂર્ણમેઘ થયો. આવળીનો જીવ સહસ્રનયન થયો અને રંભક પરિવ્રાજકનો જીવ દાનના યોગે કરી આ તું સગર રાજા થયો. આ પ્રમાણે એમનો સંબંધ તથા વૈર થવાનું કારણ છે. તેમજ સહસ્રનયન સાથે તારી પ્રીતિ પૂર્વ જન્મની છે."

ઉપર મુજબ પરિષદમાં ભાષણ ચાલે છે એટલામાં ત્યાં બેઠેલા રાક્ષસોના રાજા ભીમે ઉઠીને અતિ પ્રેમ સહિત ઘનવાહનને આલીંગન કર્યું અને તેને કહેવા લાગ્યો કે, પૂર્વ જન્મમાં પુષ્કર દ્વીપના ભરતક્ષેત્રમાંના વૈતાઢ્ય પર્વત ઉપર કાંચન નામના નગરમાં હું વિદ્યુદ્દંષ્ટ્ર નામે રાજા હતો. તે ભવમાં તું મારો અત્યંત પ્રિય પુત્ર હતો, તે માટે હે પુત્ર! આજ તને જોતાંજ હું અતિ હર્ષવાન થયો છું. હવેથી આ ભવમાં પણ હું તને પુત્રપણે માનું છું, માટે મારૂં સર્વ સૈન્ય તથા દ્રવ્યાદિક લેઇને સમચોરસ સાતસેં જોજન વિસ્તીર્ણ, સર્વ દ્વીપોમાં મુકુટમણિ રૂપ રાક્ષસ નામના દ્વીપની વચ્ચોવચ્ચ સુમેરૂની પેઠે શોભાયમાન, નવ જોજન ઊંચો તથા પાંચસે જોજન પરિધિનો ગોળાકારે એક ત્રિકુટ નામનો પર્વત છે, તે ઉપર મેં એક સુવર્ણમય લંકા નામની નગરી હમણાંજ વસાવી છે. જેને સોનાનો કીલ્લો છે, જેથી તે દેવથી પણ ન જીતાય તેવી છે, તેમાં ઘરો પણ હીમનાંજ છે, તેમજ એને તોરણો પણ કનકનાં બાંધેલાં છે; તથા તેનાથી પેલી તરફ છ જોજન દૂર અતિ દુર્ગમ તથા મને પરમપ્રિય સવાસો જોજન સમચોરસ પાતાલલંકા નામની નગરી પણ મેંજ વસાવી છે. તેને નિર્મળ સ્ફટિક રત્નોનો કીલો છે, અને જે રમણીય ઘરો વડે શોભી રહી છે. તે બંને નગરીઓ આજથી મેં તને આપી. હવે મારૂં આપેલું લાવ લશ્કર લેઇને તેનું રાજ્ય તું કર અને ત્યાંનો અધિપતિ થા. આ સુરાસુરને પૂજ્ય તીર્થનાથનું દર્શન કર્યાનું ફળ તને તત્કાળ પ્રાપ્ત થયું, એમ સમજ. એમ કહીને તેણે ઘનવાહનને નવ રત્નોનો હાર તથા રાક્ષસી વિદ્યા આપી. ઘનવાહન તે લેઇને શ્રી તીર્થંકર ભગવાનને નમસ્કાર કરી પોતાને કૃતકૃત્ય માનીને રાક્ષસ દ્વીપમાં જઈ બેઉ લંકાનું રાજ્ય કરવા લાગ્યો. તે દિવસથી રાક્ષસ દ્વીપના રાજ્ય વડે તથા રાક્ષસી વિદ્યાના યોગે તેનો વંશ રાક્ષસ કહેવાવા લાગ્યો.

એવી રીતે શ્રી અજિતનાથ સ્વામીના તીર્થમાં ભરત ક્ષેત્રના રાક્ષસ દ્વીપમાંની લંકા તથા પાતાલ લંકામાં રાક્ષસ

વંશનો મૂળ પુરૂષ ઘનવાહન નામે મહા બુદ્ધિવાન ઈંદ્ર જેવો પરાક્રમી રાજા થયો, જે પોતાના શત્રુઓના બળને જીતીને નિઃશંકપણે કેટલાક કાળ સુધી બંને લંકાનું રાજ્ય કરીને પોતાના મહા રાક્ષસ નામના પુત્રને સર્વ સંપત્તિનો માલીક કરી શ્રી અજિતનાથ ભગવાન પાસે દિક્ષા લેઈ મોક્ષે ગયો. મહા રાક્ષસ પણ ઘણા કાળ સુધી રાજ્ય કરી પોતાના દેવ-રાક્ષસ નામના પુત્રને સર્વ સોંપી દિક્ષા લેઈને સિદ્ધિપદ પામ્યો.

અનુક્રમે રાક્ષસ દ્વીપના અસંખ્ય અધિપતિ થયા પછી શ્રી શ્રેયાંસ ભગવાનના તીર્થમાં કીર્ત્તિધવળ નામે રાક્ષસોનો રાજા થયો. તે વખતે વૈતાઢ્ય પર્વત ઉપર મેઘપુર નામના નગરમાં અતિંદ્ર નામનો વિદ્યાધરોનો રાજા હતો. તેની શ્રીમતી નામની સ્રીના ઉદરથી એક શ્રીકંઠ નામે પુત્ર તથા એક દેવાંગના જેવી રૂપવાન દેવી નામની પુત્રી થઈ. તે કમળનયની કન્યાની સુંદરતા સાંભળીને રત્નપુરના પુષ્પોત્તર રાજાએ પોતાના પદ્મોત્તર નામના પુત્ર સારૂ તેની માંગણી કરી. પદ્મોત્તર ગુણવાન તથા શીલવાન હતો તોપણ અતિંદ્રે તેને કન્યા આપી નહીં, અને કીર્ત્તિધવળ વેરે તેને પરણાવી. પુષ્પોત્તર રાજા એ વાત સાંભળીને અતિંદ્ર તથા તેના પુત્ર શ્રીકંઠ સાથે દ્વેષ કરવા લાગ્યો.

એક વખતે શ્રીકંઠે મેરૂપર્વતથી પાછા આવતાં લક્ષ્મી જેવી રૂપાળી તથા પૂર્ણીમાના ચંદ્ર જેવા મુખવાળી પુષ્પોત્તર રાજાની પદ્મા નામની કન્યાને દીઠી. તેણીને જોતાંજ તેને કામ વિકાર ઉપજ્યો અને બંનેની દૃષ્ટી મળતાંજ તેમની પ્રીતિ બંધાઈ. વિક્ષિત કમળના જેવા મુખવાળી તે પદ્મા, શ્રીકંઠના સામી ઉભી રહીને વિવાહમાં જેમ વરના ગળામાં વરમાળા ઘાલે છે તેમ દૃષ્ટીના કટાક્ષ રૂપ મણિકા પ્રોહેલી મદનબાણ રૂપ માળાજ જાણે તેના ગળામાં ઘાલતી હોયની ! એવાં તેઓના રસ ભર્યાં ચિન્હો જોઈને તેની એક દાસી મોટેથી પોકાર કરવા લાગી કે, "પદ્માને કોઈ અજાણ્યો પુરૂષ હરણ કરી જાય છે." તે સાંભળી પોતાની કન્યા ઉપર કરૂણા બુદ્ધિએ કરીને સૈન્ય

સહિત પુષ્પોત્તર રાજા પુત્રીને છોડાવી લાવવા દોડયો. શ્રીકંઠ પદ્માને લેઈ ઘણો ઉતાવળો નાશીને કિર્ત્તિધવળ રાજાને શરણે આવ્યો, ને પદ્માનું હરણ કર્યાની વાત તેને જણાવી. પાછળથી પુષ્પોત્તર રાજાએ, જેમ કલ્પાંતનો સમુદ્ર પાણીથી દશે દીશાઓ ભરી મુકે છે, તેમ ત્યાં આવીને પોતાના સૈન્ય વડે ત્યાંની દશે દીશાઓ ઘેરી લીધી. એ વાત કિર્ત્તિધવળે સાંભળીને પુષ્પોત્તર રાજાને કહેવરાવ્યું કે, વિચાર કર્યા વગર લડાઈ કરવાને તું શા માટે આવ્યો છે? તારી કન્યા કોઇને પણ આપવાની હતીજ, તો તે પોતાની ખુશીથી શ્રીકંઠને પરણી તેમાં તેનો શો અપરાધ છે? એમાં કાંઇ અપરાધ નથી. માટે એટલાજ સારૂ પરસ્પર લડી મરવું એ બંનેને યોગ્ય નથી. તારે તો પોતાની કન્યાને તેની ઇચ્છા પ્રમાણે પરણાવવી એ સૌથી શ્રેષ્ટ છે. પદ્માએ પણ દાસીદ્વારા પોતાના બાપને કહાવ્યું કે, હું મારી રાજી ખુશીથી શ્રીકંઠને વરી છું, મારૂં એણે બળત્કારે હરણ કર્યું નથી. આથી પુષ્પોત્તરનો ગુસ્સો ઉતરી ગયો. કહ્યું છે કે, "વિચારવાળા માણસનો ક્રોધ જલદી જતો રહે છે." પછી અતિ હર્ષથી શ્રીકંઠ સાથે પદ્માને પરણાવીને પુષ્પોત્તર રાજા પોતાના નગરમાં ગયો.

ત્યાર પછી કીર્ત્તિધવળે શ્રીકંઠને કહ્યું કે, વૈતાઢય પર્વત ઉપર તારા ઘણા વૈરી છે, તેથી તું અહીંઆંજ રહે; અથવા આ રાક્ષસ દ્વીપની પાસે આથમણી દિશામાં ત્રણસેં જોજનના પ્રમાણનો વાનર નામનો મારો દ્વીપ છે, તેમજ બર્બરકુલ તથા સિંહલદ્વીપ પ્રમુખ બીજા પણ મારા દ્વીપો છે. તેમાંના ગમે તે દ્વીપમાં રાજ્યધાની કરીને તું મારા નજીક રહે. જો કે, મારી સાહ્યતા છતાં વૈરીની તને જરાપણ બીક નથી, તોપણ તું દૂર ગયાથી આપણો વિયોગ થશે, માટે તારે અહીંજ રહેવું એ મને સારૂં લાગે છે. કીર્ત્તિધવળની પોતા ઉપર ઘણી પ્રિતી જોઇને શ્રીકંઠે વાનર દ્વીપમાં રહેવાની ઇચ્છા જણાવી. કિર્ત્તિધવળે તે માન્ય કરીને ત્યાં કિસ્કિંધા

નામની નગરી વસાવી, રાજ્યની સ્થાપના કરી, તે ઉપર શ્રીકંઠને બેસાડી તેને આખા વાનર દ્વીપનો અધિપતી કર્યો.

શ્રીકંઠે કિસ્કિંધ પર્વત ઉપર ફરતાં મોટા શરીરવાળાં મનોહર ફળને ખાનારાં ઘણા વાંદરાં દીઠાં. તેથી તેણે પોતાના રાજ્યમાં થાળી પીટાવી કે, “કોઇએ બાંદરાંને મારવું નહીં, તેમને અન્ન પાણી વિગેરે આપતા રહેવું.” તેથી ત્યાં રહેનારા લોકો વાંદરાં ઉપર પ્રિતી કરીને તેમને સુખી કરવા લાગ્યા. કહ્યું છે કે, “યથા રાજા તથા પ્રજા.” તે દિવસથી ત્યાંના લોકો કૈતુક વડે, ચિત્રપટ ઉપર, છત્ર ઉપર, ધ્વજા ઉપર, તથા માટી વિગેરેની જણસો ઉપર વાંદરાંનાંજ સર્વ ચિત્રો કરવા લાગ્યા. તે ચિન્હો વડે તથા વાનર દ્વીપના રાજ્ય વડે ત્યાંના રહેવાસી વિદ્યાધરો (વિકલ્પે કરી નર) વાનર નામે વિખ્યાત થયા. શ્રીકંઠને વજ્રકંઠ નામે એક પુત્ર થયો, એ યુદ્ધ કળામાં અતિ નિપુણ તથા મહા પરાક્રમી હતો.

એકદા સમયે નંદીશ્વર દ્વીપમાંના શાશ્વત જિનેંદ્રની યાત્રા કરવા સારૂ જનારા માર્ગસ્થ દેવોની પાછળ કેટલાએક ભવીક લોકોને અતિ ભક્તિ સહિત ચાલ્યા જતાં શ્રીકંઠે દીઠા. તેમને જોઈ, એને એવો ભાવ ઉપજ્યો કે, હું પણ એમની સાથે યાત્રા કરવા જાઊં. પછી તે વિમાનમાં બેસી યાત્રા કરવા સારૂ નિકળ્યો. રસ્તામાં જતાં જેમ પહાડ આવવાથી નદીનો વેગ અટકી જાય તેમ માનુષોત્તર પર્વત ઉપર તેનું વિમાન અટકી ગયું. જેથી તે વિચાર કરવા લાગ્યો કે, મારો મનોરથ પૂર્ણ કરવામાં વિઘ્ન પડવાનું કારણ શું હશે? કે મેં પુર્વે જન્મમાં થોડું તપ કર્યું છે? એ પ્રમાણે વિચારતો દિક્ષા લેઇ મહાતપ કરી સિધ્ધિપદ પામ્યો.

એ પ્રમાણે વાનર દ્વીપમાં શ્રીકંઠથી વજ્રકંઠાદિક કેટલાએક રાજા થઇ ગયા પછી શ્રી મુનિસુવ્રત સ્વામીના તીર્થમાં <u>ઘનોદધિ</u> નામે રાજા થયો. તેમજ રાક્ષસ દ્વીપમાંની લંકા નગરીમાં કીર્ત્તિધવલાદિક કેટલાએક રાજા થઈ ગયા પછી <u>તડિતકેશ</u> નામે રાજા થયો. એ બંનેને ઘણી મિત્રાચારી હતી.

એક વખત તડિત્કેશ પોતાની શ્રીચંદ્રા નામની પ્રિય સ્ત્રી સહિત નંદન વનમાં ક્રીડા કરવા ગયો. ત્યાં સુખરૂપ ક્રીડા કરતાં એક વાંદરાએ ઝાડ ઉપરથી ઉતરી શ્રીચંદ્રાના સ્તનો ઉપર નખેવતી વલુરા કર્યા. તે જોઇને તડિત્કેશ ઘણો ગુસ્સે ભરાયો. કહ્યું છે કે, "સ્ત્રીનો પરાભવ કોઇથી સહન થતો નથી." પછી રાજાએ વાંદરાને એક બાણુ માર્યું. જે તેના શરીરમાં લાગ્યાથી તે મહા દુઃખિત થતો બે ત્રણ કુદકા મારી ત્યાંથી થોડેક દૂર એક સાધુ તપ કરતો હતો તેની સામે જઈ પડ્યો. સાધુએ તેના ઉપર દયા લાવી પરભવના ભાતા રૂપ તેને નવકાર મંત્રનું સ્મરણ કરાવ્યું. જેના યોગે કરી તે ઉદધિકુમાર નામના દેવતાઓમાં ભુવનપતિ દેવ થયો. ત્યાંથી તેણે પોતાનો પૂર્વ ભવ નિહાળી પોતાના પરમ ઉપકાર મુનિ પાસે આવી તેની વંદના સ્તવના કરી. કહ્યું છે કે, "સત્પુરૂષોને અવશ્યે સાધુ વંદના કરવા યોગ્ય છે, તેમાં પણ વળી જેણે પોતા પર ઉપકાર કર્યો હોય તેની તો વિશેષે કરી વંદના ભક્તી કરવીજ જોઇએ" આંહીં તડિત્કેશ ક્રોધાવેશે પોતાના યોદ્ધાઓ સહિત તે વનમાંનાં વાંદરાંઓને મારવા લાગ્યો. આ વાતની તે ભુવનપતી દેવને જ્ઞાન બળે કરીને ખબર પડવાથી તે મહા કોપાયમાન થતો આવી, વાંદરાનું રૂપ ધારણ કરી, તડિત્કેશ તથા તેના યોદ્ધા રાક્ષસો ઉપર ઝાડ તથા પત્થરોનો વરસાદ વરસાવવા લાગ્યો. આ ઉપદ્રવથી તડિત્કેશ ઘણો વ્યાકુળ થયો. તેણે દિવ્ય પ્રયોગથી ઉદધિકુમાર દેવતાની વાત જાણી તેથી તે તેની પાસે આવી તેને વંદના કરી તેની પૂજા કરવા લાગ્યો; અને પુછ્યું કે, તું કોણ છે? શા માટે મને દુઃખ દે છે? મેં તારો શો અપરાધ કર્યો છે? તે સાંભળી દેવતા શાંત થયો, અને પોતાનું મરણ તથા મુનિએ સંભળાવેલા મંત્રનું સામર્થ્ય તેને કહ્યું. પછી દેવતા તથા તડિત્કેશ તે સાધુ પાસે આવી વંદના કરી તેમને પુછવા લાગ્યા કે, હે સ્વામીન્! અમારા બેની વચ્ચે વૈર થવાનું શું કારણ છે તે કૃપા કરી જણાવશો. મુનિએ જણાવ્યું કે, "હે તડિત્કેશ! તું પૂર્વ

ભવમાં સાવત્થી નગરીના રાજાના પ્રધાનનો દત્ત નામે પુત્ર હતો, અને વાંદરાનો જીવ કાશી નગરમાં પારધી હતો. દત્ત દિક્ષા લેઈને એક વખત કાશીમાં જતો હતો તે વખતે પારધીને પોતાના કામ ઉપર જતાં તે સામો મળ્યો. સાધુ વેશથી અપશુકન માની પારધીએ દત્ત મુનિને બાણ માર્યું, તેજ વખતે તે કાળ કરી મહેંદ્ર નામના દેવલોકમાં દેવ પણે ઉપજ્યા. ત્યાં આયુષ પુરૂ કરી ત્યાંથી ચવીને આ તું તડિત્‌કેશ નામે લંકાધિશ થયો છું. પારધી પણ તેજ દિવસે વીજળી પડવાથી મરણ પામી નરકમાં ગયો. ત્યાંથી તે ઘણા કાળ સુધી સંસારમાં ભટકી વાંદરો થયો, જે તારા પ્રયોગે મરણ પામી નવકાર મંત્રના સ્મરણથી આ ઉદધિકુમાર દેવ થયો છે. આવી રીતે તમારૂ પૂર્વ જન્મનું વૈર છે." તે સાંભળી દેવતા શાંત થઈ મુનિને નમસ્કાર કરી પોતાને સ્થાનકે ગયો; અને તડિત્‌કેશ રાજા મુનિને નમસ્કાર કરી ઘેર જઈ પોતાના સુકેશી નામના પુત્રને રાજ્ય આપી, દિક્ષા લેઈ મોક્ષે ગયો. તેમજ કિસ્કિંધાનો રાજા ઘનોદધિ પણ પોતાના કિસ્કિંધી નામના પુત્રને રાજ્ય આપી દિક્ષા લેઈ મોક્ષે ગયો.

વૈતાઢય પર્વત ઉપર રથનુપુર નામના નગરમાં અશનિવેગ નામે વિદ્યાધરોના રાજાને વિજયસિંહ તથા વિદ્યુત્‌વેગ નામના બે પુત્રો થયા. તે બંને જાણે તેની બે ભુજાઓજ હોયની! એવા થયા. તેમજ તે પર્વત ઉપર આદિત્ય નામના નગરમાં માલ્યવાન નામે વિદ્યાધરોનો રાજા થયો. તેને શ્રીમાલા નામની કન્યા હતી. તેના સ્વયંવરમાં વિજયસિંહ તથા કિસ્કિંધાનો રાજા કિસ્કિંધી વીગેરે અનેક રાજાઓ આવ્યા હતા. શ્રીમાલાને તેની દાસીએ તમામ રાજાઓને તેઓના ગુણનું વર્ણન કરી દેખાડયા, પણ તે સર્વને મુકીને કિસ્કિંધીના સામે આવી ઉભી રહી, તે જાણે સમુદ્રની પાસે ભાગીરથી આવીને ઉભી રહી હોયની! એવી દેખાવા લાગી. પછી તેના ગળામાં વરમાળા આરોપી, તે જાણે હવે પછી થવાના તેની ભુજાનાં આલિંગનને વાસ્તે કબુલાતજ દેતી હોયની! આવી રીતે શ્રીમાળા કિસ્કિં-

ધીને પરણી. તે જોઇને સિંહના જેવું જેનું પરાક્રમ છે, એવો વિજયસિંહ રાજા ક્રોધ વડે ભૃકુટી ચડાવીને બોલવા લાગ્યો કે, "આ ચોરની પેઠે દુર્નય કરનારા વિદ્યાધરોને પ્રથમથીજ હાંકી મુકયા છતાં હમણાં આંહીં કોણ બોલાવી લાવ્યો? એ દુષ્ટ, કુલદુષક તથા દુરાચારી વિદ્યાધરોને પશુની પેઠે આજ હું મારીશ." એમ કહી ઊભો થયો. તેને જોઈ બીજા વાંદરા, રાક્ષસો તથા વૈતાઢય પર્વત ઉપર રહેનારા વિદ્યાધરો પણ ગર્જના કરી ઊઠી ઊભા થયા. તે બંનેનું પરસ્પર યુદ્ધ થવા લાગ્યું. જેમાં, હાથીની સામે હાથી, ઘોડાની સામે ઘોડા, રથની સામે રથ, પાળાની સામે પાળા, એમ પોત પોતાની યોગ્યતા પ્રમાણે તેઓ લડવા લાગ્યા. તે વખતે કલ્પાંત કાળની પેઠે જમીન ઉપર લોહી તથા અસ્તીના ચીકળ વિના બીજું કાંઈ દેખાતું નહોતું. આ પ્રમાણે યુદ્ધ થાય છે, એટલામાં કિસ્કિંધી રાજાના નાના ભાઈ અંધકે મહાવેગથી દોડીને, જેમ કોઇ ઝાડની ડાળ ઉપરથી ફળ તોડે તેમ, એકજ બાણે કરીને વિજયસિંહનું માથુ ઉડાવી દીધું. તેને મુઓ જાણીને તેનું સર્વે સૈન્ય ચારે દીશાએ પલાયન કરી ગયું. કહ્યું છે કે, "જેને નાયક નહીં તેને શૌર્ય કયાંથી? સેનાપતી વીના સૈન્ય સુન્ય જાણવું." પછી કિસ્કિંધી રાજા જયલક્ષ્મી જેવી શ્રીમાલાને સાથે લેઇને પરિવાર સહિત પોતાના નગરમાં ગયો.

અશનિવેગ રાજા પોતાના પુત્ર વિજયસિંહનું મરવું સાંભળીને અકાળે વજ્રપાતની પેઠે કિસ્કિંધી રાજાની સાથે લડવા સારૂ તેના નગર સમીપે આવ્યો. તે જોઇને તેને હઠાવવા સારૂ કિસ્કિંધી રાજા, લંકાના સુકેશી રાજા તથા અંધક વીગેરે પરિવાર સહિત નગરથી બહાર નિકળ્યો. પછી લડાઈ શરૂ થઈ, તેમાં અશનિવેગ રાજાએ અંધકનું માથું કાપી નાંખ્યું. તે જોઇને રાક્ષસોનું તથા વાંદરાનું લશ્કર દશે દિશાએ નાઠું. તેમજ વૈરીનું બળ વધારે જાણીને કિસ્કિંધી રાજા તથા લંકાનો સુકેશી રાજા વીગેરે પણ પોતાનો સ્ત્રીઆદિક પરિવાર લેઇને પાતાલલંકામાં નાશી ગયા. પોતાના પુત્રને મારનાર અંધક રાજાના

મૃત્યુથી તથા પોતાના વૈરીઓ નાશી જવાથી અશનિવેગ રાજા શાંત થયો. અને નિર્ઘાત નામના વિદ્યાધરને લંકા તથા કિસ્કિંધાના રાજ્ય ઉપર બેસાડીને પોતે પોતાના નગરમાં ગયો. ત્યાં કેટલાએક કાળ સુધી રાજ્ય કર્યા પછી તેને એક સાધુનો સમાગમ થયો. તેના ઉપદેશથી તેણે પોતાના સહસ્રાર નામના પુત્રને રાજ્ય ગાદીએ બેસાડી દિક્ષા લીધી.

પાતાલલંકાના સુકેશી રાજાને તેની ઇંદ્રાણી નામની સ્ત્રીને પેટે માલી, સુમાલી તથા માલ્યવાન નામના ત્રણ પુત્ર થયા; અને કિસ્કિંધી રાજાને તેની શ્રીમાલા નામની સ્ત્રીને પેટે આદિત્યરજ તથા રૂક્ષરજ નામના બે પુત્ર થયા. એક વખત કિસ્કિંધી રાજા સુમેરૂની યાત્રા કરવા સારૂ ગયો હતો, ત્યાંથી પાછા ફરતાં મધુ પર્વત ઉપર એક મનોરમ્ય વન જોઇને વિસામો ખાવા સારૂ ઉતર્યો. ત્યાં તેણે નવી કિસ્કિંધા નામની નગરી વસાવી અને પોતાના પરિવાર સહિત ત્યાંજ રહ્યો. તે જેમ કૈલાસ પર્વત ઉપર કુબેર શોભે છે તેમ દીપવા લાગ્યો.

સુકેશી રાજાના ત્રણે પુત્રોએ, પોતાના પીતાનું રાજ્ય શત્રુએ છીનવી લીધું છે એવું જાણ્યું તેથી પ્રજ્વલિત અગ્નિની પેઠે ક્રોધાયમાન થઇને લંકામાં આવી, મહા પરાક્રમ વડે નિર્ઘાત નામના ત્યાંના વિદ્યાધર રાજાને મારી નાંખ્યો. અને મોટો પુત્ર માલી લંકાની રાજ્ય ગાદીએ બેઠો. તે વખતે કિસ્કિંધા નગરીનો રાજા આદિત્યરજ થયો.

વૈતાઢ્ય પર્વત ઉપર રથનુપુર નગરમાં સહસ્રાર રાજાની સ્ત્રી ચિત્તસુંદરીના ગર્ભમાં દેવલોકથી ભ્રષ્ટ થએલા કોઈ દેવતાના જીવે પ્રવેશ કર્યો. તેના સામર્થ્ય વડે ચિત્તસુંદરીને ઇંદ્રની સાથે ભોગ કરવાની ઇચ્છા થઈ. તે પૂર્ણ ન થવાથી તેનું શરીર દિવસે દિવસે સુકાવા લાગ્યું. પોતાની સ્ત્રીની આવી હાલત જોઇને સહસ્રારે તેનું કારણ પુછ્યું. જો કે, તે કહેવા લાયક નહોતું તોપણ ચિત્તસુંદરીએ નાઈલાજે તે જણાવ્યું. પછી સહસ્રારે વિદ્યાના યોગે ઇંદ્રનું રૂપ ધારણ કરીને તેની


ઇચ્છા પૂર્ણ કરી. પછી પૂર્વ દિશાએથી જેમ સૂર્ય નિકળે તેમ પુરે માસે તે સ્ત્રીના ઉદરથી એક મહા પરાક્રમી પુત્ર અવતર્યો. તે પેટમાં છતાં તેની માતાને ઇંદ્રની સાથે સંભોગ કરવાની ઇચ્છા થઈ હતી તેથી તેનું નામ ઇંદ્ર પાડયું. તેને યૌવનાવસ્થામાં આવતાં તેના પીતાએ વિદ્યાધરોની ઘણી કન્યાઓ પરણાવી અને તેને રાજ્ય સોંપી પોતે દિક્ષા લીધી.

તે ઇંદ્રરાજાએ સર્વ દેશ તથા સર્વ વિદ્યાધરોને પોતાના સ્વાધીનમાં કરી લીધા. અને પોતાની સર્વ સંપત્તિ ઇંદ્રના જેવી કરી. જેમ કે, "ચાર દિગ્પાલ, સાત સૈન્ય, સાત તેના અધિપતી, ત્રણ સભા, વજ્ર નામનું અસ્ત્ર, ઐરાવત હાથી, રંભાદિક વેશ્યા, બૃહસ્પતિ મંત્રી તથા નૈગમેષી નામનો સેનાપતિ." એ પ્રમાણે પોતાની સર્વ સંપત્તી ઇંદ્રના જેવી કરીને ત્યાંના વિદ્યાધરો સહિત રાજ્ય કરતો છતાં તે પોતાને ઇંદ્ર કહેવરાવવા લાગ્યો. એના ચાર દિગ્પાલનાં નામ નીચે પ્રમાણે હતાં:—પૂર્વ દિશાનો દિગ્પાલ, જ્યોતિષ્યપુરના રાજા મયુરધ્વજની સ્ત્રી આદિત્યકીર્ત્તિના ઉદરથી જન્મેલો સોમ નામનો વિદ્યાધર હતો; પશ્ચિમ દિશાનો દિગ્પાલ, મેઘપુરના રાજા મેઘરથની સ્ત્રી વરૂણાના પેટે જન્મેલો વરૂણ નામે વિદ્યાધર હતો; ઉત્તર દિશાનો દિગ્પાલ, કાંચનપુરના સુરરાજાની સ્ત્રી કનકાવતીને પેટે જન્મેલો કુબેર નામે વિદ્યાધર હતો; અને દક્ષિણ દિશાનો દિગ્પાલ, કિસ્કિંધાના રાજા કાલાગ્નિની સ્ત્રી શ્રીપ્રભાના ઉદરથી ઉત્પન્ન થએલો યમ નામે વિદ્યાધર હતો. ઇત્યાદિક સર્વ સંપત્તી સહિત ઇંદ્ર રાજા રાજ્ય કરવા લાગ્યો.

ઇંદ્રરાજાની ઉપર મુજબની સંપતી લંકાનો માલી રાજા સહન કરી શકયો નહીં, તેથી તે પોતાના ભાઇઓ, પ્રધાનો, મહાપરાક્રમી મીત્રો તથા વાનર દ્વીપના માણસો સહિત ઇંદ્ર રાજાની સાથે યુદ્ધ કરવા સારૂ તેના નગર તરફ જવા નિકળ્યો. તે વખતે તેને અપશુકન થયા, તે જોઇને તેના ભાઇ સુમાલીએ તેને જવાની ના કહી. તે ન ગણકારતાં માલી રાજા પોતાના બાહુબળના ગર્વે કરી ઇંદ્રને જીતવા સારૂ વૈતાઢય પર્વત ઉપર

ગયો. તેની સાથે લડવા સારૂ ઇંદ્રરાજા પણ પોતાના ઐરાવત હાથી ઉપર બેશી હાથમાં વજ્ર ધારણ કરી પોતાના ચાર લોકપાલ સહિત નગરથી બહાર નિકળ્યો. પછી બંને લશ્કર વચ્ચે મોટું યુદ્ધ થવા લાગ્યું. તેમાં રથની સામે રથ, ઘોડાની સામે ઘોડા, હાથીની સામે હાથી, તથા પાળાની સામે પાળા, એવી રીતે એક બીજાની સાથે લડવા લાગ્યા. જેમાં પર્વત ઉપરથી જેમ શિખર પડે તેમ રથો પડવા લાગ્યા, વાયરાથી વાદળ વીખરાઇ જાય તેવી હાથીઓની દશા થઇ, જમીન ઉપર માણસોનાં માથા પડવા લાગ્યા, કોઇના પગ તુટયા તો કોઈના હાથ કપાયા. એ પ્રમાણે બંને રાજાના લશ્કરો એકબીજાનો નાશ કરવા લાગ્યા. તે જોઇને ઇંદ્ર રાજાએ યુદ્ધ કરતો છતાં ઘણો ક્રોધ ચડવાથી પોતાના શસ્ત્ર તથા અસ્ત્રથી માલી રાજાને ઘેરી લેઇ તેનું માથું કાપી નાંખ્યું. માલી રાજાને મુવો જાણીને તેનું સર્વ સૈન્ય પાતાલલંકામાં નાશી ગયું. પછી ઇંદ્ર રાજા રાક્ષસોની લંકા તથા તેમની રાક્ષસી વિદ્યાનું હરણ કરી વિશ્રવા વિદ્યાધરની સ્ત્રી કૌસીકાના ઉદરથી જન્મેલા વૈશ્રવણ નામના રાજાને લંકાનું રાજ્ય આપી પોતાના નગરમાં આવ્યો.

સુમાલી રાજાની સ્ત્રી પ્રિતીમતીના ઉદરથી રત્નશ્રવા નામે પુત્ર ઉત્પન્ન થયો. તે યૌવન અવસ્થામાં આવ્યો ત્યારે કોઈ વિદ્યા સાધન કરવાના હેતુથી કુસુમ નામના ઉદ્યાનમાં જઈ એકાંત સ્થાનમાં બેશી, નાશાગ્રે દ્રષ્ટી કરી, પર્વતની પેઠે સ્થીર થઈ, જપમાળા ધારણ કરીને જપ કરવા લાગ્યો. ત્યાં એક સમયે કોઈ એક વિદ્યાધરની કન્યા પોતાના પીતાની આજ્ઞાથી તેના સામે આવી ઉભી રહીને કહેવા લાગી કે, "હું માનવ સુંદરી નામની મહાવિદ્યા તને પ્રસન્ન છુ" તે સાંભળીને જપમાળા જમીન ઉપર મુકી રત્નશ્રવાએ આંખો ઉઘાડી જોયું તો એક નવયૌવન વિદ્યાધરીને પોતાની સામે ઉભી રહેલી દીઠી. તેને પુછવા લાગ્યો કે, "હે કન્યકા, તું કોણ છું? કોની પુત્રી છુ? અને આહીં શા સારૂ આવી છું?" ત્યારે તેણે જવાબ દીધો કે, "કૌતુકમંગલ નામના નગરમાં વ્યોમબિંદુ નામનો એક


લંકા.
પાતાલ લંકા.
રત્નશ્રવા.
કૈકસી.
દશમુખ.

વિદ્યાધર છે, તેને કૌશિકા તથા કૈકશી નામે બે કન્યાઓ છે, તેમાંની કૌશિકાને યક્ષપુરના રાજા વિશ્રવા સાથે પંરણાવી છે, જેનો પુત્ર વૈશ્રવણુ નામનો વિદ્યાધર હમણા લંકાનું રાજ્ય કરે છે, અને કૈકશી હું પોતે છું. કોઇક નિમિત્તથી મારા પિતાએ વચને કરી મને આપને સોંપી દીધી છે, તેથી હું આંહીં આવી છું. આપ મને અંગીકાર કરો. તેનું આવું બોલવું સાંભળીને રત્નશ્રવા મનમાં વિચાર કરવા લાગ્યો કે, હું ધ્યાનમાં છતાં જેણે મને કહ્યું કે, "હું માનવ સુંદરી નામની મહાવિદ્યા તને પ્રસન્ન છું." તે વિદ્યા નહીં, પણ તે સાક્ષાત્ માનવ સુંદરી, નામની વિદ્યાજ હતી. હવે હું કૃતકૃત્ય થયો. એમ વિચારીને રત્નશ્રવાએ પોતાના ભાઇઓ વીગેરેને ત્યાં બોલાવી કૈકશી સાથે લગ્ન કર્યું અને ત્યાંજ પુષ્પપુર નામનું નગર વસાવી સ્ત્રી સહિત ઉપભોગ ભોગવવા લાગ્યો.

એક વખત કૈકશીએ સ્વપ્નમાં હાથીનું ગંડસ્થળ તોડનારો સિંહ દીઠો. આ વાત રાજાને કહેવાથી તેણે કીધું કે, "તને એક મહા પરાક્રમી પુત્ર થશે." પછી રત્નશ્રવા ચૈત્યની પુજા કરવા લાગ્યો. કૈકશી રાણીને ગર્ભ રહ્યાથી તેની વાણી નિષ્ઠુર થવા લાગી. એક વખત કૈકશી અરીસામાં મુખ જોતી હતી, તેમાં કોઇ મહા ભયંકર રૂપ તેના જોવામાં આવ્યું. તેના ગર્ભના પ્રભાવથી તે ઇંદ્ર રાજાને પણ આજ્ઞા કરવાની ઇચ્છા કરવા લાગી, તથા પોતાના ગુરૂ વિગેરેને નમસ્કાર કરવાનું મુકી દીધું અને શત્રુના મસ્તક ઉપર પગ દેવાની તેની મરજી થવા લાગી. એમ કરતાં પુરા માસ થએથી પૂર્ણમાસીના શુભ દિવસે સારા લગ્ને શુભ મુહુર્ત્તે તેણીએ સાડાબાર હજાર વર્ષના આયુષ્યવાળા પુત્રને જન્મ આપ્યો. માતાના ઉદરથી બહાર આવતાંજ તે બાળકે પોતાના વડીલોને મળેલો નવરત્નોનો હાર જે કરંડીઆમાં રાખેલો હતો તે ઘણી ચાલાકીથી હાથેથી ઉપાડી પોતાના ગળામાં ઘાલ્યો. તે જોઇ કૈકશી રાણી આશ્ચર્ય પામીને કહેવા લાગી કે, આ નવ રત્નોના હારને અદ્યાપિ સુધી કોઇપણ ઉપાડવાને સમર્થ નહીં થવાથી અમારા વ-

ડીલોએ તેને હજાર નાગે કરી રક્ષણ કરેલા નિધિની પેઠે જાળવી રાખી પૂજ્યો, તેને એક લીલામાત્રમાં આ બાળકે જન્મતાંજ ઉપાડીને પોતાના ગળામાં ઘાલ્યો. એ તેનું બાહુબળ જરૂર અગાધ જણાવે છે. ગળામાં નાંખેલા હારમાંના નવે રત્નોમાં તે બાળકના મુખનું પ્રતિબિંબ પડ્યાથી તેનું નામ દશમુખ રાખ્યું.

એક વખત કોઈ પ્રસંગાનુસાર રત્નશ્રવા વિચાર કરવા લાગ્યો કે, જ્યારે મારો બાપ સુમાલી મેરૂ પર્વત ઉપર ચૈત્યવંદન કરવા ગયો હતો ત્યારે તેને ચાર જ્ઞાનવાળા મુનિએ આ હાર વિષે હકીકત પૂછતાં જણાવ્યું હતું કે જે પોતાને હાથે ઉપાડીને હાર પોતાના ગળામાં ઘાલશે તે પ્રતિવાસુદેવ (અર્દ્ધચક્રી) થશે. માટે મારો આ દશમુખ નામનો પુત્ર અર્દ્ધચક્રી થશે, એવો તેણે નિશ્ચય કર્યો.

કેટલાએક કાળ પછી કૈકશી રાણીએ સૂર્યનું સ્વપ્ન જોઈ ગર્ભ ધારણ કરી પૂર્ણ માસે પુત્ર પ્રસવ્યો, જેનું નામ ભાનુકર્ણ અથવા કુંભકર્ણ રાખ્યું.

ત્યાર પછી ચંદ્રમાના સ્વપ્નના ચિન્હે કરી કૈકશી રાણીએ બિભીષણ નામના ત્રીજા પુત્રને જન્મ આપ્યો.

કૈકશીએ છેલા ચોથા ગર્ભમાં ચંદ્રની કાંતિની પેઠે નખની કાંતિવાળી ચંદ્રનખા અથવા શુર્પનખા નામની કન્યાને જન્મ આપ્યો.

ઉપર જણાવેલા રત્નશ્રવા રાજાની રાણી કૈકશીના ઉદરથી જન્મેલા દશમુખ, કુંભકર્ણ તથા બિભીષણ, (ત્રણે ભાઇઓ)ના શરીરો સોળ ધનુષ્ય પ્રમાણના ઊંચાઇમાં થયાં. તે ત્રણે ભાઇઓ યથેચ્છ ક્રીડા કરતા થકા પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા.

દુહા

પ્રથમ સર્ગ પૂરો થયો, રામ ચરિત્રની મધ્ય;
રાક્ષસ વાનર વંશની, ઉત્પત્તિ આવી સદ્ય. ૧
લંક અને પાતાલ લંક, રાવણ જન્મ જણાય;
હેમચંદ્ર વાણિ સુણી, પ્રાણી પાવન થાય. ૨

ઇતિ શ્રીહેમચંદ્રાચાર્યવિરચિતે ત્રિષષ્ઠિ શિલાકા પુરૂષચરિતે મહાકાવ્યે સંગમપર્વણિ રાક્ષસવાનરવંશોત્પત્તિ રાવણજન્મવર્ણનો નામ પ્રથમઃ સર્ગઃ ૧

અથ દ્વિતીયઃ સર્ગઃ પ્રારભ્યતે.

એક દિવસ રાવણ પોતાના ભાઈઓ સહિત બેઠો હતો, તેવામાં આકાશ માર્ગે જતું એક વિમાન તેના દીઠામાં આવ્યું, તેથી તેણે પોતાની માતાને પૂછયું કે, આ વિમાનમાં કોણ છે? ત્યારે કૈકશીએ કહ્યું કે, એ વૈશ્રવણ નામે સર્વ વિદ્યાધરોના રાજા ઇંદ્રનો મોટો યોદ્ધો અને મારી મોટી બહેનનો પુત્ર છે. તારા પિતામહના ભાઇ માલી રાજાને ઇંદ્રે યુદ્ધમાં મારી તેની લંકા નગરીનું રાજ્ય તેને સોંપેલું છે. તે સાંભળીને લંકાનું રાજ્ય લેવાની રાવણની મરજી થઈ. કૈકશી, રાવણનો આ અભિપ્રાય સમજીને તેને કહેવા લાગી કે, હે મારા વહાલા પુત્ર! પૂર્વે શ્રી અજિતનાથ સ્વામીની પરિષદ્‌માં ભીમેંદ્ર નામના રાજાએ ત્યાં બેઠેલા એક ઘનવાહન નામના વિદ્યાધરને પોતાનો પૂર્વભવનો પુત્ર હતો, એવું જણાવી તેણે વસાવેલી લંકા તથા પાતાલ લંકાનું રાજ્ય અને આ નવરત્નોનો હાર તથા રાક્ષસી વિદ્યા આપી હતી. ઘનવાહનને પોતાનો પુત્ર માની રાજ્ય ગાદીએ બેસાડી ભીમે દીક્ષા લીધી. એ ઘનવાહન રાજા આપણા કુળનો મૂળ પુરૂષ છે. તેની સર્વ સંપત્તિ ક્રમે કરી તારા પિતામહ સુમાલી રાજા સુધી ચાલી. તેનું રાજ્ય ઇંદ્ર રાજાએ લેઈ લીધું, તેથી તે પાતાલ લંકામાં નાશી જઈ, હજુ સુધી ત્યાં રાજ્ય કરે છે. અને લંકામાં તારા વૈરીઓ સુખે કરી સુખભોગ ભોગવે છે. તેનું શુલ હજી સુધી તારા બાપના મનમાં છે. હવે એવો દહાડો કયારે આવશે, કે હું તને લંકાના રાજ્ય ઉપર બેઠેલો જોઈશ? લંકાને લુંટનારાને તારા હાથ વડે બંધીખાને નાંખેલા હું કયારે જોઈશ? અને ત્યારેજ હું પુત્રવતી સ્ત્રીઓમાં શિરોમણી થઈ એમ સમજીશ. હમણાતો એ સર્વ મારા મનના મનોરથ આકાશના ફૂલ જેવા છે. એવું કૈકશીનું ભાષણ સાંભળીને ત્યાં બેઠેલો બિભીષણ નામનો તેનો નાનો પુત્ર કહેવા લાગ્યો. હે માતા, તું ખેદ કર નહીં. આ દશકંઠની તને ખબર નથી. આની આગળ એ ઇંદ્ર, વૈશ્રવણ,

બીજા વિદ્યાધરો, રાજાઓ, દેવતાઓ અને મનુષ્યો, એ સર્વ તણુસલા જેવા છે. તે તો રહ્યો, પણ આ એકલો કુંભકર્ણજ સર્વ પૃથ્વીને વશ કરવાને સમર્થ છે. અને હું પણ આપણા સર્વ વૈરીઓને મારવાની હિંમત ધરાવું છું. એવા મહા શુરવીર તારા પુત્રો છતાં તું ખેદ શા સારૂ કરે છે? બિભીષણના મુખથી એવાં હિંમતના વચનો સાંભળીને કૈકશી રાણી મનમાં જરા ખુશી થઈ. એટલામાં હોઠ પીસી રાવણ કહેવા લાગ્યો કે, “હે જનની, તેં જે તારા હૃદયમાં શલ્ય ધારણ કર્યું છે તે કાઢી નાંખ, અને વજ્રના જેવી કઠણ થા. હું મારા એકજ હાથે કરી ઇંદ્રાદિક શત્રુઓને સંહારવાને સમર્થ છું. પરંતુ ક્રમે કરી આવેલી વિદ્યાની સાધના કર્યા પહેલાં તે મારા શત્રુઓ ઉપર ચલાવવાને હું ઈચ્છતો નથી. માટે મને આજ્ઞા આપ કે, હું વિદ્યા સાધી તારા મનના મનોરથ પૂર્ણ કરૂં.” પોતાના પુત્રનાં એવાં શૂરવીરપણાના વચનો સાંભળીને તેના માતા પિતાના નેત્રોમાં હર્ષનાં આંસુ આવ્યાં અને તેના મસ્તક ઉપર ચુંબન કરી વિદ્યા સાધન કરવા જવાની આજ્ઞા આપી. રાવણ ગદગદિત કંઠે પોતાના ભાઇઓ સહિત ત્યાંથી નિકળીને એક મહા ભયંકર વનમાં ગયો. જ્યાં મોટા વૃક્ષોની નીચે કેટલાએક મદોન્મત્ત સિંહ મોટા શ્વાસોશ્વાસ સહિત ગર્જના કરી રહ્યા છે, કેટલાએક પોતાના પુંછડા વડે જમીનને જપાટા મારે છે, અને ઉલુક વિગેરે પક્ષીઓ મહા ભયંકર કિરરંર કિરરર શબ્દ બોલે છે.

એવા મહા ભયંકર વનમાં રાવણ પોતાના ભાઇઓ સહિત તપસ્વીની પેઠે જટા વધારીને, હાથમાં જપમાલા લેઈને, નાશાગ્રે નજર રાખીને, ધોળાં વસ્ર ધારણ કરીને, દૃઢાસન વાળીને દશ કોટી હજાર જપે કરી સિદ્ધ થનારો ષોડશાક્ષરી જપ કરવા બેઠો. ત્રણે ભાઇઓએ સર્વ કામને દેવાવાળી એવી અષ્ટાક્ષરી વિદ્યાની સાધના એક પ્રહરમાં કરી.

એક સમયે જંબુદ્વીપનો સુર નામે રાજા, પોતાની સ્રીઓ

સહિત વનક્રીડા કરવા નિમિત્તે જ્યાં રાવણાદિક ત્રણે ભાઇઓ તપ કરતા હતા ત્યાં આવ્યો. અને તેઓને ધ્યાનમાં બેઠેલા જોઇ તેમના તપમાં વિઘ્ન કરવા સારૂ તેણે પોતાની સ્ત્રીઓને તેમની પાસે મોકલી. તપસ્વીઓનું રૂપ જોઇને બધી સ્ત્રીઓ પોતાનું ભાન ભૂલી તેમના ઉપર મોહિત થઈ કામે પિડાતી તેઓને નિર્વિકારી, નિશ્ચલ તથા મૌની જાણીને અતિ મધુર-વાણી વડે વિનવવા લાગી કે, "ભો ભો જટાધરો, અમારી સામે તો જુઓ, દેવતાઓ પણ જેનું રૂપ જોઈ પોતાનું માન મૂકે એવી અમે પ્રત્યક્ષ તમારા ઉપર પ્રસન્ન થઈ છતાં બીજી તે કઈ મોટી સિદ્ધિ છે? વિદ્યાની સિદ્ધિ કર્યાથી શું વળવાનું છે? અમારી સાથે સ્વતંત્રપણે ક્રીડા કરવાથી સર્વ વિદ્યા, સર્વ મંત્ર, તથા સર્વ સિદ્ધિ મળ્યાથી પણ વિશેષ આનંદ થશે."

એવી રીતે તે સ્ત્રીઓએ તેઓને મોહિત કરવા સારૂ ઘણા ઉપાયો કર્યા તોપણ તેઓ જરાપણ ચલાયમાન થયા નહીં. ત્યારે જંબુદ્વીપનો અધિપતિ યક્ષ તેમને કહેવા લાગ્યો કે, હે મૂર્ખો, આ ધ્યાનરૂપ મહા કષ્ટે કરી સાધ્ય વસ્તુને તમે શા સારૂ ધ્યાયી રહ્યા છો? આ ક્રિયા કરવાને તમને કોઈ દુરાત્મા ધુતારાએ ફસાવ્યા છે. માટે આ ધ્યાનરૂપ દુરાગ્રહ મૂકીને તમે આંહીથી જાઓ. તમને કાંઈ ઈચ્છા હોય તો તે મારી પાસે માગ્યાથી મળશે. ઈત્યાદિક યક્ષે પણ ઘણા ઉપાયો કર્યા તથાપિ તેઓ જરાપણ ચલાયમાન થયા નહીં. તેથી તે ક્રોધે ભરાઇ બોલ્યો કે, હું પ્રત્યક્ષ દેવ તમારી સામે ઉભો છું, છતાં તેને મૂકીને તમે કોનું ધ્યાન ધરો છો? હવે આ ઢોંગ મૂકીને જે જોઇએ તે મારી પાસે માંગી લ્યો. નહીંતો બળાત્કારે હું તમારૂં ધ્યાન મૂકાવીશ. આવો ભય બતાવ્યાથી પણ જ્યારે તેઓ ન ડગ્યા ત્યારે તે મોટા ભયંકર કિલકિલાટ શબ્દ કરવા લાગ્યો. મોટા મોટા પર્વતોનાં શિખરો ઉપાડીને તેમના સામે ફેંકવા લાગ્યો. સિંહ, રીંછ તથા વાઘ વિગેરે ઘાતકી જનાવરોનાં સ્વરૂપ ધારણ કરીને બીવરાવવા લાગ્યો, પરંતુ તે ચળ્યા નહીં. પછી તેણે કૈકશી, રત્નશ્રવા તથા ચંદ્ર-

નખાનાં માયાવી રૂપ બનાવી તેમને બાંધી લાવી તેઓની સામે નાખ્યાં. તે માયાવી ત્રણે જણાં આંખોમાં આંસુ લાવી રડતાં રડતાં કહેવા લાગ્યા કે, "હે પુત્રો! પારધી જેમ પશુને મારે છે તેમ તમારી સામે આ નિર્દય અમને બાંધીને મારે છે. માટે હે રાવણ! તું જલદી ઉઠીને અમારૂં રક્ષણ કર. શા સારૂ તું અમારી સંભાળ લેતો નથી? એટલો બધો તારો અહંકાર કયાં ગયો? હે કુંભકર્ણ! તું પણ સાંભળતો નથી કે? અમારી આવી અવસ્થા કરતાં છતાં તું નિશ્ચિંત થઈ કેમ બેઠો છો? વળી હે બિભીષણ! તું તો કાંઈક દયા કર. અમારા વિષેની તારી એટલી બધી ભક્તિ કયાં ગઈ? પણ એ તમારો વાંક નથી. અમારાં કર્મજ ફરયાં જણાય છે, નહીંતો પુત્રો શત્રુને કેમ સહન કરે?" ઈત્યાદિક ઘણે પ્રકારે વિલાપ કર્યા તોપણ તેઓ ધ્યાન ચુકયા નહીં. ત્યારે યક્ષે માયાવી ત્રણે જણાનાં માથાં કાપી નાખ્યા. એવા દારૂણ કર્મથી પણ જ્યારે તેઓ ચંચલ ન થયા ત્યારે તેણે કુંભકર્ણ તથા બિભીષણનાં કૃત્રિમરૂપ કરીને રાવણની સામે તેમનાં માથાં કાપી નાંખ્યાં, તોપણ રાવણ રંજમાત્ર સમાધિથી ખસ્યો નહીં. પછી તેણે માયાવી રાવણ કરીને તેનું મસ્તક કુંભકર્ણ તથા બિભીષણની સામે કાપી નાંખ્યું, તેથી તેઓ કાંઇક ધ્યાનથી ખશી ગયા. જો કે તેઓ જરાપણ બીન્યા નહીં તોપણ કેવળ ભાઇની ભક્તિના પ્રેમથી યત્કિંચિત્ ચંચલ થયા. પરંતુ પરમાર્થ જાણવાવાળો રાવણ પર્વતની પેઠે અડગ રહ્યો. તે વખતે આકાશમાં "સાધુ સાધુ" એવી વાણી થઈ. સર્વ વ્યંતર તથા કિન્નર વિગેરે દેવતાઓ આકાશમાંથી ફુલોનો વરસાદ વરસાવવા લાગ્યા. એ પ્રસંગે એક હજાર વિદ્યા સર્વ એકઠી મળીને રાવણની સામે આવીને ઉભી રહી. તેમાંની કેટલીક વિદ્યાનાં નામ નીચે પ્રમાણે છેઃ—

પ્રજ્ઞપ્તિ, રોહિણી, ગૌરી, ગાંધારી, નભઃસંચારિણી, કામગામિની, અણિમા, લાઘમા, અક્ષોભ્યા, મનસ્તંભનકરિણી; સુવિધાના, તપોરૂપા, દહની, વિપુલોદરી, શુભપ્રદા, રજોરૂપા,

દિનરાત્રિવિધાયિની, વજ્રોદરી, સમાકૃષ્ટી, અદર્શની, અમરા, અનલસ્તંભિની, તોયસ્તંભિની, ગિરિદારૂણી, અવલોકિની, વન્હિ, ધારા, ધીરા, ભુજંગિની, વારિણી, ભુવના, અવધ્યા, દારૂણી, મદનાશિની, ભાસ્કરી, રૂપસંપત્તિ, રોશાની, વિજયા, જયા, વર્દ્ધની, મોચની, વરાહી, કુટિલાકૃતી, ચિત્તોદૂભવકરી, શાંતિકૈબેરી, વશ્યકારિણી, યોગેશ્વરી, બલોત્સાહા, ચંડા, અભિતી, પ્રધર્ષિણી, દુર્નિવારા, જગત્કંપકારિણી તથા ભાનુમાલિની વિગેરે એક હજાર વિદ્યાઓ રાવણને પૂર્વ જન્મના કર્મે કરી થોડાજ દિવસમાં સાધ્ય થઇ.

સંવૃદ્ધિ, જાૃંભિણી, સર્વાપહારિણી, વ્યોમગામિની તથા ઇંદ્રાણી એ પાંચ વિદ્યાઓ કુંભકર્ણને પ્રાપ્ત થઇ.

સિદ્ધાર્થા, શત્રુદમની, નિવ્યાઘાતા તથા ખગામિની એ ચાર વિદ્યાઓ બિભીષણને મળી.

એવી રીતે તે ત્રણે ભાઇઓને વિદ્યાઓ મળી તે જોઇને જંબુદ્વીપના અધિપતિ યક્ષે ભય પામી રાવણ પાસે પોતે કરેલા અપરાધની ક્ષમા માંગી. કહ્યું છે કે, “મોટા પુરૂષનો અપરાધ કર્યો છતાં તેની આગળ નમ્રતા કરવી એજ તેનો પ્રતિકાર છે.” પછી તેણે તે વનમાં સ્વયંપ્રભ નામનું નગર વસાવ્યું અને તેમાં રાવણનું રાજ્ય સ્થાપીને તે પોતાને સ્થાનકે ગયો.

રાવણને વિદ્યા મળ્યાનું સાંભળીને રત્નશ્રવા તથા કૈકશી પોતાના પરિવાર સહિત ત્યાં આવી અતિ આનંદ વડે રહેવા લાગ્યા. પછી રાવણે સોળ ઉપવાસ કરી ચંદ્રહાસ નામનું ખડ્ગ ધારણ કર્યું. તે સમયે વૈતાઢ્ય પર્વત ઉપર સુરસંગીત નગરમાં વિદ્યાધરોના રાજા મયની સ્ત્રી હેમવતીના ઉદરથી જન્મેલી મંદોદરી નામની કન્યા ઉપવર થઈ હતી. મય રાજાએ તે કન્યાને માટે યોગ્ય વરની ઘણી તપાસ કરી કેટલાએક વિદ્યાધરોના કુંવરોના ગુણો જોયા, પરંતુ તે કન્યાને યોગ્ય કોઇ પણ નજણાયાથી તેણે મહા ચિંતાતુર થઈ પોતાના પ્રધાનને પૂછયું ત્યારે તે કહેવા લાગ્યો કે, ચિંતા કરવાનું કાંઇ કારણ નથી. સહસ્ર વિદ્યાસંપન્ન તથા દેવતાઓને પણ ભય પમાડનાર,

એવો દશાનન નામે રત્નશ્રવાનો પુત્ર છે, તેની બરોબરી કરનાર કોઇપણ વિદ્યાધર મળનાર નથી. તેજ તમારી પુત્રીને યોગ્ય વર છે. માટે તેની સાથે મંદોદરીને પરણાવો. પ્રધાનનું એવું બોલવું સાંભળીને પ્રથમ મય રાજાએ સ્વયંપ્રભ નગરમાં જાસુદ મોકલ્યો અને પાછળથી પોતે પણ પોતાના પરિવાર તથા સૈન્ય સહિત રાવણને પોતાની પુત્રી પરણાવવા સારૂ ત્યાં આવ્યો. તેનું કહેણુ કબુલ કરીને મંદોદરીને પોતાને ઘેર લાવવા સારૂ સુમાલી પ્રમુખ રાવણના વડિલોએ સામૈયું કર્યું. પછી લગ્નનો શુભ દિવસ જોઇને તે બંનેને પરણાવ્યાં. વિવાહનું સર્વે કાર્ય થઈ રહ્યા પછી મય રાજા પરિવાર સહિત પોતાના નગરમાં આવ્યો અને રાવણ પોતાના નગરમાં મંદોદરી સહિત ઘણા દહાડા અતિ આનંદ વડે સુખ ભોગ ભોગવવા લાગ્યો.

એકદા ક્રીડા કરવા સારૂ મેઘરથ નામના પર્વત ઉપર રાવણ ગયો. ત્યાં તેણે સરોવરમાં સ્નાન કરતી વિદ્યાધરોની એક હજાર કન્યાઓ દીઠી. તે કન્યાઓએ પણ રાવણને જોયો. અન્યોઅન્ય દૃષ્ટી મેલાપ થતાં તે હજારે કન્યાઓ કામે પીડાતી થકી રાવણને કહેવા લાગી કે, હે સ્વામિન્! તું અમારો પતિ થા. રાવણે તે માન્ય કરી તેઓની સાથે ગાંધર્વ લગ્ન કર્યાં અને તે સર્વેને પોતાના વિમાનમાં બેસાડી ત્યાંથી ચાલી નિકળ્યો. આ સર્વ હકીકત તે કન્યાઓની દાસીઓએ તેમના પિતાને કહી. તેથી તેઓ ઘણા ક્રોધાયમાન થઈ રાવણને મારવા સારૂ દોડ્યા. તેમને આવતા જોઈ તે હજારે સ્ત્રીઓ રાવણને કહેવા લાગી કે, હે સ્વામિન્! આ વિમાન તમે જલદીથી હાંકી જાઓ, કેમકે ઘણા વિદ્યાધરો છે તેમાંનો એકજ અમરસુંદર જો આવી પહોંચશે તો તેને જીતવો કઠણ છે, તો પછી કનકેબુદ્ધાદિક સર્વે પોતાના પરિવાર સહિત આવશે તો તેમને કેમ જીતી શકાશે? સ્ત્રીઓનાં આવાં વચન સાંભળી રાવણ ઉપહાસ્ય યુક્ત કહેવા લાગ્યો કે, હે સ્ત્રીઓ! તમે હજી મારૂં બાહુબળ જોયું નથી, તે તમને હું આજ બતાવીશ.

એટલામાં સર્વ વિદ્યાધરોએ આવીને મેઘ જેમ વરસાદ કરે તેમ શસ્ત્ર તથા અસ્ત્ર વડે રાવણને ઢાંકી લીધો. રાવણે પોતાના પરાક્રમે કરી તેમના સર્વ શસ્ત્ર તથા અસ્ત્ર પોતાના હથીઆરો વડે તોડી નાંખી પ્રસ્વાપન નામના અસ્ત્રથી તેઓને મોહ પમાડીને પશુની પેઠે નાગ પાસથી બાંધી લીધા. તે જોઇને આશ્ચર્ય પામી તે સર્વ સ્ત્રીઓએ રાવણ પાસે પિતૃ ભિક્ષા માંગી. તે માન્ય કરીને રાવણે તેઓને છોડ્યા. પછી તેઓ રાવણનો ઉપકાર માની પોતાના નગરમાં ગયા. રાવણ તે હજારે સ્ત્રીઓને સાથે લેઇ પોતાના સ્વયંપ્રભ નગરમાં આવ્યો. તે વખતે ઘણા હર્ષથી લોકોએ તેને કરભાર આપ્યો. ત્યાં સુખરૂપ રહેતા કેટલાએક કાળ પછી તેની મંદોદરી રાણીના પેટે અનુક્રમે ઇંદ્ર જેવા પરાક્રમ વાળા ઇંદ્રજીત તથા મેઘવાન નામના બે પુત્રો જન્મ્યા.

કુંભકર્ણનું લગ્ન કુંભપુરના રાજા મહોદરની સ્ત્રી રૂપનયનાને પેટે જન્મેલી, વિદ્યુલ્લતા જેવી કાંતિવાળી તથા કુંભના જેવા બે સ્તને કરી શોભિત, તડિન્માલા નામની કન્યા સાથે થયું.

બિભીષણ વૈતાઢ્ય પર્વતની દક્ષિણ ખુણમાં આવેલા જ્યોતિષપુર નામના નગરના રાજા વીરની સ્ત્રી નંદવતીને પેટે જન્મેલી પંકજશ્રી નામની કન્યાને પરણ્યો.

ત્યારપછી કોઇએક સમયે પોતાના વડાઓનું વૈર સંભારીને કુંભકર્ણ તથા બિભીષણ લંકામાં જઈ વૈશ્રવણ રાજાને ઉપદ્રવ કરવા લાગ્યા. તેથી અકળાઇને વૈશ્રવણે દુતદ્વારા સુમાલી રાજાને કહેવરાવ્યું કે, પોતાની શક્તિ ન જાણતાં રાવણના નાના ભાઇઓ મનમાં શુરવીરપણાનો અભિમાન આણી કુવાના દેડકાની પેઠે મારી લંકા નગરીમાં તોફાન કરે છે. તેની આજ પર્યંત મેં ક્ષમા કરી, પરંતુ હવે હું તે ખમી શકતો નથી- માટે તેઓને સમજાવીને તમે બોલાવી લ્યો. નહીં તો અગાઉ જેવા માલીના હાલ• થયા હતા તેવાજ હાલ તેમના થશે. મારા બળથી શું તમે અજાણ્યા છો? દુતનું આવું બોલવું

સાંભળીને ત્યાં બેઠેલો રાવણ ક્રોધાયમાન થઈ કહેવા લાગ્યો કે, એ વૈશ્રવણ કોણ છે? એ કોનો સેવક છે? બીજાને ખંડણી આપે છે છતાં તે આટલો બધો ગર્વ શા ઉપર રાખે છે? બીજાએ આપેલું રાજ્ય કરતો છતાં તેને આટલી બધી મગરૂરી કરતાં લાજ નથી આવતી. તું દુત હોવાને લીધે હું તને મારતો નથી. માટે જો તને તારો જીવ વહાલો હોય તો તું અહીંથી સત્વર નાશી જા, દુતે લંકામાં જઇ એ સર્વ વૃત્તાંત વૈશ્રવણને નિવેદન કર્યું. પાછળથી રાવણ પોતાના સૈન્ય સહિત લંકા સમીપ આવ્યો. તે ખબર સાંભળીને તેની સાથે લડવા સારૂ વૈશ્રવણ પરિવાર સહિત નગરથી બહાર નિકળ્યો. બંનેની વચ્ચે પરસ્પર યુદ્ધ થતાં રાવણે વૈશ્રવણને જીતી લીધો.

યુદ્ધમાં હાર થવાથી વૈશ્રવણ વિચાર કરવા લાગ્યો કે, ઇંદ્રરાજાને હું શું મોં બતાવું? કહ્યું છે કે, જે પુરૂષ વૈરીને હાથે જીતાયો તેણે પૃથ્વી ઉપર જીવતો રહેવું એ ધિક્કાર ભરેલું છે. વળી અનેક અનર્થોને આપનારૂં આ રાજ્ય કરવામાં શો ફાયદો છે? તેથી બેહેતર છે કે, મોક્ષનું દ્વાર જે દિક્ષા, તે ગ્રહણ કરીને સદા સુખી થવું. જોકે આ કુંભકર્ણ તથા બિભીષણ મને અપકાર કરનારા હોવા છતાં આ વખતે તેઓ મારા પરમ ઉપકારી થયા. તે વિના મને આવી બુદ્ધિ કયાંથી સુજત. રાવણને પણ પરમમિત્ર જાણવો જોઇએ, કે જેથી આ વૈરાગ્ય ઉપજ્યો. એમ વિચાર કરી વૈશ્રવણે પોતાનાં શસ્ત્ર અસ્ત્રાદિક જમીન ઉપર ફેંકી દેઈ તત્વનિષ્ઠ થઈ પોતેજ પોતાના મને કરી સાધુ દીક્ષા લીધી. તે સર્વ જાણીને, રાવણ હાથ જોડી નમસ્કાર કરી તેને કહેવા લાગ્યો કે, "હે વૈશ્રવણ, તું મારો મોટો ભાઇ છે, માટે મારાથી તારો જે કાંઇ અપરાધ થયો હોય તે માફ કરી નિર્ભયપણે આ લંકાનું રાજ્ય તું કર, બીજી ઘણી પૃથ્વી પડી છે, ત્યાં જઈ હું રાજ્ય કરીશ." રાવણનાં એવાં વચનો સાંભળીને વૈશ્રવણ કાંઇ પણ ન બોલતાં મૌન ધારણ કરી તપ કરવા બેઠો અને પછી તેજ ભવમાં મોક્ષે ગયો.

વૈશ્રવણની એવી અવસ્થા જોઇને રાવણે વિચાર્યું કે, તે હવે આ સંસારને અંગીકાર કરનાર નથી. તેથી તેણે તેની આગળ હાથ જોડી નમસ્કાર કરી પોતાના અપરાધની ક્ષમા કરાવી. પછી તેનું પુષ્પક વિમાન લેઇ લંકા નગરીનું રાજ્ય કરવા લાગ્યો. એક સમયે તે વિમાનમાં બેશી સંમત્ત પર્વત ઉપર અર્હત્‌ની પ્રતિમાનાં દર્શન કરવા રાવણ ગયો હતો, ત્યાંથી વંદનાદિક કરી પાછા ફરતાં સૈન્યના કલકલાટ શબ્દની પેઠે એક વનના હાથીનો શબ્દ તેણે સાંભળ્યો. તેને જોઇને ઘણો ખુશી થતો એક દુત રાવણને કહેવા લાગ્યો કે, એ હસ્તિરત્ન આપણી સંપત્તિ યોગ્ય છે. તે હાથી કેવો છે? જેના મોટા દંતૂશળો છે, જેના પીળા નેત્રો છે, ગંડસ્થળ ઊંચુ છતાં જેમાંથી મદનો ઝરણો વહી રહ્યો છે, એ સાત હાથ ઊંચો તથા નવ હાથ લાંબો છે. એવા મદોન્મત્ત હસ્તિને વશ કરીને રાવણ તેના ઉપર બેઠો. તેનું નામ ભુવનાલંકાર રાખ્યું. પછી તેને બંધન સ્તંભે બાંધીને રાવણ ત્યાંજ રાત રહ્યો. બીજે દિવસે સવારના ઉઠીને ત્યાંજ તેણે રાજ સભા કરી, તે વખતે એક ચોપદારની સાથે મારે કરી જરજર થએલો પવનવેગ નામનો વિદ્યાધર આવી રાવણને નમસ્કાર કરી કહેવા લાગ્યો.

હે દશકંઠ, કિસ્કિંધી રાજાના આદિત્યરજ તથા ઋક્ષરજ નામના બે પુત્રોને યમ રાજાએ તેની સાથે યુદ્ધમાં હાર્યાથી બાંધીને પોતાના બંધીખાનામાં નાખ્યા છે. તેઓ પરંપરાના તારા સેવક છે, તેથી તેમને નર્કરૂપ બંધીખાનેથી છોડાવ. સેવકના શલ્ય માટે સ્વામીએ શોચ કરવો યોગ્ય છે. એ હકીકત સાંભળી કોપાયમાન થઈ રાવણ બોલ્યો કે, હે પવનવેગ, મારા સેવકોને દુઃખ દેવાનું ફળ તે યમ હમણાંજ પામશે. એમ કહી પુષ્પક વિમાનમાં બેશી પોતાના સૈન્ય સહિત રાવણ કિસ્કિંધા નગરીમાં આવ્યો. ત્યાં મહા ભયંકર જીવને પીડા દેનાર સાત નરકો જોઇને પરમ ધાર્મીક રાવણને ઘણો ક્રોધ ચડયો તેથી તેના કેટલાએક રક્ષકોને મારીને પોતાના સેવકો તથા બીજા સર્વેને છોડી મુકયા. આ વાતની ખબર પડતાંજ

રાવણુની સાથે યુદ્ધ કરવા સારૂ યમ પોતાના સૈન્ય સહિત મહા ક્રોધાવેશે રક્ત નેત્ર કરી નગરથી બહાર નિકળ્યો. બંનેની પરસ્પર લડાઈ થઈ તેમાં હાથીની સામે હાથી, ઘોડાની સામે ઘોડા, રથની સામે રથ, પાળાની સામે પાળા, એમ એક બીજાની યોગ્યતા મુજબ લડવા લાગ્યા. યમ રાજાએ સુંઢાડંડ જેવો મોટો ડંડ રાવણુ ઉપર નાંખ્યો, તેના રાવણે પોતાના બાણુ વડે કટકે કટકા કરી નાખ્યા. યમે બાણોનો વરસાદ કરી રાવણને ઢાંકી દીધો ત્યારે રાવણે પણુ તેમજ કર્યું. યમે ઘણા ઉપાયો યોજ્યા પણુ તે ફાવ્યો નહીં, અને રાવણુના બાણુથી પીડા પામતો ત્યાંથી નાશીને રથનૂપુર નગરમાં ઈંદ્ર રાજાની પાસે આવ્યો. ઈંદ્રને યથાયોગ્ય નમસ્કાર કરીને તે બોલ્યો કે, હે સ્વામિન્! તમારો આપેલો યમપણાનો અધિકાર મારે જોઇતો નથી. હાલમાં એક રાવણુ નામનો રાજા યમનો પણુ યમ પેદા થયો છે. તેની સામે કોઇનું પણુ ચાલતું નથી. તેણે મારા નગરમાં આવી નરકના રક્ષકોને મારી ત્યાંના સર્વ પ્રાણી માત્રને છોડી મુકયા. તેની સાથે યુદ્ધ કરતાં જેમ તેમ જીવ લઇને હું અહીં નાશી આવ્યો છું. તેણે વૈશ્રવણુને જીતીને લંકા નગરી તથા પુષ્પક વિમાન લેઇ ત્યાંનુ રાજ્ય પોતાના સ્વાધીન કર્યું છે. આ બધું સાંભળીને મહા ક્રોધાયમાન થઈ, ઇંદ્રરાજા પોતાનું લશ્કર લેઈ રાવણુની સાથે યુદ્ધ કરવા જવાને નગરથી બહાર નિકળ્યો. ત્યારે તેના શાણા પ્રધાનોએ તેને કીધું કે, રાવણુ મહા બળવાન છે, તેની સાથે યુદ્ધ કરવાથી આપણે બીલકુલ ફાવી શકવાના નથી. પ્રધાનોનું આવું બોલવું સાંભળીને ઈંદ્ર રાજા યુદ્ધ કરવા જવાનું માંડી વાળી, યમ રાજાને સુરસંગીતક નામનું નગર આપી પોતાના નગરમાં પાછો આવ્યો. રાવણુ આદિત્યરજને કિસ્કિંધાનું તથા ઋક્ષરજને ઋક્ષપુરનું રાજ્ય આપી પોતાના ભાઇઓ સમેત લંકામાં આવી પોતાના વડીલોનું સંપાદન કરેલું રાજ્ય કરવા લાગ્યો.

આદિત્યરજની સ્ત્રી ઇંદુમાલિનીના ઉદરથી એક વાલી નામનો મહા બળવાન પુત્ર પેદા થયો. તે દરરોજ ચારે સ-

મુદ્રની પ્રદક્ષિણા કરીને ચૈત્યોની વંદના કરવા લાગ્યો. તથા બીજો સુગ્રીવ નામનો પુત્ર તથા શ્રીપ્રભા નામની એક કન્યા તેને થઇ. કેટલાક કાળ પછી આદિત્યરજ રાજાએ પોતાના વાલી નામના પુત્રને મહા પરાક્રમી તથા બળવાન જાણીને પોતાનું રાજ્ય આપ્યું અને પોતે દીક્ષા લઈ તપ કરી મોક્ષે ગયા. વાલીએ પોતાના નાના ભાઇ સુગ્રીવને ન્યાયવંત તથા પરાક્રમી જાણી યુવરાજ ઠરાવી પોતે રાજ્ય કરવા લાગ્યો.

ઋક્ષરજ રાજાની સ્ત્રી હરિકાંતાના ઉદરથી નલ તથા નીલ નામના બે પુત્ર પેદા થયા.

એક વખત ચૈત્ય વંદના કરવા સારૂ મંદોદરીને સાથે લેઈ હાથી ઉપર બેસીને રાવણ મેરૂ પર્વત ઉપર ગયો હતો. તે તકનો લાભ લેઇ દુષણ નામના વિદ્યાધરની સ્ત્રી મેઘપ્રભાના પેટે પેદા થયેલો ખર નામે વિદ્યાધર રાવણની બેન ચંદ્રનખા (સુર્પનખા) નું હરણ કરીને પાતાલલંકામાં ગયો. ત્યાં ચંદ્રોદર નામે આદિત્યરજનો પુત્ર રાજ્ય કરતો હતો તેને ઉઠાડી મુકી પોતે રાજ્ય કરવા લાગ્યો. આ વૃત્તાંત સાંભળીને રાવણ મહા કોપાયમાન થઈ, ખર વિદ્યાધરને મારવા માટે જવાની તૈયારી કરવા લાગ્યો. તે વખતે મંદોદરી તેને કહેવા લાગી કે, હે પતિ! આ અનુકુળ વખતે ક્રોધ કેવો? એ કન્યા કોઇને પણ આપવાની તો હતીજ. ત્યારે તે પોતાની રાજી ખુશીથી પરણી તેમાં શું અયોગ્ય છે? દુષણનો પુત્ર ખર વિદ્યાધર મહા પરાક્રમી, ચંદ્રનખાને યોગ્ય વર છે. તેથી પ્રધાનો વિગેરેને મોકલી સલાહ સંપથી તેના લગ્ન કરી દેવાથી કીર્ત્તિ થશે. અને પાતાલ લંકાનું રાજ્ય પણ તેનેજ કરવા દો. એવાં મંદોદરીનાં નીતિનાં વચનો સાંભળીને રાવણ વિચાર કરે છે, એટલામાં કુંભકર્ણ તથા બિભીષણે પણ કહ્યું કે, એ કામને માટે દ્વેષ ન કરવો એજ સારૂં છે. પછી રાવણે મય તથા મારીચ નામે બે વિદ્યાધરોને ખર વિદ્યાધરની પાસે મોકલી ચંદ્રનખાને પરણાવીને પહેરામણીમાં પાતાલલંકાનું રાજ્ય આપ્યું. તે સર્વ માન્ય કરીને ખર વિદ્યાધર સ્ત્રી સહિત ત્યાં સુખભોગ ભોગવવા લાગ્યો.

ખર વિદ્યાધરે પાતાલલંકામાંથી ચંદ્રોદરને કહાડી મુકયા પછી તે વનમાં જઇ તપ કરી મરણ પામ્યો. તેની સ્ત્રી અનુરાધા તેની સાથે વનમાં ગઈ હતી, તે ગર્ભવતી હોવાથી તેણીને પૂરે માસે સિંહ સમાન નયાદિ ગુણવાળો વિરાધ નામે પુત્ર જન્મ્યો. તે યુવાવસ્થામાં આવતાં સર્વ કળા શિખી નિર્ભય પણે પૃથ્વીપર વિચરવા લાગ્યો.

એક વખત લંકામાં રાવણની સમક્ષ કોઈ કથાના પ્રસંગે વાલી રાજાના પરાક્રમની વાત થઈ. તે તેનાથી સહન ન થવાથી તેણે વાલી રાજા પાસે દુત મોકલ્યો. તેણે જઇ વાલી રાજાને નમસ્કાર કરી કહ્યું કે, હું રાવણનો દુત છું, તેણે મને તમોને જે કાંઈ કહેવાને મોકલ્યો છે તે હું કહું છું, તે સાંભળોઃ—"અમારા પૂર્વજ કિર્ત્તિધવલ રાજાએ શત્રુના ભયથી રક્ષણ કરીને તમારા પૂર્વજ શ્રીકંઠને અતિ સ્નેહ સાથે વાનર દ્વીપનું રાજ્ય સોપ્યું, ત્યારથી આમરા તમારા બંને પક્ષો વિષે પરમ સ્નેહ થયેલો છે અને તેજ દિવસથી તમારો તથા અમારો સેવ્ય સેવક ભાવ છે, માટે તું અમારી જેમ બને તેમ સેવા કર. એમ કરવું એ આપણ બંનેને યોગ્ય છે." દુતનાં આવા વચનો સાંભળીને વાલી રાજા ઘણો ક્રોધાયમાન થયો. પરંતુ તે મનમાંજ રાખીને તેને કહેવા લાગ્યો કે, "રાક્ષસ કુળ તથા વાનર કુળનો પરંપરાનો સંબંધ છે, એ વાત ખરી છે અને તે હજી સુધી પણ ચાલ્યો આવે છે. સંપત્તિ તથા વિપત્તિના વખતે પરસ્પર એક બીજાને સાહાય્ય કરવી તે સ્નેહનુંજ કારણ છે, પણ સેવ્ય સેવક ભાવ નથી. સેવ્ય સેવક ભાવરૂપ સંબંધ તો દેવ, ગુરૂ તથા સાધુ વિગેરેમાંજ હોય છે, બીજે ઠેકાણે એવું કહેવું તે વ્યર્થ છે. કોણ જાણે કે કેવા ભ્રમથી તારો સ્વામી એવો બકવાદ કરે છે ! માટે હે દુત, તું જઇને તેને કહેજે કે, વાનર કુળ સેવક, અને રાક્ષસ કુળ સેવ્ય છે, એવું સ્વપ્નમાં પણ ન જાણવું, એવા ખોટા તર્કથી આપણો પરંપરાનો સ્નેહ તોડવાને તું તત્પર ન થા. તેમ છતાં જો નહીં માને તો તેનું કર્યું તે ભોગવશે. પણ હરેક કાર્ય કરતાં પહેલાં

પોતાની શક્તિનો વિચાર કરવો એજ ઊચિત છે. વળી હે દુત ! મારા ઉપર અપવાદ આવે તેથી હું તેના સામે થવાનો નથી, પણ જો તે મારૂં કાંઇ નરસું કરશે તો ફક્ત હું તેનો પ્રતિકાર કરીશ. સ્નેહ તોડવાની પહેલ હું કદી પણ કરનાર નથી. તારો સ્વામી પોતાની શક્તિ વિચારીને તેને બેશક જે કાંઈ કરવું હોય તે કરે. હવે તું પાછો જા."

એવાં વાલી રાજાના વચનો સાંભળીને દુતે લંકામાં જઈ રાવણને સર્વ વૃત્તાંત વિદિત કર્યું. તે સાંભળીને કોપાયમાન થઈ, સર્વ સૈન્ય લેઈ, પુષ્પક વિમાનમાં બેશી, યુદ્ધ કરવા માટે રાવણ કિસ્કિંધા નગરી સમીપ આવ્યો. વાલી રાજાએ તે વાત જાણી તેથી તે પણ સૈન્ય સજી નગર બહાર નિકળ્યો. પરસ્પર યુદ્ધ થતાં બંને લશ્કરો એક બીજાના અંગ ઉપર મોટા ઝાડો ઉપાડીને ફેંકવા લાગ્યા. જેમાં ઘણા પ્રાણીઓનો ઘાણ વળી ગયો. તે જોઇ વાલી રાજા રાવણને કહેવા લાગ્યો કે, હે દશકંઠ, તું મોટો બાહુ પરાક્રમી છે તે હું જાણું છું, પણ શ્રાવક છતાં નિર્દય થવું યોગ્ય નથી. યુદ્ધમાં ઘણા જીવો મરે છે તેથી નર્કની પ્રાપ્તી થશે. માટે સૈન્યની લડાઈ બંધ કરીને આપણ બંને પરસ્પર લડીયે એ યોગ્ય છે. એવું સાંભળીને સર્વ ધર્મને સમજવા વાળો તથા સર્વ યુદ્ધમાં નિપુણ એવો રાવણ વાલીની સાથે દ્વંદ્વ યુદ્ધ કરવા લાગ્યો. પરસ્પર એક બીજાનાં શસ્ત્ર તથા અસ્ત્ર લીલામાત્રમાં તોડી નાંખવા લાગ્યા. એ પ્રમાણે દારૂણ યુધ્ધ ચાલતાં રાવણના સર્વ હથીયારો નિષ્ફળ ગયાં ત્યારે તે મહા ક્રોધમાં આવી ચંદ્રહાસ ખડગ લેઈ વાલીને મારવા દોડ્યો. તે વખતે તેને વાલીએ મૂળ સહિત ઝાડ ઉખેડે તેમ ઉપાડી કાખમાં ઘાલી ક્ષણ વારમાં ચાર સમુદ્ર ફેરવી લાવી જમીન ઉપર ફેંકી દીધો. તેથી રાવણ શરમીંદો પડી ગયો. તે જોઇ વાલી તેને કહેવા લાગ્યો કે, હે દશકંઠ, સર્વ ભાવના જાણ ત્રૈલોક્ય પૂજ્ય શ્રી વિતરાગ દેવ શિવાય જગતમાં મારે કોઈ નમસ્કાર કરવા યોગ્ય નથી. તેં ગર્વ કર્યો તેથી તારી આવી અવસ્થા થઇ. મેં તારા પૂર્વના ઉપકારો યાદ

કરી તને મુકી દીધો હતો. સર્વ પૃથ્વીના રાજાઓને હું જીતનારો છતાં એક કોરે બેશી રહીને તને સર્વ સોંપી દીધું હતું, નહીં તો આટલી બધી હકુમત તને કયાંથી મળત? જે વનમાં સિંહ નિવાસ કરે છે તે વનમાં હાથી શું રહી શકશે કે? તેમ તું પણ આંહીં રહી શકત નહીં. પરંતુ મને ઘણા રાજ્યની ઈચ્છા નથી તેથી તું નિઃશંક પણે રાજ્ય કર. હું હવે દીક્ષા ગ્રહણ કરીશ, અને મારો લઘુ બાંધવ સુગ્રીવ કિસ્કિંધાનું રાજ્ય કરશે. તે તારી આજ્ઞા માનશે, તેની તું ખબર લેતો રહેજે.

વાલી રાજાએ ઉપર પ્રમાણે કહી સુગ્રિવને રાજ્ય સોંપી ગગનચંદ્ર નામના મુનિ પાસે દીક્ષા લીધી. કેટલોક કાળ તપ કરી વિચરતાં વાલી મુનિને અણિમા નામની લબ્ધિ (સિદ્ધિ) મળી. ત્યારપછી તે અષ્ટાપદ પર્વત ઉપર જઈને દેહોત્સર્ગી કાઉસગ્ગ ધ્યાન કરવા લાગ્યા. એકેક માસના ઉપવાસે પારણું કરવું, એવું તે પોતાના શરીરને કષ્ટ દેવા લાગ્યા.

કિસ્કિંધા નગરીમાં સુગ્રીવ રાજાએ પોતાની શ્રીપ્રભા નામની બેનને રાવણ સાથે પરણાવી, અને ચંદ્રહાસ નામના વાલી રાજાના મહા પરાક્રમી પુત્રને યુવરાજ પદવી આપી. શ્રીપ્રભાને લેઈને રાવણ લંકામાં ગયો. ત્યારપછી તેણે કેટલાએક વિદ્યાધરોની કન્યાઓ સાથે લગ્ન કરયાં. એક વખત નિત્યાલોક નગરના રાજા નિત્યાલોકની કન્યા રત્નાવળીને પરણવા સારૂ રાવણને જતાં રસ્તામાં અષ્ટાપદ પર્વત ઉપર તેનું વિમાન અડકયું. તેથી તે ક્રોધમાં આવી નીચે ઉતર્યો તો ત્યાં વાલી મુનિને કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા રહેલા દીઠા. તેથી તે કહેવા લાગ્યો કે, હે મુનિ, હજી સુધી પણ તેં કપટ મુકયું નથી કે? આ તપ કરતાં કપટ કેવું? પણ કાંઈ ચિંતા નહીં, હવે તું મારી ભુજાનું બળ જોજે. તેં જે આ કાર્ય કર્યું તેનો બદલો તને આજ મળશે. અગાઉ તેં મને મારા ખડગ સહિત કાખમાં ઘાલી સમુદ્રો ફેરવી આવી ફેંકી દીધો હતો, તેવીજ રીતે તને આ પર્વત સહિત ઉપાડીને ક્ષાર સમુદ્રમાં નાંખી દેઉં તોજ હું

રાવણ ખરો! એમ કહીને તે પર્વતના તળે જમીન ખોદીને તેમાં પેસી હજાર વિદ્યાનું સ્મરણ કરીને હાથે વતી તે પર્વતને ઉપાડવા લાગ્યો. તે વખતે મોટા દારૂણ શબ્દો થવા લાગ્યા. તે સાંભળીને તથા રાવણ આ પર્વત ઉપાડે છે એમ જાણીને વાલી મુની તેને કહેવા લાગ્યા. હે દુર્મતિ રાવણ! "હજી સુધી તને અક્કલ નથી આવી કે? આ દુષ્ટ કર્મ કરીને તને શો ફાયદો થવાનો હતો? નાહક અનેક પ્રાણીઓનો નાશ શા સારૂ કરવો જોઇએ?"

વાલી મુની ઉપર પ્રમાણે રાવણને કહી વિચાર કરે છે કે, આ પર્વત ઉપાડવાથી ભરતેશ્વરે કરાવેલાં અતિ ઉત્કૃષ્ટ તીર્થના ચૈત્યનો નાશ થવા વિષેનો પણ એ કાંઇજ વિચાર કરતો નથી. મેં તો સર્વસંગ મૂકી દેઈ રાગ દ્વેષનો ત્યાગ કરેલો છે. આ શરીર વિષે મારી નિસ્પૃહતા છે, તોપણ ચૈત્યની તથા બીજા પ્રાણીઓની રક્ષા કરવા સારૂ, રાગ દ્વેષ ધારણ કર્યા વિના એને થોડી પણ શિક્ષા કરવી જોઇએ. એમ ધારી વાલી મુનિએ પોતાના પગના અંગુઠાવડે તે પર્વતને કિંચિત્ દાબ્યો. તેથી કાચબો જેમ પોતાનું અંગ સંકોચે તેમ રાવણ બચવા માટે પોતાનું અંગ સંકોચવા લાગ્યો. ભારના યોગે તેના મુખમાંથી લોહી નિકળવા માંડયું, તેથી તે મોટેથી બુમ (રવ) મારવા લાગ્યો. તે દિવસથી તે રાવણ કહેવાયો. પછી તેના દીન વચનો સાંભળીને વાલી મુનિએ થોડીક શિક્ષા કરી તેને છૂટો કર્યો. રાવણ નિસ્તેજ થઈ ત્યાંથી નિકળી પશ્ચાતાપ કરતો વાલી મુનિ પાસે આવી હાથ જોડી નમસ્કાર કરી કહેવા લાગ્યો કે, "હે મહામુનિ, મેં વારંવાર આપના અપરાધ કર્યા તેની આપે મને ક્ષમા કરી, તેથી હું આપનો મોટો આભારી થયો છું. હવે કદી પણ હું આપનો અપરાધ કરનાર નથી. વળી આંજ મારો પ્રાણ બચાવ્યો તેથી તમે મારા પિતારૂપ છો. હવે કોઇપણ વખત હું આવું નિષ્ઠુર કર્મ કરીશ નહી." એમ કહી ત્રણ પ્રદક્ષિણા કરીને રાવણે વાલી મુનિને નમસ્કાર કર્યો.

વાલી મુનિનું આવું મહાત્મ્ય જોઇને આકાશમાં દેવતાઓએ "સાધુ, સાધુ" શબ્દો ઉચારી તેમના ઉપર ફુલોની વૃષ્ટિ કરી.

પછી રાવણ વાલી મુનિને વંદના નમસ્કાર કરીને અષ્ટાપદ ઉપર ભરત રાજાએ બંધાવેલાં ચૈત્ય જુહારવા ગયો. ત્યાં પોતાના ખડગાદિક સર્વ હથીયારો મુકીને, દેવ જુહારી, પોતાની સ્ત્રીઓ સહિત ઋષભાદિક જિનેશ્વરની અષ્ટ પ્રકારે પૂજા કરી વીણા વગાડવા લાગ્યો. ખરેખરો રંગ જામતાં વીણાનો તાર તુટયો, તે વખતે રાવણે પોતાના હાથમાંથી એક નાડી કહાડી તેમાં જોડી દેઈ પ્રથમની પેઠેજ વગાડવા માંડી. મૂર્છના સહિત, શુદ્ધ ગ્રામમાં આણીને આલાપ સલાપ સાથે તે એવી મધુરતાથી ગાવા લાગ્યો કે, ત્યાંના સર્વ લોક છક થઈ ગયા. તેમજ તેની સ્ત્રીઓ પણ નૃત્ય કરતી કોકીલ કંઠે ગાયન કરતી હતી તેથી સર્વજન આનંદિત થયા.

તે વખતે નાગરાજ ધરણેંદ્ર દેવ જુહારવા ત્યાં આવ્યો હતો. તે રાવણની ભક્તિ જોઇને ખુશી થઈ તેને કહેવા લાગ્યો કે, હે દશકંધર, તેં એવું મધુર ગાયન કર્યું કે જેને બીજી કાંઇપણ ઉપમા આપી શકાય તેમ નથી. વળી તેમાં શ્રી અર્હત્ પરમાત્માના ગુણોનું વર્ણન છે, તેથી તે વિશેષ સ્તુતિપાત્ર છે. તારી શ્રી અર્હત્ વિષે ઘણી ભક્તિ જોઈને હું તારા પ્રત્યે પ્રસન્ન થયો છું. જો કે તેં શ્રી વિતરાગ દેવના ગુણોનું સ્તવન કર્યું, તેનું ફળ તો મોક્ષજ છે, તોપણ હજી તારી વાસના ગઈ નથી તેથી તું મારી પાસે કાંઇક માંગ. તે સાંભળી રાવણ બોલ્યો કે, હે નાગેંદ્ર! આ દેવાધિદેવના ગુણોનું સ્તવન કર્યાથી તું ખુશી થયો માટે તને ધન્ય છે. શ્રી અર્હત્ પરમાત્મા વિષે એવો ભાવ રાખવો તે યોગ્યજ છે. વળી હે નાગરાજ, મને આપનારો જે તું, તેની ભગવંતને વિશે પૂર્ણ ભક્તિ છે, તેમજ લેનારની પણ તેવીજ ભક્તિ હોવાથી વિશેષ આનંદ થયો છે, તેજ બસ છે. રાવણનાં એવાં યુક્તિનાં વચનો સાંભળીને નાગેંદ્રે કીધું કે, હે રાવણ! તેં ઘણું સારૂં કહ્યું. તું ઇચ્છા રહિત હોવાથી હું રાજી થયો છું, તોપણ મારૂં વચન વ્યર્થ ન થાય,

એમ જણાવીને અમોઘવિજયા નામની વિદ્યાશક્તિ રાવણને આપી તે પોતાને સ્થાનકે ગયો. રાવણ પણ ચૈત્યવંદન કરીને ત્યાંથી નિકળી, નિત્યાલોક નગરમાં જઈ રત્નાવળી સાથે લગ્ન કરી લંકામાં ગયો. વાલી મુનિ પણ કાળેકરી સુરાસુરને અપ્રાપ્ય એવું કેવળજ્ઞાન પામી, જન્મ મરણ દેનારા કર્મોનો નાશ કરીને સિદ્ધાનંત ચતુષ્પદ રૂપ મોક્ષે ગયા.

વૈતાઢ્ય પર્વત ઉપર જ્યોતિષપુર નામના નગરમાં તારા નામની જ્વલનસિંહ નામે વિદ્યાધર રાજાની શ્રીમતી સ્ત્રીને પેટે પેદા થએલી એક કન્યા હતી. તેને જોઇને મોહિત થઈ ચક્રાંક વિદ્યાધરના પુત્ર સાહસગતિએ તેના પિતા પાસે દુત મોકલી તેની માંગણી કરી તથા વાલીના ભાઈ સુગ્રીવ રાજાએ પણ તે કન્યાનું માંગુ કર્યું. તેથી જ્વલનસિંહે જ્યોતિષીને પૂછયું કે, સાહસગતિ તથા સુગ્રીવ એ બંને જણા પરાક્રમી તથા રૂપવાન છે માટે તેમાંથી મારી કન્યા કોને આપું ? જ્યોતિષીએ કહ્યું કે, સાહસગતિનું આયુષ્ય થોડું છે અને સુગ્રીવનું ઘણું છે. હવે તમારી મરજીમાં આવે તેને કન્યા દ્યો. તે સાંભળી જ્વલનસિંહે પોતાની કન્યા સુગ્રીવને પરણાવી. સાહસગતિ એ વાત જાણીને દિવસે દિવસે સુકાવા લાગ્યો, અને ભૂતના આવેશે કરી જેમ કોઈ પુરૂષ બકે તેમ તે બકવા લાગ્યો કે, હે તારા ! હું તારૂં મુખ કયારે ચુંબન કરીશ ? તારા કુંભ જેવા સ્તનોને હું મારા આ હાથ વડે કયારે ગ્રહણ કરીશ ? આ મારી ભુજાઓ વડે હું તને કયારે આલિંગન દઇશ ? અને તારા અરૂણ વર્ણના હોઠની સાથે મારા હોઠ હું કયારે મેળાવીશ ? અરે ! એ તરૂણી નવયૌવન સ્ત્રીનું હરેક પ્રકારના છળે કરીને પણ હું હરણ કરીશ. એવા બકવા કરતો સાહસગતિ રૂપ ફેરવનારી વિદ્યા મેળવવાનું ચિંતવન કરીને હિમવાન પર્વત ઉપર જઈ સેમુખી નામની વિદ્યા સાધવાને એક ગુફામાં બેઠો.

આંહી લંકામાંથી પૃથ્વી દિગ્વિજય કરવા સારૂ રાવણ નિકળ્યો, તે જેમ પૂર્વ દીશાથી નિકળતો સૂર્ય શોભે છે તેમ શોભવા લાગ્યો. તે ફરતાં ફરતાં દ્વીપાંતરોમાં રહેનારા સર્વ

વિદ્યાધર રાજાઓ, તેઓના દેશો તથા કેટલીએક જમીન પોતાના સ્વાધીન કરીને પાતાલલંકામાં આવ્યો. ત્યાંથી તે ઇંદ્રરાજાને જીતવા સારૂ ખરદુષણ તથા સુગ્રીવાદિક સૈન્ય સાથે લેઇને ચાલ્યો. રસ્તામાં જતાં રેવા નદી આવી, તેના કીનારા ઉપર પડાવ રાખી, રેવામાં સ્નાન કરી પુષ્પાદિકે જિનેશ્વર ભગવાનની પૂજા કરવા માંડી. તે વખતે રેવા નદીમાં પૂર આવવાથી પૂજાની સર્વ સામગ્રી તણાઈ ગઇ, તેથી જાણે કોઇએ પોતાનું માથું કાપી લીધું હોયની! એવું રાવણને લાગ્યું. પછી તે ઘણો ક્રોધાયમાન થઈ દ્વેષ સહિત બોલવા લાગ્યો કે, અરે! આ નદીના પાણી, આજે આવા સમયે આટલું બધું તને કોણે વધાર્યું છે? મારી જિનેશ્વર ભગવાનની પૂજા કરવાની સામગ્રીનો કયા દુષ્ટે નાશ કર્યો? કોઇ દેવતા છે કે માણસ છે? કોઇ રાક્ષસ છે કે વાનર છે? (પોતાના યોદ્ધાના સામે જોઇને) જે હોય તેને બાંધી લાવો. તે વખતે એક વિદ્યાધરે આવી તેને કહ્યું કે, હે સ્વામિન્, સહસ્રાંશુ નામે ઘણો પરાક્રમી તથા હજારો રાજા જેના તાબામાં છે એવો માહિષ્મતિ નગરીનો રાજા આ રેવા નદીને સેતુ બાંધીને તેમાં પોતાની સ્ત્રીઓ સહિત જળક્રીડા કરે છે. તેણે પોતાના રક્ષણાર્થે નદીના બંને તટો ઉપર હથીયારો સહિત કેટલાક યોદ્ધાઓ ઉભા રાખ્યા છે. તે સેતુ બંધના યોગે કરીને નદીનું પાણી વધ્યું છે અને પૂજામાં વિઘ્ન થવાનું કારણ પણ તેજ છે. તેની સ્ત્રીઓના વાપરેલાં ફુલો આ પાણીમાં તરતાં દેખાય છે. અને તેઓનાં અંગ ઉપર લગાડેલાં કસ્તુરી આદિકનાં વિલેપનો ધોવાઇ ગયાથી નદીનું પાણી ડોળાઈ ગયું છે. એવું સાંભળીને ક્રોધાવેશે પોતાના સુભટોને બોલાવીને રાવણે કહ્યું કે, હે યોદ્ધાઓ! જેમ કાજળના યોગે સફેદ કપડાને દુષણ લાગે છે, તેમ આ મરણને શરણ જનારા રાજાના અંગવડે દુષિત થએલા પાણીથી મારી દેવપૂજા નિષ્ફળ નિવડી. માટે તમે ત્યાં જઇને, સહસ્રાંશુના શુર: વીરપણું માનનારા સુભટોને મુસકેટાટ બાંધી મારી પાસે લાવો. રાવણની આજ્ઞા થતાંજ તેના કેટલાક રાક્ષસ યોદ્ધાઓ ઝડ-

પછી જઇને રેવા નદીના તટ ઉપર રહેલા સહસ્રાંશુના સૈન્ય સાથે યુદ્ધ કરવા મચી ગયા. તે જાણે, એક વનના હાથીઓ ઉપર બીજા વનના હાથીઓ પડયા હોયની! રાવણના યોદ્ધાઓ આકાશમાં રહીને પૃથ્વીપર રહેલા સહસ્રાંશુના યોદ્ધાઓને મહા દુઃખ દેવા લાગ્યા. એ વાત જાણીને ક્રોધે કરી જેના હાથ ધ્રુજી રહ્યા છે, એવો સહસ્રાંશુ રાજા ધ્વજા ધરીને પોતાના સેનાની-ઓને ધૈર્ય દેવા લાગ્યો, પછી જેમ સુર નદીમાંથી ઇંદ્રનો ઐરાવત હાથી નિકળે, તેમ રેવા નદીમાંથી સહસ્રાંશુ રાજા બહાર નિકળ્યો. કિનારે આવીને ધનુષ્ય તૈયાર કરી, વાયુ જેમ રૂને ઉડાવે, તેમ તે બાણે કરીને આકાશમાં રહેલા રાક્ષસોને ઉડાવવા લાગ્યો. તેથી ત્રાસ પામીને સર્વે રાક્ષસો નાશી ગયા. એ વાતની ખબર પડતાંજ રાવણ ત્યાં જઇને સહસ્રાંશુ ઉપર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો. એક બીજાને સહન ન કરનારા એવા મહા બળવાન અને અતિ ગંભીર રાવણ તથા સહસ્રાંશુનું કેટલીક વાર સુધી યુદ્ધ થયું. પછી રાવણે વિચાર્યું કે, આ સહસ્રાંશુ રાજા કેવળ બાહુ બળે કરી જીતાવાનો નથી. તેથી તેણે વિદ્યા ફેરવીને સહસ્રાંશુને મોહિત કરી જેમ કોઇ હાથીને બાંધે તેમ બાંધી લીધો. છતાં તેનું શુરવીરપણું જોઇને તે પોતાના મનમાં કહેવા લાગ્યો કે, જો કે મેં તેને બાંધ્યો તો ખરો, તોપણ તે અજીત છે, એમાં સંશય નથી. પછી તેને પોતાના સૈન્યમાં લેઇ ગયો. ત્યાર પછી મનમાં રાજી થતો રાવણ સભામાં સિંહાસન ઉપર બેસે છે, એટલામાં ત્યાં એક શતબાહુ નામનો ચારણ મુનિ આવ્યો. તેને જોતાંજ રાવણે ઉઠીને શીશ નમાવી, આ અર્હત્‌ગણોમાં ઉત્તમ પુરૂષ છે, એમ જાણીને, તેને યોગ્ય આસન ઉપર બેસાડી નમસ્કાર કરી પોતે જમીન ઉપર બેઠો. પછી સાક્ષાત્‌ મુર્તિમાન વિશ્વાસરૂપ, જગ-તને આશ્વાસન દેવાવાળા તે મુનિએ રાવણને ધર્મ લાભ દીધો. ત્યારે બે હાથ જોડી રાવણે મુનિને પૂછયું કે, મહારાજ! આપનું આહીં પધારવું કેમ થયું છે? મુની બોલ્યાઃ—"હે રાવણ! હું માહિષ્મતિ નગરીનો શતબાહુ નામે રાજા હતો, ત્યાં કેટલોક

કાળ રાજ્ય કરી, અસાર સંસાર જાણી મારા સહસ્રાંશુ નામના પુત્રને રાજ્ય સોંપી મોક્ષ માર્ગે જવાના ભાતા રૂપ આ મુનિ વ્રત મેં લીધું છે." એ સાંભળી પોતાનું માથું હલાવી રાવણ બોલ્યો કે, હે પુજ્યપાદ, એ તમારો પુત્ર છે કે? મુનિએ કહ્યું, હા. ફરીથી રાવણ બોલ્યોઃ- હે મુનીંદ્ર! હું પૃથ્વી દિગ્વિજય કરતો આ નદીના તટ ઉપર પડાવ કરી, પરમાત્માની પૂજા કરવા બેઠો. એટલામાં આ તમારા પુત્રે સ્નાને કરી ડોળેલા પાણીનું પુર આવ્યાથી મારી પજાની સામગ્રી બગડીને તણાઇ ગઇ. તેથી ક્રોધાવેશે તેની સાથે યુદ્ધ કરી હું તેને બાંધી લાવ્યો છું. પણ હવે મને એમ સમજાય છે કે, તેણે તે અજ્ઞાનતાથી કર્યું છે. તમારો એ મહાત્મા પુત્ર જિનેશ્વરની પૂજાનો ભંગ ન જ કરે. એમ બોલી, રાવણે સહસ્રાંશુને ત્યાં બોલાવી લીધો. લજ્જા પામતો સહસ્રાંશુ સભામાં આવી માંથુ નીચું ઘાલીને પોતાના પિતા મુનીંદ્રને નમસ્કાર કરવા લાગ્યો. તે જોઇને રાવણે કીધું કે, હે સહસ્રાંશુ, તું શા સારૂ લજવાય છે? આજથી તું મારો ભાઈ છે. આ શતબાહુ મુનીશ્વર જેવો તારો પિતા છે, તેવોજ હું મારો સમજું છું. હવે તું અહીંથી જલદી જઇને તારૂં રાજ્ય નિર્ભયપણે કર. બીજી પણ કેટલીએક પૃથ્વી હું તને આપું છું, તે લેઇને અમને ત્રણે જણાને તું પોતાના ભાઈની પેઠે સમજ. એમ કહીને તેને મૂકી દીધો. ત્યારે તે રાવણને કહેવા લાગ્યો કે, આ રાજ મારે શા સારૂ જોઇએ? મારે તો આ શરીરનો પણ ખપ નથી. જે વ્રત મારા પૂજ્ય પિતાએ ગ્રહણ કર્યું છે, તે આ સંસારરૂપ સમુદ્રમાંથી તારનાર છે. તેનોજ આશ્રય લીધો કામે આવશે. માટે આજથી મેં પણ એજ માર્ગ ગ્રહણ કર્યો. જેને મોક્ષની ઇચ્છા છે તેને એ શિવાય બીજો કોઈપણ ઉપાય નથી. એમ કહીને તેણે પોતાના પિતા પાસે દીક્ષા લીધી, અને પોતાના અજરેંદ્ર (અનરણ્ય) નામના મિત્રને પોતે દીક્ષા લીધાની હકિકત એક ચાકર સાથે કહાવી મોકલી. તે સાંભળી અજરેંદ્ર મનમાં વિચાર કરવા લાગ્યો કે, મેં તથા સહસ્રાંશુએ પ્રથમ સલાહ કરી

હતી કે આપણે બંને સાથે દીક્ષા લેઇશું. તેથી તે પ્રતિજ્ઞા આ જે પૂર્ણ કરવી જોઇએ. પછી તેણે પણ પોતાના દશરથ નામના પુત્રને રાજ્ય આપી મુનિવ્રત ગ્રહણ કર્યું. ત્યાર પછી રાવણશતબાહુ તથા સહસ્રાંશુને નમસ્કાર કરીને સહસ્રાંશુના પુત્રને રાજ્ય ગાદી ઉપર બેસાડી વિમાનમાં બેશી આકાશ માર્ગે ચાલતો થયો.

તદનંતર લાકડીઓના મારે કરી પીડાતો નારદ મુનિ રાવણ પાસે આવી કહેવા લાગ્યો કે, અન્યાય છે! અન્યાય છે! હે રાજા, રાજપુર નામના નગરમાં મરૂત્ નામે મિથ્યા દૃષિ રાજા છે; તેણે બ્રાહ્મણોના બોલવા ઉપર વિશ્વાસ રાખીને યજ્ઞનો આરંભ કરી તેમાં હોમવા સારૂ પશુઓ લાવી બાંધ્યા છતાં તે મોટી બુમો પાડતા હતા. તે સાંભળીને મને દયા આવ્યાથી હું આકાશથી નીચે ઉતર્યો. અને ત્યાં જઈ તે રાજા તથા બ્રાહ્મણોને પૂછ્યું કે, આ તમે શું કરો છો? ત્યારે મરૂત્ રાજાએ જવાબ દીધો કે, આ બ્રાહ્મણે બતાવેલા યજ્ઞનો મેં આરંભ કર્યો છે. તેમાં દેવતાઓને તૃપ્ત કરવા સારૂ પશુઓને હોમવા એ યોગ્ય છે. સ્વર્ગે જવા વાસ્તે એ મોટો ધર્મ કહ્યો છે. માટે હું પશુનો યજ્ઞ કરૂં છું. એ બધું સાંભળીને મેં કહ્યું કે, હે મરૂત્ રાજા, એવા યજ્ઞથી કાંઈ ફળ થતું નથી, તેમજ દેવતાઓ પણ પ્રસન્ન થતા નથી, ઉલટા તેઓ દ્વેષી થાય છે. શાસ્ત્રમાં જે યજ્ઞ કહ્યો છે તે તું સાંભળઃ— "આ શરીર રૂપ વેદીમાં યજ્ઞ કરનારો આત્મા છે; તપ રૂપ અગ્નિ છે, તેમાં ઘૃત રૂપ જ્ઞાન છે; કર્મ રૂપ ઇંધન છે, તેમાં હોમવા સારૂ ક્રોધાદિક પશુ છે; સત્ય રૂપ યજ્ઞ સ્તંભ છે; સર્વ પ્રાણીઓની રક્ષા કરવી તે દક્ષિણા છે; જ્ઞાન, દર્શન અને ચારિત્ર, એ ત્રિવેદી છે" એવો મહા ઉત્કૃષ્ટ યજ્ઞ છતાં આ નષ્ટ કર્મને શ્રેષ્ઠ માનીને ઈષ્ટ સંપાદન કરવા સારૂ ભ્રમિષ્ટ થઈ શા માટે કષ્ટ સહન કરો છો? વેદમાં પણ એજ યજ્ઞને માન્ય કરેલો છે. તમે તો કેવળ ઢોંગ લેઈ બેઠા છો. એ પશુ વધ યજ્ઞ રૂપ યુક્તિ તે શું મુક્તિનું સાધન થશે કે? એથી તો

નર્કજ મળે. જેઓ ચંડાળની પેઠે દયાહીન થઈને દીન બકરાઓને યજ્ઞમાં મારે છે, તેઓ નિશ્ચે મુવા પછી ઘોર નર્કમાં પડે છે. તે માટે હે મરૂત્ રાજા, તું ઉત્તમ વંશમાં ઉત્પન્ન થએલો તથા બુદ્ધિમાન છતાં આ નર્ક રૂપ ક્રિયા કેમ કરે છે? હવે તું એ છોડી દે. બિચારા નિરપરાધી પ્રાણીઓને માર્યાથી જો સ્વર્ગે જવાતું હોય તો થોડાજ દિવસમાં આ જીવલોક શૂન્ય થઈ જાય. હે રાવણ! મેં જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે ત્યાં બેઠેલા બ્રાહ્મણોએ કોપાયમાન થઈ ઉઠીને મને લાકડીઓ વતી માર્યો. ત્યાંથી નાશીને હું તારી પાસે આવ્યો છું. હે રાવણ! બિચારા નિરપરાધી પશુઓને બ્રાહ્મણો મારે છે, તેનું તું રક્ષણ કર, અને હું પણ તારે શરણે છું.

નારદનું કહેવું સાંભળીને તે જોવા સારૂ રથમાં બેસીને રાવણ મરૂત્ રાજાના નગર સમીપે આવ્યો. રાવણને આવ્યો જાણી મરૂત્ રાજાએ સત્કાર પૂર્વક તેને તેડી લાવી યોગ્ય આસન ઉપર બેસાડ્યો. પછી ક્રોધાવેશે રાવણ તેને કહેવા લાગ્યો કે, હે મરૂત્ રાજા, આ નર્કમાં લેઈ જનારી ક્રિયા તું શા સારૂ કરે છે? ત્રણ જગતના હિતાર્થે સર્વજ્ઞ પુરૂષોએ અહિંસા રૂપ ધર્મ કહ્યો છે, તેનો ત્યાગ કરીને આ લોકમાં તથા પરલોકમાં અનર્થ કરનારો યજ્ઞ તું શા માટે કરે છે? હવેથી યજ્ઞ કરવાનો ત્યાગ કર. તેમ છતાં જો કરીશ તો મારી પૃથ્વીમાં રહી શકીશ નહીં, મારો ગુન્હેગાર થઈશ, તથા મરીને નર્કે જઈશ. રાવણનું એવું ભાષણ સાંભળીને મરૂત્ રાજાએ યજ્ઞ કરવાનો નિષેધ કર્યો. કેમકે આખા વિશ્વને ભય બતાવનારી જે રાવણની આજ્ઞા, તે દુર્લંઘ્ય હોવાથી તેણે માન્ય કરી. બીજા સર્વ રાજાઓએ પણ તે દિવસથી અહિંસારૂપ ધર્મ અંગીકાર કર્યો. ત્યાર પછી રાવણે નારદને પૂછ્યું કે, પશુઓના પ્રાણ લેનારો યજ્ઞ કરવાનું કોણે કહ્યું છે? ત્યારે તે કહેવા લાગ્યો કે:—

હે રાવણ! શુક્તિમતિ નામની, વિખ્યાત નગરીમાં અનેક રાજાઓ થઈ ગયા પછી શ્રી મુનિસુવ્રત સ્વામીના

તીર્થમાં અભિચંદ્ર નામે રાજા થયો. તેને વસુ નામે પુત્ર હતો. અને તેજ નગરમાં રહેનાર ક્ષીરકદંભક નામના બ્રાહ્મણને એક પર્વત નામનો પુત્ર હતો. તે ક્ષીરકદંભક ઉપાધ્યાય પાસે હું, વસુ તથા પર્વત એ ત્રણે જણા ભણતા હતા. એક દિવસ અમો રાત્રે કામથી થાકી સુતા પછી બે ચારણ મુનિઓ આકાશ માર્ગે જતાં પરસ્પર વાત કરવા લાગ્યા કે, આ ઉપાધ્યાયના ત્રણ શિષ્યોમાંથી એક સ્વર્ગમાં અને બે નર્કમાં જશે. તે સર્વ અમારા ગુરૂએ સાંભળ્યું તેથી તે મનમાં વિચાર કરવા લાગ્યા કે, મારા ભણાવેલા શિષ્યો નર્કમાં જાય તે સારૂં નહીં. પરંતુ ભાવી આગળ નિરૂપાય! તોપણ કોણ નર્કમાં અને કોણ સ્વર્ગમાં જશે તેની પરિક્ષા કરવી જોઇએ.

પછી ઉપાધ્યાયે લોટના ત્રણ કુકડા બનાવીને અમો ત્રણે શિષ્યોને બોલાવી એકેક કુકડો આપીને કહ્યું કે, આ કુકડાને જ્યાં કોઇ દેખે નહીં ત્યાં મારી આવો. તે લેઇને હું નગર બહાર ઘણે દૂર એક શુન્ય પ્રદેશમાં જઇ વિચાર કરવા લાગ્યો કે, અહીં આ કુકડો પોતે દેખે છે, તેમજ હું તથા સર્વ ખેચરો, લોકપાલ અને જ્ઞાની પણ દેખે છે. એવું કોઇપણ સ્થળ નથી કે જ્યાં કોઈ કોઇને દેખે નહીં. ફક્ત ગુરૂએ દયાળુ તથા પરોપકારી હોવાથી અમારી પરિક્ષા લેવા સારૂ આ કામ કર્યું જણાય છે. એમ વિચાર કરીને હું તે કુકડાને ગુરૂ પાસે પાછો લાવ્યો અને તેને ન મારવાનું કારણ નિવેદન કર્યું. એ ઉપરથી ગુરૂએ ધાર્યું કે આ શિષ્ય સ્વર્ગે જશે. પછી ગુરૂએ મને અતિ પ્રીતિ સહિત આલિંગન કર્યું. વસુએ તથા પર્વતે કુકડાને લેઇ એક શૂન્ય પ્રદેશમાં જઈ અહીં કોઈ દેખતું નથી એમ વિચારીને ત્યાં મારી આવી ગુરૂને કહ્યું કે, જ્યાં કોઇએ દીઠું નહીં ત્યાં અમે કુકડાને માર્યો. તે સાંભળીને ગુરૂએ તેમને કીધું કે, રે મુર્ખો, તમે પોતે તથા બીજા ખેચરાદિક ઘણા દેખતા છતાં તેને તમે કેમ માર્યો? માટે તમે પાપી છો. એવો શાપ આપી ખેદ થવાથી ગુરૂ બોલ્યા કે, મેં એમને અમસ્તા ભણાવ્યા, એ બંનેને વિદ્યાનું ફળ કલેશ માત્ર છે. સ્વચ્છ પાત્રમાં ગુરૂના

ઉપદેશનો સારો ઉપયોગ થાય છે, ને મલીન પાત્રમાં વ્યર્થ જાય છે. જેમ વરસાદના પાણીથી શુક્તિમાં મોતી પાકે છે અને બીજે ઠેકાણે ખારૂં પાણી થાય છે, તેમ આ મારો પુત્ર પર્વત તથા રાજાનો પુત્ર વસુ, મને વહાલા છતાં નર્કગામી થયા. માટે મારે હવે આ ઘરમાં રહીને શું કરવું છે? એવો વૈરાગ્ય આવ્યાથી ક્ષીરકદંભક ઉપાધ્યાયે દીક્ષા લીધી.

પર્વત સર્વ શાસ્ત્રમાં નિપુણ હતો તેથી તે તેના બાપનું ઉપાધ્યાયનું કામ ચલાવવા લાગ્યો. હું મારે સ્થાનકે ગયો. અને અભિચંદ્ર રાજાએ વસુને રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરી. વસુ રાજા પૃથ્વી ઉપર સત્યવક્તા તરીકે પ્રસિદ્ધ થયો, તેથી તે પણ હમેશાં સાચું બોલવા લાગ્યો. જો તેમ ન કરે તો કીર્ત્તિનું રક્ષણ શી રીતે થાય? કોઇ એક વખત એક પારધી મૃગયા કરવા સારૂ વનમાં ગયો હતો, ત્યાં એક હરણને તેની હરણી સહિત જોઇ તેણે બાણ માર્યું, તે બાણ તેના વાંસાના ભાગ ઉપર લાગ્યાથી વ્યર્થ ગયું. બાણ શાથી વ્યર્થ ગયું તે જોવા સારૂ પારધી તેની પાસે ગયો તો ત્યાં એક અધર સ્ફટિક શિલા તેની નજરે પડી. તેના ઉપર હાથ ફેરવી તે જોવા લાગ્યો, તેથી તેને માલમ પડયું કે પૃથ્વીની છાયા જેમ ચંદ્રમાં પડે છે તેમ બીજે ઠેકાણે ફરનારા હરણનું પ્રતિબિંબ આ શિલામાં પડેલું, તેના ઉપર મારૂં બાણ લાગવાથી તે વ્યર્થ ગયું. આ સ્ફટિક શિલા વસુ રાજાને યોગ્ય છે, એમ ધારીને તેણે રાજા પાસે આવી સર્વ હકીકત કહી સંભળાવી. વસુ રાજાએ તે શિલા મંગાવી લઇ પારધીને ઘણું દ્રવ્ય આપ્યું. પછી તેણે કારીગરોને બોલાવી તે શિલામાંથી એક સિંહાસન કરાવી તેમને મારી નંખાવ્યા. કહ્યું છે કે, "રાજા લોકો કદી પણ કોઈના થતા નથી". તે સિંહાસન જોનારાને પૃથ્વીથી ઉંચુ દેખાતું હતું તેથી લોકોમાં વિખ્યાતિ થઇ કે વસુ રાજાના સત્યના સામર્થ્ય વડે તેનું સિંહાસન અધર રહેલું છે. વળી તેના સત્યના પ્રભાવે દેવતાઓ સંતુષ્ટ થઈને તેને સાહ્ય કરે છે. એવી રીતે વસુ રાજાની કીર્ત્તિ ફેલાતાંજ સર્વ લોકો તેનાથી ભય પામવા લાગ્યા.

ત્યાર પછી એક દિવસ હું શુક્તિમતિ નગરીમાં ગયો. ત્યાં ઉપાધ્યાયને ઘેર તેનો પુત્ર પર્વત કેટલાએક છોકરાઓને ભણાવતો મેં દીઠો. તેમાં તે યજ્ઞ કરવાનો ઉપદેશ દેવાની સાથે બકરાં વિગરે હોમવાનું કહેતો હતો. એવું તેનું બોલવું સાંભળીને મેં તેને કહ્યું કે, હે ભાઇ, આ તું ભ્રાંતિ વડે શું બકે છે? અજ શબ્દનો અર્થ એમ થતો નથી, તેનો અર્થ તો બીજા ધાન્યની ઉત્પત્તિ ન થાય તેવું ત્રણ વર્ષનું ધાન્ય થાય છે. આપણા ગુરૂએ તે અર્થ આપણને સારી રીતે સમજાવેલો છે છતાં તું કેમ ભુલી ગયો? ત્યારે પર્વત મને કહેવા લાગ્યો કે, હે નારદ, મારા પિતાએ મને અજ શબ્દનો અર્થ બકરો બતાવેલો છે, અને નિઘંટમાં પણ એમજ કહ્યું છે. ત્યારે મેં કહ્યું કે, હરેક શબ્દની અર્થ કલ્પના મુખ્ય અને ગૌણ હોય છે. તેમાંની ગૌણ અર્થ કલ્પના ગુરૂએ આપણને કહી છે. ગુરૂ ધર્મનો ઉપદેશ દેનારા, અને શ્રુતિ ધર્મ સ્વરૂપ છે, તેનો વિશ્વાસ ન કરતાં તેથી વિરૂદ્ધ કામ તું શાસારૂ કરે છે? એથી પુન્યને બદલે પાપ થનાર છે. એવું સાંભળી તે મારો તિરસ્કાર કરી બોલ્યો કે, તારા કહેવા પ્રમાણે ગુરૂએ અર્થ કહ્યો નથી. બકરો તો મેષ શબ્દનો અર્થ છે. ગુરૂએ કહેલા શબ્દાર્થને ફેરવી પોતાનો ધર્મ મૂકીને અહંકારે કરી મિથ્યા ભાષણ કરતાં ડંડનો પણ ભય તને થતો નથી? માટે હવે તું તારો મત સ્થાપન કર, અને હું મારો સ્થાપું છું. જેનો સાચો હશે તે ચાલશે. એમાં જે હારે તેની જીભ કાપી નાંખવી. અને આપણ બંને વચ્ચે આપણા સ્વાધ્યાયી વસુ રાજાને સાક્ષી કરવો. તેનું આવું બોલવું સાંભળીને મેં તે માન્ય કર્યું. કહ્યું છે કે, સાચું બોલનારામાં અભિમાન રાખવો જોઇએ નહીં.

પછી અમે બંને જણ ત્યાંથી ઉઠયા. તે વખતે પર્વત તેના ઘરમાં ગયો, ત્યારે તેની મા તેને કહેવા લાગી કે, હે પુત્ર! તારા બાપે તો અજ શબ્દનો અર્થ ત્રણ વર્ષનું ધાન્ય કહ્યો છે, જે મેં તે કહેતી વખત ઘરના કામમાં છતાં સાંભળ્યું હતું.

તેં અહંકારે કરી તેનો અર્થ ફેરવવાનું પણ કર્યું છે તે યોગ્ય નથી. કહ્યું છે કે, "વિચાર કર્યા વિના કાર્ય કરનારો પુરૂષ વિપત્તિ પામે છે." ત્યારે પર્વતે કીધું કે, મારૂં એ બોલવું કેવળ અવિચારનું ખોટું છે, એ વાત ખરી; પણ હવે એ વચન સત્ય થાય તેવો ઉપાય કર. નહીં તો હું ઘણો દુઃખી થઇશ. પુત્રને ઘણી પીડા થશે માટે તે ટાળ્યા વિના છૂટકોજ નથી એમ નિશ્ચય કરીને તેની માતા વસુ રાજા પાસે ગઇ. વસુ રાજા તેનો આદર સત્કાર કરી કહેવા લાગ્યો કે, હે માતાજી, આજ મેં સાક્ષાત્ ક્ષીરકદંભક ગુરૂના દર્શન કર્યાં, એવો ભાવ તમને જોતાંજ મારા મનમાં ઉપજ્યો છે. હું તમને શું આપું? અને તમને શાની ઇચ્છા છે? ત્યારે ગુરૂપત્નિએ કહ્યું કે, હે રાજા! મને પુત્ર ભિક્ષા આપ. પુત્ર વિના બધું શૂન્ય છે. ધન ધાન્ય તથા પુસ્તકો વિગેરે પુત્ર વિના શા કામનાં? એવાં તેનાં વચનો સાંભળીને વસુ રાજા બોલ્યો કે, હે માતાજી, એ પર્વત મને પાલના તથા પૂજા કરવા યોગ્ય છે. કેમકે ગુરૂ પુત્રની પાસે ગુરૂની પેઠે વર્તવું એવી શ્રુતિ છે. તેને કોણે પીડા કરી છે? કોનું મોત આવ્યું છે? હે જનનિ! મારા ભાઇને કોણ મારનાર છે? ને તેને શું દુઃખ છે? તે મને કહે. ત્યારે તેણીએ નારદનું આવવું, પ્રસંગે તેનું ભાષણ થવું, અજ શબ્દના અર્થ વિષે થયેલો વાદ, તે વિષે બંનેએ કરેલું પણ, તથા તે બાબત રાજાને સાક્ષી રાખ્યા વિગેરેની તમામ હકીકત કહી સંભળાવી, તે દીન વાણીએ કહેવા લાગી કે, હે રાજા, 'અજ' શબ્દનો અર્થ તારે 'બકરો' કહેવો જોઇએ, નહીંતો મારા પુત્રને ઘણું દુઃખ થશે. કહ્યું છે કે, "મોટા પુરૂષો પરોપકારાર્થે પ્રાણ આપે છે, તો વાણી તે શા હિસાબમાં છે!" વસુ બોલ્યો:- હે માતાજી, હું ખોટું કેમ બોલું? કહ્યું છે કે "પ્રાણ જાય તોપણ સત્યવક્તા પુરૂષોના મુખમાંથી અસત્ય ભાષણ નિકળતું નથી." વળી કહ્યું છે કે, હરેક પુરૂષે કદીપણ જુઠું બોલવું નહીં." ઈત્યાદિક વાક્યો તથા ધર્મને બાધ આવે એવા કાર્ય શિવાય તમે જે કાંઇ કહેશો તે હું

કબુલ કરીશ. હે માતુશ્રી, ગુરૂની વાણી અન્યથા કર્યાથી માહા પાપ લાગે છે, તો પછી ખોટી સાક્ષી પુરયાથી જે થાય તેનું તો પુછવુંજ શું ? એટલું કહેતાં છતાં ગુરૂપત્નિએ ક્રોધાતુર થઇ કહ્યું કે, ગુરૂપુત્રનું વચન સાચું કર! તેથી તેણે તે કબુલ કર્યું. પછી પર્વતની માતા રાજી થતી પોતાને ઘેર ગંઇ.

બીજે દિવસે હું તથા પર્વત રાજાની સભામાં ગયા. ત્યાં મહા ગુણવંત, હંસ જેમ ખીર અને નીર જુદું કરે છે તેમ સારાસારનું વિવેચન કરનારા સભ્ય પુરૂષો બેઠેલા હતા. અને જેમ નક્ષત્ર ગણોમાં ચંદ્રમા શોભે, તેમ અધર રહેલી સ્ફટિક શિલા ઉપર બેઠેલો વસુ રાજા શોભતો હતો. તે વખતે અમો બંને જણાએ અતિ ઉમંગભેર સાથે જઇને અમારી સર્વ હકીકત જાહેર કરી જણાવ્યું કે, અમારા ગુરૂએ 'અજ' શબ્દનો અર્થ બતાવ્યો છે તે વિષે અમારે વાદ થવાથી તેનો ન્યાય કરાવવા માટે અમે અહીં આવ્યા છીએ. હે રાજા, તું સત્યવાદી છે તેથી અદલ ઇન્સાફ કરીશ એવી અમારી સંપૂર્ણ ખાતરી છે. પૃથ્વી અને આકાશની વચ્ચે જેમ સૂર્યની સાક્ષી છે, તેમ અમારા બેની વચ્ચે તું સાક્ષી છે. બ્રહ્માંડમાંની ઘટ પટાદિક સર્વ વસ્તુ કેવળ સત્યના યોગે વર્ત્તે છે, સત્ય વડે વરસાદ વરસે છે, તેમજ દેવતા પણ સત્યે કરીનેજ પ્રસન્ન થાય છે. વળી તને આટલું બધું રાજ્ય સંપાદન થએલું છે તે પણ સત્યનોજ પ્રભાવ છે. માટે અમો બંને વચ્ચે થએલા વિવાદમાં તું જે સાચેસાચું જાણતો હોય તે કહે. આપણ ત્રણે જણ, ગુરૂ પાસે ભણતાં 'અજ' શબ્દનો અર્થ શું શિખ્યા છીએ? ને તે શબ્દનો અર્થ શું છે? તે અપક્ષપાતપણે કહે. વસુ રાજાએ મૃત્યુને વશ થઈ, સત્ય કોરે મૂકીને કહ્યું કે, 'અજ' શબ્દનો અર્થ ગુરૂએ બકરો કહ્યો છે.

વસુ રાજાએ તદ્દન જુઠી સાક્ષી આપ્યાથી અંતરિક્ષ રહેલા દેવતાઓએ કોપાયમાન થઈ તેની સ્ફટિક શિલા ભાંગી નાંખી, સભામાં બેઠેલાં સર્વ પુરૂષોના દેખતાં તેને જમીન ઉપર પટકયો; તેથી તે મરીને નર્કે ગયો. તેમજ તેના પુત્રો પૃથુવસુ,

ચિત્રવસુ, વાસવ, શક્ર, વિભાવસુ, વિશ્વાવસુ, સુર તથા મહાસૂરને પણ દેવતાઓએ મારી નાંખ્યા. તે આઠે પણ નર્કમાં ગયા. નવમો પુત્ર સુવસુ નાશીને નાગપુરમાં અને દશમો પુત્ર મકરધ્વજ નાશીને મથુરામાં ગયો.

તે વખતે લોકોએ પર્વતને નિર્ભ્રછી ગામ બહાર કહાડી મૂકયો. ત્યાં આગળ તેને મહાકાલ નામનો અસુર મળ્યો. રાવણે પૂછયું કે, તે મહાકાલ અસુર કોણ હતો? ત્યારે નારદે કહ્યું કે, હે રાવણ, ચારણયુગલ નગરના અયોધન રાજાની સ્ત્રી દિતીને પેટે સરૂપવાન સુલસા નામની કન્યા જન્મી હતી. તેના સ્વયંવરમાં દેશોદેશના રાજા આવ્યા હતા, જેમાં સગર નામે રાજા સર્વથી શ્રેષ્ઠ હતો. તેના હુકમથી તેની મંદોદરી નામે દાસી અયોધન રાજાને ઘેર જઈ રહી. એક વખત દિતીરાણી ક્રીડા કરવા કદલી વનમાં જઇ સુલસા સાથે વાત કરવા બેઠી હતી. તે સાંભળવા સારૂ મંદોદરી દાસી તેમની પાછળ જઈ એક ઝાડને ઓથે છુપાઇ રહી. દિતી પોતાની દીકરીને કહેવા લાગી કે, આ સ્વયંવર વિષે મારા મનમાં એક મોટું દુઃખ છે, તે મટાડવું તારા સ્વાધીન છે, તે સાંભળઃ–ઋષભદેવના પુત્ર ભરતને સૂર્ય નામનો તથા બાહુબળને સોમ નામનો પુત્ર થયો. સોમ રાજાના (ચંદ્ર) વંશમાં તૃણબિંદુ નામે રાજા મારો ભાઇ થયો. તથા સૂર્યવંશમાં તારો પીતા અયોધન રાજા થયો. તેની સત્યયશા નામની બહેનને તૃણબિંદુ સાથે પરણાવી તેને મધુપિંગ નામે પુત્ર છે, તેની સાથે તારૂં લગ્ન કરવાની મારી ઇચ્છા છે. સ્વયંવરમાં તને જે વર ગમશે તેની સાથે તારો પિતા પરણાવશે. એ વાત મારા મનમાં ખટકયાં કરે છે. મારૂં એ દુઃખ મટાડવાની તારી મરજી હોય તો તું મધુપિંગને પસંદ કરજે. સુલસાએ માતાનું વચન માન્ય કર્યું. આ વાત મંદોદરીએ સગર રાજાને કહી. સગર રાજાએ પોતાના વિશ્વવિભૂતિ નામના ઉપાધ્યાયને એ વૃત્તાંત જણાવ્યો. એ મોટો કવિ હતો તેથી તેણે "રાજલક્ષણ સંહિતા" નામનો ગ્રંથ બનાવી જુના કાગળો ઉપર લખ્યો. તેમાં સગર રાજાને સર્વ

રાજલક્ષણ સંપન્ન અને મધુપિંગને રાજલક્ષણ હિણ જેવો જણાવીને તે પુસ્તકને પુરાણની પેઠે પેટીમાં ઘાલી તે સ્વયંવર મંડપમાં આવ્યો. રાજાની આજ્ઞા લેઇ તેણે ગ્રંથ વાંચવાનો આરંભ કર્યો, એટલામાં સગર રાજા ઘાંટો કહાડી બોલ્યો કે, "આ ઉપાધ્યાય રાજ લક્ષણ રૂપ પુસ્તક વાંચે છે તે પ્રમાણે જેનામાં લક્ષણ ન હોય તેને સભામાંથી બહાર કહાડી મુકવો." પછી જેમ જેમ તે પુસ્તક બંચાતુ ગયું તેમ તેમ મધુપિંગનું મન વ્યગ્ર થતું ચાલ્યું. આખરે તે પોતાને રાજ લક્ષણ હિન જાણીને ચિંતાગ્રસ્ત થઈ ત્યાંથી ઉઠી ગયો. સુલસાએ સગર રાજાને વરમાળા આરોપી. પછી તે બંનેનાં ઉત્સાહ પૂર્વક લગ્ન થયા કેડે સર્વ રાજાઓ પોત પોતાને સ્થાનકે ગયા. મધુપિંગ માઠુ લાગ્યાથી બાળ તપ કરી મરણ પામી સાઠ હજાર દેવતાનો સ્વામી મહાકાલ નામે અસુર થયો. તે અવધિ જ્ઞાને કરી સુલસાના સ્વયંવરમાં વિના પ્રયોજને સગર રાજાના કૃત્યથી પોતે અપમાન પામ્યાનું જાણી તેનું વૈર વાળવા તેને તથા તેના સંબંધીઓને મારવા માટે તેઓનાં છિદ્રો જોતો શુક્તિમતિ નદી પાસે આવી બ્રાહ્મણને વેશે પર્વતને મળી તેને કહેવા લાગ્યો કે, હે પર્વત, શાંડિલ નામે હું તારા પીતાનો મિત્ર છું. પૂર્વે હું તથા તારો બાપ ક્ષીરકદંબક બંને જણ એકજ ઉપાધ્યાય પાસે સાથે ભણ્યા છીએ. હમણાં નારદ તથા બીજા લોકોએ મળી તને નિગ્રંછી કહાડયાની મને ખબર પડી, તેથી હું તારી સહાયતા કરવા સારૂ આવ્યો છું. મંત્રની શક્તિ વડે આખા જગતને મોહિત કરવાની હું હિંમત ધરાવું છું. માટે તું લગારે ચિંતા ન કર. પછી તે આખા જગતને મોહિત કરી, લોકોને અનેક વ્યાધીઓ તથા પીડાઓ ઉત્પન્ન કરવા લાગ્યો. અને પર્વતે તેની સલાહથી તેઓની શાંતિ કરવા માંડી. એવી રીતે અપકાર તથા ઉપકાર કરીને તેઓએ લોકોમાં પોતાનો મત સ્થાપન કર્યો.

શાંડિલે એક વખત સગર રાજાના નગરમાં જઈ ત્યાંના લોકો, રાણીઓ તથા સભાસદો વિગેરેને મહાદારૂણ રોગો

ઉત્પન્ન કર્યાં. તેથી સગર રાજાએ મહા ચિંતાતુર થઈ તેનું નિવારણ કરવાને લોકોના કહેવાથી પર્વતને બોલાવ્યો. તેણે શાંડિલના કહેવાથી રોગની શાંતિ કરી. તે વખતે અસુરે આકાશમાં રહી એવી વાણી કરી કે, "જે આ પર્વતનો મત અંગીકાર કરશે તે સર્વ રોગ રહિત થશે." એથી લોકોનો પર્વત ઉપર દૃઢ વિશ્વાસ ચોટયો. પછી તે પોતાનો મત ચલાવવા સારૂ યજ્ઞ કરવાનો ઉપદેશ દેવા લાગ્યો. તે એવી રીતેઃ—સોત્રામણિ યજ્ઞમાં મદ્યપાન કરવાનો, ગોમેધ યજ્ઞમાં ગાયનો વધ કરવાનો, માતૃમેધ યજ્ઞમાં માતાનો વધ કરવાનો, તથા પિતૃમેધ યજ્ઞમાં પિતાનો વધ યજ્ઞ વેદીમાં કરવાનો, દોષ નથી. તેમજ કાચબાના વાંસા ઉપર અગ્નિ સ્થાપન કરીને તેમાં બકરાનું હવન કરવું શ્રેષ્ટ છે. તથા હરેક યજ્ઞમાં પશુઓને મારવા અને માંસ ભક્ષણ કરવું યોગ્ય છે. ઈત્યાદિક ઉપદેશે કરી સગર રાજાને પોતાના મતમાં આણીને તેના હાથે કુરૂ આદિક ક્ષેત્રમાં ઘણા યજ્ઞો કરાવ્યા પછી તેણે રાજસુયાદિક યજ્ઞો કર્યા. હિંસક યજ્ઞોનું કારણ માત્ર પર્વતનો ઉપદેશજ નહીં પરંતુ પેલા અસુરે વેદમાંથી પણ યજ્ઞમાં પશુઓને મારવાનું કહાડી બતાવ્યું. ત્યારથી કેટલાએક બિચારા ડુંગરામાં રહેનારા ભોળા લોકો પણ નાના યજ્ઞો કરી તેમાં પશુઓને મારવા લાગ્યા. હે રાવણ! એવું ઘોર કર્મ જોઇને વિદાકર નામના એક વિદ્યાધર પાસે જઈને મેં કહ્યું કે, આ પશુઓનું તું રક્ષણ કર. એવું સાંભળીને તેણે સર્વ પશુઓ હરણ કર્યા. એ કૃત અસુરે જાણ્યું, તેથી તે અતિ અધર્મીએ વિદ્યાધરની વિદ્યા નિષ્ફળ કરવા સારૂ શ્રી ઋષભદેવની મૂર્ત્તિ સ્થાપી. પછી તે વિદ્યાધરનો ઉપાય ચાલ્યો નહીં. તે જાણીને નિરૂપાયે શોકાતુર થઈ હું પણ જતો રહ્યો. પછી તે અસુર (મહાકાલ) કપટ વડે કોઈ પ્રસંગે સુલસા સહિત સગર રાજાનો અગ્નિમાં હોમ કરાવી, પોતાને કૃતકૃત્ય માની રાજી થતો પોતાને સ્થાનકે ગયો. એ પ્રમાણે પર્વત પછી સર્વ બ્રાહ્મણો હિંસાત્મક યજ્ઞો કરવા લાગ્યા છે તે તું બંધ કરાવ. નારદનું તે કહેવું

રાવણે માન્ય કરીને મરૂત્ રાજા પાસે તેની માફી મંગાવી, અને નારદનો ઘણો આદર સત્કાર કરી તેને વિદાય કર્યો. ત્યારે મરૂત્ રાજાએ રાવણને પૂછયું કે, તારી સહાયતા વડે મને આ ઘોર કર્મમાંથી છોડાવનાર એ કોણ છે? રાવણે કહ્યું કે, સાંભળઃ—

પૂર્વે બ્રહ્મરૂચી નામનો એક બ્રાહ્મણ કોઇ પ્રસંગે તાપસ થઈ વનમાં ગયો, ત્યાં તેની કુર્મી નામની ગર્ભવતી સ્ત્રી તેનાજ આશ્રમમાં રહેતી હતી. એક દિવસ તે આશ્રમમાં કેટલાક સાધુ આવ્યા. તેમાંનો એક સાધુ ત્યાં સ્ત્રીને જોઈ તાપસને કહેવા લાગ્યો કે, હે તાપસ! તેં આ સંસારના ભયથી ગૃહવાસ મૂકયો, તે ઘણું સારૂં કર્યું; પણ તને વિરાગ્ય થયો છતાં આ દુઃખરૂપ સ્ત્રીમાં આસક્તિ કર્યાથી ગૃહવાસ કરતાં આ વનવાસમાં શું અધિક મળવાનું છે? એવું સાંભળતાં તરતજ તાપસે તેની પાસે દીક્ષા લેઈ જૈનધર્મ અંગીકાર કર્યો, અને તેની સ્ત્રી કુર્મી પણ મિથ્યાત્વ મૂકીને શુદ્ધ શ્રાવિકા થઈ ત્યાંજ રહી. પૂરે માસે તેણીને પુત્ર પ્રસવ્યો. તે બાળક જન્મતી વખતે રડ્યો નહીં તેથી તેનું નામ નારદ રાખ્યું. એક વખત કુર્મી કામ પ્રસંગે બાળકને આશ્રમમાં મૂકી બહાર ગઇ હતી, તે વખતે જૃંભક નામનો દેવતા તેનું હરણ કરી ગયો. કુર્મીએ આશ્રમમાં આવી જોયું તો પોતાનો પુત્ર દીઠો નહીં, તેથી મહાશોક કરતી ત્યાંથી નિકળી વૈરાગ્ય પામીને ઈંદુમાલા સાધ્વી પાસે આવી તેણે દીક્ષા લીધી.

જૃંભકદેવે નારદનું સારી રીતે પાલણ પોષણ કરી તેને કેટલાક શાસ્ત્રો ભણાવ્યા. ક્રમે કરી આકાશગામિની વિદ્યા આપી. પછી નારદ અણુવ્રત ધારણ કરવા લાગ્યો. એમ કરતાં તેની યૌવન અવસ્થા થઈ. તેણે પ્રથમથીજ શિખા રાખી હતી તેથી તે યતિ અયતિ બેઉથી જુદો દેખાવા લાગ્યો. તે કજીઆ જોવાનો શોખી, ગાયન તથા નૃત્ય જોવાને કૌતકી, બોલવામાં મહાપ્રવીણ, કામવિકારથી રહિત, અત્યંત દયાળુ, તેમજ વીર તથા કામી લોકોની સંધિ તથા વિગ્રહ કરવામાં અતિ કુશળ થયો. પગમાં ચાખડી, માંથે ટોપી અને હાથમાં કમંડળ લે-

ઇને તે ગમે ત્યાં ફરે, એને કોઇ આડખીલ કરે નહીં. દેવતાએ પ્રતિપાલન કર્યું તેથી તે દેવર્ષિ કહેવાય છે. બાળબ્રહ્મચારી છતાં તે પોતાની ઇચ્છાવડે પૃથ્વીપર વિચરે છે. એને લોકો નારદ કહે છે. એવી રીતે રાવણે મરૂત્ રાજાને નારદનો વૃત્તાંત કહ્યો. તે સાંભળીને હર્ષિત થઈ તેણે પોતાના અપરાધની ક્ષમા ચાહી, પોતાની પ્રભા નામની કન્યા રાવણને પરણાવી.

ત્યારપછી તે વાયુ જેવા પરાક્રમવાળો તથા મરૂત્ રાજાના યજ્ઞને તોડનારો રાવણ ત્યાંથી નિકળી મથુરામાં આવ્યો. એ વાતની ત્યાંના હરિવાહન રાજાને ખબર પડતાં, તે હાથમાં ત્રિશુળ ધારણ કરનાર પોતાના મધુ નામના પુત્ર સહિત તેની સામે આવ્યો. એવી તેની ભક્તિ જોઇને રાવણ રાજી થઇ તેને પૂછવા લાગ્યો કે, હે હરિવાહન, આ તારા પુત્રને ત્રિશુળ ક્યાંથી મળ્યું ? તેને ઉત્તર દેવા હરિવાહને મધુને સાન કરવાથી તે બોલ્યોઃ–હે દશકંધર ! એ મારા પૂર્વજન્મના મિત્ર ચમરેંદ્રે મને આપ્યું છે. તેણે તે આપતી વખત તેનો તથા મારો સંબંધ વિગેરે નીચે પ્રમાણે જણાવ્યું હતું.

ધાતકીખંડના ઐરાવત ક્ષેત્રમાં શતદ્વાર નામનું નગર છે. ત્યાંના રાજાના પુત્ર સુમિત્ર તથા તેના સેવક પ્રભવને વસંત અને કામદેવની પેઠે પ્રીતિ હતી. તેઓને બાલ્યાવસ્થામાં એકજ ગુરૂ પાસે કળા શિખી અશ્વિનીકુમારની પેઠે નિત્ય સાથે ક્રીડા કરતા હતા. યૌવનાવસ્થાએ સુમિત્ર રાજા થયો ત્યારે તેણે પ્રભવને ઘણી સંપત્તિ આપી. એક વખત સુમિત્ર રાજા અશ્વક્રીડા કરવા નિકળ્યો હતો તેને ઘોડો એક મોટા વનમાં લેઈ ગયો, ત્યાં તે પલ્લિપતિ રાજાની વનમાલા નામની કન્યાને પરણી નગરમાં આવ્યો. તે રૂપયૌવનવતી કન્યાને જોઈ પ્રભવ કામાતુર થયો થકો કૃષ્ણપક્ષના ચંદ્રની પેઠે દિવસે દિવસે ક્ષીણ થવા લાગ્યો. પોતાના મિત્રને મંત્ર તથા તંત્રથી અસાધ્ય જોઇને સુમિત્ર રાજાએ તેને પૂછયું કે, હે પ્રભવ, તને શું દુઃખ છે ? તે મને કહે. પ્રભવ બોલ્યોઃ–હે રાજા, મને જે પીડા છે, તે તને કહેવા યોગ્ય નથી. જો કહીશ તો, તને કલંક લાગશે. ત્યારે રાજાએ

ઘણો આગ્રહ કરી પૂછયું, તેથી નાઈલાજે પ્રભવે કહ્યું કે, તારી સ્ત્રી વનમાલામાં આસકત થવાથી મારી આ દશા થઇ છે. તે સાંભળી સુમિત્રે હસીને જણાવ્યું કે, તારે માટે મારૂં રાજ્ય પણ કુરબાન કરૂં, તો પછી આ સ્ત્રી તે "શું" બિશાદમાં છે? આજથી એ સ્ત્રી મેં તને આપી. એમ કહી પોતાને મહેલે જઈ સંધ્યા સમયે દુતીની સાથે વનમાલાને દાસીની પેઠે પ્રભવ પાસે મોકલી દીધી. વનમાલાએ ત્યાં જઇ તેને કીધું કે, રાજાએ મને તમને સોંપી છે, તેથી હુ અહીં આવી છું; કેમકે પતિની આજ્ઞા સ્ત્રીએ માન્ય કરવા યોગ્ય છે. મારા સ્વામીની તમારા પ્રત્યે એટલી બધી પ્રીતિ છે કે, તમારા અર્થે તે પોતાનો પ્રાણુ આપવાને પણ પાછા પડે તેમ નથી. તો પછી મારા જેવી દાસીની તે શું બિશાદ? તેમ છતાં તમે આટલા બધા ઉદાસી કેમ જણાઓ છો? મારા સામે પણ કેમ જોતા નથી? ત્યારે પ્રભવ બોલ્યોઃ–"હે વનમાલા, મારા જેવો બીજો કોઈપણ લજ્જાહિન નથી. મને ધિક્કાર છે. સુમિત્ર તો સત્યની જ મુર્ત્તિ છે. અરેરે!! મારા વિષે જેનો આટલો બધો સજ્જનભાવ! મારે માટે પ્રાણુ દેવાને પણ જે તત્પર! મેં કહેતાં વેંતજ જેણે પોતાની સ્ત્રીને મારી પાસે મોકલાવી દીધી! આવું અસહ્ય કર્મ કરવાને એના વિના આ જગતમાં બીજો કોઈપણ તૈયાર થાય નહીં. મારા જેવો નિષ્ઠુર માંગણુ અને એના જેવો કલ્પવૃક્ષ દાની આ દુનીઆમાં બીજો કોઈપણ નથી. હે વનમાલા! તું મારી માતા છે, ને હું તારો પુત્ર છું. માટે તું રાજા પાસે પાછી જા. આ દુનીઆમાં મારા જેવો પાપી, મને બીજો કોઈ પણ જણાતો નથી." ઇત્યાદિક પ્રભવનું પશ્ચાતાપ ભરેલું બોલવું સાંભળીને વનમાલાએ પાછી આવી સર્વે વાત રાજાને કહી સંભળાવી. મિત્રની સત્યતા સાંભળી રાજા અત્યંત રાજી થયો. અહીં પ્રભવ દીલગીરી કરતો હાથમાં ખડગ લેઈ મરવા તૈયાર થયો. એટલામાં સુમિત્રે આવી તેને કહ્યું કે, હે મિત્ર, સહસા કર્મ કદી પણ કરવું નહીં. આ ખડગ તું નાંખી દે. તોપણ તેણે ન મૂકયું તેથી રાજાએ પડાવી લીધું. તે વખતે તેણે મહા

લજ્જાયમાન થઈ માથું નીચું ઘાલ્યું. તે જાણે પૃથ્વીમાં પેસવાનોજ વિચાર કરતો હોયની! એવો જણાયો. તે જોઇને રાજાએ તેને ઘણી પ્રકારે સમજાવી તેનો વસવસો દૂર કર્યો. પછી કેટલોક કાળ પૂર્વની પેઠે મિત્રભાવ રાખી વર્તતાં રાજા દીક્ષા લેઇ મુવા પછી ઇશાનદેવ થયો. ત્યાંથી ચવીને મથુરાના સ્વામી હરિવાહન રાજાની સ્ત્રી માધવીને પેટે તું મધુ નામનો પુત્ર થયો છું, અને પ્રભવ ઘણા કાળ સુધી ભવમાં ભટકીને વિશ્વાવસુ રાજાની સ્ત્રી જ્યોતિર્મતિને પેટે કુમાર નામનો પુત્ર થયો. ત્યાં ઉત્કૃષ્ટ તપ કર્યાથી મરીને આ હું ચમરેંદ્ર થયો છું. એમ કહીને તેણે મને આ ત્રિશુળ આપ્યું. હે રાજન્! આ ત્રિશુળ બે હજાર જોજન દૂર જઈને પોતાનું કામ કરી પાછું આવે છે.

ઉપર પ્રમાણે મધુકુમારનું ભાષણ સાંભળી, તેની ભક્તિ જોઈ, તથા તેને શક્તિવાન જાણીને રાવણે પોતાની મનોરમા નામની કન્યા તેને પરણાવી. ત્યાર પછી અઢાર વર્ષ સુધી દિગ્વિજય કરીને તે મેરૂ પર્વત ઉપર ગયો. ત્યાં પાંડુક વનમાં અતિ ઉત્કંઠા સહિત સર્વ સંપત્તિ લેઈ ચૈત્યવંદન કરવા આવ્યો. અને અર્હત્ પરમાત્માની પૂજાદિક કરવા લાગ્યો.

પછી રાવણે સૈન્ય સહિત પોતાના કુંભકર્ણાદિક ભાઇઓને ઇંદ્રરાજાના નલકુબર નામના દિગ્પાલને પકડવા સારૂ તેના દુર્લંઘ્ય નામના નગર તરફ મોકલ્યા. સો જોજન વિસ્તીર્ણ, આશાલી વિદ્યા વડે જેને અગ્નિમય કિલ્લો, જ્યાં સર્વ અગ્નિમય યંત્રો, અને જ્યાં પોતાના પરિવાર સહિત નલકુબર રાજા અગ્નિની પેઠે શોભી રહ્યો છે, એવું તે નગર નિહાળીને કુંભકર્ણાદિક રાવણના યોદ્ધા, જેમ ગ્રીષ્મ ઋતુમાં ઊંઘમાંથી ઉઠેલો પુરૂષ સૂર્યની સામું જોઈ શકે નહીં તેમ, તેના સામું જોઇ શકયા નહીં. અને તે જીતી શકાય એમ નથી એવું ધારી ખીન્ન થતા તેઓ રાવણની પાસે પાછા આવ્યા; અને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળતાંજ સર્વને લેઇ રાવણ પોતે ત્યાં ગયો, અને જોયું તો તેમના કહેવા પ્રમાણેજ દીઠું; તેથી વિચારવા લાગ્યો કે, આ કિલ્લો કેમ લેવાશે? એટ-

લામાં રાવણ ઉપર આસક્ત થયેલી ઉપરંભા નામની નલકુબર રાજાની સ્રીએ મોકલેલી એક દાસી ત્યાં આવી કહેવા લાગી કે, હે રાવણ! મૂર્ત્તિમાન જયશ્રી જેવી નલકુબર રાજાની સ્રી ઉપરંભા તારા ઉપર મોહિત થઈને તને ચાહે છે. તારા ગુણો વડે જેનું અંતઃકરણ હરાઈ ગયું છે, એવી તે ઉપરંભા કેવળ શરીરે કરી ત્યાં રહી છે, પણ તેનું મનતો તારી પાસે છે. તેનો સ્વીકાર કર્યાથી આ કિલ્લાનું રક્ષણ કરનારી આશાલી વિદ્યાને તું પોતાના આત્માની પેઠે વશ કરીશ. અને તેથી નલકુબર સહિત આ નગર તથા તેમાં દેવે રાખેલું સુદર્શન ચક્ર પણ તને મળશે. એવું દાસીનું બોલવું સાંભળીને રાવણે સ્મિત હાસ્ય કરી બિભીષણ સામું જોયું. ત્યારે બિભીષણ બોલ્યો કે, "હે દૂતી, તેં જે કહ્યું, તે ઠીક છે, ને અમારે માન્ય કરવા યોગ્ય છે." એવું મોઘમ કહીને તેણે દાસીને રજા આપી. તે વખતે રાવણ ક્રોધ કરીને કહેવા લાગ્યો કે, હે ભાઈ, આપણા કુળાચારથી વિરૂદ્ધ કામ તેં કેમ અંગીકાર કર્યું? હે મુર્ખ, આપણા કુળમાં જન્મેલા પુરૂષોએ પરસ્રી તરફ મન પણ દીધું નથી, તેમ છતાં તે કર્મ તેં કબુલ કર્યાથી, યુદ્ધમાં શત્રુને પીઠ બતાવવા જેવું થયું. જે શબ્દ આપણા કાનને પણ કલંક ચડાવે, તે તેં વાણીથી કેમ કહાડયો? હે બિભીષણ, તારી એવી બુદ્ધિ કેમ થઇ છે? ત્યારે બિભીષણ બોલ્યો:–હે પૂજ્ય, કોપ કરવાનું કાંઇ કારણ નથી. જે વિશુદ્ધ અંતઃકરણવાળા પુરૂષો છે, તેમને વાણીથી કલંક લાગતું નથી. આશાલી વિદ્યા તને મળે અને નલકુબર વશ થાય એટલા માટેજ હું એમ બોલ્યો છું, તેનો અંગીકાર કરવા વિષે મારૂં બોલવું થયું નથી. પોતાનું કાર્ય સિદ્ધ કરી હરેક યુક્તિથી તેને સમજાવજે. એવી રીતે બિભીષણ કહે છે, એટલામાં આલિંગન કરવાને અતિ આતુર ઉપરંભા ત્યાં આવી અને નગરનું રક્ષણ કરનારી આશાલી નામની વિદ્યા રાવણને આપી. તેથી ત્યાં યંત્ર વડે રહેલા સર્વ શસ્ત્ર તથા અસ્ત્ર નાબુદ થયાં. પછી તે વિદ્યાના યોગે તે અગ્નિમય કિલ્લાનું હરણ કરીને પોતાના સૈન્ય સહિત રાવણ

દુર્લંઘ્ય નગરમાં પેઠો. ત્યારે નલકુબર રાજા તેની સાથે યુદ્ધ કરવાને તૈયાર થયો. તેને આવતાંજ જેમ ચામડાની ધમણને હાથમાં ઝાલીયે તેમ બિભીષણે તેને પોતાને હાથે પકડી લીધો. તેમજ દેવ તથા અસુરને અજય એવું ઇંદ્ર સંબંધી જે દુર્ધર સુદર્શનચક્ર, તે પણ લેઇ લીધું. તેથી લાચાર થઇ નલકુબર રાવણને નમ્યો. તે જોઇને રાવણે રાજી ખુશીથી તેનું નગર તેને પાછું આપ્યું. પછી ઉપરંભાને બોલાવીને તે ઉચિત વચનો કહેવા લાગ્યો. હે ઉપરંભા, મને નમનાર, આ તારા પતિનું તું સેવન કર. તેં મને આશાલી વિદ્યા આપી તેથી તું મારી ગુરૂરૂપે થઈ. મારે તો સર્વ પરસ્ત્રી મા, બહેન સમાન છે. કાંઇક પાછળ હઠીને તું તારા કુળ તરફ નજર કર. કાશધ્વજ રાજાની સ્ત્રી સુંદરીને પેટે તું જન્મી છે. તે તારા માતા પિતા તથા કુળને તું કલંક ન લગાડ, એવી વિપરીત બુદ્ધિ તું મૂકી દે. એમ કહીને તેણીને નલકુબર રાજાને સ્વાધીન કરી. પછી નલકુબર રાજાને સાથે લેઇને સૈન્ય સહિત રાવણ રથનુપુર નગરમાં ગયો.

રાવણ આવ્યાનું જાણીને મહા બુદ્ધિમાન સહસ્રાર રાજા પોતાના પુત્ર ઇંદ્રને કહેવા લાગ્યો કેઃ–હે પુત્ર, અમારા વંશમાં તું મહા પરાક્રમી થયો, ને પોતાના બળે કરી બીજા રાજાઓને જીતીને તેં સ્વકુળને શ્રેષ્ઠ કર્યું. તે કેવળ તારા પરાક્રમનોજ પ્રતાપ છે, તોપણ આ વખતે કાંઈક મારૂં બોલવું સાંભળવું જોઇએ. કેવળ પરાક્રમ કયાંક દુઃખનું કારણ થાય છે. માત્ર પરાક્રમ વડે સિંહાદિક પશુઓનો નાશ થઈ શકે છે. આ પૃથ્વીપર એકયો એક બળવાન થાય છે. હું સર્વથી બળવાન છું એવો અહંકાર કોઈથી પણ ન થાય. તેમજ આ વખતે સર્વ વીરોમાં શ્રેષ્ઠ એવો એક રાવણ નામે મહા શૂરવીર ઉત્પન્ન થયો છે, જેણે પોતાના પરાક્રમ વડે સૂર્ય જેવા પરાક્રમી સહસ્રાંશુને બાંધ્યો, લીલા માત્રે કરી જેણે કૈલાસ પર્વત ઉપાડયો, મરૂત્ રાજાના યજ્ઞને જેણે તોડયો, જંબુદ્વીપનો સ્વામી યક્ષેંદ્ર જેનું અંતઃકરણ ફેરવી શકયો નહીં, શ્રી

અર્હતૂજિનની સામે પોતાના હાથની નાડી કહાડી વીણામાં તાર કરીને જેણે મધુર ગાયન કર્યું, તેથી પ્રસન્ન થએલા ધરણેંદ્ર તરફથી ત્રિભુવનને જીતવાવાળી અમોઘ શકિત નામની વિદ્યા જેને મળી, પોતાની બે ભુજાની પેઠે જેને બે ભાઇઓ છે, સુકેશી રાક્ષસના કુળમાં જે સૂર્યની પેઠે શોભે છે, જેણે લીલામાત્રે યમરાજાને નસાડયો, વૈશ્રવણ, લોકપાલ તથા વાલીના ભાઈ સુગ્રીવને જેણે પોતાના સેવક કર્યાં, અગ્નિમય કિલ્લાવાળા દુર્લંઘ્ય નગરમાં પેસીને જેના ભાઈ બિભીષણે નલકુબર રાજાને બાંધી લીધો, એવો પ્રલય કાળના અગ્નિ જેવો રાવણ તારા ઉપર ચડી આવ્યો છે. તે નમ્રતા રૂપ અમૃત વૃષ્ટિથી શાન્ત થશે. એ શિવાય બીજા કોઈ પણ ઉપાયથી તે શાન્ત થનાર નથી. તેને તારી રૂપિણી નામની મહા સુરૂપવાન કન્યા આપ. જેથી તેની સાથે તારે પ્રીતિ બંધાશે. એવાં પોતાના પિતાનાં વચનો સાંભળીને ઇંદ્ર રાજા મહા ક્રોધાતુર થઇ બોલ્યો. હે તાત! જેને આપણે મારવા યોગ્ય, તેને કન્યા કેમ અપાય? એની સાથે આપણું વૈર આજનું નહીં, પણ વંશ પરંપરાગતનું છે. પૂર્વે મારા પિતામહ વિજયસિંહે પકડીને માર્યો હતો, તે શું તમે ભુલી ગયા? એના પિતામહ માલીની મેં જેવી અવસ્થા કરી હતી તેવીજ તેની પણ કરીશ. માટે હે તાત, તું ડર નહીં, મનમાં ધીરજ ધર. તું પોતાના પુત્રનું પરાક્રમ શું જાણતો નથી? એ પ્રમાણે બાપ દીકરાનું ભાષણ ચાલે છે, એટલામાં રાવણે આવી રથનુપુર નગરને ઘેરો ઘાલ્યો. પ્રથમ રાવણે સંધિ સારૂ ઇંદ્રરાજા પાસે એક દૂત મોકલ્યો. તે આવી યુકિતથી તેને સમજાવવા લાગ્યો કે, હે ઇંદ્ર, આ પૃથ્વી ઉપર જે રાજાઓ વિદ્યા અને બાહુ બળે કરી મહા ગર્વિત છે, તે પણ રાવણને કરભાર (ખંડણી) આપે છે. તારૂં સ્મરણ ન આવ્યાથી અને તારી નમ્રતાએ કરી આટલો વખત ગયો. હમણાં તારો ભકિત કરવાનો વખત છે, માટે તેની ભકિત કર અગર શકિત બતાવ. જો તું ભકિત તથા શકિત હીન થઇશ તો ખચિત હીનતા પામીશ. તે સાંભળી ઇંદ્ર કહેવા

લાગ્યો:-હે દૂત, જે સાધારણ રાજાઓ હતા, તેમણે તેની સેવા કરી તેથી તે ઉન્મત્ત થઇ મારી પાસે સેવા કરાવવા ઇચ્છે છે, તે ન ઇચ્છવું જોઈએ. આજ દિવસ સુધી તો રાવણનો વખત જેમ તેમ સુખે ગયો, પણ આ વખત એનો કાળરૂપ થયો છે, એમ સમજ. તું હવે અહીંથી જઈને તારા સ્વામીને ભકિત કરવાનું અગર શકિત બતાવવાનું કહે. જો તે ભકિત અગર શકિત નહીં બતાવે તો નાશ પામશે. દૂતે રાવણ પાસે આવી સર્વ વૃત્તાંત કહ્યો. એ સાંભળીને મહા કોપાયમાન થઈ યુદ્ધ કરવા સારૂ સૈન્ય સહિત રાવણ ઉત્સાહપૂર્વક તત્પર થયો. ઈંદ્ર રાજા પણ સૈન્ય લેઈ રથનુપુરમાંથી બહાર નિકળ્યો. કહ્યું છે કે, "જે વીરપુરૂષ છે તે બીજા શૂરવીરનો અહંકાર સહન કરતા નથી." પછી યુદ્ધનો આરંભ થયો. તેમાં સામંતની સામે સામંત, સૈનીકની સામે સૈનીક, તથા સેનાની સામે સેનાની, એવી રીતે પરસ્પર લડવા લાગ્યા. સંવર્ત્તકમેઘ તથા પુષ્કરાવર્ત્તમેઘની પેઠે બેઉ સૈન્ય તથા રાજાઓનું યુદ્ધ થવા લાગ્યું. તે વખતે ઈંદ્ર રાજાના યોદ્ધાઓએ એટલાં બધાં બાણ છોડ્યાં કે, જાણે વરસાદ જ વરસતો હોયની! તે જોઈને, ભુવનાલંકાર હાથી ઉપર આરૂઢ થએલો રાવણ હાથમાં ધનુષ્ય ધારણ કરી મારવા મંડી ગયો. સામે ઈંદ્ર પણ તેવીજ રીતે મારવા લાગ્યો. કોઈ કોઈથી હઠે નહીં. બંને રાજા વચ્ચે એવી હણુમાર થયાથી તેમના હાથીઓ એક બીજાને વળગી દંતુશળ ભોકવા લાગ્યા. તે એવા જોસથી લઢતા હતા કે, તેમના દાંતોમાંથી અગ્નિના તણખા નિકળવા લાગ્યા. પછી જેમ વિરહીણી સ્રીના હાથમાંથી કંકણ નિકળી જાય તેમ તેમના દાંતોમાંના સોનાના કંકણો પૃથ્વી ઉપર પડ્યા. દાંતો ભાગી ગયાથી ક્ષીણ થએલા તેઓના શરીર તથા ગંડસ્થળમાંથી મદની ધારાની પેઠે લોહીની ધારા વહેવા લાગી. તેમના ઉપર બેઠેલા રાવણ તથા ઇંદ્ર રાજા, એક બીજાને ક્ષણમાં ભાલાથી, તો ક્ષણમાં બાણથી તથા મુદ્દગલ વડે મારવા લાગ્યા. પછી તે બંને શૂરવીરો એક અગનાસ્ત્ર, તો બીજો મેઘાસ્ત્ર મૂકી પર-

૬૬૧૪

સ્પરનાં અસ્ત્રો તોડવા લાગ્યા. એવી રીતે ઉત્સર્ગ તથા અપવાદની પેઠે કરતાં કરતાં તેઓ પાસે આવી ગયા. તે વખતે રાવણે હાથી ઉપરથી કુદકો મારી, ઇંદ્રના હાથી ઉપર ચડી જઇ, તેના માવતને મારી, ઇંદ્રને પકડી લીધો. તે જોઇ રાક્ષસ વીર સહસ્રારે ઇંદ્રના સૈન્યને ઘેરી લેવાથી તે ચારે દીશા તરફ નાસવા લાગ્યું. કહ્યું છે કે, "સૈન્યનો સ્વામી જીતાયાથી સર્વ પદાતિ જીતાયા એમ સમજવું." પછી રાવણ ઇંદ્રને પોતાની છાવણીમાં લેઇ ગયો. પછવાડે નાયક વિનાનું રહેલું વિદ્યાધરોનું સર્વ સૈન્ય રાવણને સ્વાધીન થયું. ત્યારપછી ત્યાંથી નિકળીને રાવણ લંકામાં આવ્યો. ત્યાં જેમ પોપટને પાંજરામાં પૂરે તેમ તેણે ઇંદ્રને બંધીખાનામાં નાખ્યો.

પછી ઇંદ્રરાજાનો પિતા સહસ્રાર પોતાના દિગ્પાળો સહિત લંકામાં આવી રાવણને નમસ્કાર કરી, હાથ જોડી, વિજ્ઞપ્તિ કરવા લાગ્યો કે, જેણે લીલામાત્રે કરી કંકરની પેઠે કૈલાસ પર્વતને ઉપાડયો, તેણે અમને જીત્યાની અમને કાંઇપણ લાજ નથી, તેમજ તેની પ્રાર્થના કરવાથી પણ અમે લાજતા નથી. માટે હે રાવણ, હું એટલું માગું છું કે, ઇંદ્રને છૂટો કરી મને પુત્ર ભિક્ષા આપ. તે સાંભળી રાવણે તેને કહ્યું કે, મારા કહેવા મુજબ એ પોતાના પરિવાર સહિત કામ કરે તો હું એને છોડી મૂકું. તે કામ એ કે,—ઘરમાંથી જેમ ઝાડુ કહાડવામાં આવે છે તેમ ઘડી ઘડી લંકા નગરીમાંથી તે ઝાડુ કહાડી જેટલો કચરો પડયો હોય તેટલો બહાર કહાડીને સાફ કરે, તથા રસ્તે રસ્તે સુગંધિમય પાણી છાંટે, અને સારાં સારાં ફૂલો ગુંથીને મારી નગરીમાંના સર્વ દેવસ્થાનોમાં જોઈતી માળાઓ પૂરી કરે. એમ દરરોજ કર્યાથી હું પ્રસન્ન થઈ તેને તેનું રાજ્ય પાછું આપીશ. સહસ્રારે તે સઘળું કબુલ કર્યું. ત્યારે રાવણે તેને છોડીને ભાઈની પેઠે તેનો સત્કાર કર્યો. પછી ત્યાંથી નિકળી સહસ્રાર તથા ઇંદ્ર પોતાને ઘેર આવ્યા. પણ ઇંદ્ર મનમાં ઘણોજ ખીન્ન થઇ રહેવા લાગ્યો. કહ્યું છે કે, "તેજસ્વી પુરૂષને નિસ્તેજ થવાથી મરવા કરતાં પણ વધારે દુઃખ થાયછે."

કોઈ એક સમયે રથનુપુરમાં નિર્વાણુસંગમ નામે જ્ઞાનવાન મુનિ આવ્યા, તેમને વંદના કરવા સારૂ ઇંદ્ર રાજા તેમની પાસે ગયો. ત્યાં જઈ નમસ્કાર કરી બેઠા પછી તેણે મુનિને પૂછ્યું કે, હે મહારાજ, રાવણે મારો પરાભવ કયા કર્મે કરી કર્યો, તેમજ પાછો તેણે સત્કાર કર્યાનું કારણભૂત કર્મ કયું છે? મુનિ કહે છે, હે ઇંદ્ર ! સાંભળઃ—અરિજય નગરના વિદ્યાધર રાજા જ્વલનસિંહની સ્ત્રી વેગવતીને પેટે પેદા થએલી અહિલ્યા નામની કન્યાના સ્વયંવરમાં દેશેદેશના વિદ્યાધર રાજાઓમાં ચંદ્રવર્તપુરનો સ્વામી આનંદમાલી, તથા સૂર્યાવર્તપુરનો સ્વામી તડિત્પ્રભ નામના વિદ્યાધર રાજાઓ આવ્યા હતા. તેમાંના આનંદમાલીને અહિલ્યા પરણી તેથી તડિત્પ્રભ પોતાનો પરાભવ થયો સમજી તેની સાથે દ્વેષ કરવા લાગ્યો. આનંદમાલી કેટલોક કાળ સુખભોગ ભોગવી વૈરાગ્ય ઉત્પન્ન થવાથી દીક્ષા લેઇ, વ્રત તપાદિક કરતો મોટા મોટા મુનિઓની સાથે વિચરવા લાગ્યો. વિહાર કરતાં એક દિવસ તે રથાવર્ત નામના પર્વત ઉપર ગયો. ત્યાં કોઈ પ્રસંગે તેને તડિત્પ્રભ રાજાએ ધ્યાનમાં બેઠેલો દેખીને અહિલ્યાના વિવાહના દ્વેષે કરી બાંધીને માર્યો. તથાપિ તે પોતાના ધ્યાનથી ડગ્યો નહીં. એવું અઘોર કૃત્ય જોઇને સર્વ સાધુઓમાં શ્રેષ્ઠ એવા એક તેના કલ્યાણ ગુણધર નામના ભાઇએ તડિત્પ્રભ ઉપર તેજોલેશ્યા મૂકી. તેથી તે પીડાણો ત્યારે તેની સ્ત્રી સત્યશ્રીએ સાધુ પાસે પ્રાર્થના કરી, તેથી તેના ક્રોધની શાન્તિ થઇ અને તેજોલેશ્યા સમેટી લીધી તેથી તે બળ્યો નહીં. એવી રીતે ધ્યાનમાં બેઠેલા નિરપરાધી સાધુને દુઃખ દીધાથી તડિત્પ્રભ મુવા પછી કેટલાક ભવ ભટકીને આ ભવમાં સહસ્રાર રાજાનો પુત્ર તું ઇંદ્ર થયો. તારો રાવણને હાથે પરાભવ થયો તેનું કારણ પૂર્વ જન્મમાં તેં નિર્દોષી મહાપુરૂષનો તિરસ્કાર કર્યો હતો તે છે. કહ્યું છે કે "જે કર્મ કર્યું હોય તેનું ફળ કોઇક દિવસે પણ મળે," એવી સર્વ પ્રાણીઓની સ્થિતિ છે. ઇંદ્રથી તે કીડી સુધી સર્વ કર્માધીન છે. એ પ્રમાણે પોતાનો પૂર્વ ભવ સાંભળીને વૈરાગ્ય

ઉત્પન્ન થવાથી પોતાના દત્તવીર્ય નામના પુત્રને રાજ્ય ગાદીએ બેસાડી, ઇંદ્રરાજા દીક્ષા લેઇ, ઉગ્ર તપ કરી મોક્ષે ગયો.

એક વખત અનંતવીર્ય નામના મુનિને વાંદવા સારૂ રાવણ મેરૂ પર્વત ઉપર ગયો. ત્યાં મુનિને નમસ્કાર કરી યોગ્ય આસને બેઠો. મુનિ ધર્મદેશના દેવા લાગ્યા. તેમના અમૃત તુલ્ય વચનો સાંભળી રાવણ ઘણો રાજી થયો. વ્યાખ્યાનની સમાપ્તિ થયા પછી રાવણે મુનિને પૂછયું કે, હે ભગવન, મારૂં મોત કોના હાથે થશે? તે કૃપા કરી કહો. ત્યારે મુનિએ કહ્યું કે, હે રાવણ, પરસ્ત્રીના દોષે કરીને વાસુદેવના હાથે તારૂં મૃત્યુ થશે. તારા દેહાંતની વખતે તું મહા વિપત્તિમાં પડીશ. એવાં મુનિનાં વચનો સાંભળીને તે મુનિ મહારાજની સામેજ રાવણે પ્રતિજ્ઞા કરી કે, "આજથી મારા વિષેની ઇચ્છા રહિત સ્ત્રીની સાથે હું કદી પણ રમનાર થઇશ નહીં." પછી મુનિને નમસ્કાર કરીને પુષ્પક વિમાનમાં બેસી તે લંકા નગરીમાં ગયો.

ચોપાઈ.


રામ ચરિત્ર આ રૂડો ગ્રંથ, સુધો શિવ મારગનો પંથ;
દશકંધર દિગ્વિજય કહ્યો, પરમારથ જાણીને લહ્યો. ૧
હેમાચાર્ય મહા મોટા કવિ, ભાખી વાર્તાઓ નવનવી;
બીજો સર્ગ અહીં પૂરો થયો, શાસ્ત્રાનુસારે અનુભવ્યો. ૨

ઈત્યાચાર્યશ્રીહેમચંદ્રવિરચિતે ત્રિષષ્ઠિશિલાકાપુરૂષ
ચરિતે મહાકાવ્યે સપ્તમપર્વણી રાવણ દિગ્વિજયો
નામ દ્વિતીયઃ સર્ગઃ ૨

અથ શ્રી તૃતીયઃ સર્ગઃ પ્રારભ્યતે.

વૈતાઢ્ય પર્વત ઉપર આદિત્યપુર નામના નગરના રાજા પ્રલ્હાદની સ્ત્રી કેતુમતીને પેટે એક મહા તેજસ્વી, વાયુ જેવો ચપલ, પુત્ર થયો. તેથી તેનું નામ પવનંજય પાડયું. તે એવો તો બળવાન હતો કે, જાણે આકાશમાં ઉડીને એક ઘડીમાં પૃથ્વીને જીતી આવશે. ભરતક્ષેત્રમાં સમુદ્રની પાસે દંતી નામના પર્વત ઉપર મહેંદ્રનગરના વિદ્યાધર રાજા માહેંદ્રની સ્ત્રી સુંદરીના પેટે અરિંદમાદિક સો પુત્ર ઉપર એક અંજનસુંદરી નામની કન્યા જન્મી. તે લાયક ઉમરની થયાથી તેના પિતાએ તેને માટે યોગ્ય વરની ખોળ કરવાને તેના પ્રધાનોને દેશાંતર મોકલ્યાથી, તેઓએ સર્વ વિદ્યાધર રાજાઓના પુત્રોની તસબીરો ભેગી હિરણ્યાભ્ય નામના વિદ્યાધર રાજાની સ્ત્રી સુમતીને પેટે જન્મેલા વિદ્યુત્પ્રભની તથા પ્રલ્હાદ રાજાના પુત્ર પવનંજયની પણ તસબીરો, રાજાને લાવી આપી. તે બન્ને રૂપવંત, કુળવંત, વિદ્યાવંત, ધનવંત, તથા બીજા સર્વ ગુણ સંપન્ન જણાયા. તેથી રાજાએ પ્રધાનોને પૂછયું કે, એ બેમાંથી આપણી કન્યાને યોગ્ય વર કોણ છે? પ્રધાનોએ કહ્યું કે, શાસ્ત્રવેત્તા જોતિષિઓએ નિર્માણ કરેલું છે કે, વિદ્યુત્પ્રભ અઢાર વર્ષ જીવીને મોક્ષે જશે, અને પવનંજય દીર્ઘાયુષી છે, માટે એ આપણી કન્યાને યોગ્ય વર હોવાથી તેની સાથે અંજનસુંદરીનું લગ્ન કરવું જોઈએ. એ અરસામાં ઘણા વિદ્યાધરો પોતાના પરિવાર સહિત શ્રી નંદીશ્વર તીર્થની યાત્રા કરવા સારૂ નંદીશ્વર દ્વીપમાં ગયા હતા, ત્યાં પ્રલ્હાદ પણ ગયો હતો, તેમજ માહેંદ્ર રાજા પણ ગયો. તેની પાસે પ્રલ્હાદે પોતાના પુત્ર પવનંજય સારૂ તેની કન્યા અંજનસુંદરીની માંગણી કરી. માહેંદ્ર રાજાએ અગાઉથીજ પવનંજયને પસંદ કરેલો હોવાથી તેનું માગુ સ્વીકારી, ત્રીજે દિવસે લગ્ન કરવાનો નિશ્ચય કર્યો. અહીં પ્રલ્હાદનું કહેવું તો નિમિતૃમાત્રજ થયું. યાત્રા કરી સર્વ વિદ્યાધરો પોતપોતાને ઠેકાણે ગયા અને માહેંદ્ર રાજા તથા પ્રલ્હાદ રાજાએ મનમાં રાજી થઇ માનસ સરોવર ઉપર જઈ મુકામ કર્યો.


રાવણમંદોદરીનો
સ્વયંવર.
સખીઓ
મંદોદરી.
રાવણ


રાવણ
યુદ્ધ
ઈંદ્રરાજા.

એ વાતની પવનંજયને ખબર પડતાંજ તે પોતાના પ્રહસિત નામના મિત્રને કહેવા લાગ્યો કે, મારૂં લગ્ન અંજનસુંદરી સાથે થવાનું છે, તેને તમે જોઈ છે? તે કેવી છે? પ્રહસિત તે સાંભળીને સ્મિત્ હાસ્ય કરી બોલ્યો:—હે પવનંજય! મેં અંજનસુંદરીને દીઠી છે, તે રંભાદિક અપ્સરાઓથી પણ અધિક રૂપાળી છે, એને કોઇની ઉપમા અપાય એમ નથી, એના રૂપનું તાદૃશ વર્ણન કરવાને મહાન પંડિત પણ સમર્થ થાય એમ નથી. બીજું તે હું શું કહું! એવું સાંભળીને પવનંજયે કીધું કે, હે મિત્ર! લગ્નનો દિવસ તો દૂર છે, અને તેણીને નિહાળવાની મને ઘણી ઇચ્છા છે, તે પૂર્ણ કેમ થાય? કહ્યું છે કે, "સ્ત્રીની અભિલાષાવાળા પુરૂષોને એક ઘડી દિવસ જેવી અને દિવસ માસ જેવો જણાય છે." અહીં તો ત્રણ દિવસ બાકી છે, તે કેમ કરી જશે? ત્યારે પ્રહસિતે કહ્યું કે, હે પવનંજય, ધૈર્ય ધર. આજ રાત્રે કોઇ ન જાણે તેમ આપણે તેને ઘેર જઇશું, એમ કહીને તેને શાન્ત કર્યો. રાત પડી એટલે સંકેત પ્રમાણે બન્ને જણ અંજનસુંદરીના ઘરના સાતમા મજલા ઉપર જ્યાં તે રહેતી હતી ત્યાં જઇને બાહાર એક બાજુ ઉપર ઉભા રહ્યા. પવનંજય એક બાકું ખોળી કાઢી તેમાંથી અંજનસુંદરીના છિદ્ર જોવા લાગ્યો.

તે વખતે અંજનસુંદરીની દાસી વસંતતિલકા તેને કહેતી હતી કે, હે સ્વામીનિ, તને પવનંજય પતિની પ્રાપ્તિ થઈ માટે તું ધન્ય છે, તારા જેવી ભાગ્યશાળી બીજી કોઈ નથી. એટલામાં તેની પાસે ઉભેલી મીશ્રકેશી નામની તેની બીજી સખી બોલી, હે સખી, ચરમશરીરી જે વિદ્યુત્પ્રભ રાજા, તેને મૂકી બીજા કયા વરની સ્તુતિ કરે છે? વસંતતિલકા! તું તો ભોળી છે, તને કાંઈપણ ખબર નથી. જો કે વિદ્યુત્પ્રભ રાજા થોડા આયુષવાળો છે, તથાપિ તે આપણી સ્વામીનીને યોગ્ય છે. તેને મૂકીને બીજાની તારીફ કરે છે માટે તું મૂર્ખ છે. કહ્યું છે કે, "અમૃત થોડું પીવું તે સુખકારક છે અને ઝેર ઘણું પીવાથી દુઃખ થાય છે." એવી રીતનું તે બન્ને સખીઓનું બોલવું સાંભળીને પવનંજયે

વિચાર્યું કે, મીશ્રકેશીનું બોલવું અંજના સાંભળી રહી તેથી એમ માલમ પડે છે કે, તે વાત તેને પ્રિય હશે, નહીં તો તે તેનો તિરસ્કારયુક્ત નિષેધ કર્યા વગર રહેત નહીં. પછી તે ક્રોધાવેશે હાથમાં ખડ્ગ લઇને જેમ કોઇ રાક્ષસ અંધારામાંથી નીકળે તેમ ત્યાંથી નીકળી કહેવા લાગ્યો કે, જેના મનમાં વિદ્યુત્પ્રભ વર વરવાનું સારૂં લાગ્યું છે, તેના માથાં ધડથી હું અળગાં કરીશ, એમ બોલી તે તરફ જવાની તેણે તૈયારી કરી. તે વખતે પ્રહસિતે એને ઝાલીને જતાં રોકયો, અને પ્રતિબોધ દેવા લાગ્યો કે, હે મિત્ર, વિચાર કર્યા વિના સહસા કાર્ય કરવું યોગ્ય નથી. વળી સ્ત્રી અપરાધી છતાં ગાયની પેઠે તેને મારવી નહીં, એ શું તું જાણતો નથી? આતો બિચારી નિરપરાધી છે, એનો મનોભાવ સંપૂર્ણ સમજ્યા શિવાય કાંઇપણ કરવું તે શું યોગ્ય કહેવાશે? એવી રીતે પવનંજયને સમજાવી શાન્ત પાડ્યો. પછી તે બંને પોતાને મુકામે આવ્યા. પણ એ વાતનું શૂળ પવનંજયના મનમાં રહેવાથી તેને રાત્રે બિલકુલ ઊંઘ આવી નહીં. સવાર થતાંજ પ્રહસિતને બોલાવી તે કહેવા લાગ્યો કે, આની સાથે લગ્ન કરવાથી શું ફળ છે? કહ્યું છે કે, "પોતાનો ભાઈ છતાં જો જુદાઇ રાખતો હોય તો તે દુઃખદાઈ થાય છે." તો પછી જુદા મનવાળી સ્ત્રી સાથે લગ્ન કર્યાથી, શું તે દુઃખનું કારણ ન થાય કે? અપિતુ થાયજ. માટે હે મિત્ર, એ ઇચ્છા પડતી મૂકીને જલદી આપણા નગરમાં જઇએ તો સારૂં. કોઇ ભોજન ઘણું સારૂં છતાં જો તે પોતાને ભાવતું ન હોય તો શા કામનું? એવી રીતે ઘણે પ્રકારે ભાષણ કરી તે ચાલવા લાગ્યો. ત્યારે પ્રહસિત બોલ્યો, મોટા પુરૂષે ગ્રહણ કરેલી વસ્તુ મૂકી દેવી યોગ્ય નથી, તો પોતાના વડાઓએ ગ્રહણ કરેલી વસ્તુને શું મૂકી દેવી કે? એતો મોટું લાંછન છે. ગુરૂએ કાંઈ અઘટીત કામ કર્યું હોય અથવા પોતાની કોઈ ચીજ પૈસા લઈને વેચી હોય છતાં મોટા પુરૂષોએ ગુરૂભાવ નહીં મૂકતાં તે માન્ય કરવા યોગ્ય છે. તારા મનમાં જે દુઃખ થાય છે તે કેવળ તારા પ્રારબ્ધનો દોષ છે. બિચારી અંજનસુંદરીનો લેશમાત્ર અપ-

રાધ નથી. તારાં તથા એના માવીત્રો જગપ્રસિદ્ધ હોવાથી જો તું લગ્ન કર્યા વિના પાછો જઈશ તો તેઓ ઘણી લજ્જા પામશે. એવાં પોતાના મિત્રના શીખામણના વચન સાંભળીને કિંચિત્ વિચાર કરી પવનંજય મનમાં દુઃખ ધરતો ત્યાં રહ્યો.

નિર્ધારેલા શુભ દિવસે પવનંજય તથા અંજનાનું પાણીગ્રહણ થયું. માહેંદ્ર રાજાએ પ્રલ્હાદ રાજાનો ઘણો સત્કાર કર્યો. સર્વ કાર્ય થઈ રહ્યા પછી વરવહુને લઇને પરિવાર સહીત પ્રલ્હાદ રાજા પોતાના નગરમાં આવ્યો. તેણે અંજનસુંદરીને રહેવા સારૂ સાત મજલાનો અતિ રમણીય મેહેલ આપ્યો. લગ્ન દિવસથીજ પવનંજયે કોઇપણ વખત અંજનાને બોલાવી નહીં, તેથી તે નગરમાં એક અંજના શિવાય સર્વ આનંદીત થઈ રહ્યા. કહ્યું છે કે, "જે માની પુરૂષ છે તેને થોડું પણ અપમાન થાય તોપણ તે કદી ભુલતા નથી." પવનંજયે દ્વેષ રાખી અંજના સાથે બોલવાનું બંધ કર્યું તેથી તેણી મહા શોકસાગરમાં પડી ગઈ. તેની આંખોમાંથી પાણીતો સુકાયજ નહીં, ચંદ્ર વિનાની રાતની પેઠે તેના મુખની કાંતિ થવા લાગી, પલંગ ઉપર સુતી છતાં ઊંઘ આવે નહીં, અને મનમાં સંતાપ થવાથી આમતેમ પડીને જેમ તેમ રાત કાઢવા લાગી. તે જાણે એક રાત વર્ષ રૂપ થઇનેજ આવી હોયની! એવી જણાવવા લાગી. દિવસે મનમાં વિચાર કરતી બેઠી, ચરણ વચ્ચે માથું ઘાલીને પતિના ચહેરાનું ચિત્ર કાઢી, તેની સામે જોઈ તેણીએ ધૈર્ય ધરી કેટલાએક દિવસ કાઢયા. એવી તેની અવસ્થા જોઇને તેની દાસીઓ અતિ મધુર વચનો બોલી તેને સમજાવતી, તોપણ હેમંત ૠતુમાં ભુલે ચુકે પણ કોકીલા બોલે નહીં તેમ તે મૌન ધરી કાંઈ પણ જવાબ વાળતી નહીં. એવી મહાદુઃખની દશામાં તેનો વિકાળ કાળ જવા લાગ્યો.

એક દીવસ પ્રલ્હાદરાજાની પાસે રાવણે મોકલેલો દુત આવીને કહેવા લાગ્યો કે, હે રાજા! દુર્મતિ વરૂણ, રાક્ષસનાથ રાવણની આજ્ઞા નહીં માનતા તેની સાથે હમેશાં દ્વેષ રાખી ઉલટો કહે છે કે, રાવણે મારી આજ્ઞા માનવી. હું જ્યારે તેની

પાસે ગયો ત્યારે તે ઉદ્ધતાઈથી મને કહેવા લાગ્યો કે, "અરે! રાવણ તે કોણ છે? તેનાથી શું થવાનું છે? તે ઇંદ્ર, તે કુબેર, તેમજ તે સહસ્રાંશુ હું નથી, વળી મને મરૂત્ પણ ન સમજતો? રખે મને યમ જાણતો હો? તે પણ હું નથી! કૈલાસ પર્વતથી પણ મને જુદોજ જાણજે! મારૂં નામ વરૂણ છે. દેવતાઓએ આપેલાં રત્નોનાં યોગ વડે અભિમાની થઈ પડેલા દુર્બુદ્ધિ રાવણના અંગમાં ગર્વ ન સમાતો હોય તો તે મારી સામે આવે, કે તેનો ઘણા દહાડાનો માતેલો ગર્વ હું એક ઘડીમાં ઉતારૂં." ઇત્યાદિક તેનું બોલવું મેં રાવણ પાસે આવીને નિવેદન કર્યું. તેથી ક્રોધાયમાન થઈ વરૂણની સાથે યુદ્ધ કરવા સારૂ રાવણે આવી તેના નગરને ઘેરો ઘાલ્યો. આ વાતની વરૂણને ખબર પડતાંજ તે, રાજીવ તથા પુન્ડરીક નામના પોતાના બે પુત્રોને સાથે લઇ મહા કોપાયમાન થતો રક્ત લોચને નગરથી બહાર આવી રાવણની સાથે યુદ્ધ કરવા લાગ્યો. એ દારૂણ યુદ્ધમાં રાવણના બનેવી ખરદૂષણને વરૂણના બે પરાક્રમી પુત્રો બાંધીને લઈ ગયા, ત્યારે રાક્ષસોનું સર્વ સૈન્ય દશે દિશાતરફ નાસવા લાગ્યું. તે જોઇને પોતાને કૃતાર્થ માનીને વરૂણ પાછો નગરમાં ગયો. રાવણે પોતાનું સૈન્ય વીખરાઈ ગયેલું જોઈ તેની સહાયતા કરવા સારૂ મને આંહી મોકલ્યો છે; માટે તેને મદદ કરવાને તમારે ચાલવું જોઇએ.

દુતનું બોલવું સાંભળીને રાવણને મદદ કરવા સારૂ પ્રલ્હાદરાજા પોતાનું સૈન્ય સજીને તૈયાર થયો. તે વખતે તેનો પુત્ર પવનંજય બોલ્યો કે, હે પિતાજી! તમારે જવાનું શું પ્રયોજન છે? હું જઈને રાવણનો મનોરથ પૂર્ણ કરી આવીશ. હું પણ તમારો પુત્ર છું! એવી રીતે જેમ તેમ કરી પોતાના પિતાને સમજાવીને પવનંજય રાવણને મદદ કરવા સારૂ ત્યાંથી નિકળ્યો. તે વખતે પોતાનો પતિ પરદેશ જાય છે એવું સાંભળીને તેની સ્ત્રી અંજનસુંદરી જેમ કોઇ દેવી ઝડપથી આકાશથી નીચે ઉતરે તેમ માળપરથી નીચે ઉતરી, પુતળીની માફક બારણાના થાંભલાને અંગ ટેકીને પતિને જોવાની તથા તે તેણીને આજ

તો જરૂર બોલાવશે. એવી ઇચ્છાથી અનમીશ નજરે ઉભી રહી. તે વખતે તેણી પ્રતિપ્રદાના ચંદ્રમા જેવી તેજ રહિત દેખાવા લાગી, તથા નેત્રો ઉપર માથાના કેશ પડવાથી તે એક વિચિત્ર વેશવાળી જણાવવા લાગી. જેના કપાળ ઉપર કંકુ આદિક કાંઇપણ દીઠામાં આવતું નહોતું, તથા જેના હોઠ ઉપર તંબોળની લાલી પણ જરાએ દેખાતી નહોતી, જેની આંખોમાંનું પાણી મુખ ઉપર વહી રહ્યું હતું, તથા જે કેડ ઉપર હાથ રાખીને ઉભી રહેલી હોવાથી તેની શિથિલતાનું સૂચન દર્શાવતી હતી, એવી મહા ખરાબ સ્થિતિથી ઉભી રહેલી અંજનાને પવંનજયે દીઠી; તેથી તે મનમાં કહેવા લાગ્યો કે, આ સ્ત્રી કેવી નિર્લજ છે? તેનામાં બુદ્ધિતો નથીજ? પછી ભય તે કયાંથી હોય? અરે! એને વિષે મેં પ્રથમજ જાણી લીધું હતું, પણ પિતાની આજ્ઞા પાળવા સારૂ મેં એની સાથે લગ્ન કર્યું. પવનંજય પોતાના મનમાં એવા નષ્ટ વિચાર કરી રહ્યો છે, એટલામાં અંજના તેની પાસે આવી, તેના પગમાં માથું ઘાલી, બે હાથ જોડી વિનંતિ કરવા લાગી કે, હે પ્રાણનાથ, આપ સર્વે લોકની સાથે બોલ્યા તથા મળ્યા, તથાપિ મારી સાથે લગાર પણ ન બોલવાનું કારણ શું છે? અરે! તેતો રહ્યું, પણ હવે હું એક વિનંતિ કરૂંછું, તે આપ સ્વીકારશો, તે એ કે, મને કોઇપણ વખતે ભુલી જશો નહીં; તેમજ કાર્ય કરી જલદી પાછા પધારશોં. તમારૂં કલ્યાણ થાઓ, એવો હું આશીર્વાદ દઊંછું. એવાં મહા દીનતા ભરેલાં વચનો બોલનારી બિચારી નિષ્પાપી અંજનાને કાંઇપણ પ્રત્યુત્તર ન દેતાં તેનો અનાદર કરીને પવનંજય ચાલતો થયો. અંજના પતિ વિયોગના દુઃખથી શોકાતુર થઇ, પોતાના મેહેલમાં આવી, ધબ દઇ જમીનપર પડી. પવનંજયે ત્યાંથી નીકળીને સંધ્યા સમયે માનસરોવર ઉપર જઈ મુકામ કર્યો, ત્યાં તેણે ધણીના વિયોગથી પીડાતી એક ચકવીને દીઠી; જે પોતાના આણેલા કમળતંતુ ખાતી નથી, થંડીમાં જેને ગરમી લાગી રહી છે, ચદ્રમાં જેને ભડકા જેવો જોવામાં આવે છે, અને જે કરૂણામય ઉંચાસ્વરે રૂદન કરી રહી છે, એવી તે ચકવીની દુર્દશા જોઇને પવનંજય મનમાં

વિચાર કરવા લાગ્યો કે, આ ચકવી આખો દહાડો તેના ધણીની સાથે ક્રીડા કરે છે. ફક્ત એક રાતનો વિયોગ થયો, તે એનાથી સહન થતો નથી, તો મારી સ્ત્રીને મેં પરણવાના દિવસથી તજી દઈ બીલકુલ બોલાવી નથી, તેમજ આજ નીકળતી વખતે તે મારી પાસે આવી તોપણ મેં તેનો પરસ્ત્રીની પેઠે અનાદર કર્યો, તેથી મારા દુઃખરૂપી ડુંગર તળે દબાઇ રહેલી બિચારી અંજના ઉપર વિયોગરૂપી આ બીજો પર્વત મેં મૂકયો. એટલું બધું દુઃખ તે શી રીતે ખમી શકશે? મારી સોબતનું સુખ આજ દીવસ સુધી તેને ખબરજ નથી. કોણ જાણે હવે તેનું શું થશે? મારા અવિવેકને ધિઃક્કાર છે, ખચિત્! હવે તે તપસ્વિની મરણ પામશે. (જરજરીત નેત્રે આંખમાં આંસુ આવ્યાં છે) અરેરે!! બિચારી એ નિર્દોષી પતિવ્રતાનો આજ દીવસ સુધી મેં જે અનાદર કર્યો, એ પાપના યોગે કોણ જાણે મારી કેવી ગતિ થશે? ઇત્યાદિક શોક કરીને તે સર્વ વૃત્તાંત્ત તેણે પોતાના મિત્ર પ્રહસિતને કહ્યો. કહ્યું છે કે, "પોતાનું દુઃખ કહેવાને પાત્ર મિત્ર વિના બીજો કોઇ નથી." તે સાંભળીને પ્રહસિતે કહ્યું કે, હે પવનંજય, તારા વિયોગથી તથા તેં કરેલા તિરસ્કારથી તે કમળનયની જરૂર આજે મરણ પામશે. હે મિત્ર! હજી પણ તેનું આશ્વાસન કરવાને તું યોગ્ય છે. ત્યાં જઈ તેની સાથે મધુર ભાષણ કરીને પછી પોતાના કામ સારૂ જવું જોઈએ. પોતાના મનમાં હતું તેવુંજ તેના મિત્રે કહ્યું, તેથી તે તેને સાથે લઇને પોતાને ઘેર આવી, અંજનાના બારણા આગળ ઉભો રહી પ્રથમ પ્રહસિતને તેની પાસે મોકલ્યો. તે જઈ જુવે છે તો, થોડા પાણીમાં જેમ માછલું તરફડે, તેમ તે પલંગ ઉપર લોટી રહી છે; હેમ પડ્યાથી જેમ કમળને પીડા થાય, તેમ તેને ચંદ્રની કાન્તિવડે પીડા થઈ રહી છે; અંતઃકરણમાં થએલા સંતાપથી તેના ગળાના હારમાંના મોતી પુટી રહ્યાં છે; મોટા મોટા શ્વાસોશ્વાસ લેવાથી જેના માથાના વાળ ઉડી રહ્યા છે; વિરહથી થએલા ત્રાસને લીધે હાથમાંના કંકણોને ફોડી રહી છે; વસંતતિલકા જે તેની સખી

તે તેને વારંવાર ધૈર્ય દેઈ રહી છે; નેત્રો તથા હૃદય જેનાં શૂન્ય થઈ રહ્યાં છે; એવી લાકડાની પેઠે પલંગ ઉપર પડેલી અંજનસુંદરીને ખરાબ સ્થિતિએ પહોંચેલી તેણે દીઠી. તેમજ અંજનસુંદરીએ પ્રહસિતને પણ દીઠો. તેથી અકસ્માત્ વ્યંતરની પેઠે આ કોણ આવ્યો! એમ બોલી તે કાંઈક ભય પામી. પરંતુ ધૈર્ય ધરી બોલી કેઃ—અરે તું કોણ છે? અહીં આવવાનું કારણ શું? તું કોઇ પરપુરૂષ છે, છતાં આવી અવસ્થામાં પડેલી મને જોવા સારૂ પરસ્રીને ઘેર કેમ આવ્યો છું? એવું તેને કહીને તેણે પોતાની સખી વસંતતિલકાને કહ્યું કે, આનો હાથ ઝાલીને એને બહાર કહાડી મૂક. હું ચંદ્ર જેવી નિર્મળ છતાં એને જોવાને યોગ્ય નથી. વળી હે પુરૂષ! આ ઘરમાં મારા પતિ પવનંજય શિવાય બીજા કોઇને આવવાનો અધિકાર નથી છતાં તું આવ્યો, માટે તું કોણ છે? તે કહે. ત્યારે પ્રહસિત નમસ્કાર કરી બોલ્યો કે, આજે હું મારૂં મોટું ભાગ્ય સમજું છું કે, મેં તને જેમની તેમ જોઈ. ઘણા દિવસથી થએલો પવનંજયનો વિયોગ એક ઘડીકમાં ટળી જઇ તમો બંનેનો આનંદ સહિત સમાગમ થશે. કામદેવ અને વસંતઋતુનો જેવો મિત્રભાવ છે, તેવીજ મારે અને પવનંજયને મિત્રતા છે; તેણે મને આગળથી મોકલ્યો છે, અને પોતે પાછળથી આ આવ્યો એમ સમજ,. જેથી અંજના તેને કહેવા લાગી કે, હે પરપુરૂષ, ફોકટ મારી મશ્કરી કરીને તું મને શા સારૂ પજવે છે, મશ્કરીનો આ વખત નથી. પણ અરે! તેમાં તારો દોષ નથી, એતો મારા પૂર્વ કર્મનાજ વિપાક છે. જો તેમ ન હોત તો મારો કુલીન પતિ મને તરછોડતજ નહીં. લગ્ન દિવસથી આજ બાર વર્ષ થયાં પતિએ મારો પરિત્યાગ કર્યા છતાં હજુ સુધી હું પાપિણી આ પૃથ્વીપર જીવું છું! આવાં તેનાં દુઃખદાયક વચનો બહાર ઉભા રહેલા પવનંજયે સાંભળ્યા, જેથી તેની આંખોમાં આંસુ આવ્યાં અને ધીરજ નહીં ધરી શકવાથી તે એકદમ ઉતાવળો અંદર ગદગદિત કંઠે બોલ્યો કે, હે સ્રિ, તું પરમનિર્દોષ છતાં મેં મૂર્ખે લગ્નના દિવસથી તે આજ પર્યંત

તમે દોષિત ગણી તારી ઉપેક્ષા કરી. તે કેવળ મારી અજ્ઞાનતાજ છે; તથાપિ મારા દોષે કરી તારી આટલી બધી દુર્દશા થઈ છતાં મેં તને આજ જીવતી જોઈ એ હું મારૂં પૂર્ણ ભાગ્ય સમજું છું. આવી રીતે પોતના પતિને પશ્ચાત્તાપ કરતો જોઇ અંજનાસુંદરી પલંગપરથી હાથ ઝાલી ઝટ ઉઠી. તેને પવનંજય જેમ હાથી સુંઢવડે લતાનું ગ્રહણ કરે છે, તેમ પોતાના કરકમળે ઝાલી સાથે લેઈ પલંગપર બેઠો, અને મધૂર વાણીથી કહ્યું કે, હે મારી પ્યારી સ્ત્રી, તું નિરપરાધી છતાં મેં ક્ષુદ્રબુદ્ધિએ તને ઘણું દુઃખ દીધું, તેની મને ક્ષમા કર. આવાં તેનાં પ્યારનાં વચનો સાંભળીને અંજના કહેવા લાગી કે, હે પ્રાણપ્રિય પતિ! આમ કહેવું આપને યોગ્ય નથી. એટલું બોલતાં તે અતિ આનંદમાં આવી થકી ગમે તેમ વર્તવાની ઇચ્છા કરવા લાગ્યાથી પ્રહસિત તથા વસંતતિલકા ત્યાંથી જતાં રહ્યાં, અને પવનંજય તથા અંજનાએ એકાંતસ્થળમાં યથેચ્છ ક્રીડા કરતાં ચાર પ્રહર રાત્રી ગાળી, તે જાણે એક પ્રહરજ વિત્યો હોય એમ જણાઇ. સવાર થતાં પવનંજયે અંજનાને કીધું કે, હે પ્રિયા, આંહીં વધારે વાર થવાથી મારા પિતાને ખબર પડશે માટે હવે હું જય કરવા જઉં છું. આજથી તું તારા મનમાં રંચમાત્ર ખેદ ન કરતાં તારી સખી સહિત *સુખરૂપ રહેજે; રાવણનું કામ કરી હું જલદી પાછો આવીશ. તે સાભળી અંજના બોલી કે, હે સ્વામિન્! આપના બાહુબળથી એ કામ સિદ્ધજ છે, પરંતુ જો મારા જીવની ખપ કરતા હો તો જેમ બને તેમ જલદીજ પાછા પધારજો, કેમકે આજે મેં ઋતુસ્નાન કરેલું હોવાથી જો મને ગર્ભ રહ્યો તો દુષ્ટ લોકો મારા ઉપર દોષારોપણ કરશે; તો પછી મારી શી વલે થશે? પવનંજયે દુષ્ટ લોકોને ખોટો અપવાદ પણ મૂકવાની જગા ન જડે માટે જલદીજ આવવાનું જણાવી, આજે આંહીં આવ્યાની નિશાની તરીકે પોતાના નામની વીંટી તેને આપીને કહ્યું કે, જ્યારે કામ પડે ત્યારે બતાવજે. એવી રીતે અંજનાને સમજાવી પવનંજય પોતાના મિત્ર સહિત માનસ સરોવર ઉપર

ગયો. ત્યાંથી આકાશ માર્ગે પોતાના સર્વ સૈન્ય સહિત લંકા-
નગરીમાં જઇ તેણે રાવણને નમસ્કાર કર્યો, એટલે તરૂણ સૂર્ય
જેવી કાંતિ સહિત રાવણ પોતાના સૈન્ય સહિત પવનંજયને
સાથે લેઇને પાતાલમાં વરૂણની નગરી પાસે આવ્યો.

આંહી તેજ દિવસે અંજનાએ ગર્ભ ધારણ કર્યો. તેના
પ્રતાપથી તેના સર્વ અવયવો શોભાયમાન દેખાવા લાગ્યા, મુખ
તથા ગાલ લાલ થવા લાગ્યા, સ્તનોના મુખનો રંગ કાળો
થવા લાગ્યો, ગતિ અત્યંત મંદ થઇ, નેત્ર સ્વચ્છ નિર્મળ થયાં
તેમજ તેના શરીર ઉપર બીજાં પણ કેટલાએક ગર્ભનાં ચિન્હો
દેખાવા લાગ્યાં. તે જોઇને તેની સાસૂ કેતુમતિ તેને ધિઃક્કારીને
કહેવા લાગી કે, હે અંજના ! બંને કુળને કલંક કરના-
રૂં તેં આ કેવું આચરણ કર્યું છે ? હે પાપિણી, તારો પતિ
દેશાંતરે ગયો છતાં તું કેમ ગર્ભવતી થઇછું ? મારા પુત્રે તને
આજ દિવસ સુધી તરછોડી મૂકી છે તે તારો દોષ જોઇનેજ
મૂકી છે, તેનો દોષ બીલકુલ નથી. તું આવી દુશ્ચારિણી છું
તે અમે આજ દિવસ સુધી જાણ્યું નહોતું. એવી રીતે સાસૂ-
ના વાગ્બાણથી અપમાન પામેલી અંજનાએ વિચાર કરીને પો-
તાની પાસે પોતાનો પતિ આવ્યાની નિશાની માટે જે વીંટી
તેને આપી હતી, તે તેણે સાસૂને બતાવી. તે જોતાંજ તેની
ખાતરી થઈ અને તે લજવાઈ, છતાં તે કળવા ન દેતાં બોલી કે,
હે પાપિણી, જેણે આજ દિવસ સુધી તારૂં નામ પણ લીધું
નથી તેની સાથે તારો સંયોગ કેમ થયો ? આ નિશાની બ-
તાવીને અમને ફસાવે છે કે શું ? જે તારા જેવી વ્યભિચારિણી
સ્ત્રીઓ હોય છે તેઓ એવી ફસાવવાની યુક્તિઓ ઘણી યાદ
રાખે છે. હવે તું મારા ઘરમાંથી હમણાંજ નિકળી તારૂં દીલ
ચાહે ત્યાં જા. તારા બાપને ઘેર જઇ રહે, અમારૂં ઘર તને
રહેવા યોગ્ય નથી. એવી રીતે તેનો તિરસ્કાર કરીને તે રાક્ષસી
જેવી નિર્દય સાસૂએ તેને તેના બાપને. ઘેર પહોંચાડી આવવાનો
સેવકોને હુકમ કર્યો. સેવકોએ અંજનાને તેની દાસી વસંત-
તિલકા સહિત રથમાં બેસાડી માહેંદ્ર રાજાના નગર સમીપે

લાવી ઉતારી મૂકી. તે વખતે તે બિચારી અનાથ અબળાઓને જે દુઃખ થયું તે સેવકોથી જોઇ ખમાયું નહીં તેથી તેમની આંખોમાં પાણી ભરાઈ આવ્યું, પણ તે બિચારા શું કરે. ચાકરે ધણીના હુકમ પ્રમાણે ચાલવુંજ જોઈએ. નિરૂપાયે સેવકો અંજનાની ક્ષમા માંગી તેને નમસ્કાર કરી ત્યાં મૂકી પાછા ફર્યા.

એવા પ્રસંગે સંધ્યા સમય થવા આવ્યો, તે જાણે અંજનાસુંદરી મહા દુઃખરૂપ સમુદ્રમાં ડૂબી થકી ડચકાં ખાવા લાગી તે જોવાઇ ન શકાવાથીજ સૂર્ય આથમી ગયો હોયની! કેમકે, "સાધુથી સાધુની વિપત્તિ જોવાતી નથી." પછી રાત્ર પડી એટલે ત્યાં આગળ મહા ભયાનક ઘુવડ, કોલ્હા, વૃક વિગેરે ઘણા પશુઓની બૂમો સંભળાવા લાગી. વળી જેમ રાક્ષસોની ચીચીઆરી થતી હોય તેમ કાન ફૂટી જાય તેવા વ્યાઘ્રોના શબ્દો સાંભળવામાં આવ્યા. એવા શબ્દો સાંભળતી ભયભીત થઈ થકી અંજનાએ જેમ તેમ મહા દુઃખે કરી તે રાત ત્યાં કહાડી. પ્રાતઃકાળે ઉઠીને લજવાતી લજવાતી ભીખારણીની પેઠે તે પોતાની સખી સહીત પોતાના બાપના ઘર આગળ આવીને ઉભી રહી. ત્યાંના દ્વારપાળોએ તેની આવી અવસ્થા નિહાળીને તેની ખબર જલદીથી જઇને રાજાને કહી. રાજા તેનો વૃત્તાંત્ત સાંભળી લજ્જા પામી નીચું મુખ ઘાલી મનમાં વિચાર કરવા લાગ્યો કે, સ્ત્રીઓનાં ચરિત્રો અચિંત્ય છે, અરે! કુળને કલંક લગાડનારી વ્યભિચારિણી અંજના મારે ઘેર આવી, તેથી મારા કુળને કલંક લાગ્યું. જેમ સફેત વસ્ત્ર ઉપર લગારેક કાજળ લાગ્યાથી તે કપડું દૂષિત થાય છે, તેમ એણે મારા કુળને દૂષણ લગાડયું. એવો ચિંતાગ્રસ્ત ઉતરી ગયેલો રાજાનો ચહેરો જોઈને તેનો પુત્ર પ્રસન્નકીર્તિ કાંઈપણ વિચાર ન કરતાં બોલી ઉઠયો કે, એને જલદી આંહીથી કાઢી મૂકો, એણે આપણા કુળને કલંક લગાડયું. જે આંગળીએ સાપ ડશ્યો હોય તે આંગળી શું બુદ્ધિમાન લોકો કાપી નથી નાંખતા? પુત્રનાં આવાં વચનો સાંભળતાં રાજાને મહા ઉદ્વેગમાં પડેલો જોઈ ત્યાં બેઠેલો મહોત્સાહ નામે મંત્રી તેને કહેવા લાગ્યો કે, હે

રાજા, સાસૂથી દુઃખિત થએલી કન્યાને પિતાના ઘર શિવાય બીજું કોઇપણ શરણુ નથી. એની સાસૂ કેતુમતિ ઘણી ખરાબ છે, એ બિચારી નિરપરાધી છતાં કાંઇપણ અપરાધારોપણ કરીને એને કહાડી મૂકેલી જણાય છે. જ્યાં સુધી એના દોષની બરાબર ખબર પડે ત્યાં સુધી એને છાની રીતે ચાપણા ઘરમાં રાખવી જોઇયે. એવું મંત્રીનું બોલવું સાંભળીને રાજા બોલ્યો કે, હે મંત્રિ, તારી વાત સાચી છે, ઠેકાણે ઠેકાણે સાસૂઓ તો એવીજ હોય છે, તોપણ આ કન્યાના ચિન્હો ઉપરથી જણાય છે કે, એ એનીજ તકસીર હોવી જોઇએ. હમણાં જો હું એને મારા ઘરમાં રાખું તો એનો પતિ પણ એના ઉપર વધારે ક્રોધાયમાન થશે અને આપણી સાથે દ્વેષ રાખશે. એના પતિ પાસેથીજ એણે ગર્ભ ધારણ કર્યો છે, એવું શા ઉપરથી જાણીયે? માટે મારા ધારવા પ્રમાણે સર્વથા એ કન્યા તકસીરવાન છે; કેમકે, તે શિવાય સાસૂ વહુને આવા સમયે કહાડી મૂકે નહીં, માટે એને આંહીથી જલદી કહાડી મૂકવી જોઇએ. ઘણું દુઃખ જોવા કરતાં એકજ દુઃખ જોવું તે સારૂં છે. રાજાના મુખમાંથી આવા ઉદ્ગારો નિકળતાંજ દ્વારપાળોએ અંજનાને ત્યાંથી કહાડી મૂકી. એ પ્રસંગે તે બિચારી નિરપરાધી નારીને એટલું બધું દુઃખ થયું કે તે નગરના લોકો તે જોઇ ન શકવાથી પોતે બહુ રૂદન કરવા લાગ્યા. એ ઉપરથી અંજનાસુંદરીના સંતાપના માપનો અનુભવ બુદ્ધિમાને કરી લેવો. જે વખતે તે રસ્તેથી ચાલવા લાગી, તે વખતની તેની સ્થિતિ જોઇને લોકો કર્મની ગતિને યાદ કરવા લાગ્યા. વળી જેનું ચિત્ત ડોળાઈ ગયું છે, જે ભૂખ અને તરસથી લેવાઈ ગઇ છે, થાક લાગવાથી જે દીન જેવી દેખાય છે, નાસિકામાંથી જે મોટા મોટા શ્વાસોશ્વાસ નાંખે છે, જેની આંખોમાંથી આંસુનો પ્રવાહ ચાલી રહ્યો છે, પગમાં કાંટા વાગવાથી લોહીની ધારા વહી રહી છે, ચાલતી વખતે પગલે પગલે અટકી જાય છે તથા દરેક ઝાડની નીચે જે વિસામો ખાય છે, એવી અંજનાની બૂરી દશા દેખીને તથા તેને સખી સહિત પગે ચાલતી જોઇને જાણે દશ દિશા રડતી હોયની!

એવી દેખાવા લાગી. વળી તે જે જે ગામમાં જાય ત્યાંથી તેને રાજાના સિપાઇએ કાઢી મૂકે; તેથી તે નિરાશ થઇ વિચાર કરવા લાગી કે, આ પૃથ્વીપર મારે રહેવાનું કોઇપણ ઠેકાણું નથી. પછી તે એક મહા ભયંકર વનમાં પર્વત ઉપર જઇ ઝાડની નીચે બેસીને વિલાપ કરવા લાગી. હે મારા કર્મ! તારૂં મેં એટલું બધું શું બગાડયું હતું કે જેથી તું આજ મારો શત્રુ થઈ પડ્યો છે? ઓ મારા માતા પિતા! તમોએ પણ વિચાર કર્યા વિના મને કાઢી મૂકીને મહા દુઃખરૂપ દંડ કર્યો કે? શાસ્ત્રમાં તો પ્રથમ અપરાધ જોઇને પછી દંડ કરવાનું કહ્યું છે. હે કેતુમતિ સાસૂ! તારા કુળને કલંકથી બચાવવા તેં મને ઘરમાંથી કાઢી, એમ કર્યા વિના જરૂર કલંક લાગત કે? વળી મારા બાપે મારા સાસરા સાથે સ્નેહ તૂટી દ્વેષ થવાનો ભય વિચારી મારો તિરસ્કાર કરી પોતાની પાસે મને ન રાખી, એ બધો મારા પ્રારબ્ધનો દોષ છે. જે સ્ત્રી સાસૂથી દુઃખ પામે છે તેને માતા વિના બીજું કોઈપણ ધૈર્ય દેનારૂં નથી. દીકરી ઉપર માતાની ઘણી મમતા હોય છે, એવો સ્વભાવિક નિયમ છતાં પણ મારી માતા તો સર્વથી દુશ્મન થઈ! અરે! મને ચાર મીઠાં વચનોથી તો સમજાવવી હતી. ખરે, પિતાથી પણ અરે માતા તું ઘણી નિર્દય થઈ! હે ભાઇ! તારા ઉપર હું શો દોષ મૂકું? કેમકે પિતા હયાત છતાં પુત્ર ઉપર શો રોષ? હે મારા પ્રાણપ્રિય પતિ! તું તો કેવળ નિર્દોષી છું, કેમકે તને એ વાતની કંઈપણ ખબર નથી અને તું દૂર છું. માટે તારા ઉપરતો કાંઈપણ ધોખો રખાય નહીં. પરંતુ એટલુંતો ખરૂં કે મારા પૂર્વ જન્મના માઠાં કર્મના વિપાકે કરી આ સમયે તારા શિવાય સર્વ પરિવાર મારા શત્રુરૂપે થયાં છે. (આંખમાંથી અખંડ આંસુની ધારા પડતી છતાં દેવને યાદ કરે છે.) હે કર્મ! જળ વિના માછલી ન જીવે તેમ પતિ વિના સ્ત્રી એક ઘડી પણ જીવતી રહેવી ન જોઇએ; તેમ છતાં મને અભાગણીને આટલા દહાડા સુધી તેં કેમ જીવતી રાખી? અદ્યાપિ મને કેમ મોત આવતું નથી? મારા જેવી ભાગ્યહિન

સ્ત્રી આ પૃથ્વીપર બીજી કોઈ પણ નહીં હોય. જગતમાં જેટલાં હીનકર્મી પ્રાણીઓ છે, તે સઘળાંમાં મને મુકુટમણિ રૂપ ગણીએ તો ચાલે. ઇત્યાદિક તે એવા વિલાપો કરવા લાગી કે, જાણે ઘડીકમાં પ્રાણ મૂકી દેશે. તે વખતે તેની સખી વસંતતિલકા તેને ધૈર્ય દઈ કહેવા લાગી કે, હે સ્વામિનિ! સારાં અથવા નરસાં કર્મ જે ઉદયે આવ્યાં હોય, તે ભોગવ્યા વિના છૂટકો નથી. શોક કર્યાથી કાંઇ દુઃખની નિવૃત્તિ થનાર નથી. એવી રીતે સમજાવીને તેને લઇ આગળ ચાલતી થઇ. કેટલેક દૂર ગયા પછી એક ગુફા તેમના દીઠામાં આવી. તેમાં તેઓએ એક અમીતગતિ નામના મુનિને ધ્યાનમાં બેઠેલો જોઈ તેને નમસ્કાર કરીને તેના સામે આવી બને જણીઓ બેઠી. કેટલીક વારે સાધુએ સમાધી ઉતારી ત્યારે તેની સામે બેઠેલી દુઃખની મારી બે અબળાઓ તેના જોવામાં આવી; તેથી તેણે પોતાના બે હસ્ત ઊંચા કરી તેઓને ધર્મલાભ રૂપ આશિષ દીધી. ત્યારે વસંતતિલકાએ ભક્તિ સહિત નમસ્કાર કરીને તેને અથેતિ સુધી અંજનાનો હેવાલ કહી સંભળાવ્યો, અને પૂછ્યું કે, આના ગર્ભમાં કોણ આવ્યો છે? આની આવી અવસ્થા થવાનું કારણ શું? અને એ કયા કર્મથી આવી દુઃખી થઈ છે? તે કૃપા કરી જણાવશો. તેના ઉત્તરમાં મુનિએ જણાવ્યું કેઃ—

"આ જંબુદ્વીપમાંના ભરતક્ષેત્રમાં મંદર નામના નગરમાં પ્રિયનંદી નામની વાણીઆની સ્ત્રી જયાને પેટે પ્રિયંદમ નામનો સર્વ ઇંદ્રીઓને જીતવાવાળો પુત્ર જન્મ્યો હતો. તે એક દિવસ ક્રીડા નિમિત્તે વનમાં ગયો હતો, ત્યાં સ્વાધ્યાય ધ્યાનમાં બેઠેલા નિર્મળ બુદ્ધિના કેટલાએક સાધુઓ તેના જોવામાં આવ્યા. તેમની પાસે જઇને તેણે ધર્મ દેશના સાંભળી, તેથી તેને ભાવ ઉત્પન્ન થવાથી સમ્યક્ત્વાદિક ગુણોને ધારણ કરી, મુનિઓને નિદાન આપી, સંયમી થઈ, આયુષ્ય પૂર્ણ થયે કાળ કરી, ઇશાન દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચવીને મૃગાંક નગરમાં હરિશ્ચંદ્ર રાજાની સ્ત્રી પ્રિયંગુલક્ષ્મીને પેટે સિંહચંદ્ર નામે પુત્ર થયો. ત્યાંથી કાળકરી શ્રી વિમળનાથ સ્વામીના તીર્થમાં વૈતાઢ્ય પર્વત ઉપર અરૂણ નામના નગરમાં સુકંઠ રાજાની સ્ત્રી કનકોદરીને

પેઠે સિંહવાહન નામે પુત્ર થયો. તે કેટલોક કાળ રાજ્ય કરી લક્ષ્મીધર નામના મુનિ પાસે દીક્ષા લેઇ, ઉગ્ર તપ તપી, કાળ કરી લાંતક નામના દેવલોકમાં દેવપણે ઉપન્યો. ત્યાંથી ચવીને આ તારી બાઇ અંજનાના ઉદરમાં આવ્યો છે. એ બાળક મહા ગુણવાન, સર્વ વિદ્યાધરોનો સ્વામી, મોક્ષગામી, તેમજ સર્વ પાપ રહિત છે."

"કનકપુર નગરના રાજા કનકરથને કનકોદરી તથા લક્ષ્મીવતી નામની બે રાણીઓ હતી. તેમાં લક્ષ્મીવતી શ્રાવિકા હોવાથી તે પોતાના ઘરમાં રત્નના જિનબિંબ સ્થાપીને તેની સવાર સાંજ વંદન,. પૂજન, નમસ્કારાદિ ભક્તિ કરતી હતી. એક વખત તેની શોકય કનકોદરીએ દ્વેષ બુદ્ધિએ કરી તે અર્હત ભગવાનની પ્રતિમાને કોઈ ન જાણે એવી રીતે લેઇ જઇ, અપવિત્ર કચરામાં દાટી. તે જયશ્રી નામે સાધ્વીએ ફરતાં ફરતાં ત્યાં આવી પહોંચવાથી દીઠી. તેથી તેણીએ ધિઃક્કારીને કહ્યું કે, અરે! અભાગિણી, આ તેં શું કર્યું? સાક્ષાત્ અર્હત્ ભગવાનની પ્રતિમાને આ અપવિત્ર કચરામાં દાટતાં તારા હાથ કેમ ન ભાંગ્યા? આવા ઘોર કર્મે કરી તું અનેક ભવ ભટકવાને પાત્ર થઇ. એવાં તે સાધ્વીનાં હિતશિક્ષાનાં વચનો સાંભળીને તેને ઘણો પશ્ચાતાપ થવાથી તેણે તે પ્રતિમાને ત્યાંથી કહાડી, નિર્મળ જળવડે નવરાવી સ્વચ્છ કરીને ઘણે પ્રકારે તેની સ્તુતિ કરતા થકી જ્યાંથી લાવી હતી ત્યાં જઇ પાછી પધરાવી. અને તેજ દિવસથી તે જૈનધર્મ અંગીકાર કરી સમ્યક્ત્વનો આશ્રય સ્વીકારી શ્રાવિકા થઇ; પછી કેટલેક કાળે આયુપૂર્ણ થયે ત્યાંથી કાળ કરી સૌધર્મ નામના દેવલોકમાં દેવીપણે ઉપની. ત્યાંથી કાળ કરી ચવીને માહેંદ્ર રાજાની કન્યા અંજના નામે આ તારી સખી થઇ. એણે ઉપર જણાવ્યા પ્રમાણે જિનેશ્વર ભગવાનની પ્રતિમાની આશાતના કરી હતી, તે ઘોર કર્મનું ફળ આ વખતે ઉદય આવ્યું છે; તેમજ તે માઠું કર્મ કરતી વખતે તેં એને મદદ કરી હતી, તેથી તું પણ એની સાથે દુઃખ દેખે છે. તે કર્મ ભોગવ્યા વિના છુટકોજ નથી, જેમાંનું હાલ સુધીમાં ઘણું ભોગવાઇ ગયું છે, અને થોડું ભોગવવાનું બાકી રહ્યું

છે. આજથી તમે જૈનધર્મ અંગીકાર કરો, જેથી દરેક ભવમાં શુભ કર્મની પ્રાપ્તિ થશે, અને આ ભવમાં પણ હવે તમારે ચિંતા કરવી નહીં. એ બાઈનો મામો આંહીં આવીને એને પોતાના ઘેર તેડી જશે અને ત્યારપછી થોડાક દિવસમાં એનો પતિ પણ એને મળશે." એ પ્રમાણે અમીતગતિ મુનિ અંજના અને તેની સખી વસંતતિલકાને કહી તથા તેઓને જૈનધર્મ અંગીકાર કરાવીને આકાશ માર્ગે જતો રહ્યો.

ત્યારપછી જ્યાં તે બિચારી અબળાઓ બેઠી હતી ત્યાં તેમની સામે એક મોટો વિક્રાળ, પૃથ્વી ઉપર પૂંછડું પછાડવાથી જાણે જમીનને ફાડતો હોયની એવો, મુખમાંથી પાડતા બરાડાથી જાણે દશે દિશા ભરાઈ જતી હોયની એવો, કોઇ હાથીને મારીને તેનું લોહી પી આવ્યાથી જેના મુખ ઉપરના લાલ છાંટા હજી ગયા નથી એવો, જેના બંને નેત્રો જાણે દીપકના તેજને જીતી આવ્યા હોયની એવો, વજ્રકંદના જેવી જેની દાઢો છે એવો, કર્વતના જેવા જેના દાંત છે એવો, ગળાના પાછલા ભાગના વાળ જાણે અગ્નિમય હોયની એવો, જેના નખો લોઢાના બનાવેલા હોય એવો તથા જેનું હૃદય પત્થરને પણ લજ્જાયમાન કરતું હોય એવો મહા ભયંકર રૂપવાળો સિંહ આવતો દેખીને તેઓ ભયની મારી કાંપવા લાગી. તેઓ બંને એવી તો બીની કે જાણે જમીનમાંજ પેસતી હોયની! તે વખતને હરિણીએ સિંહને દીઠાની વખતની ઉગમા યોગ્ય છે. તે પ્રસંગે ત્યાંની ગુફાના સ્વામી મણિચૂલ ગંધર્વે આવીને અષ્ટાપદ પશુનું રૂપધારણ કરીને તે સિંહને માર્યો. પછી તે અબળાઓને દીલાસો દેવા સારૂ પોતાના મૂળ રૂપે થઈ શ્રી અર્હત્ ભગવાનના ગુણોની સ્તુતિ કરવા લાગ્યો. મણિચૂલે ધૈર્ય દેવાથી અંજનાસુંદરી સખી સહિત ત્યાં રહી શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિમાની સ્થાપના કરી. તે તેની પૂજા ભક્તિ કરવા લાગી એમ કરતાં કેટલોક કાળ વ્યતીત થયા પછી પૂર્ણ માસ થયે ચૈત્ર વદ ૮ રવિવારને દિવસે અંજનસુંદરીએ, સિંહણ જેમ સિંહને જન્મ આપે, તેમ વજ્ર, અંકુશ તથા ચક્રાદિક ચિન્હે


ચિન્હિત પગવાળા પુત્રને જન્મ આપ્યો. તે વખતે તેનું પ્રસૂત કર્મ તેની સખી વસંતતિલકાએ કર્યું.

તે પુત્રનું મહા તેજસ્વી મુખ નિહાળીને અંજનાસુંદરી મહા દુઃખ ધરતી તેને પોતાના ખોળામાં લેઇને બોલવા લાગી, તે વખતે તેની આંખો આંસુથી ભરાઇ આવી, તે જાણે પોતાના દુઃખનું સૂચનજ તે બાળકને કરતી હોયની! વળી તે એવા કરૂણા-જનક સ્વરથી રડવા લાગી કે, તેનું રૂદન તે ગુફાથી સહન ન થવાને લીધે તે ગુફાજ જાણે રડતી હોયની! એવો *ભાસ થયો.

આ વખતે તેની એવી તો સ્થિતિ થઈ કે, તેના કંઠમાંથી અવાજ પણ નિકળી શકતો નહોતો તોપણ તે પોતાના પુત્રની સામે જોઈને તેને કહેવા લાગી કે, "હે મહાત્મન્, હે મારા પ્રિય પુત્ર, તું મહા પ્રારબ્ધવાન છતાં મજ અભાગ્યણી સ્ત્રીના ઉદરમાં આવ્યાથી જ્યાં કોઇ મનુષ્ય પ્રાણીનું નામજ ન મળે એવા મહા ભયંકર વનમાં મેં તને જન્મ આપ્યો. અરે! જેના જન્મ વખતે ચક્રવર્તી જેવો મહોત્સવ કરવો જોઇએ, તેની આજે એક ભીખારી જેવી દુર્દશા છે! હે મારા પ્રાણપ્રિય પુત્ર, તારો જન્મ મહોત્સવ હું શા વડે કરૂં? એટલું બોલી મોટેથી રૂદન કરવા માંડે છે, એટલામાં તેમની પાસે એક <u>પ્રતિસૂર્ય નામનો</u> વિદ્યાધર આવ્યો, અને અતિ મધુર વાણી વડે તેઓને તેમના દુઃખનું કારણ પૂછવા લાગ્યો; જેથી વસંત-તિલકાએ કાંઇક રૂદન રોકીને તેને અંજનાસુંદરીના લગ્ન દિવસથી તે પુત્ર જન્મ સુધીનો સર્વ વૃત્તાંત નિવેદન કર્યો. તેની હકીકત સાંભળતાં સાંભળતાં પ્રતિસૂર્યની આંખોમાં પાણી ભરા-વા લાગ્યું અને આખરે તે સાંભળવું સહન ન થઈ શકવાથી તે રડી પડ્યો. થોડી વારે કાંઇક વિચાર કરીને તે બોલ્યો કે, હે દુઃખ રૂપી સમુદ્રમાં બુડેલી બાઇઓ! હું કોણ છું, તે તમે જાણતા નથી. હનુપુરના રાજા ચિત્રભાનુની સ્ત્રી સુંદરીમા-લાને ઉદરે ઉત્પન્ન થયેલો હું પ્રતિસૂર્ય નામે વિદ્યાધર છું.

---


* આ ઉત્પ્રેક્ષા દેવાલયો અને ગુફા આદિકમાં પ્રતિધ્વનિ થાય છે તેને અનુસારે ગ્રંથ કર્તાએ મૂકી છે.



પવનંજય.
અંજનસુંદરી.
પ્રહસિત
પવનંજય
ચક્વી
પવનંજય
પ્રહસિત
અંજન સુંદરી.
વસંતતિલકા
પવનંજય
અંજનસુંદરી
પ્રતિસૂર્ય
અંજનસુંદરી
હનુમાનં જન્મ.

(વસંતતિલકાના સામે જોઈને) આ તારી અંજના સખીની માતાનો હું માનસવેગ નામનો ભાઈ છું. આવા સમયે એને મેં આજ દીઠી તેથી હું મારૂં મોટું ભાગ્ય સમજું છું. દૈવયોગે આ વખતે જો હું આંહી આવ્યો ન હોતતો આ બિચારી રાંકડીની શી વલે થાત ! એમ બોલી તેણે ઘણો દિલાસો દીધો. અંજનાસુંદરી શુદ્ધિમાં આવી, અને આ મારો માસો છે એમ જાણ્યું તેથી તે પ્રથમના કરતાં પણ વિશેષ રડવા લાગી, કેમકે એવો સ્વભાવિક નિયમ છે કે, દુઃખની વખતે પોતાનો હેતુ મળવાથી દુઃખનું પુનઃ સ્મરણ થાય છે. તેના મામાએ તેને ધીરજ દેઇ છાની રાખી અને તેની સાથે આવેલા કોઇ નિમિત્તિઆને તે બાળકના જન્મ લગ્ન વિશે પૂછ્યું. નિમિત્તિઆએ નીચે મુજબ જન્મ કુંડળી કહાડી કહ્યું કે,

હનુમાનની જન્મ કુંડળી.



આજ ચૈત્ર વદ ૮ ને દિવસનો સ્વામી સૂર્ય છે, શ્રવણ નક્ષત્ર છે, મેષ લગ્નનો સૂર્ય ઊચ્ચ ભવને, મકરનો ચંદ્ર મધ્ય ભવને, વૃષભ રાશીનો મંગળ મધ્ય ભવને, મીનનો બુધ મધ્ય ભવને, કર્કનો ગુરૂ ત્રિકોણ ઊચ્ચ સ્થાનકે, મીનનો શુક્ર ઊચ્ચ સ્થાનકે, તેમજ શની પણ એજ સ્થાનકે છે, મીન લગ્ન અને બ્રહ્મ યોગ છે, એ બધા ઘણા શુભકારક છે. આ બાળક મોટો પૃથ્વીપતિ અને મહા ધર્માત્મા થશે. વળી તે આજ ભવમાં મોક્ષે જશે. નિમિત્તિઆએ આ પ્રમાણે તેનું ભવિષ્ય અતિ ઉત્તમ બતાવ્યાથી પ્રતિસૂર્ય વિગેરે સર્વે ઘણા ખુશી થયા. પછી તે પોતાની ભાણેજી અંજનાસુંદરીને તેના બાળક તથા સખી સહિત પોતાના વિમાનમાં બેસાડીને ત્યાંથી પોતાના નગર તરફ જવા માટે નીકળ્યો, આકાશ માર્ગે ચાલતાં તે વિમાનને રત્નોની ઘુઘરીઓ બાંધેલી હતી, તેની રાતી કાન્તિ જમીન ઉપર તથા વિમાનની આસપાસ પડવા લાગી, તે જોઇને એ બાળક એને લેવા સારૂ ઉતાવળો થયો, તેથી તે તેની માતા અંજન-સુંદરીના ખોળામાંથી ઉછળીને એક શિખરના પર્વત ઉપર જઈ પડ્યો. તે જાણે આકાશમાંથી વજ્ર પડ્યો હોયની! પર્વત ઉપર એના પડવાથી પથ્થરના કકડે કકડા થઇ ગયા. અંજનસુંદરી બાળક નીચે પડી જવાથી ઘાડ સ્વરે રૂદન કરતી છાતી કૂટવા લાગી. પ્રતિસૂર્ય બાળકને લેવા માટે વિમાનમાંથી નીચે ઉતરી પર્વત ઉપર ગયો, તો ત્યાં તે બાળકને કાંઇ પણ વાગ્યા વગ-રનો જેમનો તેમ ત્યાં પડેલો દીઠો. ત્યાંથી તેને ઊંચકી લઇને વિમાનમાં આવી અંજનાસુંદરીને આપ્યો તેથી તે ઘણી ખુશી થઈ. પછી વિમાનને પવન વેગે ચલાવી તે પોતાના હનુ નામ-ના નગરમાં આવ્યો અને બાળક સહિત પોતાની ભાણેજીને નીચે ઉતારી. તે વખતે તે જાણે કે કોઈ કુળદેવી હોયની! એવી દેખાવા લાગી. પછી તેની મામીએ આવી તેને ઘરમાં તેડી જઇને તેનો સારી રીતે આદર સત્કાર કર્યો. જન્મ્યા પછી તરતજ પ્રથમ એ બાળક હનુપુરમાં આવ્યો તેથી તેની મા-તાએ એનું નામ હનુમાન પાડ્યું, તથા વિમાનમાંથી પડતાં

શૈલને તોડ્યો, તેથી તેનું બીજું નામ શ્રીશૈલ રાખ્યું. દિવસે દિવસે તે બાળક મોટો થતો હનુપુરમાં જેમ માનસરોવરના કમલી વનમાં રાજહંસના બાળકો ક્રીડા કરે તેમ યથેચ્છ ક્રીડા કરવા લાગ્યો. અંજનાસુંદરી હમેશાં તેના ઉપર તેની સાસૂએ મૂકેલો દોષ કયારે નિવારણ થશે, એવો વિચાર કરતી ત્યાં દિવસ નિર્ગમન કરવા લાગી.

રાવણની મદદે પવનંજય ગયો હતો, તેણે વરૂણની સાથે સલાહ કરીને તેની પાસેથી ખરદૂષણને છોડાવીને રાવણને રાજી કર્યો. પછી તેને લંકામાં પહોંચતો કરીને તેની આજ્ઞા લઈ તે પોતાના નગરમાં આવ્યો. પોતાના માતા પિતા વિગેરેને યથાયોગ્ય નમસ્કાર કરીને તથા વરૂણ સાથે સલાહ કરાવી ખરદૂષણને છોડાવી રાવણને રાજી કર્યાની સર્વ હકીકત નિવેદન કરીને તે અંજનાના મહેલમાં આવ્યો. ત્યાં તેને કાન્તિ રહિત ચંદ્રમાની પેઠે તેનું ઘર નિસ્તેજ માલમ પડયું, તેથી તે શોકાતુર થયો. એટલામાં ત્યાં આગળ એક સ્ત્રી તેની નજરે પડી. તેથી તેને પૂછવા લાગ્યો કે, હે સ્ત્રી, જેની મુખમુદ્રા જોવાથી મનને આનંદ થાય અને જેનું દર્શન નેત્રોને અમૃત તુલ્ય લાગે, એવી મારી અંજના કયાં ગઈ? સ્ત્રીએ જણાવ્યું કે, હે પવનંજય, તારા ગયા પછી કેટલેક દિવસે અંજના ગર્ભવતી થઇ છે એવું માલમ પડવાથી તારી માતાએ તેને દૂષણ દઈ કહાડી મૂકવાથી પાપરૂપી તારા સેવકો તેને વિમાનમાં બેસાડી લઈ જઈ તારા સસરાના માહેંદ્ર નગરની ભાગોળે મૂકી આવ્યા.— એવું સાંભળતાંજ તે સ્ત્રીની શોધ કરવા સારૂ કબુતરની પેઠે વાયુ વેગે માહેંદ્ર નગરમાં ગયો. ત્યાં તપાસ કરતાં તેને સ્ત્રીનો પત્તો મળ્યો નહીં, તેથી કોઈ એક સ્ત્રીને પૂછયું કે, મારી અંજના અહીં આવી હતી કે નહીં? તેણીએ કહ્યું કે, તે પોતાની સખી સહિત અહીં આવી હતી, પરંતુ તેના દુઃશીલપણાને લીધે તેના પિતાએ તેને કહાડી મૂકી. એ શબ્દો એને વજ્રાઘાત જેવા લાગ્યા. પછી ત્યાંથી નીકળી તે તેની શોધ કરવા સારૂ પોતાના પ્રહસિત મિત્રને સાથે લઈ પર્વતો તથા

વનોમાં ફરવા લાગ્યો, તથાપિ કાંઈપણ પત્તો મળ્યો નહીં. તેથી તે શાપ વડે ભ્રષ્ટ થએલા દેવતાની પેઠે ખેદ પામીને પ્રહસિતને કહેવા લાગ્યો કે, અંજનાની મેં આટલી બધી શોધ કરી તોપણ હજુ સુધી તેનો કાંઈ પત્તો માલમ પડતો નથી. છતાં પણ હજુ તેની કેટલેક સ્થળે શોધ કરવાની મારા મનમાં ઉત્કંઠા છે, તે મુજબ શોધ કરતાં છતાં પણ જો તેમને નહીં મળે તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ. આ વૃત્તાંત તું મારા માતા પિતાને કહેજે. એમ કહી તેણે પ્રહસિતને વિદાય કર્યો. તેણે આદિત્યપુરમાં જઇને તેના પિતા પ્રલ્હાદ તથા તેની માતા કેતુમતિને પવનંજયની સર્વ હકીકત જણાવી. તે સાંભળીને તત્કાળ મૂર્છા પામી જમીન ઉપર પડી. દાસી વર્ગ વિગેરેએ ઉપચાર કરવાથી કેટલીક વખતે તે કાંઈક શુદ્ધિમાં આવી બોલવા લાગી.

હે પ્રહસિત, અગ્નિમાં પ્રવેશ કરવાનો પવનંજયે પાકો નિશ્ચય કર્યો છે કે? ત્યારે તું એ તારા પરમ પ્રિય મિત્રને એવી સ્થિતિમાં એકલો વનમાં મૂકીને અહીં શા સારૂ આવ્યો! અરે! એમાં બીજા કોઇનો દોષ નથી. એ વિપરીત કાર્યનું કારણ હુંજ અભાગણી છું. મેં પાપિણીએ બિચારી નિર્દોષી વહુને વિના પ્રયોજને કહાડી મૂકી, તેથીજ આ ખોટા પરિણામના ચિન્હો દીઠામાં આવે છે. તે સાધ્વી ઉપર મેં ખોટો દોષારોપણ કર્યો, તેનુંજ મને આ ફળ મળે છે. કહ્યું છે કે, "અતિ પ્રબળ ભાવે પુન્ય અથવા પાપ કર્યું હોય તેનું ફળ તત્કાળ પ્રાપ્ત થાય છે." એવી રીતે વિલાપ કરતી કેતુમતિ મોટેથી રૂદન કરવા લાગી. પ્રલ્હાદ રાજાએ તેને નાના પ્રકારે સમજાવી છાની રાખી, પુત્ર તથા પુત્રવધૂની શોધ કરવા સારૂ દેશોદેશ દુતો મોકલ્યા; તેમજ પોતે પણ સૈન્ય લેઇ નિકળ્યો. તે કેટલેક દિવસે ફરતાં ફરતાં ભૂતવન નામના વનમાં જઈ પહોંચ્યો. ત્યાં તેણે પોતાના પુત્ર પવનંજયને ચિતા રચી તેની આગળ ઉભો રહી, નીચે મુજબ બોલતો સાંભળ્યો. "હે વન દેવતાઓ, વિદ્યાધરેંદ્ર પ્રલ્હાદ તથા કેતુમતિનો હું પુત્ર છું; અંજના નામની

મારી પતિવ્રતા સ્ત્રી નિર્દોષી છતાં તેને મેં કુબુદ્ધિએ લગ્ન દિવસથી ત્યાગ કરી ઘણું દુઃખ દીધું. કેટલાક કાળ પછી મેં કર્માનુયોગે રાવણના કામ માટે જવા સારૂ ઘેરથી નિકળતાં તેનો તિરસ્કાર કરી પ્રયાણ કર્યું. પરંતુ પ્રથમ મુકામ થતાંજ દૈવયોગે હું મારો દોષ સમજ્યો તેથી પશ્ચાતાપ કરતો ત્યાંથી રાત્રે મારા મિત્ર પ્રહસિતને સાથે લેઈ જેમ કોઇ ન જાણે તેમ નગરમાં પાછો આવી મારી સ્ત્રીના મહેલમાં હું ગયો અને ત્યાં તેની સાથે રમમાણ થયો. સવાર થતાં મારા પિતાદિક કોઇને પણ ખબર ન પડવા દેતાં મારા આવ્યાની નિશાની રૂપ મારી વીંટી તેને આપીને હું ત્યાંથી નિકળીને જ્યાં અમે મુકામ કર્યો હતો ત્યાં પાછો ગયો. મારી સ્ત્રી તે દિવસથી ગર્ભવતી થઇ, તેના ઉપર દોષારોપણ કરીને મારી માતુશ્રીએ તેને કહાડી મૂકી છે. રાવણનું કામ કરી હું ઘેર આવ્યા પછી એ વાતની મને ખબર પડતાંજ ત્યાંથી નિકળી ઘણે સ્થળે મેં તેની શોધ કરી પણ તે મળી નહીં. કોણ જાણે એ ક્યાં છે? એવી રીતે તે બિચારી કેવળ નિર્દોષી છતાં તેને આવું સંકટ આવી પડયું છે, જે હું સહન કરી શકતો નથી. તેને દુઃખ થવાનું કારણ માત્ર મારૂં અજ્ઞાન છે. મારા જેવો પતિ જીવતો છતાં તેની સ્ત્રી દુઃખ પામે, તેથી મને ધિઃક્કાર છે. એવા પશ્ચાતાપે કરી સર્વ પૃથ્વી ઉપર મેં તેની શોધ કરી પણ જેમ રત્નોની ખાણમાં રત્ન શોધ્યું મળે નહીં તેમ તેનો કયાંય પણ પત્તો મળ્યો નહીં. હવે જો હું જીવતો રહ્યો તો એ નિર્દોષી સદ્ગુણી સ્ત્રીનો વિરહ મને જન્માંત સુધી સાલશે, માટે એ જીવ્યાથી મરવું ભલું છે. એમ જાણીને આ મારા શરીરને આ અગ્નિમાં બાળી નાંખું છું." હવે પછી તે મારી સ્ત્રી જો તમારા દીઠામાં આવે તો તેને કહેજો કે, તારો પતિ પવનંજય તારા વિયોગે કરી બળી મુવો. એ પ્રમાણે કહીને તે ચિતામાં પડવા સારૂ ઊંચો ઉછળી કુંદકો મારવા જાય છે તે વખતે ત્યાં આવેલા પ્રલ્હાદરાજાએ તેનો બોલેબોલ સાંભળ્યો હતો તેણે ઘણી ઝડપથી જઇ તેને પોતાની બાથમાં ઘાલ્યો.

પવનંજય એકદમ ચકિત થઈ બોલ્યો કે, સ્ત્રીના વિયોગથી થએલા દુઃખનો પ્રતિકાર જે આ મૃત્યુ તેમાં આ વિઘ્ન કેવું? તે વેળા પ્રલ્હાદની આંખોમાં પાણી ભરાઈ આવ્યું અને તે કહેવા લાગ્યો કે, એ હું તારો પાપી પિતા છું. તારી નિર્દોષી સ્ત્રીને કહાડી મૂકી, તેનું કારણ માત્ર તારી માતાનું કરેલું અઘટિત કૃત્ય છે. તું મહા બુદ્ધિમાન છતાં આવું ઘોર કર્મ કરવા યોગ્ય નથી. તારી સ્ત્રીની શોધ કરવા સારૂ મેં હજારો વિદ્યાધરોને દેશેદેશ મોકલ્યા છે, તેઓ પાછા આવે ત્યાં સુધી તું વિલંબ કર. એ પ્રમાણે પ્રલ્હાદ પોતાના પુત્રને સમજાવવા લાગ્યો. અંજનાની શોધ કરવા સારૂ ગયેલા વિદ્યાધરો ફરતા ફરતા હનુપુરમાં આવી પહોંચ્યા. ત્યાં તેમણે પ્રતિસૂર્યની પાસે પવનંજયનો સર્વ વૃત્તાંત કહેતાં જણાવ્યું કે, તે જ્યારે રાવણનું કાર્ય કરી પાછો આવ્યો ત્યારે તેણે અંજનસુંદરીની હકીકત જાણી તેથી તે તત્કાળ તેની શોધ કરવા નિકળ્યો. પરંતુ તેનો કોઈપણ સ્થળે પત્તો મળ્યો નહીં, તેથી તેણે અગ્નિમાં પ્રવેશ કરી બળી મરવાનો નિશ્ચય કર્યો છે. આ વાત ત્યાં પાસે બેઠેલી અંજનાએ સાંભળી તેવીજ ગાઢ સ્વરે બોલી કે, આ વિષ જેવા વાકયો મારા હૃદયમાં પેસતાંજ હું નષ્ટ થઈ છું. એમ કહી મૂર્છા ખાઇ પૃથ્વીપર ઢળી પડી. પછી તેની સખીઓએ ચંદનનું પાણી તેના અંગ ઉપર છાંટી તથા પવન નાંખી તેને સજ્જ કરી. કેટલોક વખત વીત્યા પછી તે સાવધ થઈ ઉઠીને દીનસ્વરે રડતી રડતી બોલી કેઃ—પતિવ્રતા સ્ત્રી પતિના શોકથી અગ્નિમાં પ્રવેશ કરે; કેમકે, સ્ત્રીએ પતિ વિના જીવતી રહેવું એ દુઃખનું કારણ થાય છે, એ યોગ્ય છે. પણ હજારો સ્ત્રીઓને ભોગવવાળા ભર્ત્તાએ એક સ્ત્રીને માટે આટલો બધો શોક કરવો એ ઉચિત નથી. સ્ત્રીના વિયોગથી પુરૂષે અગ્નિ પ્રવેશ કરવો એ અયોગ્ય છે. માટે હે મારા પ્રાણપ્રિય પતિ, આવું અઘટિત કૃત્ય તેં કેમ આદર્યું છે? હું સ્ત્રી છતાં તારા વિરહની વેદના વેઠતી આજ દિવસ સુધી જીવતી રહી, તો તું પુરૂષ છતાં આટલી બધી હિમ્મત કેમ હારી ગયો છું?

આપણ બેની વચ્ચે નીલમણિ તથા કાચમણિ જેટલું અંતર છે. હું અલ્પ સત્વ છું, અને તું તો મહા સત્યવાન છું. એ વાતમાં મારા સાસૂ સસરાનો તેમજ મારા માબાપનો દોષ નથી. કેવલ મજ અભાગણિના કર્મનોજ દોષ છે.

આ પ્રમાણે અતિ શોક કરતી અંજનાને નિહાળીને પ્રતિસૂર્ય તેના પુત્ર સહિત તેને પોતાના વિમાનમાં બેસાડી પવનંજયની શોધ સારૂ હનુપુરથી નિકળ્યો. તે ફરતાં ફરતાં જ્યાં ભૂતવનમાં ચિતા રચી પવનંજય બળી મરવા તૈયાર થયો હતો ત્યાં આવી પહોંચ્યો. તેને પ્રહસિતે દીઠો, તેવોજ તે પ્રલ્હાદ પાસે જઈ કહેવા લાગ્યો કે, પુત્ર સહિત અંજનાને તેનો મામો વિમાનમાં બેસાડી આંહીં તેડી લાવ્યો છે. એટલામાં વિમાન પાસે આવતાંજ અંજનસુંદરીએ નીચે ઉતરી પ્રલ્હાદને નમસ્કાર કર્યો. પછી પ્રતિસૂર્ય પણ પ્રલ્હાદ રાજાને ઘણી પ્રીતિવડે મળ્યો. હનુમાનને પ્રલ્હાદ રાજા પોતાના ખોળામાં બેસાડી ગદગદ કંઠ થયો થકો પ્રતિસૂર્યની સામે જોઈને કહેવા લાગ્યોઃ—હે પ્રતિસૂર્ય રાજા, કુટુંબ સહિત દુઃખરૂપ સમુદ્રમાં ડુબનારો જે હું, તેને તેં ઘણી કૃપા કરીને ઉગારયો, તેથી હું મારૂં મોટું ભાગ્ય સમજું છું. મારા સંતાનને કારણભૂત જે આ બિચારી નિર્દોષી સાધ્વી, તેને મેં નાહક કહાડી મૂકી. પરંતુ તેં એનું સારી રીતે રક્ષણ કર્યું તેથી તને ધન્ય છે. દુઃખના વખતે સમુદ્રની પેઠે તું પાછો ફર્યો, તેથી હું તારો આભારી થયો છું. એ બધું જોઈને પવનંજયના કોપની શાન્તિ થઈ ગઇ ને તે મનમાં રાજી થયો. પછી સર્વે વિદ્યાધરો ત્યાંથી નિકળી અતિ ઉત્સાહ પૂર્વક પોતપોતાના વિમાનોમાં બેસીને હનુપુરમાં આવ્યા. માહેંદ્ર રાજા પણ ઘણો ઉતાવળો ત્યાં આવી પહોંચ્યો તથા અંજનાની સાસૂ કેતુમતી દેવી તથા ભાઇઓ વીગેરે પણ ત્યાં આવ્યાં. પછી ત્યાં મોટો ઓત્સવ કર્યો. એ બધું થઈ રહ્યા પછી સર્વ વિદ્યાધરો પોતપોતાને સ્થાનકે ગયા. માત્ર અંજના તથા પુત્ર સહિત પવનંજય ત્યાંજ રહ્યા. હનુમાન પોતાના પિતાના હાથ તળે ત્યાં

ઉછર્યો. આસ્તે આસ્તે તે વિદ્યા શિખતાં સર્વ શસ્ત્ર શાસ્ત્રોમાં કુશળ થયો. ક્રમે કરી સૂર્ય સમાન કાંતિવાળો હનુમાન યૌવનાવસ્થા પામ્યો.

લંકામાં રાવણ વરૂણની મિત્રતામાં દૂષણ ઉપજાવીને ક્રોધાયમાન થઈ તેને જીતવા સારૂ સ્થેમ નામના પર્વત ઉપર ગયો. તેણે જે જે વિદ્યાધરોને બોલાવવા સારૂ દૂતો મોકલ્યા હતા તે સર્વે આવીને તેને મળ્યાં. તેમજ પવનંજય તથા પ્રતિસૂર્ય પણ તેની પાસે આવવાને નિકળ્યા. તે વખતે હનુમાન તેમને કહેવા લાગ્યો કે, હું છતાં તમારે જવાની જરૂર નથી. હું શત્રુઓને જીતી આવીશ. પાસે તીક્ષણ શસ્ત્ર છતાં કોઈ હાથે કરી મારશે કે? હું બાળક છું તેથી તમે મારા ઉપર દયા આણતા હશો, પરંતુ પરાક્રમમાં વયનું પ્રમાણ નથી. એ પ્રમાણે મોટા આગ્રહથી તેમને રોકીને તથા તેમની રજા લેઇને હનુમાન રાવણની મદદે જવા સારૂ નિકળ્યો. એ વખતે તેના પિતાએ તથા મામાએ તેનું મસ્તક ચુંબન કર્યું. તેની સાથે હજારો ગમે સૈન્ય નિકળ્યું. તેને લેઈ મહા પરાક્રમી હનુમાન રાવણના સૈન્યમાં આવી પહોંચ્યો. તેને જોઈ જાણે પોતાનો જયજ આવી મળ્યો હોયની! એમ માની રાવણ મનમાં રાજી થયો. હનુમાને રાવણને નમસ્કાર કર્યો, ત્યારે રાવણે તેને પોતાના ખોળામાં બેસાડી તેનો ઘણો આદરસત્કાર કર્યો. પછી તેને સાથે લેઈ પોતાના સૈન્ય સહિત રાવણ પાતાલમાં વરૂણ રાજાની નગરી સમીપ આવી પહોંચ્યો. રાવણ આવ્યો જાણીને વરૂણ પોતાના બે પુત્રો સહિત સૈન્ય લેઈ નગર બહાર નિકળ્યો. ત્યાં વરૂણના પુત્રો પ્રથમ રાવણની સાથે યુદ્ધ કરવા લાગ્યા અને વરૂણ સુગ્રીવાદિક શૂરવીરોની સાથે લડવા લાગ્યો. મહા પરાક્રમી વરૂણના પુત્ર પોતાના નેત્રો રાતા કરીને જેમ ડુક્કરને કુતરાં દુઃખ દે, તેમ રાવણને દુઃખ દેવા લાગ્યા. એટલામાં જેમ સિંહ હાથીની સામે આવે તેમ મહા ક્રોધ કરતા હનુમાને તેમની સામે આવી પોતાની વિદ્યાના સામર્થ્ય વડે તેઓને પશુની પેઠે બાંધી લીધા. એ વાતની વરૂણને ખબર પડતાંજ

તે કોપાયમાન થયો થકો જેમ હાથી રસ્તામાંના ઝાડો તોડી પાડે તેમ સુગ્રીવાદિક સુભટોને દૂર કરીને હનુમાન ઉપર દોડ્યો. તેને જેમ નદીના વેગને પર્વત રોકે, તેમ રાવણે બાણોનો વરસાદ કરી વચ્ચે અટકાવી મુકયો. તે વખતે બળદની સામે બળદ તથા હાથીની સામે હાથી લડે તેમ રાવણ તથા વરૂણ પરસ્પર લડવા લાગ્યા. એ પ્રમાણે લડતાં લડતાં રાવણે વરૂણને વ્યાકુળ કરી, પૂર્વે કુદકો મારી ઈંદ્ર રાજાને બાંધી લીધો હતો, તેમજ તેને બાંધી લીધો. તે વખત સર્વ સૈન્યમાં જય જયકાર શબ્દ થવા લાગ્યો. પછી રાવણ પોતાના સ્થાનક ઉપર ગયો. ત્યારે વરૂણ રાજાએ પોતાના પુત્રો સહિત તેને નમસ્કાર કર્યો. તેથી રાવણે તેઓને છોડી મૂકયા. કહ્યું છે કે, "મોટા પુરૂષોનો કોપ માત્ર નમ્રતાએ કરી જાય છે." પછી વરૂણ રાજાએ હનુમાનને મહા પરાક્રમી જોઇને તેને પોતાની સત્યવતી નામની કન્યા આપી. ત્યાર પછી રાવણ પોતાના સૈન્ય સહિત લંકામાં આવ્યો. ત્યાં તેણે પોતાની ચંદ્રનખા બેનની કનકકુશલા નામની કન્યાને હનુમાન સાથે પરણાવી. સુગ્રીવે પોતાની પદ્મરાગા નામની કન્યા અને હરિનીલ વિદ્યાધરે માલિની નામની કન્યા તેને આપી. તેમજ બીજા હજારો વિદ્યાધરોએ પોતાની હજારો કન્યાઓ તેને પરણાવી દીધી. પછી અતિ આનંદ વડે રાવણની રજા લેઇને પોતાની સર્વ સ્ત્રીઓ સહિત હનુમાન હનુપુરમાં આવ્યો તેમજ સુગ્રીવાદિક બીજા વિદ્યાધરો પણ રાવણની રજા લેઈ પોતપોતાને સ્થાનકે ગયા.

મનહરછંદ.

રામચંદ્ર ચરિત્રનો, તૃતીય સર્ગ પૂરો થયો;
પવનંજય અંજનાનો, સંબંધ સબળ કહ્યો;
હનુમાન જન્મ લહ્યો, વરૂણનો મદ દહ્યો;
હેમ સુરી મુખ થકી, કરૂણારસ ભાવ છયો.

• ઇત્યાચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિતે ત્રિષષ્ઠિ શિલાકા પુરૂષ ચરિતે મહાકાવ્યે સપ્તમ પર્વણી હનુમાન જન્મ નામ તૃતીયઃ સર્ગઃ ૩

અથ શ્રી ચતુર્થ સર્ગ પ્રારભ્યતે.

મિથિલા નામની નગરીમાં હરિવંશને વિષે વાસવકેતુ નામના રાજાની સ્ત્રી વિપુલાને પેટે જનક નામે ઘણો પ્રખ્યાત પુત્ર પેદા થયો. તે પોતાની પ્રજાને પુત્રની પેઠે પાળી પોતાનું જનક નામ દીપાવતો હતો, તેથી પૃથ્વી ઉપર તેની ઘણી વિખ્યાતી થઈ.

અયોધ્યા નામના નગરમાં શ્રી ઋષભદેવ સ્વામીથી ચાલેલી વંશ પરંપરામાંના આદિત્ય વંશમાંના કેટલાક રાજાઓ મોક્ષે અને કેટલાક સ્વર્ગે ગયા. એ પ્રમાણે અનુક્રમે વંશાવળી ચાલતાં વીશમાં તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીના તીર્થને વિષે એક વિજય નામે રાજા થયો. તેની સ્ત્રી હિમચુલાને પેટે વજ્રબાહુ તથા પુરંદર નામના બે પુત્ર થયા. વજ્રબાહુ નાગપુર નામના નગરના રાજા ઈભવાહનની સ્ત્રી ચૂડામણિને પેટે પેદા થએલી મનોરમા નામની કન્યાને પરણી, તેને તથા પોતાના સાળા ઉદયસુંદરને સાથે લેઇ જતાં રસ્તામાં ઉદયાચલ પર્વત ઉપર બેઠેલા ગુણસાગર નામના એક મુનિને તેણે દીઠા. સૂર્ય સમાન જેની કાંતી છે, મોક્ષ માર્ગના સાધન ભૂત તપના તેજ વડે જે શોભી રહ્યા છે, એવા તે મુનિને નિહાળીને મોર જેમ મેઘને જોઇ રાજી થાય તેમ તે મનમાં ઘણો રાજી થયો, અને ત્યાં આગળ પોતાનો ઘોડો ઉભો રાખી તે બોલ્યો કે:–

"આંહી કોઈ મહામુનિ વંદના કરવા યોગ્ય છે. ચિંતામણિની પેઠે મહા પુન્યાનુયોગે આજ મને એનાં દર્શન થયાં છે." વજ્રબાહુનું એવું બોલવું સાંભળીને તેનો સાળો ઉદયસુંદર તેને કહેવા લાગ્યો કે, કેમ તમારા દીક્ષા લેવાના ભાવ થયા છે કે શું? ત્યારે તેણે જણાવ્યું કે, હા, મારા મનમાં એમજ છે. જેથી ઉદયસુંદરે ફરી મસ્કરીથી કહ્યું કે, હવે વિલંબ શા સારૂ કરવો જોઇએ, એ કામમાં હું પણ તને સહાય છું. ત્યારે વજ્રબાહુએ તેને કીધું કે, તું પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરીશ નહીં. ઉદયસુંદરે કહ્યું, ઠીક છે, ભંગ નહીં કરૂં. પછી તે ઘોડા

ઉપરથી ઉતરી સર્વને સાથે લેઇને પર્વત તરફ ચાલ્યો.* આ પ્રમાણે વજ્રબાહુનો દૃઢ નિશ્ચય જોઈ ઉદયસુંદરને ધાસ્તી લાગવાથી તે તેને કહેવા લાગ્યો કે, હે વજ્રબાહુ રાજા, હું તો કેવલ તમારી સાથે મશ્કરી કરતો હતો, તમારે દીક્ષા લેવી જોઇએ નહીં. મારા બોલવાને ધિક્કાર છે. આપણુ બેની વચ્ચે જે બોલવું થયું છે તે માત્ર મશ્કરીનુંજ છે, એમાંનુ કાંઇ પણુ સાચું સમજવું નહીં. વીવાહના ગીતોની પેઠે મશ્કરી પણુ સાચી સમજવી નહીં. હવે પછી તું અમારા સર્વ દુઃખમાં સહાય થઇશ. આ વખતે અમારા કુળના સર્વ મનોરથનો તું ત્યાગ કરાવ નહીં. હજી તો તારા હાથમાં વિવાહ કંકણુ છે. છતાં તું મશ્કરીમાં બોલેલી વાતને સાચી સમજી દીક્ષા લેવાનો જે વિચાર કરે છે તે આ વખતને યોગ્ય નથી. સ્ત્રી પરણુવાનું ફળ જે ઉપભોગાદિક, તેને તું ઓચિંતુ કેમ મૂકી દેછે? જો તું હમણાંજ દીક્ષા ગ્રહણુ કરીશ, તો જેને સંસારના સુખની હજી સુધી કાંઇ પણુ ખબર નથી એવી મારી બેન મનોરમા તારા વિના શી રીતે જીવી શકશે? ઉદયસુંદરનું આવું બોલવું સાંભળીને વજ્રબાહુએ તેને કીધું કેઃ—હે ઉદયસુંદર, આ મનુષ્ય જન્મ રૂપ ઝાડનું ચારિત્ર લક્ષણુ રૂપ ફળ છે. તેં જે મશ્કરીમાં કહ્યું તે જેમ શીપમાં સ્વાતી નક્ષત્રનું બુંદ મોતીનું કારણુ થાય છે, તેમ એ તારૂં બોલવું મોક્ષનું કારણુ ભૂત થયું. તારી બેને પણુ મારી સાથે દીક્ષા લેવી જોઇએ. જો તે એમ નહીં કરે તો હવે પછી હું એની સાથે ભોગ ભોગવનાર નથી. મારે તો એ મોક્ષને માર્ગે જવું છે, તેમાં અટકાવ કરવો તે તને યોગ્ય નથી અને વળી જો મારી વાત માને તો તું પણુ મારી સાથે દીક્ષા લે. ક્ષત્રીએ પોતે કરેલી પ્રતિજ્ઞા અવશ્ય પાળવી જોઇએ, એ સ્વકુળનોજ ધર્મ છે. એ પ્રમાણે બોલી તે આગળ ચાલ્યો અને ગુણસાગર મુનિ પાસે આવી ઝટ દીક્ષા લઇ લીધી. એટલે તેની સ્ત્રી મનેરમા, ઉદયસુંદર તથા બીજા પચીશ કુમારોએ પણુ તેની સાથે દીક્ષા ગ્રહણુ કરી.

વજ્રબાહુના પિતા વિજય રાજાએ પોતાના પુત્રે દીક્ષા

લીધાની વાત સાંભળી તેથી તે મનમાં વિચાર કરવા લાગ્યો કે, મારો પુત્ર બાળક છતાં તેણે દીક્ષા લીધી, અને મેં તો હજુ સુધી વૈરાગ્યનું ગ્રહણ કર્યું નથી. માટે મારે પણ મોક્ષના સાધનરૂપ દીક્ષા લેવી જોઇએ. એવો નિશ્ચય કરી પોતાના પુરંદર નામના પુત્રને રાજ્યગાદીએ બેસાડી નિર્વાણમોક્ષ નામના મુનિ પાસે વિજય રાજાએ દીક્ષા લીધી. પુરંદરે પણ પોતાના પૃથ્વી નામની સ્ત્રીને પેટે જન્મેલા કીર્તિધર નામના પુત્રને રાજ્ય સોંપી કેટલેકકાળે ક્ષેમકર નામના મુનિ પાસે દીક્ષા લીધી. કીર્તિધર રાજા પોતાની સહદેવી નામની સ્ત્રીની સાથે ઇંદ્ર ઇંદ્રાણીની પેઠે સુખ ભોગ ભોગવતો એક દિવસ દીક્ષા લેવાનું મનમાં ધારીને પોતાના મંત્રીઓને કહેવા લાગ્યો કે, મારે હવે દીક્ષા લેવી છે, એ વિષે તમારો શો અભિપ્રાય છે. મંત્રીઓએ કીધું કે, હે રાજા, તું પુત્ર રહિત હોવાથી તને વ્રત લેવાનો અધિકાર નથી. તેમ છતાં જો તું દીક્ષા લેઇશ તો પછી આ પૃથ્વીનો સ્વામી કોણ છે? માટે તને પુત્ર પ્રાપ્તી થાય ત્યાં સુધી તું વ્રત લેવાનો વિલંબ કર. મંત્રીઓનું એવું બોલવું સાંભળીને કીર્તિધર રાજા કેટલાક કાળ સુધી ગૃહવાસ રહ્યો. ત્યાર પછી તેની સહદેવી રાણીને પેટે સુકોશલ નામે પુત્ર જન્મ્યો. પરંતુ પોતાનો સ્વામી એ વાત જાણી દીક્ષા લેશે એવા ભયથી સહદેવી રાણીએ પુત્ર પ્રસવ્યાની હકીકત છુપાવી પોતાને પેટે પુત્રી પેદા થઈ છે એમ જણાવ્યું. તથાપિ એ છુપી ન રહેતાં રાજાના જાણવામાં આવી. કહ્યું છે કે "સુર્ય ઉગ્યો છાબડે ઢાંકયો રહેતો નથી." પછી કીર્ત્તિધર રાજાએ પોતાના પુત્ર સુકોશલને રાજ્ય ઉપર બેસાડી પોતે મોક્ષનું સાધન સંપાદવાને વિજયસેનક નામના આચાર્ય પાસે દીક્ષા લીધી. મહા તપ તપતો ગુરૂની આજ્ઞાએ કરી કીર્તિધર મુનિ વિહાર કરવા લાગ્યો.

કોઇએક વખત ફરતા ફરતા તે મુનિ માસોપવાસનું પારણું કરવા સારૂ મધ્યાન વેળાએ અયોધ્યા નગરીમાં આવ્યા. તેમને રસ્તામાં જતાં સહદેવી રાણીએ દીઠા. તેણીએ તેમને ઓળખ્યા કે આ મારો પતિ છે. એણે જ્યારે દીક્ષા લીધી

ત્યારેજ હું પતિ વિનાની થઈ. વળી જો આ મારો પુત્ર સુકોશલ એના બાપને જોઇને દીક્ષા લેશે તો હું પુત્ર વિનાની થઇશ. તો પછી મારૂં જીવતર શા કામનું! તે માટે અઘપિ આ નિરપરાધી, વ્રતધારી તથા પતિ છે; તથાપિ પુત્રના કલ્યાણ માટે એને નગરથી બહાર કાઢી મૂકવો યોગ્ય છે. પછી તેણીએ કોઈ અન્ય દર્શનીઓની પાસે મુનિને નગરથી બહાર કઢાવી મૂકયા. કહ્યું છે કે, "લોભી માણુસને વિવેક હોતો નથી." એ સર્વ વાતની સુકોશલની ધાવ માતાને ખબર પડવાથી તે રૂદન કરવા લાગી, તેથી સુકોશલે તેનું કારણ પૂછયું. ત્યારે તેણે જણાવ્યું કે, હે પુત્ર, તારો પિતા કીર્ત્તિધર રાજા તને બાળપણમાં રાજ્ય ઉપર બેસાડી દીક્ષા લેઈ વિચરતો વિચરતો આજ ગૌચરી સારૂ અહીં આવ્યો હતો, તેને જોઇને તું દીક્ષા લેઇશ એવી શંકા લાવીને સહદેવી રાણીએ એને અન્ય દર્શનીઓની પાસે નગરથી બહાર કઢાવી મુકયો. એ માસોપવાસના પારણા સારૂ આવેલા મુનિને એમનેએમ કઢાવી મુકયા તેથી હું રડું છું. આ વાત સાંભળતાંજ સુકોશલ રાજા પોતાના પિતા મુનિ પાસે ગયો. તેને નમસ્કારાદિ કરી તેની પાસે દીક્ષા માંગી. એ પ્રસંગે તેની ચિત્રમાલા નામની ગર્ભવતી સ્ત્રી, પ્રધાનો સહિત ત્યાં આવી, તેને કહેવા લાગી કે, હે સ્વામિન્, આ રાજ્ય તજવાને તું યોગ્ય નથી. વીગેરે તેણીએ ઘણું કહ્યું ત્યારે રાજાએ તેનો સર્વ અભિપ્રાય સમજી તેને કીધું કે, હે સ્ત્રી, આગળ આવનારા કાળને માટે વર્તમાનકાળમાં ઉપચાર કરવો જોઇયે. તે માટે આજથી હું તારા ગર્ભસ્થ પુત્રને રાજ્ય ઉપર બેસાડું છું. એ પ્રમાણે સ્ત્રીને કહી તથા બીજા જે લોકો આવ્યા હતા તેમની સાથે મીઠે વચને બોલીને તેણે પોતાના પિતા મુનિ પાસે દીક્ષા લીધી. પછી તે બંને મુનિઓ ઉગ્ર તપ કરતા આ પૃથ્વી તલને વિષે સાથે વિચરવા લાગ્યા.

સહદેવી પુત્રવિયોગે દુઃખ પામીને રૌદ્ર ધ્યાનવડે મરીને એક પર્વતની ગુફામાં વાઘણ થઈ. એક વખત ફરતા ફરતા તે બંને પિતા પુત્ર મુનિઓ રાગ રહિત પૃથ્વી તલને પાવન

કરતા સ્વાધ્યાય ધ્યાનમાં તત્પર થએલા એક પર્વતની ગુફામાં એકાગ્ર ચિત્તે રહ્યા હતા. તેમને પેલી યમદૂતી જેવી વાઘણે દીઠા. તેવીજ તે દૂરથી જેમ મિત્રને જોઈ મિત્ર દોડે, તેમ મ્હોડું ફાડી તે મુનિઓને ખાવા સારૂ દોડી. બંને મુનિઓ તેને આવતી જોઇને ધર્મધ્યાન ધારણ કરી કાયોત્સર્ગે ઉભા રહ્યા. એટલામાં વીજળીની પેંઠે તે વાઘણ આવીને સુકોશલ મુનિ ઉપર તુટી પડી, તેને જમીન ઉપર પાડી, તીક્ષણ નખવડે તેની ચામડી ચટચટ ફાડવા લાગી. જેમ મારવાડ દેશનો પંથી તરશ્યો થકો પાણી મળવાથી ઘણો રાજી થાય, તેમ તે ક્રુર વાઘણ અતિ પ્રીતિ વડે મુનિનું લોહી પીને રાજી થવા લાગી. જેમ કોઈ ભીખારિણી ફળાદિકને મુખવડે તોડીને ખાય તેમ તે મુનિનું માંસ દાંતો વડે તડતડ તોડીને ખાવા લાગી. વળી જેમ હાથી પોતાના દાંત વડે શેરડી કડકાવીને ખાય, તેમ તે મુનિના હાડોને ચાવી ચાવીને ખાવા લાગી. જો કે તે હિંસારી વાઘણે બિચારા નિર્દોષી મુનિના એવા બુરા હાલ કર્યા તોપણ તે ક્ષમાશ્રમણ સાધુ મહારાજે જરા પણ દીલગીર ન થતાં આ વાઘણ મારાં કર્મ ખમાવવાને સાધનરૂપ થઇ, એવો તેનો ઉપકાર માન્યો. પણ તેના ઉપર બીલકુલ રોશ આણ્યો નહીં. એવી રીતે શુકલ ધ્યાન ધ્યાતાં તેનાં સર્વ રોમાંચ ખડાં થઇ ગયાં અને અંતગઢ કેવળી થઈ તે મોક્ષપદ પામ્યા. વાઘણ જ્યારે મુનિને ખાઇ રહેવા આવી ત્યારે તેના દાંત ઉપરની સોનાની રેખ તેના જોવામાં આવી. તે જોતાવેંતજ તેને મુર્છા આવી. પછી થોડીવારે તે શુદ્ધિમાં આવી ત્યારે તેને હૈયાપો કરતાં તે નિમિત્તથી જાતિસ્મરણ જ્ઞાન થયું; તેથી તે પસ્તાવો કરીને પોતાને ધિક્કારવા લાગી. અરે હું મહા પાપિણીછું. મેં પોતાના પુત્રનું ભક્ષણ કર્યું. એ અઘોર પાપથી કોણ જાણે મારી કેવી ગતિ થશે ? એવી રીતે તેણે ઘણે પ્રકારે પશ્ચાતાપ કર્યો. કીર્તિધર મુનિએ તેનો મનોભાવ જાણી લેઈ તેને ધર્મોપદેશ દીધો. વાઘણે તે સર્દહી અનશનવ્રત ધારણ કર્યું અને મરીને જુગલીઆમાં જન્મી. કીર્તિધર મુનિ ક્રમેકરી કેવલજ્ઞાન

પામી જન્મજરા મૃત્યુનો ભય નિવારી, કાળ કરી, મોક્ષ પદ પામ્યા.

સુકોશલ રાજાની સ્ત્રી ચિત્રમાલાને પેટે પુત્ર પેદા થયો તેનું નામ હિરણ્યગર્ભ પાડયું. પૂર્વે કહ્યા પ્રમાણે તે ગર્ભમાંથી રાજ્યપદ પામ્યો હતો. તે જ્યારે યૌવનાવસ્થા પામ્યો ત્યારે મૃગ જેવા નેત્રોવાળી મૃગાવતી નામની કન્યા સાથે પરણ્યો. તેને પેટે એક પુત્ર જન્મ્યો તેનું નામ નહુષ રાખ્યું. કેટલાક કાળ પછી હિરણ્યગર્ભ રાજાએ પોતાના કેશ સફેદ થએલા જોઈ આ સંસારના બદલાતા સ્વરૂપ ઉપર વૈરાગ્ય પામી પોતાની વૃદ્ધાવસ્થા પરિપૂર્ણ થયે ધર્મ સાધન થઈ શકશે નહીં એમ જાણી નહુષને રાજ્ય ઉપર બેસાડી, પોતે વિમલાચાર્ય નામના સાધુ પાસે દીક્ષા લીધી. પિતાએ ચારિત્ર લીધા પછી સિંહ જેવા પરાક્રમવાળો નહુષ રાજા પોતાની સિંહિકા નામની સ્ત્રી સાથે ભોગવિલાસ ભોગવતો નિષ્કંટકપણે રાજ્ય ચલાવવા લાગ્યો.

એકદા સમયે નહુષ રાજા ઉત્તર દિશાના રાજાઓને જીતવા સારૂ પોતાની સિંહિકા સ્ત્રીને રાજ્યગાદી ઉપર બેસાડી તે તરફ ગયો. એ વાતની દક્ષિણ દિશાના રાજાઓને ખબર પડતાંજ તેઓએ આવીને તેના નગરને ઘેરો ઘાલ્યો. તે વખતે શૂર પુરૂષની ઉપમાને લાયક તે સિંહિકા સ્ત્રીએ પોતાનું સર્વ સૈન્ય સજી તેઓની સાથે યુદ્ધ કરીને જેમ સિંહિણી હાથીને મારે, તેમ તેઓને મારીને પાછા હઠાવ્યા. ઉત્તર દિશાના રાજાઓને જીતીને કેટલેક દિવસે નહુષ રાજા પોતાના નગરમાં આવ્યો, ત્યારે તેણે સિંહિકાએ દક્ષિણ દેશના રાજા સાથે યુદ્ધ કરી તેઓને મારી કહાડયાની વાત જાણી, તેથી તેના મનમાં શંકા આવી કેં, મારા જેવા શૂરવીર પુરૂષ પણ જીતવાને એક સમે અસમર્થ થાય એવા પરાક્રમી રાજાને તેણે જીત્યા. એ કેવલ એનું કામ નહીં પરંતુ કોઇપણ એની સાથે લાગેલાની મદદથી એ કાર્ય થએલું લાગે છે. પતિ ઘેર ન છતાં વૈરી સાથે યુદ્ધ કરવું એ કુલીન સ્ત્રીઓને યોગ્ય નથી. માટે

જરૂર એ વ્યભિચારિણી છે. પતિવ્રતા સ્ત્રીઓને પતિ વિના બીજું કાંઇપણ અધિક નથી. પતિની સેવા સિવાય તે બીજું કાંઈપણ જાણતી નથી. આ સ્ત્રીએ એથી ઉલટું કાર્ય કર્યું તેથી એ પતિવ્રતા નહીં. આવી રીતે મનમાં શંકા લાવી નહુષ રાજાએ તે સ્ત્રી ઉપર પોતાની ઘણી પ્રીતિ હતી તોપણ તેને એક ખંડિત પ્રતિમાની પેઠે દૂર કરી. પછી કેટલેક કાળે એક વખત નહુષ રાજાને તાવ આવ્યો. તે કહાડવા ઘણા ઉપચારો કર્યા, પણ તે દુષ્ટ શત્રુની પેઠે ગયો નહીં અને નહુષ રાજા ઘણો પીડાવા લાગ્યો. તે જાણીને પતિની પીડા દૂર કરવા માટે તથા પોતાનું પતિવ્રતાપણું બતાવવા માટે સિંહિકા હાથમાં પાણી લેઇને પતિ પાસે આવી તે સાંભળે એવી રીતે બોલી કે, "હે નાથ! આજ દિવસ સુધી તારા શિવાય જો મેં બીજા પુરૂષની ઇચ્છા માત્ર કરી હોય અગર જોયો હોય તો આ તાવ જાય નહીં, અને જો હું કલંક રહિત હોઊં, તો કાંઇપણ વિલંબ ન થતાં તે તત્કાળ ઉતરી જઈ તારી પીડા દૂર થાય." એ પ્રમાણે બોલી તેણે હાથમાં આણેલું નીર તેના અંગ ઉપર છાંટ્યું કે તેજ વખતે અમૃતથી શરીર ધોવાયાની પેઠે તાવ ઉતરી ગયો. દેવોએ સિંહિકાના શીયળ મહાત્મ્યને માટે તેના ઉપર એ વખતે પુલોનો વરસાદ વરસાવ્યો. તે દિવસથી નહુષ રાજાએ પૂર્વની પેઠે તેના પર પ્રીતિ રાખવા માંડી. ત્યારપછી સિંહિકાને પેટે સૌદાસ નામે પુત્ર પેદા થયો. તેને રાજ્યગાદીએ બેસાડી નહુષ રાજાએ મોક્ષના ઉપાયભુત દીક્ષા ગ્રહણ કરી રાજ્ય છોડી પૃથ્વીતલને પાવન કરવા ત્યાંથી વિહાર કર્યો.

સૌદાસ રાજા રાજ્યસન ઉપર બેઠો તે વખતે તેના પ્રધાનોએ અર્હતનો અષ્ટાહીક મહોત્સવ કરીને રાજ્યમાં થાળી પીટાવી કે કોઇએ માંસ ખાવું નહીં. તેમજ સૌદાસ રાજાને પણ કહ્યું કે, રાજ્ય ગાદીએ બેસી અર્હતનો અષ્ટાહીક મહોત્સવ કરીને આજ પર્યંત તારા પૂર્વજોએ કોઇ પણ વખત માંસ ભક્ષણ કર્યું નથી, માટે તારે પણ માંસ ખાવાનો નિષેધ કરવો જોઇયે. સૌદાસ રાજા માંસ ખાવાનો ઘણો લોલુપી હોવાથી

તેણે પ્રધાનોનું કહેવું ન ગણકારતાં છુપી રીતે રસોઇઆ પાસે માંસ મંગાવ્યું; તથાપિ થાળી પીટાવી ત્યારથી આકાશના ફૂલોની પેઠે માંસનો અભાવ થવાથી રસોઇઆએ ઘણી તજવીજ કરી, પણ માંસ કોઈપણ સ્થળે મળ્યું નહીં. તેથી તે વિચાર કરવા લાગ્યો કે, માંસ લીધા વિના હું ખાલી હાથે જઇશ તો રાજા મારા ઉપર ગુસ્સે થશે. માટે મારે શું કરવું? એવી રીતે વિચાર કરતો કરતો ફરે છે એવામાં એક મુવેલો બાળક એની નજરે પડયો. તેનું માંસ લાવીને તેણે પકાવી. રાજાને ખવરાવ્યું. તે ઘણુંજ સ્વાદીષ્ટ લાગવાથી રાજા તેની તારીફ કરી રસોઇઆને કહેવા લાગ્યો કે, આખા જન્મારામાં મેં આવું માંસ ખાધું નહોતું. આ કયા પ્રાણીનું માંસ છે? ત્યારે તેણે કીધું કે, એ માણસનું માંસ છે. પછી રાજાએ તેને હુકમ કર્યો કે, આજથી તું દરરોજ આવું માંસ લાવજે. રાજાનો હુકમ મળવાથી રસોઇઓ નગરમાંથી નાના બાળકોને (ચોરી) ઉઠાવી લેઇ જઈ તેને મારીને તેનું માંસ રાજાને ખવરાવવા લાગ્યો. કહ્યું છે કે, "ધણીની માનીતી બાર ગાઉ ઉજડ કરે" તેમ રસોઇઓ અન્યાયનો તેમજ લોકોનો જરાપણ ડર રાખ્યા વિના નાના બાળકોને ચોરી જઈ મારતો હતો. આ મહા ક્રુર કર્મની કેટલેક દિવસે પ્રધાનોને ખબર પડતાંજ તેમણે સૌદાસ રાજાને પદભ્રષ્ટ કરીને જેમ ઘરમાંથી નિકળેલા સર્પને ઝાલીને દૂર નાખી દેઇએ છીએ તેમ તેને પકડીને ઘોર વનમાં મોકલાવી દીધો; અને તેના પુત્ર સિંહરથને રાજ્યાસન પર બેસાડ્યો. તે સુખરૂપ રાજ્ય ચલાવવા લાગ્યો.

સૌદાસ રાજા તે વનમાં માંસ ખાઈ ફરતાં ફરતાં એક વખત દક્ષિણ દિશા તરફ જતાં એક મુનિને જોઈ તેની પાસે જઇ ધર્મ પૂછવા લાગ્યો. મુનિએ એને પશ્ચાતાપ થયેલો છે તેથી તે ઉપદેશ દેવા યોગ્ય છે એમ ધારીને જેમાં માંસ ભક્ષણનો નિષેધ કરેલો છે એવા જૈન ધર્મનો ઉપદેશ તેને દીધો. તે સાંભળીને સૌદાસ રાજા ચમત્કાર પામ્યો અને અત્યાનંદ સહિત તે શ્રાવક થયો. ત્યાંથી તે મહાપુર નામના નગરે ગયો. તે

વખતે ત્યાંનો અપુત્રીઓ રાજા મર્ણ પામ્યો હતો તેથી ત્યાંનાં મંત્રી વર્ગે પંચ દિવ્યે કરી અભિષેક કરીને ઘોડો, હાથી, છત્ર, ચામર તથા કળસ ધારણ કરીને સૌદાસ રાજાને રાજ્ય પદે સ્થાપન કર્યો. મહાપુરનું રાજ્ય કરતાં કેટલાક દિવસ ગયા પછી સૌદાસ રાજાએ પોતાના પુત્ર સિંહરથની પાસે એક દૂત મોકલી તેને કહેવરાવ્યું કે, તું મારી આજ્ઞા માન. સિંહરથે તેનો તિરસ્કાર કરીને તેને કહાડી મૂકયો. દૂતે આવીને સૌદાસ રાજાને ત્યાંની હકીકત જણાવી તેથી તે પોતાનું સર્વ સૈન્ય સજી સિંહરથની સાથે લડવાને અયોધ્યા સમીપે આવ્યો. સિંહરથ પણ તેની સાથે યુદ્ધ કરવા માટે પોતાનું સર્વ સૈન્ય લેઈ નગર બહાર નિકળ્યો. પછી બાપ દીકરાનું પરસ્પર યુદ્ધ થવા લાગ્યું. છેવટે સૌદાસ રાજાએ સિંહરથનો હાથ ઝાલીને તેને બંને રાજ્ય સોંપી પોતે દીક્ષા લીધી.

એ પ્રમાણે અયોધ્યાના રાજ્ય ઉપર સિંહરથ રાજા પછી તેનો પુત્ર બ્રહ્મરથ થયો. તેના પછી તેનો પુત્ર ચતુર્મુખ, તેનો પુત્ર હેમરથ, તેનો પુત્ર શતરથ, તેનો પુત્ર ઉદય, તેનો પુત્ર પૃથુ, તેનો પુત્ર વારિરથ, તેનો પુત્ર ઈંદુરથ, તેનો પુત્ર આદિત્યરથ, તેનો પુત્ર માન્ધાતા, તેનો પુત્ર વીરસેન, તેનો પુત્ર કુબેરદત, તેનો પુત્ર કુંથુ, તેનો પુત્ર શરભ, તેનો પુત્ર દ્વિરદ, તેનો પુત્ર સિંહદશન, તેનો પુત્ર હિરણ્યકશિપુ, તેનો પુત્ર પુંજસ્થલ, તેનો પુત્ર કકુત્સ્થ, એ રીતે અનુક્રમે વંશ પરંપરાગત રાજા થયા. પછી કકુત્સ્થનો પુત્ર રઘુ નામે રાજા થયો. તે એવો તો ધર્માત્મા થયો કે, શરણાર્થીઓને કલ્પવૃક્ષની ઉપમા ધારણ કરવા લાગ્યો. એ રાજ્ય ઉપર થએલા કેટલાએક રાજા સ્વર્ગે અને કેટલાએક મોક્ષે ગયા. ત્યાર પછી રઘુનો પુત્ર અનરણ્ય રાજા થયો. તેની પૃથ્વી નામની સ્ત્રીને પેટે અનંતરથ તથા દશરથ નામના બે પુત્રો થયા.

એક વખતે સહસ્રાંશુ રાજાનો રાવણે યુદ્ધમાં પરાજય કર્યાથી તેણે વૈરાગ્ય પામી દીક્ષા લીધી. તે અનરણ્યનો મિત્ર હતો, તેની સાથે તેણે અગાઉ દિક્ષા લેવાનો નિશ્ચય કરેલો

હોવાથી તેણે પોતાના એક માસના દશરથ નામના નાના પુત્રને રાજ્યગાદીએ બેસાડી અનંતરથ નામના પોતાના પુત્ર સહિત મોક્ષ માર્ગ સાધવાને દીક્ષા લીધી. અનંતરથ તપ કરતો પૃથ્વી ઉપર સ્વેચ્છાએ વિચારવા લાગ્યો અને અનરણ્ય મોક્ષે ગયો. સહસ્રાંશુએ દીક્ષા લીધા પછી તેની ગાદીએ તેનો પુત્ર શ્રીકંઠ બેઠો. શ્રીકંઠ અને દશરથ સમાન બળીયા થયા થકા વૃદ્ધિ પામવા લાગ્યા. દશરથ રાજા જે દિવસથી રાજ્ય ઉપર બેઠો તે દિવસથી કોઈપણ શત્રુ તેના સામો આવ્યો નહીં. એ નક્ષત્રોમાં ચંદ્ર, ગ્રહોમાં સૂર્ય, તથા પર્વતોમાં જેમ મેરૂ અધિકી શોભા પામે છે, તેમ સર્વ રાજાઓમાં અધિક શોભા પામવા લાગ્યો. તેના રાજ્યમાં ઉપદ્રવ તો આકાશ કૂલ-વત્ થયો.' તે યાચક લોકોને દ્રવ્યાલંકાર યથેચ્છ આપવા લાગ્યો તેથી મદ્યંગાદિક જે દશ કલ્પવૃક્ષ છે તેમાં તે અગ્યારમો કલ્પવૃક્ષ દેખાવા લાગ્યો. તે પરંપરાએ ચાલ્યા આવતા સામ રાજ્ય પ્રમાણે અર્હત્ ધર્મ પાળવા લાગ્યો.

દશરથે પહેલું લગ્ન દર્ભસ્થળ (કુશસ્થળ) ના રાજા સુકોશલની સ્ત્રી અમૃતપ્રભાને પેટે જન્મેલી મહા રૂપવાન તથા અતિ લાવણ્યતાવાળી કૌશલ્યા (અપરાજિતા) નામની કન્યા સાથે તથા બીજું લગ્ન કમલસંકુલ નામના નગરના રાજા સબંધુતિલકની સ્ત્રી મિત્રાદેવીને પેટે જન્મેલી સુમિત્રા નામની કન્યા સાથે કર્યું. એ બંને અપરાજિતા તથા સુમિત્રા સ્ત્રીઓની સાથે વિવેકી, લોકોમાં શિરોમણી દશરથ રાજા પોતાનો ધર્માર્થ ન મૂકતાં નાના પ્રકારના સુખભોગ ભોગવવા લાગ્યો.

એક વખતે અર્દ્ધ ભરતેશ રાવણે પોતાની સભામાં બેઠેલા એક વિદ્વાન જ્યોતિષી (નૈમિત્તિક)ને પૂછ્યું કે, હે મહારાજ, અમરપણું તો માત્ર કહેવારૂપ છે. વાસ્તવિક રીતે કોઇ વસ્તુ અમર નથી. સંસારમાં રહેલા પ્રાણીનો જરૂર નાશ થશે, એમ બધા જાણે છે. તથાપિ મારૂં મૃત્યુ મારા પોતાના પરિણામથી થશે? કે કોઇ બીજાથી થશે? તે કોઈપણ પ્રકારનો ભય ન રાખતાં સાચે સાચું કહો. સાચું બોલનારા પુરૂષના મુખમાંથી

જુઠું વેણ નિકળતુંજ નથી. એવી રીતનું રાવણનું બોલવું સાંભળી તે જ્યોતિષી બોલ્યો કે, હે રાવણ, સાંભળ. હવે પછી ઉત્પન્ન થનારી એક જાનકી (જનક રાજાની કુંવરી)ના નિમિત્તે દશરથ રાજાના પુત્ર રામને હાથે મૃત્યુ થશે. એ સાંભળી ત્યાં બેઠેલો બિભીષણ બોલ્યો કે, એનું કહેવું ખરૂં છે, પણ તે હું ખોટું કરીશ. કન્યા અને પુત્ર, એ બંનેનું બીજ જે જનક અને દશરથ છે, તેમને મારી નાંખવાથી રાવણનું મૃત્યુ નહીં થાય. જે મૂળથી બીજની ઉત્પત્તિ થાય તે મૂળનોજ નાશ કરીયે તો બીજ કયાંથી થાય? અને એમ થવાથી આ નૈમિત્તિકનું કહેવું પણ ખોટું થશે. રાવણે તેનું બોલવું માન્ય રાખ્યું અને સભામાંથી ઉઠી બંને ભાઈ ઘરમાં ગયા. એ પ્રસંગે નારદ મુનિ ત્યાં બેઠેલો હતો તેણે સભામાં થએલી સઘળી હકીકત સાંભળી હતી તે ત્યાંથી નિકળી દશરથ રાજા પાસે આવ્યો. દશરથ રાજા નારદને દૂરથી આવતો જોઇ આસન ઉપરથી ઊઠી તેના સન્મુખ જઈ તેનો ઘણો આદર સત્કાર કરી તેને તેડી લાવી, આસન ઉપર બેસાડી તેને નમસ્કાર કરી પોતે તેની પાસે નીચે બેઠો; અને પૂછયું કે, હે મુનિરાજ, આપ કયાંથી પધાર્યા? તથા આપને આવવાનું પ્રયોજન શું છે? ત્યારે નારદે જણાવ્યું કે, હે દશરથ, પૂર્વ વિદેહમાં પુંડરીકીણી નગરીમાં સુરાસુરે શ્રી સીમંધર સ્વામીનો દીક્ષા મહોત્સવ કર્યો તે જોવા સારૂ હું ગયો હતો. ત્યાંથી પાછો ફરી મેરૂ પર્વત ઉપર જઇને શાશ્વત તીર્થની વંદના કરી હું લંકામાં ગયો. ત્યાં શાંતિનાથ ભગવાનના દેરાસરમાં જઈ દર્શન વીગેરે કરીને હું રાવણને ઘેર ગયો. ત્યાં તેની સભામાં રાવણના પૂછવાથી એક નૈમિત્તિકે કહ્યું કે, તારૂં (રાવણનું) મૃત્યુ જાનકીના નિમિત્તે દશરથ રાજાના પુત્ર રામને હાથે થશે. આ વાત સાંભળી ત્યાં બેઠેલા તેના ભાઈ બિભીષણે એવી પ્રતિજ્ઞા કરી કે, જાનકી તથા રામના કારણભૂત જે જનક તથા દશરથ રાજા છે, તેમને મારવાથી રાવણને મારનારજ ઉત્પન્ન નહીં થાય તો પછી તેને કોણ મારનાર છે?

માટે એ એને હું મારીશ. આ બધો વૃત્તાંત સાંભળીને તું મારો સાધર્મિક ભાઈ છું તેથી તને ચેતવવા સારૂ ત્યાંથી નિકળી ઘણો ઉતાવળો હું તારી પાસે આવ્યો છું. નારદનું બોલવું દશરથ રાજાએ સાંભળી લેઇ તેનો યથાયોગ્ય સત્કાર કરી તેને રજા આપી. ત્યાંથી તેણે જનક રાજા પાસે આવીને તેને પણ રાવણની સભામાં બનેલી સર્વ બીનાથી વાકેફ કર્યો.

પછી દશરથ રાજાએ પોતાના મંત્રિઓને એકઠા કરી તેઓને નારદે કહેલો સર્વ વૃત્તાંત કહી સંભળાવી રાજ્ય તેમને સ્વાધીન કર્યું, અને પોતે યોગીની પેઠે કાલવંચના કરવા સારૂ બહાર ચાલી નિકળ્યો. પછી મંત્રીઓએ શત્રુને ફસાવવા સારૂ દશરથ રાજાની આકૃતીની એક માટીની મૂર્તિ બનાવરાવીને તે રાજ્યગૃહમાં અંધારામાં રાખી. જનક રાજા પણ દશરથની પેઠે મંત્રિઓને રાજ્ય સોંપી ચાલી નિકળ્યો. ત્યાં પણ તેના મંત્રિઓએ દશરથ રાજાની માફક જનકની મૂર્તિ બનાવી રાખી. એ પ્રમાણે રાજ્ય છોડી દશરથ તથા જનક રાજા પૃથ્વીપર વિચરવા લાગ્યા.

લંકામાંથી બિભીષણ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે મોટા વેગથી અયોધ્યામાં આવ્યો. અને ત્યાં રાજગૃહમાં રાખેલું દશરથ રાજાનું પુતળું ન પીછાનતાં તેને ખરો દશરથ સમજી તેનું માથું કાપી નાંખ્યું. તે વખતે આખા નગરમાં મોટો હાહાકાર વર્તાઈ રહ્યો. જનાનખાનામાં રડારોળ થઈ રહી. શૂરવીર લોકો મારનારની શોધ કરતા બોલવા લાગ્યા કે, દશરથને કોણે મારી નાખ્યો. એ પ્રકારે કોઇને પણ વહેમ ન આવે તેટલા માટે ત્યાં દશરથના મરણ માટે ઘણી કાળજી અને ધામધુમ કરવા લાગ્યા. તેમજ છાની મસલતવાળા પ્રધાનોએ દશરથ રાજાની પ્રેતક્રિયા કરી. ઇત્યાદિક જોઇને દશરથ મરી ગયાનો નિશ્ચય કરી બિભીષણ લંકામાં પાછો આવ્યો. જનક રાજાને મારવાનું એના મનમાં હતું પણ દશરથ મરી જવાથી એકલો જનક રાજા શું કરનાર છે? તેમજ એને મારવાથી હવે શો ફાયદો છે? એવો વિચાર કરી તેણે જનકને જતો મૂકયો.

પ્રધાનોને રાજ્ય સોંપી નિકળ્યા પછી દશરથ તથા જનક

રાજા સાથે ફરતા ફરતા ઉત્તર દિશામાં ગયા. ત્યાં એક કૌતુકમંગલ નામના નગરના રાજા શુભમતિની સ્ત્રી પૃથ્વીને પેટે પેદા થએલી દ્રોણમેઘની બેન બહોતેર કળાએ પરિપૂર્ણ, એવી કૈકેયી નામની કન્યા ઉપવર થએલી હોવાથી તેનો સ્વયંવર રચ્યો હતો. ત્યાં હરિવાહન પ્રમુખ ઘણા રાજાઓ આવ્યા હતા. તે મંડપમાં દશરથ તથા જનક રાજા જઈને એકજ આસન ઉપર બેઠા. તે સઘળા રાજાઓમાં કમળોમાં જેમ હંસ શોભે તેમ શોભવા લાગ્યા. એટલામાં રત્નાલંકારે કરી ભૂષિત, તથા સર્વ કન્યાઓમાં રત્ન સમાન, કૈકેયી કન્યા પોતાની સખીના ખભા ઉપર હાથ રાખીને તે સ્વયંવર મંડપમાં આવી. પછી તેની સખીએ એક કોરેથી રાજાઓને ઓળખાવવા માંડ્યા. તે સર્વને ચંદ્રમા જેમ નક્ષત્રોનું ઉલ્લંઘન કરે તેમ તેમને મૂકીને, ગંગાનદી જેમ સાગરમાં આવીને ભળે તેમ તે દશરથ રાજા પાસે આવીને ઉભી રહી, અને સમુદ્રમાં મુકેલા નાગરવાળા વહાણની પેઠે તે અડિગ થઇ ગઈ. તે વખતે તેના અંગ ઉપરના સર્વ રોમાંચ ખડાં થઈ ગયાં. પછી તેણે પોતાની ભુજારૂપ લતાવડે દશરથ રાજાના ગળામાં વરમાલા આરોપી. એ પ્રસંગે મંડપમાં બેઠેલા, બીજાનું મહત્વ સહન ન કરનારા હરિવાહનાદિક રાજાઓ કોપાગ્નિએ કરીને લાલચોલ થયા થકા બોલવા લાગ્યા. અરે ! આ કોઈ કપટવેશ ધારણ કરીને આવેલા દરિદ્રી ધૂતારામાં શું જોઇને કૈકયીએ વરમાળા ઘાલી. એની પાસેથી એને અમે ઝુંટાવી લેઇશું તો એ અમને શું કરનાર છે ? એવી રીતે ગુસ્સામાં આવીને ઉપર પ્રમાણે બોલતા પોતાના સ્થાનક ઉપરથી ઉઠીને યુદ્ધ કરવાની તૈયારી કરવા લાગ્યા. એ વાતની ખબર પડતાંજ દશરથ રાજા શુભમતિ રાજાની સાથે મસલત કરીને ચતુરંગ સૈન્યા સહિત તેઓની સાથે યુદ્ધ કરવાને તૈયાર થયો. તે વખતે તેણે પોતાની પાસે ઉભી રહેલી કૈકેયીને કીધું કે, હે પ્રિયા, આ શત્રુઓને મારવાને તારે પણ મારી સહાયતા કરવી જોઇયે. રાજાનું એવું બોલવું સાંભળીને મહા બુદ્ધિમાન બહોતેર કળામાં પૂરી, એવી તે કૈકેયી ત્વરાથી ઘો-

ડાની લગામ હાથમાં ઝાલીને દશરથ રાજાને બેસવાના રથ ઉપર ચડી ગઈ. દશરથ રાજા પણ ધનુષ્ય બાણુ હાથમાં લેઇને વૈરીઓને તૃણુ સમાન ગણતો રથ ઉપર આરૂઢ થઈ હરિવાહનાદિક રાજાઓની સામે કમર કશીને યુદ્ધ કરવા ઉભો રહ્યો. તે વખતે કૈકેયીએ શેલાણીની પેઠે પોતાનું કળા ચાતુર્ય શત્રુઓના રથની સામે એવી રીતે બતાવ્યું કે જાણે તેઓના રથોની સામે અક્કેક રથ ઉભો કર્યો હોયની ! એવી રીતની યોજનાથી તે દશરથ રાજાનો રથ ફેરવવા લાગી. એટલામાં મહા પરાક્રમી શીઘ્રવેધી દશરથ રાજાએ હરિવાહનાદિક રાજાઓના રથોનો એક ઘડિકમાં નાશ કરી તેઓને જીતી લીધા. ત્યાર પછી જંગમ પૃથ્વીની પેઠે દશરથ રાજાએ કૈકેયી સાથે પાણી ગ્રહણ કર્યું. તે વખતે તેણે ઘણા હર્ષાવેશે કરી કૈકેયીને કીધું કે, હે પ્રીયા, તારી ચાલાકી તથા તારૂં સામર્થ્ય જોઇને હું ઘણો ખુશી થયો છું, માટે તેનો બદલો તું મારી પાસે માંગી લે. હું તારા ઉપર પ્રસન્ન થયો છું, તેથી તું મારી પાસે તારે જોઇએ તે વર માંગ. ત્યારે તે બોલી કે, હે પ્રાણુનાથ, જે વખતે મને જરૂર પડશે તે વખતે હું માગી લઇશ. હાલ એ વર હું તમારી પાસે અનામત રાખું છું. તેનું એ બોલવું દશરથ રાજાએ માન્ય કર્યું. ત્યાર પછી તે લક્ષ્મી જેવી કૈકેયીને સાથે લેઈ પોતાના સૈન્ય સહિત પાછો આવી પોતાના રાજગૃહમાં ગયો, અને જનક રાજા પોતાની મિથિલા નગરીમાં ગયો. કહ્યું છે કે, "સમય જાણુનારા બુદ્ધિમાન પુરૂષો કાર્ય શિવાય ભળતાજ ઠેકાણે રહીને વખત ગુમાવતા નથી."

દશરથ રાજા પ્રથમ ઉપજેલા ભયથી અયોધ્યામાં ન જતાં મગધદેશના રાજાને જીતીને તેજ નગરમાં રાજ્ય કરવા લાગ્યો અને પોતાની કૌશલ્યા પ્રમુખ રાણીઓને પણ ત્યાંજ બોલાવી લીધી. કહ્યું છે કે, "પરાક્રમી પુરૂષ જ્યાં જાય ત્યાં તેનું પોતાનુંજ રાજ્ય છે." તેણે ચોથું લગ્ન સુપ્રભા નામની કન્યા સાથે કર્યું. સર્વ સ્રીઓ સહિત દશરથ રાજા તે નગરમાં ઘણા દિવસ રહ્યો, કેમકે પોતે મેળવેલી પૃથ્વી રાજાને ઘણી પ્રિય હોય છે.

એક વખત કૌશલ્યાએ પાછલી રાત્રે સ્વપ્નમાં હાથી, સિંહ, ચંદ્ર તથા સૂર્ય, એ ચાર પદાર્થ દીઠા, એ બળદેવના જન્મના સૂચક થયા. તે પ્રસંગે જેમ પુષ્કરણીમાં હંસ ઉત્પન્ન થાય, તેમ બ્રહ્મદેવ લોકથી એક મહર્દ્ધિક દેવ ચવીને કૌશલ્યાના ઉદરમાં આવી અવતર્યો. ગર્ભના પ્રભાવે કૌશલ્યાનું તેજ દીન પરદીન વધવા લાગ્યું અને તેની મનોવૃતીઓ ઘણીજ સારી થવા લાગી. પૂરે માસે તેણીએ રંગમાં પુંડરીક નામના કમળને પણ લજ્જાયમાન કરે એવો કમળ જેવો, સંપૂર્ણ લક્ષણોએ સહિત દિવ્ય પુત્રને જન્મ આપ્યો. ચંદ્રના દર્શનથી જેમ સમુદ્રને આનંદ થાય છે, તેમ કમળ જેવા નેત્રવાળા પ્રથમ પુત્રને જોતાંજ દશરથ રાજાને અતિ આનંદ થયો. તે વખતે રાજાએ અર્થી જનોને ચિંતામણીની પેઠે અગણિત દાન દીધું. મોટા પુરૂષોને ઘેર પુત્રનો જન્મ થયેથી દાન દેવાનો ચાલજ હોય છે. સર્વ પ્રજાએ એ વાત સાંભળતાંજ અતિ રાજી થઇ મોટો ઉત્સવ કર્યો. દુર્વા, ફૂલ તથા પૂળાદિકે કરી યુક્ત પૂર્ણ પાત્રો પ્રજાએ રાજાને ઘેર મોકલાવ્યાં. આખા નગરમાં ઉત્તમ પ્રકારના ગાયન થવા લાગ્યા. કેસરના છાંટા નાખવા લાગ્યા. ઘેરઘેર તોરણો બંધાયા. કેટલાએક રાજાઓની તરફથી પુત્ર જન્મની વધાઇમાં દશરથ રાજાને કરભાર આવ્યા. લક્ષ્મી વાસ કરી રહેવાના હેતુથી તથા કમળનું નામ પદ્મ હોવાથી તેની બરાબરીને માટે તે બાળકનું નામ "પદ્મ" રાખ્યુ તથા બીજું "રામ" એવું નામ પાડયું.

ત્યાર પછી કેટલેક કાળે દશરથ રાજાની બીજી સ્ત્રી સુમિત્રાએ રાત્રના પાછલા પ્રહરે વાસુદેવના અવતારને સુચન કરનારા, હાથી, સિંહ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, લક્ષ્મી, અને સમુદ્ર, એ સાત પદાર્થ દીઠા. તે પ્રસંગે દેવલોકથી કોઈ એક પરમ મહર્દ્ધિક દેવ ચવીને સુમિત્રાના ઉદરમાં ગર્ભપણે ઉત્પન્ન થયો. દિવસે દિવસે ગર્ભ વધતાં માસ પૂરા થયેથી સુમિત્રાએ, શ્યામવર્ણ, સર્વ લક્ષણ યુકત, તથા જગતના મિત્રરૂપ પુત્રને પ્રસવ્યો. તે દિવસે દશરથ રાજાને તથા સર્વ નગર જનોને અધિક

આનંદ થવાથી સંપૂર્ણ ચૈત્યોમાંની શ્રીઅર્હત્ પ્રતિમાઓને સ્નાત્ર પૂર્વક આઠ પ્રકારની પુજા કરી, સવ બંધીવાનોને બંધીખાનામાંથી છોડી મૂકયા. વળી રામના જન્મ વખતે મહોત્વસ કર્યો હતો તેનાથી પણ આ વખતે અધિક મહોત્વસ કરવામાં આવ્યો. તેમજ આ બાળકના જન્મથી આખી પૃથ્વીને પણ અત્યાનંદ થયો. તેનું નામ "નારાયણ" તથા "લક્ષ્મણ" રાખ્યું.

રામ તથા લક્ષ્મણ અનુક્રમે મોટા થવા લાગ્યા. કેટલીક વખત તેઓ બંને ખેલતા ખેલતા તેમના બાપ દશરથ રાજાના ખોળામાં બેશીને તેની મુછોના વાળ ઝાલીને રમતા હતા. ધાવોના પાલણ પોષણ થકી દિન દિન વૃદ્ધિ પામતા તે એવા તો દેખાવા લાગ્યા કે જાણે રાજાની બીજી બે ભુજાઓજ હોયની! એવા બંને પુત્રોને જોઇને દશરથ રાજા મહા આનંદ પામવા લાગ્યો. સભામાં આવે ત્યારે ઘડીકમાં રાજાના ખોળામાં ચઢી બેસે, ત્યાંથી ઊઠીને પાસે બેઠેલા કોઈ પ્રધાનના ખોળામાં જઈ બેસે, વળી ત્યાંથી ઊઠી કોઈ ત્રીજા પુરૂષની પાસે જઇ તેને હસાવે, એવી રીતે તેઓ જેની પાસે જાય તેને એવું લાગે કે જાણે અંગને અમૃતજ સ્પર્શ કરતું હોયની! વાસુદેવ (લક્ષ્મણ) પીળા વસ્ત્ર તથા બળદેવ (રામ) નીલા વસ્ત્ર પેહેરી પાદ પ્રહારે ફરતાં જાણે પૃથ્વીને કંપાયમાન કરતા હોયની! એવું લાગતું હતું. એ પ્રકારે યથેચ્છ ક્રીડા કરતા તેઓ મોટા થયા. પછી ક્રમે કરી તેઓએ સંપૂર્ણ વિદ્યાનો અભ્યાસ કર્યો. તેઓ પોતાની તિવ્ર બુદ્ધિએ કરી એવી રીતે શિખવા લાગ્યા કે, તેમને ગુરૂની ગરજ તો કેવળ નિમિત્ત માત્ર હતી. વળી તેઓ સર્વ શસ્ત્ર અસ્ત્રની વિદ્યામાં મહા કુશળ થયા. તે વારે તેઓ એવા તો દીપવા લાગ્યા કે, જાણે પુન્યની રાશિજ હોયની! કોઈ કોઈ વાર ફરતા ફરતા તેઓ પર્વત ઉપર જઇને ત્યાં મુષ્ટી પ્રહાર કરતા તેથી પર્વત ચૂર્ણ થઈ જતો હતો. ધનુષ્ય બાણ હાથમાં લેઈ લક્ષવેધ કરતી . વખતે જાણે સૂર્ય પણ કંપાયમાન થતો હોયની! એવું ભાસતું હતું. અસ્ત્ર, શસ્ત્ર તથા કૌશલ્ય વીગેરે જેને કૌતુક જેવા ભાસવા લાગ્યા. દશરથ રાજા

પોતાના પુત્રોના અસ્ત્ર, શસ્ત્ર તથા કોશલ્યે કરી પોતાને સુરાસુરને પણ અજય માનવા લાગ્યો. પછી કેટલેક કાળે પોતાના પુત્રોના બળના ધૈર્ય વડે કરી દશરથ રાજા ઇક્ષ્વાકુ વંશની રાજધાની જે અયોધ્યા નગરી તે પ્રત્યે આવ્યો. વાદળાં દૂર થવાથી જેમ સૂર્ય પ્રકાશમાન લાગે, તેમ દૂર્દશા દૂર થવાથી દશરથ રાજા પોતાના પ્રતાપે કરી પ્રકાશમાન થયો થકો રૂડી રીતે પૃથ્વીનું પાલન કરવા લાગ્યો.

કેટલાએક દિવસ પછી દશરથ રાજાની ત્રીજી સ્ત્રી કૈકેયીના ઉદરથી શુભ સ્વપ્ને કરી સૂચન કરેલો ભરતક્ષેત્રના ભૂષણ રૂપ ભરત નામનો પુત્ર જન્મ્યો.

ત્યાર પછી કેટલેક દિવસે સ્વકુળને આનંદ દેનારો, મહા પરાક્રમી શત્રુઘ્ન નામનો પુત્ર દશરથ રાજાની ચોથી સ્ત્રી સુપ્રભાએ પ્રસવ્યો.

ભરત અને શત્રુઘ્ન બંને ક્રમે કરી મોટા થતા સાથે ફરવા લાગ્યા. તે જાણે બીજા બળદેવ અને વસુદેવજ હોયની! એવા શોભવા લાગ્યા. તેઓ પણ સર્વ વિદ્યામાં ઘણા કુશળ થયા, તેથી જેમ ગજદંત પ્રમુખ આકારવાળા ચાર પર્વત વડે મેરૂ પર્વત શોભે છે, તેમ તે દશરથ રાજા પોતાના ચાર પુત્રો વડે શોભવા લાગ્યો.

પૂર્વે આ ભરતક્ષેત્રમાંના દારૂગ્રામમાં એક વસુભૂતિ નામના બ્રાહ્મણની સ્ત્રી અનુકેશાને પેટે પેદા થએલા અતિભૂતિની સરસા નામની સ્ત્રી કોઈ એક કયાન નામના બ્રાહ્મણની સાથે આશક્ત થવાથી તે તેનું હરણ કરી ગયો હતો. કહ્યું છે કે, “કામાતુરને ભય અને લજ્જા કાંઇપણ હોતું નથી.” અતિભૂતિ સ્ત્રીની શોધ કરવા સારૂ ભૂતની પેઠે પૃથ્વીપર ફરવા લાગ્યો. એ વાતની તેના માત પિતાને ખબર પડતાંજ તેઓ પણ પુત્ર તથા તેની સ્ત્રીની ખોળ કરવા માટે દેશાંતર ચાલી નિકળ્યા. ફરતાં ફરતાં કોઇ એક સમયે તેમને એક સાધુ મળ્યા, તેને ભક્તિ પૂર્વક નમસ્કારાદિ કરી તેની પાસે તેઓ ધર્મ દેશના સાંભળવા બેઠા. ત્યાં આગળ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તે બંને

સ્ત્રી ભર્તાર અનુકેશા તથા વસુભૂતિએ તે સાધુ પાસે દીક્ષા લીધી. પછી ગુરૂની આજ્ઞા લેઇને અનુકેશા એક કમલશ્રી નામની આર્યાની પાસે જઇને રહી. ચારિત્ર પાળતાં કેટલેક કાળે તેઓ બંને કાળ કરીને સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉપન્યા. ત્યાંથી ચવી વસુભૂતિનો જીવ વૈતાઢ્ય પર્વત ઉપર રથનુપુર નગરનો ચંદ્રગતિ નામે રાજા થયો અને તેની સ્ત્રી અનુકેશા પણ દેવલોકથી ચવીને એજ રાજાની પુષ્પવતી નામે રાણી થઈ.

અતિભૂતિની સ્ત્રી સરસા જેને કયાન લેઇ જતો રહ્યો હતો તેણીએ પણ અસાર સંસાર જાણી એક સાધવી પાસે દીક્ષા લીધી અને કાળ કરી ઇશાન દેવલોકમાં દેવી પણે ઉપની. અને અતિભૂતિ સ્ત્રીની શોધ કરતો કરતો કેટલેક દિવસે કાળ કરી ગયા પછી સંસારમાં ઘણા કાળ ભટકીને કોઈ એક સમયે હંસનો બાળક થયો. તેને એક સેન નામના પક્ષીએ લઇને ખાવા માડયું. પણ પ્રારબ્ધના યોગે તેની પાસેથી તે છુટીને જેમ તેમ ઉડતો ઉડતો એક સાધુ પાસે આવીને પડ્યો. તે વખતે માત્ર તેના કંઠમાં શ્વાસોશ્વાસ રહેલો હતો. તેવા પ્રસંગે તે મહા કરૂણાસાગર મુનિએ તેને (હંસના બચ્ચાને) નવકાર મંત્ર સંભળાવ્યો. તેના સામર્થ્યે વડે તે મરીને દશ હજાર વર્ષના આયુષ્ય વાળો કિન્નર લોકમાં એક દેવ થયો. ત્યાંથી ચવીને તે વિદગ્ધ નામના નગરના રાજા પ્રકાશસિંહની સ્ત્રી પ્રવરા રાણીને પેટે કુંડલમંડિત નામનો પુત્ર થયો.

ઉપભોગાશકત કયાન પણ કાળે કરી મર્ણ પામીને ભવાટવીમાં ભટકતો ભટકતો ચક્રપુર નામના નગરના રાજા ચક્રધ્વજના ઉપાધ્યાય ધુમ્રકેતુની સ્ત્રી સ્વાહાને પેટે પિંગ નામના પુત્રપણે પેદા થયો. તે પિંગ તથા ચક્રધ્વજ રાજાની કન્યા અતિ સુંદરી એકજ ગુરૂની પાસે વિદ્યાભ્યાસ કરવા જતા હતા. ત્યાં તેઓને પરસ્પર પ્રીતિ બંધાઈ, તેથી લાગ ફાવતાં અતિસુંદરીનું હરણ કરીને પિંગ ત્યાંથી નાશીને વિદગ્ધ નામના નગરમાં જઇને રહ્યો. ત્યાં તે ઘાસ તથા લાકડાં વેચીને

જેમ તેમ પોતાનો નિર્વાહ કરવા લાગ્યો. કેમકે ગુણ રહિત પુરૂષોનું પેટ એવું કામ કર્યા વિના ભરાતુંજ નથી. કોઇ એક પ્રસંગે તે નગરના રાજપુત્ર કુંડળમંડિતે અતિસુંદરીને દીઠી. તે બેનો દ્રષ્ટિ મેળાપ થતાંજ તેમને પરસ્પર પ્રીતિ બંધાઈ. પછી પોતાના બાપના ભયે કરીને કુંડળમંડિત છાની રીતે અતિસુંદરીને લઇને ત્યાંથી નીકળી એક પર્વતપર જઇ ત્યાં ઘર કરીને રહ્યો. પિંગ અતિસુંદરીના વિરહથી ઉન્મત્તની પેઠે પૃથ્વીપર ફરવા લાગ્યો. તેને કોઈ એક સમયે ગુપ્તાક્ષ નામના આચાર્ય મળ્યા. તેની પાસે ધર્મ સાંભળીને તેણે દીક્ષા લીધી. પરંતુ અતિસુંદરી વિષેની તેની પ્રીતિ ગઈ નહીં. તે કાળ કરી સૌધર્મ દેવલોકમાં દેવ થયો.

ડુંગરમાં રહેલા કુંડળમંડિતે કુત્રાની પેઠે દશરથ રાજાના રાજ્યમાં લુટ કરવાનું શરૂ કર્યું. તેને એક બાળચંદ્ર નામના સુભટે પકડીને દશરથ રાજા પાસે બાંધીને આણ્યો. પછી દશરથ રાજાએ તેને કેટલાએક કાળ સુધી બંધીખાનામાં રાખી તેની સારી વર્ત્તણુક માલમ પડવાથી તેની દીનતા જોઈ છોડી મૂકયો. કહ્યું છે કે, “શત્રુ દીન થયેથી મોટા પુરૂષના કોપની શાંતિ થાય છે.” કુંડળમંડિત ત્યાંથી છુટ્યા પછી પોતાના બાપનું રાજ્ય લેવાની ઇચ્છા કરતો પૃથ્વીપર વિચરવા લાગ્યો. ફરતાં ફરતાં કોઈ એક બખત તેને મુનિચંદ્ર નામના સાધુનો સમાગમ થયો, તેની પાસે ધર્મ દેશના સાંભળી તે શ્રાવક થયો. પછી આયુષ્ય પુરૂં કરી રાજ્ય મેળવવાની અભિલાષા કરતો કાળ કરીને મિથિલા નગરીના રાજા જનકની સ્ત્રી વિદેહાને પેટે અવતર્યો.

સરસા જે ઈશાન દેવલોકમાં દેવી પણે ઉપની હતી ત્યાંથી ચવી ઘણા ભવ કરી રાજાના ઉપાધ્યાયની વેગવતી નામની કન્યા થઈ. ત્યાંથી તે દીક્ષા લેઈ કાળ કરી બ્રહ્મદેવ લોકમાં એક દેવી થઈ. કાળે કરીને ત્યાંથી ચવી તે જનક રાજાની સ્ત્રી વિદેહાને પેટે કુંડળમંડિતના જીવની સાથે કન્યા રૂપે અવતરી. માસ પૂરા થયે વિદેહાએ પુત્ર તથા પુત્રી પ્રસવી. એ વખતે

પિંગનો જીવ જે સૌધર્મ દેવલોકમાં દેવ થયો હતો તેણે વિભંગ જ્ઞાને કરી પૂર્વ ભવના પોતાના વૈરી કુંડળમંડિતને જનક રાજાની સ્ત્રી વિદેહાને પેટે પુત્રપણે ઉત્પન્ન થયેલો દીઠો. તેથી તે તેના પર ક્રોધાયમાન થઇ જન્મતાંવેંતજ તેનું હરણુ કરી ગયો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે, આને શિલા ઉપર પછાડીને મારૂં ! અથવા મેં પૂર્વ જન્મમાં કરેલાં દુષ્કર્મનું ફળ ઘણા ભવ ભટકી ભોગવ્યું, અને દૈવયોગે મુનિનો સમાગમ થયે સાધુ વ્રત અંગિકાર કરવાથી આ દેવ ગતિ પામ્યો છું. ત્યાંથી વળી આ બાળકને મારવાનું ઘોર કર્મ કરવાથી મારે ઘણા ભવ ભટકવું પડશે, માટે એને મુકી દેઉં? એ રીતે મન સાથે વિચાર કરતાં તે દેવે તેને મારી નાખવાનું મોકુફ રાખી તેને, અલંકારાદિક પહેરાવીને પોતાની કાન્તિએ કરી ચારે દિશાને ભરી મુકેલા બાળકને વૈતાઢ્ય પર્વત ઉપર રથનૂપુર નગરના નંદન ઉદ્યાનમાં રૂની પેઠે હળવેથી પૃથ્વી પર મુકી દીધો.

એ વખતે તે નગરનો રાજા ચંદ્રગતિ ફરવા નિકળ્યો હતો. તેની દૃષ્ટી તે તરફ ઓચિંતી જવાથી તેજના અંબાર જેવું જોઈ આશ્ચર્ય પામી તે બોલવા લાગ્યો કે, આકાશમાંથી એકાએક આ તેજનો કેવો ભટકો પડ્યો ? પછી ત્યાં આગળ તે દોડતો આવ્યો અને જોયું તો દિવ્યાલંકારે કરી ભુષિત એક બાળક જમીન પર પડેલો તેના દીઠામાં આવ્યો. તેથી તે ઘણો રાજી થયો અને પોતાને પુત્ર નહોતો તેથી તેને લેઈ પુત્રપણે માની ઘેર આવી પોતાની સ્ત્રી પુષ્પવતીને તે બાળક સોંપ્યો. પછી તે દિવસે તેણે પુષ્પવતીએ પુત્ર પ્રસવ્યો એવી આખા નગરમાં થાળી પીટાવી પ્રીતિ સહિત તેનો જન્મોત્સવ કરયો. અને ભામંડળના યોગે તેનું નામ રાજાએ ભામંડળ પાડયું. વિદ્યાધરોની સ્ત્રીઓને હાથે પાલણુ પોષણુ થતાં તે બાળક દિવસે દિવસે ચંદ્રની પેઠે વૃદ્ધિ પામવા લાગ્યો.

જનક રાજાની સ્ત્રી વિદેહા, પોતના પુત્રનું કોઇ હરણુ કરી ગયું તેથી દીનસ્વરે મોટેથી રડવા લાગી. તે વખતે તેનું

આખું કુટુંબ શોક સમુદ્રમાં ડુબી ગયેલું દેખાવા લાગ્યું. જનક રાજાએ તેની ઘણી શોધ કરાવી તથાપિ તેનો કોઈપણ સ્થળે પત્તો લાગ્યો નહીં. તેથી સર્વે નિરાશ થઈ બેઠા. પછી તેની સાથે જન્મેલી અનેક ગુણ રૂપ નિધાનના અંકુરભૂત કન્યાનું નામ તેઓએ સીતા રાખ્યું. અનુક્રમે દિવસો જતાં જનક રાજા તથા વિદેહા રાણીને તે પુત્રનો શોક ઓછો થયો. કહ્યું છે કે, "સંસારમાં મનુષ્યને હર્ષ અને શોક થાય છે તથા જાય છે."

ક્રમે કરી સીતા, રૂપ, લાવણ્ય તથા અનેક ગુણે કરી યુક્ત થઈ થકી ચંદ્ર રેખાની પેઠે વધવા લાગી. યૌવન અવસ્થા પ્રાપ્ત થતાં સુધીમાં તો તે સર્વે કળા સંપૂર્ણ શિખી મહા ચતુર થઈ અને તે વખતે એ જાણે રૂપ તથા લાવણ્યતાની નદીજ હોય નહીં! એવી દેખાવા લાગી. વળી કમળ પત્રના જેવા જેના નેત્ર છે, એવી તે કન્યા, લક્ષ્મી સમાન શોભવા લાગી. તેને જોઈ જનક રાજાને નિશદિન વિચાર થવા લાગ્યો કે, આ કન્યાને યોગ્ય વર કોણ મળશે? પછી તેણે યોગ્ય વર ખોળી કાઢવા માટે ઘણા રાજાના પુત્રોને પોતાના દૂતો મોકલી જોવરાવ્યા. તથાપિ તેમાંનો કોઈપણ રાજાને ગમ્યો નહીં. તેથી તે સીતાને યોગ્ય વર મેળવવાનું ચિંતવન કરતો તેની તપાસમાં રહ્યો.

ત્યાર પછી એક વખત જનક રાજાના રાજ્યમાં આતરંગાદિક અર્દ્ધ બર્બર નામના રાજા આવીને ઘણો ઉપદ્રવ્ય કરવા લાગ્યા તથા કલ્પાંતકાળના સમુદ્રની પેઠે તેઓ ઉછળવા લાગ્યા. જનક રાજાએ તેઓનું નિવારણ ન કરી શકયાથી પોતાની મદદ કરવા સારૂ દશરથ રાજાને તેડી લાવવા એક દૂત તેના તરફ મોકલ્યો. તે દૂત અયોધ્યામાં આવી પહોંચતાં તે બાબતની દશરથ રાજાને ખબર પડી કે તરતજ તેને બોલાવી પોતાની પાસે બેસાડી તેને કહેવા લાગ્યો કે, "મારો મિત્ર જનક મારાથી દૂર રહેલો છે, તેમજ હું તેનાથી દૂર રહેલો છું. અમારો બંનેનો મેળાપ થવો તો દૈવ ઉપર આધાર રાખે છે, તથાપિ આજ તારા આવવાથી મને

જનકની ભેટ થઈ એમ હું સમજું છું. જનકના રાજ્યમાં, તેના નગરમાં, સૈન્યમાં તથા તેના કુટુંબમાં સર્વ સુખી છેના? તેમજ તે પોતે શરીરે સાજો તાજો અને સુખી છેના? તેમ છતાં તારે અહીં આવવાનું શું કારણ છે, તે કહે." ત્યારે તે દૂત કહેવા લાગ્યો કે, હે દશરથ રાજા, મારા સ્વામી જનક રાજાના ઘણા સગાવહાલા છે તે બધામાં આપને તે સુહૃત હૃદય, અને પોતાના આત્માની પેઠે જાણે છે. સુખ અથવા દુઃખને વખતે તે તમારા વિના બીજા કોઇને યાદ કરતો નથી. તમે કેવળ તેના કુળ દેવતારૂપ છો. મારા આવવાનું પ્રયોજન એ છે કે, "વૈતાઢ્ય પર્વતની દક્ષિણ દિશામાં તથા કૈલાસ પર્વતની ઉત્તર તરફ ઘણા અનાર્ય જન પદ છે. બર્બર કુળ જેવો એક અર્દ્ધ બર્બર નામનો દેશ છે. તેમાં મહા ભયંકર પુરૂષો રહે છે. તેમાં તે દેશના ઘરેણા રૂપ એક મયૂરમાલ નામના નગરનો આતરંગ નામનો એક મહામ્લેછ રાજા છે. શુકદેશ. અંકનદેશ, કાંબોજદેશ, વીગેરે કેટલાએક દેશોમાં તેના હજારો પુત્રો રાજા થઇને ત્યાંના ઉપભોગ ભોગવે છે. એક એક અક્ષોહિણી સૈન્યના પતિ એવા તેના હજારો પુત્રો સહિત તે આતરંગ રાજા જનકના દેશમાં આવીને તેની પૃથ્વીનો નાશ કરવા લાગ્યો છે. વળી તે દુષ્ટબુદ્ધિએ નગરમાં આવીને ચૈત્યનો પણ ભંગ કર્યો છે. આપણા ધર્મનો નાશ કરવામાં તે સ્વધર્મ માને છે. માટે હે ધર્મિષ્ટ રાજા, આપણા સ્વધર્મની તથા જનક રાજાની જેમ બને તેમ જલદી આપ રક્ષા કરવાને યોગ્ય છો. હાલમાં એ બંનેના પ્રાણભૂત આપજ છો." દૂતનાં એવાં વાકયો સાંભળતાંજ દશરથ રાજાએ તત્કાળ પ્રયાણ ભેરી વગડાવી. કહ્યું છે કે, "સજ્જન પુરૂષ સજ્જનની રક્ષા કરવામાં જરા પણ વિલંબ કરતા નથી."

એ પ્રસંગે દશરથ રાજાની પાસે આવીને રામ કહેવા લાગ્યો કે, હે તાત, મ્લેછોને મારવા સારૂ તમે પોતે જશો તો (પોતાની સામે હાથ કરીને) ભાઇઓ સહિત ઉભો રહેલો જે આ

તેઓને શત્રુની સામે મોકલવાની મારી હિમ્મત ચાલતી નથી, તો ભરત રાજાથી ઇક્ષ્વાકુ વંશમાં જન્મસિદ્ધ પરાક્રમ છે. માટે આપ અહીંઆંજ રહો, અને મ્લેછોનો નાશ કરવાની મને આજ્ઞા આપો. હે સ્વામિન્, પોતાના પુત્રના જયની વાત તમે થોડાજ દિવસમાં સાંભળશો. એવી રીતે ઘણા આગ્રહથી દશરથ રાજાની રજા માગીને રામ પોતાના નાના ભાઈ સહિત સૈન્યને સાથે લેઇને મિથિલા નગરી પ્રત્યે આવ્યો. ત્યાં મહાવનમાં જેમ હરણ, વાઘ, શાર્દૂલ અથવા સિંહ વિગેરે મહા ભયંકર પ્રાણીઓ દેખાય તેમ તે મ્લેછોના સુભટોને રામે દીઠા. તેમજ તેઓએ પણ રામને દીઠા. તેવાજ જેની ભુજાઓ લડાઇ કરવાને કાંપી રહી છે તથા જેઓને પોતાના પરાક્રમનો ઘણો ગર્વ છે, એવા તે સર્વ મ્લેચ્છો રામના ઉપર તુટી પડી તેને દુઃખ દેવા લાગ્યા. તેઓએ બાણોની એવી તો વૃષ્ટિ કરી કે, તેથી ઉડેલી ધૂળવડે જાણે આખું જગતજ આંધળુ થતું હોય નહીં! એ પ્રકારે પોતાના શસ્ત્રાદિકોએ કરી તે મ્લેછોએ રામના સર્વ સૈન્યને ઢાંકી દીધું. તે વખતે મ્લેછો પોતાનો જય થયો એમ માનવા લાગ્યા અને જનક રાજા પોતાના સૈન્યનો પરાભવ થતો જોઇ બધા સૈન્યનું મરણ આવ્યું એમ માનવા લાગ્યો. આ પ્રમાણે થતાં રામે પોતાના ધનુષ્ય બાણ સજી તેની કમાન ચડાવીને એવો તો ટણત્કાર કર્યો કે, જેથી બધાની આંખોની પાંપણો મટમટાયમાન થતી બંધ રહી ગઈ. પછી પૃથ્વી પર આવેલા દેવતાની પેઠે રામ, જેમ પારધી મૃગોને મારે તેમ, પોતાના અસ્ત્રાદિકે કરી ક્રોડો મ્લેછોને મારવા મંડી ગયો. તે વખતે મ્લેછો વિચાર કરવા લાગ્યા કે, જનક રાજા તો કેવળ ગરીબ છે, તેમજ તેનું સૈન્ય પણ મચ્છર જેવું છે. વળી તેની સહાયતા કરવા સારૂ આવેલાં સૈન્ય પણ નાશ પામીને દશેદિશા તરફ નાશી ગયાં. તેમ છતાં આ આકાશને આચ્છાદન કરવાવાળા ગરૂડ પક્ષીઓના જેવા ક્યાંથી આવે છે. એવી રીતે તે આતરંગાદિક મ્લેછો પરસ્પર ભાષણ કરતા કોપાયમાન થઇને, એકદમ સાથે લાગા રામ ઉપર શસ્ત્ર તથા અસ્ત્રની વૃષ્ટિ કરવા લાગ્યા. તે

જોઇને સિંહ જેમ હાથીને મારે તેમ દૃઢ માર મારનારો, દૂરથી અસ્રોને પાડનારો, તથા શિઘ્રવેધ કરનારો જે રામ, તેણે લીલામાત્રે કરી એક ક્ષણમાં તેઓનો નાશ કરી દીધો. થોડા જીવતા રહેલા મ્લેછો કાગડાઓની પેઠે દશેદિશા તરફ નાશી ગયા. તે વખતે પ્રજા સહિત જનક રાજા અતિ આનંદ પામ્યો. પછી તેણે પોતાની રૂપ લાવણ્ય ગુણની પેટી સીતા નામની કન્યાને યોગ્ય આ વરજ છે, એમ મન સાથે નિશ્ચય કરી ઘણી ખુશીની સાથે તેને રામને આપી. જનક રાજાને રામ આવ્યાથી પોતાની પુત્રીને વર તથા પોતાને જય, એ બેઉ એકજ વખતે મળ્યો.

કોઇ એક સમયે લોકોના મુખથી જાનકી (સીતા) ના સ્વરૂપની તારીફ સાંભળીને કૌતુક વડે નારદ તેનું સ્વરૂપ જોવા સારૂ મિથિલા નગરીમાં આવીને તે કન્યાના ઘરમાં ગયો. પીળા છે જેના નેત્રો, પીળા છે જેના કેશ, વળી પીળી છત્રિ જેણે કરમાં ધરી કોપીન પહેરેલી છે, તથા જેનું શરીર પાતળું છે અને જેના માથા ઉપર ચોટલી લપી રહી છે, એવા મહા ભયંકર નારદને જોઇને, સીતા કંપાયમાન થતી, હા માતઃ! હા માતઃ! એ પ્રમાણે મોટા આવાજે બુમ પાડતી ત્યાંથી બીજા ઘરમાં નાશી ગઈ. તે વખતે ત્યાંની દ્વારપાળ દાસીઓએ દોડી આવી કોઇએ નારદનું ગળું પકડયું, કોઇએ તેની ચોટલી અને કોઇએ તેના હાથ ઝાલ્યા. એ પ્રમાણે દાસીઓ તેના બુરા હાલ કરવા લાગી. એટલામાં તે કળકળાટ સાંભળીને જનક રાજાના યમ દૂત જેવા ક્રોધાયમાન રાજ્ય પુરૂષો હાથમાં શસ્ત્ર લેઈ ત્યાં આવી બોલવા લાગ્યા કે, આ કોઈ ચોર છે, એને પકડો, બાંધો, મારો, પછી દાસીઓએ નારદને ધક્કા મુક્કી કરીને મુકી દીધો. એવી રીતે મહા સંકટે કરી નારદ તેઓના હાંથમાંથી છુટીને ત્યાંથી નાશી વૈતાઢ્ય પર્વત ઉપર આવી મન સાથે વિચાર કરવા લાગ્યો કે, જેમ કોઈ વાઘણીના મુખમાં આવ્યા પછી જીવતો રહે તેમ હું તે દાસીઓના હાથમાંથી જીવતો છુટીને આ ઘણા વિદ્યાધરોનો ઇશ્વર જે વૈતાઢ્ય પર્વત,

તેના ઉપર મોટા ભાગ્યે કરીને આવી પહોંચ્યો છું. મને નિ-ભ્રંછી માર મારયાનું ફળ મારે તેને અવશ્ય બતાવવું જોઇયે. એમ મન સાથે મનસુબો કરી તેણે ધાર્યું કેઃ–આ પર્વતની દક્ષિણ દિશા તરફ ઇંદ્ર જેવો પરાક્રમી ચંદ્રગતિ રાજાનો પુત્ર ભામંડળ રાજા છે. ત્યાં જઇને કાગળ ઉપર સીતાની છબી ચિત્રી તેને બતાવીશ તો તે જોઇને બળાત્કારે પણ તે તેનું હરણ કર્યા વગર રહેશે નહીં. પછી જેમ તેની દાસીઓએ મારી અવસ્થા કરી એવીજ હું તેની અવસ્થા કરીશ. એવો વિચાર કરી નારદે પટ ઉપર સીતાનું ચિત્ર કહાડી ભામંડળ રાજા પાસે જઇને બતાવ્યું. ત્રણે જગતમાં અપૂર્વ એવું સીતાનું ચિત્ર જોઇને ભામંડળ રાજા તેના ઉપર મોહિત થયો અને તેને કામે કરી પીડાયમાન થતા તેનામાં એવી તો લય લાગી કે, રાત્ર દિવસ જરા પણ ઉંઘ આવે નહીં. વિંધ્યા પર્વત ઉપરથી લાવેલો હાથી જેમ ખાય પિયે નહીં, તેમ ભામંડળ રાજા ખાવું પીવું મૂકીને, તથા મૌન ધારણ કરીને યોગીની પેઠે તેનુંજ ધ્યાન ધરવા લાગ્યો. આ પ્રમાણે ભામંડળની સ્થિતિ થએલી જોઈ તેનો પિતા ચંદ્રગતિ તેને કહેવા લાગ્યો કે, હે પુત્ર, તારા મનમાં શું દુઃખ છે? અથવા તારા શરીરે કાંઈ વ્યાધિ ઉત્પન્ન થઈ છે? અથવા કોઇએ તારી આજ્ઞાનો ભંગ કર્યો છે? અથવા કોઇએ તારૂં અપમાન કર્યું છે? અથવા કાંઈ બીજું દુઃખ છે? જે હોય તે મને કહે. તે વખતે ભામંડળ લજ્જાથી મહોડું નીચું કરીને કાંઇપણ પ્રત્યુત્તર ન વાળતાં મુગો બેશી રહ્યો.કહ્યું છે કે, "કુલીન પુરૂષ ગુરૂ (વડા) ની પાસે તેવી વાત કહેવાને સમર્થ હોતા નથી."

તે સમયે ભામંડળના મિત્રે ચંદ્રગતિ રાજાને ભામંડળના દુઃખનું કારણ જે નારદે બતાવેલા સ્ત્રીના ચિત્રપટ ઉપરથી થયેલું હતું તે સર્વ નિવેદન કર્યું. તે સાંભળીને રાજાએ ઘણી ભકિત સહિત નારદને પોતાને ઘેર બોલાવી તેને પુછયું કે,, ભામંડળને તેં જે સ્ત્રીનું ચિત્ર બતાવ્યું.હતું તે સ્ત્રી કોણ છે? અને તે કોની કન્યા છે? ત્યારે નારદે જણાવ્યું કે, હે રાજા

જનક રાજાની કન્યા સીતાનું ચિત્ર કહાડીને મેં તારા પુત્રને બતાવેલું છે. તે જેવી સ્વરૂપવાન છે, તેવુંજ ચિત્ર તો કહાડી બતાવવાને હું અગર બીજો કોઈ પણ સમર્થ થનાર નથી. એ સ્ત્રી શરીરે એવી તો સુંદર છે કે, તેને બીજી કોઇપણ ઉપમા દેઈ શકાય તેમ નથી. તેના રૂપના જેવું બીજી કોઈ સ્ત્રીનું રૂપ નથી. નાગ કન્યાઓમાં પણ એવી કોઈ રૂપવાન નથી. વળી ગાંધર્વની કન્યાઓમાં પણ એની બરાબરી કરનારી કોઇ પણ મળશે નહીં, તો પછી મનુષ્યની સ્ત્રી તે તેની આગળ શા હીસાબમાં? સીતાના યથાસ્થિત રૂપને ધારણ કરવાને દેવ પણ સમર્થ થાય તેમ નથી. તેનો વેશ લેવાને દેવોના નટોની શું ખિશાદ છે? સાક્ષાત્ બ્રહ્મદેવ પણ તેનું રૂપ લેવાને સમર્થ થનાર નથી. તેની આકૃતિમાં, તેના વચનોમાં, તથા તેના કંઠમાં જે મધુરતા છે, અને તેના હાથ પગમાં જે રકતતા છે, તેની એક જુદીજ તરા છે. ઘણું તો શું, પણ તેનું સ્વાભાવિક રૂપ લખવાને અથવા બોલવાને હું સમર્થ થનાર નથી. પરમાર્થપણે કહું છું કે, એ કન્યા આ ભામંડળને યોગ્ય છે. એવો મનમાં વિચાર કરીને મારી બુદ્ધિએ કરી મેં તેને ચિત્રપટ ઉપર આલેખી બતાવી. એવાં નારદના વચનો સાંભળીને ચંદ્રગતિ રાજાએ પોતાના પુત્ર ભામંડળને કીધું કે, હે પુત્ર, એ તારી સ્ત્રી થશે. તું મનમાં ચિંતા કર નહીં. એવી રીતે ભામંડળના મનનું સમાધાન કર્યા પછી ચંદ્રગતિ રાજાએ નારદને વિદાય કર્યો. પછી તેણે ચપલગતિ નામના વિદ્યાધરને બોલાવીને આજ્ઞા કરી કે, તું જલદી મિથિલા નગરીમાં જઇને જનક રાજાનું હરણ કરી તેને અહીં લેઈ આવ. રાજાની આજ્ઞા થતાંજ તે વિદ્યાધરે રાત્રીના વખતે મિથિલા નગરીમાં જઈ કોઈ ન જાણે તેમ જનક રાજાનું હરણ કરી આવી તેને પોતાના રાજાને સોંપ્યો. પછી ચંદ્રગતિ રાજા તેને (જનક રાજાને) ભાઈની પેઠે સ્નેહ વડે આલિંગન કરી આસન ઉપર બેસાડી પ્રેમ સહિત તેની સાથે ભાષણું કરવા લાગ્યો કે, હે જનક રાજા, લોકોત્તર ગુણવાળી જે તારી સીતા નામની

કન્યા તે આ રૂપ સંપત્તિવાન મારા ભામંડળ નામના પુત્રને દેવા યોગ્ય છે. એ સંબંધ વડે આપણુ બેઉ વચ્ચે મિત્ર ભાવ થશે. એવું તેનું બોલવું સાંભળીને જનક રાજાએ તેને કીધું કે, મારી કન્યા હું રામને આપી ચુકયો છું. તે બીજાને કેમ આપું? કન્યા તો એકજ વખત અપાય છે. ત્યારે ચંદ્રગતિ બોલ્યોઃ—હે જનક, તારી સાથે સ્નેહ વધારવા સારૂજ તને અહીં બોલાવી, મંગાવી મેં કન્યા વિષે યાચના કરી. નહીં તો તેનું પણ હરણ કરવાને હું સમર્થ છું. જો કે એ કન્યા તેં રામને આપી છે, તોપણ અમને જીત્યા શિવાય રામ તેને વરવાને સમર્થ થનાર નથી. માટે દેવતાની આજ્ઞાથી અમારે ઘેર જેનું હજારો યક્ષોએ કરી રક્ષણ થઈ રહેલું છે, એવા મહા તેજસ્વી વજ્રાવર્ત તથા અર્ણવાવર્ત નામનાં બે ધનુષ્ય છે, જે અદ્યાપિ પર્યંત કુળ દેવતાની પેઠે પૂજાય છે, તે તું લે. તેમાંના એક ધનુષ્યને જો રામે સજ્જ કર્યું તો જાણે બધા રાજા જીતાયા. એમ જાણીને પછી તારી કન્યાની સાથે રામ સુખે લગ્ન કરે. ચંદ્રગતિ રાજાએ આ પ્રમાણે કરવાની જનક રાજા પાસે બળાત્કારે પ્રતિજ્ઞા કરાવીને, વજ્રાવર્ત તથા અર્ણવાવર્ત નામનાં ઉપર જણાવ્યા મુજબનાં બે ધનુષ્ય સીતાનો સ્વયંવર મંડપ રચી ત્યાં તેમાંના એકને સજ્જ કરી તેની કમાન ચડાવનારને સીતા વરે એવો નિશ્ચય કરી તેના સ્વયંવરમાં મૂકવા સારૂ તે બે ધનુષ્ય લાવીને મિથિલા નગરીમાં જનક રાજાના રાજગૃહમાં મૂકયા તથા પોતાના પુત્ર ભામંડળને પણ ત્યાં લાવી રાખ્યો અને પોતે (ચંદ્રગતિ) પરિવાર સહિત નગરની બહાર રહ્યો. જનક રાજાએ ચંદ્રગતિ સાથે બનેલા બનાવની સર્વ હકીકત પોતાની સ્ત્રી વિદેહાને કહી સંભળાવી. તે સાંભળતાં તેને હૃદય ઉપર શલ્ય આવી પડ્યા જેવું લાગ્યું અને રૂદન કરતી તે બોલવા લાગી કે, હે દૈવ તું, ઘણો નિર્દય છું, મારા પુત્રનું જન્મતાં વેંતજ હરણ કર્યા છતાં પણ તારૂં મન તૃપ્ત થયું નહીં! કે જેથી હવે વળી મારી કન્યાનું પણ હરણ કરવાને તૈયાર થયો છું. દુનીઆમાં સર્વ લોકમાં પોતાની


સીતા સ્વયંવર.
લક્ષ્મણ.
રામ
સીતા.
ભામંડલ વિગેરે.
ભરત રાજ્યાભિષેક.
વનવાસ
રામ
લક્ષ્મણ
સીતા

ઇચ્છા મુજબ વર વરાય છે, પારકી ઇચ્છાનુસાર વર થતો નથી; તથાપિ આ વખતે પારકી ઇચ્છાનુસાર વર કરવો પડે છે. આ ધનુષ્ય વિષે કરેલો પણ જો રામે પૂરો ન કર્યો, અને બીજા કોઇએ પૂરો કર્યો તો ઇચ્છીત વરની પ્રાપ્તિ થશે નહીં. હા! દૈવ!! એવાં દીલગીરીના ઉદ્દ્ગારો વિદેહાના મુખમાંથી નિકળતાં તેને જનક રાજા કહેવા લાગ્યો કે, હે સ્ત્રી, તું બી માં. મેં રામનું પરાક્રમ જોયું છે. આ ધનુષ્ય એની પાસે એક લતા (વેલ) જેવું છે. એ પ્રમાણે કહી તેણે વિદેહાના મનનું સમાધાન કર્યું. પછી તેણે બંને ધનુષ્યોની પૂજા કરી સ્વયંવર મંડપ તૈયાર કરાવ્યો હતો તેમાં લાવીને મુકયાં અને તે સ્વયંવરમાં બોલાવેલા વિદ્યાધર રાજાઓ પોતપોતાની યોગ્યતા મુજબ ત્યાં. માંડેલા આસન ઉપર બેઠા.

પછી પૃથ્વી ઉપર ફરનારી દેવાંગના જેવી સીતા દિવ્ય અલંકાર પહેરી પોતાની સખી સહિત સ્વયંવર મંડપમાં આવીને ધનુષ્યની પૂજા કરી અંતઃકરણમાં રામનું ધ્યાન ધરતી ઉભી રહી. તે વખતે નારદે જેવું જણાવ્યું હતું તેવુંજ સીતાનું રૂપ જોઇને ભામંડળ રાજાને કામજ્વર ઉત્પન્ન થયો. પછી જનક રાજાનો દ્વારપાળ બોલ્યો કે, હે સ્વયંવર મંડપમાં બીરાજેલા સર્વ રાજાઓ સાંભળો. અમારા જનક રાજાની એવી આજ્ઞા છે કે, જે કોઈ પુરૂષ આ બે ધનુષ્યોમાંથી એક ધનુષ્યની કમાન ચડાવશે, તેને મારી કન્યા પરણશે. એ પ્રમાણે પ્રતિજ્ઞાની હકીકત સાંભળતાંજ ત્યાં બેઠેલા મહા પરાક્રમી સર્વ રાજાઓ ધનુષ્યની કમાન ચડાવવાના હેતુથી આસન ઉપરથી ઊઠી ધનુષ્યની પાસે આવીને ઊભા રહ્યા. તે વખતે મોટા મોટા સર્પો જેને વીંટાઈ વળેલા છે, અને જેનું તેજ મહા તીવ્ર છે, એવાં તે ધનુષ્યોને જોઇને ત્યાં તેની કમાન ચડાવવાને સારૂ આવેલા રાજાઓમાંથી માત્ર તેને અડકવાની પણ કોઈની હિમ્મત ચાલી નહીં, તો પછી તેને ઉપાડી કમાન ચડાવવાની વાત તો દૂરજ રહી! હાથ ખંખેરતા તે સર્વ રાજાઓ તે ધનુષ્યોમાંથી નિકળતા અગ્નિના કણુથી બળતા થકા આવી પોતપોતાને

આસને બેસી ગયા. ત્યાર પછી જેણે સોનાના કુંડળ કાનમાં પહેરયાં છે, હાથીના જેવી જેની ચાલવાની ગતિ છે, ચંદ્રગત્યાદિક રાજાઓ જેની સાંમે મશ્કરીથી જોઈ રહ્યા છે, અને વળી જેની સામે જનક રાજા શંકા સહિત જોઇ વિચાર કરતો બેઠા છે, એવો લક્ષ્મણનો મોટો ભાઇ રામચંદ્ર નિઃશંકપણે ધનુષ્યની કમાન ચડાવવા માટે તત્પર થઈ આસન ઉપરથી ઉઠ્યો, અને તે ધનુષ્યની પાસે જઈ ઈંદ્ર જેમ વજ્ર ગ્રહણ કરે તેમ તેણે વજ્રાવર્ત ધનુષ્યને હાથથી ઉપાડયું. તે વખતે તેના પ્રભાવે કરી ધનુષ્ય ઉપરથી સર્પ તથા અગ્નિ શાંત થઈ ગયો. પછી તેણે તે વજ્રાવર્ત ધનુષ્યને પૃથ્વી ઉપર રાખીને નેતરની લાકડીની પેઠે તેને નરમ કરી તેની કમાન કાન સુધી ખેંચીને ચડાવી. તેનો ટણત્કાર એવો થયો કે, જાણે રામના યશની નોબતજ ગડગડાટમાન થઈ હોય નહીં! તેમજ તેના ગર્જારવ શબ્દ વડે આકાશ અને પૃથ્વી વચ્ચે એકજ ધ્વનિ થઈ રહ્યો. તે જોતાંજ તત્કાળ જરાપણ વિલંબ ન કરતાં સીતાએ રામના ગળામાં વરમાળા આરોપી. ત્યાર પછી રામચંદ્રે ધનુષ્યની પ્રત્યંચા ઉતારી નાંખી, લક્ષ્મણને અર્ણવાવર્ત્ત ધનુષ્યની કમાન ચડાવવાની આજ્ઞા કરવાથી, તરતજ વાસુદેવે ઊઠી તે ધનુષ્યને સજ્જ કરીને કમાન ચડાવી ટણત્કાર કર્યો. તેના શબ્દે કરી સર્વે દિશાઓ મુખ શૂન્ય દીસવા લાગી. પછી લક્ષ્મણે તે ધનુષ્યની પ્રત્યંચા ઉતારી તેને ઠેકાણે મુકયું. તે જોઈને ત્યાં આવેલા વિદ્યાધર રાજાઓએ અતિ વિસ્મય પામી દેવાંગના જેવી પોતાની અઢાર કન્યાઓ લક્ષ્મણને આપી. પછી સીતાને પરણવાની અભિલાષાથી આવેલો ભામંડળ રાજા લજ્જાયમાન થતો, તથા તેનો પિતા ચંદ્રગતિ હાથ ખંખેરતો ત્યાંથી વિદાય થઇ પોતાના નગર પ્રત્યે ગયા. તેમજ બીજા રાજાઓ પણ પોતપોતાને સ્થાનકે ગયા. પછી જનક રાજાએ અતિ પ્રીતિ વડે ઘણા આડંબર સહિત અતિ ઉત્સાહ પૂર્વક સીતાને રામચંદ્ર સાથે પરણાવી. દશરથ રાજાએ પણ રામના લગ્નમાં ઘણો ઉત્સવ કર્યો. તે વખતે જનક રાજાના ભાઇ કનકની સ્ત્રી સુપ્ર-

બાના ઉદરથી ઉત્પન્ન થએલી ભદ્રા નામની કન્યા તેઓએ ભરતને આપી. એ બધું કાર્ય થઇ રહ્યા પછી દશરથ રાજા પોતાના પુત્રો તથા તેમની સ્ત્રીઓને સાથે લેઇ અયોધ્યામાં આવ્યો. ત્યાં તેણે પોતાની પ્રજા સહિત મહોત્સવ કર્યો.

એક દિવસ દશરથ રાજાએ મોટી રિદ્ધિએ કરી ચૈત્ય મહોત્સવ કરીને શાંતિનાથનો સ્નાત્ર મહોત્સવ કર્યો. તેનું સ્નાત્રજળ પ્રથમ પટરાણી કૌશલ્યાને પહોંચાડવા માટે અંતઃપુરના મોટા દરોગાની સાથે સૌથી પહેલાં મોકલાવ્યું. પછી બીજી સ્ત્રીઓને પહોંચાડવા માટે દાસીઓની સાથે મોકલ્યું. નાજર ઘરડો હતો અને દાસીઓ તરૂણ હતી તેથી તેઓ પાછળથી સ્નાત્રજળ લેઇને નિકળેલી હતી તોપણ તેઓએ નાજરના કરતાં પહેલાં રાજાની બીજી સ્ત્રીઓ પાસે જઈ પહોંચી તેમને સ્નાત્રજળ આપ્યું. તેની તેઓએ વંદના કરી પોતાને મસ્તકે ચઢાવ્યું. બુઢો નાજર હળવે હળવે ચાલી જતો હતો તેથી કૌશલ્યાને તેઓની સાથે પણ સ્નાત્રજળ મળ્યું નહીં. તેથી તે મનમાં વિચાર કરવા લાગી કે, રાજાએ બધી સ્ત્રીઓને જિનેંદ્ર ભગવાનના સ્નાત્ર જળ વડે પ્રસાદ કર્યો, અને હું પટરાણી છતાં મને સૌથી પ્રથમ મોકલવું જોઇએ તે તો રહ્યું પણ બીજી સ્ત્રીઓની સાથે પણ મોકલ્યું નહીં; માટે હું મંદભાગ્ય છું. તો હવે મારે આ જીવ રાખીને શું કરવાનું છે? કહ્યું છે કે, "અપમાન થયા છતાં મનુષ્યે જીવવું એ મરણ કરતાં પણ ઘણું માઠું છે."

એ પ્રમાણે મન સાથે વિચારી, મરવાનો નિશ્ચય કરી કૌશલ્યા ઘરમાં જઈ પોતાના વસ્ત્રવડે ગળામાં પાસ બાંધવાને તૈયાર થઈ. તે વખતે અચાનક દશરથ રાજા ત્યાં આવી ચઢ્યો, અને જુવે છે તો કૌશલ્યાએ મરણ આદરેલું દીઠું. તેનો ખરો હેતુ ન સમજાયાથી તથા તેના મરણના ભયથી તેની આવી અવસ્થા જોઈ તેને એકદમ પોતાના ખોળામાં બેસાડી તે પૂજવા લાગ્યો. હે કૌસલ્યા! તેં આ અઘટિત કર્મનો આરંભ કેમ કર્યો છે? શું તારૂં કોઇએ અપમાન કર્યું છે? અગર શું

દૈવયોગે મારાથીજ તારો કાંઈ અપરાધ થયો છે? અથવા તેનું ખરૂં કારણ શું છે? તે તું મને કહે. એવું રાજાનું બોલવું સાંભળીને ગદગદ વાણિયે કરી કૌસલ્યા તેને કહેવા લાગી. હે રાજન્, જિનેશ્વર ભગવંતનું સ્નાત્રજળ સર્વ રાણીઓને તમે જુદું જુદું મોકલ્યું, પણ મને મોકલ્યું નહીં. એટલું કહે તામાંજ પેલો બુઢો નાજર સ્નાત્રજળ લેઈ ત્યાં આગળ આવ્યો, અને કૌસલ્યાને પ્રણામ કરી કહેવા લાગ્યો કે, રાજાએ આ જિન સ્નાત્રજળ તમારા સારૂ મોકલ્યું છે. તે વખતે રાજાએ તેના હાથમાંથી સ્નાત્રજળ લેઈ રાણીના મસ્તક ઉપર ઢોળ્યું. અને કંચુકી (નાજર)ને પૂછયું કે, તને આટલો બધો વખત કેમ થયો? ત્યારે તે બોલ્યો. હે સ્વામી, સર્વ કાર્ય કરવાને અસમર્થ એવી આ મારી વૃદ્ધાવસ્થાનો અપરાધ છે. આ મારા શરીર સામે જુઓ. એવું તેનું બોલવું સાંભળીને તથા તેની અવસ્થા સામે જોઇને રાજા મનમાં વિચાર લાગ્યો. મુમૂર્ષુ (થોડા વખતમાં મરણને શરણ થનારા)ની પેઠે ચાલતાં જે ડગલે ડગલે અટકી જાય છે, જેના મુખમાંથી લાળ વહ્યાં કરે છે, જેના અંગને સુકેલા કોચલાની ઉપમા આપીએ તો ચાલે, જેના સર્વ અંગ ઉપરના કેશ સફેત થયા છે, ભૃકુટીના કેશો વડે જેનાં નેત્રો ઢંકાઈ ગયેલાં છે, જેના શરીરમાં માંસ અને રૂધિરનો લેશ પણ મળે નહીં, વળી સર્વ અંગ જેનું કંપી રહ્યું છે, એવા આ કંચુકીનો જિનસ્નાત્રજળ મોડું લેઇ આવવામાં બીજો કાંઈપણ દોષ જણાતો નથી. પરંતુ જ્યાં સુધી મારી એવી અવસ્થા થઈ નથી ત્યાં સુધી મારે મોક્ષને માટે મહેનત કરવી જોઇએ, નહીં તો વૃદ્ધાવસ્થામાં ઉપર જણાવ્યા પ્રમાણે હાલ થતાં તે કાર્ય સિદ્ધ કરવું મહા મુશ્કેલ થઈ પડશે. એવી અભિલાષાએ કરીને મનના મનોરથ પૂર્ણ કરવા માટે સંસાર ઉપરથી વિરક્ત થઈ વૈરાગ્ય ધારણ કરીને વિષયભોગ વિરામી દશરથ રાજાએ કેટલાએક કાળ કહાડ્યાઃ

કોઇએક સમયે અયોધ્યા નગરીમાં ચાર જ્ઞાને સહિત સત્યભુતિ નામના મુનિ સંઘની સાથે આવ્યા. તેમને વાંદવા

માટે દશરથ રાજા પોતાના પરિવાર સાથે સંઘમાં આવ્યો. ત્યાં મુનિને વંદના નમસ્કારાદિ કરી પરિવાર સહ તે દેશના સાંભળવા બેઠો. એ વખતે વૈતાઢ્ય પર્વત ઉપરથી સીતાના અભિલાષે કરી સંતપ્ત થયેલા પોતાના ભામંડળ નામના પુત્ર સહિત ચંદ્રગતિ રાજા વિદ્યાધરોને સાથે લેઈ, રથાવર્ત પર્વત ઉપર શ્રી અર્હત્ ભગવાનને વંદના કરવા ગયો હતો, ત્યાંથી આકાશ માર્ગે પાછા આવતાં તેણે અયોધ્યામાં મુનિને દીઠા. તેથી તે પણ વિમાનમાંથી નીચે ઉતરી મુનિની પાસે આવી નમસ્કારાદિ કરીને તેમની પાસે ધર્મોપદેશ સાંભળવા બેઠો. તે વખતે સર્વાવસરના જાણ તે સત્યભૂતિ મુનિએ સીતાની ઈચ્છાથી ભામંડળને તાપે ઘેરી લીધેલો જાણીને તેઓના પૂર્વ જન્મનું પ્રસ્તાવન કરી તેઓના પાપની નિવૃત્તિને અર્થે ચંદ્રગતિ રાજા, તેની સ્ત્રી પુષ્પવતી, ભામંડળ તથા સીતા, એમની પૂર્વ જન્મની કથા *કહી સંભળાવી, આ જન્મમાં સીતા અને ભામંડળ એકજ કાળે યુગ્મ (જોડલા) થયાં તે તથા ભામંડળનું જન્મતાં વેંતજ હરણ થયું તે, સઘળો યથાસ્થિત અધિકાર કહી સંભળાવ્યો. મુનિના મુખથી એ સઘળો વૃત્તાંત સાંભળ્યાથી ભામંડળને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તેથી તે મુર્છા ખાઈને પૃથ્વી પર ઢળી પડયો. પછી કેટલીક વારે તે સાવધ થઈ ઉઠીને સત્યભૂતિ મુનિએ કહેલો સર્વ વૃત્તાંત કહેવા લાગ્યો. તે સાંભળીને ચંદ્રગત્યાદિક રાજા પરમ સંવેગને પામ્યા. પછી મહા બુદ્ધિમાન ભામંડળે સીતા મારી બેન છે એમ જાણીને તેને નમસ્કાર કર્યો. તેમજ સીતાએ પણ જન્મતી વખતે હરણ થયેલો આ ભામંડળ મારો ભાઈ છે એમ જાણી આનંદ પામીને તેને આશીર્વાદ આપ્યો. પછી જેના અંગ ઉપર આનંદે કરી સર્વ રોમાંચ ખડાં થઈગયેલાં છે, અને તત્કાળ જેને સુહૃદ્ ભાવ ઉપન્યો છે, એવા તે ભામંડળે, ભૂમિ ઉપર માથું ટેકીને રામને નમસ્કાર કર્યો. ચંદ્રગતિ રાજાએ દૂત-

*આ કથા પાછળ પાને ૧૦૨ થી ૧૦૫ સુધીમાં આવી ગઇ છે તેથી જાણી લેવી.

દ્વારા જનક રાજાને વિદેહા સહિત બોલાવીને કહ્યું કે, આ ભામંડળ તમારો પુત્ર છે. એ વખતે જનક રાજા તથા વિદેહા રાણીને મેઘની ગર્જનાએ કરી મોરને જેમ આનંદ થાય તેમ અતિ આનંદ થયો. પછી વિદેહાના સ્તનોમાંથી દૂધની ધારા છુટવા માંડી તેથી ભામંડળે આ મારાં માતા પિતા છે એમ નિશ્ચય જાણીને તેઓને નમસ્કાર કર્યો. પછી તેઓએ (જનક તથા વિદેહાએ) પોતાના પુત્ર ભામંડળનું મસ્તક ચુંબન કર્યું. એ બધું જોઇને સંસારથી વિરકત થઇ ચંદ્રગતિ રાજાએ ભામંડળને પોતાના રાજ્યની સોંપરત કરી મુનિ પાસે દીક્ષા લીધી. ત્યાર પછી ભામંડળ રાજા સત્યભૂતિ મુનિને, પોતાના પિતા ચંદ્રગતિ મુનિને, પોતાના પિતા ચંદ્રગતિ મુનિને, પોતાના પિતા જનક રાજાને તથા વિદેહા માતાને, સીતાને, દશરથ રાજાને તથા રામચંદ્રને નમસ્કાર કરી તેઓની રજા લેઇ વૈતાઢ્ય પર્વત ઉપર પોતાના નગર પ્રત્યે ગયો. પછી દશરથ રાજા સત્યભૂતિ મુનિને નમસ્કાર કરી પોતાના પૂર્વ જન્મનો વૃત્તાંત પુછવા લાગ્યો. ત્યારે મુનિએ તેને નીચે પ્રમાણે યથાસ્થિત હકીકત જણાવી.

પૂર્વે તું સેનાપુર નામના નગરમાં એક મહાત્મા ભાવન નામના વાણીઆની સ્ત્રી દીપિકાના ઉદરથી ઉપાસ્તિ નામની કન્યાપણે ઉત્પન્ન થયો હતો. તે કન્યા સાધુની નિંદા કરનારી થઇ. તે પાપના યોગે મરીને તેનો જીવ પશ્વાદિક યોનીઓ પામ્યો. એ પ્રમાણે ભવ ભમતાં કોઇ એક સમયે ચંદ્રપુર નામના નગરમાં ધન્ય નામના એક વ્યાપારીની સ્ત્રી સુંદરીને પેટે તારો જીવ વરૂણ નામનો પુત્ર થયો. તે ઘણો ઉદાર થયો. તે ભવમાં પોતાના ઉદાર સ્વભાવે કરી સાધુઓને ઇચ્છા કરતાં પણ તે વધારે દાન દેવા લાગ્યો. ત્યાંથી કાળે કરી મરણ પામીને તું એક દેવલોકમાં દેવ પણે ઉપન્યો. ત્યાંથી ચવીને તું પુષ્કલા નામની નગરીમાં નંદિઘોષ રાજાની સ્ત્રી પૃથ્વીદેવીના ઉદરથી નંદિવર્દ્ધન નામે પુત્ર થયો. નંદિઘોષ રાજા તને રાજ્ય ઉપર બેસાડીને યશોધર નામના મુનિ પાસે દીક્ષા

કોઈ આયુષ્ય પૂર્ણ કરી, કાળ કરીને ગ્રૈવેયેક દેવલોકમાં દેવ થયો. અને તું શ્રાવક ધર્મ પાળીને આયુ પૂર્ણ થઇ કાળ કરી બ્રહ્મદેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચવીને તારો જીવ પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની ઉત્તર દિશા તરફ શશિપુર નામના વિદ્યાધરોના સ્વામી રત્નમાલીની સ્ત્રી વિદ્યુલ્લતાને પેટે મહા પરાક્રમી સૂર્યજય નામનો પુત્ર થયો. એક સમયે તે રત્નમાલી નામના રાજાએ અતિ ગર્વિત વિદ્યાધરોના સ્વામી વજ્રનમન રાજાને જીતવા સારૂ સિંહપુર નામના નગરમાં આવી, બાળ, વૃદ્ધ, સ્ત્રી, પશુ તથા ઉપવન સહિત તે નગરને બાળવાનો આરંભ કરવા માંડ્યો. તે વખતે એક પૂર્વ જન્મમાં ઉપમન્યુ નામનો ઉપાધ્યાય હતો તેનો જીવ સહસ્રાર દેવલોકમાં દેવ થયો હતો, તે ત્યાંથી આવીને રત્નમાલી રાજાને કહેવા લાગ્યો કે, હે રત્નમાલી, આ મહા પાપ તું કર નહીં. પૂર્વ જન્મમાં તું ભૂરિનંદન નામનો રાજા હતો, તે વખતે તેં માંસ ખાવાનો નિષેધ કર્યો હતો. એ પ્રતિજ્ઞા તેં પાળી નહીં તેથી કેટલાક ભવ ભટકી કોઈ પુન્યાનુયોગે તું આ રત્નમાલી રાજા થયો છું. માટે ઘણા ભવ ભટકવાવાળું આવું ઘોર કૃત્ય કરવું તને યોગ્ય નથી. એ પ્રમાણે તે દેવના વચનો સાંભળી રત્નમાલી મુગે મુગો બેશી ગયો. પછી તે દેવ પોતાના પૂર્વ જન્મનો વૃત્તાંત કહેવા લાગ્યો કે, હે રાજા, પૂર્વે હું એક ઉપમન્યુ નામનો ઉપાધ્યાય હતો. તે વખતે એક સ્કંદ નામના પુરૂષે મને માર્યો. ત્યાંથી મરી હું હાથી થયો. તેને પકડીને ભૂરિનંદન રાજા પોતાને ઘેર લાવ્યો. ત્યાં કેટલોક કાળ રહ્યા પછી એક વખત સંગ્રામમાં જવાથી ત્યાં હું મરાયો. ત્યાંથી તેજ ભૂરિનંદન રાજાની સ્રી ગંધારાને પેટે મારો જીવ અરિસુદન નામનો પુત્ર થયો. તે ભવમાં મને (અરિસુદનને) જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, તેથી આ સંસારથી વિરક્ત થઈ દીક્ષા લીધી. ત્યાંથી કાળ કરીને સહસ્રાર નામના દેવલોકમાં આ હું દેવ થયો છું અને ભૂરિનંદન રાજા મુવા પછી એક વનમાં મોટો અજગર થયો. ત્યાં તે દાવાનળમાં બળી મરીને નર્કમાં ગયો. ત્યાંથી નિકળી તું આ રત્નમાલી રાજા

થયો છું. તારી સાથે પુર્વ ભવનો મારો સ્નેહ હોવાથી મેં આવીને તને બોધ કર્યો. પુર્વે ભૂરિનંદનના ભવમાં માંસ ન ખાવાની પ્રતિજ્ઞાનો તે ભંગ કર્યો હતો તેથી તેં નર્કનું દુઃખ દીઠું ને એટલા ભવ કર્યા. ત્યારે હવે અનેક દુઃખને ઉત્પન્ન કરનારૂં આ નગરને બાળવાનું અઘોર કૃત્ય કરવાનું તું મુકી દે. એવા તે દેવના વચનો સાંભળીને રત્નમાલી રાજાએ નગર બાળવાનું બંધ રાખી, તથા તે યુદ્ધથી પરાવૃત થઇને, કુલનંદન નામના પોતાના પુત્રને રાજ્ય સોંપી સૂર્યંજય નામના પોતાના બીજા પુત્ર સહિત તેજ વખતે એક તિલક સુંદરાચાર્ય પાસે દીક્ષા લીધી. પછી તે બેઉ પિતા, પુત્ર, મુનિઓ આયુ પૂર્ણ થયે કાળ કરી મહાશુક્ર દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચવી રત્નમાલીનો જીવ જનક રાજા, અને સૂર્યંજયનો જીવ આ તું દશરથ રાજા થયો છું. તે ઉપમન્યુ ઉપાધ્યાયનો જીવ સહસ્રાર દેવ લોકમાંથી ચવી જનક રાજાનો ભાઈ કનક નામે થયો છે અને નંદિવર્ધનના ભવમાં તારો પિતા જે નંદિઘોષ તે હું ગ્રૈવેયક દેવલોકમાંથી ચવીને આ સત્યભૂતિ નામે થયો છું. એવી રીતે પોતાના પૂર્વ ભવની કથા તથા જનક વિગેરેનો સંબંધ સાંભળીને દશરથ રાજા સમકિત પામ્યો. પછી તે મુનિને નમસ્કાર કરીને દીક્ષા લેવાની ઇચ્છાથી દશરથ રાજા ત્યાંથી ઉઠી પોતાને ઘેર આવ્યો.

પછી દશરથ રાજાએ પોતાની સ્ત્રીઓ, પુત્રો, તથા મંત્રિયો વિગેરે સર્વેને બોલાવી પોતાની દીક્ષા લેવાની ઈચ્છા વિષે જણાવ્યું. તે વખતે ભરત તેને નમસ્કાર કરી કહેવા લાગ્યો કે, હે રાજા, તમારી સાથે હું પણ દીક્ષા લેઈશ. તમારા શિવાય હું એક ઘડી પણ રહેનાર નથી. હે સ્વામિન્, તમારા ચરણોનો વિરહ, ને બીજી આ સંસારની ખટપટ, એ બે મહા મોટાં દુઃખ મારાથી કેમ સહન થશે? એવાં ભરતનાં વેણ સાંભળીને કૈકેયી વિચાર કરવા લાગી કે, જો એ બંને જણ દિક્ષા લેશે તો હું તેજ દિવસથી પુત્ર તથા પતિ રહિત થઈશ. એમ ધારી તે બોલી કે, રે સ્વામિનાથ, પૂર્વે સ્વયંવરોત્સવમાં મેં તમારૂં

સારથ્ય કર્મ કરયું હતું, તેથી પ્રસન્ન થઈને તમે મને જે વર આપ્યો છે, તેની તમને યાદ છે કે? કહ્યું છે કે, "મહાત્મા પુરૂષની પ્રતિજ્ઞા પત્થર ઉપરની રેખની બરાબર છે" એવું તેનું બોલવું સાંભળીને દશરથ રાજા તેને કહેવા લાગ્યો કે, પૂર્વે મેં જે અંગીકાર કરેલું છે તેનું મને હજી સ્મરણ છે. તેને બદલે એક દીક્ષાના નિષેધ શિવાય જે તારી ઇચ્છામાં આવે તે માંગી લે. ત્યારે કૈકેયે કીધું કે, હે પ્રાણનાથ, જો આપ દીક્ષા લ્યો, તો પૃથ્વીનું રાજ્ય મારા પુત્ર ભરતને આપો. ત્યારે દશરથ રાજાએ કહ્યું કે, લે, આ પૃથ્વી આજથીજ મેં એને આપી. એમ કહીને તે લક્ષ્મણ સહિત રામની સાથે બોલવા લાગ્યો કે, પૂર્વે એના સારથ્ય કર્મે કરીને રાજી થઇને મેં એને વર આપ્યો હતો. તે આજ એના ભરત પુત્રને રાજ્ય દેવા વિષે માંગી લીધો. ત્યારે રામચંદ્ર બોલ્યો કૈકેયી માતાએ એ ઘણું સારૂં કર્યું. પરંતુ મારો ભાઈ જે ભરત એને રાજ્યદાન કરવા વિષે પિતાએ મને પૂછ્યું એથી માત્ર મારૂં મન ખિન્ન થાય છે. રાજાએ સંતુષ્ટ થઇને કોઇએક ચાકરને રાજ્ય આપ્યું હોય, તોપણ તેના નિષેધમાં અથવા અનુમતિમાં હું સમર્થ થનાર નથી; કેમકે, મને તો પિતાની આજ્ઞા પાલન કરવા યોગ્ય છે, અને એજ મારો ધર્મ છે. ભરત જે છે તે હુંજ છું અને તમને અમે બંને સરખા છીયે, માટે અતિ આનંદવડે ભરતને રાજ્યગાદીએ બેસાડો. એવું રામનું બોલવું સાંભળીને વિસ્મિત થઇ દશરથ રાજા પોતાના પ્રધાનોને કહેવા જાય છે, એટલામાં ભરત બોલ્યો કે, હે સ્વામિન્, તમારી સાથે દીક્ષા લેવા માટે મેં પ્રથમજ પ્રાર્થના કરેલી છે, તે હવે કોઈના પણ કહેવાથી અન્યથા થનાર નથી. એવું તેનું બોલવું સાંભળીને દશરથ રાજા તેને કહેવા લાગ્યો કે, હે વત્સ, મારી પ્રતિજ્ઞા તું ખોટી ના કર. તારી માતાને મેં આપેલો વર તેણે આજ દિવસ સુધી મારી પાસે અનામત રાખ્યો હતો, તેનો બદલો આજ તેણે તને રાજ્ય દેવાનો માંગ્યો. તે તારી માતાની આજ્ઞા ફેરવવા તું યોગ્ય નથી; ત્યારે પાસે બેઠેલો રામ પણ

તેને કહેવા લાગ્યો કે, જો કે તને ગર્વ નથી તોપણ પિતાની પ્રતિજ્ઞા પાળવા સારૂ તું આ રાજ્ય કર. એવું રામનું બોલવું સાંભળીને, જેની આંખોમાં પાણી ભરાઇ આવ્યું છે, એવો તે ભરત, રામના પગમાં માંથું મૂકીને બે હાથ જોડી ગદગદ સ્વરે બોલવા લાગ્યો. આ રાજ્ય દેવાને પિતા તથા તમે યોગ્ય છો, પણ મને એ રાજ્ય લેવાને યોગ્ય નથી. તમે પિતાના પુત્ર છો અને શું હું એમનો પુત્ર નથી કે? હું પણ તમારોજ નાનો ભાઈ તેમનો પુત્ર છું. આ નિંદ્ય કર્મ જો હું કરૂં તો મારા જેવો મૂર્ખ બીજો કોઈપણ ન કહેવાય? એવું તેનું બોલવું સાંભળીને દશરથ રાજાને રામ કહેવા લાગ્યો કે, હે પૂજ્યપિતા, હું અહીં છતાં આ ભરત રાજ્ય કરનાર નથી. તેથી હું વનવાસ જાઉં છું. એ પ્રમાણે કહી ભરતને રૂદન કરતો છતાં તેમજ મૂકીને રામચંદ્ર પોતાના પિતા દશરથ રાજાની રજા લેઈ તથા તેને ભકિતવડે નમસ્કાર કરીને પોતાના ધનુષ્યબાણ હાથમાં લેઈ વનવાસ જવા સારૂ બહાર નિકળ્યા.

રામને વનવાસ જવા સારૂ તૈયાર થયેલો જોઇને દશરથ રાજા વારંવાર મૂર્છા ખાઈ પૃથ્વીપર પડવા લાગ્યો. પછી રામ કૌશલ્યાને નમસ્કાર કરીને કહેવા લાગ્યો કે, હે માતા, હું જેવો તારો પુત્ર છું તેવોજ તને ભરત છે. પોતાની પ્રતિજ્ઞા સાચી કરવા સારૂ મારા પિતાએ તેને રાજ્ય આપ્યું, પરંતુ હું અહીં છતાં તે રાજ્ય લેતો નથી. તે કારણ માટે મારે અવશ્ય વનમાં જવું છે. જેવી મારા ઉપર તારી અમૃત દૃષ્ટી છે, એવીજ તું ભરત ઉપર રાખજે. મારા વિયોગથી તું કદીપણ ખેદ કરી દુઃખી થઇશ નહીં. એવી રામની વાણી સાંભળીને કૌશલ્યા મૂર્છિત થઇને પૃથ્વીપર ઢળી પડી. દાસીઓએ શીતળ જળ છાંટી તથા પવન નાંખી તેને સાવધ કરી. ત્યારે તે બોલવા લાગી કે, મને કોણે સાવધ કરી? આ મૂર્છાજ સુખે કરી મૃત્યુને માટે છે. રામના વિરહથી થતા દુઃખને હું જીવતી રહીને કેમ સહન કરી શકું? પુત્ર વનમાં જશે, અને પતિ દીક્ષા લેશે,

એ સાંભળીને મારૂં હૃદય કેમ વિદારણ ન થાય? ત્યારે રામ તેને ફરીથી કહેવા લાગ્યો. હે માતા, તું મહા પરાક્રમી મારા પિતાની પત્ની છતાં બીકણ સ્ત્રીઓને યોગ્ય એવાં કામનો આરંભ તેં કેમ કરયો છે? સિંહનો પુત્ર એકલો વનમાં ફરવા જાય છે તે વખતે તેની માતા સિંહણનું ચિત્ત સ્વસ્થ હોય છે, તે કદીપણ મનમાં ભય પામતી નથી; તેમ તારે પણ ભય પામવો જોઇયે નહીં. કૈકેઈ માતાને આપેલો વર એ મારા પિતાને માથે મોટું ઋણ હતું, તેથી આજે તે છૂટ્યો, એ ઘણું સારૂ થયું છે. હું જો અહીં રહું તો હે માતા! મારો પિતા કરજથી કેમ મૂકાશે. ઇત્યાદિક અનેક યુક્તિઓનાં વચનોથી કૌશલ્યાના મનનું સમાધાન કરીને તેને તથા બીજી માતાઓને નમસ્કાર કરી રામ વનવાસ જવા સારૂ ત્યાંથી નિકળ્યો.

એ બધું જોઇને સીતાએ દૂરથી દશરથ રાજાને નમસ્કાર કરી કૌશલ્યા પાસે આવી તેને વિનય પૂર્વક નમસ્કાર કરીને રામના અનુલક્ષે જવા સારૂ આજ્ઞા માંગી. તે વખતે કૌશલ્યા, જાનકીને પોતાના ખોળામાં બેસાડી પોતાના નેત્રોમાંથી નિકળતા ઉષ્ણ (ગરમ) પાણીથી તેને સ્નાન કરાવતી થકી કહેવા લાગી કે, હે વત્સે, રામચંદ્ર પોતાના પિતાની આજ્ઞાએ વનમાં જાય છે. એ નૃસિંહને વનમાં રહેવું કઠિણ નથી. પરંતુ જન્મથી વાહનાદિકે કરી લાલિત એવી તું દેવી જેવી છતાં પગે કરી ચાલી જવાની પીડા શી રીતે સહન કરીશ? કમળ નાળ જેવું તારૂં કોમળ અંગ, વનમાં તાપાદિકના યોગે કરી ક્ષીણ થએલું જોઇને રામને પણ દુઃખ થશે. તથાપિ તું પોતાના પતિની સાથે જવાની જીજ્ઞાસા રાખે છે, તેમજ ત્યાં જવામાં તારે ઘણું કષ્ટ વેઠવું પડે તેમ છે, એ બે બાબતો મનમાં આવ્યા થકાં તને રામની સાથે મોકલવાને તેમજ રોકવાને હું સમર્થ થઈ શકતી નથી. 'એવું પોતાની સાસૂનું બોલવું સાંભળીને શોક રહિત સીતા ફરી તેને નમસ્કાર કરી બોલી કે, હે કૌશલ્યા માતા, મારી ભકિત તમારા આધીન છે,

તેના યોગે માર્ગમાં તેમને કલ્યાણકારક થશે. વિદ્યુલ્લતા (વીજળી) જેમ મેઘ બરાબર જાય છે, તેમ હું રામની સાથે જાઉં છું. એમ કહી વળી ફરી કૌશલ્યા માતાને નમસ્કાર કરીને સીતા મનમાં રામનું ધ્યાન ધરતી વનમાં જવા સારૂ નિકળી. તે વખતની તેની અનહદ પતિ ભકિતને લીધે પતિવ્રતા સ્ત્રીઓને પ્રથમજ જાનકી ઉદાહરણ રૂપ થઈ. દુઃખથી ડર ન પામનારી, પતિવ્રતામાં શિરોમણી જે આ સીતા, તે પોતાના શીળ ગુણ વડે કરીને પોતાના પતિના કુલને પાવન કરે છે, માટે એને ધન્ય છે; વળી એ વનવાસ જતાં જરાપણ સંકોચ ન પામતાં ઉલ્લાસ સહિત રામની સાથે ઘણો આગ્રહ કરી તૈયાર થઈ ચાલવા લાગી છે, પણ વનમાં વિકાળ ફાળો મારનારા સિંહાદિક પશુઓના શબ્દોએ કોમળાંગી શી રીતે સહન કરી શકશે, વીગેરે વીગેરે વનવાસમાં પડતાં દુઃખો મનમાં લાવી શોકે કરી ગદગદ વાણી વડે વર્ણન કરનારી નગરની સ્ત્રીઓ વનમાં જવાવાળી સીતાને મોટા સંકટથી જોવા લાગી.

રામચંદ્ર ખચીત વનમાં જવા વાસ્તે નિકળ્યા, એમ જાણીને ધખધખાયમાન અગ્નિની માફક મહા ક્રોધાયમાન થઇ લક્ષ્મણ મનમાં વિચાર કરવા લાગ્યો કે, પિતા તો સ્વભાવે કરી સરલ છે, પરંતુ સ્વભાવિક રીતે સ્ત્રીઓમાં કુટીલતાપણું કહેવાય છે, તેવીજ રીતે તેની સ્ત્રી કૈકેઈ મહા કુટીલ સ્વભાવની છે. આટલા દિવસ સુધી વર પોતાના મનમાં રાખીને હમણાં આ અનુચિત માંગી લીધું. રાજાએ તેના માંગ્યા મુજબ ભરતને રાજ્ય આપી પોતાનું કરજ ફેડયું અને તેથી અમે પણ તેના કરજના ભયથી મુકત થયા. પરંતુ હવે આ મારો ક્રોધ સમાવવા સારૂ નિર્ભય થઇને કુળને દુષણ કરનારા આ ભરત પાસેથી રાજ્ય ખુંચાવી લેઇને રામને ગાદીએ બેસાડું? અથવા આ રામ મહા સત્યવાદી છે, તેણે રાજ્યને તૃણસમ ત્યાગ કર્યું. તેમજ એ વિષે એને કાંઈ પણ દુઃખ લાગ્યું નહીં, તેથી જવા દેઉં? એવા સંકલ્પ વિકલ્પ કરતો વળી લક્ષ્મણ મનમાં વિચારવા લાગ્યો કે, જો હું ભરત પાસેથી રાજ્ય છીનાવી લેઈશ

તો પિતાને દુઃખ થશે. માટે ભરત રાજા થાઓ. બીજાં જેમ તેમ થાઓ. હું તો રામની ચાકરી કરવા સારૂ તેની સાથેજ વનમાં જઇશ. એવો નિશ્ચય કરીને લક્ષ્મણ પોતાના પિતાને નમસ્કાર કરી તેની રજા લેઇને સુમિત્રાની આજ્ઞા લેવા સારૂ તેની પાસે ગયો. પછી સુમિત્રાને નમસ્કાર કરી કહેવા લાગ્યો કે, હે માતા, રામ વનમાં જાય છે તેની સાથે હુ પણ જાઉ છું. મર્યાદશીળ જે રામ તે વિના લક્ષ્મણ એકલો રહેવાને સમર્થ નથી. એવું તેનું બોલવું સાંભળીને કિંચિત ધૈર્ય ધારણ કરી સુમિત્રા બોલી, હે બાળક લક્ષ્મણ, તું મોટા ભાઈની પાછળ જાય છે તે ઘણું સારૂં છે. તું મારો પુત્ર છું, માટે એ કામથી હું રાજી થાઉં છું. મને નમસ્કાર કરીને અહીંથી રામને ગયાને ઘણો વખત થઇ ગયો. માટે હવે તું વિલંબ ન કરતાં તાકીદે જા. એવાં માતાના વચનો સાંભળીને લક્ષ્મણ કહેવા લાગ્યો કે, હે માતા, તેં ઘણું સારૂં કહ્યું. તું મારી સાચી માતા છું. એમ કહીને તેને નમસ્કાર કરીને કૌશલ્યાની આજ્ઞા લેવા સારૂ લક્ષ્મણ ગયો. તેને નમસ્કાર કરી તે કહેવા લાગ્યો કે, હે કૌશલ્યા માતા, મારો મોટો ભાઈ રામ એકલો વનમાં જવા સારૂ ચાલી નિકળ્યો, તેની પાછળ હું પણ જવા સારૂ નિકળવાની આગમચ આજ્ઞા લેવા આવ્યો છું. એવું લક્ષ્મણનું બોલવું સાંભળીને તેને કૌશલ્યા કહેવા લાગી કે, હું મોટી મંદભાગ્ય છું. કેમકે, તું પણ મને મૂકીને વનમાં જવા તત્પર થયો છું. મને ધૈર્ય દેવા સારૂ તું એકલો તો અહીં રહે. ત્યારે લક્ષ્મણે તેને કીધું કે, તું રામની જનેતા છું. માટે સામાન્ય સ્ત્રીઓની પેઠે તારે ધૈર્ય મૂકવું એ યોગ્ય નથી. મારા ભાઇને વનમાં જવા નિકળે ઘણો વખત થયો તેથી તે દૂર ગયો હશે, માટે મારે વિલંબ ન કરતાં તેની પાછળ ઉતાવળે જઉં જોઇયે. તેમાં વિઘ્ન કરવું એ તને યોગ્ય નથી. હું રામનેજ આધીન છું. એવું કહીને તેને નમસ્કાર કરી લક્ષ્મણ પોતાના ધનુષ્યબાણ હાથમાં લેઇને ત્યાંથી નિકળી મહા ત્વરાએ રામને આવી મળ્યો.

પછી વનમાં જવાને તત્પર થએલા રામ, સીતા અને લક્ષ્મણ, જેમનાં મુખકમળ વિકસીત થએલા છે એવા, ક્રીડા વનમાં જવાની પેઠે અયોધ્યા નગરમાંથી બહાર નિકળ્યા. તે વખતે જેમ દેહમાંથી પ્રાણ નિકળતી વખતે દુઃખ થાય, તેમ રામ, લક્ષ્મણ અને જાનકી વનવાસ જવા સારૂ નિકળવાથી નગરના તમામ સ્ત્રી પુરૂષો દુઃખ પામવા લાગ્યા અને આ કૈકેઇ ઘણી ક્રુર છે, આ વિધાતા દુષ્ટ છે, એમ બોલતા થકા સર્વ પ્રજાજન શોક કરતા કરતા મોટા વેગથી રાજાની પાછળ દોડ્યા. તેમજ જેની આંખોમાં આસુ ભરાઈ આવ્યાં છે એવો દશરથ રાજા પણ પોતાની સ્ત્રીઓ સહિત તેઓની પાછળ નિકળ્યો. તે વખતે આખી અયોધ્યા નગરી ઉજડમય થઈ ગઈ. સર્વ નગર જન પોતાની પાસે આવેલું જોઈ તથા તેમાં પોતાના માબાપ પણ છે, એમ જાણી રામ ચાલતાં ઉભો રહ્યો. પછી વિનય સહીત વાણીએ કરી પોતાના માતા પિતાને સમજાવી રામે પાછા વાળ્યા. તેમજ નગર લોકોની સાથે પણ યથોચિત ઉચ્ચારણ કરી તેઓને સમજાવી નગરમાં મોકલ્યા. પછી તે ઉતાવળો લક્ષ્મણ તથા સીતાને સાથે લેઇને વનની તરફ ચાલવા લાગ્યો. રસ્તામાં જે જે ગામ આવે, ત્યાંના મોટા મોટા લોકો તેઓને રહેવા માટે ઘણી પ્રાર્થના કરવા લાગ્યા પરંતુ તેઓ ક્યાંય પણ રહ્યા નહીં. ફક્ત વખતોવખત વિશ્રામાર્થે જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં રહી તેઓ આગળ વધવા લાગ્યા.

અયોધ્યામાં ભરતે પોતાના ભાઇનો વિરહ સહન ન થયાથી રાજ્ય ગ્રહણ ન કરતાં કૈકેઇની નિંદા કરીને પોતાના પિતાની સાથે દીક્ષા લેવાને તૈયાર થઈ લક્ષ્મણ તથા સીતા સહિત રામને બોલાવી લાવવાને સારૂ પોતાના પ્રધાનોને મોકલ્યા. તેઓએ ત્યાંથી નિકળી જેમ બને તેમ તાકીદથી રામની પાસે આવી ઘણી પ્રાર્થના કરી તેઓને પાછા ફરવાનું કહ્યું તથા ઘણી યુકિતઓ કરી તેને સમજાવવા લાગ્યા, તોપણ રામ પાછો ફર્યો નહીં. કહ્યું છે કે, “ મોટા પુરૂષની પ્રતિજ્ઞા કદી

પણ પૂરતી નથી." પછી રામચંદ્રે તેમને પાછા ફરવાનું ઘણું કહ્યું તોપણ તેઓ પાછા ન ફરતાં રામની સાથે ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં જેમાં મોટા વ્યાઘ્રો વિચરી રહ્યા છે, કોઇ મનુષ્યમાત્રનો તો જેમાં પગ પણ મળે નહીં, જ્યાં જુવે ત્યાં ઝાડ વિના બીજું કાંઇપણ દીઠામાં આવે નહીં, એવી વિંધ્યાટવીમાં રામ, લક્ષ્મણ તથા પ્રધાનો વિગેરે સર્વ સાથ આવ્યો. તેમાં ચાલતાં જેનો મોટો પ્રવાહ છે, જેના પાણીમાં મોટા મોટા ચક્રાવર્ત્ત થઈ રહ્યા છે, એવી એક નદી આવી તે જોઇને તેના કાંઠા ઉપર આવી રામચંદ્ર પોતાના પ્રધાનાદિકોને કહેવા લાગ્યો કે, હવે અહીંથી તમે પાછા જાઓ; આગળ રસ્તો ઘણો કઠણ આવે છે, અમારી કુશળ-વાર્તા અમારાં માબાપને જઇને કહેજો તથા અમારી માતાઓ તથા ભરતની સારી પેઠે સેવા ચાકરી કરજો. એવાં રામના મુખમાંથી નિકળતા વચનો સાંભળીને તે પ્રધાનાદિકોના મનમાં કરૂણાભાવ ઉત્પન્ન થયાથી તેઓની આંખોમાં આંસુ આવ્યાં જેથી તેઓનાં વસ્ત્ર ભીંજાઈ ગયાં, તથા તેઓનાં ગદગદ કંઠ થયેથી મુખમાંથી શબ્દ ઉચારવાનું પણ સામર્થ્ય તેમનામાં રહ્યું નહીં તથા આ રામના ચરણ કમળની પાસે રહેવાની અમારી યોગ્યતા કયાંથી? રામનો વિયોગ થયો માટે અમને ધિક્કાર છે. એમ જેમ. તેમ બોલીને મહા સંતાપે કરી તેઓએ ત્યાંથી પાછા ફરવાનો વિચાર જણાવ્યો.

ત્યારપછી રામ, લક્ષ્મણ તથા સીતા તે નદી ઊતરીને પેલી તરફ ગયા ત્યાંથી વનમાં આગળ જતાં જ્યાં સુધી તેઓ દેખાયા ત્યાં. સુધી પેલા પ્રધાનાદિક સર્વ તેમને જોતાંજ ઉભા રહ્યા. જયારે તેઓ બીલકુલ દેખાવા ના લાગ્યા ત્યારે તેએ ત્યાંથી પાછા ફરી અયોધ્યા તરફ ચાલવા લાગ્યા ત્યાં આવીને તેઓએ સર્વ વૃત્તાંત રાજાને કહ્યો. ત્યારે દશરથ રાજા ભરતને કહેવા લાગ્યો કે, રામ પાછો આવ્યો નહીં. તું રાજ્ય અંગીકાર કર. જો તું એમ નહીં કરે તો મારા દીક્ષા કાર્યમાં વિઘ્ન થશે, માટે તેમ કરવું તને યોગ્ય નથી. ત્યારે ભરત કહેવા લાગ્યો કે, હે પિતા, મારે રાજ્ય જોઈતું નથી. હું પોતે રામની પાસે

જઈ તેને રાજી ખુશીને પાછો બોલાવી લાવીશ. એમ કહીને ત્યાંથી ભરત ચાલી નિકળ્યો ત્યારે તેની માતા કેકેઇ દશરથ રાજાને કહેવા લાગી કે, હે રાજા, તમે ભરતને રાજ્ય આપ્યું, તેથી તમારી પ્રતિજ્ઞા પૂરી થઈ. હવે આ તમારો વિનયી પુત્ર રાજ્યને ગ્રહણ કરતો નથી, તેમજ તમારી બીજી સર્વ સ્ત્રીઓને ઘણું દુઃખ થાય છે, કેમકે મેં એ કામ કરતાં કાંઈ પણ વિચાર કરયો નહીં. તેથી તમે પુત્ર સહિત છતાં રાજ્ય અરાજ્ય રૂપ થયું. કૌશલ્યા, સુમિત્રા તથા સુપ્રભાનું રડવું કોઈથી પણ સહન થતું નથી. તેઓનું રૂદન સાંભળીને મારૂં હૃદય ફાટી જાય છે, માટે હવે હું આ ભરત સાથે જઈને લક્ષ્મણ તથા સીતા સહિત રામને અહીં પાછો તેડી લાવું કે જેથી સર્વને સુખ થશે. માટે મને ભરત સાથે રામને તેડવા જવાની આજ્ઞા આપો. એવાં કેકેઇનાં વચનો સાંભળીને દશરથ રાજા ઘણો રાજી થયો અને તેમને જવાની રજા આપી. તેથી તે બંને મા દીકરો અયોધ્યામાંથી નિકળી છ દિવસે જ્યાં રામ હતો ત્યાં આવી પહોંચ્યા. તે વખતે રામ, લક્ષ્મણ તથા જાનકી, એ ત્રણે જણ એક ઝાડના થડ પાસે બેઠાં હતાં. તેમને જોઇને કેકેઇ રથમાંથી નીચે ઊતરી તેમની પાસે આવી પ્રેમ પૂર્વક તેમને કહેવા લાગી. હે વત્સ, હે વત્સ, એટલામાં રામે આવી તેને નમસ્કાર કર્યો. ત્યારે તે તેનું મસ્તક ચુંબન કરવા લાગી. તેમજ સીતા તથા લક્ષ્મણે આવી તેને નમસ્કાર કર્યો ત્યારે તેઓને છાતી સરસા દાબીને ધાડ સ્વરે રડવા લાગી. ત્યાર પછી ભરત રામને નમસ્કાર કરતા વેંતજ ઘણો સ્નેહમાં આવ્યાથી મૂર્છા ખાઈ જમીનપર પડ્યો. તેને રામે સાવધ કરી ઉઠાડ્યો. ત્યારે તે કાંઇક શુદ્ધિમાં આવી રામને કહેવા લાગ્યો.

હે મારા વડિલ પ્રિય બંધુ, અભકતની પેઠે મને મૂકીને તું આ અરણ્યમાં કેમ આવ્યો? "માતાના દોષ વડે ભરત રાજ્યનો અર્થી થયો." એવો મારા ઉપર લોકાપવાદ લાગ્યો છે, તે તું મારી સાથે આવીને દૂર કર. અને અયોધ્યાની રાજ્ય લક્ષ્મીનો ઉપભોગ લે. હે ભ્રાતા, એમ કર્યા શિવાય

મારા ઉપર આવેલો લોકાપવાદ ટળવાનો નથી. તું રાજ્યાસન પર બિરાજેથી જગતનો મિત્ર જે આ લક્ષ્મણ તે તારો પ્રધાન થશે. અને હું તારો દ્વારપાળ તથા શત્રુઘ્ન છત્ર ધારણ કરનારો થશે. એવા દિનતા ભરેલા ભરતના બોલો સાંભળી તેને ટેકો આપવા સારૂ કૈકેઈ બોલી હે વત્સ, તું સદા ભાઇયો વિશે દયાળુ છે. માટે આ ભરતનું બોલવું તું માન્ય કરવાને યોગ્ય છું. આ કૃત્યમાં તારા પિતાનો તેમજ ભરતનો દોષ નથી. એ કેવળ આ મજ અભાગિણીનોજ દોષ છે. સ્ત્રીઓનો એવો દુષ્ટ સ્વભાવજ હોય છે, માટે તેઓને ધિક્કાર છે. આ કૃત્યથી એક વ્યભિચાર શિવાય બીજા સર્વ દોષ મારામાં સંભવે છે. લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, કૌશલ્યા, સુમિત્રા, તથા સુપ્રભા વિગેરેને આ કામે કરી મેં જે કાંઈ દુઃખ દીધું છે તે તું સહન કર. તને હું મારો પ્રિય પુત્ર સમજું છું. અને એવા હેતુથીજ આ મારૂં બોલવું છે, તે તું માન્ય કર. એવું કૈકેઈનું કરૂણાત્મક બોલવું સાંભળીને તેને રામ કહેવા લાગ્યો. હે કૈકેઈ માતા, હું દશરથ રાજાનો પુત્ર થઇને મારી કરેલી પ્રતિજ્ઞાને કેમ મુકું? તેણે મારી સલાહથી ભરતને રાજ્ય આપ્યું છે. તે દશરથ મારો પિતા, આ મારો ભાઇ ભરત, એ બંને જણ જીવતા છતાં મારૂં વચન હું કેમ ફેરવું? ભરતને રાજ્ય કરવા વિશે અમારી બંને પિતા પુત્રની આજ્ઞા છે. તેમ છતાં પોતાના પિતા પ્રમાણે મારી આજ્ઞા પણ ભરતને ફેરવવી યોગ્ય નથી. એટલું રામ બોલ્યા કે તે વખતે સીતા પાણી ભરી આવી, તે વડે ત્યાં આવેલા સર્વ સામંતોની સાક્ષીએ રામે ભરતને રાજ્યાભિષેક કર્યો. તે વખતે નાઈલાજે રામને કાંઇપણ કહ્યા વિના સર્વ મુગા રહી ગયા. પછી રામે અતિ આનંદવડે કૈકેઇને નમસ્કાર કરી, ભરતનો યથાયોગ્ય આદરસત્કાર કર્યો. પછી તેઓની સાથે સમયાનુસાર મધુર વાણીએ ભાષણ કરી તેઓને ઘણી રીતે સમજાવી પાછા અયોધ્યા તરફ વિદાય કર્યા. અને પોતે સીતા તથા લક્ષ્મણને સાથે લેઈ દક્ષિણ દિશા તરફ ચાલ્યા. ભરત અયોધ્યામાં આવી પોતાના પિતા તથા

ભાઈની આજ્ઞાથી જેમ તેમ રાજ્ય કરવા લાગ્યો. અને દશરથ રાજાએ સત્યભૂતિ મુનિ પાસે દીક્ષા લીધી. પછી ભરત રાજા પોતાના મોટા ભાઈના વનવાસના દુઃખે કરી પીડાતો અર્હંત્ પૂજામાં તત્પર થઇ એક પારેકરી (બીગારી)ની પેઠે રાજ્ય કરવા લાગ્યો. લક્ષ્મણ તથા સીતા સહિત રામ નાના પ્રકારના મહા વિકટ વન તથા પર્વતો ઉલ્લંઘન કરતા ચિત્રકૂટ નામના પર્વત ઉપર જઈ પહોંચ્યા. ત્યાં કેટલાએક દિવસ રહી તેઓ અવંતિ નામના નગરના પ્રદેશમાં આવ્યા.

હરિગીત છંદ.

શૃંગાર અને કરૂણારસે કરિ સર્ગ ચોથો સંસ્તવ્યો,
જનક દશરથ રાયની ઉત્પત્તિ અધિકર વર્ણવ્યો;
રૂડો રામ સીતા જન્મ લગ્ન વનવાસ લક્ષ્મણ ચાલીયા,
ભરત ભળાવી રાજ્ય દશરથ દીક્ષાએ મન ભાવીયા. ૧

ઇત્યાચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિતે ત્રિષષ્ઠિ શિલાકા પુરૂષ ચરિતે મહાકાવ્યે સપ્તમે પર્વણી રામ લક્ષ્મણોત્પત્તિ પરિણયન વન ગમનો ચતુર્થઃ સર્ગઃ ૪

અથ શ્રી પંચમ સર્ગ પ્રારભ્યતે:

એ અવંતી નગરીના પ્રદેશમાં લક્ષ્મણ તથા સીતા સહિત રામચંદ્રને ચાલતાં સીતાને થાક લાગવાથી તેને વીસામો ખવરાવવા સારૂ તેઓ એક વડના ઝાડ નીચે બેઠા. ત્યાં રામચંદ્રજી સર્વ દિશાઓ તરફ પોતાની દીર્ઘ દૃષ્ટીથી જોઇ લક્ષ્મણને કહેવા લાગ્યા કે, આ બધો દેશ ઉજડ જણાય છે, તે કોઇના ભય શિવાય થાય નહીં; માટે અહીં કોઇનો ભય હશે? ચારે તરફ ઉદ્યાનોમાં પાણી ભરયું છે, ધાન્યના ખળામાં ધાન્યના ઢગલા જેમના તેમ પડેલા દીઠામાં આવે છે. એ ઉપરથી એમ માલમ પડે છે કે, એ દેશ હમણાંજ શૂન્ય થયેલો છે. એટલામાં ત્યાં આગળ થઈ એક વટેમાર્ગુ જતો તેમના જોવામાં આવ્યો, તેથી તેને બોલાવી તેમણે પુછયું કે આ દેશ શૂન્ય થવાનું કારણ તારા જાણવામાં હોય તો તે તું કહે. ત્યારે તે વટેમાર્ગુએ રામચંદ્રને નીચે પ્રમાણે ત્યાંનો સર્વ વૃત્તાંત કહ્યો.

આ અવંતિ નામના દેશમાં અવંતિ નગરનો સ્વામી સિંહની પેઠે શત્રુઓને દુઃસહ સિંહોદર નામે રાજા છે. તેની આણમાં વર્તનાર (સેવક) એક દશાંગ પુરનો સ્વામી વજ્રકર્ણ નામનો સુભટ એક દિવસ વનમાં ગયો હતો, ત્યાં તેણે એક કાયોત્સર્ગ ધારણ કરનારા પ્રીતિવર્દ્ધન નામના મુનિને દીઠા. તેમને જોઈ તે કહેવા લાગ્યો કે, હે મુનિ! આ વિકટ વનમાં તું ઝાડની પેઠે શા સારૂ ઊભો છુ? ત્યારે મુનિએ કહ્યું કે, હું મારા આત્માના કલ્યાણાર્થે અહીં ઉભો છું. જેથી વજ્રકર્ણે તેને ફરી પુછયું કે, જેમાં ખાવા પીવાનું કાંઇ પણ ન મળે એવા આ ભયાનક જંગલમાં તારા આત્માનું કલ્યાણ કેવી રીતે થવાનું છે? મુનિએ તેનું બોલવું સાંભળી તે ધર્મ સાંભળવાને યોગ્ય છે એમ ધારી તેને આત્મહિતરૂપ ધર્મ સંભળાવ્યો. તે સાંભળવાથી વજ્રકર્ણ પ્રતિબોધ પામી શ્રાવક થયો. અને તેણે શ્રી અર્હત દેવ, તથા જૈન સાધુ શિવાય બીજા કોઇને પણ નમસ્કાર ન કરવા વિશે તે મુનિ પાસે પાકો નિગ્રહ કર્યો. પછી મુનિને યથાવિધ નમસ્કાર કરી તે પોતાના

દશાંગપુર નગરમાં આવી શ્રાવક ધર્મ પાળવા લાગ્યો. પછી તેણે પોતાના મન સાથે વિચાર કર્યો કે, મેં શ્રી અર્હદેવ તથા જૈન સાધુ શિવાય બીજા કોઈને નમવું નહીં એવો નિગ્રહ કર્યો તો ખરો, પરંતુ સિંહોદર રાજાને જો હું નમસ્કાર નહીં કરૂં તો એ મારો વેરી થશે, માટે મારો લીધેલો નિમ બરોબર પળે અને તેને મારે શત્રુવટ ન થાય એવો યોગ્ય ઉપાય યોજવો જોઈએ. એમ નિશ્ચય કરી તેણે એક રત્નની વીંટી કરાવી તેમાં શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિમા રાખીને તે વીંટી પોતાના હાથની આંગળીમાં ઘાલી. એવા હેતુથી કે જ્યારે સિંહોદર રાજાને નમસ્કાર કરવો પડે ત્યારે પોતાનો હાથ ઊંચો કરી વીંટી સન્મુખ દ્રષ્ટી કરી નમસ્કાર કરવાથી શ્રી જિનેંદ્ર ભગવાનનેજ નમસ્કાર કરૂં છું એમ પોતે માની લીધું. પછી જ્યારે જ્યારે સિંહોદર રાજાને નમસ્કાર કરવો પડે ત્યારે ત્યારે તે પોતાની ધારણા પ્રમાણે તેને અનુસરી વીંટીમાં રાખેલી શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિમાને નમસ્કાર કરવા લાગ્યો. કહ્યું છે કે, "બળવાનની પાસે હરેક કાર્ય યુકિતથી સાધી શકાય છે. તેમજ તેવા કાર્ય પ્રસંગે કપટ કરયા વિના છુટકોજ થતો નથી." એ પ્રમાણે કરતાં કેટલા એક દિવસ ગયા પછી કોઈ એક માણસે સિંહોદર રાજાને વજ્રકર્ણે નમસ્કાર કરવામાં કપટ કેળવી રાખ્યાની સર્વ હકીકત કહી. તે સાંભળીને સર્પની પેઠે મોટા શ્વાસોશ્વાસ લેતો થકો તે સિંહોદર રાજા વજ્રકર્ણના ઉપર મહા કોપાયમાન થયો. અને તેને મારવાનો તેણે નિશ્ચય કર્યો. એ સઘળી વાત કોઇ એક પુરૂષે વજ્રકર્ણની પાસે જઇ કહી. ત્યારે તે તેને પૂછવા લાગ્યો. કે સિંહોદર રાજા મારા ઉપર કોપાયમાન થઈ મને મારવાનો ઈરાદો રાખે છે તે વાત તેં શા ઉપરથી જાણી. ત્યારે તે પુરૂષે તેને જણાવ્યું કે:—

કુંડપુર નગરમાં એક સમુદ્ર સંગમ નામનો શ્રાવક વાણીયો વસે છે. તેની સ્ત્રી યમુનાને પેટે પેદા થયેલો હું વિદ્યુદંગ નામનો શ્રાવક વાણીયો છું. મને યૌવન અવસ્થા પ્રાપ્ત થયે એક વખત હું વસ્ત્ર પાત્રાદિક લેઇને વેચવા સારૂ ઉજ્જયિની

નગરીમાં ગયો. ત્યાં એક મૃગના જેવા નેત્રો વાળી કામલતા નામની વેશ્યાને દેખી હું કામ બાને કરી પીડાણો. પછી મારી મન કામના પુરી કરવા માટે હું તેની પાસે એક રાત્ર રહેવાના મનસુબાથી તેને ઘેર ગયો. ત્યાં મૃગ જેમ લાલચે કરી પાસમાં બંધાઈ જાય છે તેમ હું એ વેશ્યાના પ્યારમાં પડી તેની પ્રીતિના આવેશથી ફશી પડ્યો. તેની સાથે એક માસ રહેતાં મેં મારા પિતાએ આખા જન્મ પર્યંત મેળવેલું દ્રવ્ય ઉડાવી દીધું. એક દિવસ તે વેશ્યાએ મને કહ્યું કે, સિંહોદર રાજાની સ્ત્રી શ્રીધરાનાં કાનનાં કુંડલોનાં જેવા કુંડળો તું મારે માટે લેઈ આવ તે વખતે મારી પાસે બીલકુલ દ્રવ્ય રહ્યું નહોતું. તેથી તે રાણીના કુંડળો ચોરી લાવીને વેશ્યાને આપાવાના ઈરાદાથી તેજ રાતે હું ચોરી કરવા સારૂ રાજાના મહેલમાં કોઇ ન જાણે તેમ પેઠો. તે વખતે સયન ગૃહમાં સિંહોદર રાજાને રાણી કહેતી હતી કે, "હે નાથ, ચિંતાતુર પુરૂષની પેઠે આજ આપને ઊંઘ કેમ આવતી નથી?" ત્યારે રાજાએ તેને કીધું કે, "જ્યાં સુધી મને નમસ્કાર ન કરનારા વજ્રકર્ણને મેં માર્યો નથી, ત્યાં સુધી મને ઊંઘ કયાંથી? સવાર થતાંજ તેના પુત્ર, બંધુ, પરિવાર સહિત તેને મારીને પછી હું સુખે ઊંઘીશ. એવું તેનું બોલવું સાંભળીને તેજ વખતે હું મારૂં ધારેલું કામ પડતું મૂકીને તું મારો સાધર્મી ભાઇ છે તેથી જેમ બને તેમ જલદી ત્યાંથી નિકળી હું તારી પાસે એ વાતની તને જાણ કરવા માટે આવ્યો છું. એ વૃત્તાંત સાંભળતાંજ વજ્રકર્ણે પોતાનો સરંજામ તૈયાર કરાવ્યો. એટલામાં બહારથી આવેલા કોઇ બીજા લશ્કરની ધુળ ઉડતી આકાશમાં તેણે દીઠી. તે જુએ છે તેટલામાં તો જેમ ચંદનના ઝાડને સર્પ ઘેરો ઘાલે, તેમ સિંહોદર રાજાના સૈન્યે આવી દશાંગપુર નગરને ઘેરો ઘાલ્યો. પછી સિંહોદર રાજાએ વજ્રકર્ણની પાસે પોતાનો એક દૂત મોકલ્યો, તે તેની પાસે આવી કહેવા લાગ્યો કે, હે વજ્રકર્ણ, અમારા રાજાએ એવી આજ્ઞા કરી છે કે, આજ દિવસ સુધી તેં મારી કપટે કરી વંદના કરી તે મેં જાણ્યું. તોપણ હજુ

હું તારા ઉપર રહેમ લાવી તને જણાવું છું કે, તું જે વીંટી હાથમાં ઘાલી કપટ વડે મને બતાવવાનો નમસ્કાર કરતો હતો તે વીંટી હાથે ન ઘાલતાં (તે વીંટી પેહેરયા વગર) તારે આવીને મને નમસ્કાર કરવો. નહીંતો આજ હું તને કુટુંબ સહિત યમપુરીમાં પોચતો કરીશ. એવું દૂતનું બોલવું સાંભળી વજ્રકર્ણે તેને કહ્યું કે, શ્રી અર્હત્ પરમાત્મા તથા તેની મૂર્ત્તિ અને જૈન મુનિ વિના બીજા કોઇને પણ હું નમસ્કાર કરનાર નથી. એવો મારો પણ (નિગ્રહ) છે, તે પરાક્રમનું અભિમાન નથી, પણ ધર્મનું અભિમાન છે. તે માટે એક નમસ્કાર શિવાય બીજું જે કાંઇ મારા ઘરમાં છે, તેની તને ઇચ્છા હોય તો તે લેઇ જા. મને માત્ર ધર્મનો દ્વાર આપ. ધર્મ ચારૂ અહીંથી હું બીજે ઠેકાણે જઇને રહીશ. એ મારી હકીકત તું સિંહોદર રાજાને નિવેદન કરજે. દૂતે તેની પાસેથી આવી સિંહોદર રાજાને તે સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે વાત તેણે કબુલ રાખી નહીં. કહ્યું છે કે, "માની પુરૂષો ધર્મ અથવા અધર્મને કદીપણ માનતા નથી."

પછી સિંહોદર રાજાએ વજ્રકર્ણ સહિત તેના દશાંગપુર નગરને ઘેરી લેઈ બહાર રહીને આખા દેશને લુટવાનું શરૂ કર્યું. તેના ભયે કરી આ દેશ ઉજડ થઈ ગયો છે. હું પણ તેના ભયથી મારા કુટુંબ સહિત ત્યાંથી નાશી ગયો. આ નગરમાંના સર્વ ઘરો આજ બળી ગયાં. મારૂં ઘર ઘણું જુનું છે તે જોઈને ક્રુરબુદ્ધિવાળી મારી સ્ત્રીએ મને શાહુકારોનાં બળેલાં ઘરોમાંથી સામાન લેઈ આવવાને મોકલ્યો છે. તેનાં તે દુષ્ટ વચનોના યોગે આ તમારા દર્શનરૂપ શુભ ફળ મને પ્રાપ્ત થયું. મોટા પ્રારબ્ધના યોગે દેવની પેઠે મેં આજ આપને દીઠા.

એ પ્રમાણે તે દરિદ્ર પુરૂષે દીનતાથી રામચંદ્રને કહ્યું તેથી તેના ઉપર રામચંદ્રને દયા આવ્યાથી તેમણે તેને પોતાનો સોનાનો કંદોરો આપી તેને જવાની આજ્ઞા કરી. પછી લક્ષ્મણ તથા સીતા સહિત રામચંદ્ર ત્યાંથી ચાલ્યા દશાંગપુર સમીપ

આવી શ્રી ચંદ્રપ્રભ અર્હતના ચૈત્યને નમસ્કાર કરીને ત્યાંજ રહ્યા.

પછી રામચંદ્રની આજ્ઞા લેઇને લક્ષ્મણ દશાંગપુરમાં વજ્રકર્ણની પાસે ગયો. તેને કોઈ ઉત્તમ પુરૂષ જાણીને વજ્રકર્ણે કહ્યું કે, હે મહા ભાગ, તમે આજ મારે ઘેર અતિથી થઇને ભોજન કરો. ત્યારે તેને લક્ષ્મણ કહેવા લાગ્યો કે, પોતાની સ્ત્રી સહિત મારો સ્વામી બહાર ઉદ્યાનમાં બેઠેલા છે. પ્રથમ તેમને ભોજન કરાવી. ને પછી હું જમીશ. ત્યારે વજ્રકર્ણે સીતા સહિત રામચંદ્રને બોલાવીને વ્યંજનો સહિત ભોજ્ય પદાર્થ તેમની પાસે લાવી રાખ્યા. તેનું આનંદ સહિત બધાએ ભોજન કર્યું. પછી રામચંદ્રની આજ્ઞા વડે લક્ષ્મણ અવંતિ નગરમાં આવી ત્યાંના સિંહોદર રાજાને મધુર વાણીએ કરી કહેવા લાગ્યો કે, જેને સર્વ રાજા આધીન છે, એવા ભરત રાજાની એવી આજ્ઞા છે કે, તું વજ્રકર્ણની સાથે વેર કર નહીં.

એવું સાંભળીને સિંહોદર રાજા બોલ્યો કે, હે લક્ષ્મણ, ભરત રાજા પણ પોતાના ભકત ઉપર અનુગ્રહ કરે છે, બીજાના ઉપર કરતો નથી. એ મારો સેવક વજ્રકર્ણ મહા દુષ્ટ છે. એ મને નમસ્કાર કરતો નથી. તેના ઉપર હું કેમ અનુગ્રહ કરૂં? ત્યારે તેને લક્ષ્મણે કીધું કે, એ તારો અભકત નથી. એને નમસ્કાર કરવાનો નિગ્રહ (નિમ) ધર્મના અનુરોધે કરી છે. માટે એના ઉપર કોપ કરવો તને યોગ્ય નથી. સમુદ્ર સુધી પૃથ્વીનો સ્વામી ભરત રાજા છે, તેની આજ્ઞા તું માન્ય કર. એવું સાંભળીને સિંહોદર રાજા ક્રોધમાં આવી બોલ્યો. અરે! ભરત રાજા કોણ છે? જે મારા આધીન છતાં વાયુ વાળા માણસની પેઠે અમસ્તી બડબડ કરી રહ્યો છે! ત્યારે કોપે કરી નેત્રો રાતાં કરીને તથા હોઠ પીસીને લક્ષ્મણ બોલ્યો. અરે! ભરતને તું જાણતો નથી કે? હવે તેની હું તને જલદીજ જાણ કરૂં છું. ઉઠ મારી સામેજ યુદ્ધ કરવાને ઉભો રહે. આ મારી ભુજા રૂપ વજ્રે કરી તું તાડિત થએથી ગોધાના (ઘોરપડ–પાણીમાં થતું એક જાતનું જાનવર) જેવી તારી અ-

વસ્થા થશે. એવા લક્ષ્મણના વચનો સાંભળતાંજ બાળક જેમ રાખમાં ઢાંકેલી અગ્નિને અડકવાને તૈયાર થાય તેમ સિંહોદર રાજા પોતાના સર્વ સૈન્ય સહિત લક્ષ્મણને મારવાને તૈયાર થયો. લક્ષ્મણ પણ એક હાથીના સ્તંભને ઉખેડીને યમની પેઠે શત્રુની સામે આવી મારવા મંડી ગયો. પછી તેણે કુદકો મારી હાથી ઉપર બેઠેલા સિંહોદર રાજાનું ગળું પકડી, તેનાજ કપડાથી તેને બાંધી લેઇ સર્વ લોકના દેખતાં તેને ગાયની પેઠે ખેંચીને રામની પાસે આણ્યો. તે વખતે સિંહોદર રાજા રામચંદ્રને જોઈ તેને નમસ્કાર કરીને કહેવા લાગ્યો કે, હે રામચંદ્ર આપ અહીં આવ્યા છો તેની મને ખબર નથી. અથવા હે દેવ, આ મારી પરીક્ષા લેવાને તમે કર્યું કે? અજ્ઞાને કરી મારાથી આ અપરાધ થયો છે તેની મને ક્ષમા કરો. તમારૂં જે કાંઈ કામ હોય તે કરવાને મને આજ્ઞા કરો. જેમ ગુરૂનો શિષ્ય ઉપર કોપ થાય, તે પ્રમાણે આ સેવક ઉપર આપનો કોપ થયો એની આટલી શિક્ષા બસ છે. એવાં તેનાં દીનતા ભરેલાં વચનો સાંભળીને રામચંદ્ર તેને કહેવા લાગ્યા કે, હે સિંહોદર, વજ્રકર્ણની સાથે તું સલાહ કર. એ બોલો સિંહોદરે પોતાના મસ્તકે ચડાવ્યા (કબુલ કર્યું) પછી વજ્રકર્ણને પણ ત્યાંજ બોલાવી લીધો. તે આવીને બે કર જોડી નમસ્કાર કરી બોલ્યો કે, હે સ્વામીન્, ઋષભદેવ સ્વામીના વંશમાં તમે બે રામ, લક્ષ્મણ ઉત્પન્ન થયાની મને ઘણા દિવસથી ખબર હતી. પરંતુ આજ મારા મોટા ભાગ્યે કરીને આપનાં દર્શન મને થયાં. હું અને બીજા સર્વ રાજા તમારા ચાકરજ છે. આ સિંહોદર રાજા મારો સ્વામી છે તેને તમે છોડી દો. અને હવે પછી એને એવી આજ્ઞા કરો કે, આ તારો સેવક તને નમસ્કાર કરતો નથી. એ એના ધર્મના નિગ્રહને તું સહન કર. કેમ કે સાધુ મુનિરાજ તથા અર્હત્ ભગવાનની પ્રતિમા શિવાય બીજા કોઇને નમસ્કાર કરવો નહીં એવો મેં પ્રીતિવર્દ્ધન નામના મુનિ પાસે નિગ્રહ લીધો છે. એવું સાંભળીને સિંહોદર રાજાએ આંખના અણસારે તે માન્ય

કર્યાની સાન કર્યાથી લક્ષ્મણે તેને છોડી દીધો. પછી તેણે અતિ પ્રીતિ સહિત વજ્રકર્ણને આલિંગન કરી રામચંદ્રની સાક્ષીએ ભાઈની પેઠે તેને પોતાનું અડધું રાજ્ય આપ્યું. પછી વજ્રકર્ણે સિંહોદર રાજાની સ્ત્રીનાં કુંડળો તેની પાસેથી માગી લેઇ વિદ્યુદ્વેગ નામના વણીકને આપ્યાં. પછી વજ્રકર્ણે લક્ષ્મણને પોતાની આઠ કન્યાઓ આપી. તેનજ સુભટ સહિત સિંહોદર રાજાએ લક્ષ્મણને ત્રણસે કન્યાઓ આપી. તે વખતે લક્ષ્મણે કહ્યું કે, એ તમારી કન્યાઓ હમણાં તમારે ઘેરજ રહેવા દ્યો. અમારા પિતાએ હાલ રાજ્ય ઉપર ભરતને બેસાડ્યો છે, અને અમને વનવાસ છે, હમણા અમે મલયાચલ પર્વત ઉપર જવાના છીએ, માટે સમય આવ્યાથી હું એમને અંગીકાર કરીશ. એ વાત સર્વએ માન્ય કરી. પછી સિંહોદર તથા વજ્રકર્ણાદિક સર્વે રામચંદ્રની આજ્ઞા લેઇને પોતપોતાને સ્થાનકે ગયા.

રામ તે રાત ત્યાં રહી સવારે ઉઠી ચાલી નિકળ્યા. ત્યાંથી કેટલેક દૂર એક વનમાં જતાં સીતાને તૃષા લાગી, પરંતુ ત્યાં પાણી મળ્યું નહીં. તેથી તેને વીસામો ખવરાવવા સારૂ ત્રણે જણ એક ઝાડની નીચે બેઠા. પછી રામની આજ્ઞા લેઇને લક્ષ્મણ પાણી તથા અન્ન લાવવા સારૂ ત્યાંથી નિકળ્યો. ફરતાં ફરતાં અનેક કમળે કરી શોભિત એવું એક સુંદર સરોવર તેના જોવામાં આવ્યું. તે વખતે જેમ ઘણે દિવસે મિત્રનો મેળાપ થવાથી આનંદ થાય છે, તેમ તેને ઘણો આનંદ થયો. આ વખતે એજ સરોવર ઉપર કુબરપુરનો સ્વામી કલ્યાણમલ નામનો રાજા વનક્રીડા કરવા સારૂ નિકળેલો પણ ફરતાં ફરતાં આવી ચડ્યો. તે સરોવર ઉપર લક્ષ્મણને નિહાળી કામ વિકારે પીડાતો તેનાપર મોહિત થવાથી તેને નમસ્કાર કરી કહેવા લાગ્યો કે, હે લક્ષ્મણ તું આજ મારે ઘેર પરોણો છે, માટે ભોજન કરવાને ચાલ. તેના બોલવા ઉપરથી તેના સર્વ કામના ચિન્હ લક્ષ્મણે જાણી લીધા. તેથી તે પોતાના મન સાથે વિચારવા લાગ્યો કે, આ પુરૂષના વેષે કોઈ સ્ત્રી છે. એને વેશ લેવાનું

કાંઇપણ જુદુંજ કારણ હોવું જોઇએ. પછી તે બોલ્યો કે, હે રાજા, પોતાની સ્ત્રી સહિત મારો સ્વામી સાથે છે, તે અહીંથી પાસેજ એક ઝાડ તળે બેઠો છે. તેના જમ્યા શિવાય હું જમતો નથી. ત્યારે તે રાજાએ પોતાના પ્રધાનોને મોકલીને સીતા સહિત રામને બોલાવી લેઇ તેને નમસ્કાર કરી તેઓને રહેવા માટે ગામ બહાર એક તંબુ ઉભો કરાવ્યો. તે ઠેકાણે તેમને સ્નાન ભોજનાદિ કરાવી તેણે તેઓનો સારી રીતે આદરસત્કાર કર્યો.

પછી તે રાજા (કલ્યાણમાલ) ગુપ્ત પણે પુરૂષનો વેશ કાઢી નાખી સ્ત્રીનો પોશાક પહેરી લજ્જાયમાન થતી પોતાના મંત્રીને સાથે લેઇ રામની પાસે આવી ઊભી રહી. ત્યારે રામ તેને કહેવા લાગ્યા કે, હે ભદ્રે પુરૂષના વેશે કરીને પોતાના સ્ત્રી પણાને ઢાંકવાનું કારણ શું છે? ત્યારે તેણે કહ્યું કે, આ કુબરપુર નગરના સ્વામી વાલિખિલ્ય રાજાને કોઇ મહા શૂરવીર મ્લેછ લોકો આવીને હરણ કરી લેઇ ગયા. તે વખતે તેની સ્ત્રી પૃથ્વી ગર્ભવંતી હતી, તેને પૂર્ણ માસ થયે એક પુત્રી જન્મી તેનો પ્રધાન મહા બુદ્ધિમાન હતો, તેણે પુત્રીનો જન્મ થતાં એવી થાળી પીટાવીકે રાણીને પુત્ર જન્મ્યો છે. તેમજ સિંહોદર રાજાને પણ પુત્ર થયાની ખબર આપી ત્યારે તેણે કીધું કે, આ કુબરપુર નગરનું રાજ્ય એ બાળક કરશે. એજ હું વાલિખિલ્ય રાજાની પુત્રી કહેલા હેતુથી રાજ્ય ચલાવવા સારૂ બાળપણથીજ મારી માતાએ તથા પ્રધાને મને એવો વેશ (પુરૂષ વેશ) દીધાથી તે હજી સુધી કાયમ છે. જ્યારે વાલિખિલ્ય રાજા આવશે ત્યારે હું એ વેશ ઉતારી (બદલી) નાખીશ. એ વેશની મારી માતા તથા પ્રધાન શિવાય બીજા કોઇને ખબર નથી. મારૂં નામ કલ્યાણમાલા છે. જ્યારથી હું ઉમ્મર લાયક થઇ ત્યારથી આ રાજ્ય કરવા લાગી છું. મારા પિતાનું હરણ કરી ગયેલા મ્લેછોને હું ઘણું દ્રવ્ય આપું છું તોપણ તે તેને છોડતા નથી. માટે હે રામ, મારા ઉપર કૃપા કરીને પૂર્વે જેમ સિંહોદર રાજાના ભયથી વજ્રકર્ણને આપે મુકત કર્યો તેમ મારા બાપને મ્લેછોના હાથમાંથી છોડાવી

આપો. ત્યારે રામે તેને કીધું કે, જ્યાં લગણ હું તારા બાપને મ્લેછોની પાસેથી છોડાવું નહીં, ત્યાં લગણ તું આ પુરૂષ વેશ મુકીશ નહીં. અને પ્રથમની પેઠે રાજ્ય ચલાવજે. જ્યારે તારો પિતા ઘેર આવે ત્યારે પુરૂષ વેશ બદલજે. તે વાત તેણે માન્ય કરીને બોલી કે, તમારી મારા ઉપર કૃપા થઈ તેથી હું ધન્ય છું. એ વખતે તેનો મહા બુદ્ધિમાન મંત્રી વિનંતી કરવા લાગ્યો કે, હે મહાબાહો, આ કન્યાને યોગ્ય વર લક્ષ્મણ છે. ત્યારે તેને રામચંદ્રે કહ્યું કે, અમારા પિતાની આજ્ઞાથી અમે પોતાનો દેશ મુકીને દેશાંતર (વનવાસ) નિકળ્યા છીયે. માટે ત્યાંથી જ્યારે પાછા ફરીશું ત્યારે લક્ષ્મણ એને જરૂર પરણશે. એ વાત પ્રધાને કબુલ કરી. પછી ત્રણ દિવસ ત્યાં રહીને ચોથે દિવસે સવારના લક્ષ્મણ તથા સીતા સહિત રામ ત્યાંથી નિકળ્યા. એ વખતે તે સ્ત્રી (કલ્યાણમાલા)ના મનમાં ઘણું માઠું લાગ્યું. પછી તે પ્રથમની પેઠે રાજ્ય ચલાવવા લાગી.

રામચંદ્રે ત્યાંથી ચાલ્યા નર્મદા નદી ઉતરીને વિંધ્યાટવીમાં પ્રવેશ કર્યો. તે જંગલમાં પેસતાંજ દક્ષિણ દિશા તરફ એક કાંટાના ઝાડ ઉપર એક કાગડો ખરાબ શબ્દ બોલવા લાગ્યો. તેમજ એક બીજા ક્ષીરના ઝાડ ઉપર એક કાગડો મીઠા સ્વરે બોલવા લાગ્યો. તેનો રામને કાંઈપણ હર્ષ અથવા શોક થયો નહીં. કહ્યું છે કે, "દુર્બળ પુરૂષને શુકન તથા અપશુકન થાય છે, સબળને કાંઇપણ થતું નથી." પછી તેઓ રસ્તે ચાલવા લાગ્યા. એટલામાં કેટલાએક ભીલ લોકો હાથમાં હથીઆર લેઇને દેશોનો નાશ કરવા સારૂ અસંખ્ય હાથી, ઘોડા, તથા રથવાળા સૈન્ય સહિત સામે આવતા તેમની નજરે પડ્યા. ભીલ લોકોએ પણ તેઓને દીઠા. તે વખતે ભીલનો એક તરૂણ સૈન્યાધિપતિ સીતાને જોઇને કામાતુર થયો થકો પોતાના માણસોને કહેવા લાગ્યો કે, આ કોઈ બે વાટાડુ આવે છે, તેમને મારીને અથવા હરેક યુક્તિથી હઠાવીને તેમની પાસે એક ઉત્તમ સ્ત્રી છે તેને મારી પાસે લેઇ આવો. એવો સૈન્યાધિપતિનો હુકમ થતાંજ તે મ્લેચ્છ લોકો મોટા વેગથી દોડી આવી

રામ લક્ષ્મણ ઉપર હથીઆરોનો વરસાદ વરસાવવા લાગ્યા. તે જોઇને લક્ષ્મણે રામને કીધું કે, તમે સીતા સહિત અહીં ઉભા રહો. કુતરાની તેઠે એમને હું જઇને મારૂં છું. પછી લક્ષ્મણે પોતાનું ધનુષ્ય સજ્જ કરીને મોટેથી ટણત્કાર કર્યો, તે સાંભળતાંજ સિંહના નાદ વડે જેમ હાથી નાશી જાય, તેમ તે સર્વ મ્લેછો જ્યાં ત્યાં નાસવા લાગ્યા. અને વિચાર કરવા લાગ્યા કે, જેના ધનુષ્યનો ટણત્કાર પણ આપણાથી સહન થતો નથી તો પછી તેનાં બાણો તો દૂરજ રહ્યાં. માટે એની સાથે યુદ્ધ કરવામાં આપણે ફાવી શકવાના નથી તેથી તેને મળવું એજ શ્રેષ્ટ છે. એમ નિશ્ચય કરી તે મ્લેછોના રાજાએ પોતાના હથીઆરો એક કોરાણે મુકી, રથમાંથી નીચે ઉતરી રામની પાસે આવી તેને નમસ્કાર કર્યો. ત્યારે લક્ષ્મણ ગુસ્સામાં આવી તેની સામે જોવા લાગ્યો.

પછી તે મ્લેછોનો રાજા રામચંદ્રને કહેવા લાગ્યો કે, હે દેવ, કોશાંબી નામની નગરીમાં એક વૈશ્વાનર નામના બ્રાહ્મણની સ્ત્રી સાવિત્રીને પેટે રૂદ્રદેવ નામનો હું પુત્ર થયો. કર્મયોગે જન્મથીજ હું ચોરી, વ્યભિચારાદિક ખોટાં કર્મ કરવા લાગ્યો. તેનો આજ દિવસ પર્યંત અંત આવ્યો નથી. એવું કોઈ કર્મ નથી કે જે મારાથી થયું નહીં હોય. એવા દુરાચાર સેવતા કોઇએક વખત મને ચોરી કરતાં રાજાના સીપાઇએ પકડ્યો. ત્યાં દરબારમાં ન્યાય થતાં રાજાની આજ્ઞાથી મને શૂળીએ દેવાનો હુકમ થયો. તે સમયે કોઇએક શ્રાવક વાણીઓ ત્યાંથી જતો હતો તેણે મને શૂળીએ દેવાની હકીકત જાણી તેથી દયા લાવી રાજાએ ઠરાવેલો દંડ આપી મને છોડાવ્યો. અને કહ્યું કે, આજથી તું કદીપણ ચોરી કરીશ નહીં. ત્યાર પછી હું એ દેશ છોડીને કોઇએક કાક નામની ચોરોની વસ્તીમાં ગયો. ત્યાં પ્રારબ્ધના યોગે તે વસ્તીનું રાજ્ય મને મળ્યું. પછી ત્યાં રહીને હું મારા જેવા બીજા કેટલાએક લોકોને ભેગા કરીને લુટ કરવા લાગ્યો. કોઈ રાજા અમને દુઃખ દેતો હોય તો તેને છળે કરી બાંધીને લાવવા લાગ્યો. એવો

હું છું. હે સ્વામિન્, તે હું આ વખતે વ્યંતરની પેઠે તમારે વશ થઈ ગયો છું. માટે આપની ઈચ્છાનુસાર જે કાંઇ આજ્ઞા મને કરવી હોય તે કરો. હું તમારો ચાકર છું. મેં આપનો જે અપરાધ કરયો તેની મને ક્ષમા કરો. એવું તે મ્લેછ રાજાનું બોલવું સાંભળીને રામે તેને કહ્યું કે, વાલિખિલ્ય રાજાને તું છોડી દે. રામનો હુકમ થતા વેંતજ મ્લેછ રાજાએ વાલિખિલ્યને છોડી દીધો. તે વખતે વાલિખિલ્ય રાજાએ બે કર જોડી રામને નમસ્કાર કર્યો. ત્યારપછી રામે આજ્ઞા કર્યાથી તે મ્લેછ રાજાએ પોતાના દૂતો કાકભિલ સાથે વાલિખિલ્ય રાજાને તેના કુબરપુર નગરમાં પોહોંચતો કર્યો. તે કાકભિલ તેને સહીસલામત પોહોંચાડ્યાની તેની પાવતી લઇને પોતાની વસ્તીમાં પાછો આવ્યો. વાલિખિલ્ય રાજાએ પોતાના કુબરપુર નગરમાં રાજ્ય કરતી પુરૂષનો વેશ ધારણ કરેલી પોતાની કન્યાને દીઠી. તેને રામનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તેમજ તે કન્યાએ પણ પોતાના પિતાને રામ ત્યાં આવેલા તે વખતનો સર્વ હેવાલ કહી સંભળાવ્યો.

વાલિખિલ્ય રાજાને મુકવા ગયેલા ભિલ પાછા આવ્યા પછી રામ ત્યાંથી ચાલ્યા, તે કેટલેક દિવસે વિંધ્યાટવી વટાવીને તથા તાપી નદી ઉતરીને એક અરૂણ નામના ગામમાં ગયા. ત્યાં સીતાને તૃષા લાગ્યાથી જળ માટે લક્ષ્મણ સહિત રામ સીતાને સાથે લેડી એક કપિલ નામના અગ્નિહોત્રી બ્રાહ્મણને ઘેર ગયા. તે મહા ક્રોધી હતો પણ આ વખતે તે ઘરમાં નહીં હોવાથી તેની સુશીલ સુશર્મા નામની સ્ત્રીએ તેમને બેસવાને જુદાં જુદાં આસનો આપી નિર્મળ, સ્વાદુ તથા શીતલ જળ લાવી આપ્યું. એટલામાં પિશાચની પેઠે મહા ભયંકર તે કપિલ ઘરમાં આવ્યો. તે રામ વીગેરેને ત્યાં આસનો ઉપર બેઠેલા જોઈ પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે, અરે! આ મહા મલીન પાપી મનુષ્યો મારા ઘરમાં કેમ આવ્યા? એમને બેસવાને જગા કોણે આપી? હે પાપિણી તેં એઓને ઘરમાં બેસાડીને મારા અગ્નિહોત્રને અશુદ્ધ કર્યો. એવી રીતે તે કપિલ

બ્રાહ્મણને તેની સ્ત્રીને નિર્ભંછતો તથા શોક અને ગડબડ કરતો જોઈ લક્ષ્મણને ક્રોધ ચડ્યો તેથી તેણે જેમ કુતરાને હાથી પકડે તેમ તેને પકડીને ઉચકી લીધો. અને મનમાં વિચાર કરવા લાગ્યો કે, આને આકાશમાં ફેંકી દેઊં? એ વખતે રામે તેને કીધું કે, આ કીડી ઉપર આટલો બધો કોપશો? એ અજ્ઞાન બ્રાહ્મણ છે માટે એને તું મુકી દે, જેથી લક્ષ્મણે તેને મુકી દીધો.

પછી તે અરૂણ ગામ છોડીને લક્ષ્મણ તથા સીતા સહિત રામચંદ્ર ત્યાંથી નિકળ્યા. તે ચાલતા ચાલતા કેટલેક દિવસે કાજળ જેવા કાળા રંગવાળા વર્ષા કાળમાં એક મોટા વનમાં આવી પહોંચ્યાં ત્યાં એક વડના ઝાડ નીચે રહી તેઓ વિચાર કરવા લાગ્યા કે, આચો માસના ચાર મહીના આપનો અહીંજ રહીયે. એ વાત તે વડના ઉપર રહેનારા એક ઇભકર્ણ નામના યક્ષે સાંભળી. તેથી તે ભય પામીને પોતાના સ્વામી ગોકર્ણ નામના યક્ષ પાસે જઈ તેને નમસ્કાર કરીને કહેવા લાગ્યો. હે સ્વામિન્, મારા ઝાડની નીચે કોઈ તેજસ્વી પુરૂષો આવ્યા છે. તેમને મને ત્યાંથી કહાડી મુકયો. માટે હવે આ મારા પ્રાણનું રક્ષણ તું કર. આ વર્ષાકાળ સુધી તો તેઓ તે ઝાડની નીચે રહેશે. એવું તે ઇભકર્ણ યક્ષનું બોલવું સાંભળીને ગોકર્ણ યક્ષે અવધી જ્ઞાન વડે ઉપયોગ દીધો તો ત્યાં કોણ આવ્યું છે વીગેરે સર્વ હકીકત જાણી લીધી. પછી તેણે ઇભકર્ણને કીધું કે, એ આપણે ઘેર પરોણા આવ્યા છે. એ કોઈ સાધારણ મનુષ્ય નથી. આઠમાં વાસુદેવ, બળદેવ આપણને પૂજ્ય છે. માટે એમની બને તેટલી ભક્તિ કરવી યોગ્ય છે. એમ કહીને ગોકર્ણ યક્ષે તેજ રાત્રે રામ લક્ષ્મણ જે જગોએ હતા ત્યા આવીને, એક નવ યોજન લાંબી. બાર યોજન પહોળી, ધન ધાન્યે કરી પરિપૂર્ણ, મોટા મોટા ઘરો તથા કિલ્લાએ કરી સુશોભિત, નાના પ્રકારની રત્નાદિક વસ્તુએ કરી ભરેલી, મોટા બજારોએ કરી દેદીપમાન, એવી રામપુરી નામની એક નગરીની રચના કરી. સવારમાં ઉઠતી વખતેજ નાના પ્રકારના મંગળ કારક શબ્દો

રામના સાંભળવામાં આવ્યા. વળી તે વખતે તેમણે એક વીણા ધારણ કરેલા યક્ષને દીઠો. તેથી તે મનમાં વિસ્મિત થયા. પછી તે યક્ષ રામની પાસે આવીને કહેવા લાગ્યો કે, હે સ્વામિન્, મારૂં નામ ગોકર્ણ યક્ષ છે. તમે મારે ઘેર પરોણા છો. તેથી તમારો આદર સત્કાર કરવો એ મારો ધર્મ છે. આપને રહેવા માટે રાતે મેં આ રામપુરી નામની નગરી નિર્માણ કરી છે તેમાં તમે રહો. હું મારા પરિવાર સહિત નિત્ય તમારી ચાકરી કરીશ. માટે તમારી મરજીમાં આવે ત્યાં સુધી તમે અહીં સુખેથી રહો. એ પ્રમાણે તે ગોકર્ણ યક્ષે રામની પ્રાર્થના કર્યા પછી રામચંદ્ર, લક્ષ્મણ તથા સીતા સહિત ત્યાં સુખે કરી રહ્યા.

તે વનમાં કોઈએક સમયે પેલો અરૂણ ગામનો રહેવાસી કપિલ બ્રાહ્મણ લાકડાં કાપવા સારૂ ખભા ઉપર કુવાડો લઇને આવ્યો. ત્યાં નવીન નગરી જોઇને વિસ્મય પામી તે મનમાં વિચાર કરવા લાગ્યો કે, આ તે માયાવી છે? કે કોઈ ઇંદ્રજાલ છે? અથવા ગાંધર્વ નગર છે? એવો સંકલ્પ વિકલ્પ કરતો આશ્ચર્યવડે આમ તેમ જુએ છે! એટલામાં એક સુંદર મનુષ્યનું રૂપ ધારણ કરેલી યક્ષણી જેના અંગ ઉપર નાના પ્રકારના ઘરેણાંદિક આભુષણો શોભી રહેલાં છે, એવી તેના દીઠામાં આવી. તેને તે પુછવા લાગ્યો કે, આ નવીન નગરી કોની છે? ત્યારે તેણીએ કહ્યું કે, એ નગરી ગોકર્ણ નામના યક્ષે, રામ, લક્ષ્મણ તથા સીતાને રહેવા સારૂ નિર્માણ કરી છે. અને તેથી તેનું નામ પણ રામપુરી પાડયું છે. એ રામ મોટો દયાનિધિ છે. યાચકજનોને એ ઘણું દ્રવ્ય આપે છે. દરિદ્રી લોકોની મનકામના એ પૂરી પાડે છે. એવું સાંભળીને તે કપિલ બ્રાહ્મણ પોતાના માથા ઉપરનો લાકડાનો બોજો નીચે પટકી તે સ્ત્રીને નમસ્કાર કરી તેને કહેવા લાગ્યો, હે સૌભાગ્યવતી, એ રામ મારી નજરે શી રીતે પડે? અને તેનો મેળાપ મારે કેમ કરી થાય? ત્યારે તે યક્ષણીએ તેને જણાવ્યું કે, આ નગરીને ચાર દરવાજા છે, ત્યાં મોટા મોટા યક્ષો પહેરેગીર છે. તેથી

નગરીમાં પેસવું અતિ કઠિણુ છે. જો તારે આ નગરની અંદર જવું હોય તો હું કહું તે યુકિત કર, કે જેથી તું તેમાં જઈ શકીશ. ત્યારે કપિલે કહ્યું કે, તે યુકિત શી છે તે બતાવો. યક્ષણી બોલી, સાંભળ. એ નગરની પૂર્વ દિશા તરફ એક દરવાજો છે, તેમાં એક ચૈત્ય છે. તેને વંદના કરીને જો તું શ્રાવક થઈશ તો તું એમાં પેશી શકીશ. એ હકીકત સાંભળી તે લાલચુ બ્રાહ્મણ પૂર્વ દિશા તરફના દરવાજે આવી તે દેવાલયમાં ગયો. ત્યાં ચૈત્યની વંદના વીગેરે કરીને ત્યાંના સાધુ પાસે આવી, તેને નમસ્કાર કરી તેની પાસે ધર્મદેશના સાંભળવા બેઠો. તે સાંભળતા તેના અંતઃકરણના પરિણામ ફરવાથી તે વિશુદ્ધ શ્રાવક થયો. પછી ત્યાંથી ઉઠીને તે પોતાને ઘેર આવ્યો. ત્યાં તેણે પોતાની સુશર્મા સ્ત્રીને પણ ધર્મનો બોધ કરી શ્રાવીકા કરી. પછી તે બ્રાહ્મણ જન્મથી દરિદ્રી હોવાથી રામની પાસેથી દ્રવ્ય લેવાની આશાએ પોતાની સ્ત્રી સહિત રામપુરીમાં આવી પૂર્વે બનાવેલા ચૈત્યની વંદના કરીને રાજ ગ્રહમાં ગયો. ત્યાં રામ, લક્ષ્મણ તથા સીતાને જોઈને તેને પ્રથમની પોતાના ઘરની વાત યાદ આવી તેથી તે ભય પામી ત્યાંથી નાશી જવાનો વિચાર કરવા લાગ્યો. એ વખત લક્ષ્મણ તેને કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણ તું બીક નહીં રાખ. તને જો દ્રવ્યની ઇચ્છા હોય તો માંગી લે. એવું સાંભળીને તે નિર્ભય થઈ રામને આશીર્વાદ દેવા લાગ્યો. એટલે એક યક્ષે તેને આસન આપી બેસાડ્યો. પછી રામે તેને પુછયું કે, હે મહારાજ, આપ કયાંથી આવ્યા છો? ત્યારે બ્રાહ્મણ બોલ્યો કે, હું અરૂણ ગામમાં રહું છું, અને મારી અગ્નિહોત્રી બ્રાહ્મણની જ્ઞાતી છે, તે શું તમે નથી જાણતા? તમે જ્યારે મારે ઘેર આવ્યા હતા ત્યારે મેં તમને ઘણાં ખરાબ વેણ કહ્યાં હતા. તેનો લેશ માત્ર દ્વેષ ન રાખતા તમે કૃપા પાત્ર હોવાથી આજ મને ઉલટું વિશેષ માન દેવા લાગ્યા છો, માટે તમે ધન્ય છો. તેની સ્ત્રી સુશર્મા સીતાની પાસે જઈને બેઠી. તેને પૂર્વની સર્વ વાત કહી સંભળાવીને આશીર્વાદ આપ્યો. પછી

રામે તેઓને અગણિત દ્રવ્ય આપ્યું તે લઈને તેઓ રામચં-દ્રની આજ્ઞા માગી પોતાને ઘેર આવ્યાં. સુભકર્મના યોગે તે બ્રાહ્મણને સારૂં જ્ઞાન થયું અને વૈરાગ્ય પામવાથી તેણે ઈચ્છા-નુસાર દાન દેઈ એક નંદાવતંસ નામના સુરી પાસે જઈ દીક્ષા લીધી.

રામચંદ્રને રામપુરીમાં રહેતાં વર્ષાકાળ પૂરો થયો તેથી હવે તેઓ જશે એમ જાણીને ગોકર્ણ યક્ષ તેમની પાસે આવી હાથ જોડીને કહેવા લાગ્યો કે, હે દેવ, હવે તમે અહીંથી જનાર છો, એમ જાણીને હું તમારી પાસે માંગી લેઉં છું કે, મારાથી જો આપનો કાંઈપણ અપરાધ થયો હોય તો તે માફ કરો. તેમજ મારા ઉપર કૃપા રાખજો; તમારો યોગ્ય સત્કાર કરવાને કોણ સમર્થ છે? એમ કહીને સ્વયંપ્રભ નામનો હાર તેણે રામને આપ્યો. તથા દિવ્ય રત્નોનાં કરેલાં જડાઉ બે કુંડળ તથા એક મુકુટ લક્ષ્મણને આપ્યા. તેમજ સીતાને ઈચ્છાએ કરી વાગનારી એક વીણા આપી. ત્યારે રામ તેનો ઘણો ઉપકાર માનીને પોતાની ઈચ્છાથી ત્યાંથી નિકળ્યા. રામ ગયા પછી યક્ષે તે નગર સમાવી દીધું.

ત્યાંથી ચાલતાં વાટમાં મહાભયંકર વનો આવ્યાં તેઓને વટાવીને સાંજે એક વિજયપુર નામના નગર પાસે આવી વાવ્ય દિશા તરફ એક વડના ઝાડ નીચે રામે મુકામ કર્યો. એ વિજયપુર નગરના રાજા મહીધરની સ્ત્રી ઈંદ્રાણીને પેટે જન્મેલી એક વરમાલા નામની કન્યાએ બાલ્યાવસ્થામાં લક્ષ્મ-ણના ગુણ તથા રૂપ સાંભળીને તેને વરવા વિશે પણ કર્યો હતો, તે હાલ ઉમર લાયક થઈ હતી. કોઈએક સમયે દશરથ રાજાએ દીક્ષા લીધાની તથા રામ, લક્ષ્મણ વનવાસ ગયાની મહીધર રાજાને ખબર પડ્યાથી તેણે મનમાં ઘણું કચવાઈને શ્રીઋષભદેવ સ્વામીના વંશમાં ઉત્પન્ન થએલા ચંદ્રનગરના રાજા સુરેંદ્રરૂપને પોતાની વરમાલા નામની કન્યા આપવાનો વિચાર નકી કર્યો. તે વાતની વરમાલાને ખબર પડતાંજ તે મરવાનો નિશ્ચય કરી એજ રાત્રે ઘરથી બહાર કોઈ ન જાણે તેવી રીતે નિકળીને એકલી

દૈવ યોગે તેજ વનમા આવી. ત્યાં તે વનદેવતાની પૂજા કરીને કહેવા લાગી કે, આ જન્મમાં તે મારો પણ પૂરો થયો નહીં. પણ આવતા જન્મમાં મને લક્ષ્મણજ વર મળજ્યો. એમ બોલી ફાંસી ખાવા સારૂ તેજ વડના ઝાડની નીચે આવી, તે વખતે રામ અને સીતા સુતા હતા તેમનો પહેરો કરવા સારૂ લક્ષ્મણ જાગતો હતો. તે તેને જોઇને આશ્ચર્ય પામ્યો. અને વિચાર કરવા લાગ્યો કે, આ શું વન દેવતા છે? અથવા આ ઝાડ ઉપર રહેવા વાળી કોઇ યક્ષણી છે? એટલામાં તો તે વડના ઝાડ ઉપર તે ચડવા લાગી. તે જોઈને આ ઝાડ ઉપર એ શા સારૂ ચઢે છે, તે જોવા સારૂ લક્ષ્મણ પણ તેની પાછળ ઝાડ ઉપર ચડ્યો. વનમાલા ઉપર ચઢીને પોતાના બે હાથ જોડીને બોલી કે, હે માતા, હે વન દેવતા, હે દિગ્દેવી, હે વ્યોમ દેવી, તમે સર્વ મારૂં બોલવું સાંભળો. આ જન્મમાં મને લક્ષ્મણ પતિ મળ્યો નહીં, પરંતુ જન્માંતરમાં એ મારો પતિ થાય એવી મારાપર કૃપા કરો. મારી તેનામાં ઘણી પ્રીતિ છે. એમ બોલી તેણે પોતાના ગળામાં વસ્ત્ર ઘાલીને તેને તે વડની ડાળ સાથે બાંધ્યું. અને પોતે ઉપરથી પડીને અધર લટકવા લાગી. તે વખતે લક્ષ્મણ બોલ્યો કે, હે ભદ્રે, આ અઘટિત કર્મ તું કર નહીં. આ હું લક્ષ્મણ તારા સામેજ ઉભો છું. તેમ છતા તારે મરવાનું કારણ શું છે? એજ કહીને તેના ગળામાંથી ફાંશી કહાડીને તેને લેઇ લક્ષ્મણ ઝાડ ઉપરથી નીચે ઉતર્યો. એટલામાં પાછલી રાતે સીતા તથા રામ ઊંઘ લેઈ ઉઠ્યા. લક્ષ્મણે તેમને વનમાલાનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. વનમાલાએ લજ્જા પામી, માથા ઉપર વસ્ત્ર લેઈને રામ તથા સીતાના ચરણોને નમસ્કાર કર્યો.

વિજયપુરમાં મહીધર રાજાની સ્ત્રી ઈંદ્રાણી વનમાલા ન દેખાયથી આક્રંદ કરી કરૂણાસ્વરે રડવા લાગી. તેની શોધ કરવા સારૂ ચારે તરફ માણસો મોકલી મહીધર રાજા પણ નિકળ્યો. તે ફરતો ફરતો વડની ઝાડ નજીક આવી આમ તેમ જુએ છે ત્યાં તે ઝાડના નીચેજ પોતાની કન્યા તેના જોવામાં આવી તે

વખત તે કન્યાની પાસે બેઠેલા માણુસોને જોઇને એ મારી ક-ન્યાને ચોરનારા લોકો છે એમ ભ્રાંતી લાવી મહીધર રાજા પોતાના માણસોને કહેવા લાગ્યો કે, એમને મારો. તે સાંભળતાંજ લક્ષ્મણે ક્રોધાયમાન થઇને ધનુષ્ય સજ્જ કરી પોતાના શત્રુનો અહંકાર દૂર કરવા સારૂ પ્રત્યંચા ચડાવી ટણત્કાર કર્યો તે અવાજ યોગે કેટલાએક લોકો જમીન ઉપર પડી ગયા, તેમજ કેટલાએક ત્યાંથી નાશી ગયા ત્યારે મહીધર રાજા પાસે આવી લક્ષ્મણને જોઇને તેને કહેવા લાગ્યો કે, હવે તું ધનુષ્યની પ્રત્યંચા ઉતાર. દૈવ યોગે મારી કન્યાના પુન્ય વડે અકસ્માત તું અહીં આવી પહોંચ્યો છું. અને મારા મોટા ભાગ્યે તું આજ મારી નજરે પડ્યો. એવું સાંભળીને લક્ષ્મણે કમાન ઉતારી નાંખી. એટલે મહીધર રાજા રામની પાસે આવી તેને નમસ્કાર કરી બોલ્યો. આ મારી કન્યા તમારા ભાઈ લક્ષ્મણને આપવાનો મેં નિશ્ચય કર્યો હતો. તેમાં કાંઈ વિઘ્ન જેવું જણાયાથી મારી પુત્રીને ઘણું દુઃખ થતું હતું. પરંતુ એ બંનેનો અકસ્માત મેળાપ થયો, તેથી હું મારૂં મોટું ભાગ્ય સમજું છું. લક્ષ્મણ જેવા જમાઇ અને રામ જેવા વેવાઇ ક્યાંથી મળે? એ પ્રમાણે કહી તેણે લક્ષ્મણ તથા સીતા સહિત રામને પોતાને ઘેર તેડી લાવી તેમનો ઘણો આદરસત્કાર કરી રાખ્યા. રામ વીગેરેને ત્યાં આગળ રહેતાં કેટલાએક દિવસ થયા પછી એક દિવસ સભામાં મહીધર રાજા, તથા રામ, લક્ષ્મણ વીગેરે બેઠા છે, તે વખત નંદ્યાવર્ત નામના નગરમાં રાજા અતિવીર્યની તરફથી આવેલો એક દૂત ત્યાં આવી કહેવા લાગ્યો કે, હે રાજા, મારા સ્વામી અને ભરત રાજાની વચ્ચે યુદ્ધ ચાલે છે, તેમાં ભરત રાજાની તરફ ઘણા રાજા આવ્યા છે, અને મારા સ્વામી અ-તિવીર્યની તરફ થોડા છે. તમને મહા પરાક્રમી જાણીને પો-તાની સહાયતા કરવા સારૂ મારા સ્વામીએ બોલાવ્યા છે. તે સાંભળીને લક્ષ્મણ તે દૂતને પૂછવા લાગ્યો કે, એ બેઉમાં દ્વેષ થવાનું કારણ શું? દૂત બોલ્યોઃ–મારો સ્વામી ભરતને પોતાના હુકમમાં રાખવા માંગે છે, તેમજ ભરત રાજા મારા સ્વામીને

તેના હુકમમાં રાખવા ચહાય છે. એ બંને વચ્ચે દ્વેષ થવાનું અને યુદ્ધ થવાનું કારણ એજ છે. દૂતનું એવું કહેવું સાંભળીને રામચંદ્ર કહેવા લાગ્યો કે, ભરત શા સારૂ તેની આજ્ઞા માનતો નથી? અતિવીર્ય રાજાની સાથે લડવાને ભરત સમર્થ છે કે શું? ત્યારે તે દૂત બોલ્યો. મારો સ્વામી મહા પરાક્રમી તેમજ બળવાન પણ છે. તથાપિ ભરત રાજા પણ તેવોજ છે, એ કાંઈ સામાન્ય નથી. એ બેમાં કોણ કોને જીતશે, એ કાંઈ કળ્યામાં આવતું નથી. ત્યારે મહીધર રાજાએ તે દૂતને કહ્યું કે, તું જા, હું પાછળથી આવું છું. એટલે દૂત વિદાય થયો. પછી મહિધર રાજા રામને કહેવા લાગ્યો કે, આ રાજા કેવો મૂર્ખ છે? અમારી સહાયતા લેઈને તે ભરતની સાથે યુદ્ધ કરવા માંગે છે! માટે હવે હું મારા સૈન્ય સહિત ત્યાં જઈને તેને શત્રુભાવ ન બતાવતાં તેનીજ હાર કરાવું. અને આપ અહીંજ રહો. ત્યારે તેને રામે કીધું કે, તારે જવાની જરૂર નથી. હુંજ ત્યાં જાઊં છું. મારી સાથે તારા પુત્રને સૈન્ય સહિત મોકલ. એટલે જે જે કંઇ કરવું હશે તે હું કરીશ. તે વાત મહિધર રાજાએ કબુલ કરીને રામને પોતાનો પુત્ર તથા સૈન્ય સોંપ્યું. પછી તેમને સાથે લેઈને લક્ષ્મણ તથા સીતા સહિત રામ ત્યાંથી નિકળ્યાં. કેટલેક દિવસે તેઓ નંધાવર્તપુર પાસે આવી પહોંચતાં બહાર ઉપવનનાં રહ્યા. ત્યાંનો ક્ષેત્રદેવતા રામને જોઈને કહેવા લાગ્યો કે, હે મહાભાગ, તમારી હું શી સાહ્ય કરૂં? ત્યારે રામે તેને કહ્યું કે, આ વખતે મારી સાહ્ય કરવાની કાંઈ જરૂર નથી. તથાપિ તે દેવે કીધું કે, આપ અહીં પધાર્યા તેથી સાહ્ય કરવી એજ મારી લાયકી છે, માટે હું આ પ્રમાણે કરૂં છું:—

આ અતિવીર્ય રાજાને સ્ત્રીઓએ જીત્યો, એવી તેની અપકીર્ત્તિ થવા સારૂ તમારા સર્વ સૈન્ય સહિત તમારૂં કામિક સ્ત્રીનું રૂપ કરૂં છું. એમ કહીને તે ક્ષેત્ર દેવતાએ રામ, લક્ષ્મણ તથા તેમના સર્વ સૈન્યનું રૂપ પાલટી નાખીં સ્ત્રીરૂપે તેમને બનાવી મુકયા. પછી રામચંદ્રે દૂત મોકલી અતિવીર્ય રાજાને

કહાવ્યુ' કે, તારી સહાયતા કરવા સારૂ મહીધર રાજાએ પો-
તાનું સૈન્ય મોકલ્યું છે. દૂતે નંદ્યાવર્ત નગરમાં આવી અતિવીર્ય
રાજાને રામચંદ્રે કહાવેલો સંદેશો કહ્યો. તે સાંભળીને રાજાએ
તેને પુછ્યું કે, મહીધર રાજા પોતે શા માટે ન આવ્યો?
તેના સૈન્યનું મારે શું કામ છે? હું એકલોજ ભરતને જીતવાને
સમર્થ છું. મારે બીજાની સહાયતા શા સારૂ જોઇયે? એ અ-
સ્કર સૈન્યને મારા નગર પાસેથી કહાડી મુકો. અતિવીર્ય રાજા
એટલું બોલ્યો તે વખતે ત્યાં આગળ બેઠેલા એક માણસે તેને
કહ્યું કે, મહીધર રાજા પોતે આવ્યો નહીં, તો નહીં, એતો
રહ્યુ, પણ ઉલટી તારી મસ્કરી કરવા સારૂ તેણે સ્ત્રીઓનું સૈન્ય
મોકલ્યું છે. એ સાંભળતાંજ અતિવીર્ય રાજા અતિ ક્રોધાયમાન
થયો. અને તેણે સ્ત્રી રૂપ સૈન્યને પોતાની નજરે જોયું. એટલે
તરતજ તેણે પોતાના યોદ્ધાઓને હુકમ કર્યો કે, આ દાસી
જેવી સ્ત્રીઓના ગળા પકડીને તેમને હાંકી કહાડો. તે સાંભળ-
તાજ તેના સુભટો તે સ્ત્રી રૂપ રામના સૈન્યને દુઃખ દેવા
લાગ્યા. તેથી રામચંદ્રે એક હાથીના સ્તંભને પોતાના હાથેવતી
જમીનમાંથી ઉખેડીને તેણે વતી અતિવીર્યના સુભટોને મારી
પાછા હઠાવ્યા. એ વૃત્તાંત અતિવીર્ય રાજાએ સાંભળ્યો તેથી
તે મહા કોપાયમાન થયો થકો હાથમાં ખડગ લેઇને તેમને
મારવાને દોડ્યો. તેને આવતો જોઇને લક્ષ્મણે તેના હાથમાંથી
ખડગ છીનવી લઇ, તેના કેશ પકડી તેને વસ્ત્રથી તાણી બાંધી,
વાઘ જેમ હરણને લેઈ જાય તેમ તે નૃવ્યાઘ્ર લક્ષ્મણ તેને
લેઈને ચાલ્યો. તે જોઇને સીતાને તેની દયા આવ્યાથી તેણે
લક્ષ્મણને કહ્યું. જેથી લક્ષ્મણે તે અતિવીર્ય રાજાને છોડી મુકી
કહ્યું કે, આજથી તું ભરત રાજાની સેવા કરજે. એ વખતે
પેલા ક્ષેત્ર દેવતાએ તેમનો સ્ત્રી વેશ હરણ કરી લીધો તેથી
તેઓ પોતાના મુળ રૂપે થયા. તે જોતાંજ અતિવીર્ય રાજાએ
જાણી લીધું કે, આ રામ, લક્ષ્મણ છે. પછી તેણે તેમનો યથા
યોગ્ય આદરસત્કાર કર્યો. અને પોતે માન ભંગ થવાથી મનમાં
વૈરાગ્ય ધારણ કરી બોલ્યો કે, હું હવે બીજાની સેવા કરૂં કે?

એ મને યોગ્ય નથી. હું તો મોક્ષ સાધન રૂપ સંયમ ગ્રહણ કરીશ. એવા અહંકારે કરી પોતાના પુત્ર વિજયરથને પોતાનું રાજ્ય સોંપી દીક્ષા લેવા તત્પર થયો. ત્યારે રામે તેને કહ્યું કે, મારે તું બીજા ભરતની બરાબરની છે, પ્રથમની પેઠે તું તારૂ રાજ્ય સુખે કર. એવા અભિપ્રાયથી દીક્ષા લેવાનું કાંઈ પ્રયોજન નથી. તથાપિ તે માનતા તેણે દીક્ષા લીધી. પછી તેના પુત્ર વિજયરથે પોતાની રતિમાલા નામની બેન લક્ષ્મણને આપી. ત્યાર પછી રામ તથા લક્ષ્મણ સૈન્ય સહિત વિજયપુર નગરમાં પાછા આવ્યા. અને વિજયરથ રાજાએ ભરતની સેવા કરવા સારૂ તેની પાસે જઈ બનેલો સર્વ બનાવ તેને કહી સંભળાવ્યો. ભરત રાજાએ તેનો ઘણો આદર સત્કાર કર્યો. કહ્યું છે કે, "જે સત્પુરૂષો છે તે પોતાને નમનારા પુરૂષો પ્રત્યે ઘણા દયાળુ હોય છે" પછી વિજયરથે પોતાની રતિમાલાથી નાની બેન વિજયસુંદરીને ભરત વેરે પરણાવી. એ સમયે અતિવીર્ય મુનિ વિહાર કરતા ફરતા ફરતા ત્યાં આવી પોહોંચ્યા. તેને ભરતે ભક્તિ પુર્વક નમસ્કાર કરીને તેની પાસે પોતાના નિમીતે તેને માઠું લાગ્યા વિશેની ક્ષમા કરાવી. પછી તે મુનિ ત્યાંથી વિહાર કરી ગયા. અને વિજયરથ રાજા ખુશી થઇને પોતાના નંદ્યાવર્ત નગરમાં ગયો.

વિજયપુરમાંથી મહીધર રાજાની રજા લેઇને વનમાં જવા સારૂ રામ તૈયાર થયા તે વખતે લક્ષ્મણે વનમાળા પાસેથી જવાની રજા માંગી. ત્યારે તે મહા ચિંતાતુર થઇને તેને કહેવા લાગી કે, હે સ્વામી, પ્રાણત્યાગ કરતી વખતે તમે જે મારી રક્ષા કરી તે પરિશ્રમ વ્યર્થ થયો. હે પ્રાણવલ્લભ, તે વખતે જો હું મરી ગઈ હોત તો આ વિરંહનું દુઃખ દેખવાનો દિવસ આવત નહીં. હે નાથ, એતો સારાને બદલે ઉલટું નરસું થયું. હે પ્રાણ પ્રિયપતિ, તારા વિયોગની સંધી જોઇને મને કોઈ બીજોજ લેઇ જશે. માટે હમણાંજ તું મારી સાથે લગ્ન કરીને મને તારી સાથે લેઇ ચાલ. ત્યારે લક્ષ્મણે તેને કીધું કે, હું ભાઇનો સેવક છું, જા તું મારી સાથે આવીશ તો તેની સેવામાં વિઘ્ન

થશે. માટે હાલ તું તને જ્યાં યોગ રહેવાનું લાગે ત્યાં રહે. હું તને એક ઘડી પણ ભૂલનાર નથી. જ્યારે હું વનવાસથી પાછો ફરીશ ત્યારે તને હું મારી સાથે લેઇ જઈશ, તે તારે ખચીત માનવું. વળી એને માટે તું મને જે સોગન આપે તે લેવાને હું તૈયાર છું; અને કહું છું કે, જો હું ફરીથી અહીં પાછો ના આવું તો રાત્રિ ભોજન કરનારાને જેટલું પાપ લાગે છે, તેટલું પાપ મને લાગો એવી રીતે વનમાળાનું મન મનાવીને તેને ખુશી કરી તે રાત ત્યાં રહી સવારમાં લક્ષ્મણ તથા સીતા સહિત રામ ત્યાંથી નિકળ્યા. તેઓએ ચાલતાં ચાલતાં કેટલેક વખતે વન વટાવીને એક ક્ષેમાંજલી નામની નગરી પાસે આવી, બહાર ભાગોળે મુકામ કર્યો. પછી ભોજન વેળા થવાથી લક્ષ્મણ વનમાં જઈ ફળ લાવ્યો તે જાનકી એ સુધારી તૈયાર કરી આપ્યા એટલે રામ તથા લક્ષ્મણે આરોગ્યાં અને પછી સીતાએ ખાધા એવી રીતે કેટલાએક દિવસ ત્યાં રહેતાં થયા પછી એક દિવસ રામની આજ્ઞા લેઈને એ નગર જોવા સારૂ લક્ષ્મણ વસ્તીમાં ગયો. ત્યાં રસ્તામાં ચાલતા થાળી પીટાતી સાંભળી તેનું કારણ જાણવા માટે તે શું બોલે છે તે સાંભળવા સારૂ લક્ષ્મણ તેની નજીક ગયો ત્યાં તે થાળી વાળો એમ બોલતો હતો કે, "જે કોઈ પુરૂષ આ રાજાનો શક્તિ પ્રહાર સહન કરશે, તેને રાજા પોતાની કન્યા પરણાવશે" એ પ્રમાણે તેને બોલતો સાંભળીને કોઈ પાસે ઉભેલા પુરૂષને તેણે પુછયું કે, આ થાળી વાળો બોલ્યો તેનો ધર્મ શો છે? ત્યારે તે કહેવા લાગ્યો કે આ નગરના રાજા શત્રુ દમનની સ્ત્રી કનકાવતીને પેટે પેદા થયેલી એક કમળ જેવાં નેત્રો વાળી સાક્ષાત લક્ષ્મી જેવી એક જિતપદ્મા નામની કન્યા છે. તે ઉપવર થવાથી તેને પરણાવતાં પહેલાં વરનું સામર્થ્ય જોવા સારૂ રાજા નિત્ય આ પ્રમાણે થાળી પીટાવે છે. પરંતુ આજ દિવસ સુધી એની ધારણા પાર પાડનાર કોઇ પણ પુરૂષ મળ્યો નથી.

લક્ષ્મણ ઉપર પ્રમાણે હકીકત સાંભલતાં તરતજ ત્યાંથી

રાજ સભામાં ગયો ત્યાં શત્રુદમન રાજાએ તેને જોઈ પૂછયુ કે, તું કોણુ છે! અને કયાંથી આવ્યો છું? ત્યારે લક્ષ્મણે કહ્યું કે, હું ભરત રાજાનો દુતછું. તેના કોઈ એક કામ સારૂ જતાં તારા નગરમાં થાળી પીટાતી સાંભળી તારી કન્યા સાથે પરણુવા સારૂ હું અહીં આવ્યો છું. ત્યારે રાજાએ તેને પુછયું કે, તું મારો માર સહન કરીશ? લક્ષ્મણે કહ્યું, એક તો શું પણ પાંચ માર હું સહન કરીશ. એ વખતે રાજકન્યા જિતપદ્મા લક્ષ્મણુને જોઇને તેના ઉપર આશક્ત થઇ થકી તથા કામે કરી પીડાતી થકી રાજાને કહેવા લાગી કે, હે પીતા, તું એ પુરૂષને માર નહીં તથાપિ તે માનતાં પોતાનું પણ સાચું કરવા સારૂ તથા તેની પરીક્ષા જોવા સારૂ રાજાએ લક્ષ્મણુને પાંચ શક્તિ પ્રાહાર કર્યા તે લક્ષ્મણુ બે હાથમાં, બે કાખમાં, અને એક દાંતમાં લીધો તેજ વખતે તત્કાળ જિતપદ્માએ આવી લક્ષ્મણુના ગળામાં વરમાળા ઘાલી. ત્યારે રાજાએ તેને કીધું કે, આ તને યોગ્ય વરમળ્યો છે એની સાથે સુખે કરી તું લગ્ન કર. તેનું એવું બોલવું સાંભળતાં લક્ષ્મણુ તેને કહેવા લાગ્યો કે, મારો મોટો ભાઇ પોતાની સ્ત્રી સહિત બહાર ઉપવનમાં બેઠેલો છે. તેના તાબામાં હું હમણા છું, માટે તે જેમ કહેશે તેમ હું કરીશ. શત્રુદમન રાજાએ તેના એવા બોલવા ઉપરથી જાણી લીધું કે, એ રામ લક્ષ્મણુ છે. પછી પોતે બહાર ઉપવનમાં જ્યાં રામ હતા ત્યાં જઇ તેમને નમસ્કાર કરી, ઘણા આદર સત્કાર પુર્વક સીતા સહિત રામને પોતાના નગરમાં તેડી લાવ્યો. ત્યાં તેણે મોટા આડંબરથી રામની પુજા કરી. કહ્યું છે કે, "સામાન્ય અતિથી પણ પુજા કરવા લાયક છે, તો પછી પુરૂષોત્તમની પુજા કરવા વિશે પુછવાનુજ શું છે?" યથા ઇચ્છા લક્ષ્મણુ તથા સીતા સહિત રામ ત્યાં રહ્યાં પછી ત્યાંથી નિકળતી વખતે લક્ષ્મણે શત્રુદમન રાજાને કહ્યું કે, હું પાછો આવતી વખત તારી કન્યાને પરણીશ. તે વાત તેણે કબુલ કરી પછી રાતના સમયે તેઓ ત્યાંથી ચાલી નિકળ્યા, ચાલતાં ચાલતાં કેટલેક દુર ગયા પછી એક દિવસ સાંજના તેઓ વંશસ્થળ નામના નગર સમીપે આવી

પહોંચ્યા. ત્યાં તેઓએ ઉપવનમાં જઇ વિશ્રામ કર્યો. તે વખતે આમતેમ ફરતાં ત્યાંના સર્વ લોકોને ભય પામેલા તથા તેમનાં ચેહેરા ઘણા નિસ્તેજ તેમના દીઠામાં આવ્યા તેથી રામ તથા લક્ષ્મણ તે નગરના લોકોને પૂછવા લાગ્યા કે, તમારી આવી દશા થવાનું કારણ શું? ત્યારે એક પુરૂષે તેમને જણાવ્યું કે, આજ ત્રણ દિવસ થયાં રાતના આ પર્વત ઉપર એક ભયંકર શબ્દ થાય છે, તેના ભયથી અહીંના સર્વ લોકો રાત્રે બીજે ઠેકાણે જઇ રહે છે, અને સવાર થતાં આવે છે. એવી આ નગરના લોકની નિત્ય સ્થિતિ છે.

એવી હકીકત સાંભળતાંજ રામની આજ્ઞા લેઇને લક્ષ્મણ તે પર્વત ઉપર ચડ્યો. ત્યાં તપાસ કરી જોતાં જોતાં કાયોત્સર્ગ કરી રહેલા બે સાધુ તેના દીઠામાં આવ્યા. તેમને વંદનાદિ કરી નમસ્કાર કરે છે એટલામાં રામ તથા સીતા પણ ત્યાં આવી પહોંચ્યાં. તેઓએ પણ તે મુનિઓને વંદનાદિ કરી નમસ્કાર કર્યો. પછી તે સાધુઓની સામે રામ ગોકર્ણ યક્ષે આપેલી વીણા વગાડવા લાગ્યો; લક્ષ્મણ ગ્રામ તથા રાગ સહિત મનોહર ગાયન કરવા લાગ્યો, તેમજ સીતા હાવભાવ સહિત નાચવા લાગી. પછી સૂર્ય અસ્ત પામ્યો કે રાત્ર થતાંજ કોઇ એક અગ્નિ જેવી કાન્તિવાળો વેતાલ ત્યાં આવીને તે મુનિઓને ઉપદ્રવ કરવા લાગ્યો. તેને જોઇને, સીતાને તે સાધુઓની પાસે બેસાડી રામ તથા લક્ષ્મણ બંને ભાઇઓ તે વેતાલને મારવા સારૂ જવાને તૈયાર થયા. તે વખતનું તેમનું તેજ તે દેવ (વેતાલ)થી સહન ન થયું તેથી તે ભય પામીને ત્યાંથી નાશી ગયો. તેજ વખતે તે મુનિઓને કેવલ જ્ઞાન ઉપન્યું. તેમને રામે નમસ્કાર કરી પૂછ્યું કે, એ ઉપદ્રવ થવાનું કારણ શું છે? ત્યારે તેઓ મધ્યેના એક મુનિએ તેની હકીકત નીચે પ્રમાણે જણાવી.

“પદ્મ નામના નગરમાં વિજય પર્વત નામે રાજા રાજ કરતો હતો. તેના અમૃત સ્વર નામના એક દૂતની સ્ત્રી ઉપયોગાને પેટે જન્મેલા ઉદિત તથા મુદિત નામના બે પુત્રો હતા. એ

અમૃતસ્વરના એક વસુભૂતિ નામના બ્રાહ્મણ મિત્રની સાથે ઉપયોગાની પ્રીતિ બંધાઈ તેથી તેને કહેવા લાગી કે, મારા પતિને તું મારી નાંખે તો આપણે નિર્ભય થઇયે. એ વાત વસુભૂતિએ સ્વીકારી અમૃતસ્વરને મારવાનો લાગ જોતો હતો. કહ્યું છે કે "કામી પુરૂષ શું અકાર્ય ન કરે?" કેટલેક દિવસે કોઈ એક રાજાના કામને વાસ્તે અમૃતસ્વર તથા વસુભૂતિ દેશાંતર જવા સારૂ સાથે નિકળ્યા. ત્યાં લાગ મળવાથી વસુભૂતિએ માર્ગમાં જતાંજ અમૃતસ્વરને મારી નાખ્યો અને પોતે નગરમાં પાછો આવીને લોકોને કહેવા લાગ્યો કે, અમૃતસ્વરે એક કામ સારૂ મને પાછો મોકલી દેઇ તે દેશાંતર ગયા અને તેની સ્ત્રી ઉપયોગાને જણાવ્યું કે, આપણા સંભોગમાં વિઘ્ન કરનારાને તારા કહેવા પ્રમાણે મેં રસ્તામાં મારી નાખ્યો છે. ત્યારે તેણીએ કહ્યું કે, ઘણું સારૂં કર્યું; પરંતુ હજી આ મારા બે પુત્રો જ્યાંસુધી જીવતા છે, ત્યાંસુધી આપણે સુખે કરી મનમાનતી મોજ મારી શકવાના નથી. એ બે જણા જો મરે તો પછી આપણને કોઇની પણ અડચણ રહે નહીં. ત્યારે વસુભૂતિએ કહ્યું કે, તું ચિંતા ન કર. હું એમને પણ મારી નાખીશ. દૈવયોગે તેમની આ વાતની વસુભૂતિની સ્ત્રીને ખબર પડી; તેથી તેને ઇર્ષા આવ્યાથી ઉપયોગાના પુત્ર મુદિત તથા ઉદિતને એ વાત તેણે કહી દીધી. તે સાંભળતાંજ ઉદિતને ઘણો ક્રોધ ચઢ્યાથી લાગ સાધી વસુભૂતિને ઠાર કર્યો. તે મરીને નલપલ્લીમાં એક મ્લેછ થયો. ત્યારપછી કોઈએક સમયે વિજયપર્વત રાજાએ એક મતિવર્દ્ધન નામના મુનિ પાસે ધર્મ સાંભળીને દીક્ષા લીધી. તેમજ ઉદિત અને મુદિત એ બે ભાઇઓએ પણ દીક્ષા ગ્રહણ કરી. એ બંને સાધુ સાથે વિહાર કરતા એક વખત ચૈત્યની વંદના કરવા સારૂ જતાં રસ્તો ચુકી ભુલા પડવાથી કર્મયોગે પેલી નલપલ્લી નામની મ્લેછની વસ્તીમાં જઇ ચઢ્યા. ત્યાં જે વસુભૂતિનો જીવ મ્લેછ થયેલો છે તેને આ બે મુનિઓને જોતાં જાતિસ્મરણ જ્ઞાન થયું, તેથી પૂર્વ ભવની વાત તેના જોવામાં આ-

ત્યાથી તે પૂર્વનું વૈર યાદ કરીને મુનિઓને મારવા દોડ્યો. ત્યાં મ્લેછના રાજાએ તેમને બચાવ્યા. તે મ્લેછ રાજા તથા આ મુનિઓનો પૂર્વનો તેવો સંબંધ એ હતો કે, મ્લેછ રાજા પૂર્વ જન્મમાં એક મૃગ હતો, તેને કોઇ એક પારખી મારતો હતો, ત્યાં ઉદિત તથા મુદિતનો જીવ પૂર્વે જન્મમાં ખેડુત હતા, તેમણે તેને (મૃગને) પારધીના હાથથી મરતો બચાવ્યો હતો. તે હેતુથી મ્લેછ રાજાએ અહીં એનું રક્ષણ કર્યું. ત્યાંથી નિકળીને તે બંને સાધુઓ ચૈત્ય વંદના વીગેરે કરીને અંતે અનશન વ્રત લેઇને કાળ કરી મહાશુક્ર નામના દેવલોકમાં સુંદર અને સુકેશ નામના બે દેવ થયા. વસુભૂતિનો જીવ મ્લેછ યોની ભોગવીને મુવા પછી ઘણા કાળ સુધી જુદી જુદી યોનીઓમાં ઘણાં દુઃખો સહેતો એક સમયે શુભ કર્મના ઉદયથી ઘણા કષ્ટ વડે મનુષ્ય જન્મ પામ્યો. તે ભવમાં તે તાપસ થઇને મુવા પછી જ્યોતિષ્ક નામના દેવલોકમાં એક ધૂમકેતુ દેવ થયો. તદનંતર ઉદિત તથા મુદિતના જીવ મહાશુક્ર નામના દેવલોકથી ચવીને ભરત ક્ષેત્રમાં અરિષ્ટ નામના નગરના રાજા પ્રિયંવદની સ્ત્રી પદ્માવતીને પેટે રત્નરથ અને ચિંત્રરથ એવે નામે બે પુત્ર થયા. જ્યોતિષ્ક દેવલોકથી ધૂમકેતુ ભ્રષ્ટ થઈને તેજ રાજાની કનકા નામની બીજી સ્રીને પેટે અનુદ્ધર નામનો પુત્ર થયો. તે રત્નરથ તથા ચિત્રરથની સાથે વૈર કરવા લાગ્યો, પણ એમણે તેની સાથે કદીપણ દ્વેષ કર્યો નહીં. કેટલાએક કાળ પછી પ્રિયંવદ રાજાએ રત્નરથને રાજ્ય ઉપર બેસાડીને બાકીના બે પુત્રોને યૌવરાજ્ય (રાજાના હાથ તલે) પદ આપ્યું અને પોતે છ દિવસનું અનશન કરીને કાળ કરી દેવલોકમાં દેવ થયો અને રત્નરથ રાજા રાજ્ય ચલાવવા લાગ્યો. કોઇ એક વખત અનુદ્ધરે કોઇએક રાજાની કન્યાની માંગણી કર્યા છતાં તે રાજાએ તેને કન્યા નહીં પરણાવતાં રત્નરથને પરણાવી તેથી અનુદ્ધર અતિ ક્રોધમાં આવી તે રાજાનો દેશ લુટવા લાગ્યો. તેને શત્રુએ પકડીને ઘણો મારી કુટી મૂકી દીધો. ત્યાર પછી તે તાપસ થયો ત્યાં તેને કોઇ એક સ્રીનો સંગ થયો તેથી તે

તપસ્યાનું ફલ વ્યર્થ ગયું. તેથી મુવા પછી ઘણા કાલ સંસારમાં ભટકીને કોઈક કર્મના ઉદયથી ફરી મનુષ્ય ભવ પામ્યો. તે ભવમાં પણ તેણે તાપસ થઇ અજ્ઞાન કષ્ટ કર્યું તેથી તે કાળ કરી ગયા પછી જ્યોતિષ્ક નામના દેવલોકમાં અનલપ્રભ નામનો દેવ થયો. રત્નરથ અને ચિત્રરથ એ બે ભાઇઓ ધર્મ પામી દીક્ષા લેઇ કાળ કરી અચ્યુતકલ્પ નામના દેવલોકમાં અતિબલ તથા મહાબલ નામના બે મહર્દ્ધિક દેવ થયા. ત્યાંથી ચવીને સિદ્ધાર્થ નામના નગરમાં ક્ષેમંકર નામના રાજાની સ્ત્રી વિમલાદેવીને પેટે કુલભુષણ તથા દેવભુષણ નામના અમે બે ભાઇ પુત્રપણે ઉત્પન્ન થયા. ક્રમે કરી મોટા થયા ત્યારે અમારા પિતાએ પોતાના ઘોષ નામના ઉપાધ્યાય પાસે અમને ભણાવવા સારૂ મોકલ્યા. તેને ઘેર બાર વર્ષ સુધી રહીને અમો બંને ભાઇઓએ વિદ્યાભ્યાસ કર્યો. તેરમાં વર્ષનો આરંભ થતાં અમે સર્વે કળામાં નિપુણ થયા. ત્યારે ઘોષ ઉપાધ્યાય અમને તેડીને રાજમંદીર પાસે આવ્યો; ત્યાં રાજ મેહેલની બારીમાં બેઠેલી એક રાજ કન્યાને જોઇ તેની લાવણ્યતાને લીધે અમને કામ વિકાર જાગ્યો અને અજ્ઞાને કરી તેના વિષે અમારી બુરી નજર થઇ. પછી રાજા પાસે આવીને અમે શિખેલી સર્વ કળા બતાવી. તેથી રાજાએ ખુશી થઇ ઉપાધ્યાયને સારી પેઠે શિખ આપીને વિદાય કર્યો. ત્યારપછી અમે પિતાની આજ્ઞા લેઇને અમારી માતાને નમસ્કાર કરવા સારૂ અંતઃપુરમાં ગયા. ત્યાં અમે એ પેલી કન્યાને અમારી માતા પાસે બેઠેલી દીઠી. તે વખતે અમોને અમારી માતાએ કીધું, કે આ કનકપ્રભા તમારી બેન છે. તમે બે ભાઇ ઉપાધ્યાયને ઘેર ભણવા ગયા ત્યાર પછી આ કન્યાનો જન્મ થયો છે, તે વાત હજી તમે જાણતા નહીં હો. માતાના મુખથી તે હકીકત સાંભળી અમે લજ્જાયમાન થયા. અજ્ઞાને કરીને પોતાની બેન વિશે કામ ભોગની ઇચ્છા થઇ તેથી અમને ધિઃકાર છે. એમ જાણીને અમે વૈરાગ્ય પામી તરતજ ત્યાંથી નિકળી ગુરૂ પાસે આવી દીક્ષા લીધી. ત્યાર પછી કેટલેક દિવસે શરીરની અપેક્ષા મુકીને તથા

અહંકાર રહિત થઇને અમે આ પર્વત ઉપર આવી કાર્યોત્સર્ગ ધ્યાને રહ્યા. અમારો પિતા ક્ષેમંકર રાજા અમારા વિયોગથી અનશન વ્રત લેઇને કાળ કરી ગયા પછી ગરૂડ દેવલોકમાં એક મહાલોચન નામનો દેવ થયો. કોઇએક સમયે તેનું અંગ કંપ્યાથી અમને ઉપદ્રવ થવાનું જાણીને પૂર્વ જન્મના સ્નેહ વડે તે પીડિત થયો થકો અમારી પાસે આવ્યો. તેની સાથે અનલપ્રભ તથા બીજા દેવો આવ્યા હતા, તે બધા એકઠા થઇને અનંતવીર્ય નામના મહામુનિ પાસે ગયા. તે વખતે તે ધર્મ દેશના દેવા બેઠા હતા. તેની સમાપ્તિ થયા પછી તેના કોઇ એક શિષ્યે તેને પૂછયું કે, મહારાજ, તમારી પાછળ કેવલી કોણ થશે? ત્યારે તેણે કહ્યું કે, હું કાળ કરી ગયા પછી. કુલભૂષણ અને દેશભૂષણ એ બે ભાઇઓ કેવલ જ્ઞાન પામશે. એવું સાંભળી બધા પોતપોતાને સ્થાનકે ગયા. અનલપ્રભ વિભંગ જ્ઞાને કરી અમે કાર્યોત્સર્ગ ધ્યાને છીયે એમ જાણીને અનંતવીર્ય મુનિનાં વચનો મિથ્યા કરવા સારૂ તથા અમારી સાથેના તેના પૂર્વ જન્મના વૈરે કરી અમને મહા દુઃખ દેવા લાગ્યો. તેના ઉપદ્રવને આજ ચોથો દિવસ થયો. આજે તમે બેઉ ભાઇઓ આવ્યાથી તે ભય પામીને અહીંથી નાશી ગયો અને એ નિમિત્તથી અમને કેવલ જ્ઞાનની ઉત્પત્તિ થઈ. યદ્યપિ એ દેવે અમને દુઃખ દેવાના ઘણા ઉપાયો કર્યાં તથાપિ તે અમારા કર્મ ક્ષયનાં સહાયતા રૂપ થયા. એ પ્રમાણે કુલભૂષણ તથા દેશભૂષણ નામના મુનિઓનો તથા તેમને ઉપસર્ગ કરનાર અનલપ્રભ દેવનો પૂર્વ જન્મનો સઘળો સંબંધ તે મુનિએ રામ લક્ષ્મણને કહ્યો."

તે વખતે ત્યાં આવેલો મહાલોચન દેવ રામને કહેવા લાગ્યો કે, હે રામ, આજે તેં ઘણું શ્રેષ્ઠ કામ કર્યું. હું તારા પર પ્રસન્ન થયો છું. માટે મારી પાસેથી તને ગમે તે માંગી લે.' ત્યારે રામે તેને કીધું કે, મારે કાંઈ પણ જોઇતું નથી, મને કોઈ પદાર્થની ઇચ્છા નથી. ત્યારે દેવ કહેવા લાગ્યો કે, જો કે તને કાંઇ વાંચ્છા-ગરજ નથી તોપણ હું તારા ઉપર

ઉપકાર કરીશ. એમ કહીને તે દેવ અંતરધ્યાન પામ્યો. એટલામાં વંશસ્થળ નગરના રાજા સુરપ્રભે ત્યાં આવીને રામને નમસ્કાર કરી તેની યથાયોગ્ય પૂજા કરી, પછી તેણે તે પર્વત ઉપર રામની આજ્ઞાથી એક અર્હંત્ ચૈત્ય કરાવ્યું. તે દિવસથી એ પર્વતનું નામ રામગિરી પડયું છે. ત્યાર પછી સુરપ્રભ રાજાની રજા લેઇને લક્ષ્મણ તથા સીતા સહિત રામચંદ્ર દંડક નામના વનમાં ગયા. ત્યાં એક ગુફામાં ઘરની પેઠે વાસ કરીને રહ્યા.

રામને દંડક વનની ગુફામાં રહેતાં કેટલાએક દિવસ થયા તેવામાં એક વખત ભોજન વેળાએ તેમના દરવાજા ઉપર આકાશ માર્ગથી ત્રિગુપ્ત તથા સુગુપ્ત નામના બે ચારણ મુનિઓ માસોપવાસના પારણા કરવા સારૂ આવી ઉભા રહ્યા. તેમને જોઇને રામ સહિત લક્ષ્મણ તથા સીતાએ નમસ્કાર કર્યો. પછી સીતાએ યથોચિત અન્ન દાનાદિક આપીને તેમને પારણું કરાવ્યું. તે વખતે ત્યાં આગળ દેવોએ રત્નો તથા સુગંધી જળની વૃષ્ટી કરી. તેમજ કંબુદ્વીપના સ્વામી રત્નજટી વિદ્યાધર રાજા તથા બીજા બે દેવ, મળી ત્રણે જણાએ ત્યાં આવી રામ ઉપર પ્રસન્ન થઇને તેમને ઘોડા સહિત રથ આપ્યો. એ વખતે તે સ્થળે એક ઝાડ ઉપર રહેનાર ગંધાભિધ (ગીધ) નામનો રોગી પક્ષી દેવે કરેલી સુગંધી જળની વૃષ્ટી ઘણી થએલી જોઇને નીચે ઉતરી આવી ઉભો રહ્યો. તેને મુનિઓનાં દર્શન થતાં જાતિ સ્મરણ જ્ઞાન ઉપન્યું, તેથી તે મુર્છા ખાઇને પૃથ્વી પર પડ્યો. તેના ઉપર શીતલ જળ રેડ્યાથી તે સાવધ થતાંજ તે પક્ષી રોગ રહિત થઈ ગયો. તેની પાંખો સોનાની થઇ, ચાંચ પરવાળાની થઈ, પગ લાલમણીના થયા, તથા રત્ન જેવી કાન્તિ અને રત્નાંકુર જેવી તેની જટા થઈ. તે દિવસથી તે પક્ષીનું નામ જટાયુ પડયું. એવો ચમત્કાર જોઇને રામચંદ્ર તે મુનિને પૂછવા લાગ્યા કે, આ મહાક્રોધી તથા માંસાહારી ગીધ પક્ષી તમારાં ચરણો પાસે આવી અડકતાંજ શાંત થયો, તથા એના અંગના અવયવો

વિરૂપ હતાં તે ઘડીકમાં સુરૂપ થયા, તેમજ એના શરીરની કાન્તિ રત્નો જેવી થઈ ગઈ એનું શું કારણ હશે તે કૃપા કરી કહેશો. ત્યારે સુગુપ્ત મુનિએ રામને કહ્યું કે સાંભળઃ—

પૂર્વે આ સ્થળે કુંભકારકટ નામનું એક નગર હતું. તેમાં દંડક નામે રાજા રાજ્ય કરતો હતો. તેમજ તે કાળે શ્રાવસ્તી (સાવત્થી) નામની નગરીમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેની સ્ત્રી ધારણીના ઉદરથી સ્કંદક નામનો એક પુત્ર તથા પુરંદરયશા નામની એક કન્યા પેદા થઈ. એ કન્યા ઉપવર થતાં જિતશત્રુ રાજાએ તેને દંડક રાજા સાથે પરણાવી. ત્યાર પછી એક વખત દંડક રાજાએ કોઈ કામ સારૂ પાલક નામના બ્રાહ્મણને જિતશત્રુ રાજા પાસે સાવત્થી નગરીએ મોકલ્યો. તે ત્યાં પોહોંચ્યો તે વખતે રાજ સભામાં અર્હત્ ધર્મ વિશે ભાષણ ચાલતું હતું. તે સાંભળીને કુટિલ બુદ્ધિ વાળા પાલકે તેની નિંદા કરવાનો આરંભ કર્યો. ત્યારે જિતશત્રુ રાજાના પુત્ર સ્કંદકે તેને યુક્તિથી સમજાવીને તેના મનનું સમાધાન કર્યું. તે પ્રસંગે ત્યાં સર્વ સભાસ્થ લોકો તેના ઉપર હસ્યા. તેથી સ્કંદક ઉપર પાલક ઘણો ક્રોધાયમાન થયો. પરંતુ તેનું કાંઈ ચાલ્યું નહીં, તે વાત મનમાં રાખી રાજાની આજ્ઞા લેઈ તે પાછો કુંભકારકટ નગરમાં ગયો. કેટલોક કાળ વિત્યા પછી સ્કંદકે વૈરાગ્ય પામવાથી પાંચસેં રાજ પુત્રો સહિત મુનિસુવ્રત સ્વામી પાસે જઇ દીક્ષા લીધી. સંયમ પાળતાં એક દિવસ સ્કંદક મુનિએ મુનિસુવ્રત ભગવાનને પૂછયું કે, પુરંદર યશાદિકને બોધ કરવા સારૂ કુંભકારકટ નગરમાં જવાની હું ઇચ્છા રાખું છું! તે વિશે આપની કેવી આજ્ઞા છે? ત્યારે પ્રભુએ કીધું કે, જો તું ત્યાં જઈશ તો આ પરિવાર સહિત તને મરણાંતક ઉપસર્ગ (દુઃખ) થશે. સ્કંદક બોલ્યો, તથાપિ આરાધક થઈશું કે નહીં? ભગવાને જણાવ્યું કે, એક તારા શિવાય બીજા બધા આરાધક થશે ત્યારે તું કહેવા લાગ્યો કે, એમ થયેથી હું ઘણો ખુશી છું. એમ બોલીને તથા ભગવાનને નમસ્કાર કરીને પાંચસેં મુનિઓ સહિત સ્કંદકાચાર્ય કુંભકારકટ નગર પ્રત્યે જવા સારૂ નિ-

કળ્યા. એ વાતની પેલા મહાક્રુર પાલકને ખબર પડી તેથી તેણે પ્રથમનું વૈર યાદ કરીને સાધુઓને ઉતરવા યોગ્ય ઉદ્યાનોમાં જમીન ખોદીને ઘણી જાતના હથીઆરો દાટી રખ્યા. સ્કંદકાચાર્ય વિહાર કરતાં કરતાં પાંચસેં મુનિઓના પરિવાર સહિત એ ઉદ્યાનોમાં આવી ઉતર્યા. દંડક રાજા પોતાના નગરના ઉપવનમાં સ્કંદકાચાર્ય આવી ઉતર્યા છે એ વાત જાણીને પોતાના પરિવાર સાથે તેમને વાંદવા સારૂ આવ્યો ત્યાં; નગરજનો સહિત રાજાએ સ્કંદકાચાર્ય તથા બીજા મુનિઓને વાંદી નમસ્કાર કરી આચાર્યના મુખથી ધર્મદેશના સાંભલી તેથી દંડક રાજા તથા સર્વ નાગરિકો આનંદ પામ્યા, અને પાછા પોતપોતાને ઘેર ગયા.

સ્કંદકાચાર્યનું વૈર વાળવાને ઉતાવળો થયેલો પાલક, રાજ મહેલમાં રાજાની પાસે જઇને તેને એકાંત સ્થલમાં કહેવા લાગ્યો કે, આ સ્કંદકાચાર્ય જો કે બહારથી ઉજળો હંસ જેવો દીઠામાં આવેછે, પરંતુ અંદર ખાને જોતાં તો એ બગ ભકત (બગલા) જેવો જણાય છે. એ મહા પાખંડી છે. એ સર્વેએ કપટવેશ લીધેલો છે. આપણને મારીને રાજ્ય છીનાવી લેવાસારૂ એ સર્વે અહીં આવ્યા છે. એવી મારી સંપૂર્ણ ખાત્રી થઇ છે. તેમ છતાં જો એ વાતનો આપ રાજા સાહેબને વિશ્વાસ ના આવતો હોયતો મેં ઘણી ચતુરાઈથી તેની ખબર મેળવેલી છે તેનો તપાસ આપ પોતે કરી જુઓ, એટલે તેમનું કપટ જણાઇ આવશે. તે એકે જે ઠેકાણે તેઓ ઉતર્યા છે તે ઠેકાણે એમણે પોતાનાં હથીઆરો જમીનમાં છાના ડાટી રાખ્યા છે. પાલકનો પ્રપંચ રાજા જાણી શકયો નહીં અને તેના બોલવા ઉપર વિશ્વાસ લાવી રાજાએ જ્યાં મુનિયોનું સ્થાન હતું ત્યાં જમીન ખોદાવી જોઈ તો તેમાં નાના પ્રકારના ચિત્ર વિચિત્ર હથીયારો દીઠામાં આવ્યાં તે જોઈને દંડક રાજા મહા શોકાતુર થઇ ગયો અને કાંઇ પણ વિચાર ન કરતાં તેણે પાલકને કહ્યું કે, આજે તેં ઘણું સારૂં કામ કર્યું. તારા કહેવાથીજ મને એ વાતની ખબર પડી. જો તેં મને પ્રથમથી જાણ કરી નહોત તો કોણ જાણે તેનું શું પરિણામ આવત! માટે હવે તે દુર્મતિને

તારૂં દીલ ચાહે તેમ તું કર. બીજું કાંઇપણ એમના વિષે મને પૂછવાની જરૂર નથી. તું જાણે ને એ જાણે. એવી રાજાની આજ્ઞા થતાંજ તે મહા ક્રુર બુદ્ધિ પાલક મનમાં રાજી થતો ઉતાવળો દોડીને સ્કંદકાચાર્યની પાસે આવ્યો અને એકદમ ક્રોધાવેશે ધુંધવાતો તેમના સ્થાનની સામે એક લોઢાની ઘાણી (પીલવાનું યંત્ર) ઉભી કરી તેમાં એક એક સાધુને શેરડીની પેઠે સ્કંદકાચાર્યની સન્મુખ પીલવા લાગ્યો. એ મહા ક્રુર કર્મ સ્કંદકાચાર્યથી સહન ન થવાથી તેમણે પાલકને કહ્યું કે, આ કર્મ મારાથી જોયું જતું નથી, માટે પહેલાં મને પીલી નાંખ, પછી તારે ગમે તેમ કરજે. આ બાળકોનું દુઃખ મારાથી સહન થતું નથી. એવું સાંભળીને ઘોરકર્મ કરનાર દુર્બુધ્ધિ પાલક આચાર્યને અતિશે દુઃખ ઉત્પન્ન કરવાને માટે બાલક મુનિઓનેજ તેમની સામે પીલવા લાગ્યો, તોપણ તે દૃઢ પ્રણામી મુનિઓ જરાપણ સંકોચ ન પામતાં ધર્મ ઉપર શ્રદ્ધા રાખી શુકલ ધ્યાન ધ્યાતા સર્વ કેવલ જ્ઞાન પામી કાળ કરી મોક્ષપદ પામ્યા. સ્કંદકાચાર્ય તે બાલક મુનિઓને યંત્રમાં પીલાતાં સન્મુખ ઉભા રહી સુબોધ દેતા હતા. એ પ્રમાણે સર્વ મુનિઓ ખલાસ થયા પછી છેલ્લે સ્કંદકાચાર્યને પીલવાની વારી આવી. તેનો તેમને કાંઇ પણ શોક થયો નહીં. પરંતુ એમની સન્મુખ બીજા મુનિઓને પીલવામાં આવ્યા હતા તેનો ત્રાસ તેમણે ખમી ન શકવાથી ક્રોધમાં આવી એવું નિયાણું કર્યું કે, એ દંડક રાજાનો, આ પાલક બ્રાહ્મણનો, એમના કુલોનો તથા એના દેશનો મારા તપના પ્રભાવે હું નાશ કરીશ. એટલામાં તે આચાર્યને પણ ઘાણીમાં ઘાલીને પીલી નાખ્યા. એ કાળ કરી અગ્નિકુમાર નામના દેવ થયા.

સ્કંદક મુનિને ઘાણી ઘાલી પીલતી વખત તેમનો રત્નકંબલનો કટકો ત્યાં રહી ગયો હતો; તે લોહીમાં ખરડાયાથી તેને એક પક્ષિણી પુરૂષના હાથની ભ્રાંતિએ કરી ઉપાડીને પોતાના બે પગમાં પકડીને આકાશ માર્ગે લેઇ જતી હતી, તે જ્યાં આગલ પુરંદરયશા (આચાર્યની બેન) બેઠી હતી ત્યાં

આગળ અકસ્માત્ પક્ષિણીના પગમાંથી નીકળીને આવી પડયો. પુરંદરયશાએ તે કંટકો ઓળખ્યો અને જાણ્યું કે, આ મારા સ્કંદક ભાઈની વિપત્તિનું કારણ છે. તેથી તે પોતાના પતિને કહેવા લાગી કે, હે પાપિન્-પાપબુદ્ધિ, આ તેં કેવું પાપકર્મ કર્યું? એમ કહી એ મહાશોક કરવા લાગી. એ વખતે શાસન દેવતાએ આવીને તેને લઇ જઈ શ્રી મુનિસુવ્રત સ્વામીની પાસે મૂકી ત્યાં વૈરાગ્ય પામીને તેણે દીક્ષા લીધી.

સ્કંદકાચાર્ય જે અગ્નિકુમારદેવ થયા હતા તેમણે જ્ઞાન વડે પૂર્વ જન્મની સર્વ વાત જાણીને કરેલું નિયાણું પૂરૂં કરવા સારૂ પાલક બ્રાહ્મણ તથા કુંભકારકટ નગરીના લોક સહિત દંડક રાજાને બાળી નાખ્યો. તે દિવસથી ત્યાં બધું શૂન્ય થઇ ગયું અને દંડક રાજાના નામથી આનું નામ દંડકવન પડયું. દંડક રાજા મુવા પછી ઘણો કાળ સંસારાટવીમાં ભટકીને ઘણાં દુઃખ સહન કરતો કર્મના યોગે આ મહારોગી ગંધાભીધ નામનો પક્ષી થયો. હમણાં અમારા દર્શને કરી એને જાતિસ્મરણ જ્ઞાન ઉપન્યું અને અમારા ચરણ સ્પર્શરૂપ ઔષધી મળ્યાથી એનો રોગ જતો રહ્યો. એ બધો વૃત્તાંત સાંભળીને તે પક્ષી ઘણો રાજી થયો. પછી મુનિઓને નમસ્કાર કરી ધર્મ સાંભળીને તે શ્રાવક થયો. મુનિએ તેને જીવ ઘાત, માંસ ભક્ષણ, રાત્રિ ભોજન વિગેરે દુષ્કૃત્યનું પ્રત્યાખ્યાન (બાધા--પચ્ચખ્ખાણ) કરાવ્યું, અને તે બંને મુનિઓએ રામને કીધું કે, એ તમારો સાધર્મિક છે, માટે એનું પ્રતિપાલન કરો. "સાધર્મ વાત્સલ્ય શુભ કારક છે," એવું શ્રી જિનેંદ્ર વચન છે. ત્યારે રામે એને અમે અમારા ભાઇ બરોબર ગણી એની સુશ્રુખા કરીશું એમ કહી ઘણી પ્રીતિ સહિત બંને મુનિ મહારાજને નમસ્કાર કર્યો. પછી તે મુનિઓ આકાશ માર્ગે ઉડી ગયા, અને લક્ષ્મણ તથા સીતા સહિત રામ ત્રણે જણા રત્નજટી વિદ્યાધર રાજા તથા બીજા બે દેવોએ આપેલા દીવ્ય રથમાં બેશીને જટાયુ (ગંધાભિધ પક્ષી) સહિત ક્રીડા કરવા લાગ્યા.


એ સમયે પાતાલ લંકામાં ખર રાજાની સ્ત્રી રાવણુની બેનને પેટે શંબુક અને સુંદ નામના બે પુત્ર થયેલા યૌવન અવસ્થામાં આવ્યા હતા. તેમાંનો શંબુક સૂર્યહાસ નામના ખડગની વિદ્યા સાધવા સારૂ ત્યાંથી નિકળ્યો, તે વખતે તેના પિતાએ તેને વાર્યો, તથાપિ તેનું કહેવું ન માનતાં તે વિદ્યા સાધવા સારૂ દંડકમાં આવી ક્રૌંચરવા નદીના તીરે એક વાંસનું વન જોઇને તેમાં પેશીને કહેવા લાગ્યો કે, જે કોઇ મને અહીંથી કહાડશે તેને હું મારી નાખીશ. એમ કહીને બ્રહ્મચર્ય વ્રતનો પાળનારો, તે અલ્પાહારી, અંતઃકરણુ જેના નિર્મળ થયા છે, ઇંદ્રિઓ જેણે જીતી છે, એવો શંબુક એક વડની ડાળી સાથે પગ બાંધીને ઊંધે મસ્તકે રહી બાર વર્ષ અને છ દિવસેં સિદ્ધ થવાવાળી વિદ્યા સૂર્યહાસ ખડગ મળવા સારૂ સાધવાનો આરંભ કરવા લાગ્યો. તે વખતની તેને વડવાગરણુ નામના પક્ષીની ઊપમા દેઇએ તો તેમાં અતિશયોક્તિ જેવું કાંઇપણુ નથી. એવી રીતે તે શંબુકને વડની ડાળે લટકતો રહેતાં બાર વર્ષ ને ચાર દિવસ થયા ત્યારે સૂર્યહાસ ખડગ મળનારી વિદ્યા સિદ્ધ થવાના સમયે એક મ્યાન સહિત, સૂર્યના જેવી કાન્તિવાળો, અને જેની ચારે તરફ સુગંધી વ્યાપી રહી છે, એવો તે દીવ્ય ખડગ ત્યાં આવ્યો. એ અરસામાં ક્રીડા કરતો કરતો લક્ષ્મણુ તે વાંસના વનમાં આવ્યો. ત્યાં તેણે સૂર્યના જેવા તેજવાળો તે સૂર્યહાસ નામનો ખડગ દીઠો, તેથી તે લેઇ તેને મ્યાનમાંથી કહાડીને જોવા લાગ્યો, તો તે અતિ અપૂર્વ દીઠામાં આવ્યો. તેથી તેને કૌતુક લાગ્યું કે, આવા વિકટ જંગલમાં આ મહા મનોહર શસ્ત્ર ક્યાંથી! કહ્યું છે કે, "અપૂર્વ શસ્ત્ર જોઇને ક્ષત્રિઓને અતિ આશ્ચર્ય થાય છે." એમ વિચારી આમ તેમ જોયું, તો ત્યાં કોઇપણુ દીઠામાં આવ્યું નહીં, તેથી તેની ધારની પરીક્ષા કરવા સારૂ તે ખડગે કરી પાસેની વંશ જાળને કમલની નાલની પેઠે તેણે કાપી નાખી, તેથી તેમાં ઉંધે મસ્તકે લટકેલા શંબુકનું માથું પણુ તેની સાથે કપાઇને જમીન ઉપર પડયું તે લક્ષ્મણે દીઠું.

ત્યારે તેની પાસે આવી જોવા લાગ્યો, તો તેનું ધડ ઊંચે વડની શાખામાં લટકતું માલમ પડ્યું. જેથી તે મહા શોક કરતો પોતાના મન સાથે કહેવા લાગ્યો કે, આ નિરપરાધી તથા હથિયાર રહિત કોઇક પુરૂષને મેં નાહક માર્યો, એ કર્મના યોગે મને ધિઃક્કાર છે. એવી રીતે પોતાની નિંદા કરી લક્ષ્મણે રામની પાસે જઇ સર્વ બનાવ તેમને કહી સંભળાવ્યો. તેમજ તે ખડગ પણ તેમને બતાવ્યો. ત્યારે રામે તેને કીધું કે, આ સૂર્યહાસ ખડગ છે. એની સાધના કરનારાને તેં માર્યો જણાય છે, પણ એનો કોઈ ઉત્તર સાધક આટલામાંજ હોવો જોઇયે.

પણે રાવણની બેન (શંબુકની મા) ચંદ્રનખાએ વિદ્યા સાધનની અવધી પૂરી થવા આવ્યાથી જાણ્યું કે, મારા પુત્રને સૂર્યહાસ ખડગ આજ મળશે. તેથી તે ઉમંગભેર પૂજા વિગેરેની સામગ્રી લેઇને ઉતાવળી ઉતાવળી તે વનમાં આવી. જ્યાં શંબુક ઊંધે મસ્તકે વિદ્યા સાધતો હતો તે વંશજાળ તરફ દોડતી ગઇ તો ત્યાં પોતાના પુત્રનું કુંડલે કરી શોભાયમાન કાપેલું માથું તેના જોવામાં આવ્યું તેથી તે મહા શોકાતુર થઈ રડતી રડતી વારંવાર વિલાપ કરતી બોલવા લાગી કે, હે વત્સ શંબુક, તું કયાં છે? હું તને ક્યાં જોઊં. એટલામાં ત્યાં જમીન ઉપર પડેલાં લક્ષ્મણનાં પગલાં જોઈને તે બોલી કે, જેણે મારા પુત્રને માર્યો તેનાંજ આ પગલાં છે. એમ જાણીને તે *પગલાં લેઈને તેની શોધ કરવા સારૂ તે ત્યાંથી ચાલી નીકળી. કેટલેક દૂર ગઇ એટલે રામ, લક્ષ્મણ તથા સીતાને એક ઝાડની નીચે બેઠેલા તેણીએ જોયા તેજ વખત રામનું સ્વરૂપ જોઈને તેને કામ વિકાર ઉપન્યો. કહ્યું છે કે, "કામિની સ્ત્રીઓને શોકના સમયમાં પણ કામનો આવેશ થાય છે." તેથી તે એક તરૂણ નાગ કન્યાનું રૂપ ધારણ કરીને કામે કરી પીડાતી છતાં કાંપતી કાંપતી રામની પાસે આવી. તેને જોઇને રામ પૂછવા લાગ્યા કે, હે ભદ્રે, યમસદન (કાળના ઘર જેવા) આ દંડક નામના મહા ભયંકર

---

* પગલાંનું માપ લઇ પગી લોકો એ કોનાં પગલાં છે અને તે ક્યાં સુધી, કયે ઠેકાણે ગયો તે શોધી કાઢે છે.



ચંદ્રનખા.
રામ. લક્ષ્મણ
સીતા.
સીતા
સીતાહરણ
રાવણ
જટાયુ

વનમાં તું શા સારૂ આવી છે? ત્યારે તેણે જવાબ દીધો કે, હું અવંતીના રાજાની પુત્રી છું. એક દિવસ રાત્રે મારા શયનગૃહમાં હું સૂતી છતાં એક વિદ્યાધર આવીને મને હરણ કરી આ વનમાં લેઈ આવ્યો. તેને હાથમાં મોટું ખડગ ધારણ કરેલા કોઇ બીજા પુરૂષે જોઇ કહ્યું કે, ચિલ્હ પક્ષી જેમ હાર લતાનું હરણ કરેછે, તેમ આ સ્ત્રીરત્નનું હરણ કરીને હે પાપી! તેને તું ક્યાં લઇ જાય છે? તારૂં મોત આણનારો આ હું સામેજ ઊભો છું, તેમ છતાં તું આગલ કેમ જઇ શકીશ? એવું તેનું બોલવું સાંભળીને મારૂં હરણ કરી લાવનાર વિદ્યાધર મને અહીં મૂકીને પેલા પુરૂષની સાથે લડવા લાગ્યા પરસ્પર તેઓએ જેમ વનના હાથીઓ પોતપોતામાં લડીને અંતે પ્રાણ ગમાવે, તેમ તે બંને જણાં લડતાં મરણ પામ્યા અને હું આ જંગલમાં ફરતાં ફરતાં કોઈ પુન્યાનુયોગે તડકામાં છાયા વૃક્ષની પેઠે તમારા આશરે આવી છું. હું મોટા કુળમાં ઉપની છું. માટે આપ મને અંગીકાર કરો, એવી મારી ઇચ્છા છે. કહ્યું છે કે, "મહા પુરૂષો પાસે અર્થી જનોની પ્રાર્થના વ્યર્થ જતી નથી. તેનું એવું બોલવું સાંભળીને રામે વિચાર કર્યો કે, આ કોઈ માયાવી નટના જેવો વેશ ધારણ કરનારી કૂટનાકટ ઉત્પન્ન કરીને અમને ઠગવા સારૂ અહીં આવી છે. એમ જાણીને રામ તથા લક્ષ્મણે એક બીજાની સામે જોયું, પછી રામચંદ્રે તેને કહ્યું કે, મારે તો સ્ત્રી છે, આ લક્ષ્મણને સ્ત્રી નથી, માટે તું તેની પાસે જા, ત્યારે તે લક્ષ્મણની પ્રાર્થના કરવા લાગી. એટલે તેણે કીધું કે, પ્રથમ તું મરા વડીલ રામની પાસે ગઇ તેથી તેની પેઠે તું પણ અમારે પૂજ્ય ઠરી માટે અંગીકાર કરવાની વાત મારી પાસે બોલીશ નહીં. એ પ્રમાણે બંને ઠેકાણે યાચના કરતાં પણ તેની આશા સફળ થઈ નહી. તેથી તે ક્રોધાયમાન થઇ પોતાના પુત્રને યાદ કરીને ખરાદિક વિદ્યાધરો પાસે ગઇ અને લક્ષ્મણે શંબુકને માર્યા સંબંધી સર્વ વૃત્તાંત તેઓને કહ્યો. તે સાંભળીને ચૌદ હજાર વિદ્યાધરો સહિત ખરાદિક ત્યાં (દંડક વનમાં) આવી હાથી જેમ પર્વતને ઉપદ્રવ

કરે. તેમ તે રામને દુઃખ દેવા લાગ્યા. તે જોઈને લક્ષ્મણ રામને કહેવા લાગ્યો કે, હું પાસે છતાં તમારે યુદ્ધ કરવાનું કાંઈ કારણ નથી. હું પોતે એમનો સંહાર કરીશ, ત્યારે રામે તેને કહ્યું કે, જા એમની સાથે તું યુદ્ધ કર અને કદાચ સંકટ પડે તો તે વખતે મને બોલાવવા સારૂ એક મોટો સિંહનાદ કરજે. એવું રામનું બોલવું માન્ય કરી, તથા તેની આજ્ઞા લેઇને, ધનુષ્ય બાણ સજ્જ કરી, ગરૂડ જેમ સર્પાદિકોને મારે તે પ્રમાણે લક્ષ્મણે ખરાદિકોને મારવાનો આરંભ કર્યો.

પરસ્પર લક્ષ્મણ અને ખરાદિકનું યુદ્ધ ચાલતાં ચંદ્રનખા પોતાના પતિના રક્ષણાર્થે જલદી રાવણ પાસે જઇને તેને કહેવા લાગી કે, હે ભાઇ, દંડક વનમાં કોઇ રામ, લક્ષ્મણ નામના બે પુરૂષો આવ્યા છે. તેઓએ અજાણતાં આ તારી બેનના (મારા) પુત્ર શંબુકને મારી નાંખ્યો. એ વાતની ખબર પડતાંજ તારો બનેવી સૈન્ય સહિત સુંદ પુત્રને સાથે લેઈને ત્યાં જઇ લક્ષ્મણની સાથે યુદ્ધ કરે છે. તે વનમાં કેટલાએક દિવસથી રામ પોતાના તથા પોતાના નાના ભાઇ લક્ષ્મણના બળે કરી ગર્વિત થયો થકો વિલાસ કરે છે, તેની સ્ત્રી સીતા રૂપ લાવણ્યની કેવળ સીમાજ છે. એના જેવી કોઇ દેવી પણ હશે નહીં! નાગ કન્યા એના પાસે શા હીસાબમાં! પછી એના જેવી મનુષ્યમાં તે ક્યાંથીજ હોય? એનું રૂપ જાણે સુરાસુરની સ્ત્રીઓના રૂપને તિરસ્કારજ કરતું હોય નહીં! વાણીથી એનું વર્ણન થઈ શકે નહીં. આ જગમાં એ કોઇ અપૂર્વ રત્ન છે, તે તને યોગ્ય છે, તારા ઘરમાં એવું કોઇ સ્ત્રી રત્ન નથી, માટે તું એને હરણ કરી લઇ આવ. પોતાની બેનનું એવું બોલવું સાંભળીને તત્કાળ રાવણ પોતાના પુષ્પક નામના વિમાનમાં બેસીને દંડક વનમાં આવ્યો. પણ રામના તેજ તેને લીધે વાઘ જેમ અગ્નિના તેજથી દૂર રહે તેમ તેમના આશ્રમ નજીક આવી શક્યો નહીં. રામનો ભય, અને સીતાનું હરણ, એ કાર્ય જેમ એક કોરે તટ અને બીજી કોરે સિંહ, તેની પેઠે રાવણને થયું. ત્યારે તેણે અવલોકની નામની વિદ્યાનું

સ્મરણ કર્યું. એટલે તે રાવણની સામે આવી હાથ જોડી ઉભી રહી. તેને રાવણે કહ્યું કે, આ સીતાનું હરણ કરવામાં તું મને સહાયતા કર. ત્યારે તે કહેવા લાગી કે, મોટા નાગના માથામાંનું રત્ન લેવાને સમર્થ થવાય, પણ રામની સામે (સમક્ષ) સીતાનું હરણ કરવાને દેવતા પણ અસમર્થ છે. પરંતુ એક ઉપાય છે, તે કર્યાથી તારો મનોરથ પૂર્ણ થશે. તે એ કે, ખરાદિક વિદ્યાધરોની સાથે યુદ્ધ કરવાને લક્ષ્મણ ગયેલો છે તેનો રામને બોલાવવામો સિંહ નાદનો સંકેત છે. તેથી તું ત્યાં જઇ સિંહનાદ કર, એટલે રામ ત્યાં જશે, પાછળથી તું સીતાને લઇને ચાલતો થજે. એવું તેનું કહેવું સાંભળીને રાવણે જે જગાએ લક્ષ્મણ હતો ત્યાં જઇ બરાબર લક્ષ્મણના જેવો સિંહનાદ કર્યો. રામે તે સાંભળ્યો તોપણ તે મનમાં વિચાર કરવા લાગ્યો. કે, આ જગમાં હાથી મલ્લની પેઠે લક્ષ્મણ જેવો બીજો કોઇ પ્રતિમલ્લ નથી તે એટલા બધા સંકટમાં આવી પડે, તથાપિ સંકેત પ્રમાણે સિંહનાદ તો થાય છે. એવી રીતે રામ તર્ક વિતર્ક કરે છે, એ વખત સીતા લક્ષ્મણ ઉપર દયા આણીને રામ પ્રત્યે કહેવા લાગી કે, હે આર્ય, વત્સ લક્ષ્મણ હમણા સંકટમાં પડ્યો જણાય છે. તેમ છતાં હજી તમે કેમ વિલંબ કરી રહ્યા છો? જલદી જઇને તેનું રક્ષણ કરો. ઈત્યાદિક તેનું બોલવું સાંભળીને લક્ષ્મણની પાસે જવા નિકળતાં રામને અપશકુનાદિક થયા, પરંતુ તે ન ગણકારતાં તે ત્વરાએ દોડીને તેની (લક્ષ્મણની) પાસે ગયા.

પછી રાવણ વિમાનમાંથી નીચે ઉતરીને સીતાને વિમાનમાં બેસાડવાની યુક્તિ કરવા લાગ્યો. તે વખતે સીતા રૂદન કરવા લાગી. તેના વિલાપ સાંભળતાં પાસેથી એક શબ્દ થયો કે, હે સ્વામિની, હે જાનકી, તમે ભય પામશો નહીં. એમ કહીને, હે નિશાચર ઉભો રહે, ઉભો રહે, એવી રીતે ક્રોધે કરી બોલતાં દૂરથી જટાયુએ રાવણ ઉપર ધસી આવી ખેડુત જેમ હળે કરી જમીન ખણી નાખે તેમ તેણે પોતાની ચાંચવડે રાવણની છાતી વીંખી નાખી. ત્યારે રાવણે તેના ઉપર ક્રોધાયમાન થઇ પોતાના ખડ્ગે કરી તેની

પાંખો કાપી નાખી. તેથી તે પૃથ્વીપર પડ્યો. એટલે રાવણ નિઃશંકપણે સીતાને પોતાના પુષ્પક વિમાનમાં બેસાડીને તથા પોતાનો મનોરથ પૂર્ણ થયો એમ જાણીને આકાશ માર્ગે ચાલતો થયો. તે વખતે સીતા બોલવા લાગી કે, હે રામ, હે રામ, હે વત્સ લક્ષ્મણ, હે તાત જનક, હે ભ્રાત, ભામંડળ, કાગડો જેમ બલી પિંડને હરણ કરે, તેમ તમારી સીતાને આ હરણ કરી લેઇ જાય છે. એમ કહેતી અતિ હિનસ્વરે તે રડવા લાગી. એટલામાં તેઓ સમુદ્ર ઉપર આવી પહોંચતાં અર્કજટિ નામના વિદ્યાધરના પુત્ર રત્નજટીએ સીતાનું રૂદન સાંભળ્યું. તેથી તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, આ સ્વર રામની સ્ત્રી સીતાનો છે, એ ઉપરથી એમ માલમ પડે છે કે, રામ, લક્ષ્મણને ઠગીને રાવણે એનું હરણ કર્યું છે. માટે મારે ભામંડળ રાજા ઉપર ઉપકાર કરવો જોઇયે. એમ વિચારી હાથમાં ખડગ લેઇ તે રાવણ ઉપર દોડ્યો. તેને જોઈ રાવણ હસ્યો, અને પોતાની વિદ્યાના સામર્થ્યે કરી તેની સર્વ વિદ્યા હરણ કરી લીધી. તે વખત પાંખો કપાયાથી પક્ષી જેમ નીચે પડી જાય, તેમ તેની વિદ્યા ગયાથી તે જમીન ઉપર પડ્યો. ત્યાંથી તે (રત્નજટી) કંબુદ્વીપના કંબુ નામના પર્વત ઉપર જઇ રહ્યો.

પછી વિમાનમાં બેસાડી સીતાને લેઈ જતાં રસ્તામાં સમુદ્ર ઉપર રાવણ આવ્યો ત્યારે કામે કરી પીડાણો થકો તે સીતાને કહેવા લાગ્યો કે, સર્વ વિદ્યાધરોનો રાજા જે હું, તેની તું સ્ત્રી થઇ, તેમ છતાં શા સારૂ રડે છે! આ આનંદને ઠેકાણે શોક કેવો! વિધિએ મંદ ભાગ્ય રામની સાથે તારી યોજના કરી, તે યોગ્ય કર્યું નહીં. તારી યોજના તો મારી સાથે કરવી જોઇતી હતી. તે દૈવયોગે થયેથી હવે હે દેવી, તું મને પતિ માન. એવી સેવાએ કરી હું તારો દાસ થયો એમ સમજ. વળી હું તારે આધીન થયેથી સર્વ વિદ્યાધર તારા દાસ થશે તેમજ તેમની સ્ત્રીઓ તારી દાસીઓ થઈ રહેશે. એ પ્રમાણે રાવણનું બોલવું સાંભળીને સીતા નીચું મુખ કરીને અતિ ભક્તિ સહિત રામનું નામ જપવા લાગી. એટલામાં કામે કરી અંધ થએલા

રાવણે સીતાના પગ ઉપર માથું મૂક્યું. તે પરપુરૂષનો સ્પર્શ થવાના હેતુથી સીતાએ ખસેડી દૂર કર્યું, અને ક્રોધે કરી બોલી કે, હે રાવણ, તું મહા નિર્લજ્જ છું. આ પરસ્ત્રીની કામનાએ કરી તને જલદીજ મૃત્યુ પ્રાપ્ત થશે. એવો તેણે રાવણને શાપ દીધો. એટલામાં સારણાદિ મંત્રીઓ તથા બીજા રાક્ષસો તેની સામે આવ્યા. તેમની સાથે તે અતિ હર્ષભેર લંકામાં ગયો. તે વખતે સીતાએ એવો નિયમ લીધો કે, રામ તથા લક્ષ્મણનો કુશળ વૃત્તાંત જ્યાંસુધી મારા સાંભળવામાં આવશે નહીં ત્યાંસુધી હું જમનાર નથી. રાવણ એમ જાણીને લંકાની પૂર્વ દિશામાંના દેવરમણ નામના ઉદ્યાનમાં એક રક્ત અશોક નામના ઝાડની નીચે ચિત્રજટા અને બીજા રાક્ષસો સહિત સીતાને બેસાડીને રાજી થતો પોતાને ઘેર ગયો.

ચોપાઈ.

રસિક રચ્યું આ રામ ચરિત્ર, પૂરણ પંચમ સર્ગ પવિત્ર;
લક્ષ્મણ સીતા રામ સહિત, વન દુઃખ સહ્યું પરસ્પર પ્રિત. ૧
વિષ્ણુ કર શંબૂક કુમાર, સૂર્યહાસ ખડગે સંહાર;
રામચંદ્રનું નિરખી રૂપ, સુર્પનખા ડુબી સ્મર કુપ. ૨
અબળા પામીને અપમાન, ઉશ્કેર્યો રાવણ અજ્ઞાન;
ખરાદિક ખગ કરી ચઢાઇ, લક્ષ્મણ સાથે લડે લડાઇ, ૩
સિંહનાદ કપટીએ કરીં, દશકંધે સીતાને હરી;
લંકામાં લાવીને ધરી, ઇત્યાદિક વાતો ઉચરી. ૪
કળિકાળ સર્વજ્ઞ સુરીશ, અધિક કર્યા જૈની અવનીશ;
હેમચંદ્ર કૃત્ય ગ્રંથ ગવાય, સુણતાં કર્ણ કૃતારથ થાય. ૫

ઇત્યાચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિતે ત્રિષષ્ઠિ શિલાકા પુરૂષ
ચરિત્રાધિકારે સપ્તમ પર્વણિ સીતાહરણો
નામ પંચમ સર્ગઃ

અથ શ્રી ષષ્ઠ સર્ગ પ્રારંભઃ

અહીં દંડકવનમાં જ્યાં લક્ષ્મણ ખરાદિક ખગોની સાથે યુદ્ધ કરતો હતો ત્યાં આગળ રામચંદ્ર ગયા. ત્યારે તેને લક્ષ્મણે કહ્યું કે, હે આર્ય, સીતાને વનમાં એકલી મૂકીને આપને અહીં આવવાનું શું કારણ હતું? ત્યારે રામચંદ્ર બોલ્યા કે, તારો સિંહનાદ સાંભળીને હું અહીં આવ્યો છું. તેને લક્ષ્મણે કહ્યું કે, મેં સિંહનાદ કર્યો નથી, તેમ છતાં તમે તે સાંભળ્યો; તેથી આપણને કોઇએ ઠગ્યા હોય એમ જણાય છે. વળી હું ધારૂં છું કે, સીતાનું હરણ કરવા સારૂ કોઇએ આ ઉપાય યોજ્યો છે, માટે સીતાનું રક્ષણ કરવા માટે આપ અહીંથી તેની પાસે જલદી જાઓ. પાછળથી હું પણ આ શત્રુઓને મારીને જેમ બનશે તેમ તાકીદથી આવું છું. એવું લક્ષ્મણનું બોલવું સાંભળીને રામચંદ્ર ત્યાંથી પાછા આવી જુએ છે તો ત્યાં જાનકી જોવામાં આવી નહીં, તેથી તે મૂર્છિત થઇને પૃથ્વીપર પડ્યા. કેટલોક વખત ગયા પછી તે સાવધ થઈ ઉઠીને જુએ છે તો મોતની અણીપર આવેલો જટાયુ તેમની નજરે પડ્યો. તેને જોઇને તે મનમાં વિચાર કરવા લાગ્યા કે, કોઇક પુરૂષે છળે કરી સીતાનું હરણ કર્યું; તેનો અપહાર કરવા સારૂ ક્રોધમાં આવીને આ તેને આડો આવ્યાથી તેણે આને માર્યો હોય એમ જણાય છે માટે મારે એના ઉપર પ્રત્યુપકાર કરવો જોઇએ. એવો વિચાર કરીને તે જટાયુ પક્ષી શ્રાવકને પરલોક જતાં રામચંદ્રે ભાતારૂપ નમસ્કાર (નવકાર) મંત્ર સંભળાવ્યો. પછી તે જટાયુ મરીને માહેંદ્ર દેવલોકમાં એક દેવ થયો. રામચંદ્ર સીતાને શોધવા સારૂ વનમાં ફરવા લાગ્યો.

રણાંગણમાં મહા શૂરવીર લક્ષ્મણની સાથે ખર વિદ્યાધર યુદ્ધ કરતો હતો છતાં તેને પાછળ કરીને તેનો નાનો ભાઈ ત્રિશિરા રથમાં બેસીને લક્ષ્મણની સાથે યુદ્ધ કરવા સારૂ તેના સામે આવ્યો. તેને એક ક્ષણવારમાં લક્ષ્મણે મારી નાખ્યો. તે વખતે પાતાલ લંકાના માજી રાજા ચંદ્રોદરનો પુત્ર વિરાધ

પોતાના સૈન્ય સહિત ત્યાં આવી લક્ષ્મણને નમસ્કાર કરી, હાથ જોડી કહેવા લાગ્યો કે, હું તમારા શત્રુનો શત્રુ, અને તમારો ભક્ત છું. મારા પિતા ચંદ્રોદરને રાજ્ય ઉપરથી ઉઠાડી મુકીને રાવણે આ પોતાના સેનાનીને પાતાલ લંકાનું રાજ્ય આપ્યું છે. તેથી તે અમારા શત્રુ છે. યદ્યપિ આ શત્રુઓનો નાશ કરવાને જેમ અંધકારનો નાશ કરવા માટે એકલો સૂર્યજ સમર્થ છે, તેમ તમે એકલાજ સમર્થ છો; તથાપિ હું તમારો દાસ હોવાથી એમની સાથે યુદ્ધ કરવાની મને આજ્ઞા આપો. તે સમયે હસીને લક્ષ્મણ તેને કહેવા લાગ્યો કે, હે વિરાધ, આ સર્વ શત્રુઓને હમણાંજ મેં માર્યા એમ તું જાણ. કહ્યું છે કે, "પરાક્રમી પુરૂષને બીજાની સહાયતા લેવી એ લજ્જા ભરેલું કહેવાય છે." માટે તું હમણાં ઉભો રહે. આજથી મારો મોટો ભાઇ રામ તારો સ્વામી છે, તેમજ તું પાતાલ લંકાના રાજ્ય ઉપર બેઠો એમ સમજ.

પોતાનો શત્રુ વિરાધ, લક્ષ્મણની પાસે આવ્યો છે, એમ જાણીને અતિ ક્રોધમાં આવી ખર વિદ્યાધર પોતાનું ધનુષ્ય સજ્જ કરીને આગળ આવી લક્ષ્મણને કહેવા લાગ્યો કે, હે વિશ્વાસ ઘાતક, મારા શંબુક નામના પુત્રને મારનાર તુજ કે? હવે તારૂં રક્ષણ આ બાપડો વિરાધ કરનાર છે કે? ત્યારે તેને લક્ષ્મણ કહેવા લાગ્યો કે, તારા પુત્રની ઉત્કંઠાએ કરી તારા ભાઇ ત્રિશિરાને મેં તેની પાછળ મોકલી દીધો, તેમજ તેની પેઠે જો તારે પણ તેની પાછળ જવાની જીજ્ઞાસા ઘણી હોય તો તને પણ તેની પાસે પોહોંચાડવાને હું તૈયાર છું. જેમ કુંથુવા પ્રમુખ બારીક જીવ સહજ પગ નીચે આવ્યાથી કચરાઈ જાય, તેમ તારો પુત્ર મારાથી મરાયો ખરો, પરંતુ એથી મોટો અપરાધ કર્યો કહેવાય નહીં. હવે જો તું પોતાને શૂરવીર માનતો હોય, તો કાંઇ ચમત્કાર બતાવ જોઉં! જો કે હું હમણા વનવાસમાં છું, તો પણ તારો ભક્ષ આપીને હું યમ રાજાને રાજી કરીશ. એવા લક્ષ્મણના બોલો સાંભળીને હાથી જેમ પર્વતના શીખર પર પ્રહાર કરે તેમ ખર ખગ

લક્ષ્મણને મારવા મંડી ગયો. તેની સામે લક્ષ્મણે પણ સૂર્ય જેમ પોતાના કિરણોએ કરી આકાશને ભરી નાંખે છે, તેમ બાણો વડે તે વનાકાશ ભરી મુકયું. એવી રીતે લક્ષ્મણ અને ખર વિદ્યાધરનું પરસ્પર યુદ્ધ થતું હતું, તે વખતે આકાશ વાણી થઈ કે, "વિષ્ણુ (વાસુદેવ-લક્ષ્મણ) ની શકિત સહન કરવાને પ્રતિ વિષ્ણુ પણ સમર્થ થાય નહીં, તેમ છતાં આ ખર રાક્ષસ હજી સુધી તેની શક્તિ કેમ સહન કરી શકે છે? તે સાંભળીને હવે એને વધારે વખત રહેવા દેવો નહીં, એમ નિશ્ચય કરી એક હથીઆરે કરી ક્ષણવારમાં લક્ષ્મણે ખરનું માથું કાપી નાખ્યું. એટલે તેનો ભાઇ દૂષણ સૈન્ય સહિત તેની સાથે યુદ્ધ કરવા આવ્યો. તે જેમ વનની અગ્નિમાં હાથી પોતાના પરિવાર સહિત બળી જાય, તેમ તે પોતાના સૈન્ય સહિત નાશ પામ્યો એવી રીતે બધા ખલાસ થઈ ગયા પછી વિરાધને સાથે લેઇને લક્ષ્મણ ત્યાંથી પાછો ફરયો. તેણે આવતા દૂરથી એક ઝાડ નીચે સીતા વિના એકલા રામને બેઠેલા દીઠા, તેથી તે ઘણો દીલગીર થઇ શોક કરતો રામચંદ્રની પાસે આવ્યો. પરંતુ સીતાના વિરહથી પીડિત થઈ બેઠેલા રામે તેના સામું જોયું નહીં અને આકાશ તરપ્ નજર કરી બોલવા લાગ્યા કેઃ—

આ આખું વન હું ઢુંઢી વળ્યો, તોપણ મને જાનકી જડી નહીં. હે વન દેવતા! તમે કયાંય પણ તેને જોઇ હોય તો કહો! ભૂતો તથા ભયંકર જાનવરોએ કરી ભરેલા વનમાં જાનકીને એકલી મુકીને હું લક્ષ્મણની પાસે ગયો. ત્યાં હજારો રાક્ષસ યોદ્ધાઓની સામે તેને એકલાને લડતો મુકીને ત્યાંથી પાછો ફરી આવી હું જોઉં છું તો તે મારી દૃષ્ટીએ પડી નહીં. અરે! એનું શું થયું હશે! અને એ કયાં હશે! એને એકલી મુકીને જતાં મારી બુદ્ધિ કયાં ગઈ હશે! હા સીતા! આ નિર્જન વનમાં મેં તને એકલી કેમ મુકી? હા વત્સ, લક્ષ્મણ! તને રણના સંકટમાં મેં કેમ નાખ્યો?' એવી રીતે બોલતાં બોલતાં રામચંદ્રને મુર્છા આવ્યાથી તે જમીન ઉપર

ઢળી પડ્યા. રામને આવો શોક થતો જોઇને જાણે પક્ષીઓ પણ મોટા શબ્દો વડે રડતા હોયની! તેમજ તે બધા રામચંદ્રની તરફ શોકમય ચેહેરે જોતા હોયની! એવો બનાવ બન્યો એ વખતે લક્ષ્મણ તેની પાસે આવી કહેવા લાગ્યો કે, હે આર્ય, હે આર્ય, આ શું! આ હું તમારો આજ્ઞાંકિત લક્ષ્મણ ભાઇ શત્રુઓને જીતી આવીને તમારા સન્મુખ ઉભો છું. એવી અમૃત સરખી મીઠી વાણી સાંભળીને રામે જરા સાવધ થઈ લક્ષ્મણને આલિંગન કર્યું, એટલે લક્ષ્મણ આંખોમાં પાણી આણીને બોલ્યો કે, "થએલા સિંહનાદનું કારણ કોઈ કપટી પુરૂષનું કૃત્ય છે, અને તેણેજ જાનકીને હરણ કરી છે. હવે તેના પ્રાણ સહિત તેનો ઘાણ કહાડીને જલદીથી સીતાને પાછી તેડી લાવું છું. તમે લગારે ચિંતા કરો નહીં, તેને શોધવાના ઉપાયો કરવા જોઇયે. આ વિરાધને એના પિતાના પાતાલ લંકાના રાજ્ય ઉપર બેસાડવો એવી ખરખગની સાથે થતા સંગ્રામમાં મેં પ્રતિજ્ઞા કરી છે, માટે તે કાર્ય પણ સિદ્ધ કરવું છે." એ પ્રમાણે લક્ષ્મણે રામચંદ્રને કહ્યું તે વખતે વિરાધે પોતાના વિદ્યાધર સુભટોને સીતાની શોધ કરવા સારૂ ત્યાંથી રવાને કર્યા. અને મહા શોક સાગરમાં ગરકાવ થએલા રામ તથા લક્ષ્મણ ક્રોધે કરી પોતાના હોઠ ચાવતાં મોટા મોટા શ્વાસોશ્વાસ લેતા થકા ત્યાંજ રહ્યા. વિરાધે મોકલેલા વિદ્યાધરો સીતાની ઘણી શોધ કરતા તેનો ક્યાંય પણ પત્તો ન મળવાથી પાછા આવી નીચું મુખ કરી રામચંદ્રને નમસ્કાર કરી બેઠા. રામ તેઓને ઉતરી ગએલા મુખે શરમીંદા થઇ બેઠેલા જોઇને કહેવા લાગ્યા કે, સ્વામીના કાર્ય સારૂ પોતાની શક્તિ પ્રમાણે મહેનત કરતા છતાં તે કાર્યની સિદ્ધિ ન થયાથી સેવક ઉપર કાંઇ પણ દોષ નથી. હે સુભટો! તમે ઘણી મહેનત કરી તેમ છતાં સીતાની ભાળ મળી નહીં તેમાં તમારો શો દોષ છે? દૈવ ફરયાથી કોઇનું કાંઇ ચાલતું નથી. તમે શું ને બીજા શું!

એવું રામનું બોલવું સાંભળીને વિરાધ તેમની પાસે

આવી નમસ્કાર કરી કહેવા લાગ્યો કે, હે રામચંદ્ર, તમે ખેદ કરો નહીં. કહ્યું છે કે, "ચિંતા થકી રહિત રહેવું તે લક્ષ્મી મળવાનું કારણ છે." હું તમારો દાસ છું. મારી પાતાલ લંકામાં રહેવા સારૂ આપ આવો. ત્યાં આવવાથી સીતાનો શોધ સહજ મળી શકશે. વિરાધનું કહેવું માન્ય કરીને રામચંદ્ર સૈન્ય સહિત લક્ષ્મણને સાથે લેઈ વિરાધની સાથે તેની પાતાલ લંકા પાસે આવ્યા. એટલે ખરનો પુત્ર સુંદ તેમની સાથે યુદ્ધ કરવા સારૂ સૈન્ય સજીને પુર બહાર આવી તેના પૂર્વના શત્રુ વિરાધની સન્મુખ ઉભો રહ્યો. પરસ્પર તેમનું યુદ્ધ ચાલતાં ચંદ્રનખાના (સુર્પનખાના) કહેવાથી સુંદ ત્યાંથી નાશીને રાવણને શરણ રહેવા સારૂ લંકામાં ગયો. પછી રામ તથા લક્ષ્મણ વીગેરે વિરાધને લેઇને પાતાલ લંકામાં ગયા. ત્યાં રામ તેને રાજ્ય ગાદીએ બેસાડી, પોતે ખર રાજાના મહેલમાં રહેવા લાગ્યા, અને વિરાધ રાજા યુવરાજની પેઠે સુંદના ઘરમાં રહ્યો.

જ્યોતિષપુર નગરના વિદ્યાધર રાજા જ્વલન સિંહની તારા નામની કન્યા ઉપર ચક્રાંક વિધાધરના પુત્ર સાહસગતિએ આશક્ત થવાથી તેની માંગણી કરેલી પણ તેને તે કન્યા ન આપતાં તેના પિતાએ કિસ્કિંધા નગરીના રાજા સુગ્રીવ (વાલી રાજાના ભાઇ) ની સાથે તારાને પરણાવી હતી, તેથી તે સાહસ ગતિ તારાને હરેક પ્રકારે મેળવવાની ઇચ્છાથી હિમવાન પર્વતની ગુફામાં વિદ્યા સાધવા સારૂ ગયો હતો, તે કેટલેક કાળે પ્રતારણી વિદ્યા સાધીને તેના યોગવડે સુગ્રીવનું રૂપ ધારણ કરીને તારાને મેળવવાનો લાગ શોધતો ફરતો હતો, એ વિદ્યાના, યોગે તે જાણે બીજો સૂર્યજ હોયની એવો દીપવા લાગ્યો. કોઇ એક વખતે સુગ્રીવ રાજા ક્રીડા કરવા સારૂ ઉદ્યાનમાં ગયો હતો, તે લાગ જોઇને સુગ્રીવનું રૂપ લેઇ ફરનારો સાહસગતિ કિસ્કિંધા નગરીમાં જઈ તેના અંતઃપુરમાં જવા લાગ્યો. એટલામાં સાચો સુગ્રીવ ઉદ્યાનમાંથી પાછો ફરી દરવાજા પાસે આવ્યો તેને દ્વારપાલે અંદર આવતો અટકાવી કહ્યું કે, સુગ્રીવ રાજા

હુમણાંજ અંદર ગયો. તું કોણ છે ? એ ઉપરથી સાચા સુગ્રીવે જાણ્યું કે, મારૂં રૂપ ધારણ કરી કોઇ કપટી સુગ્રીવ થઈ આવી ઘુસેલો જણાય છે, એમ ધારી તે અંતઃપુરનું રક્ષણ કરવા સારૂ તે દરવાજા ઉપરજ ઊભો રહ્યો. એ વાતની વાલી રાજાના પુત્રને ખબર પડતાંજ અંતઃપુરમાં જઇને જેમ નદીના વેગને પર્વત અટકાવે તેમ તેણે તે કપટી જાર સુગ્રીવને રોકયો. પછી એ રાજ્યનું ચૌદ અક્ષોહિણી સૈન્ય કિસ્કિંધા નગરી મળ્યું. સાચા સુગ્રીવની તપાસ કરવા માંડી, પરંતુ એ બેમાંથી ખરો કયો ? અને ખોટો કયો ? તે નક્કી થઈ શકયું નહીં. સૈન્યમાં એ વાતનો મત ભેદ થતાં અર્ધું સૈન્ય એક તરફ અને અર્ધું બીજી તરફ થવાથી તે બંનેની વચે માંહોમાંહે દારૂણ યુદ્ધ થયું. ઘોડેસ્વારની સામે ઘોડેસ્વાર, હાથીની સામે હાથી, રથની સામે રથ, અને પાળાની સામે પાળો, એમ ચતુરંગ સૈન્યમાં પરસ્પર લડાઈ ચાલી. તે વખતે પ્રાઢપ્રિય સમાગમે કરી જેમ મુગ્ધા નાયકા કંપાયમાન થાય, તેમ પૃથ્વી કંપવા લાગી. સાચો સુગ્રીવ ક્રોધમાં આવી કહેવા લાગ્યો કે, પારકા ઘરમાં ચોરની પેઠે પેસનારા, હે કપટી ! મારી સામે આવ. શું મોં સંતાડી ઉભો છે? એમ કહીને તેને પોતાની સાથે લડાઇ કરવા સારૂ પાસે બોલાવ્યો. ત્યારે તે જાર સુગ્રીવ માતેલા હાથીની પેઠે ગર્જના કરતો તેની સામે આવી ઉભો રહયો. પછી તે બેઉ માંહોમાંહે લડવા લાગ્યા. તે જાણે યમના ભાઇની પેઠે ત્રણે જગતને દુઃખ દેવા લાગ્યા. લડવામાં તે બંને કુશળ હતા, તેથી તેઓ એક બીજાના હથીઆરો સુકા ઘાસની પેઠે તોડવા લાગ્યા. પાડાની લડાઈમાં જેમ ઝાડના કટકે કટકે ઉડી જાય, તેમ તેઓની લડાઇમાં હથીઆરોના કટકા થઇને ઉડ્યા તેથી આકાશમાં રહેલી વિદ્યાધરોની સ્રીઓ અતિ ભય પામવા લાગી. જ્યારે તેઓના બધા હથીઆરો નાશ પામ્યા, ત્યારે તેઓ ક્રોધાયમાન થઇને ચાલનારા પર્વતની પેઠે મલ્લયુદ્ધ કરવા લાગ્યા. ઘડીકમાં આકાશે ઉડે, તો ઘડીકમાં જમીન ઉપર લોટે. એવા તે બંને શૂરવીરો ચૂડામણી કૂકડાની પેઠે માંહોમાંહે જીત-

આ સારૂ એક બીજાથી દૂર થઇને બેલની પેઠે ઉભા રહે, પૂરી બાથ ભીડીને લડવા મંડી જાય, પણ કોઇ કોઈને જીતે નહીં. ત્યારે સાચો સુગ્રીવ પોતાની મદદ કરવા સારૂ હનુમાનને બોલાવીને ફરી ખોટા જાર સુગ્રીવની સાથે લડવા લાગ્યો. પરંતુ સાચા જૂઠાનો ભેદ માલમ ન પડવાથી હનુમાન કોઈની પણ મદદે લડાઇમાં ન ઉતરતાં બીજાઓની માફક જોતોજ ઉભો રહ્યો. એટલામાં ખોટા સુગ્રીવે સાચા સુગ્રીવને કુટી પાડ્યો: તેથી તે લાચાર થઇને મનમાં ચિંતા કરતો નગરની બહાર જઈ રહ્યો. અને ખોટો જાર સુગ્રીવ બીકનો મારચો પોતાને ઠેકાણે ગયો: વાલીના પુત્રે તેને અટકાવ્યાથી તે અંતઃપુરમાં અંદર જઈ શકયો નહીં.

નગરની બાહાર ગયેલો સાચો સુગ્રીવ ભાગોળમાં બેઠો થકો મનમાં વિચાર કરવા લાગ્યો કે, આ પરસ્ત્રી લંપટ મારો વૈરી કપટ કરવામાં કેવો કુશલ–ચતુર છે? કે તેની માયાએ કરી પ્રાણ પ્રિય મિત્ર પણ મારા શત્રુ બની ગયા છે મારા પરાક્રમે કરી મારાથી બલવાન જે આ મારો દુશ્મન તેને હું કેમ મારી શકીશ? ફકત મારા બળવડે આ જીતાવાને કઠણ છે: મેં વાલીના નામને લજવ્યું. મારા પરાક્રમને ધિક્કાર છે, અને અખંડ પરાક્રમી જે મારો ભાઇ વાલી તે તણુસલાની પેઠે રાજ્ય મુકીને પરમપદને પામ્યો તેને ધન્ય છે. વલી મારો ચંદ્રરશ્મી નામનો પુત્ર આખા જગતથી બળવાન છે, પણ ઓળખ્યા વિના તે મારૂં રક્ષણ કેમ કરી શકે? તથાપિ માત્ર એટલું સારૂં કર્યું કે, તે પાપીને જનાનખાનામાં જવા દીધો નહીં. આ બળવાનને મારવાને હું કયા મહા બલવાનની શરણે જાઉં? ત્રણ ખંડ પૃથ્વીમાં બળવાન તથા શૂરવીર, મરૂત રાજાના યજ્ઞને તોડનારો એક રાવણ દીઠામાં આવે છે, તેથી હવે હું એની શરણે જાઉં તો મારૂં કામ થાય! પણ સ્વભાવે કરી એ પણ સ્ત્રી લંપટ છે; તેમજ ત્રણે લોકને દંડ કરનારો છે: દૈવયોગે એને પણ બુરી બુદ્ધિ આવ્યાથી એ એમો બંનેને મારીનેજ તારાને લઈ જાય તો પછી હું શું કરૂં? એવા નાના-

વિષ તર્કો કરવા લાગ્યો એટલામાં એને યાદ આવ્યું કે, સહાય્ય કરવા લાયક એક ખર વિદ્યાધર હતો, તેને યુદ્ધમાં મારી નાંખી ત્યાં આવેલા વિદ્યાધરોમાંના વિરાધને જેણે પાતાલ લંકાનું રાજ્ય આપ્યું એવું રામ અને લક્ષ્મણ આશ્રય લેવા યોગ્ય છે. એમની સાથે દોસ્તી કરૂં તો મારૂં કામ થાય. એબંને ભાઈ મહાપરાક્રમી છે. હમણા વિરાધના આગ્રહથી તેઓ પાતાલ લંકામાં રહેલા છે. એવો વિચાર કરીને સાચા સુગ્રીવે, પોતાના એક દૂતને એકાંતમાં બોલાવી, સઘળી હકીકત સમજાવીને પાતાલ લંકામાં વિરાધની પાસે જવા સારૂ ત્યાંથી રવાને કર્યો.

તે દૂતે ત્યાંથી પાતાલ લંકામાં જઈ વિરાધને નમસ્કાર કરીને તેને પોતાના સ્વામી સુગ્રીવના દુઃખની સર્વ વાત નિવેદન કરી કહ્યું કે, તે હમણાં મહા વિપત્તિમાં પડેલો છે, તેથી તમારા વડે તે રામનું શરણ લેવાની ઈચ્છા કરે છે. એવું સાંભળીને વિરાધ તેને કહેવા લાગ્યો કે, ત્યારે ઢીલ શાની છે? સુગ્રીવને અહીં જલદી મોકલ. કહ્યું છે કે, "મહા પુન્યાનુયોગે સાધુ પુરૂષનો સમાગમ થાય છે" તે સાંભળતાંજ ત્યાંથી ઊઠીને તે દૂતે સુગ્રીવની પાસે આવી વિરાધે કહેલી સર્વ વાત કહી સંભળાવી. એટલે સુગ્રીવ ઘોડાના શબ્દો સહિત અતિ ઉતાવળો થોડા વખતમાં પાતાલ લંકામાં આવી વિરાધને મળ્યો. તેથી વિરાધ ઘણો રાજી થયો. પછી તે વિરાધની સાથે રામચંદ્રની પાસે આવી, તેને નમસ્કાર કરીને પોતાના દુઃખની સર્વ વાત કહી સંભળાવીને બોલ્યો કે, આવા મહા સંકટના સમયે મને તારો આશ્રય છે. તેમ છીંક આવતી મુંઝાયાથી સૂર્યનું શરણ છે. તેમ આ વખતે હું તમારે શરણે છું. તેનું એવું બોલવું સાંભળીને પોતે દુઃખમાં છતાં પણ રામે તેનું દુઃખ મટાડવાનું કબુલ કર્યું. કહ્યું છે કે, "મોટા પુરૂષો પોતાના કાર્ય કરતાં બીજાના કાર્ય કરવા વિષે અધિક મહેનત લે છે."

પછી વિરાધે સીતાનું હરણ થયાની સર્વ હકીકત સુગ્રીવને કહી સંભળાવી. ત્યારે તે રામચંદ્રની સન્મુખ ઉભો રહી હાથ

જોડીને પ્રાર્થના કરવા લાગ્યો કે, તમે તો આખા જગતનું રક્ષણ કરનારા છો. જેમ અંધકારનો નાશ કરવા માટે સૂર્યને કોઈની પણ મદદ જોઇતી નથી, તેમજ શત્રુઓને મારવા માટે તમે બીજા કોઇની મદદ લેવા યોગ્ય નથી. તથાપિ હે દેવ, તમારી કૃપા વડે મારા શત્રુનો નાશ થયેથી હું મારા સૈન્ય સહિત ગમે તે પ્રકારે શોધ કરી સીતાનો પત્તો લાવીશ. એવું સુગ્રીવનું બોલવું સાંભળીને તેને સાથે લેઇ રામચંદ્ર કિસ્કિંધા નગરી પ્રત્યે જવા નિકળ્યા. તેમની પાછળ વિરાધ પણ જવા સારૂ નિકળ્યો; પણ રામે તેને પાછો વાળ્યો. પછી કિસ્કિંધામાં આવી રામની મદદથી સાચા સુગ્રીવે જૂઠા જાર સુગ્રીવને લડાઇ કરવા માટે બોલાવ્યો, તેવોજ તે ગર્જના કરતો બહાર આવ્યો. કહ્યું છે કે, “જેમ ભોજન કરવા સારૂ બોલાવ્યાથી બ્રાહ્મણ આળસ કરે નહીં, તેમ શૂર પુરૂષ યુદ્ધ કરવામાં આળસુ હોતા નથી.” પછી તે બંને મદોન્મત્ત હાથીની પેઠે યુદ્ધ કરવા લાગ્યા. રામ તે બંનેના સરખાં રૂપ જોઇને ખરો ખોટો સુગ્રીવ સમજાયાથી ભ્રમમાં પડી લગાર ઉદાસી થયા. એટલામાં તેની ખાત્રી કરવાની યુક્તિ યાદ આવ્યાથી તેમણે પોતાની પાસેના વજ્રાવર્ત ધનુષ્યનો મોટેથી એક ટણત્કાર કર્યો. તેના યોગ વડે રૂપાંતર કરનારી સાહસગતિની વિદ્યા હરણીની પેઠે નાશી ગઇ. તેથી તેનું કપટ ખુલ્લું પડતાં તે મૂળ રૂપે જણાયો. ત્યારે તેને રામચંદ્ર કહેવા લાગ્યા કે, માયા વડે સર્વને મોહિત કરીને પરસ્ત્રીની સાથે સુખ ભોગ ભોગવવાની તું ઇચ્છા કરે છે, માટે તને ધિઃકાર છે. હે પાપી, હવે મારી સામે ધનુષ્ય સજ્જ કર. એવું સાંભળતાંજ તે ગાભરો બની ગયો. એટલામાં એક બાણથી રામે તેના પ્રાણ લીધા. જેમ હરણને મારવાને સિંહને બીજી તલપ મારવાની મેહેનત પડતી નથી, તેમજ રામને બીજા બાણની ગરજ રહી નહીં. પછી રામચંદ્રે જેમ વિરાધને પાતાલ લંકાના રાજ્ય ઉપર બેસાડ્યો હતો, તેમ સુગ્રીવને કિસ્કિંધાના રાજ્ય ઉપર બેસાડ્યો. ત્યારથી ત્યાંની પ્રજા તેને

રાજા માની તેની આજ્ઞા પાળવા લાગી. સુગ્રીવ પ્રસન્ન થઈને પોતાની તેર કન્યાઓ રામને દેવાની પ્રાર્થના કરવા લાગ્યો. ત્યારે તેને રામે કહ્યું કે, હે સુગ્રીવ, એ કન્યાઓ તેમજ બીજી હરકોઇ પણ વસ્તુ લેઇને મારે શું કરવું છે! સીતાનો શોધ કરી આવ્યાથીજ તારો પ્રત્યુપકાર માની લેઇશ. એમ કહીને રામચંદ્ર નગરની બહાર આવીને રહ્યા અને સુગ્રીવ પોતાના નગરમાં રહ્યો.

પાતાલ લંકામાંથી વિરાધની સાથે યુદ્ધ કરતાં સુંદ નાશીને રાવણની પાસે લંકામાં જવા નિકળ્યો. તેની પાછલ તેની મા ચંદ્રનખા પણ ત્યાં ગઇ. તેઓએ ખરાદિક મરી ગયાનું મંદોદરી આદિક સ્ત્રીઓની આગળ કહેવાથી તેમને સાથે લેઇ સર્વ રડતી રડતી તથા છાતી કુટતી રાવણની પાસે ગઇ. ચંદ્રનખા રાવણને ગળે બાઝીને ઘાડ સ્વારે રડતી થકી બોલવા લાગી. હે ભાઇ, દૈવેકરી હું હણાઇ છું. મારો પુત્ર મરી ગયો, પતિ પણ મુવો; એ દેવરોની પણ તેવી ગતિ થઇ; ચૌદ હજાર સૈન્યનો પત્તો પણ મળ્યો નહીં. તેં દીધેલી પાતાલ લંકાની રાજધાની પણ રહી નહીં. તું જીવતો છતાં ગર્વે કરી માતેલા વૈરીઓએ અમારી એવી અવસ્થા કરી. હું તથા આ મારો પુત્ર સુંદ જ્યારે પોતાના જીવ લેઇ નાઠા ત્યારેજ તારી પાસે આવી પહોંચ્યા છીએ. હવે મારૂં રહેવાનું ઠેકાણું કયું? તે મને કહે. એવું તેનું બોલવું સાભળીને રાવણે તેને ધીરજ દેઈ કહ્યું કે, તારા પતિ તથા પુત્રને મારવાવાળાને હું થોડાજ દિવસમાં મારીશ. એમ કહીને તે પોતાના ખરાદિક સંબંધીઓનો શોક તથા સીતા સાથે ભોગ ભોગવવાની અપૂર્ણ ઇચ્છાની પીડાની વેદનાથી બેશુદ્ધ થઈને એકાએક પલંગ પર પડયો. ત્યારે મંદોદરી રાણી તેની નજીક આવી કહેવા લાગી કે, હે સ્વામી, સામાન્ય જીવોની પેઠે તમે ચિંતાતુર કેમ થાઓછો? ત્યારે રાવણ કાંઇ શુદ્ધિમાં આવી તેને કહેવા લાગ્યો કે, હે પ્રાણપ્રિય સ્ત્રી, જાનકીના વિરહ રૂપ તાપે કરી મારી બુદ્ધિ મુંઝાઇ ગઇ છે. હાલચાલ કરવાની શકિત રહી નથી. બોલવાનું સામર્થ્ય નથી. ખાવા પીવાનું ગમતું નથી.


કાંઈપણ જોવાની ઈચ્છા થતી નથી. હવે થોડા દિવસમાં પ્રાણ પણ ચાલતા રહી જવા જેવું દેખાય છે. તેથી જો મારા જીવની તને ખપ હોયતો તું પોતનું માન મૂકી સીતાની પાસે જઈને તેની મારા વિષે પ્રીતિ કરાવ. ઈચ્છા ન કરનારી સ્ત્રીની સાથે હું કદી પણ ભોગ ભોગવનાર નથી! એવો મેં ગુરૂની સાક્ષીથી નિયમ કરેલો છે. માટે તે મારી ઈચ્છા કરે તેવો ઉપાય કર. એવાં રાવણનાં વચનો સાંભળીને પતિની પીડાએ પીડાતી થકી મંદોદરી રાણી તેજ વખતે દેવરમણોદ્યાનમાં સીતાની પાસે જઈ તેને કહેવા લાગી.

મંદોદરીઃ—હે સીતા, હું રાવણની સ્ત્રી મંદોદરી છું. આજથી તારી દાસી થવાની ઈચ્છા કરી હું તને બોલાવવા આવી છું, માટે મારી સાથે આવીને તું રાવણની સેવા કર. તું ધન્ય છે, કેમકે મારો પતિ રાત્ર દિવસ તારી સેવા કરવાની ઈચ્છા કરે છે. રાવણ તારો પતિ થએથી ભૂચર, તપસ્વી તથા પગે ચાલનારો રામ તને ગમશેજ નહીં, તેમજ તેને તું શું કરીશ? .

(એવું મંદોદરીનું બોલવું સાંભળીને સીતા ક્રોધયુક્ત થઈ થકી તેને કહેવા લાગી.)

સીતાઃ—અરે! સિંહ ક્યાં! ને કોલો ક્યાં! ગરૂડ ક્યાં! ને કાગડો ક્યાં! તેમજ તારો પતિ રાવણ ક્યાં! ને મારો પતિ રામ ક્યાં! હે મંદોદરી, તારો પતિ પાપિષ્ટ જે રાવણ, અને તેની દુષ્ટ સ્ત્રી જે તું, એ બન્નેનું દંપતીત્વ (સ્ત્રી પુરૂષપણું) યોગ્ય છે; કેમકે તારો પતિ પરસ્ત્રી લંપટ છતાં તું તેનું કુટણપણું કરવા નિકળી છું. માટે તારૂં મુખ પણ જોવા યોગ્ય નથી; તો પછી મળવું તો દૂરજ રહ્યું હે *હલે! મારી ન-

* નાટકમાં નીચ સ્ત્રીને બોલાવવાની વખતે સંસ્કૃત ભાષામાં "હલે" શબ્દ વાપરવામાં આવે છે.


દેવરમણઉદ્યાન
મંદોદરી
સીતા
રાવણ
હનુમાન
લંકા

જર સામે ઉભી રહેવું તને યોગ્ય નથી. હવે અહીંથી જલદી જતી રહે.

(આટલું સીતા બોલી એટલામાં તો ત્યાં આગળ આવી રાવણ બોલવા લાગ્યો.)

રાવણઃ—હે સીતા, તું શા સારૂ કોપાયમાન થઈ છું. આ મંદોદરી તારી દાસી છે, તેમજ હું પણ તારો દાસ છું. હે દેવી, હવે મારા ઉપર કૃપાદૃષ્ટી કર. હે જાનકી, મારા સામે તું નજરથી પણ જોતી નથી કે?

(એવું રાવણનું બોલવું સાંભળતાંજ સીતા પોતાનું મુખ ફેરાવી બેશીને તેના પ્રત્યે બોલી.)

સીતાઃ—હે પાપી, રામની સ્ત્રી જે હું, તેના ઉપર તેં કુદૃષ્ટિ કર્યાથી, હું તારા ઉપર કાગદૃષ્ટિએ જોઉં છું. અપ્રાર્થિતની પ્રાર્થના કરનારો જે તું, તેની આ નષ્ટ આશાને ધિઃકાર છે. અરે! દુરાચરણી વિચાર કર કે, શત્રુઓનો નાશ કરનારો જે મારો પતિ રામ, તે જીવતો છતાં તું કેમ જીવતો રહીશ?

એ પ્રમાણે જાનકીએ રાવણનો વારંવાર તિરસ્કાર કર્યો તોપણ તે ફરી ફરી તેમજ બોલવા લાગ્યો, માટે તેને ધિઃકાર છે. કહ્યું છે કે, "કામાવસ્થા મહા બળવાન છે."

એ વખતે દુઃખ પામતી સીતાની સામે જોવાઈ નહીં શકવાને લીધેજ જાણે પશ્ચિમ ક્ષાર સમુદ્રમાં સૂર્ય પેસી ગયો હોયની! અને મહા ઘોર રાત્રી આવી પડી. એટલે રાવણ સીતાને ઉપદ્રવ કરવા લાગ્યો. ઉલૂક પક્ષીના મહા ભયંકર શબ્દો, જંબૂકના પુકાર, વૃકની બુમો, વાઘનું જમીન ઉપર પૂછડાંનું પટકવું તથા મોટા મોટા સર્પોના ફુંફવાટા ત્યાં આગળ થવા લાગ્યા. વળી ભૂત, પ્રેત, પિશાચ, વેતાલ વિગેરે નાચવા અને કુડવા લાગ્યા, તેમજ તે નિશાચરો પાસે વિકરાળ રૂપો લેવરાવી તેણે સીતાની પાસે આણ્યા. તોપણ સતી સીતા પોતાના અંતઃકરણમાં પંચ પરમેષ્ટીરૂપ નવકાર મંત્રનું ધ્યાન ધરતી

થકી નિર્ભય થઇને જેમની તેમ અડગ રહી, પણ રાવણની સેવા કરી નહીં.

બીજે દિવસે સવારના બિભીષણ રામનો વૃત્તાંત જાણીને રાવણની પાસે આવ્યા પછી સીતા પાસે જઈને તેને પૂછવા લાગ્યો. હે ભદ્રે, તું કોણ છે? કયાંથી આવી છે? અને કયાં રહે છે? ભય ન રાખતાં જે વાત હોય તે મને કહે. એ પ્રકારના તેનાં મીઠાં વચનો સાંભળીને, આ કોઇ મધ્યસ્થ છે, એમ જાણીને નીચી દૃષ્ટી કરી સીતા તેને કહેવા લાગીઃ—મારૂં નામ સીતા છે, હું જનક રાજાની કન્યા, ભામંડળ રાજાની બેન, રામચંદ્રની સ્ત્રી અને દશરથ રાજાની વહુ છું. પતિ અને દેવર લક્ષ્મણ સહિત હું દંડકમાં આવી રહ્યા પછી એક વખત મારો દેવર ક્રીડા કરવા સારૂ તે વનમાં આમ તેમ ફરતો હતો. તેણે આકાશમાં એક મોટો ખડ્ગ જોઈને કૌતુકે કરી તે લેઇને તે વતી પાસેની એક વંશ જાળ છેદન કરી. તેમાં ખડગને સાધનારનું માથું અજાણતાં કપાઇ ગયું. ત્યારે તે પશ્ચાતાપ કરવા લાગ્યો કે, આ અયુધ્યમાન તથા નિરપરાધી છતાં તેને મેં અજ્ઞાને કરી મારી નાખ્યો, એમ દીલગીર થતો તે રામની પાસે આવ્યો. તેની પાછળ એ ખડ્ગની ઉતર સાધક કોઈ એક સ્ત્રી પણ ત્યાં આવી. તે મારા પતિને જોઈ કામાતુર થઈ થકી તેનો અંગીકાર કરવાને વિનવવા લાગી. તેનો રામે નિરાદર કર્યાથી તે કોપાયમાન થતી ત્યાંથી ચાલી ગઈ. ત્યાર પછી રાક્ષસોનું સૈન્ય યુદ્ધ કરવા સારૂ આવ્યું. તે જોઇને રામની સાથે સિંહનાદનો સંકેત કરીને લક્ષ્મણ યુદ્ધ કરવા માટે ગયો. ત્યાં એક રાક્ષસે કપટે કરી સિંહનાદ કરીને મારા પતિને મારાથી દૂર કહાડીને પોતાનો પ્રાણ આપવા સારૂ મારૂં હરણ કર્યું.

(બિભીષણ આ પ્રકારનું સીતાનું બોલવું સાંભળીને દીલગીર થઇ રાવણ પાસે આવી તેને નમસ્કાર કરી કહેવા લાગ્યો.)

બિભીષણ—હે સ્વામી, તેં આ કામ કર્યાથી આપણા કુળને કલંક લાગ્યું. જ્યાં સુધી ભાઈ સહિત રામ આપણને

મારવા માટે અહીં આવ્યો નથી, ત્યાં સુધીમાં (તેની આગમજ) સીતાને લેઈ જઇને તેને પાછી આપવાથી આપણું સારૂં થશે.

રાવણ--(ક્રોધયુક્ત થઇને) હે બિભીષણ, તું આ શું બોલે છે? શું મારા પરાક્રમની તને ખબર નથી? અલબત મેં સીતાનું હરણ કર્યું છે. તે મારી સ્ત્રી થશે. બચારા ગરીબ તે રામ લક્ષ્મણ જો અહીં આવ્યાતો તેઓને તેજ વખતે મારી નાખીશ. મારી પાસે તેમનું શું ચાલવાનું છે?

બિભીષણ:—હે રાવણ, "રામની સ્ત્રી સીતાના યોગે આપણાં કુળનો ક્ષય થશે" એવાં જે જ્ઞાની પુરૂષોનાં વચનો છે, તે તારા આ કૃત્યથી ખરાં થવાનાં છે. થવાનું છે તે અવશ્ય થાય છે. તથાપિ હું તને પ્રાર્થના કરૂં છું કે, કુળનો ઘાત કરનારી જે આ સીતા, તેને તું મુકી આવ. એવી રીતે બિભીષણે કહ્યા છતાં તેની વાણીનો અનાદર કરીને રાવણ સીતાને પોતાના પુષ્પક વિમાનમાં બેસાડી ત્યાંથી ચાલી નિકળી રસ્તામાં તેને નીચે પ્રમાણે દેખાડવા લાગ્યો.)

રાવણ:—(સીતામે પોતાની આંગળીથી બતાવી કહેવા લાગ્યો) આ રત્નોનાં શિખરોનો ક્રીડા પર્વત છે; આ નંદન ઉદ્યાન જેવાં ઉપવન છે; આ પાણીના કુવારાનાં ઘરો છે; આ ક્રીડા કરવાની નદીયો છે; આ સ્વર્ગ સમાન રતિભોગ કરવાનાં ઘરો છે; હે સ્ત્રી, અહીં તું મારી સાથે રમમાણ થા.

એ પ્રમાણે રાવણ તેને ભોગવવા સારૂ વિમાનમાં બેઠા થકા બધું બતાવી થાકયો તથાપિ તે સિંહિણી જેવી સીતાએ નિશ્ચળ મનથી એક રામનું ધ્યાન ધરતી તેનું બોલવું લેશમાત્ર પણ ન ગણુકારતાં મૌન ધારણ કરી તેના સન્મુખ દૃષ્ટિ સરખીએ કરી નહીં, તેમજ તેનો ભય ન ધરાવતાં ક્રોધ લાવ્યા વિના છાની માની સાંભળી રહી. આખરે સર્વ રસ્ય

સ્થાનોમાં ફરી ફરીને રાવણે સીતાને બતાવ્યાથી પણ તેનું મન પીગળ્યું નહીં, ત્યારે તેણે તેને ફરી અશોક વનમાં જઈ મુકી.

(રાવણને એવી ઉન્મત્ત દશામાં આવેલો જોઇને બિભીષણ પોતાના પ્રધાનોની સાથે મસલત કરવા લાગ્યો.)

બિભીષણ—હે અમાત્યો! કામાદિક જે અંતર શત્રુ છે તેઓમાંનો એક તો પ્રાણીઓને ભૂતની પેઠે ઉન્મત્ત કરી નાખે છે, તેથીજ આપણો રાજા રાવણ કામાતુર થઇ રહ્યો છે. એ એકલોજ અતિ દુર્જય છે, તો પછી તેને સહાયતા મળેથી શું કહેવું? આ રાવણ પરસ્ત્રીની અભિલાષાએ કરી મહા દુઃખમાં પડનાર છે.

મંત્રિયોઃ—ભાઇ અમે તો નામના મંત્રિયો છીયે, ખરો મંત્રિ તો તું છે. જેની એવી દૂર દ્રષ્ટિ છે.!

બિભિષણઃ—મિથ્યા દ્રષ્ટિ જનોને જૈન ધર્મના ઉપદેશની પેઠે કામાધીન જે આ રાવણ તેને વિષે શું ઉત્તમ વિચાર કરૂં! સુગ્રીવ, હનુમાનાદિક જે સુભટો, તેઓ રામને જઇને મળેલા છે. કહ્યું છેકે, "ન્યાય વડે ચાલનારા પુરૂષોનો પક્ષ કોણ અવલંબન ન કરે!" સીતા થકી અમારા કુળનો નાશ થવાનું તો જ્ઞાનીએ કહ્યું છે. તથાપિ સમયોચિત કર્તવ્ય પુરૂષાધીન છે.

(એમ કહીને તે પ્રાકારો ઉપર યંત્રાદિકોની યોજના કરવા લાગ્યો અને મંત્રિયો આગળ ઉપર થવાના કાર્યને જોવા લાગ્યા)

પાતાલ લંકામાં લક્ષ્મણે રામચંદ્રનો વિરહ વેઠતાં કેટલાએક દિવસ કાહાડયા પછી તે તેમની પાસે આવી સુગ્રીવે સીતાના શોધ સંબંધે કાંઇપણ પ્રયત્ન ન કરેલું હોવાથી તેમની આજ્ઞા માંગી હાથમાં ધનુષ્ય બાણ લેઇને તેની પાસે જવા સારૂ નિકળ્યો. તે વખતના તેના આવેશથી પૃથ્વી ચૂર્ણ થવા લાગી, પર્વતો કંપાયમાન થવા લાગ્યા. તેમજ તેના ઉતાવળા વેગ વડે રસ્તાના ઝાડો પણ પડી જવા લાગ્યા. એવી રીતે લક્ષ્મણ પોતાની ભ્રકુટી ચહડાવીને સુગ્રીવના મહેલ પાસે આવ્યો. તેને

જોતાંજ ત્યાં રહેલા દ્વારપાળે આનાકાની કર્યા વગર તેને અંદર જવાની વાટ આપી એટલે તે મહેલમાં ગયો, એ વાતની સુગ્રીવને ખબર પડતાંજ તે અંતઃપુરમાંથી બહાર આવીને ભયે કરી કાંપતો થકો તેના સામે હાથ જોડીને ઉભો રહ્યો. ત્યારે ક્રોધાયમાન થયો થકો લક્ષ્મણ તેને કહેવા લાગ્યો કેઃ—હેવાનર, તારૂં કામ થયું એટલે તું નિઃશંકપણે અંતઃપુરમાં રહેવા લાગ્યો; અને રામતો બહાર ઝાડની નીચે બેશીને પર્વતની પેઠે દિવસ કહાડે છે, તેની તને શુદ્ધિ કયાંથી હોય! તું જે પ્રથમ બોલ્યો હતો તે શું ભૂલી ગયો કે? હે સુગ્રીવ, હવે વિલંબ ન કરતાં સીતાના શોધને સારૂ જલદી તૈયાર થા નહીં તો સાહસગતિનો રસ્તો જોવો પડશે. એવું લક્ષ્મણનું બોલવું સાંભળીને સુગ્રીવ તેને નમસ્કાર કરી કહેવા લાગ્યો કેઃ—હે લક્ષ્મણ, કોપ ન કરતાં મારા આ પહેલા અપરાધની ક્ષમા કરો. પ્રાણપણે એ કામ કરવાને હું તૈયારછું. એવી રીતે લક્ષ્મણને શાન્ત પાડી સુગ્રીવ તેને સાથે લેઇને રામચંદ્રની પાસે આવી વિનયપૂર્વક નમસ્કાર કરી પોતાના સૈનિકોને આજ્ઞા કરવા લાગ્યો કે, તમે સર્વત્ર અકુંઠિત છો. માટે હમણાં સીતાનો શોધ કરવા સારૂ જાઓ. વિલંબ કરવાનું કામ નથી એવી રીતે સુગ્રીવની આજ્ઞા થતાંજ તે સર્વ વાનરો સીતાનો શોધ કરવા સારૂ નીકળી સર્વ દ્વીપોમાં, પર્વતોમાં તથા અટવીઓમાં ફરતાં પૂરતાં જવા લાગ્યા તથા સુગ્રીવ પોતે પણ ગયો.

સીતાનું હરણ થયાની વાત સાંભળીને તેનો ભાઇ ભામંડળ રાજા રામની પાસે આવી અતિ શોક કરવા લાગ્યો.

વિરાધ રાજા પણ પોતાના સૈન્ય સહિત આવીને રામચંદ્રની સેવા કરતો તેની પાસેજ રહ્યો.

સીતાની શોધ કરતાં ફરતો ફરતો સુગ્રીવ જ્યારે કંબુદ્વીપમાં આવ્યો ત્યારે રત્નજટી વિદ્યાધર મનમાં વિચાર કરવા લાગ્યો કે, રાવણે મારા અપરાધનું સ્મરણ કરીને મને મારવા સારૂ તેને અહીં મોકલ્યો હોય એવું જણાય છે. પૂર્વે રાવણે મારી વિદ્યા હરણ કરી, અને આ વખતે સુગ્રીવ મારા પ્રાણ

હરણ કરશે. એવી તે ચિંતા કરે છે, એટલામાં સુગ્રીવ તેની પાસે આવી કહેવા લાગ્યો કે, તું મને જોઇને કેમ ઉઠયો નહીં? આકાશ માર્ગે ગમન કરવાને તું આળસુ (અશક્ત) થયો. છે કે શું? ત્યારે તે બોલ્યો કે, રાવણે મારી સર્વે વિદ્યા હરણ કર્યાથી હું અસમર્થ થયો છું. જે વખતે રાવણે જાનકીનું હરણ કર્યું તે વખતે તેની સાથે યુદ્ધ કરવાને હું તેની સામે ગયો તેથી મારી એવી અવસ્થા થઇ છે. એવું તેનું બોલવું સાંભળીને સુગ્રીવ તેને રામની પાસે લેઇ આવ્યો. ત્યાં તેને સીતાના સમાચાર પુછવાથી તેણે જણાવ્યું કેઃ—હે દેવ, દુરાત્મા જે રાવણ, તેણે સીતાને અને મારી વિદ્યાને હરણ કરી સીતાને વિમાનમાં બેસાડી લેઇ જતાં, હા રામ, હા! વત્સ લક્ષ્મણ! હા! ભામંડળ બંધુ! એવો સીતાનો આક્રોશ સાંભળતાં મને રાવણ ઉપર ક્રોધ ચડવાથી હું તેની સાથે લડવા ગયો, તેથી તેણે મારી આવી દશા કરી. સીતાના સમાચાર સાંભળીને રામે રાજી થઇ રત્નજટી વિદ્યાધરને આલિંગન કર્યું અને ફરી ફરી તે સીતાનો વૃત્તાંત પૂછવા લાગ્યાથી તેને રત્નજટી કહ્યો. પછી સુગ્રીવાદિક મહા શુરવીરોને રામે પુછયું કે, તે રાક્ષસની લંકા નગરી અહીંથી કેટલી દૂર છે? ત્યારે તેઓએ જણાવ્યું કે, લંકા નગરી દૂર અથવા પાસે હોવાથી શું કરવાનું છે? જગતને જીતવાવાળો જે રાવણ, તેની સામે અમે સર્વે તરખલા જેવા છીએ. તેઓને રામે કીધું કે, જય અથવા પરાજયનો વિચાર હું પૂછતો નથી, પણ લંકા નગરી તેમજ તે રાક્ષસ કયાં છે? તે બતાવો. એક વખત મને બતાવ્યા પછી મારા સામર્થ્યની તમને ખબર પડશે. ત્યારે લક્ષ્મણ બોલ્યો કે, તે રાવણ કોણ છે? તેણે કપટ કરી સીતાનું હરણ કર્યું તેથી તે કુત્રા જેવો નિર્બળ જણાય છે. મારા ક્ષત્રિય ધર્મે કરી હું તેનું માથું કાપ્યા વિના રહીશ નહીં. તમે સભ્ય થઇને માત્ર સંગ્રામ નાટક જુઓ. એટલે જાંબુવાન બોલ્યોઃ—તમે કહોછો તે યોગ્યજ છે, પરંતુ અનંતવીર્ય મુનિએ એવું ભાખેલું છે કે, “જે પુરૂષ કોટિશિલા ઉખેડશે તેજ રાવણને મારશે.” માટે

અમને ધૈર્ય આવવા સારૂ આપ તે શિલાનું ઉત્પાટણ કરો. લક્ષ્મણે તે કબુલ કરવાથી જાંબુવાનાદિક વિદ્યાધર સુભટો તેને લેઇ આકાશ માર્ગે થઇ જ્યાં કોટિશિલા હતી ત્યાં આવ્યા. લક્ષ્મણે તે શિલાને લતાની પેઠે ઉખેડી નાખી. તે સમયે દેવતાઓએ તેના ઉપર પુલોની વૃષ્ટિ કરી. વિદ્યાધરો, રાવણને મારનાર આજ છે એવો મુનિ વચનાનુસાર નિશ્ચય થવાથી ધૈર્ય ધરી લક્ષ્મણને લેઈ ફરી આકાશ માર્ગે ઉડીને કિષ્કિંધા નગરી પ્રત્યે આવ્યા. રામને નમસ્કાર કરી લક્ષ્મણ તેમજ વિદ્યાધરો યથાયોગ્ય સ્થાનકે બેઠા; તે વારે ત્યાં આવેલા મોટા વાનર બોલવા લાગ્યા કે, લક્ષ્મણને હાથે રાવણનો નાશ થશે; એ વાત ખરી. પરંતુ યત્ન કરતાં પહેલાં શત્રુ પાસે દૂત મોકલવાની નીતિ છે. તેથી જો કાર્ય સિદ્ધિ થઈ તો યત્ન શા સારૂ કરવો? માટે ત્યાં એક મહા પરાક્રમી દૂતને મોકલો કેમકે લંકામાં જવા આવવાનું કામ ઘણું કઠણ સંભળાય છે. તે દૂતે લંકામાં જઇને સીતા પાછી દેવા વિષે બિભીષણને કહેવું, કારણકે રાક્ષસ કુળમાં એ વજનદાર છે. સીતાને મુકી દેવાને તે રાવણને બોધ કરશે. છતાં જો રાવણ તેનું કહેવું માન્ય નહીં કરે તો તેનો પક્ષ છોડી તે તમારી તરફ થશે. રામે તેનું કહેવું માન્ય રાખ્યું. એટલામાં હનુમાનને બોલાવવા સારૂ સુગ્રીવે શ્રીભૂતિ નામના એક વાનરને મોકલ્યાથી તે ત્યાં આવી સુગ્રીવાદિક સહિત બેઠેલા રામને નમસ્કાર કરી ઉભો રહ્યો. ત્યારે સુગ્રીવ, રામને કહેવા લાગ્યો કે, આ મહા પરાક્રમી હનુમાન વિપત્તિ સમયે પરમ બાંધવ છે. આ સર્વ વિદ્યાધરોમાં આની બરાબરી કરનારો બીજો કોઈ નથી. માટે હે સ્વામીન, સીતાનો શોધ કરવા સારૂ આને આજ્ઞા કરો. ત્યારે હનુમાન કહેવા લાગ્યો કે, મારા જેવા હજારો વાનર છે, પરંતુ મારા ઉપર સુગ્રીવનો પ્રેમ હોવાથી એ મારી તારીફ કરી રહ્યો છે. ગવ, ગવાક્ષ, ગવય, શરભ, ગંધમાદી, નીલ, દ્વિવિદ, જાંબવાન, અંગદ, નલ અને બીજા પણ હજારો શ્રેષ્ઠ વાનર છે. તેઓની સંખ્યા પુરી કરનારામાંનો એક હું તમારી કાર્ય સિદ્ધિને અર્થે કહો તો રાક્ષસ દ્વીપ

સહિત લંકાને ઉખેડીને અહીં લાવું? કહો તો ભાઈઓ સહિત રાવણને બાંધી લાવું? અથવા કુટુંબ સહિત રાવણને ત્યાંજ મારીને જાનકીને અહીં લેઈ આવું. એવું સાંભળીને રામે તેને કીધું કે, તારા વિશે સર્વ સંભવે છે. તથાપિ હાલ તું લંકામાં જલદી જઈને સીતાને શોધ લાવ. મારા તરફથી શોધ સારૂ આવ્યાની ઓળખાણી માટે આ મારા હાથમાંની મુદ્રિકા તું લેઇ જા. તે જાનકીને આપીને તેની ખરી શુદ્ધિની નીશાની માટે તેનો ચૂડામણી મને લાવી આપ. તેમજ મારા તરફથી તેને એમ કહેજે કે, હે દેવી, તારા વિયોગથી પીડિત થયા થકા રામ રાત્ર દિવસ તારૂંજ ધ્યાન ધરી રહ્યા છે. મારા વિયોગે કરી તું પોતાનો પ્રાણ ત્યાગ કરીશ નહીં. લક્ષ્મણે મારેલો રાવણ તું થોડાજ દિવસમાં દેખીશ, એ સઘળું સાંભળીને હનુમાન બોલ્યો કે, હે પ્રભુ, આપની આજ્ઞા શીરપર ઉઠાવી હું લંકામાં જઈને સીતાનો પરિપૂર્ણ પત્તો મેળવી તથા આપે કહેલી હકીકત તેમને જણાવી ચૂડામણી લેઇ થોડાજ કાળમાં ફરી પાછો આવીશ. ત્યાં સુધી આપ અહીંજ રહેજો. એમ કહી રામને નમસ્કાર કરીને પોતાના પરિવાર સહિત હનુમાન વિમાનમાં બેશીને અતિ વેગથી લંકા તરફ ચાલ્યો.

આકાશ માર્ગે જતાં રસ્તામાં માહેંદ્ર પર્વત ઉપર પોતાના માતામહ (માતાનો બાપ) મહેંદ્ર રાજાનું નગર જોઇને હનુમાને પોતાની નિરપરાધી માતાને નગરમાંથી બહાર કહાડી મુકનારનું આ નગર છે, એવું સ્મરણ કરીને મહા ક્રોધાયમાન થઇ રણવાદ્યનો નાદ કર્યો. મહેંદ્ર રાજા રણવાદ્ય સાંભળીને તથા શત્રુનું સૈન્ય જોઇને પોતાના પ્રસન્નકીર્તિ પુત્ર તથા સૈન્ય સહિત યુદ્ધ કરવા સારૂ નગર બહાર નિકળ્યો. બંનેની વચ્ચે પરસ્પર લડાઈ થવા લાગી, તે વખતે વાયુ જેમ ઝાડોનો નાશ કરે, તેમ હનુમાને મહેંદ્ર રાજાના સૈન્યનો ક્ષણ માત્રમાં નાશ કર્યો. પછી પ્રસન્નકીર્તિ આ હનુમાન પોતાની બેનનો પુત્ર છે, એમ ન જાણીને તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. બંને મહા પરાક્રમી છતાં અત્યંત ક્રોધાયમાન થઇને

લડતા હતા તે વખતે હનુમાન મનમાં વિચાર કરવા લાગ્યો કે, હું યુદ્ધમાં રોકાઇ ગયાથી સ્વામીના કાર્યમાં ઢીલ થઈ, માટે મને ધિઃક્કાર છે. જે લગારવામાં જીતાય તે બીજાજ છે, આ સૈન્ય તો મારા માતૃકુળ (માતાના માવિત્રો) છે. તો-પણ જે આરંભ કર્યો તો ટેક જાળવવાના હેતુથી એમને જીતવાજ જોઇએ. એવો વિચાર કરીને હનુમાને અતિ ક્રોધમાં આવી પોતાના શસ્ત્રે કરી ક્ષણવારમાં તેના સર્વ સૈન્યને મોહિત કર્યું. તેમના અશ્વ, રથ તથા સારથીઓ વીગેરેનો ઘાણ કહાડી નાખી પ્રસન્નકીર્તિને પકડી લીધો, તેમજ મહેંદ્ર રાજાની સાથે યુદ્ધ કરીને તેને પણ પકડી લીધો. ત્યાર પછી હનુમાન મહેંદ્ર રાજાને નમસ્કાર કરી કહેવા લાગ્યો કે, હું તમારો દૌહિત્ર પુત્રો (પુત્રીનો પુત્ર) છું, રામચંદ્રની આજ્ઞાએ કરી સીતાની શોધ સારૂ લંકા તરફ જતાં અહીં આવ્યો ત્યારે મારી માતાને તમે કહાડી મુકયાનું મને સ્મરણ થવાથી ક્રોધ ચડવાને લીધે મેં તમારી સાથે યુદ્ધ કર્યું. હે સ્વામી, તેની તમે ક્ષમા કરો. હમણાં હું મારા સ્વામી રામના કામ માટે લંકા નગરીએ જાઊં છું, તમે તેમની પાસે જાઓ. એવું સાંભળીને મહેંદ્ર રાજા તેનું આલિંગન કરીને કહેવા લાગ્યો કે, હે મહાભુજ, આટલા દિવસ હું લોકોના મુખથી તારૂં સામર્થ્ય સાંભળતો હતો, તે આજ મોટા ભાગ્યે મેં તને પ્રત્યક્ષ પરાક્રમી જોયો. હવે તું તારા સ્વામીના કાર્ય માટે સિધાવ; આ માર્ગ તને કલ્યાણકારી થાઓ. હું રામની પાસે જાઉં છું. એમ કહી મહેંદ્ર રાજા પોતાના સૈન્ય સહિત રા-મની પાસે ગયો અને હનુમાન લંકાપુરી તરફ ચાલ્યો.

વિમાનમાં બેઠા થકાં આકાશ માર્ગે ગમન કરતાં દધિમુખ નામના દ્વીપમાં કાયોત્સર્ગ ધ્યાને રહેલા બે મુનિઓને તથા તેમની પાસે ધ્યાન ધરી બેઠેલી વિદ્યાધરોની ત્રણ કુમારિકાઓને હનુમાને દીઠી. એ સમયે તે દ્વીપમાં મોટું દાવાનળ સળગવાથી તેના સંકટે કરી તે સાધુઓ તથા કુમારિકાઓ ઘણું દુઃખ પામવા લાગી. તે જોઇને હનુમાનને દયા આવ્યાથી

તેણે પોતાની વિદ્યાના બળે કરી સમુદ્રમાંથી પાણી લાવીને મેઘ વૃષ્ટીની માફક તે દાવાનળ હોલવી નાંખ્યું. તે પ્રસંગે એ કન્યાઓને વિદ્યા સિદ્ધ થઈ તે વારે તેઓ મુનિઓને નમસ્કાર કરી પ્રદક્ષિણા દેઈને હનુમાનને કહેવા લાગી કે, સાધુ પુરૂષોએ ઉપસર્ગથી રક્ષણ કરવું એ યોગ્ય છે. તારી સહાયતાએ કરી સમય શિવાય અમને વિદ્યા સિદ્ધ થઈ તેથી અમે તારો ઉપકાર માનીએ છીએ. ત્યારે હનુમાને તેમને પુછયું કે, તમે કોણ છો? તેના પ્રત્યુત્તરમાં એક કન્યાએ કહ્યું કે, દધિમુખ નગરના ગાંધર્વ રાજ નામના રાજાની સ્ત્રી કુસુમમાલાને પેટે પેદા થએલી અમે ત્રણે બેનો છીએ. અમારા રૂપ લાવણ્યને લીધે અમારા પિતા પાસે ઘણા વિદ્યાધરો તરફથી અમારે માટે માંગણીઓ આવી. તેમાં અંગારક નામનો એક વિદ્યાધર અમારા સારૂ અતિ ઉન્મત્ત થયો. પરંતુ તેમાંના કોઇને પણ અમારા બાપે અમોને આપી નહીં. કોઇએક દિવસ અમારો પતિ કોણ થશે એવું એક મુનિને મારા પિતાએ પૂછવાથી તેમણે કહ્યું કે, સાહસગતિ વિદ્યાધરને મારનારો તમારી કન્યાઓનો પતિ થશે. આ વાત જાણીને અમારા બાપે તેની ઘણી શોધ કરી પરંતુ તેનો પત્તો મળ્યો નહીં. તે મળવા સારૂ અમે અહીં આવીને વિદ્યાની સાધના કરવાનો આરંભ કર્યો. તેનો નાશ કરવા સારૂ અમારામાં આશકત થએલા અંગારક વિદ્યાધરે આજ દાવાનળ સળગાવ્યું હતું, તેનો તેં નિષ્કારણ ભાઇએ નાશ કર્યો. તેથી છ મહિને સિદ્ધ થનારી જે મનોગામિની વિદ્યા, તે લગાર વારમાં અમને સિદ્ધ થઇ. તેનું એવું બોલવું સાંભળીને સાહસગતિ વિદ્યાધરને રામે માર્યા સંબંધી સર્વ વૃત્તાંત હનુમાને તેઓને કહ્યો. અને તેમના કાર્ય પ્રસંગે પોતાનું લંકામાં જવાનું પણ જણાવ્યું. પછી તે વિદ્યાધર કુમારિકાઓએ પોતાના પિતા પાસે આવી હનુમાને કહેલી સર્વે હકીકત કહી સંભળાવી તેથી તે ગાંધર્વ રાજ પોતાનું સર્વે સૈન્ય લેઇને તત્કાળ ત્યાંથી નીકળી રામની પાસે આવ્યો.

હનુમાન ત્યાંથી વિમાન લેઈ આકાશ માર્ગે ઉડતો લંકા મગરી સમીપ આવ્યો. ત્યાં તેણે કાલ રાત્રની પેઠે લંકા પુરીને કિલ્લો કરી રહેલી આશાલકિા વિધા જોઇ. પછી તે તેની પાસે આવ્યો, ત્યારે તે વિધા તેને કહેવા લાગી કે, હે કપી, તું કયાં આવ્યો ? આજ મને તું ભક્ષણ મળ્યો એમ કહીને તે વિધાએ પોતાનું મહોડું પસાર્યું. એટલે હાથમાં ગદા ધારણ કરનારો હનુમાન તેમાં પેસી સૂર્ય જેમ વાદળાંને દૂર કરી નીકળે, તેમ તેનું પેટ ફાડીને તે બહાર નકળ્યો. પછી તેણે તે વિધાએ કરેલા લંકાનગરીના કિલ્લાને પોતાની વિધા વડે ઠીકરાને ફોડી નાખવાની પેઠે કટકે કટકા કરીને તોડી નાખ્યો. ત્યારે ત્યાં રખેવાલી કરવા રહેલો વજ્રમુખ નામનો રાક્ષસ તેની સાથે લડાઇ કરવા લાગ્યો તેને ક્ષણ માત્રમાં મારી નાખી તે આગળ ચાલવા ગયો કે લંકા સુંદરી નામની તે રાક્ષસની કન્યા ક્રોધાયમાન થઇ થકી લડવાને તૈયાર થઇ તેમે અટકાવી બોલી કે, મારી સામે આવ. પછી આકાશમાં વિજલીની પેઠે તે રણભૂમિમાં આવીને, પર્વતને મારવાની પેઠે હનુમાનને મારવા લાગી ત્યારે તેના સર્વ હથિયારોને હનુમાને પોતના હથિયારોથી લીલા માત્રે તોડી નાખ્યા, તેથી પાંદડા વિનાની લતાની પેઠે તે હથિયાર વિનાની દેખાવા લાગી. પછી તે પોતાના મનમાં આ તે કોણછે ? એવું વિચારતી આશ્ચર્ય પામીને તેના સામે જોવા લાગી. તેથી તેને કામવિકાર ઉપન્યો; ત્યારે તેને કહેવા લાગી કે, મારા બાપનું મૃત્યુ થયાથી ક્રોધાવેશે કરી વગર વિચારે હું આપની સાથે યુદ્ધ કરવા લાગી. પૂર્વે એક સાધુએ મને કહ્યું હતું કે, જે તારા પિતાને મારશે તે તારો પતિ. થશે. માટે હે નાથ, તમે મારી સાથે લગ્ન કરો. આ જગતમાં તમારા જેવો શુરવિર કોણ છે ? તમારી પત્નિ થએથી હું સર્વ સ્ત્રીઓમાં ગાર્વિત રહીશ. લંકાસુંદરીનુ એવું બોલવું સાંભળીને હનુમાને તેની સાથે ગાંધર્વ વિવાહ કર્યો.

તે સમયે આકાશમાં ફરતાં થાકી ગયોથી સ્નાન કરવા સારૂજ જાણે પશ્ચિમ સમુદ્રમાં સૂર્યે ડુબકી મારી હોયની ! જ્યારે પશ્ચિમ દિશાનો ઉપભોગ લઈને સૂર્ય જવા લાગ્યો, ત્યારે તે (દિશા)

સંધ્યાભ્રના મિશે કરીનેજ જાણે લંકાસુંદરીનાં રાતાં વસ્ત્ર લેઇ ગઈ હોયની ! મારો સ્વામી સૂર્ય કાંઈ અપમાનને લીધે મને મૂકીને નવરાગા જે પશ્ચિમ દિશા તેની સેવા કરવા લાગ્યો: એવા હેતુથીજ પૂર્વ દિશાનું મુખ ઉતરી ગયું છે કે શું ? ક્રીડાનું સ્થાન જે ભૂમિ, તેનો ત્યાગ કરવાથી દુ:ખિત થઇને ત્યાં રહેવાવાળા પક્ષીઓ કોલાહલ શબ્દના મિશે મોટેથી પોકારવા લાગ્યા. પતિને ન અડકનારી રજસ્વાલા સ્ત્રીની પેઠે વરાકિકા (ચકવી) નામની પક્ષિણી શોકને પામી પતિવ્રતાના વ્રતની પેઠે સૂર્ય આથમી ગયાથી કમલિનીએ મુખનો સંકોચ કર્યો. વાછડાંને મળવાની ઇચ્છાથી ગાયો વનમાંથી ઉતાવળી પાછી ફરી બ્રાહ્મણ લોકો વાવ્ય દિશામાં બેશીને હર્ષ કરી સંધ્યાદિક કર્મ કરવા લાગ્યા. પૃથ્વીપતિ જેમ યુવરાજને પોતાની રાજસંપત્તિ સોંપે, તેમ સૂર્યે અગ્નીને પોતાનું તેજ આપ્યું. આકાશના નક્ષત્રોનાં લક્ષણને હરણ કરનારા દીવાઓને દરેક સ્ત્રી સળગાવવા લાગી. સૂર્ય અસ્ત થયા પછી અંધારૂં પસરવા લાગ્યું. તેથી અંજનના પર્વતને તોડીને વખારો ભરવાની પેઠે આકાશ અને પૃથ્વીરૂપ મોટી વખારો ભરાઈ ગઈ. તે વખતે સ્થલ, જળ, દિશા, આકાશ, અને પૃથ્વી આદિક પદાર્થો ન દેખાવા જેવા થયા. ઘણું શું કહેવું! પોતાના હાથ પણ દેખાય નહીં, એવું થયું. એવા સમયે જુગટી લોકો જુગાર ખેલવા લાગ્યા. કાજળ જેવું શ્યામ વર્ણ આકાશ, નક્ષત્રોના યોગે, કમલ સહિત કાલિંદીના તીરની પેઠે દેખાવા લાગ્યું. અંધકારનો પ્રસાર થવાથી, જેમાં પ્રકાશનું નામજ નહીં, એવા પાતાલની પેઠે ઘટ પટાદિક પદાર્થો અદૃશ્ય થયા. હોદમાની મચ્છીની પેઠે અંધારામાં, કામી પુરૂષોના મેળાપની લાલચી દૂતીઓ ભય મુકીને ગમે તેમ ફરવા લાગી. તમાલ પત્ર જેવા કાળા રંગના જેનાં વસ્ત્રો છે, અંગ ઉપર જેણે કસ્તુરીનું લેપન કરેલું છે, અને જેના પગમાં તોડા શોભી રહ્યા છે, એવી અભિસારિકા જેવી સ્ત્રીઓ ફરી રહી છે. ત્યારપછી ઉદયાદ્રિરૂપ પ્રાસાદની ઉપર સોનાના કળસની પેઠે ચંદ્ર ઉદય થયો. ત્યારે સ્વભાવિક વૈરના ચિન્હના મિશે કરી

અંધકાર દેખાવા લાગ્યો, તે જાણે ચંદ્રની સાથે બાહુ યુદ્ધજ કરતો હોયની! ગાયોના ગોઠામાં તેમની સાથે જેમ સાંઢ ક્રીડા કરે, તેમ આકાશમાંના તારાગણો સહિત ચંદ્રમા ક્રીડા કરવા લાગ્યો. કસ્તૂરી યુક્ત રૂપાના પાત્રની પેઠે મૃગ રૂપ કલંક યુકત ચંદ્રમા શોભવા લાગ્યો. વિરહી પુરૂષો પડવા લાગ્યાના સમયે તેને હાથ દીધાથી જેમ કામ બાણ પેઠે તે સંચાર કરે છે, તે પ્રમાણે ચંદ્રના કિરણો પસર્યાં. ઘણા કાળ ભોગવેલી પદ્મિનીને મૂકીને ભૃંગ કુમુદવતીનું સેવન કરવા લાગ્યા. એવી નીચ મિત્રતાને ધિઃકાર છે, અને પોતાનો મિત્ર જે કામ તેના બાણ સજ્જ કરવા સારૂજ જાણે શેફાલી નામની વેલીના ફૂલો, ચંદ્રે પોતાના કિરણો વડે પાડી નાંખ્યા હોયની! ઈંદુકાંત નામની મણિઓની ઉપર કિરણોનો વરસાદ કરીને નવા તળાવો ઉપજાવ્યા, પદ્મિની જેવી ફરનારી જે કુલટા સ્ત્રીઓ તેઓનાં મુખ મ્લાન થયાં. એવી તે રાત્ર નિઃશંકપણે લંકાસુંદરીની સાથે રમમાણ થઇને હનુમાને કહાડી.

પછી સોનાના તંતૂ જેવા પોતાના કિરણો વડે પ્રકાશ કરતો થકો સૂર્ય ઉદય થયો. વિકસિત કુમુદનીની ઉપર સૂર્યના કિરણો પડ્યાથી તે સંકોચાવા લાગી. સ્ત્રીઓએ માથામાંના ફૂલો કહાડી નાખ્યાં. રાત્રના જાગરણથી નેત્રો જેના રાતાં થયાં છે, એવી જે ગણિકાઓં, તે કામી પુરૂષોના ઘરોથી પાછી ફરી. જેમ મુખમાંથી શ્વાસ નીકળે છે, તેમ વિકસિત કમળના કોશમાંથી ભમરા નીકળ્યા. સૂર્યના તેજે કરી લતા તંતુની પેઠે ચંદ્રમા કાંતિ રહિત દેખાવા લાગ્યો. મોટા વાયુથી (વંટોળીયા) થી જેમ મેઘનો નાંશ થાય છે, તેમ આખા બ્રહ્માંડમાં ન સમનારો અંધકાર સૂર્યના કિરણો વડે નાશ થયો. રાત્રની પેઠે નિદ્રા ગયા પછી સર્વે લોક પોતપોતાનું કામ કરવા લાગ્યા. તે સમયે લંકાસુંદરીને પૂછીને હનુમાન લંકામાં બિભીષણને ઘેર ગયો. બિભીષણે તેનો સત્કાર કરીને આવવાનું કારણ પૂછ્યું, એટલે તેણે ગંભીર વાણીથી કહ્યું કેઃ—હે બિભીષણ, તું રાવણનો ભાઈ છે, માટે તેના કલ્યાણનો વિચાર

કરીને રામની પતિવ્રતા સ્ત્રી જે સીતા, તેને રાવણના હાથથી મુકાવ. સીતાનું હરણ કરનારો તારો ભાઈ જોકે બળવાન છે, તોપણ તે તેને આ લોકમાં અને પરલોકમાં દુઃખકારક છે. તે સાંભળીને બિભીષણ બોલ્યો—હે હનુમાન, તેં ઘણું સારૂં કહ્યું. સીતાને મૂકી દેવાનું મેં પૂર્વેજ એને કહ્યું હતું, તેમજ ફરીથી પણ હું તે વિષે તેની પ્રાર્થના કરીશ. મારૂં કહેવું માન્ય કરી જો તે સીતાને મુકત કરશે તો ઠીકજ છે. એવું બિભીષણનું બોલવું સાંભળીને હનુમાન ત્યાંથી ઉઠી દેવરમણ ઉદ્યાનમાં ગયો.

ત્યાં તેણે, અશોક વૃક્ષની નીચે ઉદાશ ચહેરે બેઠેલી જેના માથાના વિખરાએલા વાળ ઉપર પસરેલા છે, જેના નેત્રોમાંથી પાણી વહે છે, તેના જોગેજ જાણે પૃથ્વી ઉપર નાનાં તળાવો થયાં હોયની! મહોડું જેનું ઉતરી ગયું છે, શરીર જેનું સૂકાઈ ગયું છે, ઉનાશ્વાસે કરીને જેના હોઠ ફીકા થઈ ગયા છે, યોગિનીની પેઠે મુખથી જે રામ રામ જપી રહી છે, અંગ ઉપરના વસ્ત્ર જેના મલીન થયા છે, રંચ માત્ર પણ જેને દેહની અપેક્ષા નથી, એવી સીતાને દીઠી. તેની આવી અવસ્થા જોઈને હનુમાન પોતાના મનમાં ચિંતવન કરવા લાગ્યો કે, આ સીતા મહા પતિવ્રતા છે. આના દર્શનથી સર્વ પ્રાણી પવિત્ર થાય એ નિઃસંદેહ વાત છે. તેના વિરહે કરીને રામચંદ્ર ખિન્ન થાય છે, એ યોગ્ય છે. કેમકે, રૂપમાં તેમજ શીલમાં આના જેવી પવિત્ર સ્ત્રી કોની છે? આ રાવણ, પોતાના પાપને યોગે રામચંદ્રના પ્રતાપે કરી અતિ કષ્ટ ભોગવશે. એવી રીતે વિચારી હનુમાને અંતરિક્ષ રહીને સીતાના ખોળામાં રામના હાથની વીંટી નાંખી. અકસ્માત્ રામચંદ્રની મુદ્રિકા નજરે નિહાળીને સીતા મનમાં રાજી થઇ તેથી તેનું વદન કાંઇક પ્રફુલ્લિત થએલું જણાવાથી તેજ વખતે ત્રિજટાએ જઇને રાવણને કહ્યું કે, આટલા દિવસ સુધી તો સીતા શોકસાગરમાં ડુબેલી હતી. પરંતુ આજ એ આનંદમાં આવેલી જણાય છે. એવું સાંભળીને રાવણે મનમાં વિચાર્યું કે, હવે એ રામને ભૂલી ગઈ; માટે મારી સાથે

રમમાણ થશે. એમ ધારી તે મંદોદરીને કહેવા લાગ્યો કે, તું જઇને સીતાને ઉપદેશ કર. તે સાંભળી પતિનું દૂતપણું કબૂલ કરીને સીતાને ફસાવવા સારૂ મંદોદરી તેની પાસે આવી.


મંદોદરીઃ—હે સીતા! સાંભળ. ઐશ્વર્યે કરી તથા સૌંદર્યે કરી રાવણ શ્રેષ્ઠ છે, તેમજ તું પણ રૂપ, લાવણ્ય, સંપત્તિ વડે અપ્રતિરૂપ છું. જોકે અજ્ઞ વિધાતાએ તમો બંનેનો સંયોગ કર્યો નહીં, તથાપિ સંયોગ કરવાની આ વેળા છે, તો હે સીતા, હવે તું અહીંથી ઉઠ; અને રાવણની સેવા કર. હું તેમજ તેની બીજી બધી સ્ત્રીઓ તારી આજ્ઞામાં રહેશે, માટે તારા શ્રેય સારૂ 'મારૂં કહેવું માન્ય રાખી જક જવા દઇ જલદી ઉઠ.

સીતાઃ—હે દુષ્ટે, પતિનું કુટણપણું કરનારી, હે પાપિણી, તારા પતિની પેઠે તારૂં મુખ જોવાથી પણ પાપ લાગે. માટે તારૂં મોં સંતાડ. હે પાપે, તું જરૂર સમજ કે, હું રામની પાસેજ બેઠી છું. ખરાદિકોની પેઠે ભાઇઓ સહિત તારા પતિને મારવા સારૂ લક્ષ્મણ આવ્યા એમ સમજ. હે પાપિષ્ટે, અહીંથી ઉઠ! તારી સાથે બોલવાનો મને અધિકાર નથી. (તારૂં મુખ જોવું તથા તારી સાથે બોલવું એ પણ અયોગ્ય છે.)

એ પ્રમાણે સીતાએ, મંદોદરીનો તિરસ્કાર કર્યાથી તે કોપાયમાન થઇને વીલે મહોડે ત્યાંથી જતી રહી.

ત્યારપછી હનુમાન પ્રગટ થઈ, સીતાને નમસ્કાર કરી હાથ જોડી સન્મુખ ઉભો રહી કહેવા લાગ્યો કે, હે દેવી, લક્ષ્મણ સહિત રામ કુશળ છે. તમારી શોધ સારૂ રામની આજ્ઞાથી હું અહીં આવ્યો છું. મારા ગયા પછી શત્રુનો નાશ કરવા સારૂ રામચંદ્ર અહીં આવશે. એવું સાંભળી આંખમાં આંસુ આણીને સીતાએ તેને પૂછ્યું કે, તું કોણ છું? અને શી રીતે તું આ સમુદ્ર ઉલ્લંઘન કરીને આવ્યો? લક્ષ્મણ સહિત મારા પ્રાણનાથ સુખી છે કે? તેં તેમને ક્યાં જોયા? ત્યારે તેણે કહ્યું કે, મારૂં નામ હનુમાન છે. પવન અને અંજનાનો

હું પુત્ર છું. વિદ્યાના બળથી આકાશ માર્ગે થઇ સમુદ્ર ઉલ્લંઘન કરી હું અહીં આવ્યો. સર્વ વાનરોનો અધિપતિ જે સુગ્રીવ, તેના શત્રુ સાહસગતિને મારીને લક્ષ્મણ સહિત રામ કિસ્કિંધા નગરીમાં છે. દાવાનળે કરી તપેલા પર્વતની પેઠે તમારા વિયોગથી રામ તપેલા છે. ગાય વિનાના વાછડાની પેઠે તમારા વિના લક્ષ્મણને પણ રંચ માત્ર સુખ નથી. સર્વ દિશાઓ જેમને શૂન્ય દીઠામાં આવે છે, એવા રામ અને લક્ષ્મણ ક્ષણમાં શોક પામે, તો ક્ષણમાં ક્રોધાયમાન થાય છે. જોકે સુગ્રીવ તેમનું આશ્વાસન કરે છે, તથાપિ તેઓ સુખ પામતા નથી. જેમ સર્વ દેવ ઇંદ્ર (સૌધર્મ)ની અને ઇશાન (ઇંદ્ર)ની સેવા કરે છે, તેમ ભામંડળ રાજા, વિરાધ તથા બીજા મહેંદ્રાદિક વિદ્યાધરો રામ લક્ષ્મણની સેવા કરે છે. તમારી શોધ કરવા સારૂ સુગ્રીવે બતાવેલો જે હું, તેને પોતાની વીંટી આપીને રામે મોકલ્યો છે. અને તમને મળી તે આપ્યાની એધાનીમાં તમારો ચૂડામણી લેઇ આવવા કહ્યું છે. એ નીશાની બતાવ્યાથી એ મારા પ્રભુને વિશ્વાસ આવશે. એટલું કહી તેણે સીતાનું પારણું કરવાની વિનતી કરી; તેથી તથા રામચંદ્રનો કુશળ વૃત્તાંત સાંભળીને રાજી થયાથી સીતાએ એકવીસ દિવસના ઉપોષણ છોડી આનંદે કરી આરોગ્યું. પછી તેણે હનુમાનને કહ્યું કે, આ મારો ચુડામણી લેઇને અહીંથી તું જલદી જા. વધારે વાર રહ્યાથી કાંઇપણ ઉપદ્રવ થશે. અહીં તું આવ્યો છું, એવી જો રાવણને ખબર પડશે તો તને મારવા સારૂ યમની પેઠે તે આવશે. તે સાંભળી હનુમાન હાથ જોડી હમીને કહેવા લાગ્યો કે, મારા ઉપર તમારી કૃપા હોવાથી ભીતિએ કરી એમ બોલો છો તે તમને યોગ્ય છે. પણ હે માતા, હું રામ લક્ષ્મણનો સેવક છું. એ તપસ્વી રાવણ તથા તેનું સૈન્ય મારા સામે શા હિસાબમાં છે! હે સ્વામિનિ, સૈન્ય સહિત રાવણનો પરાભવ કરીને, તમને મારા ખભા ઉપર બેસાડી હમણાંજ હું રામની પાસે લેઇ જવાને સમર્થ છું. એવું સાંભળી સીતા હસીને બોલી કે, રામ લક્ષ્મણનો સેવક જે તું, તેમાં


હનુમાન
સીતા.
હનુમાન
કચેરી

સર્વ સંભવે છે. પરંતુ પરપુરૂષનો સ્પર્શ થોડો પણ મને યોગ્ય નથી, માટે તું જલદી જા. તું ગયાથી સર્વ કરવા જેવું થશે. રામ પણ ઉદ્યોગ કરશે. ત્યારે હનુમાને કીધું કે, આ હું ચાલ્યો. પણ રાક્ષસોને કાંઇક પરાક્રમ બતાવું છું. આ રાવણ બીજા કોઇના પરાક્રમને જાણતો નથી, માટે તેને રામના સેવકનું પરાક્રમ બતાવવું જોઇયે. તે સાંભળી સીતાએ કહ્યું કે, ઠીક છે. પછી તેણીએ હનુમાનને પોતાનો ચૂડામણી આપ્યો. તે લેઇ સીતાને નમસ્કાર કરી હનુમાન ત્યાંથી ચાલી નીકળ્યો. જેમ વન હસ્તી ઉન્મત્ત થઇને અરણ્યમાં ફરે, તે પ્રમાણે તે ઉદ્યાનમાં ફરવા લાગ્યો. તે રક્તાશોક વૃક્ષ વિષે દયા સહિત થયો. બકુલ વૃક્ષ વિષે અનાકૂળ, આંબાના વૃક્ષ વિષે કરૂણા રહિત, ચંપક વૃક્ષ વિષે કંપ રહિત, મંદાર વૃક્ષ વિષે અધિક ક્રોધી, કદલી વૃક્ષ વિષે નિર્દય, એ પ્રમાણે સર્વ વૃક્ષોનો લીલા માત્રે કરી તેણે ભંગ કર્યો. તેથી તે ઉદ્યાનના ચારે દરવાજાની રક્ષા કરનારા રાક્ષસો હાથમાં મુદ્‌ગરાદિક હથીઆરો લેઇને તેને (હનુમાનને) મારવા સારૂ દોડ્યા. કિનારાના પર્વત ઉપર જેમ સમુદ્રના લાટ વ્યર્થ થાય છે, તે પ્રમાણે હનુમાન ઉપર તેઓના સર્વ હથીઆરો વ્યર્થ થયા. પછી હનુમાને કોપાયમાન થઇને ત્યાંના ઝાડો ઉખેડીને તેવડે રાક્ષસોને મારી વૃક્ષોની પેઠેજ તેમનો નાશ કર્યો. ત્યારે બીજા રાક્ષસો રાવણ પાસે જઇને કહેવા લાગ્યા કે, ઉદ્યાનના ચારે દરવાજાના રાક્ષસોને હનુમાને મારી નાખ્યા. એ હકીકત સાંભળીને રાવણે હનુમાનને મારવા સારૂ પોતાના પુત્ર અક્ષકુમારને આજ્ઞા કરી. તેથી તે ત્યાં ગયો, ત્યારે હનુમાન તેને કહેવા લાગ્યો કે, ભોજનમાં જેમ ફળ તેમ આ રણમાં તું પહેલો આવ્યો છું. ત્યારે તે બોલ્યો કે, તું વ્યર્થ ગર્જના શું કરે છે? એમ કહી તેણે તીક્ષ્ણ બાણે કરી હનુમાનને પ્રહાર કર્યો. એટલે હનુમાને તેના ઉપર બાણોની વૃષ્ટિ કરી તેને ઢાંકી દીધો. પછી કેટલોક વખત તેઓની અસ્ત્ર શસ્ત્રની લડાઈ ચાલતાં હનુમાને પશુની પેઠે તેને (અક્ષકુમારને) મારી નાખ્યો. ત્યારે ભાઇ મુવાના ક્રોધે કરી રાવણનો મોટો

પુત્ર ઈંદ્રજિત ત્યાં આવી, હે મારૂતે (હનુમાન) ઉભો રહે! ઉભો રહે! એમ કહેવા લાગ્યો. પછી તે બંનેનું કલ્પાંતની પેઠે મહા ભયંકર યુદ્ધ થયું. જળની ધારા પ્રમાણે તે બંને વીરો હથીઆરો નાખવા લાગ્યા. તે વખતે આકાશમાં પુષ્કરાવર્ત મેઘની પેઠે દેખાવા લાગ્યું, તથા તેમના હથીઆરો વડે ક્ષણમાત્ર પણ આકાશ દેખાતું નહોતું. હનુમાન ઈંદ્રજિતના આવતા હથીઆરો તોડી નાંખી પોતાના હથીઆરો વડે અંગ ચૂર્ણ કરવા લાગ્યો. ત્યારે તેના સુભટો લોહીની નદીઓ જોવા લાગ્યા. પછી મારૂં સૈન્ય નષ્ટ થયું, મારાં હથીઆરો વ્યર્થ ગયાં, એમ જાણીને ઇંદ્રજિતે હનુમાન ઉપર નાગપાશ અસ્ત્ર મૂકીને તેને પગથી તે માંથા સુધી જેમ ચંદનના ઝાડને નાગ બાંધી લે, તેમ નાગપાશે કરી બાંધી લીધો. તે નાગપાશનું બંધન સહન કરીને કૌતક જોવા સારૂ હનુમાન તે બંધનમાં પડ્યો, એટલે ઇંદ્રજિત તેને રાવણની પાસે લેઈ ગયો. ત્યારે રાવણ હનુમાનને કહેવા લાગ્યો.

રાવણ—હે દુષ્ટ, આ તેં શું કર્યું? જન્મથી મારો આશ્રય કર્યા છતાં આજે તપસ્વીનો આશ્રય કર્યો કે? તે વનવાસ કરનારા, ફળો ખાનારા, મલીન, અને વનના ભીલ જેવા પ્રસન્ન થઇને તને શું લક્ષ્મી દેશે? જેના કહ્યાથી તું અહીં આવતાંજ તને પ્રાણ જવા જેવું થયું, તેના વિશ્વાસથી તું અહીં આવ્યો? તે રામ અને લક્ષ્મણ પૃથ્વી પર ફરનારા છે માટે મહા કુશળ છે. તેણે આ તને દુઃખમાં નાખવાનો ઉપાય કર્યો છે. પ્રથમ તું મારો સેવક હતો તે હવે બીજાનો થયો તેથી તું મારવા યોગ્ય નથી. પણ શિક્ષા કરવા સારૂ માત્ર તને નીશાની કરૂં છું.

હનુમાનઃ—હે રાવણ, હું તારો સેવક ક્યારે હતો? તેમજ તું મારો સ્વામી ક્યારે હતો? એવું બોલતાં તને લાજ પણ નથી આવતી? એક વખત મારા બાપે બંધાઇ ગયેલા તારા પ્રિય સામંત ખરને તારા કહેવાથી વરૂણ

પાસેથી મૂકાવ્યો હતો, તથા તારી સહાયતા કરવા સારૂ આવીને વરૂણનાં પુત્રોના હાથથી મેં તારૂં રક્ષણ કર્યું હતું પરંતુ આ વખતે તું પાપ કરવાને તત્પર થયો છું, તેથી સહાયતા કરવાને યોગ્ય નથી. પરસ્ત્રીનું હરણ કરનારો જે તું, તેની સાથે બોલ્યાથી પણ પાપ લાગે. આ વખતે એકલા લક્ષ્મણ થકી તારૂં રક્ષણ કરનારો તારા સૈન્યમાં કોઇપણ દીઠામાં આવતો નથી.

રાવણઃ—(ક્રોધાયમાન થઇ દાંતે કરી હોઠ ચાવતો) મારા વૈરીનો આશ્રમ કરીને તેં મને પોતાનો શત્રુ કર્યાથી તારી મરજી મરવાની માલમ પડે છે, પણ કોઢવડે ગળેલા અંગવાળા પુરૂષને મોતની નજીક આવેલો જોઇને હત્યાના ભયે કરી જેમ કોઇ મારતું નથી તેમ તું શત્રુનો દૂત છું. માટે તને કોણ મારશે? તોપણ ગધેડા ઉપર બેસાડીને માથામાં પાંચ પાટા કરી, સર્વ લોકના દેખતાં લંકાના રસ્તે રસ્તે તને ફેરવીશ.

એવું સાંભળતાંજ ક્રોધમાં આવી મારૂતિએ નાગપાશ તોડી નાખ્યું. કમલિનીના નાદે હાથી બાંધેલો કેટલી વાર રહે? પછી તેણે વીજળીની પેઠે કુદકો મારીને પોતાના પગે કરી રાવણનો મુકુટ તોડી નાખ્યો. તે વારે એને મારો, એવી રીતે રાવણ પુકાર પાડવા લાગ્યો. એટલામાં હનુમાને જઇ તેની આખી નગરીને અનાજની પેઠે ભંગ કરી નાખી, પરંતુ તેને ઝાલવાને કોઇ પણ રાક્ષસ સમર્થ થયો નહીં.

એવી રીતે ક્રીડા કરીને લંકામાંથી ગરૂડની પેઠે આકાશ માર્ગે ઉડીને હનુમાન રામચંદ્રની પાસે કિસ્કિંધા નગરીએ આવ્યો. પછી તેમને નમસ્કાર કરીને સીતાનો ચૂડામણી આપ્યો. તે જોઈ જાણે સાક્ષાત્ સીતાજ આવી હોયની! એમ રામ જાણવા લાગ્યા અને તે ચૂડામણીને પોતાના હૃદયની સાથે દાબીને તેમણે તેનું વારંવાર આલિંગન કરીને તેને ત્યાંનો વૃત્તાંત પૂછયો. ત્યારે હનુમાને બિભીષણને મળી સીતાનો શોધ કરી તેને મળ્યાથી માંડીને રાવણનો પરાભવ કરી લંકા નગરીનો ભંગ કર્યા સંબંધી સર્વ હકીકત અથ ઇતિ કરી સંભળાવી.

દોહરા.

ખર ખગ ખાંતે મારીને, ગયા લંક પાતાલ;
વિરાધ ગાદી સ્થાપિયો, આવીને તત્કાલ. ૧

સુમિત્ર સહાય કરી બળી, કિસ્કિંધા મુકામ;
સાહસગતિ તસ શત્રુને, માર્યો રામે ઠામ. ૨

સીતા શોધ સારૂ સુગ્રુગ, દૂર ફર્યા બહુ દેશ;
પણ પત્તો પામ્યા નહીં, લાખેણો લવલેશ. ૩

સુગ્રીવે સોંઢાડીઓ, હનૂમંત વડવીર;
આજ્ઞા પામી રામની, લંક ગયો રઘુધીર. ૪

આશાલિકા વિદ્યાતણું, પ્રતક્ષ ફોડયું પેટ;
પરણ્યો લંકા સુંદરી, મારી રક્ષક નેટ. ૫

ગયો બિભીષણને મળી, દેવ રમણ ઉદ્યાન;
જોઈ જાનકી ઝટ જઈ, આપ્યું રામ એધાન. ૬

કુશળ વાત કરી વળ્યો, ચૂડામણિ લેઇ હાથ;
દારૂણ યુદ્ધ તિહાં થયું, માર્યા રાક્ષસ સાથ. ૭

પ્રાભવ રાવણનો કરી, આવ્યો રામ હજૂર;
માંડીને અથ ઇતિ કહી, સઘળી વાત સનૂર. ૮

છઠ્ઠો સર્ગ ઇમ સંસ્તવ્યો, પંડિત હેમ મહાન;
શ્રોતા જન સાવધ થઈ, સૂણો એ આખ્યાન. ૯

ઇત્યાચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિતે ત્રિષષ્ઠિ શિલાકા પુરૂષ
ચરિત્રે મહાકાવ્યે સપ્તમે પર્વણિ સીતા પ્રવૃત્ય
નયનો નામ ષષ્ઠઃ સર્ગઃ ૬

અથ શ્રી સપ્તમ સર્ગ પ્રારભ્યતે.

ત્યારપછી લંકાવિજય યાત્રા સારૂ સુગ્રીવ, ભામંડળ, નલ, નીલ, મહેંદ્ર, હનુમાન, વિરાધ, સુષેણ, જાંબવાન, અંગદ, તથા બીજા કોટી વિદ્યાધરોને પોતપોતાના સૈન્ય સહિત સાથે લઇને રામ લક્ષ્મણ ત્યાંથી આકાશ માર્ગે ચાલ્યા, તે વખતે સર્વ વિદ્યાધરોએ વાજાં વગાડ્યાં, તેના શબ્દે કરી આકાશ ભરાઇ ગયું. પછી વિમાનો, રથો, ઘોડાઓ અને બીજા પોતપોતાને અનુકુળ પડતા વાહનો ઉપર વિદ્યાધરો બેશીને આકાશ માર્ગે ગમન કરવા લાગ્યા. ક્ષણુમાત્રમાં સર્વ સૈન્ય સહિત તેઓ આકાશ માર્ગે સમૂદ્ર ઉપર ચાલતા વાટમાં વેલંધર નામના પર્વત ઉપર વેલંધર નંગરમાં આવ્યા. ત્યારે સમુદ્રની પેઠે દુર્ધર ત્યાંના રાજા સમુદ્ર અને સેતુ આવીને રામના સૈન્ય સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેમાં નલે સમુદ્ર રાજાને તથા નીલે સેતુ રાજાને પકડી બાંધી લાવી રામની પાસે રજુ કર્યા. તેમણે માફી માગવાથી રામે તેમના ઉપર કૃપા કરીને ફરી તેમના રાજ્ય ઉપર બેસાડ્યા. કહ્યું છે કે, "મોટા પુરૂષો જીતાએલા શત્રુ વિષે પણ કૃપાળુ હોય છે." પછી સમુદ્ર રાજાએ પોતાની ત્રણ કન્યાઓ લક્ષ્મણને આપી. તે રાત્રે ત્યાં રહીને બીજે દીવસે સવારના સમુદ્ર તથા સેતુ રાજાને સાથે લેઈ તેઓ આગળ ચાલ્યા. થોડાક વખતમાં સુવેલાદ્રિ પર્વત ઉપર આવી ત્યાંના સુવેલ નામના રાજા સાથે લડી તેને જીતી લીધો. તે રાત્ર ત્યાંજ રહીને ફરી ત્રીજા દીવસની સવારમાં નીકળ્યા. ચાલતાં રસ્તામાં લંકા નગરીના પડોશમાંનાં હંસદ્વીપના રાજા હંસરથને જીતીને તેઓ સર્વ સૈન્ય સહિત ત્યાં પડાવ કરી રહ્યા. મીન રાસીને શનિશ્ચરની પેઠે સૈન્ય સહિત રામ પાસે આવ્યાથી લંકા નગરીને મોટો ક્ષોભ થયો. તે જોઇને હજારો રાક્ષસો જેવા કે, હસ્ત, પ્રસ્ત, મારીચ, તથા સારણાદિક રાવણના સામંત શૂરવીર લોકો યુધ્ધ કરવા સારૂ તૈયાર થયા. ત્યારે શત્રુને મારવામાં મહા પંડિત, એવા રાવણે પોતાનાં અનુચરો પાસે વાજાં વજડાવ્યાં. એ સર્વ વૃત્તાંત જાણીને

બિભીષણ રાવણની પાસે આવી તેને નમસ્કાર કરી હાથ જોડી કહેવા લાગ્યોઃ—

બિભીષણ—હે મારા મોટા ભાઈ, હજી સુધી પણ સંતોષ કર. મારા વચનો વિચાર કરવા યોગ્ય છે. પૂર્વે વિચાર ન કરતાં તે બેઉ લોકોને નાશ કરનારૂં સીતાનું હરણ કર્યું. તેથી તારા કુલને કલંક લાગ્યું. હવે રામ પોતે સીતાને લેવા તૈયાર થઈ આવ્યો છે, તેનો આદર સત્કાર કરીને તથા તેને અતિથિની પેઠે માનીને તું તેને સીતા પાછી સોંપ. મારૂં આ કહેવું જો તું માન્ય નહીં કરે તો તારો કુલ સહિત નાશ કરીને રામ પોતાની સ્ત્રી સીતાને લેઈ જશે. સાહસગતિ અને વિદ્યાધર વિગેરેનો નાશ કરનારા રામ લક્ષ્મણ તો દૂર રહ્યા, પણ તેના સેવક હનુમાનને શું તેં જોયો નથી કે ? આજે ઇંદ્રની લક્ષ્મીથી તારી લક્ષ્મી અધિક છે, તે આ પરસ્ત્રી સીતાને સારૂ ગમાવો નહીં.

(એવું બિભીષણનું બોલવું સાંભળીને તેની પાસે બેઠેલો રાવણનો પુત્ર ઇંદ્રજિત કહેવા લાગ્યો.)

ઇંદ્રજિતઃ-હે બિભીષણ કાકા, તું જન્મનો બીકણ છે. તું મારા પિતાનો ભાઇ છતાં આપણા સર્વ કુળને કલંક લગાડે છે. ઇંદ્ર રાજાને જીતનારો તથા સર્વ સંપત્તિનો નાયક જે મારો પિતા રાવણ, તેને તું મારવાને માંગે છે! માટે હે મુર્ખ, તું મરવા લાયક છે. પ્રથમ પણ તેં ખોટું બોલીને દશરથ રાજાને મારવાની પ્રતિજ્ઞા કર્યા પછી તેને માર્યો નહીં અને હું મારી આવ્યો એમ કહીને અમે ઠગ્યો. હવે અહીં આવેલા રામને મારા પિતાના હાથથી બચાવવાની ઇચ્છા કરે છે કે! ઉલટો તેનો ભય અમને બતાવે છે, માટે તું, મહા નિર્લજ્જ છે, તેમજ તું પાકી રીતે રામનો પક્ષપાતી જણાય છે. મારા ધ્યાનમાં તો એવું આવે છે કે, તું અમારી

મસલેહતમાં કાંઇપણ કામનો નથી. કહ્યું છે કે,
"હિત કરનારા મંત્રથી મંત્ર સુખદાયક થાય છે."

બિભીષણઃ—હે ઇંદ્રજિત, હું શત્રુનો લગારે પક્ષપાતી નથી. પણ કુળનાશ કરનારો પુત્રરૂપે તું શત્રુ ઉત્પન્ન થયો છે. જન્માંધની પેઠે આ ઐશ્વર્ય ક્રામે કરી તારો પિતા આંધળો થયો છે. મૂર્ખા, તું દૂધ પીવાવાળો બાળક છે. હજી તને કાંઇપણ સમજ નથી.

એ પ્રકારે ઇંદ્રજિતને કહ્યા પછી બિભીષણે રાવણને કીધું કે, હે રાજન્, આ પુત્રની શીખામણથી તથા તારા પોતાના ચરિત્રોથી તું થોડાજ દિવસમાં નાશ પામીશ. તેથી માત્ર મને દુઃખ થવાનું દેખાય છે. એવું સાંભળીને અતિ ક્રોધમાં આવી હાથમાં ખડગ લેઇને રાવણ મારવા ઉઠયો. બિભીષણ પણ તેની સામે ભ્રૂકુટી ચડાવીને હાથી જેવો એક સ્તંભ ઉખેડીને લડવા ઉઠયો. તે જોઇને કુંભકર્ણ તથા ઇંદ્રજિતે વચમાં પડી તેમને લડાઈ કરવા દીધી નહીં. પછી જેમ હાથીઓને પકડીને ગજશાળામાં લેઇ જાય, તેમ તેમને પોતપોતાને ઠેકાણે લેઇ ગયા. ત્યારે રાવણ બોલવા લાગ્યો કે, અરે! તું મારી નગરીથી બહાર નિકળ. તું અગ્નિની પેઠે સર્પ ખાનારો છે.

રાવણનું કહેવું સાંભળીને તરતજ ત્યાંથી નિકળી ત્રીશ અક્ષોહિણી રાક્ષસ વિદ્યાધરોનું સૈન્ય લેઇ બિભીષણ રામની પાસે ગયો. તેને આવતો જોઇને સુગ્રીવાદિક ક્ષોભ પામવા લાગ્યા. કહ્યું છે કે, "ડાકણીની પેઠે શત્રુમાં વિશ્વાસ કરવો નહિં." પછી બિભીષણે પોતાના એક દૂતને રામની પાસે મોકલી કહેવરાવ્યું કે, રાવણનો પક્ષ છોડી હું તમારી તરફ આવ્યો છું. એવી પ્રાર્થના કર્યાથી સુગ્રીવને વિશ્વાસપાત્ર જાણી રામે તેની તરફ જોયું. ત્યારે તેણે કીધું કે, જોકે સ્વભાવે કરી રાક્ષસો ક્ષુદ્ર, તથા જન્મથી કપટી છે, તોપણ એને આવવા દેવો. એ મિત્ર સ્વભાવવાળો છે, કે શત્રુ સ્વભાવવાળો છે! એ વિષે એનો અભિપ્રાય જાણ્યા પછી જે કરવાનું હોય તે કરવું. તે વખત તેના સ્વભાવને જાણવાવાળો વિશાલ નામનો એક

મહાત્મા, ધાર્મિક રાક્ષસ કહેવા લાગ્યો કે, એકલો એ બિભીષણ રાક્ષસ સીતાને સોંપી દેવાનું બોલવા લાગ્યો, ત્યારે તેના ઉપર ક્રોધ કરી રાવણે તેને કહાડી મુકયો. તેથી તે તમારે શરણે આવ્યો છે. મારૂં બોલવું ખોટું નથી. એવું એ રાક્ષસનું બોલવું સાંભળીને પોતાના સેવકને આજ્ઞા આપી રામે બિભીષણને બોલાવ્યાથી તેણે આવીને રામને નમસ્કાર કર્યો. રામે તેને આલિંગન કર્યું. પછી બિભીષણ બોલ્યો કે, દુર્જય જે રાવણ, તેને મૂકીને હું તમારી પાસે આવ્યો છું. હું તમારો ભક્ત છું. માટે મને પણ સુગ્રીવની પેઠે આજ્ઞા કરો. બિભીષણના એવા બોલ સાંભળી રામે પ્રતિજ્ઞા કરી કે, આ લંકાનું રાજ્ય તને આપીશ. કહ્યું છે કે, મહાન પુરૂષોને કરેલો નમસ્કાર વ્યર્થ જતો નથી."

હંસદ્વીપમાં આઠ દિવસ રહીને કલ્પાંતના પવનની પેઠે પોતાના સૈન્ય સહિત રામ લંકા સમીપે આવ્યા. ત્યાં તે સૈન્ય વીસ યોજન પૃથ્વીને રોકી પડાવ કરી રહ્યું; અને તેનો પતિ જે રામ તે પણ રાવણની સાથે યુદ્ધ કરવા સારૂ તૈયાર થઇને ત્યાંજ રહ્યો. રામના સૈન્યના શબ્દો વડે સમુદ્રના શબ્દની પેઠે આખી લંકા નગરી બહેરી થઇ ગઇ. એવું જોઇને પ્રહસ્તાદિક રાવણના સૈનાનીક હાથમાં હથીઆરો લઈને લડાઈ કરવાને તૈયાર થઇ, કોઇ હાથી ઉપર, કોઈ ઘોડા ઉપર, કોઇ સિંહ ઉપર, કોઇ ગધેડી ઉપર, કોઇ રથ ઉપર, કોઇ નરવાહન ઉપર; કોઇ મેંઢા ઉપર, કોઇ યમ જેવા પાડા ઉપર, કોઇ વિમાનમાં, એવી રીતે પોતપોતાની યોગ્યતા મુજબના વાહન ઉપર બેસીને કેટલાએક શૂરવીરો રાવણને આવી મળ્યા. ત્યારે રાવણ પણ નાના પ્રકારના હથીઆરો છે જેમાં, એવા રથ ઉપર ચડીને, તૈયાર થયો. કુંભકર્ણ યમના જેવો ત્રિશૂલ હાથમાં લેઇને રાવણની બાજુમાં ઉભો રહ્યો. તેમજ ઇંદ્રજિત અને મેઘવાહન એ બે રાવણના પુત્ર પણ બે ભુજાની પેઠે બાજુમાંજ ઉભા રહ્યા. તેના બીજા પુત્રો તથા શુક, સારણ, મારીચ, યમ અને સુંદાદિક કોટ્યાવધિ સામંત


લંકા.
રામનું સૈન્ય.
હનુમાન.
ભામંડલ.
રામ.
સૈનીકો:
લક્ષ્મણ.

શૂરવીર યુદ્ધ કરવાને તૈયાર થયા. એવી રીતે અસંખ્ય સૈન્ય સહિત રાવણ રામની સાથે યુદ્ધ કરવા સારૂ લંકામાંથી બહાર નિકળ્યો. તેમાં કોઈની ધ્વજા ઉપર સિંહ, કોઈની ધ્વજા ઉપર ઊંટ, કોઈની ધ્વજા ઉપર હરિણ, કોઇની ધ્વજા ઉપર હાથી, કોઇની ધ્વજા ઉપર મોર, કોઇની ધ્વજા ઉપર સર્પ, એવા જુદા જુદા ચિત્રો હતા તો કોઇની જરીની ધ્વજા હતી, કોઈના હાથમાં ધનુષ્ય બાણ, કોઇના હાથમાં ખડગ, કોઇના હાથમાં ભૃશુંડી, કોઈના હાથમાં મુદ્‌ગર, કોઇના હાથમાં ત્રિશૂલ કોઇના હાથમાં કુહાડો, અને કોઈના હાથમાં પાશ, એવા જુદી જુદી જાતનાં હથીઆરો તેઓએ રાખ્યાં હતાં. તેમાંનાં કેટલાક વીરો શત્રુને ઘેરો ઘાલવા સારૂ તૈયાર થઇને નામ તથા ઘેરો સહિત કહેવા લાગ્યા કે, તું આને માર, હું આને મારૂં છું. એવી રીતે બોલતા બોલતા યુદ્ધ ભૂમિમાં આવ્યા. એવું રાવણનું સૈન્ય પચાસ યોજન પૃથ્વીમાં ભરાઇને લડાઈ કરવા સારૂ તૈયાર થઇ રહ્યું. તેમાંના કેટલાક વીરો પોતાના નાયકની તારીફ કરતા શત્રુના નાયકોની નિંદા કરતા હતા.

પછી રામ અને રાવણનું સૈન્ય સામસામું થતાં લડાઈ શરૂ થઈ. સૈનીકો એક બીજાના નામો લેઇને પરસ્પર શસ્ત્ર મારવા મંડ્યા. અસ્ત્રો વડે શસ્ત્રોને તોડવા લાગ્યા. ત્યાર પછી બંને સૈન્યની નજીકમાં ભેટમ ભેટા થતાં જા જા, ઉભો રહે, બી નહીં, બી નહીં, આયુદ્ધ મૂક, આયુદ્ધ મૂક, હાથમાં હથીઆર પકડ, હાથમાં હથીઆર પકડ, એવી શૂરવીરની વાણી થવા લાગી. જંગલમાંના પક્ષીઓની પેઠે શલ્ય, શંકુ, બાણ, ચક્રો, પરિઘ તથા ગદા વિગેરે આયુદ્ધો બેઉ સૈન્યોમાં પડવા લાગ્યા, કેટલાએકના ખડગે કરી કપાએલા માથા ઉડવા લાગ્યાથી આકાશમાં તે રાહુ તથા કેતુની પેઠે દેખાવા લાગ્યા. કેટલાએક સુભટો મુદ્‌ગરના મારથી હાથીઓને જમીન પર પાડવા લાગ્યા તેથી જાણે લાકડી વડે દડાની રમત કરતા હોયની! એવા શોભવા લાગ્યા. જેમ ઝાડોની ડાળીઓ તુટી પડે, તેમ કુહાડાના માર વડે કેટલાકના હાથ તુટી પડવા

લાગ્યા. ભૂખ્યા યમને યોગ્ય ગ્રાસની પેઠે કેટલાએક વીરોના મસ્તકો તોડીને જમીન ઉપર નાખવા લાગ્યા. દાવાવાળા કુટુંબીને પેઠે વાનર વીરોને રાક્ષસોએ ઘણા કાળે જીત્યા વળી જેવી રીતે હાથી વનનો નાશ કરે છે, તે પ્રમાણે વાનરોએ રાક્ષસોના બળનો નાશ કર્યો. રાક્ષસોનું સૈન્ય નાશ ભાગ થયા પછી હસ્ત અને પ્રહસ્ત નામના બે રાક્ષસો વાનરોની સાથે યુદ્ધ કરવા સારૂ તેમની સામે આવ્યા. તેમની સાથે નલ અને નીલ બે વાનર વીર યુદ્ધ કરવા લાગ્યા. વક્રાવક્ર ગ્રહની પેઠે પ્રથમ હસ્ત અને નલ, એ બેઉ રથોમાં બેશીને એક ઠેકાણે મળી પોતપોતાના ધનુષ્ય સજ્જ કરી ટણત્કાર શબ્દ કરતા પરસ્પર એક બીજાના ઉપર બાણોનો વરશાદ વરસાવવા લાગ્યા. તેમણે બાણોએ અને ત્રિશુલોએ કરી એક બીજાના રથોને ઢાંકી લીધા. તેમને ઘડીકમાં શસ્ત્રાનો અને ઘડીકમાં હાથોનો જય તથા પરાજય થવા લાગ્યો. યુદ્ધમાં મહા પ્રવીણ જે અન્ય વીરો ઉભા રહી જોતા હતા, તેઓને પણ તેમના બળની સમજ પડી નહીં. એવું યુદ્ધ ચાલતાં નલે મોટા લાઘવથી ક્ષુરપ્ર બાણ વડે હસ્તનું માથું તોડી નાખ્યું. તેમજ નીલની સાથે પ્રહસ્ત લડતો હતો તેમાં નીલે ઘણી બહાદુરી બતાવી પ્રહસ્તનું માથું કાપી નાંખ્યું. તે વખતે નલ અને નીલના ઉપર આકાશમાંથી ફુલોની વૃષ્ટિ થઈ.

એવી રીતે હસ્ત તથા પ્રહસ્ત પડ્યા પછી રાવણના સૈન્યમાંથી ક્રોધાયમાન થતાં મરીચ, સિંહજઘન, સ્વયંભૂ, સારણ, શુક, ચંદ્રાર્ક, ઉદ્દામ, બીભત્સ, કામાસ, મકરજ્વર, ગંભીર, સિંહ રથ, વિગેરે રાક્ષસો લડાઇને મોખરે આવી ઉભા રહ્યા, ત્યારે વાનર સૈન્યમાંથી, મદનાંકુર, સંતાપ, પ્રથિત, આક્રોશ, નંદન, દુરિત, અનઘ, પુષ્પાસ્ત્ર, વિઘ્ન, પ્રીતિકર, વિગેરે વાનર વીરો તેમની સાથે આવી લડવા લાગ્યા. જેમ કુકડા કુકડાની ઉપર ઉડે, તે પ્રમાણે તે એકમેક ઉડવા લાગ્યા. મારીચ રાક્ષસની સામે સંતાપ વાનર, નંદન અને જ્વર, ઉદ્દામ અને વિઘ્ન, શુક અને દુરિત, સિંહજઘન અને પ્રથિત,

એઓ પરસ્પર લડાઈ કરીને માંહો માંહે માર મારવાં લાગ્યા. એટલામાં સૂર્ય અસ્ત પામ્યો. પછી બંને સૈન્યોવાળા પોતપોતાના મુવેલા માણસોનો શોધ કરવા લાગ્યા.

બીજે દિવસે સવાર થતાં રાક્ષસોના યોદ્ધા યુદ્ધ કરવા સારૂ રામના સૈનીકોને બોલાવવા લાગ્યા. મેરૂ પર્વતના જેવો અચલ રાવણ, હાથી અને ઘોડા સહિત રથ ઉપર બેશીને સૈન્યમાં ચાલ્યો. તે વખત યમથી પણ ભયંકર પોતાની દૃષ્ટીએ કરી શત્રુને બાળતોજ હોયની! એવો દેખાવા લાગ્યો. નાના પ્રકારના અસ્ત્ર તથા શસ્ત્રોને ધારણ કરનારા પોતાના દરેક સેનાનીને જોતો શત્રુને તણુસલાની પેઠે માનનારો રાવણ સંગ્રામમાં આવ્યો. તે સમયે, રામના સેનાનીઓ સૈન્યો સહિત સંગ્રામ ભૂમીમાં આવીને યુદ્ધ કરવા લાગ્યા. તે ઠેકાણે લોહીની મોટી નદીઓ વહી નીકળી. પર્વતો જેવા પડેલા હાથીઓ દીઠામાં આવ્યા. કયાંક મગરમચ્છ જેવા મોટા રથો ભાંગેલા પડયા દેખાયા. કબંધો (માથા વિનાના માણસો) નાચવા લાગ્યા. તે વખંતે રાવણના સૈન્યે અતિ આવેશમાં આવી બહુ બળ વડે યુદ્ધ કરીને વાનરાઓના સૈન્યનો ભંગ કર્યો. તે જોઇને ક્રોધાયમાન થયો થકો સુગ્રીવ ધનુષ્ય સજ્જ કરીને સૈન્ય સહિત પોતે યુદ્ધ કરવાને જવા લાગ્યો. ત્યારે તેને હનુમાન કહેવા લાગ્યો કે, હે રાજા, તું અહીંજ ઉભો રહે અને મારૂં પરાક્રમ જો. એવી રીતે સુગ્રીવને વારી પોતે આગલ ચાલ્યો. મહા સમુદ્રમાં મંદાર પર્વતની પેઠે હનુમાન રાક્ષસ સૈન્યમા જઈને યુદ્ધ કરવા લાગ્યો. તેની સામે મેઘન જેવી ગર્જના કરીને માલી નામનો રાક્ષસ આવ્યો. તે બંનેની વચ્ચે સંગ્રામ શરૂ થયું. તેમાં સિંહનાં પૂછડાને દૂષણ દેનારા જેવા ધનુષ્યોના ટણત્કાર કરનારા તે બંને શોભવા લાગ્યા. તેઓ પરસ્પર એક બીજાના હથીઆરો તોડવા લાગ્યા. એવી રીતે ઘણો વખત યુદ્ધ ચાલતાં જેમ ગ્રીષ્મ ઋતુનો સૂર્ય નાના સરોવરને જળ રહિત કરે, તેમ હનુમાને મહા પરાક્રમી માલી રાક્ષસને અસ્ત્ર રહિત કર્યો અને કહ્યું કે, હે નકામા રાક્ષસ, હવે તું અહીંથી જા. તને મારીને હું શું કરૂં? એવું હનુ-

માનનું બોલવું સાંભળીને તેની પાસે ઉભેલો વજ્રોદર રાક્ષસ બોલ્યો:-અરે, હે પાપ, આવું તુચ્છ શું બોલે છે? તું હમણાંજ મરીશ. આવ મારી સાથે યુદ્ધ કર. પાછો જા નહીં. એવું સાંભળી, સિંહની પેઠે ગર્જના કરીને હનુમાને તેને બાણે કરી ઢાંકી દીધો. ત્યારે જેમ વર્ષાકાળે મેઘ સૂર્યને ઢાંકી દે, તેમ વજ્રોદરે તેની બાણવૃષ્ટિ દૂર કરીને પોતાના બાણે કરી તેને ઢાંકી દીધો. તે સમયે આકાશમાં દેવવાણી થઈ કે, અહો આ વજ્રોદર વીર હનુમાનની સાથે યુદ્ધ કરવા યોગ્ય છે. તેમજ આ હનુમાન વીર વજ્રોદરની સાથે યુદ્ધ કરવા યોગ્ય છે. તે શબ્દો હનુમાનથી સહેવાયા નહીં. તેથી તેણે એકજ વખતે ઉત્પાત મેઘની પેઠે અસ્ત્રોનો વરસાત વરસાવીને સર્વ રાક્ષસોના દેખતાં વજ્રોદરને મારી નાખ્યો. ત્યારે જંબુમાલી નામનો રાવણનો પુત્ર મારૂતીની (હનુમાનની) સાથે યુદ્ધ કરવા લાગ્યો. પરસ્પર મારવાની ઇચ્છા છે જેમને, એવા મહા પરાક્રમી તે બંને વીરો સર્પ અને નોળિયાની પેઠે બાણ યુદ્ધ કરવા લાગ્યા. જંબુમાલી એક બાણ મારે તો તેને મારૂતી બે મારે, એમ પરસ્પર બાણ વૃષ્ટિ કરીને લડવા લાગ્યા. પછી હનુમાને ક્રોધમાં આવી એકે તડાકે તેનો રથ તોડી નાખી, મુદ્‌ગર વડે તેને સારી પેઠે માર્યો, તેથી જંબુમાલી મૂર્છિત્ થઇને મરી ગયો. એટલે મહોદર નામના રાક્ષસે હનુમાન ઉપર બાણ વૃષ્ટિ કરી અને કુતરા જેમ ડુક્કરને ઘેરી લે, તેમ રાક્ષસ ભટોએ તેને ઘેરી લીધો તથા બાણે કરી મારવા મંડી ગયા. કોઈ બાહુ ઉપર, કોઇ મુખ ઉપર, કોઇ પગ ઉપર, કોઈ હૃદય ઉપર, કોઇ કુક્ષી ઉપર, એમ શરીરના જુદા જુદા ભાગો ઉપર રાક્ષસ ભટો મારવા લાગ્યા. તે સમયે વનમાં અગ્નિની પેઠે, તથા સમુદ્રમાં વડવાનલની પેઠે, તે રાક્ષસ સૈન્યમાં મારૂતી શોભવા લાગ્યો. પછી સૂર્ય જેમ અંધઃકારનો નાશ કરે, તેમ હનુમાને રાક્ષસોનો નાશ કર્યો. ત્યારે કુંભકર્ણ હાથમાં ત્રિશૂલ લેઈને ઇશાન ઈંદ્રની પેઠે પોતે યુદ્ધ કરવા દોડ્યો.

કોઈને પગના મારે, કોઇને મૂઠના પ્રહારે, કોઇને બાજુથી,

કોઇને મુદ્દગરવડે, કોઇને ત્રિશૂલથી, અને કેટલાએકને એક બીજા ઉપર લોટીને કુંભકર્ણે વાનરાઓને માર્યા. તે વખતે કલ્પાંત સમુદ્રની પેઠે મહા પરાક્રમી કુંભકર્ણને જોઈને, સુગ્રીવ, ભામંડલ, દધિમુખ, મહેંદ્ર, કુમુદ, અંગદ, ઈત્યાદિક રામના યોદ્ધાઓએ, પારધી જેમ સિંહને અટકાવે, તેમ તેને રૂદ્ધ કર્યો, અને તેના ઉપર શસ્ત્રાસ્ત્રનો વરસાત વરસાવવા લાગ્યા. ત્યારે કુંભકર્ણે પ્રસ્વાપન નામનું અસ્ત્ર મૂકીને દિવસને કુમુદખંડની પેઠે રામના તમામ સૈન્યને ઉંઘમાં નાખી દીધું. તે જોઇને સુગ્રીવે પ્રબોધિની વિદ્યાનું સ્મરણ કરીને સર્વ સૈન્યને જાગૃત કરી ઉઠાડયું. પછી તે બોલવા લાગ્યો કે, અરે! કુંભકર્ણ ક્યાં? ત્યારે રાત્ર ગયા પછી પક્ષીઓ દોડે, તેમ વાનર ભટો દોડીને કુંભકર્ણની સાથે યુદ્ધ કરવા લાગ્યા. વળી વૈદ્ય જેમ રોગનો નાશ કરે, તેમ તે વખતે સુગ્રીવે ગદાના મારથી કુંભકર્ણના સારથી, રથ, તથા ઘોડાનો નાશ કર્યો. તે જોઇને કુંભકર્ણ હાથમાં મુદ્દગર લેઇને એક શૃંગી પર્વતની પેઠે સુગ્રીવ ઉપર દોડ્યો. તેના શરીરના વાયુવડે જેમ હાથીના અડકયાથી વૃક્ષો પડી જાય, તેમ કેટલાએક વાનર પડવા લાગ્યા. નદીના વેગની પેઠે કુંભકર્ણે મુદ્દગરથી અશ્વ સહિત સુગ્રીવના રથને ચૂર્ણ કરી નાખ્યો. તે વખતે ઇંદ્ર જેમ પર્વત ઉપર વજ્ર નાખે, તેમ સુગ્રીવે આકાશમાં ઉડીને કુંભકર્ણ ઉપર એક મોટી શિલા નાખી. ઓત્પાતિકી રજો વૃષ્ટી વાનરાઓને બતાવતો છતાં મુદ્દગરે કરી તે શિલાના કુંભકર્ણે કટકા કરી નાખ્યા. સુગ્રીવે તડતડ શબ્દ કરનારૂં તડિતદંડ નામનું અસ્ત્ર કુંભકર્ણ ઉપર નાખ્યું. કુંભકર્ણે તે અસ્ત્રનો નાશ કરવા સારૂ ઘણાં અસ્ત્રો નાખ્યા, પણ તે સર્વ વ્યર્થ ગયાં અને તેના પ્રહારે કરી કુંભકર્ણ પર્વતની પેઠે પૃથ્વીપર પડ્યો. કુંભકર્ણને મૂર્છિત થયો જાણીને સાક્ષાત્ કાળના જેવો રાવણ યુદ્ધ કરવા સારૂ ચાલવા લાગ્યો. એટલે ઇંદ્રજિત તેને નમસ્કાર કરી કહેવા લાગ્યો કે, હે સ્વામીન્, તમારા આગળ યમ, વરૂણ, કુબેર, ઇંદ્ર, વીગેરે ઉભા રહે નહીં તો આ વાનરાઓની શું બિશાદ છે? તમે

અહીંજ ઉભા રહો. હું જઇને મુકુટની પેઠે તેમને મારૂં છું. એવી રીતે રાવણને રોકીને વાનરાઓના સૈન્યની સાથે યુદ્ધ કરવા સારૂ ઇંદ્રજિત તૈયાર થયો. તે વખતે જેમ તળાવમાં સર્પ પેસતાં દેડકાં નાશી જાય, તેમ વાનરા નાસવા લાગ્યા. ત્યારે તેઓને ઇંદ્રજિત કહેવા લાગ્યો કે, રે, રે, ઉભા રહો, યુદ્ધ ન કરનારાને હું મારનાર નથી. હું રાવણનો પુત્ર છું. તે હનુમાન અને સુગ્રીવ ક્યાં છે? તે રામ લક્ષ્મણ ક્યાં છે? એવું તેનું બોલવું સાંભળીને સુગ્રીવે રાવણને તથા ભામંડળે મેઘવાહનને બોલાવીને પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા.

તે વખતે ચાર દિગ્પાળ તથા ચાર સમુદ્રની પેઠે, ત્રણે લોકને ભયંકર ધનુષ્યોનો માર મારનારા તે ચારે શોભવા લાગ્યા. તેમના રથોના જવા આવવાથી પૃથ્વી અને પર્વતો કંપાયમાન થયા. સમુદ્ર ક્ષોભને પામ્યો. બાણો નાખવામાં મહા કુશળ, તેઓના બાણો ક્યારે જાય આવે છે? તે પણ જાણ્યામાં આવે નહીં. એવી રીતે શસ્ત્રોવડે ઘણા વખત સુધી તેઓએ યુદ્ધ કર્યું. પરંતુ કોઇએ કોઇને જીત્યો નહીં. પછી ઇંદ્રજિત અને મેઘવાહને નાગપાશ અસ્ત્ર નાખીને ભામંડળ અને સુગ્રીવને બાંધ્યા. ત્યારે તે શ્વાસોશ્વાસ મૂકવાને અસમર્થ થયા. એટલામાં કુંભકર્ણે સાવધ થઇને હનુમાનના વાંસામાં એવી તો જોરથી ગદા મારી કે, તે તત્કાળ મૂર્છિત થઇને જમીન પર પડ્યો. એટલે કુંભકર્ણે તેને કાખમાં ઘાલ્યો. તે જોઇને બિભીષણ બોલ્યો કે, હે રામ, તમારા સૈન્યમાં મહા પરાક્રમી, મુખને વિષે નેત્રોના જેવા સારભૂત, ભામંડળ અને સુગ્રીવને રાવણના પુત્રે જીતીને નાગપાશે કરી બાંધ્યા છે; તેમને જ્યાંસુધી લંકામાં લેઈ ગયા નથી ત્યાંસુધીમાં હું મૂકાવું છું. કુંભકર્ણે હનુમાનને બાહુવડે બાંધ્યો છે, તે જ્યાં લગણ લંકામાં ગયેલ નથી ત્યાં લગણ છોડવવા યોગ્ય છે. • હે સ્વામિન્, સુગ્રીવ, ભામંડળ તથા હનુમાન વિના આપણું સૈન્ય નિર્વીર છે. માટે મને રજા આપો, હું જાઉં. એવી રીતે બિભીષણ બોલે છે, એટલામાં વાલીનો છોકરો અંગદ કુદકો મારી દોડી જઇને કુંભ-

કર્ણને બોલાવી તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. ત્યારે ક્રોધે કરી આંધળા થએલા કુંભકર્ણે પોતાની ભુજા-માંથી હનુમાનને છોડ્યાથી તે પીંજરામાંના પક્ષીની પેઠે ઊડી ગયો. ભામંડળ અને સુગ્રીવને છોડાવવા સારૂ રાવણના પુત્રોની સાથે યુદ્ધ કરવા બિભીષણ દોડ્યો. તેને જોઈને ઇંદ્ર-જિત મેઘવાહનને કહેવા લાગ્યો કે, આ આપણો કાકો આપણી સાથે યુદ્ધ કરવા સારૂ આવે છે. પોતાનો નાનો ભાઇ હોવાથી એ આપણા બાપ જેવો છે. માટે એની સાથે યુદ્ધ કેમ કરીએ? હવે અહીંથી જવું સારૂં છે. કહ્યું છે કે, "પૂજનીક પુરૂષથી ભય પામનાર પુરૂષોની લેશ માત્ર લાજ જતી નથી." પાશથી બાંધેલા આ બે શત્રુઓ (સુગ્રીવ અને ભામંડળ) નિશ્ચે કરી મરશે. માટે તેઓને અહીંજ રહેવા દેવા, જેથી બિભીષણ પાસે આવશે નહીં. એવો વિચાર કરીને તેમને પડતા મૂકી એ બંને ભાઈઓ રણમાંથી નાશી ગયા. બિભીષણ તેમની પાછળ ન જતાં સુગ્રીવ તથા ભામંડળને જોઈને ત્યાંજ ઉભો રહ્યો. રામ તથા લક્ષ્મણના મુખ તેમને જોઇને હેમ પડવાની વખતે સૂર્ય અને ચંદ્રમાની પેઠે સુકાઇ ગયા. અને ચિંતા કરતા થકા તેઓ પણ ત્યાંજ આવી ઉભા રહ્યા.

પછી પૂર્વે પોતાને વર આપનાર મહાલોચન નામના દેવનું રામે સ્મરણ કર્યું: તેથી તે દેવ અવધિ જ્ઞાન વડે જાણીને ત્યાં આવ્યો. રામ લક્ષ્મણને શોકાતુર દેખી તેમનું દુઃખ નિ-વારણાર્થે તે દેવે, સિંહનિનદા નામની વિદ્યા, મુશલ, રથ, તથા શત્રુનો નાશ કરનારી વિદ્યુદ્દના નામની ગદા લક્ષ્મણને આપી તથા વારૂણેય, આગ્નેય, વાયવ્ય પ્રમુખ અસ્ત્રો અને છત્રો બંને ભાઇઓને (રામ તથા લક્ષ્મણ) આપી તે અંતર્ધ્યાન થઈ ગયો. પછી ગરૂડ ઉપર બેઠેલા લક્ષ્મણને જોઇને સુગ્રીવ તથા ભામંડળના નાગપાશ નાશી ગયાં. તે સમયે રામના સૈન્યમાં જયજય શબ્દો થવા લાગ્યા અને રાક્ષસોના સૈન્યની પેઠે સૂર્ય આથમી ગયો.

ત્રીજે દિવસે સવારમાં ફરી બેઉનાં સૈન્ય તૈયાર થઇને રણાગણમાં આવ્યા. ત્યારે યમના દાંતો જેવા દેદીપ્યમાન અસ્ત્રો વડે, પ્રલય કાળના વાયુની પેઠે મહાભયંકર સંગ્રામ થવા લાગ્યો. મધ્યાનના સમયે તાપેલા ડુક્કરોના યોગે સરોવરની પેઠે, રાક્ષસોના વીરોએ વાનરસૈન્ય અફળાવ્યાથી તે નાશ ભાગ કરી વીખરાવવા લાગ્યું. ત્યારે પોતાનું સૈન્ય વીખરાઇ ગયેલું જોઇને બીજા શરીરમાં પેસનારા યોગીઓની પેઠે રામના સુગ્રીવાદિક ભટો રાક્ષસોના સૈન્યમાં પેઠા. જેમ ગરૂડને જોઇને સર્પો નાસે, તેમ વાનરાઓને જોઇને રાક્ષસો નાઠા. ત્યારે રથમાં બેશીને તેના સંચાર વડે પૃથ્વીને કંપાવતો થકો રાવણ પોતે દોડયો. દાવાનળ જેવા રાવણને જોઇને વાનરના સૈન્યમાંનો કોઈ-પણ ઉભો રહ્યો નહીં. એટલે રામચંદ્ર પોતે યુદ્ધ કરવા સારૂ જવા લાગ્યો. તેને વારીને બિભીષણે લગાર વારમાં જઇને રાવણને અટકાવ્યો, ત્યારે તેને રાવણ કહેવા લાગ્યો.

રાવણ--રે ! રે બિભીષણ! તેં કોનો આશ્રય કર્યો? આ સંગ્રામમાં ગ્રાસની પેઠે તું મારા મુખમાં પડયો. પારધી જેમ કુતરાઓને ડુક્કર ઉપર મોકલે, તે પ્રમાણે મારા ઉપર તને મોકલવાને રામે સારો વિચાર કર્યો. પોતાને રક્ષણ કરનારા પુરૂષોને એ યોગ્યજ છે. હે વત્સ, હજી સુધી તારા ઉપર મારી કૃપા છે. તું અહીંથી જા, આજ હું સૈન્ય સહિત રામ લક્ષ્મણને મારૂં છું. આ મરનારાનો સંખ્યાપૂર્ણ તું થા નહીં. પાછો પોતાને ઠેકાણે આવ. તારી પીઠપર મારો હાથ છે.

બિભીષણ—હે રાવણ, કાળના જેવો રામ, પોતેજ તારા ઉપર આવતો હતો. તેનું નિવારણ કરી યુદ્ધના મિષે તને બોધ કરવા સારૂ હું અહીં આવ્યો છું. હજી પણ મારા વચન માન્ય કરીને સીતાને મૂક, અને સંતોષ કર. મેં મૃત્યુના ભયથી, અથવા રાજ્યના લોભથી, રામનો આશ્રય કર્યો નથી, ફક્ત અપવાદના ભયથી

આશ્રય કર્યો છે. માટે તું સીતા આપીને અપવાદ દૂર કર, એટલે હું રામને મુકીને તારા આશ્રયે આવું.

રાવણ:—(ક્રોધાતુર થઇને) હે દુર્બુદ્ધિ બિભીષણ, હજી મને ભય બતાવે છે કે? મારૂં કહેવું કેવળ ભાઈની હત્યાના ભયથી છે, શિવાય મારો બીજો હેતુ નથી.

એ પ્રમાણે કહીને રાવણે ધનુષ્યનો ટણુત્કાર કર્યો. તેની સામે બિભીષણે પણ તેવોજ જવાબ દેવાને ધનુષ્યનો ટણુત્કાર કર્યો. પછી તે બંને ભાઈ યુદ્ધ કરવાને તૈયાર થઈ પરસ્પર એક બીજા ઉપર શસ્ત્ર તથા અસ્ત્રની વૃષ્ટી કરવા લાગ્યા. તે વખતે ઈંદ્રજિત, કુંભકર્ણ, તથા બીજા રાક્ષસો સ્વામીની ભક્તિએ કરી યમના કિંકરની પેઠે યુદ્ધ કરવા ઉલટ્યા. એટલે વાનર સૈન્યમાંથી તેમની સામે થવાને સુભટો તૈયાર થઇ ગયા. પછી રામ અને કુંભકર્ણ, લક્ષ્મણ અને ઈંદ્રજિત, નીલ અને સિંહજઘન, દુર્મુખ અને ઘટોદર, સ્વયંભુ અને દુર્મતિ, નલ અને શંભુ, ગદ અને મય, સ્કંદ અને ચંદ્રનખ, ચંદ્રોદરાત્મજ અને વિઘ્ન, ભામંડળ અને કેતુ, જંબુમાલી અને શ્રીદત્ત હનુમાન અને કુંભકર્ણનો પુત્ર કુંભ, સુગ્રીવ અને સુમાલ, કુંદ અને ધૂમ, વાલીનો પુત્ર ચંદ્રરશ્મી અને સારણ રાક્ષસ, એવી રીતે યોગ્યતાથી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. તેમજ બીજા રાક્ષસો અને વાનરાઓ સુસર જાતિના મત્સની પેઠે યુદ્ધ કરી મચી ગયા. એવી રીતે મહા ભયંકર સંગ્રામ ચાલતાં ઈંદ્રજિતે લક્ષ્મણ ઉપર તાપસ નામનું અસ્ત્ર નાખ્યું. તેવારે લક્ષ્મણે તપન નામના અસ્ત્રવડે તેનો નાશ કર્યો. પછી લક્ષ્મણે જેમ જળમાંના તંતુ જનાવરથી હાથી બંધાઈ જાય, તેમ નાગપાશ અસ્ત્ર નાખીને ઈંદ્રજિતને બાંધી લીધો, તેથી તે વજ્રની પેઠે પડયો. એટલે લક્ષ્મણની આજ્ઞાથી વિરૂધ્ધ તેને બંદીવાનની પેઠે પોતાના રથમાં નાખીને પોતાના રહેઠાણે લેઈ ગયો. તેમજ રામે પણ કુંભકર્ણને નાગપાશથી બાંધ્યો. તેને રામની આજ્ઞાથી ભામંડળ લેઈ ગયો. રામના બીજા સૈનીકો મેઘવાહન પ્રમુખ રાક્ષસોને બાંધીને પોતપોતાના રહેઠાણ ઉપર લેઈ ગયા. એ બધું જોઇને ક્રોધમાં આવી

રાવણે જયશ્રીનું મૂળ જે ત્રિશૂલ, તે બિભીષણ ઉપર નાંખ્યું. લક્ષ્મણે બાણે કરી કેલીની પેઠે તે ત્રિશૂલના આકાશમાંજ કટકા કરી નાખ્યા. ત્યારે ધરણેંદ્રે આપેલી અમોઘવિજયા નામની શક્તિ રાવણે લીધી. ધગ્ ધગ્ વડે જાજ્વલ્યમાન, તથા તડતડ શબ્દ કરનારી, વીજળી જેવી તે શક્તિ આકાશમાં ફરવા લાગી. તેને જોઇને આકાશમાંના દેવ પાછા ફરવા લાગ્યા. સૈનીકોના નેત્રો મીચાઈ ગયા તથા કોઈ પણ સ્થીર રહ્યો નહીં. ત્યારે રામ કહેવા લાગ્યો કે, હે લક્ષ્મણ, આજે આપણો પરોણો બિભીષણ માર્યો જાય છે. આશ્રીતનો ઘાત કરાવનારા આપણને ધિઃકાર છે. રામનું એવું સાંભળી, લક્ષ્મણે બિભીષણની આગળ થઇને યુદ્ધ કરવા સારૂ રાવણને હાંક મારી. ગરૂડ ઉપર બેઠેલા લક્ષ્મણને આગળ આવેલો જોઇને રાવણે તેને કીધું કે, 'મેં તારા ઉપર શક્તિ લીધી નથી. માટે તું બીજાના મૃત્યુમાં મર નહીં, તેમ છતાં તારે મરવું હોય તો મર. એમ કહીને રાવણે તે શક્તિને ફેરવીને લક્ષ્મણના ઉપર નાખી. તેને આવતી જોઇને લક્ષ્મણ, સુગ્રીવ, હનુમાન, ભામંડળ, વિરાધ અને બીજા વાનરાઓએ પોતપોતાના અસ્ત્રો તથા શસ્ત્રો તેના ઉપર નાખ્યા. પરંતુ તે શસ્ત્રો તથા અસ્ત્રોને ન માનતા તે શક્તિ આવીને લક્ષ્મણના હૃદયમાં લાગી, તેથી લક્ષ્મણ મૂર્છિત થઇને પૃથ્વી પડયો. તે વખતે રામના સૈન્યમાં હાહાકાર શબ્દ થયો. પછી રામે ક્રોધાયમાન થઈ, પંચાનન રથમાં બેશી, રાવણની સાથે યુદ્ધ કરીને, ક્ષણમાત્રમાં તેને રથ રહિત કર્યો. ત્યારે રાવણ મોટા વેગથી બીજા રથ ઉપર ચડયો, તેને પણ રામે નાશ કર્યો. એ પ્રમાણે પાંચ વખત રામે રાવણને રથ રહિત કર્યો. ત્યારે રાવણે પોતાના મન સાથે વિચાર કર્યો કે, આ રામ પોતાના ભાઈના સ્નેહે કરી પોતાની મેળેજ મરશે. માટે એની સાથે વ્યર્થ યુદ્ધ શા સારૂ કરવું! એમ ધારી, તે લંકામાં ગયો. તે વખતે રામના શોકેજ જાણે અસ્તાચળ પર્વત. ઉપર ગયો હાયની! એટલે સાંજ પડી.

રાવણના ગયા પછી રામ પાછો ફર્યો અને લક્ષ્મણની

પાસે આવી ને તેને મુર્છાવસ્થામાં પડેલો જોઇને પોતે પણ મુર્છા ખાઈ પૃથ્વી પર પડયો. ત્યારે સુગ્રીવાદિક સેનાનીઓએ તેના ઉપર શીતળ વાયુ ઢોળી ચંદનનું પાણી છાંટીને તેને સાવધ કરી લક્ષ્મણની પાસે બેસાડ્યો. ત્યારે રામ રડતો રડતો બોલવા લાગ્યો. હે વત્સ, તને શું પીડા થાય છે? બોલ તો ખરો. મૌનતાને મૂકી દે. ઇશારાથી તો બોલ. મને સંતુષ્ટ કર. આ સુગ્રીવાદિક તારા મુખ સામે જોઇ રહ્યા છે. એમના ઉપર વાણીએ કરી અથવા દૃષ્ટીએ કરી અનુગ્રહ કર. રાવણ રણમાંથી જીવતો ગયો તેની લજ્જાથી તું બોલતો નથી કે શું? કાંઇક તો બોલ. હું તારો મનોરથ પૂર્ણ કરીશ. એવી રીતે લક્ષ્મણની સાથે બોલીને પૂરી તે કહે છે કે, રે, રે, રાવણ, દુષ્ટાત્મન, ઉભો રહે! ઉભો રહે! તું કયાં ચાલ્યો? આ હું તને પરલોકમાં પહોંચાડું છું. એમ બોલી ધનુષ્યનો ટણત્કાર કરી તે ઉભો રહ્યો. ત્યારે સુગ્રીવ આવી કહેવા લાગ્યો કે, હે રામ, આ રાત્ર છે. નિશાચર જે રાવણ તે તો લંકામાં જતો રહ્યો. આ વખત તો શક્તિ પ્રહાર તે દૂર કરવાનો છે. હે રામ! ધૈર્યને ધારણ કરો. એટલે રામ ફરીથી કહેવા લાગ્યો કે, સ્રીનું હરણ થયું, ભાઈ નષ્ટ થયો, તેમ છતાં હજી સુધી રામ જીવતો છે. આ શરીરના સો કટકા શા સારૂ થતા નથી! હે સખે સુગ્રીવ, હે હનુમાન, હે ભામંડળ, હે નલ, હે અંગદ, હે વિરાધાદિક, તમે પોતપોતાને ઘેર જાઓ. સીતાનું હરણ થવા કરતાં આ લક્ષ્મણના વધનું મને ઘણું દુઃખ થયું છે. હે સખે બિભીષણ, તું પણ હજુ સુધી કૃતાર્થ થયો નથી. પણ કાલ સવારે તારા ભાઇને મારા ભાઇની પાસે મોકલીશ. તે તું જોશે. તારૂં કામ કરીને હું લક્ષ્મણની પાછળ જઇશ. આ મારા પ્રાણપ્રિય બંધુ લક્ષ્મણ વિના સીતાને તથા આ જીવિતને શું કરવાનું છે? ત્યારે બિભીષણ કહેવા લાગ્યો કે, હે પ્રભો! ધૈર્ય ધરો. આ શક્તિથી હણાયલો પુરૂષ એક રાત્ર સુધી જીવતો રહે છે. માટે જ્યાં સુધી રાત્ર ગઈ નથી, ત્યાંસુધી તેના ઉપાયો વિષે યત્ન કરો. એવું સાંભળીને રામે કહ્યું કે, ઠીકજ છે.

બિભીષણના બોલવાથી તે શક્તિનો એક રાત્રીનો અવધિ જાણી લક્ષ્મણની રક્ષા કરવા સારૂ સુગ્રીવાદિકોએ વિદ્યાના યોગે કરી લક્ષ્મણની આસપાસ ચાર ચાર દરવાજાવાળા સાત કોટ કર્યા. તેના પૂર્વ દ્વાર ઉપર સુગ્રીવ, હનુમાન, તાર, કુંદ, દધિમુંખ, ગવાક્ષ તથા ગવય; ઉત્તર દ્વાર ઉપર અંગદ, કુર્માંગ, માહેંદ્ર, વિહંગમ, સુષેણ, ચંદ્રરશ્મી તથા વૃષભ; પશ્ચિમ દ્વાર ઉપર નીલ, સમરશીલ, દુર્ધર, સમર્થ, જય, વિજય તથા સંભવ અને દક્ષિણ દ્વાર ઉપર ભામંડળ, વિરાધ, ગજ, ભુવનજિત, નલ, મૈંદ તથા બિભીષણ; એ પ્રમાણે વીરો ઉભા રહી રામ તથા લક્ષ્મણને તેમાં બેસાડીને આખી રાત જાગતા રહ્યા. લક્ષ્મણને શક્તિ લાગેલી જોઈને તે હકીકત કોઇએ જઇને સીતાને કહી, અને તેનો ભાઈ રામ પણ પોતાના ભાઈની પ્રીતિ વડે સવારના મરણ પામશે એવું જણાવ્યું. તે સાંભળતાંજ જાનકી હણાયલી વેલીની પેઠે મૂર્છા ખાઇને પૃથ્વી પર પડી. તેને વિદ્યાધરીઓએ પાણી છાંટીને સાવધ કરી, એટલે ઉઠીને એ કરૂણાસ્વરે વિલાપ કરવા લાગી.

હા વત્સ લક્ષ્મણ, રામને મૂકીને તું ક્યાં ગયો? તારા વિના એક ઘડી પણ રહેવાને રામ સમર્થ નથી. મજ મંદભાગ્યને ધિઃકાર છે. મારે માટે પતિને તથા દેવરને આ વખતે મહા દુઃખની પ્રાપ્તિ થઈ. હે પૃથ્વી, મારા ઉપર પ્રસન્ન થઇને મને પેસવાની જગા આપ. હે હૃદય, આ પ્રાણ નીકળવાને તું તો ફાટ. એ પ્રમાણે સીતાને ઘાડ સ્વરે રૂદન કરતી જોઈને અવલોકિની નામની વિદ્યાધરી તેને કહેવા લાગી કે, હે દેવી, મૂર્છાએલો તારો દેવર સવારમાં જીવતો થશે અને તે રામની સાથે અહીં આવીને તને આનંદીત કરશે. અવલોકિની વિદ્યાધરીની એવી વાણીએ કરી સીતા છાની રહી અને ચકવીની પેઠે સૂર્ય ઉદયનું ચિંતવન કરતી થકી આખી રાત જાગતીજ રહી.

લંકામાં રાવણ, આજે લક્ષ્મણ માર્યો એમ વિચારી ઘડીકમાં રાજી થાય, તો ઘડીકમાં ભાઇઓ તથા પુત્ર વીગેરે મરણ પામ્યાનું યાદ લાવી રડવા લાગે. એ પ્રમાણે રડતો તે

બોલાવો લાગ્યો કે, હા વત્સ કુંભકર્ણ, તું મારો બીજો આત્માજ છે. હે ઇંદ્રજિત, હે મેઘવાહન, તમે મારી બે ભુજા છો. હે જંબુમાલ્યાદિક તમે હાથીની પેઠે કેમ બંધાયા? એ પ્રમાણે પોતાના બાંધવનું નવીન બંધન સ્મરણ કરીને તથા ફરી ફરી મુર્છાખાઇને રાવણ પડવા લાગ્યો.

અહીં રામના સૈન્યમાં કિલ્લાના દક્ષિણ દિશાના દ્વારના રક્ષક ભામંડલની પાસે કોઇ એક વિદ્યાધર આવીને કહેવા લાગ્યો કે, જો તું રામનો મિત્ર હોયતો મને તેની પાસે તેડી જા. હું લક્ષ્મણને જીવતો કરવા વિશે ઉપાય કરૂં છું. હું તમારો હિતકારી છું. એવું સાભળીને તેનો હાથ પકડી ભામંડલ તેને રામની પાસે લેઇ ગયો. ત્યારે તે રામને નીહાળી નમસ્કાર કરી તેમને કહેવા લાગ્યો કે, હે સ્વામીન, સંગીતપુર નામના નગરના રાજા શશિમંડલની સ્ત્રી ન્યુપ્રભાને પેટે પેદા થએલો હું પ્રતિચંદ્ર નામે વિદ્યાધર છું. કોઇ એક સમયે સ્ત્રી સહિત ક્રીડા કરવાસારૂ બહાર જતી વખતે મને એક સહસ્ત્રવિજય નામના વિદ્યાધરે દેખીને પૂર્વનું વૈર યાદ કરીને તે મારી સાથે લડવા લાગ્યો. પરસ્પર અમારી લડાઈ ચાલતાં તેણે મારા ઉપર શક્તિ પ્રહાર કરીને મને પાડયો. ત્યાંથી લોટતો લોટતો હું આયોધ્યા નગરી આગળના મહેંદ્ર નામના ઉપવનમાં ગયો. ત્યાં મને તેવીજ દશામાં તમારા ભાઈ ભરત રાજાએ જોયો. ત્યારે તેમણે મારા ઉપર સુગંધીનું પાણી છાટયું; એટલે ઘરમાંથી જેમ ચોર નાશી જાય, તેમ મારા શરીરમાંથી શક્તિ નીકળી જવાથી મારૂં શરીર સારૂં થયું. પછી આશ્ચર્ય પામીને તે સુગંધીવાળા પાણીનું મહાત્મ્ય હું તેમને પૂછવા લાગ્યો. એટલે એમણે મને કહ્યું કે, ગજપુરથી કોઇ એક વિંધ્ય નામનો સાર્થવાહક અહીં આવ્યો હતો, તેનો એક પાડો ઘણા ભારથી રસ્તામાં પડી ગયો હતો, તેના માથા ઉપર ઘણા લોકો પગ દેઇને જવા લાગ્યાથી તે અકામ નિર્જરાના યોગે મરીને શતંકર નગરનો રાજા થયો. ત્યાંથી મરીને પવનપુત્રક નામનો વાયુકુમાર દેવ થયો. ત્યાં તેણે અવધિ જ્ઞાન વડે પાડાના ભવમાં લોકોના પગ તળે કચરાઇને

પોતાનું મૃત્યુ થયાની વાત જાણી તેથી તે કોપાયમાન થયો થકો, આ જન પદમાં, તથા આ નગરમાં રોગનો ઉપદ્રવ કરવા લાગ્યો. પરંતુ મારા મામાના ઘરમાં, તેમજ તેના દેશમાં વ્યાધી ઉપની નહીં. તે વખતે દ્રોણમેઘ નામના મારા મામાને વ્યાધી ન ઉપજવાનું કારણ પૂછવાથી તેણે મને કહ્યું કે, પૂર્વે મારી સ્રી પ્રિયંકરા વ્યાધી વડે અતિ પીડાણી હતી. પણ તે ગર્ભિણી થયા પછી તે ગર્ભના પ્રભાતે કરી રોગથી મુકત થઇ. પછી માસ પૂરા થએથી તેને વિશલ્યા નામની એક છોકરી થઇ. ત્યાર પછી કોઇ એક સમયે તારા દેશની પેઠે મારો દેશ પણ વ્યાધી વડે પીડિત થયો. ત્યારે વિશલ્યાના સ્નાનનું પાણી છાંટવાથી તે રોગ જતો રહ્યો. કોઈ એક સમયે એક સત્યભૂતિશરણ નામના મુનિને તેનું કારણ પૂછવાથી તેણે વિશલ્યાના પૂર્વ જન્મના તપનું ફળ કહીં સંભળાવ્યું. અને જણાવ્યું કે, એના સ્નાનના પાણીથી ઘા રૂઝાઇ જાય, શૂલનો નાશ થાય, અને વ્યાધી જતી રહે. હવે પછી થનારો જે આનો પતિ લક્ષ્મણ તે પણ એનાથી-જ જીવતો રહેશે. એવી તે મુનિની વાણીનો, સમ્યક જ્ઞાનના અનુભવથી, તથા તેના સ્નાનના પાણીના જોએલા પ્રભાવથી બધાઓએ નિશ્ચય કર્યો. એમ કહીને મારા મામા દ્રોણમેઘે મને વિશલ્યાના સ્નાનનું પાણી આપ્યું. તેના પ્રભાવથી મારી ભૂમિ રોગ રહિત થઇ. અને તેજ પાણી મેં તારા અંગ ઉપર છાંટયું. તેથી તું લગાર વારમાં શક્તિના દુઃખથી તથા બળવાથી મુકાયો. એવી રીતે ભરતની પેઠે મને પણ તેનો અનુભવ થયો. માટે હે રામ, જ્યાં સુધી સવાર થઇ નથી, ત્યાં લગણ વિશલ્યાના સ્નાનનું પાણી લાવો. એ કામમાં ઢીલ કરવા જેવું નથી. સવાર થઇ ગઇ તો શું કરશો? ગાડી ઉથલી ગયા પછી ગાડી વાળો શું કરે?

પ્રતિચંદ્ર વિદ્યાધરનું એવું બોલવું સાંભળીને ભરતની પાસેથી વિશલ્યાના સ્નાનનું પાણી લાવવા માટે ભામંડલ, હનુમાન, અને અંગદ, એ ત્રણે જણા આયોધ્યા તરફ જવા સારૂ તૈયાર થયા. રામે તેમને જવાની રજા આપી. ત્યારે તેઓ વિમાનમાં

બેશીને આકાસ માર્ગે વાયુના વેગની પેઠે અયોધ્યામાં ગયા. ત્યાં તેમણે ભરતને પોતાના ઘરમાં સુતેલા જોયો તેથી તેને જગાડવા સારૂ તેઓ આકાશમાં ગાયન કરવા લાગ્યા. ભરત રાજા જાગીને તેમને પૂછવા લાગ્યો. ત્યારે ભામંડલે નમસ્કાર કરીને આવવાનું કારણ કહ્યું. કહ્યું છે કે, "વિશ્વાસીને વિશ્વાસીનો ભરોંસો હોય છે." તે સાંભળી ભરત કહેવા લાગ્યો કે, મારા જવાથી એ કાર્ય થશે. પછી તેને વિમાનમાં બેસાડી તેઓ કૌતુકમંગલ નામના નગરમાં ગયા. ત્યાં જઇ ભરતે તેના મામા દ્રોણમેઘ પાસે લક્ષ્મણને શકિત લાગ્યા સંબંધી સર્વ હકીકત જણાવી વિશલ્યા માગી. ત્યારે તેણે વિશલ્યા સાથે બીજી હજાર કન્યાઓ લગ્ન કરવાસારૂ આપી. એ ટલે ભરત તથા વિશલ્યા સહિત તે કન્યાઓને લેઈ ભામંડલ વીગેરે ત્યાંથી વિમાનમાં બેસી આકાશ માર્ગે થઇ વાયુવેગે અયોધ્યામાં આવ્યા. ત્યાં ભરત રાજાને મુકીને, અતિ ત્વરાએ વિશલ્યાદિક કન્યાઓને લેઇને તેઓ લંકા આગળ આવી પહોંચ્યા. તે વખતે વિશલ્યા સહિત વિમાનમાં ભામંડલને જોઇને સર્વને સૂર્યના ઉદયની ભ્રાંતિ થઈ. એટલામાં વિમાનમાંથી ઉતરી વિશલ્યા લક્ષ્મણની પાસે આવી. તેણે વાસુદેવને સ્પર્શ કરતાવેંતજ, યષ્ટિ વડે મહા સર્પિણીની પેઠે તેના શરીરમાંથી તે શકિત નીકળીને ત્યાંથી ઉડી. તેને જતી જોઇને હનુમાને જેમ શ્યેન પક્ષી બીજા પક્ષીઓને પકડે, તે પ્રમાણે કુદકો મારીને પકડી. ત્યારે તે દેવતા રૂપ શકિત કહેવા લાગી કે, મારો દોષ નથી. ધરણેંદ્રે એને દીધી છે. હું પ્રજ્ઞપ્તિ વિદ્યાનું બેન છું. આ વિશલ્યાના તપનું તેજ મારાથી સહન થતું નથી. હું નીરપરાધી છું, માટે મને મુકીદે, હવે હું જાઊં છું. એવું સાંભળીને મારૂતીએ એને મુકી દીધી. ત્યારે તે શકિત લજવાએલીની પેઠે અંતર્ધાન પામી. વિશલ્યાએ ફરી વાસુદેવના અંગ ઉપર હાથ ફેરવ્યો. અને ગોશીર્ષ ચંદન તેના અંગ ઉપર ચોપડયું. શકિતનો તાપ ગયા પછી લક્ષ્મણ સુતેલાની પેઠે ઉઠ્યો. તેને રામે આલિંગન દેઇને વિશલ્યાનો વૃત્તાંત કહ્યો. પછી તેના સ્નાંનનું પાણી રામે પોતાના માણસોના અંગ ઉપર છાંટયું.

તેથી ઘવાએલા તથા બીજી પણ પીડાથી પીડાતા સર્વ સાજા થયા. રામની આજ્ઞાએ કરી તે હજાર કન્યાઓ સહિત વિશલ્યાની સાથે લક્ષ્મણે લગ્ન કર્યું. ત્યાં વિદ્યાધર રાજાઓએ લક્ષ્મણનો જીવન—જન્મ તથા વિવાહ ઉત્સવ કર્યો.

લંકામાં દુત દ્વારા લક્ષ્મણ જીવતો થયાના ખબર સાંભળીને રાવણ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, શક્તિના મારથી તાડિત થયેલો લક્ષ્મણ, સવાર થતાંજ મરશે, અને તેના સ્નેહે કરી રામ પણ મરશે તથા કપી પણ નષ્ટ થશે. અને મારા કુંભકર્ણ તથા ઈંદ્રજિતાદિક સર્વ અહીં આવશે, એવો મારો મનોભાવ હતો, પરંતુ દૈવ પ્રતિકૂળ હોવાથી લક્ષ્મણ જીવ્યો. હવે કુંભકર્ણાદિકોને કેમ કરી છોડાવું? આ પ્રમાણે ખેદ પામતા રાવણે પોતાના પ્રધાનોને બોલાવી એ બધી બાબત કહી સંભળાવી. ત્યારે તેઓ કહેવા લાગ્યા કે, સીતાને સોંપ્યા શિવાય કુંભકર્ણાદિક છુટવાના નથી. વળી હમણાં આપણું કલ્યાણ દેખાતું નથી. જે થયું તે સર્વ સારૂ થયું. તેનો શોક કરવો નહીં. હવે હે રાવણ, આપણા કુળની રક્ષા કર. રામને ઠંડા કર્યા વિના બીજો ઉપાય નથી. એવું સાંભળીને રાવણે તેઓનો તિરસ્કાર કર્યો. પછી તેણે એક દૂતને આજ્ઞા કરી કે, તું રામની પાસે જઇને તેને સામ, દામ, અને દંડવડે સમજાવ. ત્યારે તે દૂતે જઇને સુગ્રીવાદિકે કરી ઘેરાઈ બેઠેલા રામને નમસ્કાર કર્યો. અને રાવણની તરફથી બોલવા લાગ્યો.

દૂત—(રાવણને ઠેકાણે) હે રામ, તું મારા પુત્રોને અને ભાઈઓને મુકી આપ. એક સીતા શિવાય તું બીજું જે કાંઇ માગે તે તને આપું. મારૂ અર્ધ રાજ્ય લે. બીજી ત્રણસેં કન્યાઓ તને આપું. તે લેઇને સંતોષ કર. મારૂં આ કહેણ જો તું માન્ય કરીશ નહીં તો પ્રાણ ખોઇશ.

રામ—તારી રાજ્ય સંપત્તિ, તથા બીજી સ્રીઓના ઉપભોગની મને ઇચ્છા નથી. જો જાનકીનો સત્કાર કરીને તેને

પાછી મોકલે, તો તારા ભાઈઓ તથા પુત્રોને હું મુકી દેઊં. તે શિવાય મુકનાર નથી.

દૂત—હે રામ, સ્ત્રીને માટે પ્રાણ આપવો, એ તને યોગ્ય નથી. રાવણે મારેલો લક્ષ્મણ જો કે એકવાર જીવતો થયો, પરંતુ આજ તું અને તારી સાથે આવનારા આ વાનર કેમ જીવતા રહેશે? એકલો રાવણ સર્વને મારવાને સમર્થ છે, તે તું સમજે છે, માટે વિચાર કરી મારૂં કહેવું માન્ય કર. એજ તને સુખદાઈ છે. નહીં તો પ્રાણ પડશે.

લક્ષ્મણ—(ક્રોધાયમાન થઇને) હે દૂતાધમ, હજી સુધી રાવણ પોતાની શક્તિ તથા બીજાની શક્તિ જાણતો નથી. તેના પરિવારને બંદીખાનામાં નાંખ્યો. હવે માત્ર સ્ત્રી લેવાનું બાકી રહ્યું છે. તથાપિ હજી સુધી તે પોતાની બડાઈ હાંકી રહ્યો છે. અરે! કેટલી એની હલકાઈ! ડાળીઓ તુટેલું વૃક્ષ મુશળની પેઠે એકલું રહે છે, તેમ રહેલો આ એકલો રાવણ કેટલા દિવસ રહેશે? માટે હે દૂત, તું જા. અને રાવણને યુદ્ધ કરવા સારૂ મોકલ. તેને મારવા માટે મારા હાથ યમની પેઠે તૈયાર છે.

એવી રીતે લક્ષ્મણે દુતને કહ્યું, કે તરતજ વાનરાઓએ તેનું ગળું પકડી ત્યાંથી તેને કહાઢો મુકયો. દુતે રાવણની પાસે જઇને રામ લક્ષ્મણનું સર્વ બોલવું તેને કઇ સંભળાવ્યું. ત્યારે રાવણ પોતાના પ્રધાનોને બોલાવી તેઓને પૂછવા લાગ્યો કે, હમે કેમ કરવું? તે કહો, પ્રધાનોએ જણાવ્યું કે, સીતા આપવી એજ યોગ્ય છે. સીતા લાવીને વ્યતિરેક ફૂલ જોયું. હવે અન્વય ફળને જો. અન્વય અને વ્યતિરેક વડે સર્વ કાર્યની પરીક્ષા થાય છે. હે દશાનન, તું એકલો વ્યતિરેકપણે રહ્યો. હજી તારા પુત્ર, બંધુ ઘણા જીવતા છે. સીતા અર્પણ કરયાથી તે બધા બાંધવ છુટશે. પછી તેમની સાથે સુખે કરી રાજ્ય સંપત્તિનો ઉપભોગ કર. પ્રધાનોનું એવું બોલવું સાભળીને રાવણ મનમાં

અતિ દુઃખી થયો, અને વિચાર કરવા લાગ્યો કે, મનકામના સિદ્ધ કરવા સારૂ બહુરૂપા વિદ્યાનું સાધન કરવું. એવો મનને વિષે નિશ્ચય કરીને તે વિદ્યા સાધ્ય કરવા સારૂ કષાય રહિત થઇને રાવણ શ્રી શાંતિનાથ ભગવાનના ચૈત્ય પ્રત્યે ગયો. ત્યાં તેણે ઈંદ્રની પેઠે ભકિત વડે શ્રી શાંતિનાથ સ્વામીની જળના કલશથી સ્નાત્ર પૂજા કરી. ગોરોચન, ઈત્યાદિકે કરી અગંને અર્ચન કર્યું. અને ફૂલાદિકે પૂજા કરીને સ્તુતિ કરવા લાગ્યો:—હે દેવોના દેવ, જગતના રક્ષક, પરમાત્મા, શ્રીમાન્, સોળમા તીર્થંકર શાંતિનાથ, હું તને નમસ્કાર કરૂં છું. હે શ્રી શાંતીનાથ, હે ભગવન્, હે ભવ સમુદ્રતારક, સર્વાર્થ સિદ્ધિમંત્ર સ્વરૂપ, તારા નામને નસ્કાર હોજ્યો. હે પરમેશ્વર, હે પુરૂષોત્તમ, જે તારી અષ્ટવિધ પૂજા કરે છે, તેમના હાથોમાં અષ્ટ અણિમાદિ સિદ્ધિ છે. નેત્રો વડે જે નિત્ય તને જુએ છે, તેનાં નેત્રો ધનછે, નેત્રે કરી જોએલો જે તું તેને જે હૃદયમાં ધારણ કરે છે, તેનાં હૃદય નેત્રોથી ધન્ય છે. હે દેવ, સ્પર્શવેધિ રસના યોગે જેમ સુવર્ણ થાયછે, તેમ તારા ચરણ સ્પર્શે કરી જન પવિત્ર થાય છે. હે પ્રભો, તારા ચરણ કમળને નમસ્કાર કર્યાથી તથા તારી પાસે લોટયાથી મારા કપાળની ગાંઠ શૃંગારતિલક થશે. પવિત્ર ચંદનાદિક પદાર્થ તને અર્ચ્યાથી મારી રાજ સંપતિ રૂપ વેલીને નિરંતર ફળ આવો. એ પ્રકારે વારંવાર પ્રાર્થના કરીને કહે છે કે, હે જગત્ વિભો, જન્મ જન્માં તારા વિશે મારી ભકિત હોજ્યો. એવી રીતે રાવણે શ્રી શાંતિનાથ સ્વામીની સ્તુતિ કરીને તેમની સામે રત્નની શિળા ઉપર બેસી હાથમાં અક્ષમાળા લેઇને બહુરૂપા વિદ્યા સાધન કરવાનો આરંભ કર્યો. તે વખતે મંદોદરીએ યમદંડ નામના દ્વારપાલને આજ્ઞા કરી કે, આજથી આઠ દિવસ સુધી લંકામાં બધાઓએ અષ્ટાહ્નિક મહોત્સવ કરવો; જે નહીં કરે તેનું માથું કાપી નાખ્યામાં આવશે, એવી થાળી પીટાવ. પછી દ્વારપાળે આજ્ઞા પ્રમાણે થાળી પીટાવી. એ સર્વ હેકીકત એક જાસુસે જાણી લેઇ સુગ્રીવની પાસે જઇને નિવેદન કરી. તે સાંભળીને સુગ્રીવ રામને કહેવા લાગ્યો કે, હે સ્વામીન્,

જ્યાં સુધી દશાનનને બહુરૂપા વિદ્યા સિધ થઇ નથી; ત્યાં સુધી તે સાધ્ય છે. એવુ સાંભળી, રામ હસીને કહેવા લાગ્યો કે, શાંતિનાથના ધ્યાનમાં બેઠેલા રાવણને કેમ પકડું? હું તેના જેવો કપટી નથી. રામનાં એવાં વચનો સાંભળીને, ખબર ના પડે તેમ તેમને જણાવ્યા શિવાય રાવણની વિદ્યાનો નાશ કરવા સારૂ અંગદાદિક લંકામાં ગયા. ત્યાં તેઓએ ઘણો ઉપદ્રવ દીધો. તથાપિ રાવણ ધ્યાનથી લગારે ડગ્યો નહીં. ત્યારે અંગદ બોલ્યો કે, હે રાવણ રામથી ડરીને તેને શરણ ન આવતાં આ શું પાખંડ કરવા બેઠો છું? મહા પતિવ્રતા મારા સ્વામીની સ્ત્રી સીતાનું તેં કપટ કરી હરણ કર્યું. પરંતુ હમણા તારી સામેજ તારી સ્ત્રી મંદોદરીનું, હું હરણ કરૂં છું. એમ કહીને અંગદ ક્રોધે કરી મંદોદરીના કેશ પકડી તેને ખેંચવા લાગ્યો. ત્યારે તે અનાથની પેઠે કરૂણા સ્વરે કરી રડવા લાગી. તથાપિ ધ્યાનમાંબેઠેલા રાવણે તેમની સામે પણ જોયું નહીં. તે વખતે તેં વિદ્યા સિદ્ધ થઇ. તેના યોગે આકાશ પ્રકાશમાન થયું. તે વિદ્યા આવીને કહેવા લાગી કે, હે રાવણ, હું તને સિદ્ધ થઇ. તારૂં શું કામ છે? તે કહો, ત્યારે રાવણ તેને કહેવા લાગ્યો કે, તું સર્વ કરીશ. પરંતુ જે વખતે તારૂં સ્મરણ કરૂં ત્યારે તું આવજે. ' આ વખતે તું તારે, ઠેકાણે જા. એવું સાંભળતાંજ તત્કાળ તે અંતર્ધાન થઇ. પછી ત્યાં આવેલા સર્વ વાનરો પોતપોતાને સ્થાનકે ગયા.

ત્યાર પછી અંગદે મંદોદરીના કેશ પકડી ખેંચ્યા સંબંધી સર્વ વૃત્તાંત રાવણે સાંભળ્યો, તેથી તેણે અહંકારે કરીને મોટો હુંકારો કર્યો. પછી સ્નાન ભોજન કરીને તે દેવરમણોદ્યાનમાં સીતાની પાસે જઈ તેને કહેવા લાગ્યો કે, મેં ઘણા દિવસ સુધી વિનય વડે તારી પ્રાર્થના કરી. પરંતુ તું એકની બે ના થઈ. તો હવે હું વિનય ન કરતાં તારા પતિને તથા દેવરને મારીને બળાત્કારે તારો ઉપભોગ લેઈશ. એવી વિષ જેવી તેની વાણી સાંભળીને, મૂર્છિત થઈ તેની આશાની પેઠે જાનકી પૃથ્વી ઉપર પડી. પછી કેટલીક વારે સાવધ થઇને તેણીએ એવો નિયમ કર્યો કે, "કવચિત્ રામ લક્ષ્મણ મુવા તો તે દિવસથી

હુ અનશણ વ્રત લઇશ. એવું સાંભળીને રાવણ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, રામને વિશે એનો સ્વાભાવિક સ્નેહ છે. એને વિશે મારી પ્રીતિ, સ્થળને વિશે કમળને શોધવા જેવી છે. મેં બિભીષણની અવજ્ઞા કરી તે સારૂ કર્યું નહીં. તેમજ મેં પ્રધાનોનું કહેવું પણ માન્યું નહીં, ને કુળને કલંક લગાડયું. હવે જો આને હું એમને એમ મુકું તો મને અવિચારીપણું આવે. અને રામના પરાક્રમથી જો એ મુકાશે તો મારી અપકીર્ત્તિ થશે. માટે રામ લક્ષ્મણને બાંધીને અહીં લાવી, સીતા તેમને સ્વાધીન કરૂં, કે જેથી મારી કિર્ત્તિ થશે. એવો નિશ્ચય કરીને તેણે તે રાત્ર ગાળી. સવારના અપશુકન થયા તેને ન ગણુકારતાં રાવણ યુદ્ધ કરવા નિકળ્યો. રણંભૂમિમાં આવતાં રામ અને રાવણના લશ્કર વચ્ચે પરસ્પર લડાઇ શરૂ થઇ. તેમાં સુભટોની ભુજાઓના શબ્દોથી દિગ્ગજ ત્રાસ પામવા લાગ્યા. તે વખતે લક્ષ્મણે રાક્ષસોના સૈન્યનો નાશ કરીને બાણે કરી દશકંધરને ખૂબ માર્યો.

લક્ષ્મણનું એવું અગાધ પરાક્રમ જોઇને રાવણે શંકા પામી બહુરૂપા વિદ્યાનું સ્મરણ કર્યું. તેવીજ તે તેની સામે આવી ઉભી રહી. તેના યોગે રાવણે પોતાના અનેક રૂપો કર્યાં. તે વખતે પૃથ્વી ઉપર, આકાશમાં, પોતાની પાછળ તથા આગળ, સર્વ સ્થળે નાના પ્રકારે શસ્ત્રોનો વરસાત વરસાવતાં રાવણને લક્ષ્મણે જોયો. ત્યારે તેટલા સર્વ રૂપોને એકલા લક્ષ્મણે તીક્ષ્ણ બાણો વડે માર્યો. તેથી રાવણે વિકલ થઇને, અર્ધ ચક્રિપણાના ચિન્હ રૂપ <u>ચક્રનું</u> સ્મરણ કર્યું. ત્યારે તે આવ્યું. રાવણે તેને આકાશમાં. ફેરવીને લક્ષ્મણને મારવા માટે તેના ઉપર નાખ્યું. તે ચક્ર લક્ષ્મણને કાંઇ પણ વ્યથા કર્યા વગર તેને પ્રદક્ષિણા કરીને ઉદયાચળ પર્વતના શિખરની ઉપર સૂર્યની પેઠે તેના હાથમાં આવી રહ્યું. ત્યારે રાવણ ખેદ પામતો થકો વિચાર કરવા લાગ્યો કે, મુનિનાં વચન સાચાં થયાં. બિભીષણાદિકોનું બોલવું ખરૂં પડયું. એ પ્રમાણે વિચારના વમળમાં ઉતરેલા મુખે શોકાતુર થયેલા


યુદ્ધભૂમિનો દેખાવ.
રાવણ. વિ.
રામ. વિ
લક્ષ્મણને શક્તિ વાગ-
વી.
વિશલ્યા


રાવણ
રાવણનું પડવું.
લક્ષ્મણ

રાવણને જોઇને બિભીષણ તેને કહેવા લાગ્યો કે, હે રાવણ, હજી પણ જો તારે જીવતું રહેવું હોય તો જાનકીને મુક. ત્યારે તે ક્રોધમાં આવી કહેવા લાગ્યો કે, રે! આ ચક્રજ મારૂં અસ્ત્ર છે કે! આ ચક્ર સહિત શત્રુને મુઠથી હું મારી નાખીશ. એમ બોલે છે એટલામાં તેજ ચક્રથી લક્ષ્મણે રાવણનું હૃદય કોલ્હાની પેઠે કાપી નાંખ્યું. તે વખતે દેવોએ જય જય શબ્દ કરીને લક્ષ્મણની ઉપર ફૂલોની વૃષ્ટિ કરી. વાનરા નાચવા લાગ્યા. અને હર્ષાવેશે ઉમંગમાં આવી તેઓ એવો કિલકિલાટ શબ્દ કરવા લાગ્યા, કે જેણે કરી સર્વ આકાશ ભરાઈ ગયું. રાવણ મુઓ જાણી રાક્ષસો ભયના માર્યા દશે દિશાએ નાસવા લાગ્યા. એવી રીતે જેઠ મહિનાના કૃષ્ણ પક્ષની એકાદશીને દિવસે (જેઠ વદી ૧૧) ચોથા પ્રહરે રાવણ મરણ પામી ચોથી નરકે ગયો.

ઝૂલના છંદ–કડખાની દેશી.

રામ રાવણ તણું યુદ્ધ દારૂણ અતી,
ક્રુદ્ધ થઈ સુભટ પટુ નટ કહાયા;
એકથી એક ધરિ ટેક સામે થયા,
નેક નહિ ભેકતા છેક લાયા;
વાદ્યના નાદ સુણિ પામિ આલ્હાદને,
સાદ કરિ પાદ કરને પ્રહારે;
વીર ધરિ ધીર નભ કીર વત ઉડિતે,
વૈરિ વપુ કીર કરથી વિદારે. ૧
અશ્વ ગજ મેષ ખર પ્રમુખ વાહન ચઢી,
વિવિધ રીતે લડે શૂર ભારી;
ઈંદ્રજિત કુંભકર્ણાદિ રણ થંભવત,
આવિયા ત્યાં બહૂ અસ્ત્ર ધારી;
રામના વીર સુગ્રીવ મારૂતિ પ્રમુખ,
તેજ ભંડાર પરિવાર સાથે;
દશવદન સૈન્યને ઘેરિ લીધું બધું,
પર્વતે પર્વતો થાય સાથે. ૨

યુદ્ધ બહુ કાળ કરિ લાલ નેત્રો વડે,
કાળનો ખ્યાલ દેખાય પૂરો;
છેવટે લક્ષ્મણે લંકપતિ મારિયો,
જે જગતમાંય અવતંસ શૂરો;
હેમ આચાર્ય ભાખ્યો સરસ વીર રસ,
જેહથી સર્વને શૂર વ્યાપે;
સર્ગ સપ્તમ થયો રામના ચરિતનો.
સાંભળે સર્વ મન શૂળ કાપે. ૩

ઈત્યાચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિતે ત્રિષષ્ઠિ શિલાકા
પુરૂષ ચરિત્રે મહાકાવ્યે સપ્તમે પર્વણિ
રાવણ વધો નામ સપ્તમઃ સર્ગઃ ૭

અથ શ્રી અષ્ટમ સર્ગ પ્રારભ્યતે:

ત્યારપછી ભય પામેલા નિશાચરોને બિભીષણ સમજાવવા લાગ્યો કે, આ રામ લક્ષ્મણ આઠમા બળદેવ વાસુદેવ છે. તમે એમને શરણે જાઓ. એવું સાંભળીને સર્વ રાક્ષસો રામ લક્ષ્મણને શરણે ગયા. તેમના ઉપર તેઓએ કૃપા કરી. કહ્યું છે કે, "ધીર પુરૂષોની પ્રજા ઉપર સમદૃષ્ટિ હોય છે." પછી બિભીષણે પોતાના ભાઈ રાવણનું મૃત્યુ થયું તેના શોકાવેશને લીધે પોતે મરવા માટે એક છુરી હાથમાં લીધી, ને તે પેટમાં ખોસવાનો વિચાર કરે છે, એટલાસાં રામે તેને પકડી લીધો. મંદોદરી પણ રાવણના શબની પાસે શૂન્યકાર જેવી બાવરી બની ઘાડસ્વરે રૂદન કરવા લાગી. તેમજ હા, ભાઈ, હા, ભાઈ! એવી રીતે કરૂણાસ્વરે કરી બિભીષણ પણ રડવા લાગ્યો. તેને રામ લક્ષ્મણે આગળ થવાના પ્રકારનો બોધ કરી કહ્યું કે, સંગ્રામમાં જેની આગળ દેવ પણ ભયને પામ્યા; એવા પરાક્રમી રાવણનો શોક કરવો યોગ્ય નથી. એ પોતાનું શૂરવીરપણું બતાવી મુવો તેથી જગતમાં એની કીર્ત્તિ થઈ છે. માટે હવે એની પ્રેતક્રિયા કરો. રડવાથી શું થવાનું છે? એમ કહીને નાગપાશાદિકે બંધાયલા કુંભકર્ણાદિક વીરોને છોડાવી રામે તેમને સારી રીતે સમજાવ્યા.

પછી બિભીષણ, કુંભકર્ણ, ઇંદ્રજિત, મેઘવાહન આદિક બીજા રાક્ષસો તથા મંદોદરીએ ગોરાચન, કર્પુર, અગરૂ ઈત્યાદિકે કરીને રાવણનો અંગ સંસ્કાર કર્યો. અને ચંદન ચય પ્રજાળી. રામે પદ્મસરોવર ઉપર આવીને સ્નાન કર્યું. તેમજ કુંભકર્ણાદિકોએ પણ સ્નાન કરીને રાવણને જળાંજળી દીધી. ત્યારપછી લક્ષ્મણની સાથે રામ, કુંભકર્ણાદિકોને કહેવા લાગ્યો કે, પ્રથમની પેઠે હવે પણ તમે પોતપોતાનાં રાજ્ય કરો. તમારી રાજ્યલક્ષ્મી અમારે લેવી નથી. તમારૂં કલ્યાણ થાઓ. રામનાં એવાં વચનો સાંભળીને, એકજ વખતે શોક અને આશ્ચર્ય પામતા કુંભકર્ણાદિક કહેવા લાગ્યા કે, હે મહાભુજ, આ મોટા રાજ્યનું અમારે કાંઈપણ પ્રયોજન નથી.

અમારી તો મોક્ષ સાધન કરવા રૂપ દીક્ષા લેવાની ઇચ્છા છે. હમણાં કુસુમાયુધોદ્યાનમાં અપ્રમેયબલ નામના એક ચતુર્જ્ઞાની મુનિ આવ્યા છે. ત્યાંજ તે રાત્રે તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. તે વખતે દેવોએ કેવળજ્ઞાન મહોત્સવ કર્યો. એવું સાંભળીને સવારના રામ, લક્ષ્મણ તથા કુંભકર્ણાદિક ત્યાં ગયા. અને મુનિને વંદના કરી તેમની પાસે ધર્મોપદેશ સાંભળવા બેઠા. દેશનાની સમાપ્તિ થયા પછી ઇંદ્રજિત તથા મેઘવાહનને વૈરાગ્ય ઉપન્યાથી તેમણે તે મુનિને પોતાના પૂર્વ જન્મની વાત પૂછ્યાથી તે બોલ્યાઃ—

"પૂર્વે તમે આ ભરતક્ષેત્રમાંની કૌશાંબી નગરીમાં પ્રથમ તથા પાશ્ચિમ નામના અતિ દરિદ્રી બે ભાઈપણે ઉત્પન્ન થયા હતા. ત્યાં તમે ભવદત્ત નામના મહામુનિ પાસે ધર્મ સાંભળી દીક્ષા લેઇ કષાય મુકીને વિહાર કરવા લાગ્યા. ફરતા ફરતા એક વખત તે બંને મુનિ કૌશાંબી નગરીમાં આવ્યા. ત્યાં તેમણે એ નગરના રાજા નંદીઘોષને પોતાની ઇંદુમુખી નામની સ્ત્રી સહિત ક્રીડા કરતો દીઠો. તે જોઇને પશ્ચિમ નામના મુનિએ નિયાણું બાંધ્યું કે, આ તપના યોગે આવી ક્રીડા કરનારાનો હું પુત્ર થાઉં. તેને બીજા મુનિએ ઘણો વાર્યો તથાપિ તેનો તે નિદાન પાકો બંધાઇ ગયો. તેથી મરણ પામ્યા પછી તે પશ્ચિમ મુનિનો જીવ, તેજ નંદીઘોષ રાજાની સ્ત્રી ઇંદુમુખીને ઉદરે પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું નામ રતીવર્ધન રાખ્યું. ક્રમે કરી યૌવન અવસ્થા પામી તે રાજ્યગાદીએ બેઠો. પછી પોતાના પિતાની પેઠે સ્ત્રીની સાથે ક્રીડા કરવા લાગ્યો. અને પ્રથમ નામનો બીજો મુનિ કાળ કરી ગયા પછી નિદાન તપના યોગે પંચમકલ્પ દેવલોકમાં એક પરમ મહર્દ્ધિક દેવ થયો. તેણે અવધિજ્ઞાન વડે પોતાના પૂર્વ જન્મના ભાઈની ઉત્પત્તિ જાણી તેથી તેને બોધ કરવા સારૂ તે દેવ મુનિનો વેશ ધારણ કરી તેની પાસે આવ્યો. રતિવર્દ્ધન રાજાએ વિનયપૂર્વક વંદન કરી તેને આસન ઉપર બેસાડ્યો. પછી તેણે બંધુના સ્નેહે કરી પોતાનો તથા તેનો પૂર્વ ભવ કહી સંભળાવ્યો. તેથી તે રતી-


બિભીષણને લંકાની ગાદીએ બેસાડ્યું.
રામ બિ.
બિભીષણ.
રામસીતાનો મેલાપ.
રામ.
રામ-લક્ષ્મણ-સીતા વિમાનમાં.
અયોધ્યા નગરી.

વર્દ્ધન રાજાએ જાતિ સ્મરણ જ્ઞાન થવાથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. ત્યાંથી કાળ કરીને તમે બંને ભાઇઓ વિદેહ ક્ષેત્રને વિષે વિબુદ્ધ નામના નગરમાં રાજા થયા. ત્યાં તમે બંને જણે ધર્મોપદેશ સાંભળી દીક્ષા અંગીકાર કરી. અને કાળે કરી દેહ-ત્યાગ કરીને અચ્યુત દેવલોકમાં ગયા. ત્યાંથી ચવીને ઇંદ્રજિત તથા મેઘવાહન નામના તમે બંને ભાઇઓ આ પ્રતિવાસુદેવ રાવણના પુત્ર થયા. અને રતિવર્દ્ધનની માતા ઇંદુમુખી ત્યાંથી કાળ કરીને ઘણા ભવ કરી તમારી માતા મંદોદરી થઈ.

અપ્રમેયબલ મુનિએ ઉપર પ્રમાણે ઇંદ્રજિત, મેઘવાહન તથા મંદોદરીનો સંબંધ સંભળાવ્યો. એ વાત ત્યાં બેઠેલા કુંભકર્ણાદિક તથા મંદોદરીઆદિકે સાંભળી, તેથી તેઓએ વૈરાગ્ય પામી તેજ વખતે ઇંદ્રજિત તથા મેઘવાહનની સાથે તે સાધુની પાસે દીક્ષા લીધી. પછી રામ, લક્ષ્મણ અને સુગ્રીવાદિક તે મુનિ મહારાજને નમસ્કાર કરીને ત્યાંથી ઊઠી ચોપદાર બિભીષણને આગળ કરી, તેણે દેખાડેલા માર્ગે થઈ લંકામાં ગયા. ત્યાંથી તેઓ પુષ્પગિરી પર્વત ઉપર ઉપવનમાં ગયા. જ્યાં તેમણે હનુમાનના કહ્યા પ્રમાણે સીતાને દીઠી.

રામે તે વખતે પોતાના પ્રાણની પેઠે સીતાને ખોળામાં લેઇને હું હમણાંજ જીવતો થયો એમ જાણ્યું. એ અવસરે આકાશમાં સિદ્ધ અને ગાંધર્વ "સીતાનો જય થાઓ" એમ બોલવા લાગ્યા. લક્ષ્મણે આંખમાં પાણી આણીને સીતાના પગ ઉપર માથું રાખ્યું. ત્યારે ચિરંજીવ, ઘણા કાળ આનંદ પામ, તારો ઘણા કાળ જય થાઓ, એવો સીતાએ તેને આશીર્વાદ દીધો. અને તેના મસ્તકનું ચુંબન કર્યું. તેમજ ભામંડળે પણ નમસ્કાર કર્યો પછી સીતાએ તેને આશીર્વાદ દીધો. ત્યાર પછી સુગ્રીવ, હનુમાન, અંગદ તથા બીજા વાનરાઓ તેમજ બિભીષણાદિક પોતપોતાના નામો જણાવી જાનકીને નમસ્કાર કરવા લાગ્યા. સીતાએ તેમનો સત્કાર કર્યો. તે સમયે પૂનિમના ચંદ્ર વડે જેમ કુમુદની શોભે, તેમ રામના દર્શનથી સીતા શોભવા લાગી. પછી સીતા સહિત રામ, ભુવનાલંકાર નામના

હાથી ઉપર બેશીને તથા સુગ્રીવાદિકોને સાથે લેઇને રાવણને ઘેર ગયા. ત્યાંથી હજાર મણિસ્તંભે કરી યુક્ત શ્રી શાંતિનાથ સ્વામીના ચૈત્યની વંદના કરવા સારૂ ગયા. તે વખતે બિભીષણે લાવી આપેલા ફૂલો વડે સીતા તથા લક્ષ્મણ સહિત રામે શ્રી શાંતિનાથ ભગવાનની પૂજા કરી. પછી બિભીષણે પ્રાર્થના કર્યાથી તેને ઘેર જઇને પરિવાર સહિત રામે સ્નાન તથા ભોજનાદિક કર્યું. ત્યાં રામને સિંહાસન ઉપર બેસાડીને બિભીષણે બે વસ્ત્રો ઓઢવાને આપ્યાં અને હાથ જોડી કહેવા લાગ્યો કે, આ રત્નોના તથા સોનાના કોશો, આ હાથીઓ તથા ઘોડાઓ, અને આ રાક્ષસ દ્વીપ, એ સર્વ તમે લ્યો. હું તમારો સેવક છું. તમારી આજ્ઞાથીજ હું તમને રાજ્ય ઉપર બેસાડું છું. મારા ઉપર પ્રસન્ન થઇને આ લંકાપુરીને અને મને તમે પવિત્ર કરો. એવું બિભષણનું બોલવું સાંભળીને તેને રામ કહેવા લાગ્યો કે, આ લંકાનું રાજ્ય મેં પ્રથમજ તને આપ્યું છે. તું ભક્તિમાં મોહિત થઇને ભૂલી ગયો કે શું? એમ કહીને રામે તેજ વખતે બિભીષણને લંકાના રાજ્ય ઉપર બેસાડ્યો. ત્યાર પછી સુધર્મા સભામાં ઇંદ્રની પેઠે લક્ષ્મણાદિક સહિત રામ, રાવણના ઘરમાં જઈ રહ્યો પછી સિંહોદરાદિક રાજાઓની કન્યાઓને પરણાવવા સારૂ રામની રજાથી લાવ્યા. તે કન્યાઓએ પોતપોતાની પ્રતિજ્ઞા પ્રમાણે યથાવિધિ રામ તથા લક્ષ્મણની સાથે લગ્ન કર્યું. ત્યાં નિર્વિઘ્ન પણે ઉપભોગ ભોગવીને રામ તથા લક્ષ્મણે છ વર્ષ કહાડ્યાં. એવા સમયમાં વિંધ્યાચળ પર્વત ઉપર ઇંદ્રજિત અને મેઘવાહન સિદ્ધિને પામ્યા. ત્યાં મેઘરથ નામનું તીર્થ થયું. અને નર્મદામાં કુંભકર્ણ સિદ્ધિપદ પામ્યા. ત્યાં પૃષ્ટરક્ષિત નામનું તીર્થ થયું.

અયોધ્યામાં રામ તથા લક્ષ્મણની માતાઓ પોતાના પુત્રોની ખબર નહીં મળવાથી, અતિ દુઃખી થવા લાગી. એવા અવસરે ધાતકીખંડથી નારદ ત્યાં આવ્યો તેણે તેઓને પૂછ્યું કે, તમે શા સારૂ દુઃખી થઇ છો. ત્યારે કૌશલ્યા કહેવા લાગી કે, સીતા સહિત રામ તથા લક્ષ્મણ પોતાના પિતાની

આજ્ઞાથી વનમાં ગયા. ત્યાં સીતાનું હરણ થયાથી તેને છોડાવી લાવવા સારૂ રામ લક્ષ્મણ લંકામાં ગયા. જ્યાં હરણ કરનારા રાક્ષસની સાથે યુદ્ધ ચાલ્યું. તેમાં રાવણે લક્ષ્મણ ઉપર શક્તિ નાંખી. તેનું શલ્ય કહાડવા સારૂ વિશલ્યાને લેઇ ગયા. ત્યાર પછી શું થયું તેની અમોને ખબર નથી. અમારો પુત્ર લક્ષ્મણ જીવતો છે, કે નહીં? એમ કહીને, હે વત્સ, હે વત્સ, એમ બોલતી તે કરૂણાસ્વરે સુમિત્રા સહિત રડવા લાગી. ત્યારે તેઓને નારદ કહેવા લાગ્યો કે, ધૈર્ય ધરો. તમારા પુત્રોની ખોળ કરી, હું તેમને અહીં તેડી લાવું છું. એવી પ્રતિજ્ઞા કરી, લોકોના મુખથી સાંભળેલો સર્વ વૃત્તાંત, પોતાના મનમાં રાખીને નારદ ત્યાંથી આકાશ માર્ગે ઊડ્યો. વાયુવેગે તે રામની પાસે લંકામાં આવ્યાથી રામે તેનો આદર સત્કાર કર્યો. અને યોગ્ય આસન ઉપર બેસાડીને તેને પૂછવા લાગ્યો કે, અહીં આવવાનું કારણ શું છે? એવું પુછ્યાથી નારદે તેની માતાઓનું દુઃખ કહીં સંભળાવ્યું. ત્યારે રામ, બિભીષણને કહેવા લાગ્યો કે, હું મારી માતાઓનું દુઃખ ભૂલી જઇને તારી ભક્તિથી ઘણા દિવસ અહીં રહ્યો. અમારા વિરહના દુઃખથી જ્યા લગણ તેઓ જીવતી છે (મરી ગઈ નથી) ત્યાં લગણ અમારે ત્યાં જવું જોઇયે. માટે હવે અમને રજા આપ. તે સાંભળી બિભીષણ બોલ્યો કે, આજથી હું અયોધ્યા [illegible] શિલ્પીઓ પાસે સુધરાવવા માંડું છું. તે કામ પૂરૂ થતાં સાળ દિવસ લાગશે. ત્યાર પછી તમે સુખે પધારજો. રામે કહ્યું કે ઠીક છે. પછી બિભીષણે બોલ્યા પ્રમાણે કારીગરો પાસે સોળ દિવસમાં અયોધ્યા નગરીને લંકા જેવી કરાવી. રામને નીકળવાનો દિવસ મુકરર થયો એટલે આદર સત્કાર સહિત રજા લેઇ નારદ ત્યાંથી નીકળી અયોધ્યામાં આવ્યો. અને રામની માતાઓને તેમના પુત્રો આવવાનો મહોત્સવ નિવેદન કર્યો. સોળમા દિવસ સઘળી સ્ત્રીઓને સાથે લેઈ ઈશાન ઇંદ્રની પેઠે રામ લક્ષ્મણ પુષ્પક વીગેરે ઘણા વિમાનોમાં બેસી લંકામાંથી નીકળ્યા. તેમની સાથે બિભીષણ, સુગ્રીવ, ભામંડળ તથા બીજા

રાજાદિક પરિવાર પણ વિમાનમાંજ બેસી ચાલ્યો. ક્ષણ માત્રમાં તેઓને અયોધ્યા આગળ આવી પહોચતાં, દૂરથી શત્રુઘ્ન સહિત ભરત તેમનું પુષ્પક વિમાન દેખીને હાથી ઉપર બેસીને સામે આવ્યો. તેને જોઇને જેમ ઇંદ્રની આજ્ઞાથી પાલક વિમાન નીચે ઉતારે, તેમ રામની આજ્ઞાથી પુષ્પકવિમાન પૃથ્વી ઉપર ઉતર્યું. એટલે તરતજ શત્રુઘ્ન તથા ભરત હાથી ઉપરથી ઉતરયા. પછી આનંદ યુક્ત રામ તથા લક્ષ્મણ પુષ્પકવિમાનમાંથી ઉતર્યા. ત્યારે ભરતે રામને નમસ્કાર કરી તેના ચરણમાં મસ્તક મુકયું. રામે તેને પોતાના પગમાંથી ઉઠાડીને વારંવાર તેનું મસ્તક ચુંબન કર્યું. તેમજ શત્રુઘ્ને પણ રામને નમસ્કાર કરી તેના ચરણમાં પોતાનું મસ્તક મુકયું તેને પણ ભરતની પેઠે ઉઠાડીને પોતાના વસ્ત્ર વડે તેની આંખોમાંના આંસુ લુંછીને રામે તેને આલિંગન કર્યું. તેમજ લક્ષ્મણે પણ પોતાને નમસ્કાર કરનારા જે ભરત અને શત્રુઘ્ન, તેમને આલિંગન કર્યું. પછી તે ત્રણે ભાઇઓ સહિત રામે પુષ્પકવિમાનમાં બેસીને અયોધ્યામાં જવાની તેને આજ્ઞા કરી. તે વખતે આકાશમાં તથા પૃથ્વી ઉપર વિધવિધનાં વાજાં વાગી રહ્યાં હતાં તેમજ નાટારંભ થઇ રહ્યા હતા. એવા માંગળીક મહોત્સવ થતે રામ અયોધ્યામાં ગયા. તે વખતે મેઘને જેમ મોર જુએ, તેમ તમામ નગરના લોકો ઉંચું માથું કરીને આંખોની પાપણો ન લવતાં એકસરખા રામની સામે જોવા લાગ્યા. રસ્તામાં ઠેકાણે ઠેકાણે લોકોએ અર્ધ્યપાદ્યાદિક વડે તેમની પૂજા કરી. રાજ્ય મહાલય આવ્યો.

રામ લક્ષ્મણે વિમાનમાંથી ઉતરીને માતાના મહેલમાં જઇ ...લ્યા તથા સુમિત્રાદિકોને નમસ્કાર કર્યો. ત્યારે તેઓએ .મને આશીર્વાદ દીધો. તેમજ સીતા તથા વિશલ્યાદિક સ્ત્રીઓએ પણ ઘણા ઉમંગે અપરાજિતાદિક સાસુઓને નમસ્કાર કર્યો. ત્યારે તેમણે એવો આશીર્વાદ દીધો કે, અમારી પેઠે વીર પુરૂષને જણનારી તમે થાઓ. પછી લક્ષ્મણનાં અંગ ઉપર હાથ ફેરવીને તથા તેનું મસ્તક ચુંબન કરીને કૌશલ્યા તેને કહેવા લાગી કે, હે વત્સ, મેં મારા મોટા ભાગ્યે કરી તને

જોયો. વિદેશમાં જઇને તથા ત્યાં વિજય કરીને તું પાછો અહીં આવ્યો તેથી હું એમ જાણું છું કે, તારો ફરી જન્મ થયો. તારી સેવાથી રામ અને સીતાએ વનમાંના દુઃખને લોટયું. એવું સાંભળીને લક્ષ્મણ બોલ્યો કે, હે માતા, રામ અને સીતાએ મારૂં તારી પેઠેજ વનમાં લાલન કર્યું; તેને લીધેજ હું વનમાં સુખે કરી રહી શકયો. ત્યાં મારી વર્તણુકથી વૈર બંધાયું, અને તેથીજ સીતાને દુઃખ થયું. હે દેવી, ઘણું તો શું કહું? પણ તમારા આશીર્વાદે કરી વૈરસાગર તરીને પોતાના પરિવાર સહિત રામ ફરી અહીં આવ્યો, એ મોટું ભાગ્ય સમજવું. એ પ્રમાણે લક્ષ્મણ બોલી રહ્યા બાદ માતાઓના આશીર્વચન લેઇ રામ લક્ષ્મણ ત્યાંથી નિકળી સર્વને હળી મળી પોતાના મુકામે ગયા. ત્યાર પછી ભરતે અયોધ્યામાં આડંબર સહિત મોટો ઉત્સવ કરાવ્યો. અને પોતે રામની પાસે સેવક થઇને રહ્યો.

એ પ્રમાણે રામની પાસે રહેતાં કેટલોક કાળ વ્યતિત થયા પછી એક વખત રામને નમસ્કાર કરીને ભરતે કહ્યું કે, હે આર્ય, તારી આજ્ઞાથી આજ દિવસ સુધી આ રાજ મેં કર્યું. નીકર હું તો દશરથ રાજાની સાથેજ દીક્ષા લેતો હતો. પરંતુ રાજ્યનું પાલન કરવા વિશે વડીલની આજ્ઞા થઇ તેથી આજ દિવસ સુધી રહ્યો. હવે મને દીક્ષા લેવાને આજ્ઞા આપો. આ સંસારથી હું વિરક્ત થયો છું. તેથી હવે હું અહીં રહેવાને સમર્થ થનાર નથી. એવું ભરતનું બોલવું સાંભળીને રામની આંખોમાં આંસુ આવ્યાં, ને તેને કહેવા લાગ્યો કે, હે વત્સ, તું આમ કેમ બોલે છે? આ રાજ્ય તુંજ કર. તારી ઉત્કંઠાથી હું અહીં રહીશ. રાજ્ય સહિત અમને મુકીને જવું, એ તને યોગ્ય નથી. એવો રામનો આગ્રહ જોઇને ભરત તેમને નમસ્કાર કરી ત્યાંથી ઉઠયો. એટલામાં લક્ષ્મણે તેનો હાથ પકડી લીધો. સીતા તથા વિશલ્યાદિકે ભરતની દીક્ષા લેવાની વાત સાંભળીને તેનો દીક્ષા લેવાનો આગ્રહ મુકાવવા માટે વિચાર કરીને જળક્રીડા કરવાને ભરતની પ્રાર્થના કરી. તે સ્ત્રી-

ઓના આગ્રહથી અંતઃપુર સહિત ભરત જળક્રીડા કરવા સારૂ ગયો. જોપણ પોતે વિરક્ત હતો, તોપણ તેણે તેમની સાથે બે ઘડી સુધી જળક્રીડા કરી. પછી જળમાંથી બહાર નીકળીને તીર ઉપર હંસની પેઠે તે ઉભો રહ્યો. એટલામાં મદે કરી આંધળો થએલો ભુવનાલંકાર હાથી સ્તંભ ઉખેડીને ઉપદ્રવ કરતો તેની પાસે આવી, તેને જોઇને મદરહિત થઈ ઉભો રહ્યો. તેમજ તેના દર્શનથી ભરત પણ આનંદ પામ્યો. તે વખતે તે ઉપદ્રવ કરનારા હાથીને બાંધવા સારૂ રામ, લક્ષ્મણ તથા બીજા સુભટો ત્યાં આવ્યા. પછી રામની આજ્ઞાથી માવત હાથીને પકડીને સ્તંભની પાસે લેઇ ગયો. તે સમયે ત્યાં આગળ દેશભૂષણ તથા કુલભૂષણ નામના બે મુનિઓ આવ્યા. તેમને વાંદવા સારૂ પરિવાર સહિત રામ, લક્ષ્મણ અને ભરત આવ્યા. તે ત્રણે જણે સર્વની સાથે મુનિઓને નમસ્કાર કર્યા. પછી તેમને રામ પૂછવા લાગ્યો કે, મારો હાથી ભરતના દર્શનથી મદ રહિત કેમ થયો? તે કૃપા કરી કહેશો. ત્યારે દેશભૂષણ કેવલજ્ઞાની કહેવા લાગ્યાઃ—

પૂર્વે ઋષભદેવ સ્વામીની સાથે ચાર હજાર રાજાએ દીક્ષા લીધી હતી. તેમાં ઋષભદેવ ભગવાન આહાર મૂકીને તથા મૌન ધારણ કરીને વિહાર કરવા લાગ્યા. તેથી તેમની સાથે દીક્ષા લેનારા સર્વ તાપસો આહાર શિવાય દુઃખી થયા. તેમાં ચંદ્રોદય તથા સૂરોદય, એ નામના બે તાપસ પ્રહ્લાદનસુપ્રભ રાજાના પુત્ર હતા. તે ત્યાંથી કાળ કરી ગયા પછી ઘણા કાળ સુધી ભવ ફર્યા પછી તેમાંનો ચંદ્રોદય, ગજપુરના હરમતિ રાજાની સ્ત્રી ચંદ્રલેખાના ઉદરથી કુલંકર નામનો પુત્ર થયો. અને સુરોદય પણ તેજ નગરમાં વિશ્વભૂતિ બ્રાહ્મણની અગ્નિકુંડા નામની સ્ત્રીને પેટે શ્રુતિરતિ નામનો પુત્ર થયો. રાજ્યપુત્ર કુલંકર યૌવન અવસ્થા પ્રાપ્ત થએ રાજ્યગાદીએ બેઠા પછી એક વખત તાપસનો આશ્રમમાં ગયો હતો; ત્યાં તેને અભિનંદન નામના અવધિજ્ઞાની સાધુ કહેવા લાગ્યા કે, આ આશ્રમમાં પંચાગ્નિ સાધન કરનારા એક તપસ્વીએ બાળવા માટે લાકડાં

આણ્યાં છે તેમાં એક સર્પ છે. તે તારા પૂર્વ જન્મમાંનો ક્ષેમંકર નામનો તારો પિતામહ (બાપનો બાપ) છે. માટે તે લાકડાં ચીરીને તે સર્પની તું રક્ષા કર. મુનિનું કહેવું સાંભળીને કુલંકર રાજાએ ખેદ પામી તરતજ તે લાંકડાં ચીરાવ્યાં તેમાંથી સર્પ નીકળ્યો. તે જોઇને વિસ્મય પામી કુલંકર રાજાએ દીક્ષા લેવાનો વિચાર કર્યો. એટલામાં શ્રુતિરતિ બ્રાહ્મણ તેને કહેવા લાગ્યો કે, હે રાજન્, એ ધર્મનું નામ શું? જો તારી તેવીજ ઇચ્છા હોય તો તે તું વૃદ્ધાવસ્થામાં ગ્રહણ કરજે. હમણાં શા સારૂ દુઃખ ભોગવવું જોઇએ? તેનું એવું બોલવું સાંભળીને કુલંકરે દીક્ષા લેવાનો આગ્રહ મૂક્યો. તેની સ્ત્રી શ્રીદામા તેજ ઉપાધ્યાય (શ્રુતિરતિ)ની સાથે લાગેલી હતી, તેણે કોઇએક વખત વિચાર કર્યો કે, અમારૂં આ કર્મ જો રાજા જાણશે, તો તે અમને મારી નાખશે. માટે હુંજ એને મારી નાખું તો પીડા જાય. એવો વિચાર કરીને શ્રીદામાએ ઉપાધ્યાયની સલાહથી પોતાના પતિ કુલંકર રાજાને વિષ દેઇને માર્યો. ત્યાર પછી કાળાંતરે તે શ્રુતિરતિ બ્રાહ્મણ પણ મરી ગયો. એ બંને જણ ઘણા કાળ નાનાવિધ યોનીઓમાં ઘણા ભવ ભટક્યા પછી કોઈએક સમયે રાજગૃહનગરમાં કપિલ. નામના બ્રાહ્મણની સ્ત્રી સાવિત્રીને પેટે વિનોદ અને રમણ નામના બે પુત્ર જોડલે જન્મ્યા. તેમાંનો રમણ વેદાધ્યન કરવા સારૂ દેશાંતર ગયો હતો, તે કેટલેક કાળે વેદ સીખીને પાછો પોતાને ઘેર આવતો હતો. જ્યારે તે રાજગૃહનગર સમીપ આવી પહોંચ્યો ત્યારે રાત્ર પડી જવાથી ત્યાં એક યક્ષના મંદિરમાં સુતો. તે ઠેકાણે તેના ભાઈ વિનોદની સ્ત્રી શાખા એક દત્ત નામના બ્રાહ્મણની સાથે સંકેત કરીને રાત્રના આવી. તેની પાછળ વિનોદ પણ આવ્યો. પછી શાખા રમણને દત્ત જાણી તેની સાથે ભોગ ભોગવવા સારૂ રમમાણ થઇ. તેથી વિનોદે પોતાના ભાઇને ન પીછાનતા ખડગે કરી મારી નાખ્યો. ત્યારે રમણની ઇચ્છા કરનારી શાખાએ વિનોદને ઠામ કર્યો. તે વિનોદ ઘણા કાળ ભવ ભટકીને એક વિશ્વ શેઠનો ધન નામે

પુત્ર થયો. રમણ પણ ભવાટવીમાં ભટકી તેની સ્રી લક્ષ્મીને પેટે ભૂષણ નામનો પુત્ર થયો. યૌવનાવસ્થા પ્રાપ્ત થએ પિતાની આજ્ઞાથી તે બત્રીશ કન્યાઓ પરણ્યો. એક વખત રાત્રે તે સ્રીઓની સાથે ક્રીડા કરતાં એ ચોગઠા ઉપર બેઠો હતો. તેવામાં પાછલી રાત્રે એક શ્રીધર નામના મુનિને કેવળ જ્ઞાન ઉપન્યું. તેનો મ્હોત્સવ દેવતાએ કર્યો; તે જોઈને તેને ધર્મ ઉપર રૂચી થઈ. તેથી તેજ વખતે ત્યાંથી ઉઠીને તે સાધુને વંદના કરવા સારૂ ચાલ્યો. માર્ગમાં જતાં તેને એક સર્પે દંશ કર્યો. તે વખતે તેના પરિણામ સારા હોવાથી તે કાળ કરીને શુભગતિ પામ્યો. પછી તે જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં હનુપુર નગરમાં અચળ નામના ચક્રવર્ત્તિ રાજાની સ્રી હરિણીને પેટે પ્રિયદર્શન નામે ધર્મ તત્પર પુત્ર થયો. ત્યાં તેણે દીક્ષા લેવાની ઈચ્છા કરી, પરંતુ પોતાના પિતાની આજ્ઞાથી તે ત્રણ હજાર કન્યાઓ પરણ્યો. તો પણ અંતઃકરણમાં વિરક્ત રહ્યો. ગૃહવાસમાં રહ્યા છતાં પણ ચોસઠ હજાર વર્ષ ઉત્તમ તપ કરીને તે બ્રહ્મદેવ લોકમાં દેવ થયો. ધન શેઠ મુઆ પછી ઘણા કાળ સુધી સંસારટવીમાં પરિભ્રમણ કરીને પોતનપુર નગરમાં શકુનાગ્નિમુખ" બ્રાહ્મણની સ્રી બ્રહ્મપત્નિને પેટે મૃદુમતિ નામે પુત્ર થયો. તે અવિનયી હતો, તેથી તેના પિતાએ તેણે કહાડી મુકયો હતો. પરંતુ કેટલેક કાળે તે સર્વ કળા સીખીને પાછો પોતાને ઘેર આવ્યો. ત્યાં રાત્ર દિવસ જુગાર રમવા લાગ્યો પણ તેને જીતવાને કોઈ સમર્થ થયું નહીં, તેથી તેને ઘણું દ્રવ્ય મેળવ્યું. પછી તે નગરમાં રહેનારી વસંતસેના નામની વેશ્યાની સાથે તેને પ્રિતિ બંધાયાથી તેની સાથે તેણે ઘણા ઉપભોગ ભોગવ્યા. આખરે વૈરાગ્ય ઉપન્યાથી તેણે દીક્ષા લીધી. યથાશક્તિ ચારિત્ર પાળી કાળ કરીને તે પણ બ્રહ્મદેવ લોકમાં દેવ થયો. ત્યાંથી ચવીને પૂર્વ જન્મના માયાના દોષે કરી તે વૈતાઢ્ય પર્વત ઉપર આ ભુવનાલંકાર નામે હાથી થયો. અને પ્રિયદર્શનનો જીવ પણ બ્રહ્મદેવ લોકમાંથી ચવીને આ મહાભુજ તારો ભાઇ ભરત થયો. એના દર્શને કરી હાથીને

જાતિસ્મરણ જ્ઞાન થયાથી તે મદ થકી રહિત થયો. કહ્યું છે કે, "વિચાર કર્યાથી રૌદ્ર ભય રહેતો નથી."

એવી રીતે ભરત તથા ભુવનાલંકાર હાથીનો પૂર્વ ભવનો સંબંધ દેશ ભૂષણ કેવળીએ કહ્યો. તે સાંભળીને ભરતને વધારે વૈરાગ્ય ઉપન્યો. તેથી તેણે એક હજાર રાજા સાથે દીક્ષા લીધી, અને યથાવિધ ચારિત્ર પાળી અંતે મોક્ષ પદ લીધું. ભરતની સાથે દીક્ષા લેનારા એક હજાર રાજાઓ પણ ઘણા કાળ સુધી દીક્ષા પાળીને નાના વિધ તપ તપતા થકા અક્ષય પદને પામ્યા. ભુવનાલંકાર હાથી વિવિધ તપ કરી, અનશન વ્રત પાળીને કાળ કરી બ્રહ્મદેવ લોકમાં દેવ થયો. ત્યાર પછી, ભરતની માતા કૈકઈ પણ દીક્ષા લેઇને નિષ્કલંક વ્રત પાળતી થકી મોક્ષને પામી.

ભરત રાજાએ દીક્ષા લીધી એટલે અયોધ્યાના રાજ્ય ઉપર રામને બેસાડવાની ભૂચર વિદ્યાધર રાજાઓએ ભકિત સહિત પ્રાર્થના કરી. ત્યારે રામે કહ્યું કે, આ મારો ભાઇ લક્ષ્મણ વાસુદેવ છે, તેને રાજ્યાભિષેક કરો. એવી રામની આગ્રહથી આજ્ઞા થતાંજ સર્વ લોકોએ લક્ષ્મણને રાજ્ય ઉપર બેસાડ્યો. તેમજ રામ બળદેવતાનો અવતાર હોવાથી તેમને પણ રાજ્યાભિષેક કર્યો. એવી રીતે આઠમા વાસુદેવ તથા બળદેવ બંને ભાઇઓ રાજ્ય કરવા લાગ્યા. રામે પોતાના બોલવા પ્રમાણે બિભીષણને રાક્ષસ દ્વીપનું રાજ્ય આપ્યું. તેમજ સુગ્રીવને વાનર દ્વીપ આપ્યો. હનુમાનને શ્રીપુરે મોકલ્યો. વિરાધને પાતાલ લંકાએ રવાને કર્યો. નીલને ઋક્ષપુર, પ્રતિસૂર્યને હનુપુર, રત્નજટીને દેવોપગીત નગર, ભામંડળને રથનૂપુર નગર, અને બીજાઓને પણ યથાયોગ્ય નગર આપીને રામે શત્રુઘ્નને કહ્યું કે, હે વત્સ, તને કયો દેશ ગમે છે? તને પસંદ પડે તે લે. ત્યારે શત્રુઘ્ન કહેવા લાગ્યો કે, મારે મથુરા નગરી જોઇયેં. તે સાંભળી રામ કહેવા લાગ્યો કે, હે વત્સ, મથુરા નગરી લેવી મહા કઠણ છે. ત્યાંના મધુ નામના રાજાને પૂર્વે ચમરેંદ્ર થએલા એક મુનિએ ત્રિશૂલ આપ્યું છે. તે

દૂર રહેલા શત્રુના સૈન્યનો નાશ કરીને ફરી પોતાના ધણીના હાથમાં જાય છે. ત્યારે શત્રુઘ્ન બોલ્યો કે, હે દેવ, હું તમારો ભાઈ છું. મારા યુદ્ધમાં એનું રક્ષણ કરનારો કોણ છે? માટે મને મથુરા નગરી આપો. એકલો હુંજ, વૈદ્ય જેમ વ્યાધીનો પરિહાર કરે છે, તેમ તેને જીતી લઈશ. એવી રીતે મથુરા નગરી લેવા વિશેનો શત્રુઘ્નનો આગ્રહ જોઇ રામે તેને તે નગરી આપી. અને કહ્યું કે, હે વત્સ, મધુ રાજાના હાથમાં જે વખત ત્રિશૂલ હોય નહીં, તથા જે વખત તે ઉન્મત્ત થયો હોય તે વખત તેની સાથે તું યુદ્ધ કરજે. રામની આજ્ઞા મળતાંજ મધુ રાજાની સાથે યુદ્ધ કરવા સારૂ મથુરા તરફ જવાને શત્રુઘ્ન તૈયાર થયો. પછી રામે તેને અક્ષયસાયક એવા બે ભાથા અને કૃતાંતવદન નામનો સેનાની, એ બે પદાર્થ સાથે લેઈ જવા સારૂ સોંપ્યા. તથા લક્ષ્મણે અગ્નિમુખ બાણ અને અર્ણવાવર્ત ધનુષ્ય, એ બે વસ્તુઓ આપી.

પછી શત્રુઘ્ન સૈન્ય સજીને અયોધ્યામાંથી પ્રયાણ કરીને એક સરખો ચાલતો છતાં મથુરા નગરીની પાસે જઇને નદીના તીર ઉપર પડાવ કરી રહ્યો. પ્રથમ તેણે મધુરાજા પાસે ચાર દૂત મોકલ્યા. તે ત્યાં જઇને પાછા આવી શત્રુઘ્નને કહેવા લાગ્યા કે, પોતાની જયંતી નામની સ્ત્રી સહિત મધુ રાજા મથુરાની પૂર્વ દિશાએ આવેલા કુબેર નામના ઉદ્યાનમાં ગયો છે; અને ચમરેંદ્રે આપેલું ત્રિશૂલ અસ્ત્ર તેને ઘેર પડયું છે. યુદ્ધ કરવાનો આ ખરેખરો સમય છે. દૂતોનું એવું બોલવું સાંભળીને શત્રુઘ્ન રાતના મથુરા નગરીમાં ગયો. ઉદ્યાનમાં ગયેલો મધુ રાજા પણ ત્યાંથી પાછો ફરી તેજ વખતે નગરીમાં પેસવા લાગ્યો. ત્યારે તેને શત્રુઘ્નના સૈન્યે અટકાવ્યો. અને રામના રણને આરંભે તેમણે જેમ ખરને માર્યો હતો, તેમ અહીં આગળ લવણ નામના મધુ રાજાના પુત્રને પ્રથમ મારી નાખ્યો. પુત્રના મરણથી મધુ રાજા મહા ક્રોધાયમાન થઇને ધનુષ્યનો ટણત્કાર કરી શત્રુઘ્નની સાથે યુદ્ધ કરવા લાગ્યો. તે સંગ્રામમાં તેઓ એક બીજાના અસ્ત્રો કાપી નાખીને દેવ અને

અસુરની પેઠે પરસ્પર શસ્ત્ર તથા અસ્ત્રોનો વરસાત વરસાવવા લાગ્યા. તે વખતે લક્ષ્મણે આપેલા અર્ણવાવર્ત ધનુષ્ય તથા અગ્નિમુખ બાણનું શત્રુઘ્ને સ્મરણ કર્યું, તેવાંજ તે બંને પ્રગટ થઈને તેની સામે આવી ઉભાં રહ્યાં. એટલે તે ધનુષ્ય સજ્જ કરીને અગ્નિમુખ બાણ વડે શત્રુઘ્ને મધુ રાજાને ઘાયલ કર્યો. તે બાણના માર વડે વિકલ થયેલો મધુ રાજા વિચાર કરવા લાગ્યો કે, મારા હાથમાં ત્રિશૂલ આવ્યું નહીં. અને આ શત્રુઘ્નને મેં માર્યો નહીં. માટે મારો જન્મ વ્યર્થ ગયો. તેમજ મેં શ્રી જિનેંદ્રની પૂજા પણ કરી નહીં; દેરાસરો બાંધ્યા નહીં; સત્ય વડે દાન પણ દીધાં નહીં. એવો વિચાર કરી, વૈરાગ્યવંત થયા થકા મધુ રાજાએ દીક્ષા લીધી. પછી તે નવકાર મંત્રનો જાપ કરીને કાળ કરી સનત્કુમાર દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયો. તેના શરીર ઉપર દેવોએ ફૂલોની વૃષ્ટિ કરી, અને એનો જય થાઓ એવી રીતે તેઓ બોલવા લાગ્યા.

પછી તે દેવતારૂપ ત્રિશૂલે ચમરેંદ્ર પાસે આવીને, શત્રુઘ્નના હાથે મધુનું મૃત્યુ થયાની વાત કહી સંભળાવી. ત્યારે ચમરેંદ્ર ક્રોધમાં આવીને શત્રુઘ્ન સાથે યુદ્ધ કરવા સારૂ તત્પર થઈ ચાલવા લાગ્યો. તે વખતે વેણુદારી નામનો તાર્ક્ષ્ય સ્વામી તેને પૂછવા લાગ્યો કે, તું ક્યાં જાય છે? ત્યારે તેણે જણાવ્યું કે, મારા મિત્ર મધુને મારનારા સત્રુઘ્નને મારવા સારૂ હું જાઉં છું. એવું તેનું બોલવું સાંભળીને વેણુદારીએ તેને કહ્યું કે, ધરણેંદ્ર પાસેથી રાવણને મળેલી શકિતને પણ મહા પુન્યવાન જે અર્દ્ધચક્રી લક્ષ્મણ, તેણે જીતી લીધી. અને રાવણને માર્યો. તેનો સેવક મધુ તે બિચારો શા હિસાબમાં! તે લક્ષ્મણની આજ્ઞાથીજ શત્રુઘ્ને સંગ્રામમાં મધુને માર્યો છે. એવું સાંભળીને ચમરેંદ્ર તેને કહેવા લાગ્યો કે, વિશલ્યા કન્યાના પ્રભાવથી લક્ષ્મણે શક્તિને જીતી હતી. પરંતુ હમણાં વિશલ્યાએ વિવાહ કર્યાથી તેનો પ્રભાવ જતો રહ્યો છે. માટે મારા મિત્રને મારનારાને મારવા સારૂ શું હું જાઉં નહીં? એમ કહીને ક્રોધમાં આવ્યો થકો ચમરેંદ્ર શત્રુઘ્નના દેશમાં

આવ્યો. ત્યાં વસતા સર્વ લોકને ન્યાય વડે વરતતા તેણે જોયા. પ્રથમ તે પ્રજાને ઉપદ્રવ દેવા લાગ્યો. અને શત્રુધ્નને દુઃખ દેવા સારૂ નાના પ્રકારની વ્યાધિઓ તેણે ઉત્પન્ન કરી. તે વિશે શત્રુધ્ન સોચવા લાગ્યો ત્યારે તેને તેના કુળદેવતાએ વ્યાધી થવાનું સર્વ કારણ કહ્યું. એટલે તે ત્યાંથી નીકળીને અયોધ્યામાં રામ લક્ષ્મણની પાસે આવ્યો. એવા પ્રસંગે તે ઠેકાણે દેશભૂષણ તથા કુંભભૂષણ મુનિઓ આવ્યા. તેમને રામ, લક્ષ્મણ તથા શત્રુધ્ને નમસ્કાર કર્યો. ત્યાર પછી તેમને રામ પૂછવા લાગ્યો કે, આ શત્રુધ્નને મથુરા નગરી લેવાનો આગ્રહ શાથી થયો ? તે જણાવવા કૃપા કરશો. ત્યારે દેશભુષણ મુનિ કહેવા લાગ્યા કે, આ શત્રુધ્નનો જીવ મથુરા નગરીમાં અનેક વાર ઉત્પન્ન થયા પછી તે એક સમયે સાધુની સેવા કરનારો શ્રીધર નામનો બ્રાહ્મણ થયો. તે ઘણો રૂપવાન હતો. કોઇએક સમયે તે રસ્તામાં જતો હતો, તેને તે નગરના રાજાની સ્ત્રી લલિતાએ દીઠો. તેથી તેના ઉપર મોહિત થઈ તેણીએ કામ ભોગની ઇચ્છાથી તેને પોતાની પાસે બોલાવી લીધો. એ અવસરે રાજા પણ ત્યાં આગળ આવ્યો. તેથી લલિતા ગાભરી થઇ ગઇ. તે જોઇને રાજાએ પુકાર પાડ્યો કે, આ ચોર છે, માટે આને પકડો. તે સાંભળીને રાજાના માણસોએ ત્યાં આવી શ્રીધરને પકડીને બાંધ્યો. પછી રાજાનો હુકમ મળતા તેઓ તેને શુળીએ દેવા સારૂ લેઈ ગયા. તે વખતે કોઈ એક કલ્યાણ નામના મુનિએ તેને જોયાથી આ બ્રાહ્મણ તો સાધુંની સેવા કરનારો છે એમ જાણીને તેને છોડી દેવા સારૂ રાજાને સમજાવ્યો. રાજાએ તેને છોડી મુકયા પછી તરતજ તેણે દીક્ષા લીધી. તે પાળીને કાળ કરી સ્વર્ગે સીધાવ્યો. ત્યાંથી ચવીને તે મથુરા નગરીના રાજા ચંદ્રપ્રભની સ્ત્રી કાંચનપ્રભાને પેટે અચલ નામે પુત્ર થયો. તે ચંદ્રપ્રભ રાજાને અતિપ્રિય હતો. તેથી તેને રાજ્ય મળશે એમ જાણીને ભાનુપ્રભાદિક તેના આઠ ઓરમાન ભાઇઓએ તેના ઉપર ઇર્ષા લાવી તેને મારવાના ઉપાયો કર્યા. તે વાતની પ્રધાનને ખબર પડ્યાથી તેણે

તેને ચેતાવ્યો ત્યારે તે ત્યાંથી નાશી ગયો. રસ્તામાં ચાલતાં તે વનમાં આવ્યો ત્યારે તેના પગમાં કાંટા વાગ્યા તેથી તે રડવા લાગ્યો. ત્યાં આગળ થઈ એક શ્રાવસ્તી (સાવત્થી) નગરીમાં રહેવાવાળો પોતાના પિતાએ કહાડી મુકેલો અંક નામનો પુરૂષ માથે કાઠીનો ભારો લેઇ જતો હતો. તેણે અચલને રડતો દેખી ભારો હેઠે મુકી તેના પગમાંથી કાંટો કહાડ્યો. કાંટો નીકળ્યાથી વેદના ઓછી થઈ એટલે અચલ અંકને કહેવા લાગ્યો કે, તેં ઘણું સારૂં કર્યું. જે વખતે મથુરા નગરીમાં અચળ રાજા થયો એવું તું સાંભળે તે વખતે ત્યાં આવજે. તું મારો મોટો ઉપકારી છું. એમ કહીને ત્યાંથી ચાલી અચળ કૌશાંબી નગરીમાં ગયો. ત્યાં તેણે સિંહગુરૂ નામના આંચાર્યની પાસે ધનુષ્યનો અભ્યાસ કરનારા ઇંદ્રદત્ત રાજાને જોયો. અચળે પણ તેને પોતાનું ધનુષ્ય બતાવ્યું, તેથી રાજી થઇને ઇંદ્રદત્ત રાજાએ પૃથ્વી સહિત પોતાની કન્યા તેને પરણાવી. પછી બળવાન થઇને અચળે અંગાદિક દેશો જીતી લીધા. ત્યાર પછી તેણે મથુરા નગરી ઉપર ચડાઈ કરીને યુદ્ધમાં પોતાના ભાનુપ્રભાદિક આઠે ઓરમાન ભાઇઓને બાંધી લીધા. ત્યારે તેના પિતા ચંદ્રપ્રભે, પોતાના પુત્રોને છોડાવવા સારૂ તેની પાસે પોતાના પ્રધાનને મોકલ્યો. મંત્રિએ અચળ પાસે આવી ભાનુપ્રભાદિકને છોડવા વિશે યાચના કરી ત્યારે તેણે તેને પોતાનો સર્વ વૃત્તાંત કહી સંભળાવી વિદાય કર્યો. તે હકીકત પ્રધાને ચંદ્રપ્રભ રાજા પાસે આવી નિવેદન કરી, તેથી તે અચળ ઉપર પ્રસન્ન થયો; અને યદ્યપિ તે સૌથી નાનો પુત્ર હતો તથાપિ તેને મથુરા નગરીમાં લાવી ચંદ્રપ્રભ રાજાએ રાજ્યાભિષેક કર્યો અને બીજા તેના ઉપર ઇર્ષા કરનારા ભાનુપ્રભાદિક આઠે પુત્રોને કહાડી મુક્યા. અચળે તેમને પાછા બોલાવીને અદૃષ્ટ સેવકો કર્યા. ત્યાર પછી કોઇએક સમયે અચળ રાજાએ નાટ્ય ઘરમાં પોતાના પગમાંથી કાંટો કહાડનારા અંકને દીઠો. તરતજ દ્વારપાળોને મોકલી તેને પોતાની પાસે બોલાવી લીધો અને તેના પર પ્રસન્ન થઇને તેને તેની જન્મ ભૂમિ

જે સાવત્થી નગરી, તેનું રાજ્ય આપ્યું. પછી તે બંને ઐક્ય-પણે રાજ્ય કરવા લાગ્યા. કેટલોક કાળ વિત્યા પછી વૈરાગ્ય પામી તે બંને અચળ અને અંકે સમુદ્રાચાર્યની પાસે દીક્ષા લીધી. શુદ્ધ સંયમ પાળી તે બંને જણ કાળ કરીને બ્રહ્મદેવ લોકમાં દેવ થયા. અચળનો જીવ ત્યાંથી ચવી આવીને આ તારો નાનો ભાઈ શત્રુઘ્ન થયો છે. તે પૂર્વ જન્મમાં મોહ વડે તેને મથુરા નગરીનું રાજ્ય લેવાની ઈચ્છા થઇ અને તે અંકનો જીવ બ્રહ્મદેવ લોકથી આવીને આ કૃતાંતવદન નામે તારો સેનાની થયો છે. તે સમયે પ્રભાપુર નગરના રાજા શ્રી-નંદનની સ્ત્રી ધારણીની પેટે સુરનંદ, શ્રીનંદ, શ્રી તિલક, સર્વ સુંદર, જયંત, ચમર અને જયમિત્ર એ નામના સાત પુત્રો અનુક્રમે જન્મેલા હતા. તે શ્રીનંદન રાજાએ એક મહિનાના પોતાના પુત્રને રાજ્ય ઉપર બેસાડીને બીજા પુત્રો સહિત પ્રીતિકર નામના ગુરૂની પાસે દીક્ષા લીધી હતી. કેટલાએક કાળ પછી શ્રીનંદન મોક્ષે ગયો અને સુરનંદાદિક મુનિઓ તપની શક્તિથી જંઘાચારણ લબ્ધિ પામ્યા. તે મહર્ષિઓ કોઇએક સમયે મથુરા નગરીમાં ગયા. તે વખતે વર્ષાકાળ આવ્યાથી તેઓ પર્વતની ગુફામાં રહી સર્વ કાળ ષષ્ઠાષ્ટમાદિ તપ કરવા લાગ્યા. અને દૂર દેશમાં જઇને તેઓ પારણાં કરી ફરી મથુરા નગરીની પાસે પર્વતની ગુફામાં આવી રહેતા હતા. તે-ઓના સામર્થ્ય વડે શત્રુઘ્નના રાજ્યમાં ચમરેંદ્રે ઉત્પન્ન કરેલી વ્યાધીઓનો નાશ થયો. કોઈએક સમયે પારણા કરવા સારૂ તેઓ અયોધ્યા નગરીમાં આવી અન્ન વ્હોરવા સારૂ અર્હદત્ત નામના શેઠને ઘેર ગયા. તે વખતે તેઓને અવજ્ઞા પૂર્વક વંદન કરીને એ કોણ છે એવો અર્હદત્ત શેઠ વિચાર કરવા લાગ્યો. આ સાધુ-નો વેષ ધારણ કરનારા છતાં તેઓ વર્ષાકાળમાં આવ્યા. અને અહીના નથી માટે તેઓને પૂછું કે એ પાખંડીઓની સાથે બોલું નહીં. એવું તે ચિંતવન કરતો છતાં તેની સ્ત્રીએ સાધુ-ઓને અન્ન વ્હોરાવ્યું નહીં. પછી તે મહર્ષિઓ ધુતિ નામના આચાર્યની વસ્તીમાં ગયા. તેઓને ધુતિ આચાર્યે અભ્યુત્થાન

દેઇને યોગ્યતા સહિત નમસ્કાર કર્યો, અને આ સમય વિના વિહાર કરનારા છે, એમ વિચારી બીજા સાધુએ વંદના કરી નહીં. ધુતિએ આસન આપ્યા પછી તેઓને પારણાં કરાવ્યાં. પછી મથુરા નગરીથી આવ્યા, ને ફરી ત્યાં જઇશું, એમ કહીને તેએ આકાશ માર્ગે ઉડીને પોતાને ઠેકાણે ગયા. ધુતિએ જંઘાચારણ મુનિના ગુણ વખાણ્યા, તે સાંભળીને જેઓએ માન્ય કર્યું નહોતું તે સાધુઓ પશ્ચાતાપ પામ્યા. તેમજ તે સાંભળીને અર્હદત્ત શ્રાવકે ઘોખો કર્યો. પછી કાર્તિક માસના અજવાળા પક્ષમાં તેણે મથુરામાં આવીને ત્યાંના ચૈત્યમાં જિનેશ્વર ભગવાનની પૂજા અર્ચા કરી તે જંઘાચારણ સપ્ત મુનિને વિનય પૂર્વક વાંદી નમસ્કાર કરી, પોતે કરેલી તકશીરની માફી માગી.

શત્રુઘ્ન સપ્ત મુનિઓના પ્રભાવથી મારો દેશ રોગથી મૂકાયો એ વાત સાંભળીને કાર્તિક માસમાં મથુરા નગરીમાં આવ્યો, અને પર્વતની શુફામાં રહેલા સપ્ત સાધુઓની પાસે જઇને તેઓને નમસ્કાર કરીને વિનતી કરી કે, મારે ઘેર વ્હોરવા પધારો. ત્યારે તેઓએ કહ્યું કે, સાધુએ રાજાના ઘરનું અન્ન લેવું નહીં એવો આચાર છે. ત્યારે ફરી શત્રુઘ્ન બોલ્યો કે, તમે મારા ઉપર ઉપકાર કરનારાં છો. મારા મુલકમાં દેવતાઓએ કરેલો રોગ તમારા તપ તેજ સામર્થ્ય વડે નાશ થયો, માટે લોકોના ઉપર કૃપા કરવા સારૂ કેટલાએક દિવસ આપ અહીં રહો. તમારૂં વસવું બીજાના ઉપર ઉપકાર કરનારૂં છે. એવું તેનું બોલવું સાંભળીને તેઓ કહેવા લાગ્યા કે, હમણાં અમે તીર્થયાત્રા કરવા સારૂ વિહાર કરવાના છીયે. મુનિએ એકજ ઠેકાણે કાયમ રહેવું જોઈએ નહીં. માટે તું આ નગરીમાં સર્વના ઘરમાં અર્હત્‌ની પ્રતિમાઓ સ્થપાવ એટલે કદીપણ રોગ થશે નહીં. એમ કહીને તે સાતે મુનિઓ આકાશ વાટે અન્ય સ્થલે વિહાર કરી ગયા. પછી શત્રુઘ્ને મુનિઓના કહેવા પ્રમાણે સર્વનાં ઘરમાં અર્હત્ ભગવાનની પ્રતિમાઓ પધરાવરાવી, તેમજ તે સાતે મુનિઓની રત્નોની પ્રતિમાઓ કરાવીને મથુરાની ચારે દિશા તરફ પધરાવી.

વૈતાઢ્ય પર્વત ઉપર દક્ષિણ દિશામાં રત્નપુર નગરનો રત્નરથ નામે રાજા થયો, તેની ચંદ્રમુખી નામની સ્ત્રીને પેટે મનોરમા નામની કન્યા પેદા થઇ. તે રૂપમાં પણ મનોરમાજ હતી. તે જ્યારે યૌવન અવસ્થામાં આવી ત્યારે રત્નરથ રાજા વિચાર કરવા લાગ્યો કે, આ કન્યા કોને દેવી ! એટલામાં ત્યાં આગળ નારદ આવીને તેને કહેવા લાગ્યો કે, આ કન્યા લક્ષ્મણને દેવા યોગ્ય છે. એવું સાંભળીને ગોત્રના વેરી તેના પુત્રો ચીડાયા ને પોતાના સેવકોને કહેવા લાગ્યા કે, આ નારદને લાકડી વતે મારો. એવી આજ્ઞા થવાથી સેવક લોકો નારદને મારવાસારૂ ઊઠવા માંડયા એટલામાંતો નારદ ત્યાંથી નાશી પક્ષીની પેઠે આકાશમાર્ગે ઊડીને લક્ષ્મણની પાસે આવ્યો અને મનોરમાની તસબીર કહાડીને તેને બતાવી તથા પોતાની વાત પણ કહી સંભલાવી. તસબીરમાં તે કન્યાનું રૂપ જોઇને લક્ષ્મણની ઈચ્છા તેની સાથે પાણી ગ્રહણ કરવાની થઈ તેથી કેટલાએક વિદ્યાધરોને સાથે લેઇને રામ અને લક્ષ્મણ વૈતાઢ્ય પર્વત ઉપર રત્નપુર નગરે આવ્યા અને ત્યાંના રત્નરથ રાજાની સાથે યુદ્ધ કરીને લક્ષ્મણે તેને જીતી લીધો, ત્યારે તેણે રામને શ્રીદામા નામની કન્યા તથા લક્ષ્મણને મનમાની મનોરમા કન્યા આપી. ત્યાર પછી વૈતાઢ્ય પર્વતની દક્ષિણ દિશા જીતીને તેઓ પાછા અયોધ્યામાં આવી પ્રથમની પેઠે પ્રજાનું પાલન કરવા લાગ્યા. લક્ષ્મણને સોલ હજારને આઠસો સ્ત્રીઓ થઇ. તેમાં વિશલ્યા, રૂપવતી, વનમાલા, કલ્યાણ માલિકા, રત્નમાલિકા, જિતપદ્મા, અભયવતી, અને મનોરમા મળી આઠ સ્ત્રીઓ મુખ્ય હતી તે મુખ્ય સ્ત્રીઓમાં વિશલ્યાને પેટે શ્રીધર, રૂપવતીને પેટે પૃથ્વીતિલક, વનમાલાને પેટે અરજુન, કલ્યાણમાલીકાને પેટે મંગળ, રત્નમાલિકાને પેટે વિમલ, જિતપદ્માને પેટ શ્રીકેશી, અભયવતીને પેટે સત્યકીર્તી તથા મનોરમાને પેટે સુપાર્શ્વકીર્તી નામના આઠ પુત્રો થયા તથા બીજી સ્ત્રીઓને ઉદરે આવેલા બીજા બસેં બેતાલીસ પુત્રો મળી લક્ષ્મણને અઢીસેં પુત્રો થયા. સીતા, પ્રભાવતી, રતનિભા અને શ્રીદામા, એ નામની ચાર સ્ત્રીઓ રામને થઈ.

કોઇએક સમયે સીતાએ ઋતુ સ્નાન કરેલી છતાં પાછલી રાતે વિમાનમાંથી બેસરભ પડીને પોતાના મુખમાં પેઠા એવું સ્વપ્ન દીઠું. તે સ્વપ્નની વાત સીતાએ રામને કહી ત્યારે તેણે કીધું કે, તને બે વીર પુત્રો થશે, પણ વિમાનમાંથી બે શરભ પડ્યા તેથી મારા મનને આનંદ થતો નથી. તે સાંભળીને સીતા બોલી કે, હે પ્રભો, તમારા તેમજ ધર્મના પ્રભાવથી સર્વ શુભ ભાવી થશે. તે દિવસથી સીતાએ ગર્ભ ધારણ કર્યો. ત્યારથી તે રામને વિશેષ પ્રિય થઈ. તે જોઇને તેની કપટી શોકયો દ્વેષથી એક વખત સીતાને પૂછવા લાગી કે, રાવણનું રૂપ કેવું હતું? તે અમને બતાવ. અમને જોવાની ઇચ્છા છે. ત્યારે સીતા બોલી કે, તેના સર્વ અંગ મેં જોયા નથી, 'માત્ર પગ જોયાં છે, તેથી તેનું રૂપ હું શી રીતે આલેખી શકું', તે સાંભળી ફરી તેઓ કહેવા લાગી કે, એમ હોય તો પગનો આકાર બતાવ, કેમકે તેને જોવાને અમને કૌતુક જેવું લાગે છે. સીતા પ્રકૃતીએ સરળ હોવાથી કપટી શોકયોનો પ્રપંચ સમજી શકી નહીં. તેથી તેને રાવણના ચરણનું ચિત્ર કહાડી તેઓને બતાવ્યું. એટલામાં ઓચીંતો ત્યાં રામ આવ્યો. તેને તે સ્ત્રીઓ કહેવા લાગી કે, તારી પ્રિય આ સીતા હજી સુધી રાવણને યાદ કરયા કરે છે. તેની સાબીતીનો દાખલો સીતાએ પોતે આલેખેલા રાવણના પગ તું જો. બીજી તો તને ખબર. એવી રીતે સીતાની શોકયોએ રાવણના ચરણોનું ચિત્ર બતાવીને બોલી છતાં રામનો સ્વભાવ અતિ ગંભીર હોવાથી તેમનું કહેવું મનમાં ન આણતાં તે સીતાની ઉપર પ્રથમની પેઠે પ્રેમ રાખવા લાગ્યો, ત્યારે તેઓ પોતાની દાસીઓના મુખે, સીતાના ઉપર આરોપણ કરેલો દોષ, લોકોને કહેવા લાગી. તે વાત કોઇએક વખતે રામને કાને પડી. તે મનમાં ન લાવતાં, સીતાને રામ કહેવા લાગ્યો કે, હે પ્રિયસ્ત્રી, આ ગર્ભના યોગે તારૂં શરીર સુકાઇ ગયું છે. તેને પ્રફુલીત કરી આનંદ આપવા સારૂ હમણાં વસંતઋતુ રૂપ લક્ષ્મી આવીને ક્રીડા કરવાની સૂચના કરે છે અને ગર્ભવાળી સ્ત્રીના મનોરથે કરી બકુલ નામના વૃક્ષને ફૂલો આવ્યાં છે. માટે


આ સમયે ક્રીડા કરવા સારૂ આપણે માહેંદ્ર ઉદ્યાનમાં જઈયે એવી મારી ઇચ્છા છે. ત્યારે સીતા બોલી કે, મને દેવતાની પૂજા કરવાનો મનોરથ થયો છે, તે આપ ઉદ્યાનમાંના સુગંધી ફૂલો વડે પૂરો કરો. એવું સાંભળીને તેજ વખતે દેવોની પૂજા કરાવીને સીતાને સાથે લેઈ રામ મહેંદ્રોદ્યાનમાં ગયા. ત્યાં નાગરીક લોકો વસંતના ઉત્સવ કરતા હતા તે જોવા લાગ્યા. એટલામાં સીતાની જમણી આંખ ફરકવા લાગી. તેથી તેના મનમાં માઠા પરિણામની શંકા આવી, તેથી તેણીએ તે વાત રામને જણાવી. ત્યારે રામે કહ્યું કે, એ ચિન્હ સારૂં નથી. તે સાંભળી સીતા બોલી:—મારા રાક્ષસદ્વીપના વાસથી શું વિધાતા રાજી થયો નથી કે? હે પ્રાણપતિ રામ, તારા વિયોગના દુઃખથી પણ બીજું અધીક દુઃખ દેવાની વિધાતાને ઇચ્છા છે કે શું? આ નિમિત્ત અન્યથા થનાર નથી. ત્યારે રામે કહ્યું કે, હે દેવી, તું ખેદ કર નહીં. જે થવાનું હશે તે થશે. સુખ અને દુઃખ એ કર્માધીન છે, માટે જરૂર ભોગવવાં જોઇયે. હવે ઘેર જઇ દેવની પૂજા કર. અને સુપાત્રે દાન દે. કહ્યું છે કે, "દુઃખના વખતે ધર્મનું શરણ છે." પછી સીતાએ ઘેર જઇને ઘણા ભાવ સહિત શ્રી અર્હત્ પરમાત્માની પૂજા કરીને સુપાત્રોને ઉત્તમ પ્રકારનાં દાન દીધાં અને સુખરૂપ દિવસ નિર્ગમન કરવા લાગી.

ત્યારપછી કેટલેક દિવસે વિજય, સૂરદેવ, મધુમાન, પિંગળ, શૂલધર, કાલ, ક્ષેમ અને કાશ્યપ, એ આઠ અધિકારીઓ રામની પાસે આવીને નમસ્કાર કરી કાંઇ કહેવાને ઉભા રહ્યા. પરંતુ તેમનાથી રાજ તેજ સહન ન થવાને લીધે રામની સામે કાંઇપણ બોલી શકાયું નહીં. ત્યારે રામ તેમને કહેવા લાગ્યો કે, હે અધિકારી પુરૂષો, તમે એકાંત હિત કહેનારા છો, તેથી હું તમને અભય વચન આપું છું, માટે તમારા મનમાં જે કાંઇ કહેવાનું હોય તે મારી પાસે કહો. એવું રામનું બોલવું સાંભળીને તથા સમય જાણીને તેઓમાંનો વિજય નામનો અધિકારી હાથ જોડીને કહેવા લાગ્યો કે,

આજે અમારે વિજ્ઞાપના કરવાની જરૂર પડી છે. તેમ ન કહેવાથી અમે તમારા અપરાધી ઠરીએ છીએ, માટે દુઃસહ છતાં કહેવું પડે છે. તે આપ ધ્યાનમાં લેશો. તે એ કે,—તમારી પ્રાણપ્રિય પત્ની સીતાની ઉપર લોકો મોટો દુર્ઘટ અપવાદ રાખે છે, તેને આપ બુદ્ધિમાન પુરૂષે વિચાર કરી લેવો. જો ગ્રહણ કરવા યોગ્ય હોય તો ઠીકજ છે, નહીંતો તેનો ત્યાગ કરવો. હે પ્રભો, જાનકીને હરણ કરીને રાવણ તેને એકલીજ લેઈ ગયો. તેના ઘરમાં તે ઘણા દિવસ રહી. રાજી ખુશીથી, કતરાજીથી, અથવા બળાત્કારે, સ્ત્રી લંપટ જે રાવણ, તેણે નિશ્ચયે કરી સીતાને દૂષિત કરી છે અને સર્વ લોક પણ એમ કહે છે. તેમજ અમે પણ કહીએ છીએ. હે રઘુદ્વહ, એવો યુક્તિ યુકત જે પ્રવાદ (અપવાદ) તે તમને સહન કરવા યોગ્ય નથી. હે દેવ, એ અપવાદ સહન કરવે કરીને, પોતાના કુળની પેઠે જન્મથી મેળવેલી જે કીર્તિ, તેને તમે મલિન કરો નહીં. એવું સાંભળવાથી સીતાના અપવાદનો નિશ્ચય કરીને, દુઃખે કરી પીડાણો થકો રામ મુગે મોઢે બેશી રહ્યો. કહ્યું છે કે, "એકાએક પ્રેમનો ત્યાગ થતો નથી."

પછી ધૈર્ય ધારણ કરીને રામ તેમને કહેવા લાગ્યો કે, તમે સારી વિનંતી કરી. કહ્યું છે કે, "ભકત પુરૂષો ક્યાંય પણ ઉપેક્ષા કરનારા નથી." એક સ્ત્રીને માટે હું અપયશ સહન કરનાર નથી. એવી પ્રતિજ્ઞા કરીને રામે તેમને જવાની રજા આપી. પછી રાત્રીને વિશે રામ ગુપ્ત રીતે ઘરમાંથી બહાર નીકળીને ગામમાં ફરવા લાગ્યો. રસ્તામાં ફરતાં ઠેકાણે ઠેકાણે તેણે લોકોની એવી વાણી સાંભળી કે,-રાવણ સીતાને લેઈ ગયા પછી સીતા તેના ઘરમાં ઘણા દહાડા રહી. તેને ફરી રામ લેઇ આવ્યો અને તેને હજી સુધી તે પતિવ્રતા માની રહ્યો છે. રાવણ સીતાની ઉપર આશકત થઇ તેને લેઈ ગયો છતાં શું તેનો તેણે ઉપભોગ લીધો નહીં હોય? તેનો હજી સુધી પણ રામને વિચાર થતો નથી. કહ્યું છે કે, "અનુરાગી પુરૂષો દોષ જોતા નથી." એવી રીતે લોકાપવાદ સાં-

ભળીને રામ પાછો પોતાને ઘેર આવ્યો. ફરી લોકાપવાદ સાંભળવા સારૂ તેણે પોતાના સેવકોને છાની રીતે મોકલ્યા. પછી રામ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, જેને માટે ભયંકર રાક્ષસોના કુળનો મેં નાશ કર્યો, તેના ઉપર આ કલંક કેવું? સીતા મહા સતી છે, તે હું પાકી રીતે જાણું છું; પરંતુ રાવણ સ્ત્રી લંપટ હતો, તેથી આવો અપવાદ આવે છે. મારૂં કુળ કલંક રહિત છતાં તેના ઉપર આ કલંક ચડયું. હવે મારે કેમ કરવું? એટલામાં રામે મોકલેલા સેવકોએ લોકાપવાદ સાંભળીને રામ અને સુગ્રીવાદિકની પાસે બેઠેલા લક્ષ્મણને આવી કહ્યું. ત્યારે લક્ષ્મણ ક્રોધાયમાન થઇને કહેવા લાગ્યો કે, આ પતિવ્રતા સીતાની જે કોઇ નિંદા કરે છે, તેઓનો હું કાળ છું. એવું સાંભળીને રામ તેને કહેવા લાગ્યો કે, પ્રથમ મહત્તરોએ મને કહ્યું, આ સેવકોએ પણ કહ્યું, તથા મેં પોતે પણ લોકોના મુખનું બોલવું સાંભળ્યું. તેમજ આ લોકો સાંભળીને તારી સામે આવી બોલ્યા. માટે જેમ સીતાનો સ્વીકાર કર્યો, તેમજ તેનો ત્યાગ કર્યાથી લોકો આપણા ઉપર અપવાદ રાખનાર નથી. એવું રામનું બોલવું સાંભળીને તેને લક્ષ્મણ કહેવા લાગ્યો કે, લોકોની વાણી ઉપર વિશ્વાસ રાખીને સીતાનો ત્યાગ કરવો એ યોગ્ય નથી. લોકો તો ગમે તેમ બોલનારા છે. લોકનું મુખ કોણ બાંધી શકે, જો કે પોતાના રાજ્યમાં રહે છે, તોપણ રાજાના ઉપર દોષ રાખવાને તેઓ પાછા હઠતા નથી. પરંતુ રાજા તેઓને શિક્ષા દેતો નથી, અને તેમની ઉપેક્ષા કરે છે. ફરી રામ બોલ્યો:—એ સાચી વાત છે. લોકો હમેશ એવાજ છે. પણ યશસ્વી પુરૂષે લોકવિરૂદ્ધ કર્મનો ત્યાગ કરવો કહ્યું છે. એમ કહીને રામે તરતજ કૃતાંત વદન નામના સેનાનીને બોલાવીને આજ્ઞા કરી કે, જો પણ આ સીતા ગર્ભવતી છે, તથાપિ તું તેને હરકોઈ ઠેકાણે વનમાં જઇને મુકી આવ. રામનો એવો હુકમ સાંભળ્યો કે, લક્ષ્મણ તેના ચરણમાં મસ્તક મુકીને તથા આંખોમાં આંસુ આણીને કહેવા લાગ્યો કે,—પતિવ્રતા જે આ સીતા, તેનો


ગર્ભિણી
સીતા.


સીતા.

ત્યાગ કરવો યોગ્ય નથી, ત્યારે રામે કહ્યું કે, હવે તારે બોલવાનું કાંઇ કામ નથી. એટલે લક્ષ્મણ નીચું મુખ કરીને રડતો થકો ઘેર ગયો. રામે કૃતાંતવદનને કહ્યું કે, સમેતશિખરની યાત્રાના મિષથી સીતાને વનમાં લેઇ જા. તેની એવીજ ઈચ્છાછે, એમ જાણી લઇ નીરૂપાયે કૃતાંતવદને સીતાને પાસે જઇને તેને રામની આજ્ઞા કહી સંભળાવી. અને તેને રથમાં બેસાડીને ચાલતો થયો. જતાં વાટમાં અપશુકન થયા છતાં સીતાને લેઇને તે ઘણો દૂર ચાલી ગયો.

પછી ગંગા સાગર ઉતરીને આગળ ચાલતાં ભયંકર વન આવ્યું. ત્યાં રથ ઉભો રાખીને કૃતાંતવદન આંખોમાંથી આંસુ પાડતો ઊંડા વિચાર વમલમાં ગોથા ખાતો હેઠે બેઠો. તે જોઇને સીતા તેને કહેવા લાગી કે, શોક શોકવાનની પેઠે દુઃખી થઇ બેસવાનું કારણ શુંછે? ત્યારે તે મોટા સંકટથી કહેવા લાગ્યો કે, જે બોલવાને યોગ્ય નહીં તે હું કેમ બોલું! હું રામનો સેવક છું. તેની આજ્ઞા મારે જરૂર ઉઠાવવી જોઇયે. હે અનાથ સીતા, તમે રાક્ષસના ઘરમાં રહ્યાં તેથી તે લોકાપવાદ આવ્યાના ભયથી રામે તમને આ ભયંકર વનમાં મોકલ્યાં છે. જે વખતે સેવકોએ તમારા ઉપર આવેલા અપવાદ વિશે રામને કહ્યું તેજ વખતે રામે તમારો ત્યાગ કરવાનો વિચાર કર્યો. ત્યારે લક્ષ્મણે લોકોના ઉપર ક્રોધાયમાન થઈને રામને તેમ કરવા વાર્યો. પરંતુ રામે તેનો નિષધ કર્યો. તેથી તે રડતો રડતો ઘરમાં ગયો. પછી તમને અહીં મુકવા માટે રામે મને મોકલ્યો. હે દેવી, હું માહા પાપીછું. જાનવરોએ કરી ભરેલું આ વન, તે કેવળ મૃત્યુનુંજ ઘર છે. એમાં હું તમને મુકી ગયા પછી પોતાના પ્રભાવથી તમે જીવતા રહેશો. એવું સાંભળતાંજ સીતા મૂર્છિત થઇને રથમાંથી પૃથ્વી ઉપર પડી. તેને મરી ગઈ, એમ જાણીને તે સેનાની મનમાં કહેવા લાગ્યો કે, મારે શીર મોટું પાપ બેઠું. એમ કહીને તે રડવા લાગ્યો; એટલામાં વનના વાયુના યોગે સીતા સાવધ થઈ ફરી મૂર્છા ખાઈને પડી. એમ કરતાં કેટલાએક વખત પછી તે શુદ્ધિમાં આવીને કહેવા લાગી કે, અહીંથી આયોધ્યા કેટલે દૂરછે? અથવા રામ કયાં છે? ત્યારે સેનાની બોલ્યોઃ—અયોધ્યા અહીંથી

દૂર છે? પણ હવે તમારે પૂછીને શું કરવું છે? તથા આ ભયંકર આજ્ઞા વાળો જે રામ, તેનું નામ લેઇને પણ તમારે શું કરવાનું છે? એવું તેનું બોલવું સાંભળીને રામભક્ત તે સીતા પૂરી કહેવા લાગી કે, હે સેનાની મારા સર્વે સમાચાર તું રામની પાસે જઈને કહેજે; અને તેને મારા તરફની વિનંતી કરજે કે, જ્યારે તમે લોકના આપવાદથી ભયને પામ્યા, ત્યારે મારી પરીક્ષા લેવાને શું હરકત હતી! સંશય આવે એટલે લોકો દિવ્યાદિક (સોગન વિગેરે) વડે ખાતરી કરી લે છે. મંદભાગ્ય જે હું તે તો પોતાના કર્માનુસારે સુખ અથવા દુઃખને ભોગવીશ. પરંતુ હે નાથ, તેં આ યોગ્ય કર્યું નહીં. તારા વિચારને અને કુળને આ મોટું દૂષણ છે. હે સ્વામીન્, તેં દુર્જનોની વાણીથી જેમ મને તરછોડી કહાડી તેમ મિથ્યા દૃષ્ટિ લોકોની વાણીથી જૈન ધર્મનો પણ વિચાર કર્યો નહીં. એમ કહીને પાછી તે પૃથ્વી પર પડી. ફરી ઉઠીને કહેવા લાગી કે, મારા શિવાય રામ કેમ જીવશે? હા! હું નષ્ટ થઈ. રામને કલ્યાણ કહેજે. તેમજ લક્ષ્મણને મારા આશીર્વાદ કહેજે. તારો રસ્તો કલ્યાણકારક થાઓ. હે વત્સ, તું રામની પાસે જા. ત્યારે તે સેનાની મનમાં કહેવા લાગ્યો કે, આવો વિપરીત બુદ્ધિવાળો પતિ છતાં, સીતા આ પ્રકારની મહા પતિવ્રતા છે. એવો વિચાર કરીને કૃતાંતવદને પૂરી સીતાને નમસ્કાર કર્યો. અને તેને તે વનમાં મુકીને તે મહા સંકટથી પાછો ફરયો.

દોહરા.

રાવણ રણમાં રોળીને, કીધો લંક પ્રવેશ;
સીતા સુંદરિને મળી, કાઢ્યો સઘળો કલેશ. ૧

રામે રાજી ખુશીથી, બોલ્યું પળવા માટ;
બિભીષણ બેસારીયો, પુર લંકાને પાટ. ૨

વર્ષજ ખટ ત્યાં વહી ગયાં, આવ્યો નારદ મૂન્ય;
કહી કથા માતા તણી, સર્વે બન્યાં છે શૂન્ય. ૩

બિભીષણ બોલાવીને, જવા જણાવી જુક્ત;
કીધી શીલ્પી મોકલી, લંક અયોધ્યા સુક્ત. ૪

લક્ષ્મણ સીતા રામજી, આવ્યા આપણ દેશ;
મંગળ વાજાં વાગીયાં, હરખ્યો ભરત નરેશ. ૫
માતા આદિકને મળ્યા, સજન સહોદર સાથ
દુઃખ સર્વે દૂરે ગયાં, હાથજ આવી આથ. ૬
ભરત ભૂપ દીક્ષા લેઈ, વિચર્યા વન મોજાર;
રાજ ગાદિએ આવિયા, લક્ષ્મણ ને બળરામ. ૭
મૌજ મજા કરતે થઈ, ગર્ભણી સિતા નાર;
શોકયોના કપટે કરી, થૈ અપકિર્ત્તિ અપાર. ૮
લોકાપવાદ ઘણો થયો, રામે જાણી વાત;
કલંક કૂડાથી ડરયા, કહ્યું ન માન્યું ભ્રાત. ૯
નિર્દય થઇ નારી તજી, રામે કાઢી રાન;
જીવ જવા જેવી દશા, સીતાની થૈ માન. ૧૦
કરૂણારસ ભાવે કહ્યો, અષ્ટમ સર્ગજ આમ;
પંડિત હેમ પ્રતાપથી, ચરિત્ર શુણો રઘુરામ. ૧૧

ઇત્યાચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિતે ત્રિષષ્ટિ શિલાકા
પુરૂષ ચરિત્રે મહાકાવ્યે સપ્તમે પર્વણિ સીતા
પરિત્યાગો નામ અષ્ટમઃ સર્ગઃ ૮

—:o:—

અથ શ્રી નવમ સર્ગ પ્રારભ્યતે:

પછી પોતાના પૂર્વ કર્મના વિપાકે કરી દુખી થતી સીતા સ્વઆત્માની નિંદા કરતી થકી વનમાં ભયને પામીને આમ તેમ ફરવા લાગી. વારંવાર રડે, ને પગલે પગલે પડે. એવી રીતે ભમતાં તેની તરફ આવતું એક મોટું સૈન્ય તેના દીઠામાં આવ્યું. તેને જોઇને મનમાં કાંઇ પણ બીક ન રાખતાં નવકાર મંત્રનો જાપ કરતી તે ત્યાંજ ઉભી રહી. એટલામાં તે સૈન્ય તેની સમીપ આવ્યું પહોંચ્યું. ત્યારે—

સીતા—(મનમાં) આ અઘોર વનમાં ભય રાખીને શું કરવાનું છે? આવા સમયે મરવું અને જીવવું એ બેઉ સરખાંજ છે.

(તેને જોઇને તે સૈનીક ભય પામતા થકા કહેવા લાગ્યા.)

સૈનીક—આ દિવ્યરૂપ ધારણ કરીને પૃથ્વી ઉપર કોણ ઉભી છે? (તે વખતે સીતા રડતી હતી તે સાંભળીને સૈન્યનો સ્વામી કાંઇક તેનું સ્વરૂપ સમજી બોલ્યો.)

સૈન્યનો રાજા—એ કોઇ ગર્ભિણી છે, તેમજ તે મહાદુઃખ દરીઆમાં ડુબેલી જણાય છે. (એમ બોલતો થકો તે કૃપાળુ રાજા સીતાની પાસે આવ્યો. તેને જોઇને જાનકી બીની. અને તેણીએ પોતાના અંગ ઉપરના અલંકારો કહાડીને તેની આગળ નાખ્યાં. ત્યારે તેને રાજા કહેવા લાગ્યો) બાઈ તું ભય નહીં રાખ, આ તારાં જે આભુષણ છે, તે તું તારા અંગમાં ઘાલ. તું કોણ છું? અહીં તને કોણે મુકી? તે અત્યંત નિર્દય જણાય છે. તું તારી સર્વ હકીકત મને કહે. લેશમાત્ર મનમાં તું શંકા લાવ નહીં. તારૂં દુઃખ દેખીને તારાથી મને વધારે દુઃખ થાય છે.

(તે વખતે સીતાની શંકા દૂર કરવા માટે તે સૈનીકરાજનો મંત્રી તેણીને કહેવા લાગ્યો.)

રાજાનો મંત્રી—હે બાઈ! પુંડરીક પુરના રાજા ગજવાહનની સ્ત્રી બંધુદેવીને ઉદરે ઉત્પન્ન થયેલો આ વજ્રજંઘ નામનો રાજા મહાપરાક્રમી તથા અર્હત્‌નો ભક્ત છે. એ પરનારીનો સહોદર (ભાઇ) છે. હમણાં હાથીને પકડવા સારૂ એ અહીં આવ્યો હતો, તે કામ કરીને ફરી ઘેર જાય છે. તારૂં દુઃખ જોઇને એ મહા દુઃખિત થયો થકો અહીં આવ્યો છે. તેને તું પોતાનું દુઃખ કહે.

એવું તેનું બોલવું સાંભળીને સીતાએ ધૈર્ય ધરી તેને પોતાનો સંપૂર્ણ વૃત્તાંત કહી સંભળાવ્યો, અને રડવા લાગી. તેને જોઇને તે કૃપાળુ રાજા તથા તેનો મંત્રી પણ રડવા લાગ્યા. પછી,

વજ્રજંઘ રાજા—હે સીતા, તું મારી ધર્મની બેન છું. એક ધર્મ પાળવાવાળા સર્વે લોક પરસ્પર બંધુ હોય છે. માટે મને તારો ભામંડળના જેવો ભાઈ જાણીને તું મારે ઘેર ચાલ. મારે ત્યાં સ્ત્રીઓને રહેવા સારૂ પતિગ્રહ શિવાય બીજી બંધુગ્રહ નામની રહેવાની જગા છે. રામે તને લોકાપવાદથી ત્યાગી તેથી તેના ઉપર કાંઈ દોષ નથી. તે પણ પશ્ચાતાપ કરીને તારી પેઠે દુઃખ ભોગવતો હશે. એવું મારા સમજવામાં આવે છે. તેમજ તે વિહારાતુર થયો થકો ચકવા પક્ષીની પેઠે તારો શોધ કરતો હશે.

એ પ્રકારનું તેનું બોલવું સીતાએ સ્વીકાર્યું. ત્યારે તે તેને પાખલીમાં બેસાડીને મિથિલા નગરીની માફક પોતાની પુંડરીક નગરીમાં તેડી ગયો. ત્યાં તેને રેહેવા માટે એક મહેલ અલાયદો ઊઘાડી આપ્યો. ત્યાં સીતા રહેતી થકી રાત્ર દિવસ ધર્માનુષ્ટાન ધારણ કરવા લાગી.

કૃતાંતવદન સેનાની સીતાને સિંહનિનાદ વનમાં મુકીને ત્યાંથી પાછો ફરી અયોધ્યામાં રામચંદ્રની પાસે જઇને તેમને નમસ્કાર કરી કહેવા લાગ્યો:—

કૃતાંનવદનઃ—હે સ્વામીન્, આપની આજ્ઞા અંગીકાર કરીને અહીંથી ચાલ્યા પછી અપશુકન થયા છતાં મેં સીતાને સિંહુનિનાદ નામના વનમાં લેઇ જઇને મુકી, ત્યારે તે વારંવાર મૂર્છિત થઇને પૃથ્વી પર પડતી સાવધ થતી મહા શોક કરતી થકી ફરી ફરી રૂદન કરવા લાગી. વળી ફરી મૂર્છા ખાઇને સાવધ થઈ, તેણીએ તમને કહાવ્યું છે કે,—'નિતીશાસ્ત્રમાં, સ્મૃતિમાં, તથા દેશમાં એક પક્ષે કહેલો દોષ સાંભળીને બીજા પક્ષને શિક્ષા કરવાનો આચાર ક્યાંએ પણ નથી. તું સર્વ કાળ, સર્વ કામ વિચાર કરીને કરનારો છતાં આ કામ કરતાં તેં કાંઇ પણ વિચાર કર્યો નહીં. એમાં તારો દોષ નથી; પણ મારા ભાગ્યના દોષથી એમ થયું. તું સદા નિર્દોષજ છું. હું નિર્દોષ છતાં દુષ્ટ લોકોના બોલવાથી જેમ તેં મને મુકી દીધી, તેમ મિથ્યા દૃષ્ટિ લોકોના બોલવાથી તું જૈન ધર્મને કદી પણ મુકીશ નહીં; એમ કહીને ફરી તે મૂર્છિત થઇને પૃથ્વી પર પડી. ફરી ઉઠી સાવધ થઇને બોલી કે, મારા વિના રામ કેમ જીવતો રહેશે? હું સર્વ રીતે ખરાબ થઈ. એવી રીતે વારંવાર તેણે ખેદ કર્યો.

ઉપર પ્રમાણેના પોતાના સેનાનીના વચનો સાંભળીને રામ મૂર્છા ખાઇ પૃથ્વી ઉપર પડ્યો. તેજ વખતે લક્ષ્મણે આવીને તેના ઉપર ચંદનનું પાણી છાંટયું. ત્યારે કેટલોક વખત વિત્યા પછી તે સાવધ થઇને નીચે મુજબ વિલાપ કરવા લાગ્યો.

રામ—હે મહાસતી સીતા, તું ક્યાં છે? દુષ્ટ લોકોના વચનોથી તને મેં મુકી દીધી. તે ફરી મારી નજરે કેમ કરી પડશે?

(રામને એવી રીતે વલવલતો સાંભળીને લક્ષ્મણ તેને કહેવા લાગ્યો.)

લક્ષ્મણ—હે સ્વામીન્, હજી સુધી તે મહાસતી સીતા પોતાના પ્રભાવથી વનને વિશે જીવતી હશે. હે પ્રભો, તમે

પોતે ત્યાં જઇને તેનો શોધ કરી, જ્યાં લગણ તમારા વિરહે કરી તે મરણ પામી નથી ત્યાં લગણ તેને અહીં તેડી લાવો.

એવું લક્ષ્મણનું બોલવું સાંભળીને તેજ વખતે કૃતાંત-વદન સેનાની તથા બીજા વિદ્યાધરોને સાથે લેઇને આકાશ માર્ગે થઇ, જે સિંહનિનાદ વનમાં સીતાને મુકવામાં આવી હતી તે મહાભયંકર વનને વિશે રામ આવ્યા. પરંતુ જે સ્થળે સેનાની સીતાને મુકી ગયો હતો ત્યાં તે મળી નહીં. ત્યારે તે વનમાં દરેક ઠેકાણે, દરેક પાણીના સ્થાને, દરેક પર્વત ઉપર, તથા ઝાડોની ગટામાં તથા ઝાડ ઉપર જાનકીને જોવરાવી. પરંતુ તેનો કયાંય પણ પત્તો મળ્યો નહીં. ત્યારે તે મનમાં વિચાર કરવા લાગ્યા કે, કોઇ વ્યાઘ્રે, કે કોઈ સિંહે અથવા કોઇ જાનવરે સીતાને ભક્ષણ કરી હશે. નહીં તો તેની ભાળ લાગ્યા-વિના રહે નહીં. એ મરી ગઇ માટે મળવાની નથી એમ જાણીને તેની તદન આશા છોડી દેઇને અત્યંત દુઃખી થતો રામ ત્યાંથી પાછો ફરી પોતાના નગરમાં આવ્યો. ત્યાં ગામના લોકોએ સીતાના ગુણ ગ્રહણ કરીને વારંવાર રામની પૂજા કીધી. પછી રામે સીતાનાં પ્રેત કાર્ય કરચાં. અને જ્યાં ત્યાં તે સીતામય જોવા લાગ્યો. તેને સીતા શિવાય સર્વે શૂન્ય દેખાવા લાગ્યું. રા-મના હૃદયમાં, નજરની સામે તથા વાણીમાં, સર્વ કાળ સીતાજ આવવા લાગી; તથાપિ તેને કયારેય પણ સીતાની ખબર મળી નહીં.

પુંડરીક નગરીમાં વજ્રજંઘ રાજાને ત્યાં ધર્મની બેન ત-રીકે રહેતાં માસ પુરા થએથી જાનકીને અનંગલવણ, અને મદનાંકુશ નામના બે પુત્રો જોડલે જન્મ્યા. વજ્રજંઘે તેના જન્મનામ મહોત્સવ કર્યાં. તેથી તેને પોતાને પુત્ર પ્રાપ્તી થયાના લાભ કરતાં વિશેષ આનંદ થયો. ધાઇઓના હાથથી લાલન પાલન થઇને તે બંને બાળકો અશ્વિનીકુમારની પેઠે કુમેકરી મોટા થયા. તે મહાભુજ હાથીના બાળકની પેઠે શિક્ષા કરવા લાયક, તથા રાજાના નેત્રોને આનંદદાયક, બેઉ બાંધવ કળાઓ

શીખવાને યોગ્ય થયા. એવા અવસરે કોઇએક અણુવ્રત ધારણ કરનારો, વિદ્યા, બળ, તથા રિદ્ધિએ કરી સંપન્ન, અનેક કળામાં કુશળ, આકાશમાં ફરનારો, સિદ્ધાર્થ નામનોનો મુનિ મેરૂ પર્વતની ઉપર ચૈત્યોની યાત્રાઓ કરતો કરતો ભિક્ષાને અર્થે જાનકીને ઘેર આવ્યો. ત્યારે સીતાએ તેને અન્ન પાનાદિકે કરી ભોજન કરાવ્યું. પછી તેણીએ તેને રસ્તાના વિહારની ખબર પૂછી. ત્યારે તેણે કહ્યું કે, સુખે કરી વિહાર થયો. ત્યારપછી તે મુનિએ સીતાને તેના પુત્રના જન્મ સુધીનો સર્વ વૃત્તાંત પૂછયો. જાનકીએ મૂળથી માંડીને સર્વ વાત તેને કહી સંભળાવી. અને પોતે ખેદ કરવા લાગી. ત્યારે અષ્ટાંગનિમિત્તજ્ઞ અને કરૂણાનિધી, એવા તે સિદ્ધાર્થ મુનિ સીતા પ્રત્યે કહેવા લાગ્યાઃ—

સિદ્ધાર્થમુનિઃ—હે સીતા, તું વ્યર્થ ખેદ શા સારૂ કરે છે ? તારા

આ નિર્દોષ અને લક્ષણવાળા લવણ અને અંકુશ,
એ બે પુત્રો સાક્ષાત્ રામ અને લક્ષ્મણ જેવાજ છે.
એ તારા મનોરથ થોડાજ દિવસમાં પૂર્ણ કરશે.

એવી રીતે તેણે સીતાનું આશ્વાસન કર્યું પછી સીતાએ તેની પ્રાર્થના કરીને પોતાના પુત્રોને અધ્યાપન (સીખવવા) સારૂ તેને પોતાને ઘેર રાખી લેવાથી તે ત્યાં રહ્યો.

સિદ્ધાર્થ મુનિએ સીતાને ઘેર રહી લવણ તથા અંકુશને યોગ્ય જાણી થોડા કાળમાં સર્વ કળાઓ સીખવી. તેથી તેઓ સર્વ કળામાં નિપુણ થઇને યુદ્ધમાં દેવોને પણ દુર્જય થયા. ક્રમે કરી યૌવન અવસ્થા પ્રાપ્ત થએ તે બંને બાંધવો નૂતન કામ વસંતની પેઠે સાથે સંચાર કરવા લાગ્યા.

પછી વજ્રજંઘ રાજાએ પોતાની સ્ત્રી લક્ષ્મીને પેટે પેદા થએલી શશિચુલા નામની કન્યા તથા બીજી બત્રીશ કન્યાઓ લવણને પરણાવી. અને અંકુશને માટે પૃથ્વીપુર નગરના રાજા પૃથુની સ્ત્રી અમૃતવતીના ઉદરથી અવતરેલી કનકમાલિકા નામની કન્યા તે રાજાની પાસે માંગી. ત્યારે પૃથુ રાજાએ કહ્યું કે, જેના વંશની ખબર નહીં, તેને મારી કન્યા કેમ

આપું! ત્યારે વજ્રજંઘ રાજાએ તેને કહ્યું કે, જો એમ છે તો મારા સામે યુદ્ધ કરવાને ઉભો રહે. એમ કહીને તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. અને તેના પક્ષપાતી વ્યાઘ્રરથ રાજાને બાંધી લીધો ત્યારે પૃથુ રાજાએ પોતાની સહાયતા કરવા સારૂ પોતાના મિત્ર પોતનપતિને બોલાવ્યો. કહ્યું છે કે, "આપત્તિના વખતે મિત્રનું સ્મરણ યોગ્ય છે." તેમજ વજ્રજંઘે પણ સેવકને મોકલીને પોતાના પુત્રોને બોલાવ્યા; ત્યારે તેમની સાથે લવણ તથા અંકુશ ને વારયા છતાં પણ તેઓ સંગ્રામમાં આવ્યા. બીજે દિવસે બેઉ સૈન્યો વચ્ચે યુદ્ધ ચાલ્યું. તેમાં અતિ પ્રબલ શત્રુના સૈન્યે વજ્રજંઘના સૈન્યનો ભંગ કર્યો. ત્યારે પોતાના મામાના સૈન્યમાં ભંગાણ પડયું પેખીને લવણાંકુશ ક્રોધમાં આવ્યા થકા નિરંકુશ હાથીની પેઠે શત્રુના સૈન્યનો નાશ કરવા સારૂ દોડ્યા. તે વખતે જેમ વર્ષાકાળના નદીના પ્રવાહનો વેગ તેની તીરે રહેલા વૃક્ષોથી સહન થતો નથી, તેમ તે મહાપરાક્રમી બંને ભાઇઓનો વેગ શત્રુથી સહન થયો નહીં. ક્ષણવારમાં સૈન્ય સહિત પૃથુ રાજાનો ભંગ થયો. (તે વખતે તેઓ તેને કહેવા લાગ્યા.)

લવણાંકુશ—હે પૃથુ રાજા, અમે અપરિજ્ઞાત (ન જાણેલા) વંશના છીએ. અને તમે પરિજ્ઞાત (જાણેલા) વંશના છતાં યુદ્ધમાંથી કેમ નાશી ગયા? (તેને)

પૃથુ રાજા—તમારા આ પરાક્રમથી અમે વંશ જાણ્યો. વજ્રજંઘ રાજાએ અંકુશને માટે મારી કન્યા માંગી, તે મારા હિતાર્થેજ છે. કેમકે આવો વર બીજો કોણ મળનાર હતો.

એ પ્રમાણે વિનય સહિત બોલીને તેજ વખતે પૃથુ રાજાએ પોતાની પાસે પ્રથમ માંગેલી કનકમાલા નામની કન્યા અંકુશને આપી. અને સર્વ રાજાની સામે તેણે વજ્રજંઘ રાજાની સાથે મિત્રતા કરી. ત્યાર પછી કેટલાક દિવસ સુધી લવણાંકુશ સહિત વજ્રજંઘ રાજા ડેરા કરીને ત્યાંજ રહ્યો. કોઇ એક સમયે ત્યાં આગળ નારદ મુનિ આવ્યો. તેને સારી

રીતે આદર સત્કાર કરીને વજ્જંઘ રાજાએ એક આસન ઉપર બેસાડ્યો. પછી સર્વ રાજાઓની સમક્ષ તે તેને કહેવા લાગ્યો.

વજ્જંઘ રાજા—હે નારદ, આ પૃથુ રાજા પોતાની કનકમાલા કન્યાને અંકુશ વેરે વરાવનાર છે. તેથી એ અમારો સંબંધી થયો. એક તેને લવણાંકુશના વંશ વિશે વાકેફગાર કર. પોતાના જમાઈના વંશની ખબર પડેથી એ ખુશી થશે.

નારદ—(સ્મીત હાસ્ય કરીને) એનો વંશ કોણ જાણતો નથી. મૂળ પુરૂષ ભગવાન શ્રી ઋષભધ્વજનો એ વંશજ છે. એના વંશમાં ભરતાદિક ચક્રવર્ત્તિ રાજા થયા છે. અને હાલ પણ રામ અને લક્ષ્મણ જે એમનાં માવીત્રો છે, તેને કોણ નથી ઓળખતો. એ બાળકો ગર્ભમાં છતાં લોકાપવાદના ભયથી રામે જાનકીને વનમાં મુક્યા પછી તારે ઘેર આવ્યા બાદ તેમનો જન્મ થયો છે.

અંકુશ—(હાસ્ય કરતો) હે બ્રહ્મન્, રામે ભયંકર વનમાં જાનકીને મુકી એ સારૂં કર્યું નહીં. અપવાદ મટાડવાના બીજા ઘણા ઉપાયો હતા. પોતે વિદ્વાન છતાં આ તેણે શું કર્યું?

લવણ—હે નારદ, લક્ષ્મણ સહિત મારો પિતા પોતાના પરિવાર સાથે જ્યાં રહે છે, તે નગરી અહીંથી કેટલી દૂર છે?

નારદ—મહા કીર્ત્તિમાન તારા પિતાની નગરી અહીંથી એકસો સાઠ (૧૬૦) યોજન દૂર છે.

લવણ—(વિનય સહિત વજ્જંઘ રાજા પ્રત્યે) હે મામા, ત્યાં જઇને રામ તથા લક્ષ્મણ વીગેરેને જોવાની અમારી ઇચ્છા છે.

વજ્જંઘ રાજાએ લવણનું કહેવું કબુલ રાખીને કનકમાલા કન્યાની સાથે અંકુશનું આનંદ સહિત લગ્ન કર્યું. ત્યાર પછી લવણાંકુશ સહિત વજ્જંઘ તથા પૃથુ રાજા વીગેરે ત્યાંથી પ્રયાણ કરીને અનેક દેશોનું ઉલ્લંઘન કરતા થકા એક લોક

નામના નગર પ્રત્યે આવ્યા. ત્યાંના ધૈર્યવાન, મહાપરાક્રમી, તથા અભિમાની કુબેરકાંત નામના રાજાને જીતીને ત્યાંથી આગળ ચાલતાં તેઓ લંપાક દેશમાં આવ્યા. તે દેશના રાજકર્ત્તા કર્ણ રાજા સાથે લડાઇ કરીને તેને પણ જીતી લીધો. ત્યાંથી ચાલ્યા વિજય સ્થળને વિશે આવીને તેઓએ ભાતૃશિત નામના રાજાને જીત્યો. ત્યાર પછી ગંગા નદી ઉતરીને તેઓએ કૈલાસ પર્વતની ઉત્તર દિશામાં આવી ત્યાંના રાજા ઉપર જય મેળવી નંદનચારૂ નામના દેશમાં વિજય વાવટો ઉરાડયો. પછી ઝષ, કુંતલ, કાલાંબુ, નંદિનંદન, સિંહલ, શલભ, અનલ, શુલ, અને ભૂતરવ વીગેરે રાજાઓને જીતીને સિંધુ નદીની ઉત્તર દિશા તરફ આવ્યા. ત્યાં આર્ય અનાર્યાદિક અનેક રાજાઓને જીતીને તેઓ પુંડરીકપુર નગર પ્રત્યે આવ્યા. ત્યાં રસ્તામાં ચાલતાં મહાભુજ લવણાંકુશને જોઇને નગર લોક કહેવા લાગ્યા કે, અહો, આ વજ્રજંઘ રાજાને ધન્ય છે; કે જેની બેનના પુત્રો આવા પરાક્રમી પાકયા! પછી તેઓ રાજા સહિત ઘેર ગયા. ત્યાં જગતને પવિત્ર કરનારા તે બંને ભાઇઓએ જાનકીને નમસ્કાર કર્યો. ત્યારે સીતાએ તેમનું મસ્તક ચુંબન કર્યું અને પ્રેમના આંસુ આણી આશીર્વચન બોલી. કે, "તમે રામ તથા લક્ષ્મણના જેવા થાઓ." ત્યાર પછી તેઓ પોતાના મામા વજ્રજંઘ રાજાને કહેવા લાગ્યા.

લવણાંકુશ—હે મામા, આપને અમોએ અયોધ્યા તરફ જવા વિશે પ્રથમ પૂછયાથી ત્યાં જવા દેવાનું તમે કબુલ કર્યું હતું; માટે હવે અમને આજ્ઞા આપો કે અમે જઇએ. અને લંપાક, કાલાંબુ, કુંતલ, શલભ, અનલ, અને ચૂલ વીગરે રાજાઓને અમારી સાથે ચાલવાની આજ્ઞા કરો. પ્રયાણ ભેરી વગવાડો. ચારે દિશાને સૈન્યે કરી આચ્છાદન કરો. જેણે અમારી માતાને મુકી દીધી છે, તેનું પરાક્રમ અમે જોઇએ તો ખરા.

સીતા—(રૂદન કરતી ગદગદીત કંઠે) હે બાળકો, હમણાં કયે કરી તમને શી આ અનર્થની ઇચ્છા થઇ છે? જેણે

ત્રૈલોક્ય કંટક રાવણને મારયો. તે તમારા વીર મા-
વીત્રો દેવોથી પણ જીતાય નહીં; તો તમે શા રિસા-
ભમાં! તમારી ઇચ્છા તેમને જોવાની હોય તો નમ્રપણાથી
સુખે ત્યાં સીધારો. તમે બાળક છો, માટે પૂજ્ય પુરૂષ
પાસે વિનય કરવો યોગ્ય છે.

લવણાંકુશ—હે માતા, તને ત્યાગીને શત્રુપદ પામનારા પિતા વિષે
વિનય શો કરવો! ત્યાં જઇને "અમે તારા પુત્ર છી-
એ" એમ કેમ બોલીએ! માટે અમે જાતે જઇને
તેને લજ્જા કરનારા, અને જનકને આનંદ આપનારા
વચનો બોલીશું. કેમકે, તેને યુદ્ધમાં બોલાવ્યાથી બેઉ
કુળને યશ કારક છે.

એવી રીતે બોલી રહ્યા પછી વજ્રજંઘ રાજાએ પ્રથમ આપેલી કબુલત પ્રમાણે લવણાંકુશને આયોધ્યા તરફ જવાની આજ્ઞા આપી. ને તેના માગ્યા મુજબ સર્વે તૈયારી કરાવી લંપાકાદિક રાજાઓને તેની સાથે જવા જણાવ્યું. ત્યાર પછી તેઓ (લવણાંકુશ) સીતાને રડતી મુકીને મોટા આનંદે કરી સૈન્ય સહિત રામની નગરી પ્રત્યે જવા સારૂ નીકળ્યા માર્ગમાં સાલતાં વિકટ વાટમાંથી કુહાડા અને કોદાળીઓએ કરી દશ હજાર પુરૂષો ઝાડોને તોડી પાડી જમીન સરખી કરતા થકા ક્રમે કરી આયોધ્યા આગળ જઇ તેઓએ સૈન્ય સહિત પડાવ નાખીને તે નગરીની ચારે દિશાઓ ઘેરી લીધી. અને યુદ્ધ કરવાના હેતુથી એ મહાપરાક્રમી બંને બાંધવો પણ ત્યાંજ મુકામ કરી રહ્યા. નગર બહાર કોઇકનું સૈન્ય આવ્યું, એવું સાંભળીને રામ અને લક્ષ્મણ વિસ્મય અને આનંદને પામ્યા. પછી લક્ષ્મણ બોલ્યો કે, રામના પરાક્રમ રૂપ જે અગ્નિ, તેમાં ઝંપાપાત કરી આ પતંગની પેઠે મરવાને કોણ આવ્યા છે? તે પછી શત્રુ રૂપ અંધઃકારનો નાશ કરવાને સૂર્યના જેવો સમર્થ રામ, લક્ષ્મણ તથા સુગ્રીવાદિકને સાથે લેઈ યુદ્ધ કરવા સારૂ ચાલ્યો.

રથનૂપુર નગરમાં રહેલા ભામંડળ રાજાએ નારદના મુખથી સીતાનું વૃત્તાંત સાંભળ્યું. તેથી તે તત્કાળ ત્યાંથી

નીકળી પુંડરીકપુર નગરમાં જાનકીની પાસે આવ્યો. (તેને જોઇને)

સીતા—(રડતી થકી) હે ભાઇ! હે ભામંડળ! રામે મને મુકી દીધી. એ હકીકત યાદ કરીને મારા ત્યાગ વિશેની વાત સહન ન કરનારા તારા બંને ભાણેજો રામની સાથે યુદ્ધ કરવા સારૂ અયોધ્યાએ ગયા છે.

ભામંડળ—રામે ઉતાવળો થઈને જેમ તારો ત્યાગ કર્યો, તેમ તે તારા પુત્રોનો વધ ન કરે તો સારૂ! માટે જ્યાં સુધી "એ પોતાના પુત્ર છે," એમ ન જાણીને રામે તેમને માર્યા નથી, ત્યાં સુધીમાં આપણ ત્યાં જઈએ તો ઠીક.

એ પ્રમાણે સીતા તથા ભામંડળ વચ્ચે વાત થતાંજ તરત તેઓ વિમાનમાં બેશીને સૈન્ય સહિત લવણાંકુશ જે ઠેકાણે પડાવ નાખી રહેલા છે ત્યાં આગળ આવ્યા. તે વખતે લવણ તથા અંકુશે પોતાની માતાને નમસ્કાર કર્યો. ત્યારે તેમને સીતા કહેવા લાગી કે, હે પુત્રો, આ તમારો મામો છે. એને નમસ્કાર કરો. એવું સાંભળીને તેઓએ ભામંડળ રાજાને પણ નમસ્કાર કર્યો. ત્યારે તેમનું મસ્તક ચુંબન કરીને તેમને પોતાના ખોળામાં બેસાડી તે બોલવા લાગ્યો.

ભામંડળ—(લવણાંકુશને) મારી બેન પ્રથમ વીરપત્ની હતી, તે આ વખતે વીર માતા થઈ. તમે વીર પુત્ર પોતે મોટા માની છો, તથાપિ પિતા અને કાકાની સાથે યુદ્ધ કરવું યોગ્ય નથી. જેના યુદ્ધમાં મહામલ્લ જે રાવણ, તે પણ સમર્થ થયો નહીં. તેમની સાથે માત્ર ભુજાના બળ વડે તમે કેમ યુદ્ધનો આરંભ કર્યો.


લવણાંકુશ—હે મામા, સ્નેહના હકથી આટલો ભય બસ છે. અમારી માતા જે તમારી બેન, તેણીએ પણ અમને કહ્યું કે, "તમારા પિતાની સામે કોઇ પણ મલ્લ નથી." તે અમે જાણીએ છીએ. પણ યુદ્ધ તજીને તેઓનેજ લજ્જા કેમ ઉપજાવિયે.

એવા પ્રકારની તે મામા ભાણેજ વચ્ચે વાત ચીત ચાલતા દરમીઆન પરસ્પર તે બાપ દીકરાના સૈન્યનું યુદ્ધ ચાલુ થયું. તેવારે "સુગ્રીવાદિક વિદ્યાધરો લવણાંકુશના સૈનીકોને મારશે" એમ ધારીને તેનું નિવારણ કરવાને અર્થે ભામંડળ સંગ્રામમાં આવ્યો. એટલામાં તે બંને કુમારો પણ યુદ્ધ કરવાને ઉઠયા. તેમના સામે સુગ્રીવાદિક વિદ્યાધરો નિશંકપણે યુદ્ધ કરતા છતાં ત્યાં ભામંડલને જોઇને તેની પાસે આવી પૂછવા લાગ્યા કે, આ કોણ છે? ત્યારે તેણે કહ્યું કે, એ રામના પુત્રો છે. એવું સાંભળીને તેઓ સીતાની પાસે જઇને, તેને નમસ્કાર કરી તેની સામે ભૂમી ઉપર બેઠા. અહીં એક ઘડીમાં લવણાંકુશે રામના સૈન્યનો ઘાણ કહાડી નાખ્યો. વનમાંના સિંહથી પેઠે તેઓ જ્યાં જ્યાં ફરવા લાગ્યા ત્યાં ત્યાં રથી, સાદી, નિષાદી હાથમાં આયુધો લેઇને ઉભા રહ્યા નહીં. ત્યારે પોતાનું સૈન્ય નાશ પામ્યું એમ જાણીને રામ લક્ષ્મણ આપો આપ યુધ્ધમાં આવ્યા. ત્યાં તે બાંળકોને જોઈને તેઓ પરસ્પર બોલવા લાગ્યા.

રામ લક્ષ્મણ---અહો! આ બાળકો--આવા શત્રુ તે કોણ છે? કે જેમને જોઈ અમારૂં મન પાછું હઠે છે. એમની સાથે યુદ્ધ કરવું નહીં, અને એમને એમ આલિંગન કરવું એવો ભાવ થાય છે.

લવણાંકુશ--(વિનય પૂર્વક)આખા જગતને જીતના વાળા રાવણને પણ જીતનારા જે તમે, તેમની સાથે વીર યુદ્ધની શ્રદ્ધા કરનારા અમે તમને ઘણા કાળે જોયા. હે માહાભાગ્યો રાવણના યુધ્ધમાં તમારી રણશ્રધ્ધા પૂર્ણ થઇ નથી. તે અમે પૂરી કરવાને અર્થે આવ્યા છીએ તેમજ તમે અમારી ઇચ્છા પૂર્ણ કરશો એવી અમે આશા રાખીએ છીએ.

પરસ્પરનું એવું ભાષણ પૂરૂ થયા પછી એક બાજુ રામલક્ષ્મણ અને બીજી બાજુ લવણ અંકુશે પોતપોતાના ધનુષ્યોની ચાપ ચડાવીને ટણત્કાર કર્યો. પછી કૃતાંતવદન સારથીએ રામનો, અને વજ્રજંઘ રાજાએ અનંગલવણનો રથ સામસામે આણ્યા તેમજ લક્ષ્મણનાં સારથી વિરાધે તથા અંકુશના સારથી પૃથુ



સીતા.
વજ્રધર
રાજા.
લક્ષ્મણ.
યુદ્ધ.
રામ.
લવણ- અંકુશ.

રાજાએ પોતાના રથો એક બીજાની સામે લાવી ઉભા કર્યા. પછી તે ચારે સારથીઓ પોત પોતાની વિચિક્ષણતા દેખાડતા થકા ચારે દિશાએ રથો ફેરવવા લાગ્યા; અને તેમાં બેસનારા યોદ્ધાઓ પરસ્પરની ઉપર શસ્ત્રનો વરસાત વરસાવવા લાગ્યા લવણાંકુશ સંબંધના જ્ઞાતા હોવાને લીધે સાપેક્ષ યુદ્ધ કરવા લાગ્યા. અને રામ લક્ષ્મણ અજ્ઞાને કરી નિરપેક્ષ યુદ્ધ કરવા લાગ્યા. એવી રીતે નાના પ્રકારના આયુધોથી યુદ્ધ કરીને કૃતાંતવદનને રામ કહેવા લાગ્યો.

રામ--શત્રુની સામે રથ લઇ જા. આમ તેમ આટલામાં શું ફરે છે?

સારથી--એ યોદ્ધાએ સર્વ અંગ ઉપર બાણો માર્યાથી આ ઘોડા ઘણા વ્યાકુલ થઇ ગયા છે; ચાબૂકને પણ માનતા નથી શસ્ત્ર તથા અસ્ત્રે કરી માર ખાધેલો મારો રથ જર જર થયો. છે. આમારી ભુજા શત્રુના બાણોના મારથી થરથર કાંપવા લાગી છે, તેથી ચાબુક લેવાને સમર્થ થતી નથી.

રામ—મારૂં ધનુષ્ય પણ ચિત્રસ્થિતની પેઠે શિથિલ થઈ ગયું છે. આ વજાવર્ત ધનુષ્ય પણ કાર્ય કરવાને તત્પર થતું નથી. આ મુશળરત્ન, શત્રુ નિર્દલન વિષે અક્ષેમ હોવા છતાં હમણાં એ અનાજ ખાંડવા લાયક બન્યું છે. આ હળ, દુષ્ટ ગજને અંકુશના જેવો હતો, તે આ સમયે ભૂમી ખોદવાને યોગ્ય થયો છે. સર્વકાળ યક્ષે કરી રક્ષણ થયેલા તથા શત્રુનો ક્ષય કરનારા જે આ મારાં શસ્ત્રો અને અસ્ત્રો તેની આવી અવસ્થા કેમ થઇ !

એવી રીતે લવણની સામે જેમ રામના શસ્ત્રો તથા અસ્ત્રો વ્યર્થ ગયાં, તેમજ મદનાંકુશની સામે યુદ્ધ કરનારા લક્ષ્મણના હથિયારો પણ નકામાં થયાં. એટલામાં અંકુશે લક્ષ્મણના હૃદયમાં એક બાણનો પ્રહાર કર્યો. તેણે કરી તે મૂર્છિત થઇને રથની ઉપર પડ્યો. ત્યારે વિરાધે રથને અયોધ્યા તરફ ફેરવ્યો. એટલામાં સાવધ થઇને—

લક્ષ્મણ--હે વિરાધ, વિચાર વગરનું આ તેં નવીન શું કામ કર્યું! રામનો ભાઇ અને દશરથનો પુત્ર જે હું, તેને એ અયોગ્ય છે. માટે જ્યાં આપણો શત્રુ છે, ત્યાં તું રથને જલદી લેઇ જા. આ ચક્રવડે હું તેનું માથું કાપી નાખીશ.

વિરાધ એવી વાણી સાંભળીને તરતજ રથને ફેરાવી મદનાંકુશની પાસે તેની સન્મુખ લઇ ગયો. ત્યારે, ઉભો રહે! ઉભો રહે! એમ બોલીને લક્ષ્મણે પોતાના હાથમાં ચક્ર લેઇ, તેને ફેરાવીને અંકુશ ઉપર નાખ્યું. તે ચક્રને તોડવા માટે અંકુશે અનેક શસ્ત્રો તેમા ઉપર નાખ્યાં; તેમજ લવણે પણ બીજા બહુ હથીઆરો ફેંકયા; પરંતુ તે કોઇનું પણ ન માનતાં મોટા વેગથી તે ચક્ર અંકુશની પાસે આવીને તેને પ્રદક્ષિણા દેઇને જેમ માળામાં પક્ષી આવીને બેસ, તેમ તે પાછું લક્ષ્મણના હાથમાં આવ્યું; ત્યારે તેણે પૂરીથી નાખ્યું. તે વખતે પણ હાથી જેમ પોતાને રહેવાની હસ્તિશાળામાં આવે, તેમ તે મદનાંકુશને પ્રદક્ષિણા દેઇને પૂરી લક્ષ્મણના હાથમાં આવ્યું; ત્યારે રામ અને લક્ષ્મણ વિચાર કરવા લાગ્યા કે, આ ભરત ક્ષેત્રને વિસે બળદેવ અને વાસુદેવ તો એજ બે પુરૂષો છે, અમે નથી. એટલામાં સિદ્ધાર્થ સહિત નારદમુનિ ત્યાં આવીને ચિંતામાં બેઠેલા રામ તથા લક્ષ્મણને કહેવા લાગ્યો.

નારદમુનિ—હર્ષને ઠેકાણે આ શોક કેવો? પુત્રના હાથે પરાજય પામેલો શું લોકોનો વંશ પ્રકાશ કરનારો થતો નથી કે? આ લવણાંકુશ સીતાના ઉદરથી અવતરેલા તારા પુત્ર છે. આ યુદ્ધના મિષે કરી તેઓ તને મળવા માટે આવ્યા છે. એ શત્રુ નથી. તેની નીશાની એજ જાણી લેવી કે આ ચક્ર તેને મારવાને શમર્થ ન થતા વ્યર્થ ગયું.

પછી તેણે સીતાનો ત્યાગ કર્યાથી માંડીને પુત્રોની સાથે યુદ્ધ થવા સુધીનો સઘળો વૃત્તાંત તેમને કહ્યો. તે સાંભળીને મહા શોકે કરી દુઃખી થતો રામ મૂર્છા પામ્યો. તેના ઉપર

ચંદનનું પાણી છાંટ્યાં પછી તે સાવધ થઇને પુત્રની વાત્સલ્યતા કરવા સારૂ લક્ષ્મણ સહિત આંખોમાં આંસુ આણીને લવણાંકુશની પાસે ગયો. ત્યારે તેઓએ રથોમાંથી હેઠે ઉતરીને રામ લક્ષ્મણના પગોપર માથાં મૂકયાં. રામે તેમને પોતાના ખોળામાં લેઇને તેમનાં મસ્તક ચુંબન કર્યાં અને વિરહ વેઠ્યાના શોકને સંભારી સ્નેહે કરી મોટેથી રડવા લાગ્યો. પછી લક્ષ્મણે તેઓને રામના ખોળામાંથી પોતાના ખોળામાં લેઇ, મસ્તક ચુંબન કરીને તેમનું આલિંગન કર્યું. ત્યારે તેમણે પિતાની પેઠે તેને નમસ્કાર કર્યો. ત્યારપછી શત્રુઘ્ને પણ તેમનું આલિંગન કર્યું. તે વખતે વિવાહ મહોત્સવમાં મળેલા સાજનની પેઠે બંને સૈન્યોના રાજાઓ અતિ આનંદ પામ્યા, તેમજ રામ તથા લક્ષ્મણ પણ પોતાના જેવા પરાક્રમવાળા લવણાંકુશને જોઇને આનંદીત થયા. સર્વ ભૂચર તથા ખેચર લોકો પણ પોતાના સ્વામીના મંગળમય દિવસના હર્ષથી રાજી થયા. સીતા પોતાના પુત્રોનું પરાક્રમ તથા તેમને તેમના પિતાનો સમાગમ થયો તે જોઇને મનમાં રાજી થઇ થકી ત્યાંથી વિમાનમાં બેસીને પુંડરીકપુર નગર પ્રત્યે ગઈ. ત્યારપછી ભામંડળના કહેવાથી વજ્રજંઘ રાજાએ રામ લક્ષ્મણને સેવકની પેઠે નમસ્કાર કર્યો. ત્યારે,

રામ—હે વજ્રજંઘ રાજા, તું પણ મને ભામંડળના જેવો છે. આ પુત્રોને મોટા કરીને અમારી પાસે લેઈ આવ્યો, માટે તું ધન્ય છે.

એમ બોલીને રામ લક્ષ્મણ પુત્રો સહિત પુષ્પક વિમાનમાં બેસીને અયોધ્યામાં આવ્યા. ત્યારે નાગરીકો ઉંચું માથું કરીને તેઓને નિહાળતા લવણાંકુશની સ્તુતિ કરવા લાગ્યા. એવી રીતે નગર લોકોના સુશબ્દો સાંભળતાં રામ પોતાના ઘર આગળ આવ્યા. પછી સર્વે જણા વિમાનમાંથી ઉતરી રાજ મહેલમાં ગયા. રામે તેજ વખતે મોટા હર્ષે કરી મહોત્સવ કરાવ્યો. ત્યારપછી લક્ષ્મણ, સુગ્રીવ, બિભીષણ, હનુમાન, અને અંગદાદિક એક ઠેકાણે મળીને રામને વિનંતિ કરવા લાગ્યા:

લક્ષ્મણાદિક—હે રામ, તારા તેમજ આ પુત્રો શિવાય સીતા એકલી પરદેશમાં મહાદુઃખે દિવસ ગુજારતી રહી છે, માટે આપ આજ્ઞા આપો તો અમે આજ તેને અહીં બોલાવી લાવીએ. પતિ અને પુત્રો પાસે ન હોવાથી તે મરણ પામશે.

રામ—(કિંચિત્ વિચાર કરીને) બહુ મોટા બળવાન વિઘ્ન કરનારા ખોટા અપવાદથી મેં જાનકીને કેમ કહાડી મૂકી? સીતા સતી છે તે હું પાકી રીતે જાણું છું. અને તે પણ પોતાને પવિત્ર માને છે. માટે દિવ્ય (સોગન વિગેરે) દેવાને અથવા ગ્રહણ કરવાને અમો બંનેને કાંઇપણ ભય નથી, તેથી સર્વ લોકોની સન્મુખ સીતાએ તેમ કરવું. ત્યારપછી હું તેની સાથે સુખેથી ગ્રહવાસ કરીશ.

લક્ષ્મણ—આપને તે યોગ્યજ છે. એમાં કોઇથી પણ કાંઇ કહેવાય તેમ નથી.

એ પ્રમાણે વાતચીત કરીને તેમણે અયોધ્યા નગરની બહાર ચોગાનમાં મોટા મંડપો ઉભા કરાવીને તેમાં મોટી મોટી બેઠકો કરાવી. ત્યાં પોતપોતાને યોગ એવા આસન ઉપર રાજાઓ, પુરના લોકો, પ્રધાનો, બિભીષણ અને સુગ્રીવ પ્રમુખ ઘણા ખેચરો બેઠા. પછી રામે સુગ્રીવને બોલાવી જાનકીને તેડી લાવવાની આજ્ઞા આપી, એટલે તરતજ તે ત્યાંથી વિમાનમાં બેસી આકાશ માર્ગે ઊડી પુંડરીકપુર નગરમાં સીતાની પાસે આવીને તેને નમસ્કાર કરી હાથ જોડી વિનંતી કરવા લાગ્યો.

સુગ્રીવ—હે જાનકી, તમોને તેડવા સારૂ રામે મને અહીં મોકલ્યો છે; માટે આ પુષ્પક વિમાનમાં બેસીને રામની પાસે ચાલો.

સીતા—હજી સુધી તેણે મારો ત્યાગ કરીને વનમાં મૂકી દીધાનું દુઃખ વીસર્યું નથી. તો, એવો દુઃખ દેવાને કઠોર હૃદયનો જે રામ તેની પાસે ફરી હું કેમ આવું?

સુગ્રીવ—(સવિનય) હે દેવી, તમે ક્રોધાયમાન ન થાઓ. તમારી શુદ્ધિ સારૂ પુરના લોકો તથા રાજાઓ વિગેરે સહિત રામ નગર બહાર મંચક ઉપર બેઠો છે.

એવું તેનું બોલવું સાંભળીને શુદ્ધિની ઇચ્છાવાળી તે સીતા, તરતજ પુષ્પક વિમાનમાં બેસીને અયોધ્યાની બહાર મહેંદ્રોદ્યાનમાં આવી. ત્યાં તે વિમાનમાંથી નીચે ઉતરી તેજ વખતે કેટલાક રાજાઓને સાથે લેઈ લક્ષ્મણે તેની પાસે આવી અર્ઘાદિથી પૂજા કરીને તેને નમસ્કાર કર્યો, પછી તેના સામે બેશીને બોલવા લાગ્યો.

લક્ષ્મણ—હે દેવી, તમે નગરીમાં આવીને તેને (અયોધ્યા નગરીને) તથા ઘરને પવિત્ર કરો.

સીતા—શુદ્ધિ થયા પછી આ નગરીમાં અને ઘરમાં પ્રવેશ કરીશ. તે શિવાય કરનાર નથી.

એવી રીતની સીતાની પ્રતિજ્ઞા સાંભળીને સર્વ રાજાઓ રામની પાસે આવી કહેવા લાગ્યા કે, સીતાએ શુદ્ધિ સારૂ જણાવ્યું તે વખતે રામે સીતાની પાસે આવીને તેને નીતિ યુક્ત વચને નીચે પ્રમાણે કહ્યું.

રામ—હે સીતા, તું રાવણના ઘરમાં રહી તે છતાં તેં તેની સાથે ઉપભોગ કર્યો નથી એવી સર્વ લોકની ખાત્રી કરવા સારૂ તેમની સમક્ષ તું દિવ્ય કરીને તારી શુદ્ધતા સિદ્ધ કર.

સીતા—(હસીને) તમારા જેવો આ જગતને વિષે કોઈપણ વિદ્વાન અને ડાહ્યો નથી; કેમકે, મારો દોષ બરાબર ન જાણીને મને વનમાં કહાડી મુકવારૂપ દંડ પહેલાં કરીને પછી પરીક્ષા લ્યો છો કે? તમે મહા નિપુણ છો; તથાપિ જેમ કહેશો તેમ કરવાને હું તૈયાર છું.

રામ—(લજ્જાયમાન થયો થકો) તું દોષીત છું, કે નહીં તે હું બધું એ જાણું છું, પરંતુ લોકાપવાદ મટવા સારૂ હું તને એવી આજ્ઞા કરૂં છું.

સીતા—હું દિવ્ય પંચક કબુલ કરૂં છું. કહો તો ખૂબ સળગેલી ધગધગાયમાન અગ્નિમાં હું પ્રવેશ કરૂં. કહો તો લોઢાના ચણા ચાવું. કહો તો કાંટામાં બેશીને તોળાઉં. કહો તો તપાવેલો તરવાનો શીસો પીઉં. અને કહો તો લોખંડની બરછી જીભથી ઉપાડું. એ પાંચમાંથી અગર બીજું જે તમને ગમે તે કરવાને કહો, કે તે પ્રમાણે હું કરૂં.

જાનકીના આ બોલો સાંભળવાની સાથે આકાશમાં રહેલો સિદ્ધાર્થ નામનો નિમિત્તજ્ઞ તથા નારદ સહિત બીજા ઋષીઓ અને લોકો કોલાહલ શબ્દ કરીને કહેવા લાગ્યા.

સિદ્ધાર્થ તથા બીજા—ભો ભો રાઘવ, આ સીતા, નિશ્ચયે કરી સતી, સતી, અને મહાસતીજ છે એને વિશે કાંઇ પણ વિકલ્પ કરવો યોગ્ય નથી.

રામ—હે સર્વ લોકો, તમને કાંઇ પણ મર્યાદા નથી; તેમજ તમારૂં બોલવું બીલકુલ વજન વગરનું અને ધડો કરવા લાયક નથી. પ્રથમ તમેજ સીતાના ઉપર દોષારોપણ કરીને તેને દૂષિત ઠરાવી હતી. અને હમણાં વળી કહો છો કે, એનામાં કાંઈપણ દોષ નથી. હવે પછી પૂરી બીજુંજ કાંઈ બોલશો. પ્રથમ એ દોષવાળી કેમ થઈ હતી?. અને હમણાં નિર્દોષી સતી શાથી થઈ? તેમજ ફરીથી દોષારોપણ કરવાને તમને લગારે વાર લાગનાર નથી. માટે તમો સર્વની ખાત્રી કરવા સારૂ સીતાએ દેદીપ્યમાન અગ્નિમાં પ્રવેશ કરવો યોગ્ય છે.

એમ કહીને રામે ત્રણસેં હાથ લાંબો અને ત્રણ પુરૂષ વાર ઉંડો, એવો એક ખાડો ખોદાવીને તેમાં ચંદનના લાકડાં ખડકાવ્યા.

એવા સમયને વિશે વૈતાઢ્ય પર્વતની ઉત્તર દિશા તરફ રહેવાવાળા હરિવિક્રમ રાજાના પુત્ર જયભૂષણને આઠ સ્ત્રીઓ હતી. તેમાંની કિરણ મંડળ નામની સ્ત્રી કોઇ એક સમયે

તેના મામાના પુત્રની સાથે રમમાણ થઇ હતી. તે વાત જયભૂષણના જાણવામાં આવતાં તેણે તે સ્રીને ઘરમાંથી કહાડી મૂકી હતી, તે મરીને વિદ્યુત્દ્રંષ્ટા નામની રાક્ષસી થઈ. અને જયભૂષણને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તરતજ તેણે દીક્ષા લીધી હતી. તે જયભૂષણ મુનિ આ અવસરને વિશે અયોધ્યા નગરની બહાર ઉપવનમાં આવીને કાયોત્સર્ગ ધ્યાને રહ્યા હતા. તેને પેલી રાક્ષસીએ ઘણો ઉપદ્રવ કર્યો. પરંતુ તે મુનિ પોતાના ધ્યાનમાંથી બીલકુલ ખસ્યા નહીં અને અનિત ભાવના ભાવતા તેજ વખતે કેવળ જ્ઞાન પામ્યા. તેનો મહોત્સવ કરવા સારૂ ત્યાં આગળ ઇંદ્રાદિક દેવો આવ્યા. તે દેવો સીતાનું સાહસ કર્મ જોઇને ઇંદ્રને કહેવા લાગ્યા કે, લોકોના મિથ્યા અપવાદથી સીતા અગ્નિમાં પ્રવેશ કરે છે. એવું સાંભળીને સીતાની સહાયતા કરવા સારૂ ઇંદ્રે પોતાના સેનાનીને આજ્ઞા કરી અને પોતે જયભૂષણ મુનિના કેવળ જ્ઞાનનો મહોત્સવ કર્યો. એટલામાં અહીં રામની આજ્ઞાથી તે ચંદનના લાકડાથી ભરેલા ખાડામાં ચાકર લોકોએ અગ્નિ સળગાવ્યો. તે જ્યારે ખૂબ સળગ્યો, અને તેનું તેજ આંખોથી જોવાય નહીં એવું જાજ્વલ થયું, ત્યારે તેને જોઇને રામ પોતાના મનમાં ચિંતવન કરવા લાગ્યો.

રામ—(મનમાં) અહો! મારૂં નિર્દયપણું અત્યંત પ્રગટ થયું. આ સીતા નક્કી મહાસતી છે અને જરૂર આ અગ્નિમાં એ પેસશે. દૈવની પેઠે દિવ્યની પણ અવળી ગતિ છે. મારી સાથે એ વનવાસમાં આવી. ત્યાં તેને હરણ કરીને રાવણ લેઈ ગયો. ફરી મારા કૃત્યથી એ વનમાં ગઇ અને આ કૃત્ય પણ મારાજ હાથે થાય છે.

એવી રીતે રામ પોતાના મનમાં વિચાર કરે છે, એટલામાં તો સીતા અગ્નિમાં પ્રવેશ કરવા સારૂ તે ખાડાની નજીકમાં આવી અને સર્વજ્ઞ ભગવાનને નમસ્કાર કરીને તે પોતાના સત્યે કરી કહેવા લાગી.

સીતા—હે લોકપાળ સહિત સર્વ લોકો સાંભળો. જો મેં મારા
પતિ રામ વિના બીજા કોઇની અભિલાષા કરી હોય
તો આ અગ્નિ મને બાળો અને જો તેમ ન હોય
તો જળની પેઠે સુખે સ્પર્શ રૂપ થાઓ.

એમ કહીને નવકાર મંત્રનું સ્મરણ કરીને સીતાએ તે અગ્નિમાં કુદકો માર્યો. તેને અડકતાંજ અગ્નિ શાંત થઇ ગયો અને તે ખાડો પાણીથી ભરાઇને કુવા જેવો થઈ ગયો. તેના ઉપર કમલાવસ્થિત લક્ષ્મીની પેઠે પોતાના પાતિવ્રત્યના પ્રભાવથી સીતા તે જળમાં જેમની તેમ રહી. તે જળમાં ક્યાંક હુંકાર શબ્દ, ક્યાંક ગુલગુલ, ક્યાંક ભેરીના જેવો, ક્યાંક પટ્ટ પટ્ટ થાય, ક્યાંક દિલિ દિલિ સાંભળ્યામાં આવે, ક્યાંક ખળ ખળ અવાજ અને ક્યાંક આવર્ત; એવી રીતે થવા લાગ્યું. તે પાણી દરીઆના પાણી જેવું દેખાવા લાગ્યું. વળી સમુદ્રની ભરતીની પેઠે તે પાણીએ વધીને મોટા મોટા મંચકો બુડાવી દેવાનો આરંભ કર્યો. તેના ભયથી વિદ્યાધરો આકાશમાં ઉડી ગયા, અને ભૂચર લોકો, "હે મહાસતી સીતા, અમારૂં રક્ષણ કર" એવો આક્રોશ કરવા લાગ્યા. ત્યારે સીતાએ બહાર નીકળી આવીને તે પાણીને પોતાના હાથથી પાછું વાળ્યું. તેના પ્રભાવથી તે પાણી ફરી કુવામાં સમાઇ ગયું. પછી તે વાપી, (કુવો) ઉત્પલ, કુમુદ પદ્મ અને પુંડરિક, ઇત્યાદિકે કરી શોભવા લાગી. સુગંધીના લોભથી જેના ઉપર ભમરા ગુંજાર કરી રહ્યા છે, હંસાદિક પક્ષિયો વડે જે આનંદદાયક લાગે છે, જેમાં મોટા મોટા તરંગો છે, મણીનીજ જેને પાયરીઓ છે, અને રત્ન પાષાણના જેના કિનારા છે, એવી તે મનોરમા વાપી થઈ ગઈ. આકાશમાં સીતાના આચરણની સ્તુતિ કરતા થકા નારદાદિ મુનિઓ નાચવા લાગ્યા. દેવતાઓ રાજી થઇને સીતાના ઉપર ફૂલોની વૃષ્ટિ કરવા લાગ્યા: આ યશસ્કર રામની સ્ત્રી સીતા કેટલી શીળવાળી છે! શું એનું શીળ! એવા લોકના શબ્દોથી આકાશ સહિત પૃથ્વી ભરાઈ ગઈ. પોતાની માતાનો પ્રભાવ જોઇને, લવણાંકુશ રાજી થતા થતા તેની પાસે


શત્રુઘન - સુગ્રીવ વિ.
રામ - લક્ષ્મણ
સીતાનું અગ્નિ કુંડમાં પડવું.


રામ
સીતા સાધ્વી.

આવ્યા. જાનકીએ તેમનાં મસ્તક ચુંબન કર્યાં. નદીના બેઉ તટો ઉપર ઉભા રહેલા હંસોની પેઠે તે બંને બાંધવો સીતાની આશપાસ શોભવા લાગ્યા. પછી લક્ષ્મણ, શત્રુઘ્ન, ભામંડળ, બિભીષણ અને સુગ્રીવાદિકે સીતાની પાસે આવીને તેને નમસ્કાર કર્યો. રામ પણ તે ઠેકાણે આવી પશ્ચાતાપ કરતો, હાથ જોડી જાનકીને કહેવા લાગ્યો.

રામ—હે દેવી, સ્વભાવે કરી અસત્ય દોષનો આરોપ મુકનારા જે આ પુરવાસી લોક, તેમના છંદના અનુરોધ (બળ) થી મેં તારો ત્યાગ કર્યો; તેની તું ક્ષમા કર. મેં તને ઘોર વનમાં મૂકી પરંતુ ત્યાં પોતાના પ્રભાવે કરી તું જીવતી રહી, એ પણ એક દિવ્યજ સમજવું. તથાપિ તે મેં સદ્દહ્યું નહીં. ઈત્યાદિક મારા અપરાધોની ક્ષમા કરીને પોતાને ઘેર ચાલ અને પ્રથમની પેઠે મારી સાથે સુખ ભોગ ભોગવ.

સીતા—હે પ્રાણનાથ, તમારો દોષ નથી, લોકોનો દોષ નથી, અને બીજા કારણોનો પણ નથી. દોષ ફક્ત મારાં પૂર્વ કર્મનો છે. એવા દુઃખ કરનારા જે કર્મોએ કરી હું ખિન્ન થઇ, તેઓને કાપવા સારૂ હું દીક્ષા લેઉં છું: હવે મને સંસારમાં રહીને સુખ ભોગ ભોગવવાની ઇચ્છા નથી.

એ પ્રમાણે બોલીને જાનકીએ પોતાના હાથથી માથા ઉપરના કેશો ઉખેડી નાખીને જેમ જિનેશ્વર ભગવાન ઇંદ્રને આપે તેમ તેણીએ રામને આપ્યા. તે જોઇને રામ તત્કાળ મૂર્છા ખાઇને પૃથ્વી ઉપર પડ્યો. તે સાવધ થવાની આગમજ સીતા જયભૂષણ મુનિની પાસે ગઈ. ત્યારે તે કેવળીએ જાનકીને વિધીએ કરી દીક્ષા દેઇને સુપ્રભા નામની સાધ્વીના સંગાડા (પરિવાર) માં તપને વિશે તત્પર કરી.

લલિત છંદ.

વન મધે ફરી જે મહાસતી, અમિત દુઃખથી પીડ પામતી;
અંરણ પુષ્પને આગ ધૂપમાં, ધરણિએ ધરે વ્યાઘ્ર રૂપમાં. ૧

કરમ યોગથી ભૂપતિ મળ્યો, નિરખિ તેહને તાપ તે ટળ્યો;
ભગનિ ભાખિને ઘેર લૈ ગયો, જનક પુત્રની પેરે તે થયો. ૨
સુતન બે તણું જન્મ ત્યાં થયું, દર્શને કરી દુઃખ સૌ ગયું;
તદપિ સ્વામિનો સ્નેહ ચિત્તમાં, નહીં કદી ભુલે સ્ત્રી વિપત્તમાં ૩
લગન તેમનાં માતુલે કર્યાં, સરવ લોકનાં દુઃખને હરયાં;
નૃપતિ પૃથ્વિના જે બળી ઘણા, જય કરયા બધા રે નહીં મણા. ૪
પછિ ગયા મળી જનક ગામમાં, વિજય ત્યાં થયો યુદ્ધ ઠામમાં;
સકળ તે કથા રામને કહી, સુમુનિ નારદે આદિથી લહી. ૫
જનકને મળી ત્યાંજ તે રહ્યા, દુઃખિત જાનકી ત્યાં ફરી ગયા;
સપથ કારણે બોલવી ફરી, અનલ કુંડમાં પેસવા ફરી. ૬
જનકજા સતી માન્ય તે કર્યું, મન વિષે જરા ખેદ ના ધર્યું;
જપિ સ્વમંત્રને તેહમાં પડી, જળ પણે થયો અગ્નિ તે ઘડી. ૭
પુહુપની સુરે વૃષ્ટિઓ કરી, સુખદ જાનકી શીળમાં ભરી;
નયન લોકના આંસુએ ભરયાં, સ્વશિર જાનકી પાદમાં ધરયાં. ૮
રઘુવરે કરો જોડિને કહ્યું, પરમ પીડથી દુઃખ તે સહ્યું;
ભુવન ચાલિને ભોગવો સદા, સરવ સૌખ્યને જાનકી તદા. ૯
કરથિ કેશને લુંચિને દઇ, પતિ કરે બધું ત્યાગને લઇ;
ધરણિ રામ તે અકલાઇને પડ્યો, અણુ ન જાનકી બોધમાં નડ્યો. ૧૦
નવમ એમ સર્ગ હેમજી કહ્યો, બંધિજ વાતનો બોધ તો લહ્યો;
શ્રવણ સાંભળી પાપ ધોઇયે, શિળ સુધા થકી દુઃખ ખોઇયે. ૧૧

ઇત્યાચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિતે ત્રિષષ્ઠિ શિલાકા
પુરૂષ ચરિત્રે મહાકાવ્યે સપ્તમે પર્વણિ સીતા
પરિત્યાગો નામ નવમઃ સર્ગઃ ૯

અથ શ્રી દશમ સર્ગ પ્રારભ્યતે.

ત્યારપછી મૂર્છિત થઇને પૃથ્વીપર પડેલા રામચંદ્રના શરીર ઉપર સેવકોએ ચંદનનું પાણી છાંટયું તથા વાયુ ઢોળ્યો તેથી તે સાવધ થઇને બેબાકળો થયો થકો બોલવા લાગ્યો કેઃ-

રામ—અરે ! એ સીતા દેવી કયાં છે ? હે ભૂચર, હે ખેચર, જો તમે મરવાની ઈચ્છા ન કરતા હો તો લુંચિતકેશા (વાળ વિનાની) જે મારી પ્રિયા તે મને બતાવો. હે વત્સ, હે લક્ષ્મણ, ભાતો, ભાતો; ધનુષ્ય, ધનુષ્ય; હું દુઃખી છતાં આ સર્વે ઉદાશીનવૃતી ધારણ કરી બેઠા કેઃ—

એટલું બોલી રામે પોતાના હાથમાં ધનુષ્ય બાણ લીધું. તે વખતે તરતજ લક્ષ્મણ તેની પાસે આવી કહેવા લાગ્યો કે,

લક્ષ્મણ—હે આર્ય, આ શું ! આ લોક તારા સેવક છે. તું ન્યાયવંત છતાં લોકોના ભયથી તેં જેમ સીતાનો ત્યાગ કર્યો હતો, તેમ તે સીતાએ પણ આ સંસાર રૂપી સમુદ્રના ભયે કરીને પોતાનો સ્વાર્થ સાધવા સારૂ ક્ષણીક સંસાર સુખ વર્જિ, સર્વ મૂકી દઇ સંયમ ગ્રહણ કર્યું. તને શું ખબર નથી કે, તેણીએ આપણી સામેજ કેશલુંચન કરીને જયભૂષણ મુનિની પાસે દીક્ષા લીધી છે. એ મુનિને હમણાંજ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. તેના જ્ઞાનનો મહોત્સવ આપણને અવશ્ય કર્તવ્ય છે. ત્યાં આગળ દીક્ષા ધારણ કરનારી-સતી માર્ગની માફક મુક્તિ માર્ગ બતાવનારી-સ્વામીની સીતા પણ છે.

એવાં નમ્ર અને બોધદાયક લક્ષ્મણનાં વચનો સાંભળીને રામના ચિત્તને વિષે કાંઇક શાંતિ વળવાથી તે બોલ્યો કે, મારી સ્ત્રીએ તે કેવળી મુનિની પાસે દીક્ષા લીધી એ ઘણું ઉત્તમ કાર્ય કર્યું. આપણે અવશ્ય તે મુનિની પાસે જવું જોઇએ. એમ બોલી રામચંદ્ર પોતાના પરિવાર સહિત તે જયભૂષણ કેવલીમુનિની પાસે જઇને તેમને વંદન નમસ્કારાદિ કરીને તે-

મના સામે યથાયોગ્ય સ્થાનકે બેસી દેશના સાંભળવા લાગ્યો. તેની સમાપ્તિ થયા પછી રામ તે કેવલીમુનિ પ્રત્યે પૂછવા લાગ્યો કે, હે પ્રભો, હુ આત્માને જાણુતો નથી. માટે હું ભવ્ય છું કે અભવ્ય છું? તે મને કૃપા કરી કહેશો. કેવલીભગવાન મુનિએ તેના પ્રત્યુત્તરમાં જણાવ્યું કે:-હે રામ તું કેવળ ભવ્યજ છું, એટલુંજ નહીં, પરંતુ આ જ ભવને (જન્મને) વિશે તું કેવળ જ્ઞાન પામીને મોક્ષે જઇશ. તે સાંભળી રામ કહેવા લાગ્યો કે, દીક્ષા લીધા પછી મોક્ષ મળવાને વાર નથી, અને સર્વ ત્યાગેથી દીક્ષા લેવાય છે; તથાપિ આ લક્ષ્મણનો ત્યાગ થવો મુશ્કેલ છે. તે સાંભળી મુનિએ કહ્યું કે, હે રામ, હજી તને બળદેવ સંપત્તિ ભોગવવી જોઇએ છે. તે ભોગવી સર્વ સંગ મૂકી દીક્ષા લઇને તું મોક્ષપદને પામીશ. તે વખતે રામની સાથે ત્યાં આગળ આવેલો બિભીષણુ બે હાથ જોડી નમસ્કાર કરી મુનિ પ્રત્યે પૂછવા લાગ્યો કે, હે સ્વામિ! કયા પૂર્વકર્મે કરી રાવણે સીતાનું હરણુ કર્યું? અને કયા કર્મે કરી લક્ષ્મણે યુદ્ધમાં તેને માર્યો? સુગ્રીવ, ભામંડળ, લવણાંકુશ અને હું એ બધા રામના અત્યંત ભક્ત કયા કર્મે કરી થયા? એની યથાવિધ હકીકત કહેવા કૃપા કરશો. તે સાંભળી એ કેવલીભગવાનમુનિ તેને કહેવા લાગ્યા કે:—

"પૂર્વે દક્ષિણાર્દ્ધ ભરત ક્ષેત્રમાં ક્ષેમપુર નામના નગરને વિષે નયદત્ત નામે એક વાણીઓ રહેતો હતો. તેની સુનંદા નામની સ્ત્રીને પેટે ધનદત્ત અને વસુદત્ત નામના બે પુત્રો થયા. તેમને યાજ્ઞવલ્કય નામના બ્રાહ્મણુ સાથે મિત્રાચારી હતી. વળી તેજ નગરમાં બીજો એક સાગરદત્ત નામનો વાણીઓ વસતો હતો; તેની સ્ત્રીને રત્નપ્રભા પેટે પેદા થએલ એક ગુણુધર નામે પુત્ર તથા ગુણુવતી નામની એક કન્યા હતી. સાગરદત્તે એ કન્યા નયદત્તના પુત્ર ધનદત્તને દીધી, અને તેની સ્ત્રી રત્નપ્રભાએ એ કન્યા દ્રવ્યના લોભથી તેજ નગરના રહેવાસી શ્રીકાંત નામના શેઠને છાની રીતે દીધી. એ વાતની યાજ્ઞવલ્કયને ખબર પડવાથી તેણે તે વાત પોતાના મિત્ર ધનદત્ત તથા વ-

સુદત્તને કહી. તેથી ક્રોધાયમાન થઇ શ્રીકાંતને મારવા સારૂ વસુદત્ત રાત્રે ગયો. ત્યાં તેણે શ્રીકાંતને માર્યો તેમજ શ્રીકાંતે ખડ્ગવડે વસુદેવને મારી નાંખ્યો. પછી તે બંને વિંધ્યાટવીમાં મૃગ થયા, અને ગુણવતી પણ પરણ્યાવિના મરીને તેજ અટવીને વિષે મૃગલી થઇ. તેને માટે એ બંને મૃગો માંહોમાંહે લડીને મરી ગયા. ત્યારપછી તેઓ પરસ્પરના વૈરે કરી અનેક ભવમાં ભટકયા.

અહીં ધનદત્ત, પોતાના ભાઇ વસુદત્તનું મરણ થવાથી દુઃખી થતો રાત્રે ભટકતો હતો, ત્યાં તેને ભૂખ લાગી. તેવામાં કેટલાક સાધુઓ તેની નજરે પડ્યા. તેમની પાસે તેણે ખાવાનું માંગ્યું. ત્યારે તેમાંના એક મુનિએ કહ્યું કે, સાધુઓ તો દિવસના પણ અન્નપાનાદિક રાખતા નથી, તેમ છતાં તને રાત્રને વિષે ભોજન કરવાની કેમ ઇચ્છા થઇ! આવા અંધઃકારમાં અન્ન કોણ જુવે છે! એ પ્રમાણે બોધ કરીને તે મુનિએ તદ્રૂપિ અમૃત તેના કાનમાં રેડયું અને ત્યાંથી ચાલી નીકળ્યા. ત્યાર પછી કાળે કરી તે ધનદત્ત મરીને સૌધર્મ દેવલોકમાં દેવ થયો. ત્યાંથી દેવાયુષ્ય પૂરૂં કરીને મહાપુર નામના નગરમાં મેરૂનંદન નામના શ્રાવકની સ્ત્રી ધારિણીને પેટે પદ્મરૂચિ નામનો પુત્ર થયો. યૌવનાવસ્થા પ્રાપ્ત થએથી કોઇએક વખત તે પોતાની ઇચ્છાનુસાર ઘોડા ઉપર બેસીને ગોકુલ પ્રત્યે ચાલ્યો. ત્યાં રસ્તામાં મરવાની અણી ઉપર આવી પડેલા બેલો તેના દીઠામાં આવ્યા. તેઓના ઉપર દયા આવ્યાથી તે ઘોડા ઉપરથી નીચે ઊતરી તેમની પાસે આવ્યો, અને તેમના કાનમાં પંચ પરમેષ્ટીનો નમસ્કાર રૂપ મંત્ર કહ્યો. તેમાંનો એક વૃદ્ધ બેલ મુવા પછી નવકાર મંત્રના પ્રભાવે કરી તેજ નગરમાં છત્રછાય નામના રાજાની સ્ત્રી શ્રીદત્તાને પેટે વૃષભધ્વજ નામનો પુત્ર થયો. તે મોટો થઈ પોતાની ઇચ્છા મુજબ ફરતો છતાં કોઇ એક સમયે પેલા બેલોના ઠેકાણાં પાસે આવ્યો. ત્યાં પૂર્વ જન્મના દર્શનથી તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તેથી તેણે તે જગોએ એક જિનાલય કરાવીને તેની એક ભીંત ઉપર મરવા ટેકેલા

વૃદ્ધ બેલોનાં ચિત્રો કરાવ્યાં, અને તેમના કાનમાં નવકાર મંત્ર કહેવાવાળા પુરૂષનું ચિત્ર તેમની સામે જિનેંદ્ર સહિત કહડાવ્યું. પછી ત્યાં આગળ પહેરેગીરો રાખીને તેમને કહ્યું કે, આ ચિત્રોને જે માણસ યથાર્થપણે જુએ તેની ખાતરી કરી લેઇ તે વાત તરતજ મારી પાસે આવી તમારે નિવેદન કરવી. એ પ્રમાણે બંદોબસ્ત કરીને તે વૃષભધ્વજ કુમાર પોતાને ઘેર ગયો.

ત્યારપછી કેટલાક દિવસો કેડે કોઇએક સમયે પેલો પદ્મરૂચિ શેઠ ચૈત્યવંદન કરવા સારૂ ત્યાં આવ્યો. તેણે અર્હત્ ભગવાનને નમસ્કાર કરીને ભીંત ઉપરનાં ચિત્રો જોયાં. ત્યારે આ સર્વ મને ઉદ્દેશીનેજ (મારાજ સંબંધનાં) છે એમ તે વિસ્મય થયો થકો બોલ્યો. તે જોઇને પહેરેગીરોએ તે વાત વૃષભધ્વજની પાસે જઇને જણાવી. તેથી તે દેરાસરે આવ્યો, અને પદ્મરૂચિને પૂછવા લાગ્યો કે, આ ચિત્રોનો વૃત્તાંત તું શું જાણે છે? ત્યારે તેણે કહ્યું કે, પૂર્વે મુવેલા જે આ બેલો, તેમને મેં નવકાર મંત્ર આપ્યો છે, તે જાણનારા પુરૂષે અહીં મારૂં પણ ચિત્ર કહાડયું છે. એવું તેનું બોલવું સાંભળીને વૃષભધ્વજ તેને નમસ્કાર કરીને કહેવા લાગ્યો કે, જે આ વૃદ્ધ બેલ છે, તે હું છું. આપે આપેલા નવકાર મંત્રના પ્રભાવે કરી હું રાજપુત્ર થયો. તે તિર્યક યોનીમાં તેં કૃપાળુ થઇને જો મને નમસ્કાર મંત્રનું સ્મરણ કરાવ્યું નહોત તો ફરી મને તેવીજ યોની મળત. આ બધો તારોજ પ્રતાપ છે. માટે તું સર્વથા મારો સ્વામી, ગુરૂ, તથા દેવ છે. આ રાજ્ય પણ મને તારા પ્રભાવથી મળ્યું છે, માટે તે તું લે અને તેનો ઉપભોગ ભોગવ. પછી પદ્મરૂચિ તથા વૃષભધ્વજ શ્રાવક વ્રત પાળતા થકા દિવસ નિર્ગમન કરવા લાગ્યા. ઘણો કાળ વ્યતિત થયા પછી તે બંને જણ કાળ કરીને ઇશાન દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયા. તેમાંનો પદ્મરૂચિ ત્યાંથી ચવીને મેરૂની પશ્ચિમ દિશામાં આવેલા વૈતાઢ્ય પર્વત ઉપર નંદાવર્ત નગરમાં નંદીશ્વર રાજાની સ્ત્રી કનકમાલીના પેટે નયનાનંદ નામનો પુત્ર થયો. ત્યાં ઘણા કાળ સુધી રાજ્ય કરીને

દીક્ષા લેઇ કાળ કરી માહેંદ્ર દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ-વી આવીને પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં ક્ષેમા નામની નગરીના રાજા વિપુલાવાહનની સ્ત્રી પદ્માવતીને પેટે શ્રીચંદ નામનો પુત્ર થયો. તે ઘણા કાળ સુધી રાજ્યભોગ ભોગવી સમાધિગુપ્ત નામના મુનિ પાસે દીક્ષા લેઇ આયુ પૂર્ણ થયે કાળ કરી બ્રહ્મ-દેવલોકનો ઇંદ્ર થયો. ત્યાંથી ચવી આવીને આ પદ્મ નામનો રાજા રામ બળવાન થયો. અને વૃષભધ્વજ ઇશાન દેવલોકમાં માંથી ચવી આવી કેટલાક ભવ કરી આ સુગ્રીવ થયો.

શ્રીકાંતનો જીવ મૃગ થયા પછી ઘણા ભવ ભટકીને મૃણા-લકંદ પત્તનમાં વજ્રજંબુ નામના રાજાની સ્ત્રી હેમવતીને ઉદરે શંભુ નામનો પુત્ર ઉપન્યો. વસુદત્તનો જીવ પણ તેજ રીતે ઘ-ણા ભવ ભ્રમણ કરીને શંભુ રાજાના ઉપાધ્યાય વિજયની સ્ત્રી રત્નચૂડાને પેટે શ્રીભૂતિ નામનો પુત્ર થયો; અને ગુણવતી પણ ભવ ભ્રમણ કરીને શ્રીભૂતિની સ્ત્રી શાસ્વતીને પેટે વેગવતી નામની કન્યા થઈ. તે યૌવન અવસ્થામાં આવ્યાથી કોઈ એક સમયે જન સમુહને વંદના કરવા યોગ્ય એક સુદર્શન નામના પ્રતિમાસ્થ સાધુને જોઇને તેની મશ્કરી કરતી બોલી કે, અહો! આ સાધુ આજ નજરે પડયો. પ્રથમ તો એ સ્ત્રીઓની સાથે ક્રી-ડા કરતો હતો. તે સ્ત્રીઓ એણે બીજે ઠેકાણે મોકલી દીધી. એવાને લોકો કેમ વંદન કરેછે? એ પ્રકારનું તેનું (વેગવતી-નું) બોલવું સાંભળીને તે સાધુ ઉપરથી લોકોનો ભાવ ઉતરી ગયો, અને તેના ઉપર દોષારોપણ કરીને લોકોએ તેનું સાધુ-પણું નાશ કરવાનો આરંભ કર્યો. ત્યારે તે મુનિએ કહ્યું કે, જ્યાં સુધી મારા ઉપર મૂકવામાં આવેલું કલંક જશે નહીં, ત્યાં સુધી હું પારણું કરનાર નથી. મુનિએ એવો નિયમ કર્યા પછી દેવતાના કોપે કરી વેગવતીના મુખ ઉપર સોજા ચડયા. સાધુ-ને શિર કલંક મૂકવાનું આ ઉગ્ર ફળછે, એવું વેગવતીના પિ-તાએ જાણીને તેણીને ઘણી નીભ્રંછી. ત્યાર પછી તે રોગે કરી પીડાતી તથા પિતાના ભયથી સુદર્શન મુનિની સામે લોકોના દેખતાં મોટા અવાજે બોલવા લાગી કે, હે મુનિ, તું સર્વથા

નિર્દોષ છે. મેં તારા ઉપર ખોટો આરોપ મૂક્યો. હે ક્ષમાનિધિ, મારા અપરાધની ક્ષમા કરો. એવું સાંભળીને લોકોએ ફરી તે મુનિની પૂજા કરી. તે દિવસથી વેગવતી રોગરહિત થઈ થકી શ્રાવિકા થઇ. તે મહા રૂપવતી હતી તેથી શંભુ રાજાએ તેની માંગણી કરી, ત્યારે તેનો પિતા શ્રીભૂતિ કહેવા લાગ્યો કે, મિથ્યા દૃષ્ટિ પુરૂષને હું મારી કન્યા દેનાર નથી. પછી શંભુ રાજાએ શ્રીભૂતિને મારીને બળાત્કારે તેની કન્યા (વેગવતી) નો ઉપભોગ લીધો. તેથી તેણીએ તેને શાપ દીધો કે, જન્માંતરે તારા વધને અર્થે હું ઉત્પન્ન થઇશ. ત્યારપછી શંભુરાજાએ તેણીને મૂકી દીધાથી તેણીએ હરિકાંતા નામની સાધવી પાસે દીક્ષા લીધી. કેટલોક કાળ પંચ મહાવ્રત પાળીને તે વેગવતી કાળ કરીને બ્રહ્મદેવ લોકમાં દેવીપણે ઉત્પન્ન થઇ; ત્યાંથી ચવી આવીને શંભુ રાજાનો જીવ જે રાવણ થયો તેના મૃત્યુને માટે પૂર્વે કરેલા નિદાનના બળથી જનક રાજાની કન્યા આ સીતા થઇ. પૂર્વ ભવમાં સુદર્શન મુનિ ઉપર એણે મિથ્યા દોષ મુકયો હતો, તેથી આ ભવમાં એના ઉપર લોકોએ મૂકેલ દોષરૂપ મિથ્યા કલંક એને લાગ્યું. શંભુ રાજા મરણ પામ્યા પછી કેટલાક ભવ ભ્રમણ કરીને કુશધ્વજ બ્રાહ્મણની સ્રી સાવિત્રીને પેટે પ્રભાસ નામનો પુત્ર થયો. તેણે વિજયસેન નામના મુનિની પાસે દીક્ષા લીધી, અને ઉગ્ર તપ તપતો વિચરવા લાગ્યો.' કોઇ એક સમયે ઇંદ્રના જેવા સમૃદ્ધિવાન વિદ્યાધરોના સ્વામી કનકપ્રભને તેની રિદ્ધી સહિત સમેતશીખરે યાત્રા કરવા જતા એ પ્રભાસ મુનિએ દીઠા તેથી તેણે નિયાણું કર્યું કે 'આ મારા તપ તેજના પ્રભાવથી હું આવો સંપત્તિવાન થઇશ'. ત્યાર પછી કાળ કરી તે ત્રીજા દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચવી આવીને પૂર્વે કરેલા કનકપ્રભની બરાબર સમૃદ્ધિના નિદાનથી તે તારો ભાઇ રાવણ થયો. ધનદત્ત અને વસુદત્તનો મિત્ર જે યાજ્ઞવલ્કય બ્રાહ્મણ તે ઘણા કાળ ભવાટવીમાં ફરીને આ તું બિભીષણ થયો.

શંભુ રાજાના ઉપાધ્યાય વિજયનો પુત્ર અને વેગવતીનો પિતા જે શ્રીભૂતિ તે કાળ કરી સ્વર્ગમાં જઇ, ત્યાંથી આવીને

સુપ્રતિષ્ઠ નગરમાં પુનર્વસુ નામે વિદ્યાધર થયો. કોઇ એક સમ યે તેણે કામે કરી પીડિત થઇને પુંડરીક વિજય નામના નગર માં ત્રિભુવનાનંદ ચક્રીની અનંગસુંદરી નામની કન્યાનું હરણ કર્યું. તે કન્યાની શોધને અર્થે તે ચક્રીએ મોકલેલા વિદ્યાધરોની સાથે તેને યુદ્ધ થયું, તે વખતે અનંગસુંદરી વિમાનમાંથી ઉતરીને એક નિકુંજ (ઘણી ઝાડી વાળી જગા) માં જઇ પડી. પુનર્વસુએ તેની ઘણી શોધ કરી પણ તે તેને મળી નહીં તેથી તે તેણીને મળવાનું નિયાણું કરી દીક્ષા લેઇ કાળ કરીને સ્વર્ગમાં ગયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થયેથી ચવી આવીને આ લક્ષ્મણ થયો. અનંગસુંદરી જે નિકુંજમાં પડી હતી તે વનમાંજ રહી થકી ઉત્તમ પ્રકારનો તપ કરવા લાગી. એકદા તેણીને અજગર ગળી જવાથી તે સમાધીમાં મરણ પામી ત્રીજા દેવલોકમાં દેવી થઇ. ત્યાંથી ચવી આવીને આ લક્ષ્મણની સ્ત્રી વિશલ્યા થઇ.' ગુણવતીનો ભાઇ જે ગુણધર તે કેટલોક કાળ ભવ ભ્રમણ કરીને કુંડલમંડિત રાજપુત્ર થયો. ત્યાં શ્રાવક વ્રત પાળીને મર્ણ પામી સીતાનો ભાઇ આ ભામંડળ થયો.

કાલિંદી નગરીમાં વામદેવ નામના બ્રાહ્મણની સ્ત્રી શ્યામલાના પેટે પેદા થએલા વસુનંદ અને સુનંદન નામે બે પુત્રો હતા. કોઇ એક સમયે તેને ઘેર માસોપવાસ કરનારો મુનિ પારણા કરવા સારૂ આવ્યા. તેને ભક્તિએ કરીને તે બંને ભાઇઓએ ભોજન કરાવ્યું. તે દાન ધર્મના પ્રભાવથી એ બંને ભાઈ ઉત્તરકુરૂને વિષે યુગ્મી (જોડલા) થયા. ત્યાંથી મરણ પામ્યા પછી તેઓ સૌધર્મ દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચવી આવીને કાલિંદી નગરીમાં રતિવદન નામના રાજાની સ્ત્રી સુદર્શનાના પેટે પ્રિયંકર અને શુભંકર નામે બે ભાઇપણે પેદા થયા. ત્યાં ઘણા કાળ સુધી રાજ્ય કરીને દીક્ષા લઇ કાળ કરી ગ્રૈવેયક દેવલોકમાં બંને દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચવી આવીને આ અનંગલવણ અને મદનાંકુશ નામના રામ સીતાના પુત્ર થયા. અને તેમની પૂર્વે જન્મની માતા જે સુદર્શના તે ઘણા કાળ ભવ ભ્રમણ કરીને તેમને (લવણાંકુશને) વિદ્યા શીખવનારો આ સિદ્ધાર્થ થયો."

ઉપર પ્રમાણે જયભૂષણ કેવલી મુનિએ સર્વનો સંબંધ (પૂર્વ ભવ) કહી સંભળાવ્યાથી ત્યાં આગળ આવેલા ઘણા લોકો સંવેગને પામ્યા. અને રામના સેનાની કૃતાંતવદને તેજ વખતે એ ભગવાન મુનિની પાસે દીક્ષા લીધી. ત્યારપછી રામ ઉભો થઇ મુનિમહારાજને નમસ્કાર કરીને ત્યાંથી સીતાની પાસે જઇ મનમાં ચિંતવન કરવા લાગ્યો કે, આ શીરીષના ફૂલો જેવી કોમળ અંગવાળી રાજપુત્રી મારી પ્રિયા સીતા શીતોષ્ણ કલેશ કેમ સહન કરશે! આ સંયમ રૂપી ભાર હૃદયે કરી ઉપાડવાને મહા કઠણ છતાં તેને એ કેમ ઉપાડી શકશે? અથવા જેના શીલનો નાશ કરવાને રાવણ પણ સમર્થ થયો નહીં, તે આ સંયમ રૂપ પ્રતિજ્ઞા પાળવાને જરૂર સમર્થ થશે. એવો વિચાર કરીને ગદ્દગદ કંઠિત થયા થકા રામે સીતાને વાંદી. તેમજ લક્ષ્મણ વીગેરે બીજા રાજાઓએ પણ તેને વંદના કરી. પછી પરિવાર સહિત રામ પાછો અયોધ્યામાં આવ્યો અને સીતા તેમજ કૃતાંતવદન ઉત્તમ પ્રકારનો તપ કરતા પૃથ્વીને પાવન કરવા લાગ્યા. ઘણા દિવસ તપ કરતા આયુ પૂર્ણ થયેથી કૃતાંતવદન કાળ કરીને બ્રહ્મદેવલોકમાં ગયો. અને સીતા સાઠ વર્ષ સુધી અનેક પ્રકારના તપ કરી આ પૃથ્વી તળને વિષે વિચરીને છેવટે બાવીસ દિવસ સુધી વાયુ ભક્ષણ કરી આયું પૂર્ણ થયે કાળ કરેથી તેનો જીવ અચ્યુત દેવલોકનો ઇંદ્ર થયો.

અયોધ્યામાં કેટલોક કાળ વ્યતિત થયા પછી કોઇ એક સમયે વૈતાઢ્ય પર્વત ઉપર કાંચનપુર નામના નગરના વિદ્યાધર રાજા કનકરથે પોતાની મંદાકિની અને ચંદ્રમુખી નામની બે કન્યાઓના સ્વયંવરમાં બીજા કેટલાએક, રાજાઓની સાથે રામ તથા લક્ષ્મણને પણ તેમના પુત્રો સહિત આવવાને આમંત્રણ મોકલ્યું. તેથી પુત્રો સહિત રામ તથા લક્ષ્મણાદિક રાજાઓ ત્યાં ગયા. સ્વયંવર મંડપમાં સર્વે પોતપોતાની યોગ્યતા મુજબ આસન ઉપર બેઠા પછી તે બંને કન્યાઓ હાથમાં વરમાળા લેઇ ત્યાં આવી. તેમાંથી મંદાકિનીએ પોતાની ઇચ્છાનુસાર અનંગલવણના ગળામાં વરમાળા આરોપી અને ચંદ્રમુખીએ મદનાંકુશના

ગળામાં વરમાળા ઘાલી. તે જોઇને લક્ષ્મણના શ્રીધરાદિક અઢીસેં પુત્રો ક્રોધાયમાન થઇને આસન ઉપરથી ઊઠી ઉભા થયા. તે વખતે લવણાંકુશ તેમના અંતઃકરણનો અભિપ્રાય જાણી લેઇ કહેવા લાગ્યાઃ—"આમની સાથે કોણ યુદ્ધ કરશે? એ ભાઇઓ હોવાથી મારવા યોગ્ય નથી. જેમ રામ અને લક્ષ્મણમાં ભેદ નથી, તેવીજ રીતે તેમના પુત્રોમાં ભેદ નહોવો જોઇએ." એવાં યોગ્ય વચનો તેમણે દૂતદ્વારા શ્રીધરાદિકને કહેવરાવ્યાં; જેથી તેઓ લજ્જાયમાન થયા થકા ચિંતવેલા અપકૃત્ય માટે પસ્તાવો કરતા સંવેગ પામવાથી પોતાના પિતાની આજ્ઞા લેઈ મહાબલ નામના મુનિની પાસે દિક્ષા લેઇ તેમની સાથે વિચરવા લાગ્યા. ત્યાર પછી એ બંને કન્યાઓનું પાણીગ્રહણ કરીને ત્યાંથી વિહાર કરતા થકા લવણાંકુશ રામ લક્ષ્મણ સહિત અયોધ્યામાં પાછા આવ્યા.

કોઇએક સમયે ભામંડળ પોતાના રથનુપુર નગરમાં મહેલના ચબુતરા ઉપર બેઠો થકો મનસુબો કરતો હતો કે, આ સર્વ પૃથ્વી મારે સ્વાધીન કરી લેઇ, અંકુઠિત આજ્ઞા વડે એક છત્રી કરીને અંતે હું દીક્ષા લેઇ મારો મનોરથ પૂર્ણ કરીશ. એટલામાં ઓચિંતી આકાશમાંથી એનાં ઉપર વીજળી પડી, તેથી તે મરણ પામીને ઉત્તરકુરૂ ક્ષેત્રમાં યુગ્લીપણે ઉપન્યો.

કોઇએક સમયે હનુમાન ચૈત્ર માસને વિષે ચૈત્યવંદન કરવા સારૂ મેરૂ પર્વત ઉપર ગયો હતો. ત્યાંથી પાછો આવતાં રસ્તામાં સૂર્ય આથમી ગયો. તેને જોઇને તે પોતાના મનમાં ચિંતવન કરવા લાગ્યો કે, "જેમ તે આથમી ગયો તેમજ તે ફરી ઉગશે. એ દૃષ્ટાંતે કરી સર્વ પદાર્થોને ઉદય અને અસ્ત છે. કોઈપણ વસ્તુ સ્થિર નથી તેથી એને ધિઃકાર છે." એવો વિચાર કરીને તે પોતાના નગરમાં આવ્યો, અને પોતાના પુત્રને રાજ્ય સોંપી સંસાર ત્યાગ કરી એક ધર્મરત્ન નામના આચાર્યની પાસે જઇ તેણે દીક્ષા લીધી. તેની પાછળ તેની સાતસોને પચાસ સ્ત્રીઓએ પણ એક લક્ષ્મીવતી નામની આર્યાની પાસે દીક્ષા લીધી. ત્યાર પછી તે શ્રીશૈલ—હનુમાન પ્રથમથીજ ધ્યાન

રૂપ અગ્નિથી સર્વ કર્મોને બાળીને શૈલેશી પામી અવ્યય (મોક્ષ) પદને પામ્યો.

હનુમાને દીક્ષા લીધા વિષેની વાત સાંભળીને રામ મનમાં વિચાર કરવા લાગ્યા કે, આ જગતના નાના પ્રકારના સુખભોગ મૂકીને હનુમાને દુઃખકારક દીક્ષા કેમ લીધી? આ હકીકત અવધિજ્ઞાને કરી સૌધર્મ દેવલોકના ઇંદ્રે જાણી, તેથી તે પોતાની સભામાં આવીને કહેવા લાગ્યો કે, અહો! કર્મની ગતિ વિષમ છે. આ રામ ચરમશરીરી છતાં તે ધર્મને પોતે હસે છે. અને આ વિષયજનિત સુખોની પ્રશંસા કરે છે. પણ એનું કારણ એ છે કે, રામ લક્ષ્મણ વચ્ચે પરસ્પર પ્રીતિ વધારે હોવાથી તે ભવ સુખનું કારણ છે. તે સાંભળીને ત્યાંથી કૌતુકે કરી બે દેવ તેમના સ્નેહની પરીક્ષા કરવા સારૂ અયોધ્યામાં લક્ષ્મણને ઘેર આવ્યા. ત્યાં તેઓએ અંતઃપુરમાં સર્વ રાજસ્ત્રીઓ કરૂણાસ્વરે કરી ખેદ કરે છે, એવું માયાવડે કરી લક્ષ્મણને બતાવ્યું. વળી તેઓ હા રામ, હા રામ! હા! પદ્મનયન, હા! પદ્મબંધુ! હે જગતને ભય દેખાડનારા, તને આ અવસર વિના મૃત્યુ કેમ આવ્યું! એ પ્રકારે વિલાપ કરતી અને રોતી થકી છાતી કુટી રહી છે, તથા માથાની લટો છુટી પડી જેના વાળ વિખરાઇ ગયા છે. એવી અવસ્થામાં પોતાની સ્ત્રીઓને જોઇને ખિન્ન વદન થઇ લક્ષ્મણ કહેવા લાગ્યો કે, "જીવિતનો પણ જીવિત, જે મારો ભાઇ રામ તે શું મુવો કે! અરેરે!!! દુષ્ટ યમે આ શું કર્યું!" એ પ્રમાણે બોલતાં બોલતાંજ લક્ષ્મણનો વાણી સહિત જીવ નીકળી ગયો. કહ્યું છે કે, 'કર્મોના વિપાક દુરતિક્રમ છે.' આ વખતે લક્ષ્મણ સિંહાસન ઉપર સોનાના સ્તંભને ટેકીને બેઠો હતો ત્યાંજ તેની આંખો ફાટીને ચિત્રના જેવી ક્રિયાવિનાની થઇ ગઇ. તે જોઇને લક્ષ્મણ મરણ પામ્યો એમ જાણી તે બંને દેવતાઓ અતિ ચિંતાતુર થયા થકા પરસ્પર બોલવા લાગ્યા કે, અરે! આ આપણે શું કર્યું? આઆ વિશ્વનો આધાર જે આ પુરૂષ, તેને આપણે માર્યો કે શું? એવી રીતે તેઓ પોતાની નિંદા કરતા થકા પાછા પોતાના

દેવલોક પ્રત્યે ગયા. લક્ષ્મણ મરણ પામ્યા જાણીને તે જગાએ અંતઃપુરની સ્ત્રીઓ પરિવાર સહિત આવીને રડવા લાગી. તે સાંભળીને રામચંદ્ર ત્યાં આવીને કહેવા લાગ્યા કે, આ અમંગલનો કેવો આરંભ કર્યો છે? આ હું પણ જીવતો છું, અને મારો ભાઇ લક્ષ્મણ પણ જીવતોજ છે. એને કોઇ પીડાકારી વ્યાધી થયો છે, તે દૂર કરનારા ઘણા ઔષધો છે. એમ કહીને તેણે વૈદ્યો અને જ્યોતિષીઓને બોલાવી તેમની પાસે ઘણા ઉપચાર અને મંત્ર તથા તંત્ર વિગેરે કરાવ્યા. પરંતુ તે સર્વ વ્યર્થ ગયા, અને લક્ષ્મણ લેશમાત્ર હાલ્યો નહીં. તેથી તત્કાળ રામ મૂર્છા ખાઇ ધરતીપર ઢળી પડ્યો. ફરી સાવધ થઇને તે ઘણા વિલાપ કરવા લાગ્યો. તેમજ બિભીષણ, સુગ્રીવ અને શત્રુઘ્નાદિક આંખોમાં આંસુ આણીને હા! અમે બધા નિસ્તેજ–ખરાબ થયા! એમ કહી ધાડ સ્વરે રડવા લાગ્યા. કૌશલ્યાદિક માતાઓ અને સ્ત્રીઓ આંખોમાં આંસુધારા વ્હેતી થકી કરૂણાસ્વર વડે રૂદન કરતી વારંવાર મૂર્છા ખાઇને જમીનપર પડવા લાગી. અયોધ્યા નગરીના દરેક રસ્તામાં, ઘરમાં તથા દરેક બજારમાં જ્યાં ત્યાં હાહાકાર થઇ રહ્યો. તે વખતે લવણાંકુશ રામને નમસ્કાર કરી કહેવા લાગ્યા કે, હે પૂજ્ય પિતા શ્રી રામ, આ લક્ષ્મણનું મૃત્યુ જોઈને આજ અમે સંસારથી ડરી ગયા. કેમકે સર્વને અકસ્માત મૃત્યુ આવે છે. તે માટે સર્વ લોકોએ પ્રથમથીજ પરલોકના સાધન વિષે તત્પર રહેવું એ સૌથી શ્રેષ્ઠ છે, તેથી હવે અમને દીક્ષા લેવાની આજ્ઞા આપો. આ લક્ષ્મણે મૂકેલા ઘરમાં હવે પછી અમારે રહેવું યોગ્ય નથી. એમ કહીને તે બંને ભાઈઓએ રામને નમસ્કાર કરી અમૃતઘોષ નામના મુનિની પાસે જઇ દીક્ષા લીધી. પછી તેઓ ક્રમે કરી પંચમહાવ્રત પાળી આયુ પૂર્ણ થયે મોક્ષપદને પામ્યા.

પછી ભાઇના દુઃખથી અને પુત્રોના વિયોગથી રામ વારંવાર મૂર્છા પામતો નીચે પ્રમાણે બોલવા લાગ્યો;–હે ભાઇ, મેં ત્હારૂં કાંઇ અપમાન કર્યાથી આ અકસ્માત તેં મૌન ધારણ કર્યું છે કે? તું આવી રીતે થયો, અને પુત્રો મને મૂકી ચાલ્યા ગયા

કહ્યું છે કે, "પુરૂષોમાં સેંકડો છિદ્રો જોઇને ભૂતો પ્રવેશ કરેછે;" રામનું એવી રીતનું ઉન્મત્તની પેઠે બોલવું સાંભળીને બિભીષણાદિકો તેની પાસે આવીને કહેવા લાગ્યાકે, હે પ્રભો, તું ધીર પુરૂષોમાં ધીર છે, વીરોમાં વીર છે, તેમ છતાં આ લજ્જાકારક અધૈર્યનો અંગીકાર કેમ કરે છે ? આ સમયે તો લોક પ્રસિદ્ધ અંગસંસ્કાર સહીત લક્ષ્મણના ઔર્ધ્વ દેહિક કર્તવ્ય છે. તે સાંભળીને રામ ક્રોધમાં આવીને બોલ્યો. મારો ભાઇ જીવતો છે. હે દુષ્ટો આ તમે શું બોલો છો! બંધુ સહિત તમારૂંજ અગ્નિમાં દાહપૂર્વક મૃતકાર્ય કરો. મારો ભાઇ તો દીર્ઘાયુષી છે. એમ કહીને હે બંધુ! જલદી બોલ! જલદી બોલ! હે વત્સ લક્ષ્મણ! અહીં દુર્જનોનો પ્રવેશ છે. તે છતાં તું શા સારૂં મને ઘણું દુઃખ દેછે, અથવા ખળોની સામે તને કોપ કરવો યોગ્ય નથી. એ પ્રમાણે બોલીને લક્ષ્મણને ઉપાડી પોતાના ખભા ઉપર લેઇને રામ બીજે ઠેકાણે ગયો. પછી તેને હમામખાનામાં લેઈ જઇને સ્નાન કરાવ્યું અને તેના શરીરને ચંદનાદિકે કરી લેપન કર્યું. વળી ઉત્તમ અન્ન પાત્રોમાં ભરીને તે તેની આગળ મૂકયા. ફરી તેને પોતાના ખોળામાં લઇને તેનું મસ્તક ચુંબન કરવા લાગ્યો. તે કયારેક તેને પલંગ ઉપર સુવાડીને ઓઢાડી મુકે. કયારેક પોતે તેના સામે બોલીને પોતેજ પોતાને ઉત્તર વાળે. કયારેક પોતે ચાકર થઇને તેના પગ ઓળાસે. ઇત્યાદિક નાના પ્રકારની ચેષ્ટાઓ લક્ષ્મણના સ્નેહે કરીને રામ કરવા લાગ્યો. બીજા સર્વે કામ ભૂલી ગયો. એવી રીતે છ મહીના નીકળી ગયા. તે વખતે રામને ઉન્મત્ત થએલો જાણીને તેને મારવા સારૂ ઇંદ્રજિત અને સુંદના પુત્રો તેમજ બીજા પણ શત્રુઓ તેના રાજ્ય ઉપર ચઢી આવ્યા. તે જેમ પર્વતની ગુફામાં સિંહ સુતેલો છતાં તેને પારધી ઘેરી લે, તેમ તેમના સૈન્યે આવીને જેમાં ઉન્મત્ત રામ શોકમાં બેઠેલો છે એવી અયોધ્યા નગરીને ઘેરી લીધી. રામે તેમનાથી લેશ માત્ર પણ ડરયા વિના લક્ષ્મણને પોતાના ખોળામાં લેઇને અકાળે સંવર્તમેઘની પેઠે વજ્રાવર્ત ધનુષ્યનો ટણત્કાર કર્યો. તે વખતે

જટાયુ જે દેવગતિને પામેલો છે તેનું આસન કંપવાથી પૂર્વ ભવના સ્નેહે કરી મહેંદ્ર દેવલોકથી તે દેવતાઓ સહિત રામની પાસે આવ્યો, તેમને જોઇને ત્યાં આગળ આવેલા ઇંદ્રજિતના પુત્રો માંહોમાંહે કહેવા લાગ્યા કે, હજી સુધી રામના પક્ષમાં દેવતાઓ છે, તેમજ આગળ અમને મારનારો બિભીષણ પણ છે. એમ વિચારતા થકા સંવેગ પામીને તેઓએ અતિવેગ નામના મુનિ પાસે જઇને દીક્ષા લીધી.

ત્યારપછી જટાયુ દેવે રામને બોધ કરવા સારૂ એક સુકાઈ ગયેલા ઝાડના થડમાં વારંવાર પાણી રેડવા માંડયું; પથ્થર ઉપર સુકાએલું ખાતર નાખીને તેના ઉપર કમળનાં બીજ વાવ્યાં; મુવેલા બળદને નાગરમાં જોડીને અકાળે ધાન્ય પોંખવા લાગ્યો; ઘાણીમાં રેતી નાંખીને તેમાંથી તેલ કાઢવા સારૂ તેને પીલવા લાગ્યો. ઈત્યાદિક ઘણા ઉલટા કાર્યો તેણે રામની સન્મુખ કર્યા. તે જોઇને રામ તેને કહેવા લાગ્યો કે, આ સુકા ઝાડને ફોકટ શા સારૂ પાણી રેડે છે? ફળતો દુર રહ્યાં, તથાપિ મૂશળને કોઇપણ ઠેકાણે ફુલો આવે છે કે? પથ્થર ઉપર કમળ રોપવાથી શું તે ઉગશે કે? જળ વિનાની જગોએ મુવેલા બેલથી બીજ પોંખાય કે? તેમજ રેતીમાંથી તેલ નીકળવાનો બીલકુલ સંભવ ન છતાં તે વ્યર્થ શા સારૂ પીલે છે? હે મૂર્ખ, તને ઉપાયની ખબર નથી, માટે આ તારી સર્વ મહેનત વ્યર્થછે. તે વખતે જટાયુ તેના સામે હશીને બોલ્યો કે, એવા તમે જાણકાર છો છતાં હે પ્રભો, આ અજ્ઞાનના ચિન્હરૂપ મુડદાને ખભા ઉપર લઇને શા સારૂ ફરો છે? તેનાં એવાં વચન સાંભળ્યાં છતાં પણ રામ તે વખતે લક્ષ્મણને આલિંગન કરીને ફરી તેને કહેવા લાગ્યા. આ શું તું અમંગળ બોલે છે? તું મારા સામેથી દૂર જા. એવી રીતે જટાયુને રામ કહેતો હતો તે અવસરને વિશે અવધિજ્ઞાની કૃતાંતવદન દેવ રામને બોધ કરવા સારૂ ત્યાં આવ્યો. તે પોતાના ખભા ઉપર સ્ત્રીનું મુડદું લેઇને રામના સામે ફરવા લાગ્યો. તે જોઇને રામ તેને કહેવા લાગ્યો કે, તું કોઇ ગાંડો છે કે? આ મુવેલી સ્ત્રીને ખભા

ઉપર ઉપાડીને શા સારૂ ફરે છે? કૃતાંતવદન બોલ્યો:—તું આ શું અમંગળ બોલે છે? આ મારી પ્રાણપ્રિય સ્ત્રી છે. તેં પોતે આ મુડદાને કેમ ઊંચક્યું છે? મારા ખભા ઉપરની સ્ત્રીને તું મુવેલી જાણતો છતાં પોતાના ખભા ઉપરના મુડદાને શા સારૂ જાણતો નથી? એવી રીતે તેણે બતાવેલા હેતુથી રામ સાવધ થઇને મનમાં ચિંતવવા લાગ્યો કે, ખચીત આ મારો ભાઇ જીવતો નથી. ત્યારે તે બંને દેવોએ તેને જણાવ્યું કે કૃતાંત-વદન તથા જટાયુ એ નામના અમે બેઉ પૂર્વ ભવના તમારા સેવકો છીયે. એમ કહીને તેઓ પોતપોતાના સ્વર્ગ પ્રત્યે ગયા. તેજ વખતે રામે પોતાના ભાઇનું મૃતકાર્ય કર્યું. અને પોતે દીક્ષા લેવાની ઇચ્છા કરીને શત્રુઘ્નને રાજ્ય ગ્રહણ કરવાની આજ્ઞા કરી. ત્યારે તેણે કહ્યું કે, હું પણ તમારા ચરણોની પાસે રહીશ. એ પ્રમાણે કહીને સંસારથી વિરક્ત થઇને શત્રુઘ્ને રાજ્ય લીધું નહીં, તેથી રામે લવણના પુત્ર અનંગદેવને રા-જ્યગાદીએ બેસાડ્યો.

પછી પોતે ચોથા પુરૂષાર્થ—પંચમી ગતિ (મોક્ષ) પ્રાપ્ત કરવા માટે અર્હદ્દાસ નામના શ્રાવકે કહેલા શ્રી મુનિસુવ્રત સ્વામીના વંશમાં ઉત્પન્ન થયેલા સુવ્રત નામના મહામુનિ પાસે ગયા. તેમની પાસે શત્રુઘ્ન, સુગ્રીવ, બિભીષણ, વિ-રાધ વિગેરે બીજા કેટલાએક રાજાઓ સહિત રામે દીક્ષા લીધી. એવી રીતે રામે સંસાર ત્યાગ કરી ચારિત્ર ધર્મ અંગીકાર કર્યા પછી પોતાના વૈભવોનો ત્યાગ કરીને સોળ હજાર રાજાઓ તેમની પાછળ નીકળ્યા. તેમજ સાડત્રીસ હજાર અંતઃપુરની સ્ત્રીઓ દીક્ષા લઇને શ્રીમતિ સાધ્વીની પાસે રહી. પછી રામ રાજર્ષિ સાઠ વર્ષ સુધી ગુરૂની પાસે રહી અનેક અભિગ્રહો વિષે તત્પર થઇ, પૂર્વાંગ શ્રુત ભાવિત થઇને અનેક તપાચરણ કરવા લાગ્યા. ત્યાર પછી ગુરૂની આજ્ઞા લેઇને રામ રાજર્ષિ એકાકી વિહાર કરતા વનમાં ગયા. ત્યાં તેમને ધ્યાન કરવા બેઠા છતાં રાત્રને વિષે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી ચૌદ રાજલોક હાથમાં છે એમ તે જોવા

લાગ્યા; અને બોલ્યા કે, તે દેવતાઓથી હું અશાંત થયો. કેમકે, લક્ષ્મણ નરકમાં ગયો. પછી તે રાજર્ષિ પોતાના મનમાં ચિંતવન કરવા લાગ્યા કે, પૂર્વ જન્મમાં હું ધનદત્ત અને લક્ષ્મણ વસુદત્ત એ નામના અમે બે ભાઇ હતા. તે ભવમાં વસુદત્ત કૃતકૃત્ય થઇને ન મુવાથી આ જન્મમાં તેનો જીવ લક્ષ્મણ થયો. તેમાં એનાં સો વર્ષ બાળપણામાં, ત્રણસેં વર્ષ માંડલિકપણામાં, ચાળીસ વર્ષ દિગ્વિજય કરવામાં, અને અગીઆર હજાર પાંચસેં ને સાઠ વર્ષ રાજ્ય કરવામાં ગયાં. બધાં મળી એ અવિરક્તનું બાર હજાર વર્ષનું આયુષ્ય વ્યર્થ ગયું. એમાં દેવોનો દોષ નથી પણ એ પૂર્વ કર્મનો વિપાક છે. એવો વિચાર કરીને પોતાના કર્મોને કાપવા માટે અધિક મહેનત કરતાં થકા રામ રાજર્ષિ સમાધિસ્ત થયા. પછી છ દિવસ ઉપ્રવાસ કરીને પારણું કરવા સારૂ સ્યંદનસ્થલ નામના નગરમાં ગયા. તે વાત જાણીને ત્યાંની સ્ત્રીઓ પોતપોતાના ઘરના દરવાજામાં ભાતભાતનાં ભોજનોએ કરી ભરેલાં પાત્રો હાથમાં લેઇને તેમને ભિક્ષા દેવા સારૂ રાજી થતી ઉભી રહી. હર્ષાવેશથી તમામ નગરીકો આમ તેમ દોડવા લાગ્યાથી ગામમાં સઘળે સ્થળે ભારે ભીડ થવા લાગી. હાથીઓએ થાંભલા ઉખેડી નાંખ્યા. ઘોડાઓ ઉંચા કાનો કરી હણુહણાટ કરવા લાગ્યા. ત્યાંના લોકો ધર્મરીતિથી અજાણ હોવાને લીધે રામ રાજર્ષિ તેઓનો આહાર ન લેતાં ત્યાંના રાજા પ્રતિનંદીને ઘેર ગયા. રાજાએ તેમને દોષ રહિત આહાર વહોરાવ્યો. રાજર્ષિએ વિધિએ કરી ભોજન કર્યું. તે વખતે દેવોએ વસુધારાદિક પંચધારાની વૃષ્ટી કરી. ત્યાંથી પાછા ફરી રામ રાજર્ષિએ વનમાં આવી પોતાના નિમીતે રાજ્યને ફરીથી ક્ષોભ ન થાય અને એવી ગર્દી પણ ન થાય, એવી બુદ્ધિએ કરી નિગ્રહ કર્યો કે, ભિક્ષાની વખતે જો આ વનમાં ભોજન મળ્યું તોજ પારણું કરવું, નહિંતો એમજ રહેવું. પછી તે પોતાના શરીરમાં નિરપેક્ષ થઇને સમાધીમાં બેસી ગયા.

કેટલાક દિવસ પછી એકદા પ્રતિનંદી રાજા અશ્વક્રીડા

કરવા સારૂ ઘોડા ઉપર બેસીને નગરથી બહાર નીકળ્યો. પણ ઘોડો હાથમાં ન રહેતાં તેને લઇને રામ રાજાર્ષિ જે વનમાં રહેલા છે તે વનમાં આવીને ત્યાં એક નંદનપુણ્યાખ્ય નામનું સરોવર છે તેના ચીખલમાં જઇ પડયો. તેની પાછળ તેનું સૈન્ય પણ ત્યાં આવી પહોંચ્યું, અને તે ઘોડાને ચીખલમાંથી કહાડીને ત્યાંજ ડેરામાં બાંધ્યો. રાજાએ સ્નાન કરીને પરિવાર સહિત ત્યાંજ ભોજન કર્યું. તે વખતે રામ રાજર્ષિ ધ્યાન મૂકીને પારણું કરવાની ઇચ્છાથી ત્યાં આવ્યા. તેમને જોઇને રાજાએ ઉઠીને નમસ્કાર કરી પાછળ ચોખું રહેલું જે અન્નપાનાદિક હતું તે વહોરાવ્યું. ત્યાં રાજર્ષિએ પારણું કર્યા પછી આકાશમાંથી રત્નોની વૃષ્ટી થઇ. પછી તેમની દેશના સાંભળીને પ્રતિનંદાદિક સર્વ બાર વ્રતધારી શ્રાવકો થયા. તે દિવસથી વનદેવતાએ કરી પૂજાતા થકા રામ રાજર્ષિ તેજ અરણ્યમાં ઘણા દિવસ રહ્યા અને સંસાર રૂપી સમુદ્ર તરવાને અર્થે તેઓ કોઇવાર એક મહીને, કોઇવાર બે મહીને, કોઇવાર ત્રણ મહીને, તેમજ કોઇ વાર ચાર મહીને પારણું કરવા લાગ્યા. તેઓ કયારેક પર્યંક ઉપર બેસીને ધ્યાન કરે અને કયારેક ઉત્સવે કરી એમને એમ રહે, કયારેક ઉત્કટુકાસન કરી રહે, કયારેક ઊંચા હાથો કરી રહે, કયારેક અંગુઠા ઉપર અને કયારેક પાર્શ્વ ભાગે રહે. એ પ્રકારે નાના પ્રકારના આસનો કરીને તેમણે અતિ કઠિણ તપ કર્યા.

એ અરણ્યમાંથી નીકળી ફરતા ફરતા કોઇએક સમયે રામ રાજર્ષિ કોટિશિલા, કે જે લક્ષ્મણે વિદ્યાધરોની સામે ઉપાડી હતી તે શિલાની પાસે આવ્યા, અને તેના ઉપર બેસીને ક્ષપકશ્રેણિનું આશ્રયણ કર્યું. રાત્રિના કાઉસગ્ગપણે રહીને શુક્લ ધ્યાન ધ્યાવા લાગ્યા. તે હકીકત અવધિ જ્ઞાનવડે કરીને સીતેંદ્રે જાણી તેથી તેણે પોતાના મનમાં એવો વિચાર કર્યો કે જો આ રામ સંસારી થશે તો ફરી હું એની સાથે રહીશ. માટે હું એને અનુકુલ ઉપસર્ગ વડે ઉપદ્રવ કરૂં કે જેથી એ મારો સુહૃદ દેવ થાય. એમ વિચારીને સીતેંદ્રે રામ રાજર્ષિની પાસે આવી ત્યાં આગળ વસંત ઋતુએ કરી શોભાયમાન એવું


રામચંદ્ર મુનિ
સીતેંદ્ર સીતાના રૂપમાં
કોટીશિલા

એક ઉદ્યાન બનાવ્યું, તેમાં કોકિલા શબ્દો કરવા લાગી. મલયાનીલ નામનો પવન ચાલવા લાગ્યો, ફૂલોની સુગંધીથી હર્ષિત ભ્રમરાઓ ગુંજારવ કરવા લાગ્યા. આમ્ર, ચંપક, કિંકિલ્લિ, પાટલ અને બકુલાદિક વૃક્ષોને કામના નવીન અસ્રોરૂપ ફૂલો લાગ્યા. તેમાં સીતેંદ્ર સીતાનું રૂપ લેઇને, તેમજ પોતાની સાથે બીજી સ્ત્રીઓ ઉત્પન્ન કરીને રામ મુનિની સન્મુખ આવી ઉભી રહી, અને કહેવા લાગી કે, હે પ્રિય, તમારી પ્રિય પત્ની જે સીતા તે હું પોતે અહીં આવી છું. તે વખતે તમને અનુરક્ત મુકીને મેં દીક્ષા લીધા પછી મને પશ્ચાતાપ થયો અને આ વિદ્યાધરી કુમારીઓએ પણ મારી પ્રાર્થના કરી કે, હે સીતા, તારો પતિ જે રામ, તે અમને પતિ કરી આપ. એટલી અમારા ઉપર કૃપા કર અને તું પણ દીક્ષા મૂકીને રામની સ્ત્રી થા. તે માટે હે રામ, હે સ્વામી! આ વિદ્યાધરી સ્ત્રીઓને અંગીકાર કર અને હું પણ તારી સાથે રમમાણ થઇશ. એવી રીતે સીતારૂપે સીતેંદ્ર બોલે છે, એટલામાં તે ખેચર સ્ત્રીઓ કામને ઉત્પન્ન કરનારૂં ગાયન કરવા લાગી, તથાપિ તે સીતેંદ્રના વાગ્બાણથી, તેમજ તે વિદ્યાધરીઓના ગાયનથી, તથા તે વસંતઋતુના ઉપભોગોથી રામરાજર્ષિ ધ્યાનથી, કિંચિતમાત્ર ડગ્યા નહીં. પછી માઘ માસના શુકલપક્ષની દ્વાદશીની રાત્રના ચોથા પ્રહરે રામરાજર્ષિને કેવલ જ્ઞાન ઉપન્યું. ત્યારે તેનો કેવલજ્ઞાનનો મહોત્સવ સીતેંદ્રસહિત દેવોએ કર્યો. તે વખતે દિવ્ય કમળ ઉપર બેઠેલા, તથા દિવ્ય ચામર વડે વિંજિત, દિવ્ય ધારણ કરનારા રામરાજર્ષિએ ત્યાં ધર્મદેશના દીધી. તે દેશનામાં સીતેંદ્રે ક્ષમાપના કરી, નમસ્કાર કરીને લક્ષ્મણ તથા રાવણની ગતિ પૂછી ત્યારે તે કેવલજ્ઞાની રામરાજર્ષિ કહેવા લાગ્યા કેઃ—

શંબુક સહિત રાવણ અને લક્ષ્મણ હાલ ચોથા નરકને વિષે છે. તે નરક ભોગવીને રાવણ અને લક્ષ્મણ પૂર્વ મહાવિદેહ ક્ષેત્રને ભૂષણરૂપ વિજયાવતી નામની નગરીમાં સુનંદની સ્ત્રી રોહિણીને પેટે જિનદાસ અને સુદર્શન એ નામના બે પુત્રો થશે, તે નિરંતર જૈનધર્મ પાળશે. ત્યાંથી મરીને સૌધર્મ દેવલોકમાં દેવ થશે. ત્યાંથી ચવી આવીને વિજયાનગરીમાં તેઓ ફરી

શ્રાવક થશે. ત્યાંથી કાળ કરી ગયા પછી હરિવર્ષ ક્ષેત્રમાં પુરૂષો થશે. ત્યાંથી મુવા પછી દેવલોકમાં જશે. ત્યાંથી ચવી આવીને વિજયાપુરીમાં કુમારવાર્ત રાજાની સ્ત્રી શ્રીલક્ષ્મીને પેટે જયકાંત તથા જયપ્રભ એ નામના બે પુત્રો થશે. તે ભવમાં શ્રીજિનવર ભાષિત સંયમ પાલન કરીને મુવા પછી તેઓ લાંતક દેવલોકમાં દેવ થશે. તે વખતે તું અચ્યુત દેવલોકથી નીકળીને આ ભરતક્ષેત્રમાં સર્વ રત્નપતિ નામનો ચક્રવર્ત્તિ થઈશ. અને તે બંને લાંતક દેવલોકમાંથી ચવી આવીને ઇંદ્રાયુધ અને મેઘરથ નામના તારા પુત્રો થશે. પછી તું દીક્ષા લઈને કાળ કરી વૈજયંત દેવલોકમાં જઇશ. અને રાવણનો જીવ જે ઇંદ્રાયુધ તે ત્રણ ભવ ભમીને તીર્થંકર ગોત્રકર્મ ઉત્પન્ન કરશે. અને તેનો જીવ તીર્થનાથ થશે, ત્યારે તું વૈજયંત દેવલોકથી ચવી આવીને તેનો ગણધર થઇશ. પછી તું અને તે મોક્ષ પ્રત્યે જશો. અને લક્ષ્મણનો જીવ જે તારો પુત્ર મેઘરથ તે મરીને શુભ ગતિ પામ્યા પછી પુષ્કરદ્વીપમાં રત્નચિત્રાનગરીને વિષે ચક્રવર્તિરાજા થશે. તે સંપત્તિ ભોગવીને દીક્ષા લીધા પછી ક્રમે કરી તીર્થંકર થઇને મોક્ષ પામશે.

એ પ્રમાણે રાવણ તથા લક્ષ્મણના હવે પછી થવાના નિર્વાણપદ સુધીનું સઘળું સ્વરૂપ સાંભળ્યા પછી સીતેંદ્રે પૂર્વના સ્નેહને લીધે વિચાર્યું કે લક્ષ્મણ આ વખતે ચોથા નરકમાં દુઃખ ભોગવે છે તેને હું બહાર કાઢીને તેનું દુઃખ દૂર કરૂં. એમ વિચારી તે નરકમાં જ્યાં લક્ષ્મણ દુઃખી પડયો હતો ત્યાં ગયો. ત્યાં તેણે શંબુક અને રાવણને સિંહાદિકોનાં રૂપો કરી લક્ષ્મણની સાથે યુદ્ધ કરતા દીઠા. વળી તે જોઇને ત્યાંના પરમાધાર્મિક લોકોએ તેમને કહ્યું કે, 'આ પ્રમાણે યુદ્ધ કરનારા જે તમે, તેઓને ફરી દુઃખ ન થવા માટેનો ઉપાય કરવો જોઇએ. એમ કહીને તેમને અગ્નિના કુંડમાં નાખ્યા. તેમાં જ્યારે બળવા લાગ્યા, ત્યારે તેઓ મોટેથી પુકારો પાડવા મંડયા. પછી તેમને ત્યાંથી કહાડીને તપાવેલા તેલના કુંડમાં નાખ્યા. ત્યાં તેમના શરીરો ગળી ગયા પછી તેમને તપેલા નળીયા ઉપર નાખ્યા; ત્યાં તેઓ તડતડ શબ્દે કરી પુટવા લાગ્યા. ઇત્યાદિક તેમનાં દુઃખો જોઇને સીતેંદ્ર તે અસુરોને કહેવા લાગ્યો કે,

અરે! તમે એમને ઓળખતા નથી? એ શ્રેષ્ઠ પુરૂષો છે. તમે એમને મૂકી દઇ અહીંથી દૂર થાઓ. એવી રીતે અસુરોને ધમકાવીને સીતેંદ્ર, શંબુક અને રાવણને કહેવા લાગ્યો કે, પૂર્વકર્મના વિપાકે કરી તમે આ નરકમાં આવ્યા તથાપિ તે વેર મૂકતા નથી કે? એમ કહીને તેમને બોધ થવા સારૂ તેણે રાવણ તથા લક્ષ્મણનો સર્વ વૃત્તાંત જે રામરાજર્ષિએ કહ્યો હતો તે કહી સંભળાવ્યો; તેથી તેઓ કહેવા લાગ્યા કે, હે કૃપાનિધે, તેં ઘણું સારૂં કર્યું. તારા ઉપદેશથી અમને દુઃખોની વિસ્મૃતિ થઇ. પૂર્વજન્મોપાર્જિત કર્મે કરી ઘણા દિવસ નરકવાસ થયો, તે દુઃખ કોણ દૂર કરનાર છે? તેમનાં એવાં વચનો સાંભળીને સીતેંદ્રને કરૂણા આવ્યાથી તેણે કહ્યું કે, હું તમને આ નરકમાંથી દેવલોકમાં લેઇ જઇશ. એમ કહી તે ત્રણેને હાથમાં પકડયા. ત્યારે તેઓ પારાની પેઠે હાથમાંથી દાણેદાણ થઇ નીચે પડી ગયા. જેથી તેમને ફરી હાથેથી ઉપાડયા, તો તેવીજ રીતે ફરી પડયા. એ પ્રમાણે ત્રણ ચાર વખત ઉપાડયા, અને પડી ગયા. ત્યારે તેઓ સીતેંદ્રને કહેવા લાગ્યા કે, તું અમોને સુખી કરવા સારૂ ઉપાડે છે પરંતુ તેથી અમને ઘણું દુઃખ થાય છે. માટે અમને અહીંજ રહેવા દેઇ તું તારા સ્વર્ગપ્રત્યે ગમન કર. એવું સાંભળીને સીતેંદ્રે તેઓને ત્યાંજ રહેવા દીધા, અને પોતે ત્યાંથી નીકળીને કેવલજ્ઞાની રામરાજર્ષિની પાસે આવ્યો. તેમને નમસ્કારાદિક કરીને ત્યાંથી નીકળી તીર્થયાત્રા કરતો કરતો તે નંદીશ્વરદ્વીપ મધ્યેના શાસ્વત તીર્થની યાત્રા કરવા સારૂ જતો હતો. ત્યાં રસ્તામાં જતાં દેવકુરૂ પ્રદેશને વિષે ભામંડળ રાજાનો જીવ ઉત્પન્ન થએલો યુગ્મી દીઠો. તેથી પૂર્વના સ્નેહે કરી તેને ઉત્તમ બોધ કર્યો, અને નંદીશ્વર તીર્થવંદન કરીને તે પોતાના અચ્યુત દેવલોક પ્રત્યે પાછો ગયો.

રામરાજર્ષિ કેવલજ્ઞાન ઉત્પન્ન થયા પછી પચીસ વર્ષ પૃથ્વીતલને પાવન કરતા થકા ભાવિક લોકોને ધર્મોપદેશ દેઇ પોતાનું પચાસ હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ થયે થકે શૈલેશી વિધિયે કરી અજરામર પદવી (મોક્ષપદ) પામ્યા.

દોહરા.

જયભૂષણ મુનિએ કહ્યો, પૂરવ ભવ વીસ્તાર;
રામ રાવણ લક્ષ્મણ તથા, લવણાંકૂશ કુમાર. ૧
ભામંડળ સુગ્રીવ અને, સીતા વિશલ્યા નાર;
સર્વે સંબંધ સમજાવતા, પામ્યા બોધ અપાર. ૨
ચોથા નર્ક વિશે ગયા, વાસુદેવ ઇણુ કાળ;
રામાદિક દીક્ષા લહી, તોડી સબ જંજાળ. ૩
સીતેંદ્રના ઉપસર્ગથી, રામ ચળ્યા નહીં લેશ;
કેવળ જ્ઞાન નિપાવિયું, કાપી કાય કલેશ. ૪
સ્નેહે સિતેંદ્ર સંચર્યો, નર્કે લક્ષ્મણ પાસ;
જ્યાં દીઠા લડતા થકા, શીશદશ શંબુક ખાસ. ૫
બોધ દઇને વારીયા, સમજ્યા આપોઆપ;
ક્રમે કરી કાળાંતરે, અજર અમરપદ છાપ. ૬
ભાવિક જન પ્રતિબોધીને, રામ ગયા નિરવાણ;
જનમ મરણ ફેરો ટળ્યો, જે જગ ગુણ મણિ ખાણ. ૭
રામ ચરિત્ર સરસ કથા, નવ રસથી ભરપૂર;
વિષય વિવિધ વખાણીયા, ભૂપતિ જે જગ શૂર. ૮
ધર્મ ધુરંધર ધ્યાઇએ, શ્રીમુનીસુવ્રત શામ;
તીરથ તારણ તરણમાં, ઘણા ગયા સિધ ધામ. ૯
હૃદય રટણ રામાયણે, સમે શોક સંતાપ;
વિઘ્ન ટળે વસુધા વિષે, જાયે પાપ અમાપ. ૧૦
ભણે ગણે ભવિ ભાવથી, ભાગ્યોદય ભરપૂર;
કર્મ કઠણ કાપો કરો, કમાઇ મ્હા મશહૂર. ૧૧
જૈન ધર્મ જગમાં વડો, સમવડ નહિ સંસાર;
આરાધો આદર કરી, જિમ પામો ભવ પાર. ૧૨
હેમ સુરિશ્વર સંસ્તવ્યો, સર્ગ દશમ સુભવાણ;
ગ્રંથજ રામ ચરિત્રનો, પૂર્ણ હુવો સુપ્રમાણ. ૧૩

ઇત્યાચાર્ય શ્રીહેમચંદ્ર વિરચિતે ત્રિષષ્ઠિ શિલાકા પુરૂષ ચરિત્રે
મહાકાવ્યે સપ્તમે પર્વણિ શ્રીરામચંદ્ર ચરિત્રે શ્રીરામ
નિર્વાણ ગમનો નામ દશમઃ સર્ગઃ ૧૦

આ ગ્રંથને અગાઉથી આશ્રય આપનાર સદ્ગૃહસ્થો-ના મુબારક નામોની નોંધ.

મુંબઈ.

૧૦૧ શેઠ ઝવેરભાઈ હરજીવનદાસ
૫૧ શેઠ પ્રેમચંદ રાયચંદ હા. શેઠ ફકીરચંદ પ્રેમચંદ જે. પી.
૩૧ શેઠ ચતરભજ ભાણાભાઈ
૧૦ શેઠ વીરચંદ દીપચંદ જે. પી.
૫ શેઠ તલકચંદ માણેકચંદ જે પી.
૧૧ શેઠ દામોદર દયાલજી
૧૦ શેઠ મગનલાલ નાગરદાસ
૧૦૧ શેઠ મગનલાલ જીવરાજ ભાવનગરી
૫ શેઠ દલપતભાઈ ભગુભાઈ
૫ શેઠ તલકચંદ જેઠાભાઈ
૫ શ્રી માંગરોળ જૈન સંગીત મં.
૫ શેઠ ફુલચંદ દયાલજી
૫ શેઠ તારાચંદ સોમચંદ
૪ શેઠ પોપટભાઈ અમરચંદ હા. પીતાંબરભાઈ
૨ શેઠ દીપચંદ નાલચંદ
૨ પંડિત ધરમચંદજી કલ્યાણચંદજી
૨ શેઠ લેમચંદ ઓધવજી
૨ શેઠ પનાલાલ જૈન
૨ શેઠ કાળીદાસ મુળજી
૨ શેઠ દામજી દેવજી પરબત
૨ શેઠ સરૂપચંદ લલુભાઈ
૨ શેઠ ધારસી દેવજીની કું૦
૨ શેઠ સરૂપચંદ લાલભાઈ
૨ શેઠ ચાંપસી કાનજી
૧ શેઠ ઝવેરચંદ માધવજી
૧ શેઠ મુળચંદ સરૂપચંદ
૧ શેઠ ખીમચંદ તારાચંદ
૧ શેઠ હરગોવનદાસ પુનચંદ
૧ શેઠ અમરચંદ બહેચર
૧ શેઠ હીરજી હંસરાજ
૧ શેઠ હરીભાઈ વેલજી
૧ શેઠ પુરાભાઈ જગજીવન ડોસી

૧ શેઠ ચંદુલાલ ખુશાલજી
૧ શેઠ વાલજી માણેકચંદ
૧ શેઠ રતનસી પરશોતમ
૧ શેઠ કરમસી ધારશી
૧ શેઠ હેમચંદ માણેકચંદ
૧ શેઠ રતનસી વેલજી
૧ શેઠ પરભુદાસ હરખજી
૧ શેઠ ગોપાલજીભાઈ બહેચર
૧ શેઠ વનમાળીદાસ ગંભીરભાઈ
૧ શેઠ સુખમલ છગનલાલ
૧ શેઠ નેમચંદ ભીખાચંદ
૧ શેઠ પદમશી પાંચારીઆ
૧ શેઠ ઠાકરશી હીરજી
૧ શેઠ પુનમચંદ નગીનદાસ
૧ શેઠ ગોકળભાઈ જેચંદ ઝવેરી
૧ શેઠ છગનલાલ જીવરાજ મારતર
૧ શેઠ દેવજી એઅસી
૧ શેઠ કાનજી ગાંગજી
૧ શેઠ ઉમરશી રાએશી
૧ શેઠ રવજી ખીમજી
૧ શેઠ હેમચંદ મોતીચંદ
૧ શેઠ નાગજી માનસીંગ
૧ શેઠ મોતીચંદ હીરાચંદ
૧ શેઠ ખીમજી શામજી
૧ શેઠ નાગજી મોતીચંદ
૧ શેઠ રૂપજી ધનજી
૧ શેઠ ભીમજી મકનજી
૧ શેઠ મોતીચંદ હેમરાજ
૧ શેઠ વાડીલાલ સાંકળચંદ
૧ શેઠ ધુરમચંદ પરતાપચંદ ઝવેરી
૧ શેઠ દેવજીભાઈ જેવતની કું૦
૧ શેઠ ઉમરસી કચરા
૧ શેઠ મોરારજી ઇંદરજી
૧ શેઠ રતનશી હીરજીભાઈ
૧ શેઠ નેમચંદ ગુલાબચંદ દોસી

૧ શેઠ જીવરાજ આણંદજી
૧ શેઠ ઉત્તમચંદ મુળચંદ ઝવેરી
૨ શેઠ લાલજી ચાંપશી
૧ શેઠ સરૂપચંદ રાઈચંદ
૧ શેઠ દીપચંદ પારખ
૧ શેઠ તુલસીરામ ખુબચંદ
૧ શેઠ માંગીલાલ પુનમચંદ
૧ શેઠ વીઠલ મોતીચંદ
૧ શેઠ નવલચંદ મોહનચંદ
૧ શેઠ કલ્યાણજી મુળજી
૧ શેઠ મુળચંદ ધરમશી
૧ શેઠ નીહાલચંદ માનચંદ
૧ શેઠ વીઠલદાસ લીલાધર
૧ શેઠ શવજી અરજણ
૧ શેઠ ભાણુચંદ દોલતચંદ
૧ શેઠ ડોસા મોતીચંદ
૧ શેઠ કરમચંદ મગનલાલ
૧ શેઠ પરશોતમ દીપચંદ
૧ શેઠ ટોકરસી કાનજી
૧ શેઠ મોતીચંદ નથમલ
૧ શેઠ પાનાચંદ ખોડીદાસ
૧ શેઠ માધવજી ચતરભજ
૧ શેઠ ચુનીલાલ ધનજી
૧ શેઠ પાસુ હીરજી
૧ શેઠ દીઆલ ઝીણા
૧ શેઠ જસાજી ગોખાજી
૧ શેઠ ધરમચંદ ગાંગજી
૧ શેઠ ભાઈચંદ નાગરચંદ
૧ શેઠ છગન ધનજી
૧ ગોધારી દશા શ્રીમાળી મિત્રમંડળ
૧ શેઠ નારણજી વેલજી
૧ શેઠ તલકાજી હરનાથજી
૧ શેઠ હીરાચંદ પરમાણંદ
૧ શેઠ પુનસી આસકરણ
૧ શેઠ શીવજી પાંચુ
૧ શેઠ લીલાધર પ્રથુરાજ
૧ શેઠ તલકચંદ માણેકચંદ
૧ શેઠ વલભજી જસરાજ
૧ શેઠ વ્રદરાવનદાસ નથુભાઈ

૧ શેઠ કસ્તુરચંદ નાનચંદ
૧ શેઠ રતનજી ઝવેરચંદ
૧ શેઠ હંસરાજ કપુરચંદ
૧ શેઠ વીરજી શીવજી
૧ શેઠ ભાઈચંદ માવજી
૧ શેઠ અમરચંદ દેવજી
૧ શેઠ વનમાળી ઝવેર
૧ શેઠ લહેરચંદ સરૂપચંદ
૧ શેઠ શીવજી પુંજા
૧ શેઠ રાઘશી ગોવનજી
૧ શેઠ નરોતમ પરમાણંદ
૧ શેઠ ધરમચંદ દીપચંદ
૧ શેઠ કરમચંદ નેણસી
૧ શેઠ શવચંદ નેમચંદ
૧ શેઠ મોતીચંદ વાલજી
૧ શેઠ કાનજી કેશવજી
૧ શેઠ પાનાચંદ વેલજી
૧ શેઠ મદનજી મોતીચંદ
૧ શેઠ ત્રીકમદાસ હંસરાજ
૧ શેઠ વીરચંદ ઝીણા
૧ શેઠ પુનમચંદ મનજી
૧ શેઠ મનસુખભાઈ ચતુરચંદ
૧ શેઠ ઠાકોરદાસ ગુલાબચંદ
૧ શેઠ મુળજી દેવજી
૧ શેઠ રતજી ચાંપસી
૧ શેઠ વીરચંદ દીપચંદ
૧ શેઠ હીરાચંદ વસનજી
૧ શેઠ હરખચંદ સોભાગચંદ
૧ શેઠ દેવજીભાઈ જેવત
૧ શેઠ કલ્યાણજી ધનજી
૧ શેઠ લીલાધર હીરજી
૧ શેઠ રતનશી આશરીઆ
૧ શેઠ ગીરધર માવજી
૧ શેઠ મોતીચંદ ખુબચંદ ઝવેરી
૧ શેઠ વીઠલ વરધમાન
૧ શેઠ પાલન નાગપાર
૧ શેઠ જેવત તેજુ
૧ શેઠ અભેચંદ કસ્તુરચંદ
૧ શેઠ માલસી માખા

૧ શેઠ કાળીદાસ અમરશી
૧ શેઠ લેહેરચંદ અનોપચંદ
૧ શેઠ કાનજી મનસી
૧ શેઠ પરસોતમ કુંવરજી
૧ શેઠ દુલભદાસ વસનજી
૧ શેઠ ઓધવજી દેવજી
૧ શેઠ મનસુખલાલ કચરાભાઇ
૧ શેઠ લલુભાઈ ગુલાબચંદ
૧ શેઠ દીપચંદ માણેકચંદ ઝવેરી
૧ શેઠ ઝવેરભાઈ હરજીવન
૧ શેઠ વીઠલ વેલજી
૧ શેઠ નાથચંદ લાલચંદ સણુસરા
૧ શેઠ માંડણ ભીમજી
૧ શેઠ ફુલચંદ નગીનદાસ
૧ શેઠ ખીમશી પુંજા
૧ શેઠ રતનશી ઉકરડા
૧ શેઠ દેવરાજ કાનજી
૧ શેઠ કાળીદાસ જગજીવન
૧ શેઠ ખીમચંદ લખમીચંદ
૧ શેઠ હરીભાઇ જેચંદ

અમદાવાદ.

૫૧ શેઠ જેશંગભાઇ મોતીલાલ
૫ શેઠ બાલાભાઇ અમુલખ
૫ શેઠ હીરાચંદ હઠીસંગ
૨ શેઠ છગનલાલ બહેચરદાસ
૨ શેઠ ગોકળદાસ અમથાસા
૧ શેઠ સાંકળચંદ છગનલાલ

સુરત

૧ શેઠ ધરમચંદ ડાહ્યાભાઇ
૧ શેઠ અનુપચંદ મોતીચંદ

દમણ.

૧ શેઠ ખુશાલચંદ ધરમચંદ

મદ્રાસ.

૧ શેઠ ભોગીલાલ વાડીલાલ

કરાંચી.

૨ શેઠ ગાંડા નાનજી

અંકલેશ્વર

૧ શેઠ લખમીચંદ જવેરચંદ

મહુધા.

૧ શેઠ જીવાભાઇ છગનલાલ

અલાઉ.

૧ સંઘવી કસળચંદ ગાંગજી

ઘોઘા.

૧ ડાકટર પોપટલાલલલુભાઈસાણુગોરા

મેંગણી

૧ માઉ અમરચંદ ભવાન

મનચર

૧ શેઠ ગુલાબચંદ વીરભણ મારવાડી

ખંડવા.

૧ શેઠ પ્રેમચંદ કુંવરજી અમદાવાદી
૧ શેઠ નેમચંદ સાંકળચંદ ખંભાતી

ડીઓદર.

૧ વકીલ ઇચ્છારામ ભાઈચંદ

કટોસણ.

૧ શેઠ લાડકચંદ વીરચંદ કામદાર

દુવડ.

૧ શેઠ દલીચંદ પીતાંબરદાસ

રાજકોટ

૧ શેઠ ગોવીંદજી શવજી

થાનગઢ

૧ મહેતા સુંદર વિ. બાવા

આકોલા.

૧ શેઠ ભાઈચંદ બેહેચર માસ્તર

ફરૂખનગર.

૫ શ્રીમાન જ્યોતિષરત્ન દિવાકર પંડિત જૈની જીઆલાલજી ચોધરી દીગંબરી

કુંડલા.

૧ શેઠ રાઘવજી હીરા
૧ શેઠ લવજી મુળજી-જ્ઞાનશાળા ખાતે

બીલખા.

૧ શેઠ. જાદવજી જેરામ સેક્રેટરી હા.લા.

રાંદેર.

૧ શેઠ લલુભાઇ હીરાચંદ

ક્રોળ.

૧ નેતા વસરામ કપુરચંદ

કલકત્તા.

૨ શેઠ કાળકાદાસ બદ્રિદાસ રાયબહાદુર
૧ શેઠ ગુલાબચંદ આણંદજી
૧ શેઠ મંગળજી વમલશા ઝવેરી
૧ શેઠ ચુનીલાલ મગનલાલ

ઝીંઝુવાડા

૧ શેઠ હેમચંદ ડુંગરસી વ્હોરા

જામનગર.

૧ હરજી જૈનશાળા તરફથી ઝવેરી રાયચંદ તારાચંદ

મહુવા.

૧ શેઠ સખારામ દુલભદાસ જૈનપુસ્ત

ઉરણ

૧ શેઠ નરોતમદાસ ગોકળદાસ

પ્રાંતીજ.

૧ શેઠ મણીલાલ ત્રીકમદાસ સંઘ તરફ.

કોઠ.

૧ શેઠ શીવલાલ હઠીશંગ

સારોદ.

૧ શેઠ મલુકચંદ હરજીવનદાસ

ઓગાણજ.

૧ શેઠ બાઇચંદ ગુલાબચંદ
૧ શ્રી ઓગાણજ વિદ્યાશાળા ખાતે

બડનગર

૧ શેઠ મંગળજી નથમલજી

કાવીઠા.

૧ શેઠ જવેરચંદ તથા રતનચંદ
૧ શેઠ ફુલચંદ અવચળ

ડેકાવાડા

૧ શેઠ ખોડીદાસ દેવચંદ

કોલવણ.

૧ શેઠ મુળચંદ ત્રીભોવનદાસ
૧ શેઠ બલાખીદાસ ગુલાબચંદ

પારડી

૧ સેઠ મોતીજી પદમાજી
૧ શેઠ પ્રેમચંદ માણેગજી

તલાજા

૧ દોશી ઝુંઝાભાઇ ભીખાભાઇ

ગોપનાથ.

૧ બ્રહ્મચારી દયાનંદજી ગુરૂદેવાનંદજી

જેપુર.

૧ ગેરજી બખતાવરચંદજી

કરાડી.

૧ શેઠ દુલભ જુગાજી.

ભાવનગર.

૧ શ્રી જૈન ધર્મ સુબોધ પ્રસારક સભા
૧ પટેલ ભગવાન વીઠલ

પોરબંદર.

૧ શેઠ લખમીદાસ ઓધવજી

વડોદરા.

૧ શેઠ હીરાચંદ પનાલાલ

ખરસુપા.

૧ શેઠ પરતાપચંદ શાનાજી

વેરાવળ

૧ શેઠ વસનજી ઝવેરચંદ

કહોર.

૧ ભાવસાર નેમચંદ હીરજી

બુરાનપુર

૧ શેઠ નાનચંદ ગુલાબચંદ

જુનાગઢ.

૧ માસ્તર દોલતચંદ પરશોતમબરોડીયા

બગસરા.

૧ દફતરી હેમચંદ જીવાભાઇ

બજાણા.

૧ શેઠ અમરતલાલ છગનલાલ

એકબારા.

૧ શેઠ વહાલચંદ અમેચંદ

છાણી.

૨ શેઠ દલપતદાસ મનોરદાસ

એડન.

૧ શેઠ નગીનદાસ લલુભાઇ
૧ ભણશાલી તુલશીદાસ ધરમશી
૧ શેઠ સુંદરજી કાલીદાસ
૧ શેઠ મદનજી તુલશીદાસ
૧ શેઠ હંસરાજ લાલચંદ
૧ શેઠ પ્રાગજી ચંદરજી
૧ શેઠ ભીમજી ભાવા
૧ શેઠ કચરા લાલજી
૧ શેઠ ગોપનજી શવજી

મુંબઈ.

૨૫ શેઠ હરજીવનદાસ રતનજી દલાલ
૨ શેઠ પાસુ વાગજી
૧ શેઠ કાળીદાસ જાદવજી
૧ ,, ભીમજી મુળજી
૧ ,, કલ્યાણજી ધનજી ચીનાઈ
૧ ,, દામજી આશકરણ
૧ ,, જેચંદભાઈ હઠીભાઈ
૧ ,, શત્રરાજ પુંજા—તેરાવાળા
૧ ,, મોતીચંદ ઘેલા ઘોઘાવાળા
૧ ,, મોતીચંદ હેમરાજ
૧ ,, પોપટલાલ લલુભાઈ
૧ ,, સુરજી પદમશી
૧ ,, રાઇચંદ મોરારજી
૧ ,, લીલાભાઈ વીરજી
૧ ,, ખેતશી પાચરીઆ
૧ ,, ઝવેરી ભાગવાનજી મોણસી
૧ ,, સંઘવી મદનજી હરખચંદ
૧ ,, હીરજી રાજપાળ
૧ ,, કપુરચંદ હીરાચંદ
૧ ,, કોઠારી વાલજી હાથી

રાજકોટ

૧ શેઠ ગોવનજી શીવજી

રહીમતપુર

૧ શેઠ નાથા દુરગાજી

વડગામ

૧ શેઠ કલાજી રામચંદજી

ગારીઆધાર

૧ શેઠ હીરાચંદ ગોવનજી

મુંદેરા

૧ ગાંધી મોહનલાલ મુળચંદ

માંગરોળ વેલાછા

૧ શેઠ ફુલચંદ તારાચંદ

ગલતકુ

૧ મેહેતા આશારામ લીલાચંદ

દસાડા

૧ ડોસી તારાચંદ ગોવીંદજી
૧ શેઠ મોહનલાલ લલુભાઈ

બીકાનેર

૧ શેઠ કેશરીચંદ બેગાણી

દુદગામ

૧ શેઠ દલુચંદ રાઇચંદ

ભરૂચ વેજલપોર

૧ શેઠ કેવળચંદ ખુબચંદ
૧ શેઠ હલોચંદ તારાચંદ
૧ શેઠ તાપીદાસ પ્રેમચંદ

ભરૂચ

૧ શેઠ લખમીચંદ મોહનલાલ

મહુવાબંદર

૧ પારેખ કલ્યાણ નેશંગ

ભાવનગર

૫ શેઠ મુળચંદ નથુભાઈ વકીલ
૫ ,, પરભુભાઈ દીપચંદ
૨ ,, વરધમાન જુઠા
૧ ,, ખેંગાર દયાળ
૧ ,, આણંદજી ગોપાળજી
૧ ,, હઠીશંગ ગાંગજી
૧ ,, નરોતમ હાથી
૧ ,, પીતાંબર નારાણ

ધોરાજી

૧ શેઠ જાદવજી વિ. રવજી
૧ ,, કેશવજી મુળજી
૧ ,, કાળા ડોસાભાઈ
૧ ,, ઓતમચંદ સુંદરજી

સાચોણ

૧ શેઠ રતનચંદ નીહાલચંદ

અમરતસર

શેઠ મોતીરામ ફગુમલ

સુચિ પત્ર.

સર્વે સદ્ગૃહસ્થોને વિદિત કરવામાં આવે છે કે, આ પુસ્તક તેમજ નીચે લખેલાં પુસ્તકો અમારે ત્યાંથી જોઇએ તેમણે રોકડી કીમતે અગર વેલ્યુપેબલથી મંગાવી લેવાં. તેમજ છાપવાનું હરકોઇ કામ હોય તે મોકલવું.

દેવનાગરી (બાળબોધ) અક્ષરથી છાપેલા.

શ્રી જીવાભિગમ સૂત્ર ટીકા તથા બાળાવબોધ સાથે જેમાં ચૌદ રાજ્ય લોકના સર્વ જીવાજીવનું સ્વરૂપ વિગેરે ભગવંતે ભાખેલું છે આ અપુર્વ સૂત્રનું કદ ૨૨૦૦ પૃષ્ટનું છે.	૧૦–૦–૦
ચોવીશી, તથા વીશી સંગ્રહ જેમાં જુદી જુદી જાતની સાઠત્રીસ ચોવીશીઓ તથા દશ વીશીઓ વીગેરેના મળી સવા અગીઆરસો સ્તવનો છે. આ ગ્રંથ ૮૦૦ પૃષ્ટનો છે.	૧–૪–૦
પ્રતિક્રમણ સૂત્ર અર્થ સાથે તથા શ્રી શ્રીમંધર સ્વામીનું સવાસો ગાથાનું હુંડીનું સ્તવન.	૦–૧૨–૦
સજ્ઝાય માળા—જેમાં જુદી જુદી ૧૨૦ સજ્ઝાયોનો સમુદાય છે આ ગ્રંથ મોટા ૧૮૪ પૃષ્ટનો છે.	૦–૧૦–૦
ધર્મ તત્વ ભાસ્કર ૦–૨–૦ આદીનાથ ચરિત્ર સંસ્કૃત	૧–૮–૦
કલ્પ સુત્ર અથવા પર્યુષણ માહાત્મ ૨–૦–૦ ,, (છુટા પાના)	,,
પ્રબંધ ચિંતામણી સંસ્કૃત ૨–૦–૦ બે પ્રતિક્રમણ સુત્ર અર્થ સાથે	૦–૧૨–૭
જૈન સિદ્ધાંત સમાચારી અપર નામ શુદ્ધ સમાચારી પ્રકાશ ભાતર	૦–૮–૦
શ્રી આત્મ પ્રબોધ સ્યાદ્વાદ ગ્રંથ ૧–૪–૦ શ્રી છુટક અધ્યયનો	૦–૨–૦
શ્રી મુનિ ભક્તિ ભાગ ૨ જો ૦–૧–૬ શ્રી દેસના સતક	૦–૨–૦
ધર્મ વિદ્દસણ ગ્રંથ ૨–૦–૦ શ્રી જૈન ધર્મ સાર સંગ્રહ	૧–૦–૦
દેરાસી રાઇસી	૦–૨–૦
શ્રી તિર્થમાલા અમોલક રત્ન. જેની અંદર જૈન તિર્થોનો નકસો તથા જાત્રાળુને સગવડ વારતે સ્ટેશનોના દર તથા માઇલની વીગત	૦–૨–૦
ચોવીસી જેપુરની હાથની બનાવેલી	૧–૪–૦
ચોવિસીના ગટાનું પાનું ૧–૪–૦ સિદ્ધચક્રના ગટાનું પાનું મોટું	૦–૧૨–૦
સિદ્ધચક્રના ગટાનું પાનું નાનું	૦–૬–૦
આત્મારામજી મહારાજનો ફોટોગ્રાફ મોટો	૧–૦–૦
કેસરી શ્રી મહારાજનો ફોટોગ્રાફ મોટો ૧–૦–૦ નાનો	૦–૫–૦
મોહનલાલજી મહારાજનો ફોટોગ્રાફ મોટો	૦–૩–૦
મોહનલાલજી મહારાજનો ફોટોગ્રાફ નાનો	૦–૧–૦

ગુજરાતી અક્ષરમાં છાપેલાં પુસ્તકો.

શ્રી જૈન રામાયણ યાને રામ ચરિત્ર સચિત્ર પૃષ્ટ ૩૦૦ નો ગ્રંથ ગીલ્ટના પુંઠા સાથેનો ૨–૦–૦

પ્રબંધ ચિંતામણી–જેમાં વિક્રમાર્ક, શાલીવાહન, વનરાજ, યોગ્યરાજ પ્રમુખ સાત રાજા, મુળરાજ, સપાદલક્ષ રાજા, લાખા રાજ, ભીમરાજ, મુંજરાજ, ભોજરાજા, ભીમરાજા, સિદ્ધરાજ, કુમારપાળ, હેમાચાર્ય, વીરધવળ, વસ્તુપાળ તેજપાળ, નંદરાજ, શીલાદીત્ય, મલવાદી તથા રાંકા શેઠ, શ્રીપુંજ તેની પુત્રી શ્રી માતા, ગોવર્ધન તથા પુન્યસાર તથા કર્મસાર રાજાઓ, લક્ષ્મણસેન તથા જયચંદ રાજા, જગદેવ તથા પર્માર્દિ તથા પૃથ્વીરાજ તથા તુંગ સુભટ, વરાહમીહીર તથા થંભણ તીર્થ, ભર્તૃહરી તથા વાગભટ્ટ વૈદ્ય તથા રૈવત ક્ષેત્રપાળ વાસના, તરવાર તથા વીતરાગની પુજાના પ્રબંધો છે. આ ઐતિહાસીક ગ્રંથ અતિ ઉપયોગી, પૃષ્ટ ૩૨૫ નો છે. ૨–૦–૦

શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર–ચૈત્યવંદનો, સ્તવનો, સઝાયો, વિગેરેના સમુદાય સાથે મોટા અક્ષરથી પૃષ્ટ ૧૭૫ નું પુસ્તક. ૦–૬–૦

શ્રી જૈન કાવ્ય પ્રકાશ–ભાગ ૧ લો–જેમાં અર્થ સાથે સામાયક સૂત્ર તથા ચૈત્યવંદનનાં સૂત્રો, પચ્ચખાણ, પ્રભાતીયાં, છંદો, ચૈત્યવંદનો, દોહરા, સ્તુતિ, રાગરાગણી તથા નાટકના રાહનાં ચોવીશ તિર્થંકર તથા તીર્થોના તેમજ ચાલતી દેશીઓના સઘળા તીર્થો તથા દીવાળી વીગેરેના સ્તવનો, સઝાયો, લાવણીઓ, ગહુલીઓ, હોરીઓ, થોયો અને આરતી મંગળદીપક છે. આ પુસ્તક પોકેટ પૃષ્ટ ૨૫૦ નું છે. ૦–૪–૦

શ્રી જૈન કાવ્ય પ્રકાશ–ભાગ ૨ જો–જેમાં દેવચંદજી કૃત સ્નાત્ર પૂજા તથા વિધિ, અષ્ટ પ્રકારી પુજાના દુહા, ગૌતમસ્વામીનો રાસ, પ્રભાતીયાં, છંદો, ચૈત્યવંદનો, આનંદજી કૃત ચોવીશી તથા પદો મોટા સ્તવનો તિથિપર્વ વીગેરેનાં તથા નાટકનાં રાહનાં, નેમજીનો નવરસો, સાતવાર, પંદર તિથિ, બારમાસી સઝાયો, લાવણીઓ, હોરીઓ, ગહુલી, થોયો, આરતી, મંગળ ચાર છે. આ પુસ્તક પોકેટ પૃષ્ટ ૨૫૦ નું છે. ૦–૪–૦

શ્રીમદ્ દેવચંદ કૃત–જેમાં ચોવીશીના સ્તવનો, સાશ્વતા બીંબની ઢાળો, ચોસરો, ચોવીશ તિર્થંકરના કલ્યાણકની ઢાળો અને વીવેક વીલાસનો સલોકો છે. ૦–૨–૦

પુજા સંગ્રહ–જેમાં, શ્રી વીરવીજય, તથા પદ્મવીજય, રૂપવીજય, સકળચંદ ઉપાધ્યાય, જશવીજય, વીજયસૌભાગ્યલક્ષ્મીસુરી આદિક પંડિતોની બનાવેલી પુજાઓ છે.	૦–૯–૦
આનંદઘનજી મહારાજ કૃત ચોવીશી અર્થ સાથે.	૦–૮–૦
સામાયક સૂત્ર અર્થ સાથે તથા સ્તવનો વીગેરે.	૦–૨–૦
બે પ્રતિક્રમણ સુત્ર અર્થ સાથે ૦–૬–૦ પજોસણ પર્વની કથા	૦–૩–૦
જૈન જ્ઞાનપ્રકાશ કથા સંગ્રહ ભાગ ૧ લો કાશિનિવાશી બાલચંદ્રજી મહારાજના ફોટોગ્રાફ સાથે ૦–૬–૦ જૈન ભાવણી સંગ્રહ	૦–૪–૦
ભોયણીના મલીનાથ મહારાજનું વર્ણન.	૦–૧–૦
અંજના સતીનો રાસ ૦–૧–૦ ગીરનાર મહાત્મ	૧–૮–૦
જૈન કથા સંગ્રહ ભાગ ૨ જો ૦–૬–૦ સમકિતસાર ભાગ ૨ જો	૧–૪–૦
એકસો વર્ષનું પંચાંગ સંવત ૧૯૧૨ થી ૨૦૧૨ સુધી	૨–૦–૦
કુમારપાળ રાજાનો રાસ ૧–૦–૦ મુનિપતી ચરીત્ર	૦–૪–૦
સલોકા સંગ્રહ મોટા અક્ષરથી	૦–૪–૦
શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર, શ્લોક, પદ અને અર્થ સહિત	૦–૪–૦
સુર સુંદરી એક સતીનું ચમત્કારી ચરિત્ર	૦–૩–૦
શ્રી શ્રેણીક મહારાજ તથા અષ્ટ પ્રકારી પુજાનો રાસ	૦–૫–૦
મોતીસા શેઠના ઢાલીઆ ૦–૧–૦ કેવળ કૃત નેમ વિવાહ	૦–૩–૦
૬૭ બોલનો રાસ ૦–૧–૦ જૈન કથા સંગ્રહ ભાગ ૨ જો	૦–૮–૦
શ્રી મેગા કાનજીના ગોડી પારસનાથના ઢાળીઆ	૦–૧–૦
ગહુલી સંગ્રહ જેમાં શ્રી આતમારામજી તેમજ મોહનલાલજી વગેરે મુનિ સુધાંની એકસોને અઠાવીસ ગુંહલીઓનો સંગ્રહ તથા મહાવીર સ્વામીના સતાવીસ ભવનું સ્તવન.	૦–૫–૦
શ્રી જૈન સંગીત રાગમાળા–જેમાં, હારમોનીયમની સમજ, તબલાના બોલ પુરી સમજ સાથે, જુદા જુદા રાગનાં સ્તવનો, ભક્તામર સ્તોત્ર અર્થ સાથે વીગેરે છે.	૧–૪–૦
શ્રી મોહનલાલજી મહારાજનું ચરીત્ર.	૧–૪–૦

એ વીગેરે ઘણી જાતનાં પુસ્તકો તેમજ ભીમશી માણેકનાં તથા અમદાવાદ વીગેરેના છાપેલાં પુસ્તકો અમારે ત્યાંથી તથા મગનલાલ જીવરાજ ભાવનગરીને ત્યાં બંગડી બજારમાંથી મળશે. ટપાલખર્ચ જુદું.

સઘળાં પુસ્તકોનું મોટું લીસ્ટ અઢધા આનાની ટીકટ મોકલી મંગાવેથી મોકલવામાં આવશે.

રાજ્યભક્ત પ્રીન્ટીંગ પ્રેસ.
ભીંડીબજારને નાકે શ્રી શાંતીનાથના દેરાસરની જોડમાં–ઉમરખાડી પોસ્ટ–મુંબઇ.

સાંકળચંદ મહાસુખરામ
રા. પ્રી. પ્રેસ.
માલીક.